શ્રીપાદશ્રીવલ્લભ ચરિત્રામૃત

(ગુજરાતી અનુવાદ) પોથી સ્વરૂપ



।। શ્રીપાદશ્રીવલ્લભ સ્તોત્રમ્ ।।

શ્રીપાદવલ્લભગુરોઃ વદનારિવન્દં
વૈરાગ્યદીપ્તિપરમોજજવલભદ્વિતીયમ્ ।

મન્દસ્મિતં સુમધુરં કરુણાર્દનેઅત્રં
સંસાર-તાપ-હરણં સતતં સ્મરામિ ।।

શ્રીપાદવલ્લભગુરોઃ કરકલ્પવૃક્ષં
ભકતેષ્ટ-દાન-નિરતં રિપુસંક્ષયં વૈ ।

સંસ્મરણમાત્રયિતિ-જાગરણં સુભદ્રં
સંસારભીતિશમનં સતતં ભજામિ ।।

શ્રીપાદવલ્લભગુરોઃ પરમેશ્વરસ્ય
યોગીશ્વરસ્ય શિવશક્તિસમન્વિતસ્ય ।

શ્રીપર્વતસ્ય શિખરં ત્રૂખલુ સન્નિવિષ્ટં
લોક્ય-પાવન-પદાબ્જમહં નમામિ ।।





શ્રીપાદશ્રીવલ્લભ ચરિત્રામૃત (પોથીસ્વરૂપ પ્રથમ આવૃત્તિ)

પ્રકાશક : શ્રી અનિલ નંદસુખલાલ શ્રોફ
'રંગ આશિષ', બંગલા નં.૨, ચેમ્બૂર-ડ્રીમલેન્ડ કો.હા. સોસાયટી, સૉરેસ રોડ, ચેમ્બૂર, મુંબઈ-૪૦૦ ૦૭૧.
ટેલિ. નં.: (૦૨૨) ૨૫૨૦૩૬૦૯, ૨૫૨૦૬૩૯૮

ગ્રાફિક્સ : શ્રી હાર્દિક રાજેન્દ્ર ઉપાધ્યાય
'રાહ-રંગપ્રેમની', આણંદ-૩૮૮ ૦૦૧.
ટેલિ. નં.: (૦૨૬૯૨) ૨૪૯૪૫૫૫ (મો.) ૯૮૨૫૨૯૪૦૦૪

મુદ્રક : શ્રી સુનિલ ઘોસાળકર,
'ગ્રાફિકા', નાનાભાઈ લેન, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.
ટેલિ. નં.: (૦૨૨) ૬૬૩૩૬૫૨૦ (મો.) ૯૮૧૯૦૪૩૦૧૨

પોથીસ્વરૂપ પ્રથમ આવૃત્તિ : અષાઢ વદ નોમ, સં. ૨૦૭૨, ગુરુવાર, તા. ૨૮મી ાઈ, ૨૦૧૬.


પ્રત : ૨૦૦૦ કિંમતઃ રૂપિયા ૧૨૫/-

શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, નારેશ્વરના સૌજન્યથી.

(સર્વ હક્ક શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટને આધીન છે.)


કૃતયુગના મૂળ અવતારે
પ્રગટેલા ભગવાન શ્રીદત્તાત્રેય
કલિયુગના દ્વિતીય દત્તાવતાર
શ્રી નૃસિંહસરસ્વતી સ્વામી મહારાજ
કલિયુગના પ્રથમ દત્તાવતાર
શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ

ॐ दत्तात्रेयाय विद्महे । अवधूताय धीमहि । तन्नोदत्तः प्रयोदयात् ।।



श्रीदत्तः कलितारको भुवि नृणां दत्तं स्मरेद् यत्नतो
दत्तेनाप्तबलः सदा विजयते दत्ताय मे जीवनम् ।
दत्ताद् भुक्तिरथापि मुक्तिरमला दत्तस्य भर्गोऽभितं
दत्ते ब्रह्मणि लीयतां मन ईदं दत्तासतः सन्नय ॥

શ્રીપાદશ્રીવલ્લભ ચરિત્રામૃત

: સંસ્કૃત ભાષામાં મૂળ ગ્રંથના રચયિતા અને પછી તેલુગુ ભાષામાં અનુવાદક :

શ્રી શંકર ભટ્ટ (શ્રીપાદશ્રીવલ્લભના સમકાલીન)

: તેલુગુ ભાષાના ગ્રંથની ઉપલબ્ધિ :

શ્રી મલ્લાદી ગોવિંદ દીક્ષિતુલુ, ભીમવરમ.

: મરાઠી ભાષામાં અનુવાદક :

શ્રી હરિભાઈ જોશી નિટૂરકર (ભાઉ મહારાજ), હૈદરાબાદ.

: ગુજરાતી ભાષામાં અનુવાદક :

શ્રી વાસુદેવ દત્તાત્રેય નંદુરબારકર, અમદાવાદ.

: ગુજરાતી ભાષાના ગ્રંથને પોથીસ્વરૂપે પ્રકાશિત કરનાર :

શ્રી અનિલ નંદસુખલાલ શ્રોફ, મુંબઈ.

ૐ

॥ શ્રીદત્તઃ પ્રસન્નોઽસ્તુ ॥

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

પ્રકાશકનું નિવેદન

(શ્રીપાદશ્રીવલ્લભ ચરિત્રામૃતના ગુજરાતી ભાષાંતરના પોથીસ્વરૂપ પ્રકાશનની પ્રથમ આવૃત્તિનું)

બ્રહ્માજીના નેત્રમાંથી ઉત્પન્ન થયેલા મહર્ષિ અત્રિ અને કર્દમસુતા મહાસતી અનસૂયાને નિમિત્ત કરીને ભગવાન દત્તાત્રેયનો પ્રાદુર્ભાવ થયો. પરબ્રહ્મનું મૂર્તસ્વરૂપ ભગવાન દત્તાત્રેય જ્ઞાનના અવતાર હતા અને તેમનું મુખ્ય કાર્ય જન્મ-મરણના કારણરૂપ અજ્ઞાનનો નાશ કરવાનું છે. જ્યાં સુધી અજ્ઞાન રહેશે ત્યાં સુધી ભગવાન દત્તાત્રેય હશે એ સંદર્ભમાં ભગવાન દત્તાત્રેય ચિરંજીવી છે.

કૃતયુગમાં પ્રગટેલા ભગવાન દત્તાત્રેયના કલિયુગમાં બે અવતારો થયા. ઈ.સ. ૧૩૨૦માં અપ્પલરાજ શર્મા અને એમના ધર્મપત્ની અ.સૌ. સુમતિદેવીના ઘરે શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જન્મ થયો- એ કલિયુગનો પહેલો અવતાર. ભાદરવા સુદ ચોથ એટલે કે ગણેશ ચતુર્થીને દિવસે એમનું પ્રાગટ્ય થયું. આંધ્રપ્રદેશના પીઠાપુર ગામે જન્મી ત્યાં ૧૬ વર્ષ બાળલીલા કરી, ત્યાંથી પછી કુરવપુર પધારી ૧૩ વર્ષ લીલા કરી અને ૩૦ વર્ષની નાની વયે પરલોકગમન કર્યું.

શ્રીપાદશ્રીવલ્લભપ્રભુએ જ બીજો અવતાર કારંજમાં શ્રીમન્નૃસિંહસરસ્વતી નામે લીધો અને વિસ્તારપૂર્વક લીલા કરી. એ પણ ભગવાન દત્તાત્રેયનો ત્રીજો અવતાર જ હતો અને કલિયુગમાં બીજો. શ્રીગુરુચરિત્રમાં તેમજ શ્રીગુરુલીલામૃતમાં વર્ણવાયેલી શ્રીપાદશ્રીવલ્લભપ્રભુની દિવ્ય લીલા બહુ ઓછી છે અને તેથી મનને સંતોષ ન હતો. આ અસંતોષની વેદના ભગવાને જાણી અને એના ઉપાયરૂપ અહૈતુકી કૃપા કરી અને પરિણામે "શ્રીપાદશ્રીવલ્લભ ચરિત્રામૃતમ્" ગ્રંથ સાંપડ્યો. મૂળ સંસ્કૃત અને તેલુગુ ભાષામાં રચાયેલા ગ્રંથનું મરાઠી ભાષાંતર

પ્રકાશિત થયું. નારેશ્વરમાં એ મરાઠી ભાષાંતર ગ્રંથ મળતાં આનંદાર્ણવ છલકાયો. બધી જ નકલો ખરીદી લઈ મરાઠીભાષીઓને પ્રસાદરૂપે વહેંચી અને બધાંએ પોતપોતાની રીતે પારાયણ કર્યું. પારાયણ કરવાથી મને પણ દિવ્ય આનંદની અનુભૂતિ થઈ.

આ ગ્રંથનું અમદાવાદના (હાલ વડોદરામાં રહેતા) સંનિષ્ઠ રંગભક્ત સ્નેહી શ્રી વાસુદેવભાઈ નંદુરબારકરે ગુજરાતીમાં ભાષાંતર કર્યું. એમની સરળ અને પ્રવાહી શૈલીમાં પ્રકાશિત થયેલું આ પુસ્તક અતિ લોકપ્રિય અને લોકભોગ્ય બન્યું. આ ગુજરાતી ગ્રંથનું પ્રકાશન શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, નારેશ્વરે કર્યું. એની સાત આવૃત્તિ ગ્રંથસ્વરૂપે પ્રકાશિત થઈ. આ સમય દરમ્યાન શ્રી વાસુદેવભાઈ દ્વારા એની કથા પણ થઈ અને લોકોએ સહર્ષ અનુમોદન પણ આપ્યું. ધન્ય છે શ્રી વાસુદેવભાઈને. ભગવાન એમને નિરામય દીર્ઘાયુ બક્ષે અને આવા કાર્યો કરતા રહે.

ભગવાનની લીલાના ભાગરૂપે રાજકોટથી શ્રીમતી પ્રતિભાબેન ચોકસીએ શ્રીગુરુચરિત્રનું ગુજરાતી ભાષાંતર ઓર્વીબદ્ધ પોથીસ્વરૂપે પ્રકાશિત કર્યું. એ ગ્રંથ પણ ભગવદ્કૃપાથી આકસ્મિક રીતે મને મળ્યો. ખૂબ ગમ્યો અને ભગવાન શ્રીરંગાવધૂતજીની પ્રેરણાને કારણે અંતરમાંથી અવાજ ઊઠ્યો કે વાસુદેવભાઈ દ્વારા ભાષાંતરિત થયેલા અને શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, નારેશ્વર તરફથી પ્રકાશિત થયેલા ગ્રંથનું તમે પોથીસ્વરૂપે પ્રકાશન કરો તો કેવું?

બસ! અંતરના અવાજને સાંભળ્યો, સ્વીકાર્યો અને તરત જ નારેશ્વર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી પરમ વંદનીય ડૉ. ધીરુભાઈ જોષીને ફોન કર્યો અને પ્રકાશન માટે અનુમતિ માગી. પૂજ્યશ્રીના સાહિત્યના પ્રકાશન માટેના મારા બધાં જ પ્રયત્નોમાં સદૈવ સાનુકૂળ રહેતા પૂ. ધીરુભાઈએ સહર્ષ અનુમતિ આપી. બીજા ટ્રસ્ટી શ્રી યોગેશભાઈ વ્યાસે પણ પ્રસ્તાવ ખુશીથી સ્વીકાર્યો એટલે પ્રકાશન કાર્યનો પ્રારંભ થયો. શ્રી વાસુદેવભાઈની સંમતિ પણ મળી ગઈ. શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, નારેશ્વરે ગુજરાતી ભાષાંતરમાં પ્રકાશિત કરેલા "શ્રીપાદશ્રીવલ્લભ ચરિત્રામૃત"ની સાત આવૃત્તિ પ્રકાશિત થઈ ચૂકી હતી. આ આમ આઠમી અને પોથીસ્વરૂપે પ્રથમ આવૃત્તિ પ્રગટ થઈ રહી છે તેનો મને ખૂબ ખૂબ આનંદ છે.

મોટા અક્ષરમાં, ઓછા મુદ્રણદોષોવાળી અને ફોટાઓ સહિત આ પ્રકાશનમાં મને દિલ-દિમાગથી મદદ કરનાર મુ.ડૉ. ધીરુભાઈ જોષીનો, મુ.ડૉ. દેવદત્તભાઈ જોષીનો અને મુંબઈના શ્રી રાજુભાઈ જયંતીલાલ શાહનો હૃદયપૂર્વક આભાર માનું છું. પ્રભુ એ સહુને નિરામય દીર્ઘાયુ બક્ષો.

આ પુસ્તકના ગ્રાફિક્સનું કામ હંમેશની જેમ "પોતાનું કાર્ય" સમજીને જ પૂરું કરી આપનાર સ્નેહી શ્રી રાજેન્દ્રભાઈ ઉપાધ્યાયના સુપુત્ર શ્રી હાર્દિક ઉપાધ્યાયનો ખૂબ ખૂબ આભાર માનું છું. પોથીસ્વરૂપને અનુરૂપ ફોટાઓમાં ઉચિત ફેરફાર કરી આપનાર અને પુસ્તકનું છાપકામ સંભાળી લેનાર શ્રી સુનિલભાઈ ઘોસાળકરનો પણ હું ઋણી રહીશ.

પુસ્તક પ્રકાશન થોડું મોડું થઈ રહ્યું છે એમાં મારા તન-મનની અસ્વસ્થતા જવાબદાર છે. તે માટે ક્ષમાયાચના.

ભગવાન શ્રીપાદશ્રીવલ્લભપ્રભુ, મારા પ્રેરક અને ચાલકબળ પરમ પૂજ્ય શ્રીરંગ અવધૂત ગુરુમહારાજ અને પૂજ્ય શ્રીપ્રેમ અવધૂતજીના ચરણકમળમાં આ પ્રકાશનને અર્ઘ્યરૂપે અર્પણ કરી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી પારાયણકર્તાનું તેઓ શ્રેય થાય એવા આશીર્વાદ વરસાવે એ માટે મનઃપૂર્વક પ્રાર્થના કરું છું.

આ પોથીસ્વરૂપ ગ્રંથને શ્રીદત્ત-રંગ-પ્રેમ પરિવાર આવકારશે એવી શ્રદ્ધા છે.

'રંગ આશિષ'
બંગલા નં-૨, ચેમ્બૂર-ડ્રીમલેન્ડ કો.હા.સો.
સૉરેસ રોડ, ચેમ્બૂર, મુંબઈ-૪૦૦ ૦૭૧.
તા. ૫ જુલાઈ, ૨૦૧૬

શ્રીદત્ત-રંગ-પ્રેમ ચરણરજ
અનિલ શ્રોફના
સાદર સપ્રેમ નમસ્કાર સહ
શ્રીગુરુદેવ દત્ત.

❋ ❋ ❋



ॐ द्रां दत्तात्रेयाय नमः

ॐ दत्तात्रेयाय विद्महे ।
अवधूताय धीमहि ।
तन्नो दत्तः प्रचोदयात् ॥

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

પ્રાક્કથન

મનુષ્ય માત્રને આ જીવનમાં અનેક પ્રકારનાં દુઃખ સહન કરવાનો વારો આવે છે. શોક મોહથી ગ્રસ્ત થઈ મનુષ્યને અનેક પ્રકારનાં કષ્ટ સહન કરવાં પડે છે. આ બધી જંજાળમાંથી છોડાવવા કેવળ પરમાત્મા જ સમર્થ છે. પરમાત્માની કૃપાથી ભક્તનાં સર્વ સંકટો, દુઃખો નાશ પામી ભક્તને સુખ શાંતિ સાંપડે છે. પરમાત્માની કૃપા સંપાદન કરવા મનુષ્યે ભગવાનની આરાધના, ઉપાસના, સ્તોત્ર-પઠન, જપ-ધ્યાન ઈત્યાદિનું અવલંબન લેવું જોઈએ.

ભગવાન દત્તાત્રેય એ સૃષ્ટિના સર્જક, પાલક અને સંહારક છે. આ જ ભગવાન દત્તાત્રેય, મહર્ષિ અત્રિ અને સતી અનસૂયાની ભક્તિથી પ્રસન્ન થઈ ગુણાતીત હોવા છતાં ત્રિગુણાત્મક ત્રિમૂર્તિના સ્વરૂપે અવતર્યા. તેઓ સર્વના પરમ ગુરુ છે. જન્મ-મરણના કારણરૂપ અજ્ઞાનનો નાશ કરી ભક્તને મોક્ષ (કૈવલ્ય) પ્રદાન કરવા માટે જ તેમનો અવતાર થયો છે. ભગવાન દત્તાત્રેય એ સ્મર્તૃગામી છે. અનન્ય ભક્તિ દ્વારા તેમનું સ્મરણ કરતાં ભક્તને તેઓ સર્વ પ્રકારના સંકટોમાંથી મુક્ત કરી શાશ્વત સુખ પ્રદાન કરે છે.

શ્રીદત્તો નારદો વ્યાસો શુકશ્ચ પવનાત્મજઃ ।
કાર્તવીર્યશ્ચ ગોરક્ષો સપ્તૈતે સ્મૃતિગામિનઃ ॥

પ્રસિદ્ધ સાત ચિરંજીવીમાં ભગવાન દત્તાત્રેયનું નામ પ્રથમ છે.

ભગવાન દત્તાત્રેય જગતનો ઉદ્ધાર કરવા કલિયુગમાં ઈ.સ. ૧૩૨૦માં આંધ્રપ્રદેશના ગોદાવરી જિલ્લાના પીઠાપુર ક્ષેત્રે અતિ ધાર્મિક દંપતી અપ્પલરાજ અને સુમતિના કુળમાં શ્રીપાદશ્રીવલ્લભ નામથી અવતર્યા. ભગવાન દત્તાત્રેયનો આ પ્રથમ અવતાર થયો. તે પછી સુક્ષેત્ર કારંજા (જિ. વાસિમ) મહારાષ્ટ્રમાં તેમનો બીજો અવતાર શ્રીનૃસિંહસરસ્વતી નામે થયો. શ્રીનૃસિંહસરસ્વતી સ્વામીમહારાજની વિસ્તૃત લીલાનું વર્ણન મરાઠી ગ્રંથ **શ્રીગુરુચરિત્રમાં** મળે છે.

મરાઠી શ્રીગુરુચરિત્રમાં શ્રીપાદશ્રીવલ્લભની ચરિત્રલીલાનું વર્ણન સંક્ષિપ્તમાં આવે છે. સાંપ્રત ગ્રંથમાં શ્રીપાદશ્રીવલ્લભનું વિસ્તૃત જીવનચરિત્ર ૫૩ અધ્યાયમાં વર્ણવવામાં આવ્યું છે. વાચકોને ચરિત્ર વાંચન કરતાં શ્રીપાદશ્રીવલ્લભના સાંનિધ્યની અનુભૂતિ થાય છે. શ્રીપાદ પ્રભુની બાળલીલાને કૃષ્ણ ભગવાનની બાળલીલાઓ સાથે સરખાવી શકાય. શ્રીપાદશ્રીવલ્લભના જીવનચરિત્રની રચના તેમના સમકાલીન પરમ ભક્ત શ્રી શંકર ભટ્ટ દ્વારા કરાવી લીધી. શંકર ભટ્ટે પ્રથમ સંસ્કૃતમાં શ્રીપાદ ચરિત્રામૃત ગ્રંથની રચના કરી, તે પછી ગ્રંથનો તેમણે તેલુગુ ભાષામાં અનુવાદ કર્યો. તેલુગુ ભાષામાં લખાયેલો ગ્રંથ શ્રીપાદશ્રીવલ્લભના કથન અનુસાર તેમની ૩૩મી પેઢીમાં પ્રસિદ્ધ થયો. તેલુગુ ભાષામાં લખાયેલો ગ્રંથ શ્રી હરિભાઉ નિટૂરકર મહારાજ દ્વારા મરાઠીમાં તા. ૧-૩-૨૦૦૭માં પ્રસિદ્ધ થયો. એનો જ આ ગુજરાતી અનુવાદ છે.

આ ચરિત્રનું પારાયણ કરવાથી મનુષ્ય સંસારરૂપી ભવસાગરને પાર કરે છે. પરમેશ્વરની કૃપાની પ્રાપ્તિ થઈ શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે. આ ચરિત્રામૃતનો આસ્વાદ લઈ ઈતર ભક્તનો પણ તે વાંચવા પ્રોત્સાહિત કરીને શ્રીપાદશ્રીવલ્લભ ભગવાનના કૃપાપાત્ર થવું. ઈતિ શમ્ । (મૂળ મરાઠી ગ્રંથની પ્રસ્તાવનાને આધારે)

❋ ❋ ❋

શંકર ભટ્ટ વંશજ શ્રી મલ્લાદિ ગોવિંદ દીક્ષિત

શ્રીપાદશ્રીવલ્લભપ્રભુના ચરિત્ર વિશે સરસ્વતી ગંગાધર રચિત શ્રીગુરુચરિત્રમાં ખૂબ જ અલ્પ માહિતી ઉપલબ્ધ છે. કલિયુગમાં શ્રીપાદશ્રીવલ્લભ એ દત્ત ભગવાનનો પ્રથમ અવતાર ગણાય છે. શ્રીપાદશ્રીવલ્લભ ઈ.સ. ૧૩૨૦ કૃષ્ણ યજુર્વેદ શાખા, આપસ્તંબ સૂત્ર, ભારદ્વાજ ગોત્રમાં બ્રહ્મશ્રી ઘંડીકોટા અપ્પલરાજ શર્મા અને અખંડ સૌભાગ્યવતી લક્ષ્મી સુમતિ મહારાણીના તૃતીય સંતાન તરીકે પ્રગટ થયા. શ્રીપાદશ્રીવલ્લભને શ્રીધરરાજ શર્મા અને રાજ શર્મા એમ બે ભાઈઓ હતાં તથા તેમની ત્રણ બહેનોનાં નામ શ્રીવિદ્યાધરી, રાધા અને સુરેખા હતાં. બ્રહ્મણી મલ્લાદિ બાપન્નાવધાનુલુ અને અખંડ સૌભાગ્યવતી લક્ષ્મી રાજમામ્બા અનુક્રમે તેમના માતામહ (માતાના પિતા) તથા માતામહી (માતાનાં માતા) હતાં.

શ્રીપાદશ્રીવલ્લભના ચરિત્રની રચના શંકર ભટ્ટ નામના દેશસ્થ સ્માર્ત બ્રાહ્મણે સંસ્કૃત ભાષામાં કરી તે પછી તેનો તેમણે તેલુગુ ભાષામાં અનુવાદ કર્યો. આ તેલુગુ ભાષાંતરની મૂળ હસ્તલિખિત પ્રત મારી પાસે છે. આ ચરિત્ર શ્રીબાપન્નાચાર્યુલૂની ૩૩મી પેઢીમાં પ્રસિદ્ધ થશે, તેમ ગ્રંથમાં લખેલું છે. અત્યારની અમારી પેઢી ૩૩મી (શ્રીબાપન્નાચાર્યુલૂની) છે.

આ દિવ્ય "શ્રીપાદશ્રીવલ્લભ ચરિત્રામૃત" પ્રસિદ્ધ કરવું કે નહીં તે વિશે હું દ્વિધામાં હતો. ત્યારે મને એક અનુભવ થયો. એક દિવસ હું ભીમવરમ્‌ના માઉળમ્મા મંદિરના પ્રાંગણમાં બેઠો હતો. ત્યારે એક વૃદ્ધ યાચકે મારી પાસે ભોજન માટે પૈસા માગ્યા. મેં તેને રૂપિયા ૧૧ આપ્યા. ૨-૩ દિવસ પછી શ્રીક્ષેત્ર ગાણગાપુરના શ્રીનૃસિંહસરસ્વતી સંસ્થાનમાંથી પ્રસાદ અને રૂા. ૧૧ની પાવતી આવી. વાસ્તવમાં રૂા. ૧૧ મેં ગાણગાપુર મોકલાવ્યા જ ન હતા.

આ ઘટના પછી મને લાગ્યું કે શ્રીનૃસિંહસરસ્વતી સ્વામી તરફથી મને "શ્રીપાદશ્રીવલ્લભ ચરિત્રામૃત" પ્રકાશિત કરવાની અનુજ્ઞા મળી છે. અત્યંત જીર્ણ થઈ ગયેલા મૂળ ગ્રંથની બીજી નકલ તૈયાર કરી ગ્રંથમાં જણાવ્યા પ્રમાણે મૂળ ગ્રંથ "ચરિત્રામૃત"નું કૃષ્ણા નદીમાં વિસર્જન કરવામાં આવ્યું. ઈ.સ. ૨૦૦૧ની વિજયાદશમી (દશેરા)થી અશ્વિન વદ ૧૧ સુધી પીઠાપુરમાં આવેલા શ્રીપાદશ્રીવલ્લભમહાસંસ્થાન"માં શ્રીપાદપ્રભુના સાંનિધ્યમાં પારાયણ કરી તે ગ્રંથની નકલ સંસ્થાનને અર્પણ કરવામાં આવી.

આ અક્ષર સત્ય ગ્રંથ છે. આ ગ્રંથનો પ્રત્યેક અક્ષર શક્તિયુક્ત છે. આ ગ્રંથમાં અતિશયોક્તિ અથવા અનાવશ્યક વર્ણન ક્યાંય પણ નથી. ગ્રંથના મૂળ લેખક શ્રી શંકર ભટ્ટ વિદ્વાન કે પંડિત નહોતા. પરંતુ, શ્રીપાદપ્રભુ પર તેમની અત્યંત નિષ્ઠા જોઈને શ્રીપાદપ્રભુએ તેમના પર કૃપા કરી ચરિત્રામૃતનું આલેખન તેમના મારફત કરાવી લીધું. આ ગ્રંથનું નિત્ય પારાયણ કરવાથી બધાં જ પ્રકારનાં સંકટો દૂર થાય છે. આ ગ્રંથનું પારાયણ કરી ૧૧ ભક્તોને અન્નદાન કરવાથી તત્કાળ ફળપ્રાપ્તિ થાય છે.

શ્રી દત્ત સેવામાં,

મલ્લાદિ ગોવિંદ દીક્ષિત,

ભીમવરમ્

❋ ❋ ❋

મરાઠી ભાષાંતરકાર હ.ભ.પ. શ્રી હરિભાઉ જોષી, નિટૂરકર મહારાજનું નિવેદન

કાષાયવસ્ત્રં કરદંડધારિણં કમંડલું પદ્મકરેણ શંખમ્ ।
ચક્રં ત્રિશૂલં ડમરું ગદાં ચ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥
કૃતે જનાર્દનો દેવસ્ત્રેતાયાં રઘુનંદનઃ ।
દ્વાપરે રામકૃષ્ણૌ ચ કલૌ શ્રીપાદવલ્લભઃ ॥

પરમ પવિત્ર ભારતવર્ષમાં પરમેશ્વરના અનેક અવતારોનું અવતરણ થયું. પરંતુ, ભગવાન દત્તાત્રેય માત્ર ભક્તોના રક્ષણ માટે, તેમના ઉદ્ધાર માટે તેમજ તેમને જ્ઞાન પ્રદાન કરવા માટે પૃથ્વી પર હંમેશાં વાસ્તવ્ય કરી રહ્યા છે. ભક્તોએ સ્મરણ કરતાં જ તેઓ પ્રગટ થઈ ભક્તોની મનોકામના પૂર્ણ કરે છે. આથી જ તેઓ સ્મર્તૃગામી તરીકે પણ ઓળખાય છે. કૃતયુગ (સત્યયુગ)માં મહર્ષિ અત્રિ અને સતી અનસૂયાની તપશ્ચર્યાથી પ્રસન્ન થઈ દત્ત ભગવાને અવતાર ધારણ કર્યો અને અવનિ પર દત્તભક્તિરૂપી કલ્પવૃક્ષ વૃદ્ધિંગત કર્યું.

તેમનો બીજો અવતાર (કલિયુગનો પ્રથમ અવતાર) પૂર્વ ગોદાવરી જિલ્લાના પીઠિકાપુરમ્ (પીઠાપુર)માં ઈ.સ. ૧૩૨૦માં ભાદરવા સુદ ૪ (ગણેશ ચતુર્થી)ના દિવસે કૃષ્ણ યજુર્વેદ શાખા, આપસ્તંબ સૂત્ર, ભારદ્વાજ ગોત્રોત્પન્ન બ્રહ્મણી ઘંડીકોટા અપ્પલરાજ શર્મા અને અખંડ સૌભાગ્ય લક્ષ્મી મહારાણી સુમતિદેવીની કૂખે થયો. તેમની બાળલીલાઓ પ્રત્યક્ષ બાળકૃષ્ણની લીલાઓ જેવી જ અત્યંત મધુર અને અદ્‌ભુત છે. શ્રીપાદપ્રભુએ પીઠાપુરમાં ૧૬ વર્ષ અને ૧૩ વર્ષ કુરવપુરમાં એમ માત્ર ૩૦ વર્ષમાં નાના પ્રકારની અદ્‌ભુત લીલાઓ કરી પોતાના ભક્તોને ઈહ અને પરલોકનું શાશ્વત સુખ પ્રદાન કર્યું. દુષ્ટોને દંડ અને

શિષ્ટોનું રક્ષણ કરવા શ્રીપાદપ્રભુએ અવતાર ધારણ કરી અનેક અહંકારી લોકોના ગર્વનું ખંડન કર્યું. અનેક સંકટો સામે ભક્તોનું રક્ષણ કર્યું અને પીઠાપુર ક્ષેત્રનો મહિમા અનેકગણો વધાર્યો.

પીઠાપુર પ્રાચીન કાળથી પ્રસિદ્ધ સિદ્ધક્ષેત્ર છે. ગયાસુર નામના અસુરના શરીર પર યજ્ઞ કરવામાં આવ્યો ત્યારે તેના પગ પીઠાપુરમાં હતા. આથી પીઠાપુરને પાદગયા ક્ષેત્ર કહે છે. અહીં ગયાસુરની પાદુકા તથા ભગવાન વિષ્ણુની પાદુકાઓ પણ વિદ્યમાન છે. ગયાસુરના શરીર પર યજ્ઞ ચાલુ હતો અને સૂર્યોદય સુધી તારે ઊઠવું નહીં તેમ ગયાસુરને કહેવામાં આવ્યું હતું. પરંતુ ભગવાન શંકરે કુક્કુટનું રૂપ લઈ પ્રભાત થતા પહેલાં બાંગ પોકારી. આમ નિયમનો ભંગ થયા છતાં ગયાસુરનો ઉદ્ધાર ભગવાને કર્યો. શ્રી કુક્કુટેશ્વરનું સ્થાન પણ અહીં પીઠાપુરમાં છે.

દક્ષયજ્ઞમાં સતીએ યોગાગ્નિથી દેહત્યાગ કર્યો. ભગવાન શંકર સતીદેહને લઈ તાંડવ કરવા લાગ્યા. ભગવાન વિષ્ણુએ સતીદેહના ટુકડા કર્યા. પૃથ્વીના જે ભાગ પર તે તે દેહ-ખંડ પડ્યો તે તે સ્થળ શક્તિપીઠ તરીકે પ્રખ્યાત થયાં. પ્રમુખ અઢાર શક્તિપીઠમાં પુરહુતિકા શક્તિપીઠ પીઠાપુરમાં છે.

સંપૂર્ણ ભારતમાં (૧) કાશીમાં બિંદુ-માધવ (૨) પ્રયાગમાં વેણિ-માધવ (૩) રામેશ્વરમાં સેતુ-માધવ (૪) ત્રિવેન્દ્રમમાં સુંદર-માધવ અને (૫) પીઠાપુરમાં કુંતી-માધવ એમ માધવનાં પાંચ મંદિરો આવેલાં છે. પાંડવ માતા કુંતીએ માધવની પૂજા કરી તે સ્થાન અહીં પીઠાપુરમાં આવેલું છે. આ સ્થળ દક્ષિણકાશી તરીકે પણ ઓળખાય છે.

ઉપર કહ્યા પ્રમાણે પીઠાપુર વિવિધ કારણોથી પ્રસિદ્ધ છે. તેમ છતાંય, શ્રીપાદશ્રીવલ્લભના ચરણસ્પર્શથી આ ભૂમિનો મહિમા અપરંપાર વધ્યો તે "શ્રીપાદશ્રીવલ્લભ ચરિત્રામૃત"ના વાચકોને ખ્યાલ આવશે જ. આ ગ્રંથના મૂળ લેખક શ્રી શંકર ભટ્ટ કર્ણાટકના દેશસ્થ સ્માર્ત બ્રાહ્મણ હતા અને તેઓ શ્રીપાદશ્રીવલ્લભના સમકાલીન હતા. શ્રીપાદશ્રીવલ્લભની કૃપાથી તેમણે પ્રથમ સંસ્કૃતમાં આ ગ્રંથ લખ્યો. પછી તેનું ભાષાંતર તેલુગુ ભાષામાં થયું.

આ ગ્રંથની વિશિષ્ટતા એ છે કે તેમાં કેટલીય ભવિષ્યની ઘટનાઓનું વર્ણન પણ છે.

દા.ત.:-

૧. આ ગ્રંથ મલ્લાદિ બાપન્નાવધાનુલુ (શ્રીપાદજીના માતામહ)ની ૩૩મી પેઢીએ પ્રસિદ્ધ થશે. હાલમાં શ્રી મલ્લાદિ ગોવિંદ દીક્ષિતુલુ એ મલ્લાદિ બાપન્નાવધાનુલુના ૩૩મા વંશજ છે. તેમણે જ આ ગ્રંથ પીઠાપુર સંસ્થાનને પ્રકાશનાર્થ આપ્યો.

૨. આગામી અવતાર હું કારંજામાં નૃસિંહસરસ્વતી નામે લઈશ. મારું સ્વરૂપ મારા માતામહ જેવું હશે. ત્યાંથી હું ગંધર્વપુર (ગાણગાપુર) અને આગળ કદલીવનમાં જઈશ. ત્યાં હું ૩૦૦ વર્ષ સમાધિમાં રહીશ અને પછી સ્વામી સમર્થ (અક્કલકોટના સ્વામી) નામે પ્રજ્ઞાપુર (અક્કલકોટ)માં પ્રગટ થઈશ.

૩. મારા જયેષ્ઠ બંધુ શ્રીધર શર્મા મહારાષ્ટ્રમાં સમર્થ રામદાસ તરીકે પ્રસિદ્ધિ પામશે. નરસિંહ વર્મા છત્રપતિ શિવાજી નામે જન્મ લેશે અને મહારાષ્ટ્રમાં રાજ્ય સ્થાપીને રામદાસના શિષ્ય થશે.

૪. મારા બીજા બંધુ શ્રીરામ શર્મા એ મહારાષ્ટ્રમાં શ્રીધર સ્વામી થઈ મહાયોગી તરીકે પ્રસિદ્ધિ પામશે.

૫. શ્રી રામચંદ્ર પ્રભુએ હનુમાનને જે માણિકની માળા આપી હતી તે માણિક પ્રભુ તરીકે જન્મ લેશે. આ ગ્રંથમાં સંત શ્રી સાંઈબાબા, શ્રી ગાડગે બાબા એમ અનેક સંતોનો ઉલ્લેખ છે.

મારા ગુરુદેવ પરમ પૂજ્ય બ્રહ્મશ્રી વિદ્યાવાચસ્પતિ શ્રી દત્ત મહારાજ કવીશ્વર, પરમ પૂજ્ય યોગતપસ્વી શ્રી કાકામહારાજ (ઢેંકણે મહારાજ) અને પરમ પૂજ્ય શ્રી રામસ્વામી મહારાજ- આ ગુરુત્રિમૂર્તિના આશીર્વાદથી "શ્રીપાદશ્રીવલ્લભ ચરિત્રામૃત" ગ્રંથ મરાઠીમાં ભાષાંતરિત થયો. ભાષાંતર દરમ્યાન શ્રીપાદજીની પ્રેરણા અનુસાર કેટલાક સ્થળે તેલુગુ શબ્દ અથવા તેલુગુ વાક્યનો પ્રભાવ દેખાઈ આવશે.

આ ગ્રંથનો અનુવાદ કરવામાં પ્રો. સૌ. શોભા દેશમુખ આજેગાંવકર, ડૉ. ઉર્મિલા હૈદરાબાદકર, શ્રી પ્રભાકર ગંભીરે, સૌ. મીનાક્ષી શાસ્ત્રી, સૌ. છાયા શાસ્ત્રી, કુ. કે. શારદા, સૌ. સંધ્યા જોષી અને શ્રી મુકુંદ ગોખલેનો ખૂબ જ સહકાર મળ્યો.

આ ગ્રંથ અક્ષર સત્ય હોઈ તેને પ્રત્યેક અક્ષર શક્તિસંપન્ન છે. આ ગ્રંથનું પારાયણ કરનાર ભક્તો ઈહલોકનું સુખ ભોગવી અંતે મોક્ષપ્રાપ્તિ કરશે, એવું શ્રીપાદપ્રભુનું અભય વચન છે. સર્વ ભક્તોએ તેનો અનુભવ લેવો.

અંતમાં, ગ્રંથમાં વ્યાકરણની હ્રસ્વ, દીર્ઘ અને વાક્યરચનામાં કોઈ દોષ હોય તો સુજ્ઞ વાચકોએ અમને જાણ કરતાં બીજી આવૃત્તિમાં તે સુધારવામાં આવશે. જિજ્ઞાસુ ભક્તોની ત્વરિત માગણીને ધ્યાનમાં લઈ આ ગ્રંથ જલદી પ્રકાશિત કર્યો છે.

યથામતિ આ સેવા શ્રીપાદશ્રીવલ્લભના ચરણે સાદર સમર્પણ.

૨૨-૧૫-૧૯૯
એચ.બી.એચ. કૉલોની
ઉપ્પલ, હૈદરાબાદ-૫૦૦૦૩૯
તા. ૧-૩-૨૦૦૭
ફાગણ સુદ ૧૩, શક ૧૯૨૮.

અહં હિ શ્રી વલ્લભ-દાસ-દાસ-
દાસસ્ય-દાસસ્ય ચ દાસદાસઃ ॥
હરિભાઉ જોષી નિટૂરકર.

❋ ❋ ❋

શ્રીપાદશ્રીવલ્લભ ચરિત્રામૃત ગ્રંથની પારાયણવિધિ

૧.	પ્રથમ દિવસ	૧ થી ૬ અધ્યાય	૫.	પાંચમો દિવસ	૨૩ થી ૩૪ અધ્યાય
૨.	બીજો દિવસ	૭ થી ૧૨ અધ્યાય	૬.	છઠ્ઠો દિવસ	૩૫ થી ૪૨ અધ્યાય
૩.	ત્રીજો દિવસ	૧૩ થી ૧૮ અધ્યાય	૭.	સાતમો દિવસ	૪૩ થી ૫૩ અધ્યાય
૪.	ચોથો દિવસ	૧૯ થી ૨૨ અધ્યાય			

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

ગુજરાતી અનુવાદકના બે બોલ

પૂ.શ્રી રંગ અવધૂત મહારાજપ્રણીત ગુજરાતી શ્રીગુરુલીલામૃત ગ્રંથ (કર્મકાંડ) અને મરાઠીમાં લખાયેલા સરસ્વતી ગંગાધર રચિત ગ્રંથ શ્રીગુરુચરિત્રના પારાયણ-અનુષ્ઠાન કરનાર અસંખ્ય દત્તભક્તો છે. ઘણા ભક્તોને મનમાં થતું હશે કે બંને ગ્રંથોમાં શ્રી નૃસિંહસરસ્વતી સ્વામીમહારાજની અનેક લીલાઓ ગ્રથિત થઈ છે, જ્યારે તેમના પૂર્વાવતાર અને કલિયુગના પ્રથમ દત્તાવતાર શ્રીપાદશ્રીવલ્લભની બે કે ત્રણ લીલાઓનો જ ઉલ્લેખ ઉપરોક્ત ગ્રંથોમાં જોવા મળે છે. દરેક ગ્રંથના પાઠ કરનારને જિજ્ઞાસા થાય કે શું શ્રીપાદપ્રભુએ એટલી જ અલ્પ લીલા કરી હશે? કે પછી તેમની પણ અનંત લીલાઓ હશે, જે ગ્રથિત નહીં થઈ હોય? ગ્રથિત થઈ હોય તો ક્યાંથી જાણવા મળશે? આ પ્રશ્નનો જવાબ એટલે ગુજરાતીમાં ભાષાંતરિત પ્રસ્તુત "શ્રીપાદશ્રીવલ્લભ ચરિત્રામૃત" ગ્રંથ.

શ્રીપાદશ્રીવલ્લભના સમકાલીન શ્રી શંકર ભટ્ટ નામના કન્નડભાષી બ્રાહ્મણે આ ગ્રંથ શ્રીપાદપ્રભુની આજ્ઞાથી લખ્યો. શંકર ભટ્ટને ચરિત્રામૃતનાં ઘણાં પાત્રો સાથે પ્રત્યક્ષ મુલાકાતનો સુયોગ પ્રાપ્ત થયો છે. સર્વ પ્રથમ ગ્રંથ સંસ્કૃતમાં લખાયો અને પછી તેનો તેલુગુ ભાષામાં અનુવાદ થયો. ગ્રંથ લખાતો હતો ત્યારે જ શ્રીપાદપ્રભુએ ભવિષ્યવાણી કરી હતી કે ગ્રંથ શ્રી બાપન્નાચાર્યુલુ (શ્રીપાદપ્રભુનાં માતામહ)ની તેત્રીસમી પેઢીએ પ્રકાશિત થશે. હાલમાં શ્રી બાપન્નાચાર્યુલુની ૩૩મી પેઢીના વારસ શ્રી મલ્લાદિ ગોવિંદ દીક્ષિત દ્વારા આ ગ્રંથ પ્રગટ થયો છે.

તેલુગુ ભાષામાં પ્રગટ થયેલા ગ્રંથનું ભાષાંતર શ્રી હરિભાઉ જોષી નિટૂરકરે (૨-૧૭-૧૧૯, S.B.H. Colony, ઉપ્પલ, હૈદરાબાદ-500039) મરાઠી ભાષામાં કર્યું. મરાઠી ગ્રંથ નારેશ્વરના પુસ્તકાલયમાં પ્રાપ્ય બન્યો. શ્રીપાદપ્રભુની ભવિષ્યવાણી અનુસાર ૩૩મી પેઢીએ પ્રસિદ્ધ થનાર ગ્રંથને વાંચવો કે દર્શન કરવાં તે પણ એક અનુપમ લહાવો છે. જેવો ગ્રંથ મારા હાથમાં આવ્યો એટલે મનમાં ઈચ્છા થઈ કે ગુજરાતના ગુજરાતી ભાષી લોકોને શ્રીપાદશ્રીવલ્લભની અનન્ય લીલાઓ જાણવા મળે તો કેટલું સારું? સાહિત્યિક દૃષ્ટિએ મારું

ગુજરાતી ભાષાનું તેમજ વ્યાકરણનું જ્ઞાન અલ્પ જ કહેવાય.

શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટના મુ. ડૉ. ધીરુભાઈ જોષીએ પ્રસ્તુત ગ્રંથનું ભાષાંતર જોઈ, વ્યાકરણની દૃષ્ટિએ સુધારી તેને આંવા સુંદર રૂપમાં પ્રકાશિત કરવા મારા કરતાં અનેકગણી મહેનત કરી છે. તેમનો જેટલો પણ આભાર માનીએ તેટલો ઓછો જ ગણાય. મારી માન્યતા અનુસાર તેમના દ્વારા બસોથી અઢીસો પુસ્તકોનું સંપાદન થયું હશે. દત્તસંપ્રદાય વિશે તેમણે મહાનિબંધ (THESIS) લખીને દત્તભક્તો પર મોટો ઉપકાર કર્યો છે. તેઓને શ્રીપાદપ્રભુ આરોગ્ય સાથે દીર્ઘ આયુષ્ય બક્ષે તેવી અંતઃકરણપૂર્વકની પ્રાર્થના. ગુજરાતી અને સંસ્કૃત સાહિત્યના વિકાસ માટે તેમનું યોગદાન-માર્ગદર્શન મળતું રહે તેવી સદ્‌ઇચ્છા!

"શ્રીપાદશ્રીવલ્લભ ચરિત્રામૃત" અંગે શ્રીપાદપ્રભુએ એક બીજી પણ ભવિષ્યવાણી કરી હતી કે આ ચરિત્રામૃત ગ્રંથનું ભાષાંતર અનેક ભાષામાં થશે અને ભાષાંતરિત ગ્રંથની ફળશ્રુતિ પણ મૂળ ગ્રંથ જેવી જ રહેશે. આથી ગુજરાતીમાં ભાષાંતરિત પ્રસ્તુત ગ્રંથને પણ શ્રીપાદપ્રભુએ આશીર્વાદ આપેલા જ છે.

પારાયણસમાપ્તિ પછી ૧૧ બ્રાહ્મણોને ભોજન કરાવવું તેવું સૂચન ગ્રંથમાં કરેલું છે. દરેક અધ્યાયની ફળશ્રુતિ પણ આપેલી છે અને પારાયણ માટે અધ્યાય ક્રમ પણ આપેલો છે. નિષ્કામ ભાવનાથી પણ પારાયણ થઈ શકે છે.

પ્રસ્તુત ગ્રંથના પ્રૂફરીડિંગમાં મદદ કરવા માટે ડૉ. દેવદત્તભાઈ જોષીનો પણ હું આભાર માનું છું. આ ચરિત્રામૃતના પ્રકાશનમાં જેમણે પણ પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે મદદ કરી છે તે સર્વેનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

ગુજરાતી અનુવાદક
વાસુદેવ નંદુરબારકર

ફ્લેટ નં-૨૦૨, ટાવર-C
આકર્ષ-૧, નારાયણ બાગની સામે,
લક્ષ્મીપુરા રોડ, ગોત્રી, વડોદરા-૩૯૦૦૨૧.
(M) 91374 60197

❋ ❋ ❋

શ્રીપાદશ્રીવલ્લભ ચરિત્રામૃત ગ્રંથના પ્રત્યેક અધ્યાયના પઠનનું ફળ

અધ્યાય	ફળશ્રુતિ
૧	ઘરમાં શાંતિ રહેશે- સુખની પ્રાપ્તિ
૨	મનઃક્લેશ નિવારણ
૩	નાગદોષનિવારણ, સંતાનપ્રતિબંધકદોષનિવારણ
૪	કન્યાઓને યોગ્ય વરપ્રાપ્તિ, ગુરુનિંદાદોષનિવારણ
૫.	વિઘ્નો દૂર થશે. દેવતા-કોપથી મુક્તિ
૬.	પિતૃઓના શાપમાંથી નિવૃત્તિ
૭.	અજ્ઞાન-નાબૂદી, વિવેકપ્રાપ્તિ
૮.	સંતાન પ્રાપ્તિ, લક્ષ્મી કૃપા-કટાક્ષ લાભ
૯.	પ્રારબ્ધ-કર્મ-નાશ
૧૦.	દુર્ભાગ્ય નાશ
૧૧.	દુર્ગુણોથી મુક્તિ
૧૨.	શરીર-આરોગ્ય પ્રાપ્તિ

અધ્યાય	ફળશ્રુતિ
૧૩.	વ્યવસાય-વૃદ્ધિ, પશુવૃદ્ધિ
૧૪.	આપદા-નિવારણ, ઉત્સાહ-વૃદ્ધિ
૧૫.	અકારણ કલહ નિવારણ, પૂર્વજન્મકૃત દોષનિવારણ
૧૬.	ધનાકર્ષણ-શક્તિ-વૃદ્ધિ
૧૭.	સિદ્ધ પુરુષોના આશીર્વાદ
૧૮.	પાપકર્મનો નાશ-ભાગ્યવૃદ્ધિ
૧૯.	માનસિક ક્લેશનિવારણ
૨૦.	કષ્ટ-નષ્ટ-નિવારણ
૨૧.	આધ્યાત્મિક લાભ-પુણ્યવૃદ્ધિ
૨૨.	કર્મદોષનિવારણ
૨૩.	ઐશ્વર્યપ્રાપ્તિ
૨૪.	દાંપત્યસુખ

અધ્યાય	ફળશ્રુતિ
૨૫.	આર્થિક સમસ્યા દૂર થશે
૨૬.	દુર્દૈવનાશ, સત્સંતાન પ્રાપ્તિ
૨૭.	ઐશ્વર્ય, લક્ષ્મીપ્રાપ્તિ
૨૮.	વિવાહ અનુકૂળ અને શીઘ્ર થશે
૨૯.	પિતૃદેવતાઓના આશીર્વાદ
૩૦.	ઉજ્જવળ ભવિષ્ય
૩૧.	વિદ્યા, ઐશ્વર્યની પ્રાપ્તિ
૩૨.	સદ્‌ગુરુકૃપાકટાક્ષપ્રાપ્તિ
૩૩.	અનુકૂળ વિવાહ
૩૪.	ઋણમોચન (દેવામાંથી મુક્તિ)
૩૫.	વાક્‌સિદ્ધિ
૩૬.	અનુકૂળ દાંપત્યજીવન
૩૭.	જીવનમાં સ્થિરતા
૩૮.	આત્મસ્થૈર્ય
૩૯.	સર્પદોષનિવારણ

અધ્યાય	ફળશ્રુતિ
૪૦.	અસાધ્ય કાર્યમાં યશપ્રાપ્તિ
૪૧.	લોકનિંદાપરિહાર
૪૨.	ખોવાયેલા સંતાનની પ્રાપ્તિ
૪૩.	અષ્ટૈશ્વર્યપ્રાપ્તિ
૪૪.	ઉજ્જવળ ભવિષ્ય
૪૫.	સર્વક્ષેત્રમાં વૃદ્ધિ
૪૬.	ત્વરિત વિવાહ
૪૭.	સર્વ શુભ ફળપ્રાપ્તિ
૪૮.	આર્ત, અર્થાર્થી, જિજ્ઞાસુ, મુમુક્ષુને ચારે પુરુષાર્થપ્રાપ્તિ
૪૯.	સમસ્ત કર્મદોષ નિવૃત્તિ માટે
૫૦.	ગુરુનિંદા કરવાથી આવેલું દારિદ્ર્ય દૂર કરવા
૫૧.	જળ-અકસ્માતથી બચવા
૫૨.	વિના પ્રયત્ને સર્વ સમસ્યાનો ઉકેલ
૫૩.	મહાપાપ-નિવારણ


દત્તાવતાર શ્રીપાદશ્રીવલ્લભપ્રભુ • પીઠાપુરમ્ • કુરવપુર
યો વૈ પૂર્વં દત્તનામાऽત્રિસૂનુસ્ તીર્ણો ભક્તત્રાણ માત્રૈકહેતુઃ। શ્રીપાદશ્રીવલ્લભ- સોऽયમેવ ચક્રે લીલાં કુર્વપૂર્યાં સુદિવ્યામ્ ॥

॥શ્રી ગુરવે નમઃ ॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૧

શ્રી વ્યાઘ્રેશ્વર શર્માનું વૃત્તાંત

શ્રી મહાગણપતિ, શ્રી મહાસરસ્વતી, શ્રીકૃષ્ણ ભગવાન, સર્વ ચરાચરવાસી-દેવતા અને સમસ્ત ગુરુપરંપરાના ચરણોમાં નતમસ્તક થઈ, તે અનંત કોટિ બ્રહ્માંડનાયક શ્રીદત્ત પ્રભુના, કલિયુગાંતર્ગત શ્રીપાદશ્રીવલ્લભની અવતાર લીલાનું વર્ણન કરવાનો મેં સંકલ્પ કર્યો છે.

અનસૂયા-અત્રિનંદન ભગવાન શ્રી દત્તાત્રેયે આંધ્રપ્રદેશમાં આવેલા પીઠિકાપુરમ્ (પીઠાપુર) નગરમાં શ્રીપાદશ્રીવલ્લભ નામે અવતાર લીધો. તેમના દિવ્ય ચરિત્રનું વર્ણન યોગ્ય રીતે કરવાનું અનેક પંડિતો તથા વિદ્વાનો માટે પણ અશક્ય છે. તે ભગીરથ કામ હાથમાં લેવાનું હું સાહસ કરી રહ્યો છું. તે ફક્ત આપના જેવા શ્રેષ્ઠ અને વિદ્વાન શ્રોતાઓ (વાચક-પાઠક)ના આશીર્વાદને લીધે જ!

હું શંકર ભટ્ટ, દેશસ્થ કર્ણાટકી સ્માર્ત બ્રાહ્મણ. મારો જન્મ ભારદ્વાજ ગોત્રમાં થયો. શ્રીકૃષ્ણ દર્શન માટે હું ઉડપી નામના તીર્થસ્થળે ગયો. ત્યાંનાં નયન મનોહારી મોર મુકુટધારી શ્રીકૃષ્ણે મને મંત્રમુગ્ધ કર્યો. શ્રીકૃષ્ણે મને કન્યાકુમારી સ્થળે જઈને કન્યકા પરમેશ્વરીનાં દર્શન કરવા આજ્ઞા કરી. શ્રીકૃષ્ણાજ્ઞા પ્રમાણે હું કન્યાકુમારી ક્ષેત્રે ગયો. ત્યાં ત્રિવેણી સાગરમાં સ્નાન કર્યું અને શ્રી કન્યકા દેવીનાં દર્શન કર્યા.

મંદિરનો પૂજારી ખૂબ જ ભક્તિભાવથી દેવીની પૂજા કરી રહ્યો હતો. મેં અર્પણ કરેલું લાલ ફૂલ તેણે શ્રદ્ધાપૂર્વક દેવીને અર્પણ

કર્યું. દેવી જગદંબા અતિ સ્નેહપૂર્ણ નજરથી મારા તરફ જોઈ રહી છે તેમ મને લાગ્યું. તે કહેતી હતીઃ- "શંકર! તારા અંતરની ભક્તિથી હું પ્રસન્ન થઈ છું. તું કુરવપુર ક્ષેત્રમાં જા અને શ્રીપાદશ્રીવલ્લભ સ્વામીનાં દર્શન કરી પોતાના જીવનને સાર્થક કર. તેમનાં દર્શનથી મનને, અંતરાત્માને જે આનંદનો અનુભવ થાય છે તે અવર્ણનીય હોય છે."

અંબામાતાના આશીર્વાદ લઈ મેં પ્રવાસનો પ્રારંભ કર્યો અને થોડા અંતર પર આવેલા "ભરુત્વમલૈ" ગામે આવી પહોંચ્યો. રામ-રાવણ લંકાના સંગ્રામમાં લક્ષ્મણને ઇંદ્રજિતની શક્તિ વાગવાથી તે મૂર્છા પામ્યો. તે માટે હનુમાનજી સંજીવની બુટી મેળવવા દ્રોણગિરિ પર્વત ઊંચકી લાવ્યા. કામ થયા પછી પર્વત મૂળ સ્થળે મૂકવા જતાં તેનો એક મોટો ટુકડો અહીં જમીન પર પડ્યો. તેનું જ નામ "ભરુત્વમલૈ" પડ્યું. આ સ્થળ અત્યંત રમ્ય છે. અહીં અનેક ગુફાઓ હોઈ તેમાં અનેક સિદ્ધ પુરુષો ગુપ્ત રીતે તપશ્ચર્યા કરે છે.

મેં (શંકર ભટ્ટ) બધી જ ગુફાઓનું દર્શન કરવાનો પ્રારંભ કર્યો. એક ગુફામાં પ્રવેશ કરતાં તેમાં એક વાઘ શાંત ચિત્તે બેઠેલો જણાયો. તેને જોતાં જ મારા શરીરમાંથી ધ્રૂજારી પસાર થઈ ગઈ. ગભરાઈને મેં "શ્રીપાદશ્રીવલ્લભ" એમ મોટેથી બૂમ પાડી. તે નિર્જન જંગલમાં મારી બૂમનો પ્રતિધ્વનિ તેટલા જ મોટા અવાજે સંભળાયો. મારી બૂમના જવાબમાં તે ગુફામાંથી એક વૃદ્ધ તપસ્વી બહાર આવ્યા. તે કહેવા લાગ્યાઃ- "અરે તું ખરેખર ધન્ય છે. આ અરણ્યમાં શ્રીપાદશ્રીવલ્લભના નામનો પ્રતિધ્વનિ સંભળાયો. શ્રીદત્ત પ્રભુએ કલિયુગમાં શ્રીપાદશ્રીવલ્લભ નામથી અવતાર લીધો છે. તેની ફક્ત યોગી, જ્ઞાની અને પરમહંસ લોકોને જ જાણ છે. તું ભાગ્યવાન હોવાથી જ આ પુણ્યસ્થળે આવ્યો છે. તારી સર્વ મનોકામના પૂર્ણ થશે અને શ્રીપાદશ્રીવલ્લભનાં દર્શનનો લાભ થશે."

"આ ગુફાના દરવાજે બેઠેલો વાઘ એ એક જ્ઞાની મહાત્મા છે. તેમને વંદન કરજે." મેં અત્યંત નમ્રતાથી તે વાઘને વંદન કર્યા. વાઘે તરત જ ૐકારનો ઉચ્ચાર કર્યો. તેના અવાજથી સમગ્ર "ભરુત્વમલૈ" પર્વત ગુંજી ઊઠ્યો. તે પછી તે વાઘે "શ્રીપાદરાજ

શરણં પ્રપદ્યે" એમ સુસ્વર તાલમાં શ્રીપાદરાજની સ્તુતિ કરી. તે જ સમયે એક ચમત્કાર થયો. તે વાદ્યમાંથી એક દિવ્ય કાંતિમાન પુરુષ પ્રગટ થયો. તેણે તે વૃદ્ધ તપસ્વીને દંડવત્ પ્રણામ કર્યા અને ક્ષણાર્ધમાં તે આકાશ માર્ગે જતો રહ્યો.

તે વૃદ્ધ તપસ્વી મને તેની ગુફામાં આગ્રહપૂર્વક લઈ ગયા. ગુફામાં જઈને તે તપસ્વીએ સંકલ્પ માત્રથી અગ્નિ પ્રજ્વલિત કર્યો. તેમાં આહુતિ આપવા માટે જોઈતી પવિત્ર સામગ્રી, મધુર ફળો નિર્માણ કર્યાં. વૈદિક મંત્રોચ્ચારથી તેમણે અગ્નિમાં તે પદાર્થોની આહુતિ આપી.

તે વૃદ્ધ તપસ્વી કહેવા લાગ્યા, "આ કલિયુગમાં યજ્ઞ, યાગ, સત્કર્મો બધું જ લુપ્ત થયું છે. પંચભૂતાત્મક સૃષ્ટિમાંથી બધાં જ લાભ પ્રાપ્ત કરવાના પરંતુ (તે આપનાર) દેવતાઓને માત્ર ભૂલી જવાના! આ પ્રકારનો માનવધર્મ જોવા મળે છે. દેવતાઓની પ્રીતિ પ્રાપ્ત કરવા યજ્ઞો કરવા જોઈએ અને તેમને સંતુષ્ટ કરવા જોઈએ. દેવતાઓની કૃપાથી જ પ્રકૃતિ અનુકૂળ થાય છે.

પ્રકૃતિની કોઈ પણ શક્તિનો પ્રકોપ માનવ સહન કરી શકતો નથી. પ્રકૃતિની વિવિધ શક્તિઓને યોગ્ય માર્ગે શાંત કરવી જોઈએ. તેમ ન કરીએ તો અનેક પ્રકારના સંકટોનો સામનો કરવો પડે છે. મનુષ્ય ધર્માચરણ કરતો નથી તેથી પ્રકૃતિ શક્તિ તેને યથાકાળે શિક્ષા કરે છે. લોકહિત માટે મેં આ યજ્ઞ કર્યો છે. આ યજ્ઞના ફળસ્વરૂપે તને શ્રીપાદશ્રીવલ્લભ સ્વામીનાં દર્શન થશે. અનેક જન્મોના પુણ્યોનો ઉદય થાય ત્યારે આવો લાભ મળે છે."

તે વૃદ્ધ તપસ્વીના મુખકમળમાંથી પ્રવાહિત વાક્‌ગંગાના પ્રવાહથી હું એકદમ ભાવવિભોર થઈ ગયો. મેં અત્યંત નમ્રતાથી તેમને દંડવત્ પ્રણામ કર્યા. તે જ્ઞાની તપસ્વીના ચરણે મેં પ્રાર્થના કરતાં કહ્યું, "હે ઋષિવર, હું પંડિત નથી, યોગી નથી, સાધક નથી. હું એક મંદમતિ અલ્પજ્ઞ છું. મારા મનમાં વ્યાપ્ત સંદેહની નિવૃત્તિ કરી, આપનો વરદ હસ્ત મારા મસ્તક ઉપર મૂકવાની કૃપા કરો." તે મહાપુરુષે મારી શંકાનું સમાધાન કરવાની સંમતિ આપી.

મેં પૂછ્યું, હે સિદ્ધમુનિવર્ય, મેં જ્યારે કન્યકાદેવીનાં દર્શન કર્યાં ત્યારે દેવીએ મને કહ્યું હતું કે મારે કુરવપુર જઈ શ્રીપાદશ્રીવલ્લભ સ્વામીનાં દર્શન કરવાં. કુરવપુર જતાં પહેલાં માર્ગમાં મને આપના તથા વ્યાઘ્રરૂપી મહાત્માનાં દર્શન થયાં. તેઓ કોણ હતા? તે જ પ્રમાણે દત્ત ભગવાન એટલે કોણ? આ વિશે મને વિસ્તારપૂર્વક કહો. મારી વિનંતી સાંભળી તે વૃદ્ધ તપસ્વીએ કહેવાની શરૂઆત કરીઃ

આ આંધ્ર પ્રદેશના ગોદાવરી જિલ્લામાં અત્રિ મુનિની તપોભૂમિ તરીકે પ્રસિદ્ધ આત્રેયપુર ગામમાં એક કાશ્યપ ગોત્રીય બ્રાહ્મણકુટુંબ નિવાસ કરતું હતું. તે દંપતીને પરમેશ્વરની કૃપાથી એક પુત્ર પ્રાપ્ત થયો. બ્રાહ્મણ અત્યંત વિદ્વાન અને આચાર સંપન્ન હતો. પરંતુ તેનો પુત્ર અતિ મતિમંદ હતો. માતાપિતાએ તેનું નામ વ્યાઘ્રેશ્વર પાડ્યું.

સમય જતાં વ્યાઘ્રેશ્વર મોટો થતો ગયો. પરંતુ, તેની બુદ્ધિ વધતી ન હતી. પિતાએ તેને શિક્ષણ આપવા ખૂબ પ્રયત્નો કર્યા. પરંતુ તેને સંપૂર્ણ સંધ્યાવંદન પણ કરતાં આવડતું નહીં. "એક વિદ્વાન પંડિતનો પુત્ર એકદમ ઠોઠ અજ્ઞાની" આવી ગામ લોકોની ટીકા તેના હૃદયને વીંધી, તેને અસહ્ય પીડા કરતી હતી.

એક બ્રાહ્મમુહૂર્તના સમયે તેને સ્વપ્ન પડ્યું. સ્વપ્નમાં તેને એક દિવ્ય બાળકનાં દર્શન થયાં. તે બાળક આકાશમાંથી નીચે આવતું હતું. તેનાં ચરણકમળનો સ્પર્શ ભૂમિને થતાં ભૂમિ પણ દિવ્ય કાંતિમાન થઈ. તે બાળક ધીમે પગલે વ્યાઘ્રેશ્વર પાસે આવ્યું અને કહેવા લાગ્યું, "હું છું તો તને ભય શાનો? આ ગામને અને મારે ઋણાનુબંધ છે. તું હિમાલયમાં બદરિકારણ્યમાં જા. ત્યાં તારે માટે સર્વ શુભ થશે." આટલું કહીને તે બાળક અંતર્ધાન થયું!

દિવ્ય બાળકના સંદેશ અનુસાર વ્યાઘ્રેશ્વર શર્મા હિમાલયના બદરીકારણ્યમાં જવા નીકળ્યો. રસ્તામાં તેને અન્ન-પાણીની કોઈ તકલીફ ન પડી. શ્રીદત્ત કૃપાથી તેને અન્નપાણી સમયસર મળતાં રહ્યાં. માર્ગમાં તેને એક કૂતરો મળ્યો. તે કૂતરો બદરીવન સુધી તેનો સહપ્રવાસી રહ્યો. આ પ્રવાસમાં તેમણે ઉર્વશી કુંડમાં સ્નાન કર્યું. તે જ સમયે એક મહાત્મા પોતાના શિષ્ય સમુદાય સાથે

ઉર્વશી કુંડમાં સ્નાન માટે પધાર્યા.

વ્યાઘ્રેશ્વરે તે મહાત્માને દંડવત્ પ્રણામ કર્યા અને પોતાનો શિષ્ય તરીકે સ્વીકાર કરે તે માટે વિનંતી કરી. તે સિદ્ધ મહાત્માએ વ્યાઘ્રેશ્વરની વિનંતીનો સ્વીકાર કર્યો અને આશ્ચર્યકારક ઘટના એ બની કે સાથે આવેલો કૂતરો અંતર્ધાન થયો! તે મહાત્મા બોલ્યા, "હે વ્યાઘ્રેશ્વર, તે શ્વાન તારા પૂર્વજન્મમાં કરેલા પુણ્યોનો દ્યોતક હતો. તે પુણ્યોરૂપે તને મારે સ્વાધીન કરીને અંતર્ધાન પામ્યો! શ્રીપાદશ્રીવલ્લભ સ્વામીની કૃપાને લીધે જ તું અહીં આવી શક્યો અને પુણ્યપ્રદ કુંડમાં સ્નાન કરી શક્યો. આ તપોભૂમિ નરનારાયણના વાસ્તવ્યને લીધે પુનિત થયેલી છે.

તે સિદ્ધ મહાત્માનાં અમૃતવચનો સાંભળી વ્યાઘ્રેશ્વરે તેમને પ્રશ્ન કર્યો, "હે ગુરુદેવ, શ્રીપાદશ્રીવલ્લભ કોણ છે? તેઓએ મારા પર આટલી મોટી કૃપા કેમ કરી?" ગુરુદેવે સમજાવતાં કહ્યું, શ્રીપાદશ્રીવલ્લભ એ સાક્ષાત્ દત્ત ભગવાન જ છે. ત્રેતાયુગમાં ભારદ્વાજ મહર્ષિએ સાવિત્રી કાઠક યજન નામનો મોટો યજ્ઞ શ્રીક્ષેત્ર પીઠાપુરમાં સંપન્ન કર્યો. તે યજ્ઞમાં ભગવાન શંકર અને પાર્વતી માતાને આમંત્રિત કર્યાં હતાં. તે સમયે ભગવાન શંકરે મહર્ષિને આશીર્વાદ આપતાં કહ્યું હતું કે તમારા વંશમાં અનેક મહાત્મા, સિદ્ધ પુરુષો, યોગીઓ અવતાર લેશે.

"અનેક જન્મોનાં પુણ્યકર્મને લીધે દત્તભક્તિનો અંકુર ફૂટે છે અને તેનો સાતત્યથી ક્રમિક વિકાસ થતાં શ્રીપાદશ્રીવલ્લભ સ્વામીનાં દર્શન થાય છે. તેમના ચરણસ્પર્શનું અને સંભાષણનું તને ભાગ્ય પ્રાપ્ત થયું છે. હે વ્યાઘ્રેશ્વર, તારા પર સ્વામીની પૂર્ણ કૃપા થઈ છે. હું મારા ગુરુદેવનાં દર્શન માટે જાઉં છું. એક વર્ષ પછી પાછો આવીશ. આત્મજ્ઞાન માટે તમારે તમારી ગુફામાં તપશ્ચર્યા કરવી." આ પ્રમાણે કહીને તે મહાન ગુરુદેવ દ્રોણગિરિ પર્વત તરફ ચાલી નીકળ્યા.

વ્યાઘ્રેશ્વર ગુફામાં ધ્યાન કરવા લાગ્યા. પરંતુ તેમનું ધ્યાન ફક્ત વ્યાઘ્રરૂપ પર જ કેન્દ્રિત હતું. તેનું પરિણામ એ આવ્યું કે તેમને ઈચ્છિત વ્યાઘ્રરૂપ જ પ્રાપ્ત થયું! એક વર્ષનો સમય પૂરો થયો. ગુરુદેવ યાત્રા કરીને પાછા આવ્યા. તેમણે બધી જ ગુફાઓ

તપાસી અને દરેક શિષ્યની વર્ષ દરમ્યાન થયેલી પ્રગતિનો ક્યાસ કાઢ્યો. તેમણે એક ગુફામાં પ્રવેશ કર્યો. ત્યાં તેમણે એક વાઘને ધ્યાનસ્થ સ્થિતિમાં જોયો. તેમને આશ્ચર્ય થયું. તેમણે અંતર્જ્ઞાનથી જાણ્યું કે તે વાઘ બીજો કોઈ નથી, પરંતુ વ્યાઘ્રેશ્વર જ છે! વ્યાઘ્રરૂપનું હરહંમેશ ધ્યાન કરવાથી તેને વ્યાઘ્રરૂપ જ પ્રાપ્ત થયું હતું.

ગુરુદેવે તેમને ૐકાર મંત્ર શીખવ્યો અને 'શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે' આ મંત્રના જાપ કરવા આજ્ઞા કરી. વ્યાઘ્રેશ્વર ગુર્વાજ્ઞાનુસાર તે મંત્રનો જાપ વ્યાઘ્રરૂપમાં જ કરવા લાગ્યો. વ્યાઘ્રરૂપમાં જ તેણે કુરવપુર તરફ પ્રયાણ કર્યું. યથાવકાશે તે કુરવપુર ગ્રામ પાસે આવી પહોંચ્યો. વચ્ચે કૃષ્ણા નદી વહેતી હતી. તે સામે કિનારે 'શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે'નો જપ કરવા લાગ્યો.

શ્રીપાદશ્રીવલ્લભ પોતાના શિષ્યો સહિત કુરવપુર ગામમાં બેઠા હતા. તેઓ અચાનક ઊભા થયા અને કહેવા લાગ્યા કે મારો પરમ ભક્ત મને બોલાવી રહ્યો છે. આમ કહીને તેઓ નદીને સામે પાર આવવા નીકળ્યા. જળ પર ચાલતી વખતે શ્રીપાદ ભગવાનનાં ચરણકમળનાં ચિહ્નો જળની સપાટી પર દગ્ગોચર થતાં હતાં જે અતિ મનોહર ભાસતાં હતાં.

શ્રીપાદસ્વામી સામે કિનારે પહોંચતા જ વ્યાઘ્રેશ્વરે તેમનાં દિવ્ય ચરણો પર મસ્તક મૂકી અત્યંત ભક્તિભાવપૂર્વક નમસ્કાર કર્યા. સ્વામીએ અત્યંત પ્રેમ અને વહાલથી તેના માથા પર હાથ ફેરવ્યો અને તેના પર સવાર થઈ નદી પાર કરી કુરવપુર પહોંચ્યા. વાઘ ઉપર સવાર થયેલા શ્રીપાદપ્રભુને જોઈ કુરવપુરવાસીઓને ખૂબ જ આશ્ચર્ય થયું. શ્રીપાદપ્રભુ વાઘ ઉપરથી ઊતરતાં જ તે વ્યાઘ્ર શરીરમાંથી એક દિવ્ય પુરુષ પ્રગટ થયો. તે દિવ્ય પુરુષે શ્રીપાદપ્રભુને બેસવા માટે પોતાનાં ચર્માસન (વ્યાઘ્રાજિન)નો સ્વીકાર કરે તેવી વિનંતી કરી.

તે વ્યાઘ્રરૂપી ભક્તે શ્રીપાદપ્રભુના ચરણે અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા. તેના અષ્ટસાત્ત્વિક ભાવો (કંઠ ગદ્‌ગદ્ થવો, પ્રસ્વેદ થવો, નેત્રમાં અશ્રુ, રોમાંચ થવો ઇત્યાદિ) જાગ્રત થયા. તેણે પોતાના પ્રેમાશ્રુથી શ્રીપાદપ્રભુના ચરણ પખાળ્યાં. શ્રીપાદપ્રભુએ તેને સ્નેહથી ઉઠાડ્યો અને કહ્યું:

હે વ્યાઘ્રેશ્વર! તું એક જન્મમાં અત્યંત શક્તિશાળી મલ્લ (કુસ્તી કરનાર) હતો. તું વાઘો સાથે યુદ્ધ કરીને તેમની સાથે અત્યંત ક્રૂરતાથી વર્તતો. તેમને (વાઘોને) તું યોગ્ય સમયે અન્નપાણી પણ આપતો ન હતો. તેમને સાંકળથી બાંધીને તું લોકોના પ્રદર્શન માટે રાખતો. તારા આવા દુષ્કૃત્યોને લીધે તને અનેક નીચ જીવજંતુઓની યોનિમાં જન્મ લેવો પડત. પરંતુ, મારા અનુગ્રહને લીધે તારા દુષ્કર્મોનો નાશ થયો. દીર્ઘકાળ સુધી વ્યાઘ્રરૂપમાં રહેવાથી તું સ્વેચ્છાએ વ્યાઘ્રરૂપ ધારણ કરી શકીશ અને વ્યાઘ્રરૂપનો ત્યાગ પણ કરી શકીશ. હિમાલયમાં અનેક વર્ષો સુધી મારી તપશ્ચર્યા કરનાર અનેક સિદ્ધ પુરુષોનાં તને દર્શન થશે અને તેમના આશીર્વાદ પણ મળશે. યોગમાર્ગમાં તું ખૂબ જ આગળ વધીશ. આ પ્રમાણે શ્રીપાદપ્રભુએ વ્યાઘ્રેશ્વરને આશીર્વાદ આપ્યા.

શ્રીપાદપ્રભુએ વધુમાં કહ્યું, તેં હિમાલયમાં અત્યંત શાંત અવસ્થામાં બેઠેલા વાઘને જોયો હતો ને? તે એક મહાત્મા છે. તપશ્ચર્યા કરનાર સંત પુરુષોને સામાન્ય લોકો તેમજ ઈતર વન્ય પ્રાણીઓ દ્વારા ત્રાસ ન અપાય તે માટે તેણે વ્યાઘ્રરૂપ ધારણ કર્યું અને તે તેમનું (સંત મહાત્માઓનું) રક્ષણ કરતો હતો. ગુફાઓમાં તપશ્ચર્યા કરનાર સંતોના પરસ્પર સંદેશાઓની આપ-લે કરવાનું કર્તવ્ય પણ તે વાઘ અત્યંત હર્ષથી કરતો. આ બધી દત્ત પ્રભુની જ લીલા છે.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૧ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋


કલિયુગના પ્રથમ દત્તાવતાર ભગવાન શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ.

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૨

સિદ્ધયોગીનાં દર્શન-વિચિત્રપુરીનું વૃત્તાંત

મરુત્વમલૈ પુણ્ય સ્થળે થયેલા રોમહર્ષક અનુભવોનું મનન કરી, શ્રીપાદશ્રીવલ્લભ સ્વામીનું સ્મરણ કરતાં કરતાં મેં આગળના પ્રવાસનો પ્રારંભ કર્યો. રસ્તામાં મને અનેક પુણ્યાત્માઓ, શ્રેષ્ઠ સંતોનાં દર્શનનો લાભ મળતો હતો. આ પ્રવાસમાં આશ્ચર્યની વાત એ હતી કે રસ્તામાં ન માગતાં પણ મને ભોજન મળતું હતું. પાંડ્ય દેશના કદંબ વનમાં જતાં સુધી મારા શરીરનું વજન ક્રમશઃ ઓછું થતું ગયું હતું. આ વિસ્તારમાં એક અતિ જાગ્રત શિવલિંગ હતું. આ શિવલિંગનાં મેં દર્શન કર્યાં અને વિશ્રાંતિ લેવા માટે શિવાલયમાં જ થોડો સમય રોકાયો. વિશ્રાંતિ લીધા પછી મેં ફરી પ્રવાસનો આરંભ કર્યો.

રસ્તામાં સિદ્ધ યોગીંદ્ર નામના એક મહાન તપસ્વીનો આશ્રમ આવ્યો. આશ્રમમાં જઈને મેં તે મહાપુરુષનાં ચરણે દંડવત્ પ્રણામ કર્યા. તેમણે અત્યંત વાત્સલ્યપૂર્ણ ભાવથી મારા મસ્તક પર હાથ ફેરવ્યો અને શ્રીપાદશ્રીવલ્લભ દર્શનપ્રાપ્તિરસ્તુ એમ આશીર્વાદાત્મક શબ્દો ઉચ્ચાર્યા. તેમના ચરણસ્પર્શથી મારું શરીર રૂ જેવું હળવું લાગતું હતું.

તે મહાયોગીએ કહ્યું, તેં જેનાં દર્શન કર્યાં છે તે શિવલિંગ અત્યંત જાગ્રત છે. તેની કથા પણ ઘણી રંજક છે. પુરાતન કાળમાં દેવેન્દ્રે પોતાના સામર્થ્યથી અનેક રાક્ષસોનો સંહાર કર્યો. પરંતુ, તે રાક્ષસોમાંથી એક રાક્ષસ ત્યાંથી પલાયન થયો અને તેણે મહાદેવની તપસ્યાનો પ્રારંભ કર્યો. તે રાક્ષસને ધ્યાનસ્થ અવસ્થામાં દેવેન્દ્રે નિર્દયતાપૂર્વક ઠાર કર્યો. રાક્ષસની હત્યાથી ઇંદ્રના તેજનો લોપ થયો અને ઇંદ્ર એકદમ નિસ્તેજ દેખાવા લાગ્યો. કરેલા પાપને ધોવા માટે ઇંદ્રે અનેક તીર્થોનાં દર્શન કર્યાં.

પાંડ્ય દેશના કદંબ વનમાં આવતાં દેવેંદ્રને આશ્ચર્ય થયું. ત્યાંના શિવલિંગના પ્રભાવથી ઇંદ્ર પૂર્વસમાન કાંતિમાન, તેજસ્વી દેખાવા લાગ્યો. તેને અત્યંત આનંદ થયો અને ક્ષેત્રનો મહિમા જાણવાની તેને ઉત્કંઠા થઈ. દેવેંદ્રે તે વન ઝીણવટપૂર્વક જોયું ત્યારે તેને તે દિવ્ય શિવલિંગના દર્શન થયાં. ભક્તિભાવથી તેણે તે શિવલિંગનું પૂજન-અર્ચન કર્યું. તે પછી તેણે તે સ્વયંભૂ શિવલિંગ પર આ સુંદર દેવાલય બાંધ્યું. ઇંદ્ર દ્વારા પ્રતિષ્ઠા પામેલું આ શિવલિંગ સમસ્ત પાપને હરનાર તથા મંગલદાયક છે. પુણ્યશાળી આત્માઓને, શ્રીદત્ત ભગવાનના ભક્તોને વિના પ્રયાસે તેનાં દર્શન થાય છે.

તે મહાયોગીનું વક્તવ્ય સાંભળી હું અત્યંત રોમાંચિત થયો. ખૂબ જ શ્રદ્ધાપૂર્વક મેં તેમનાં ચરણકમળમાં પ્રણામ કર્યા. તેમણે મને શિવલિંગનાં પુનઃ દર્શન કરવા આજ્ઞા કરી. હું તેમના આદેશ અનુસાર ફરીથી તે વનમાં ગયો. ત્યાં મને એક અતિશય સુંદર એવા શિવાલયનાં દર્શન થયાં. પરંતુ, મેં પૂર્વે જોયેલું તે શિવાલય નહોતું. મને આ મંદિર શ્રી મીનાક્ષી-સુંદરેશ્વરના મંદિર જેવું અપ્રતિમ લાગ્યું. મેં અતિ શ્રદ્ધાપૂર્વક શિવલિંગનાં દર્શન કર્યાં અને શ્રી સિદ્ધ યોગીન્દ્ર પાસે જવા નીકળ્યો.

ત્યાંનો (વિસ્તાર) જનસમુદાયથી ભરચક એક શહેર જેવો લાગ્યો. શ્રી યોગીન્દ્રનો આશ્રમ માત્ર મને જડ્યો નહીં. મેં મનમાં શ્રીપાદશ્રીવલ્લભસ્વામીનું ચિંતન કરતાં કરતાં આગળના પ્રવાસનો પ્રારંભ કર્યો ત્યારે સૂર્યાસ્ત થઈ ગયો હતો અને અંધકાર ચારે બાજુ ફેલાયો હતો. મારી પાછળથી પ્રકાશનો પૂંજ આવતો દેખાયો. આથી મેં પાછા વળીને જોયું. મને આશ્ચર્યકારક દશ્ય દેખાયું. એક ત્રણ માથાવાળો સર્પ મારી પાછળ આવતો હતો. તેના મસ્તક પર ત્રણ દિવ્ય મણિ પ્રકાશતા હતા. તે પ્રકાશ જ મને રસ્તો બતાડતો હતો.

હું અત્યંત ભયભીત થયો હતો. મારા હૃદયના ધબકારા વધી રહ્યા હતા. શ્રીપાદશ્રીવલ્લભના દિવ્ય નામનો ઉચ્ચાર કરતાં આગળ વધી રહ્યો હતો. તે સર્પમણિનો પ્રકાશ પથપ્રદર્શક બની રહ્યો હતો. છેવટે જેમ તેમ કરી હું શ્રી સિદ્ધ યોગીન્દ્રના આશ્રમે પહોંચ્યો. ત્યારે જ તે દિવ્ય સર્પ અને તેનો પ્રકાશ અદૃશ્ય થયા. શ્રી સિદ્ધ યોગીન્દ્રે મારું પ્રેમપૂર્વક સ્વાગત કર્યું અને કેળના પાનમાં શેકેલા ગરમ ગરમ ચણા પ્રસાદ તરીકે આપ્યા.

મેં પેટ ભરીને તે ચણા ખાધા. પરંતુ, મારું હૃદય હજુ ધડકધડક થઈ રહ્યું હતું (ધડકતું હતું). તે દયામૂર્તિ યોગીન્દ્રે ખૂબ જ પ્રેમથી મારા ધડકતા હૃદય પર હાથ ફેરવ્યો. પછી તે કોમળ હાથ મારા મસ્તક પર ફેરવ્યો અને મારા બંને નેત્ર પર પણ કર-સ્પર્શ કર્યો. તે કરુણામય કર-સ્પર્શને લીધે મારા હૃદયની અવ્યવસ્થિત ધડકન બંધ થઈ. મારા મન અને શરીરમાંથી ખરાબ વિચાર, દુષ્ટ સંકલ્પ બહાર પલાયન કરી રહ્યા છે, એમ સ્પષ્ટ જણાયું. મારું હૃદય એક નવા જ પ્રકારના આનંદથી પુલકિત થઈ ગયું.

: શ્રીદત્ત મહિમા, શ્રીપાદશ્રીવલ્લભસ્વામીનો અનુગ્રહ સંપાદન કરવા માટેની યોગ્યતા :

તે સમયે સિદ્ધ યોગીના મુખમાંથી વાક્‌ધારા વહેવા લાગી. તેઓશ્રી બોલ્યાઃ તેં પૂર્વે કરેલું શિવલિંગદર્શન અને તે પછી કરેલું શ્રી સુંદરેશ્વરનું મંદિર દર્શન એ બે મંદિરો ભિન્ન નથી. તને આ પ્રકારે વિશિષ્ટ અનુભવ થવો જોઈએ તેવી ભગવાન દત્તાત્રેયની અનુજ્ઞા હતી માટે તને બે જુદાં મંદિરોનાં દર્શન થયાં. શ્રીદત્ત ભગવાનની કૃપાથી ભૂતકાળમાં લઈ જઈ દેવેન્દ્રે પ્રતિસ્થાપના કરેલી મૂર્તિ, તે સમયનો દેખાવ-ગોઠવણી તને બતાવી. તેં જોયેલી સમગ્ર સૃષ્ટિ (સૃષ્ટિને આ રીતે સમજવી તે માયાનો જ ખેલ છે.) બધું જ ચૈતન્યમય છે. શ્રીદત્ત ભગવાનના કેવળ સંકલ્પમાત્રથી ભવિષ્યને વર્તમાનમાં નિહાળી શકાય છે. વર્તમાન ભૂતકાળમાં તેમજ ભૂતકાળ વર્તમાનકાળમાં પરિવર્તિત થઈ શકે છે.

ભૂતકાળમાં ઘટેલી સર્વ ઘટનાઓ, વર્તમાનકાળમાં ઘટતી અને ભવિષ્યકાળમાં ઘટનારી બધી જ ઘટનાઓ શ્રીદત્ત પ્રભુના સંકલ્પ અનુસાર ઘટી છે, ઘટે છે. એકાદ વાત ઘટવી અથવા ન ઘટવી અથવા અલગ પ્રકારે ઘટવી તે માટે શ્રીદત્ત પ્રભુનો જ સંકલ્પ કારણભૂત છે. જે સંકલ્પથી સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે, તે મહાસંકલ્પના પ્રણેતા પ્રત્યક્ષ દત્ત પ્રભુ જ છે. તેઓ જ સગુણસ્વરૂપે પીઠિકાપુરમ્‌ક્ષેત્રે શ્રીપાદશ્રીવલ્લભ નામથી અવતર્યા છે. ત્યાંના લોકોને તેમના સત્ય સ્વરૂપની જાણ નથી. પરંતુ કુરવપુરમાં માછલાં પકડનારા માછીઓએ તેમના પર નિતાંત શ્રદ્ધા રાખી, તેથી તેઓ અલ્પજ્ઞ હોવા છતાં સ્વામીના કૃપાપ્રસાદથી ભવસાગરને આનંદથી પાર કરી ગયા. શ્રીપાદશ્રીવલ્લભની કૃપા સંપાદન કરવા આપણો અહંકાર પૂર્ણતઃ નષ્ટ

થવો જોઈએ. જે સમયે આપણું હૃદય કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર જેવા ષડ્રિપુઓથી મુક્ત થઈને શુદ્ધ થશે, ત્યારે વિના વિલંબે તરત સ્વામીની કૃપા થશે.

દેવેન્દ્રે પ્રતિષ્ઠિત કરેલું તે શિવલિંગ ધનંજય નામના એક વણિકે જોયું. તેણે તે શિવલિંગનો મહિમા પોતાના દેશના રાજા કુલશેખર પાંડ્યાને જણાવ્યો. તેને શિવાજ્ઞા સમજી રાજાએ તે શિવમંદિરનો જીર્ણોદ્ધાર કર્યો અને ત્યાં એક નગર વસાવ્યું જે મધુરાનગર નામથી ઓળખાયું. કુલશેખરનો પુત્ર મલયધ્વજ પિતા જેવો જ ઈશ્વરભક્ત હતો. તેણે સંતાનપ્રાપ્તિ માટે પુત્રકામેષ્ટિ યજ્ઞ કર્યો.

યજ્ઞકુંડમાંથી ત્રણ વર્ષની એક અતિ લાવણ્યવતી કન્યા પેદા થઈ. તે કન્યાને જોઈ રાજા, યજ્ઞ કરનાર બ્રાહ્મણો, ઋષિગણો અત્યંત આનંદિત થયા. આ કન્યા એટલે જ મીનાક્ષી દેવી. તેનો વિવાહ સુંદરેશ્વર સાથે થયો. આ વિવાહમાં પ્રત્યક્ષ વિષ્ણુ ભગવાને કન્યાદાન કર્યું હતું. લગ્ન સમારંભ અત્યંત ઠાઠમાઠથી સંપન્ન થયો.

ભગવાન શિવની જટામાંથી નીકળેલી વેગવતી નદી મધુરાનગરીમાં થઈને વહેતી હતી. નદીની આજુબાજુનો પ્રદેશ અત્યંત ફળદ્રુપ થઈ નિસર્ગરમ્ય બન્યો. શ્રી સિદ્ધ યોગીન્દ્રે કહ્યું, અરે, સૃષ્ટિની દરેક વસ્તુમાં સ્પંદન થતાં હોય છે. ભિન્ન સ્પંદનોને લીધે વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે આકર્ષણ અથવા વિકર્ષણ (અપાકર્ષણ) થાય છે. પુણ્યકર્મ, ઉચ્ચતમ આચાર અને વિચારથી સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ દેહમાં પુણ્યરૂપી પ્રકંપન થાય છે. પુણ્ય કર્મને લીધે પુણ્યશીલ પ્રકંપન થાય છે. મનુષ્યની પુણ્યાઈને લીધે પુણ્યશીલ વ્યક્તિઓનો સંગ એટલે કે સત્સંગની પ્રાપ્તિ થાય છે. પુણ્ય સ્થળોનું દર્શન થાય છે. પુણ્ય કર્મોમાં આસક્તિ થઈ પુણ્યની વૃદ્ધિ થતી રહે છે અને પાપનો નાશ થાય છે. આ બધાના ફળસ્વરૂપે શ્રીદત્ત ભગવાન પ્રત્યે ભક્તિ જાગે છે. અરે શંકર ભટ્ટ, તારા પર શ્રી શ્રીપાદશ્રીવલ્લભની અપાર કૃપા હોવાથી જ તું અહીં આવી શક્યો.

મારા સદ્ભાગ્ય વિશે મને જ આશ્ચર્ય થતું હતું. શ્રી શ્રીપાદશ્રીવલ્લભના દર્શનની તાલાવેલી ક્ષણ પ્રતિક્ષણ વધતી જતી

હતી. ક્યારે કુરવપુર પહોંચી શ્રીચરણે નતમસ્તક થઈશ એમ મનમાં થતું હતું. આવી સ્થિતિમાં હું નિદ્રાધીન થયો. બીજા દિવસે જ્યારે જાગ્રત થયો ત્યારે મને સુખદ આશ્ચર્ય થયું. મેં મને પોતાને એક ઊંચી ટેકરી પર પીપળાના ઝાડ નીચે જોયો. આજુબાજુ કોઈ માણસ ન હતું. રાત્રે હું શ્રી સિદ્ધ યોગીન્દ્રના આશ્રમમાં રહ્યો હતો. તે આશ્રમ ક્યાંય દેખાતો ન હતો.

હું વિચાર કરવા લાગ્યો કે આખી રાતભર જે આશ્રમમાં રહ્યો, શ્રી સિદ્ધ યોગીન્દ્રના વચનામૃતનું પાન કર્યું તે શું એક ભ્રમ હતો? આ પ્રકારે અનેક વિકલ્પો મારા મનમાં થવા લાગ્યા. ત્યારે તે બધા વિકલ્પોને મારા મનમાંથી હડસેલી દઈ મારો સામાન ભેગો કરી, ફરી મેં પ્રવાસ શરૂ કર્યો. સવારથી ચાલવાનું શરૂ કર્યું હતું. બપોર થઈ છતાં મેં ચાલવાનું બંધ ન કર્યું.

થોડા જ સમયમાં એક ગામ આવ્યું. મને ખૂબ જ ભૂખ લાગી હતી. હું બ્રાહ્મણ સિવાય બીજા કોઈનું અન્ન લેતો ન હતો. તે ગામમાં એક પણ બ્રાહ્મણ ન હતો. તે એક પહાડી આદિવાસી લોકોનું ગામ હતું. તે ગામના મુખીએ મને જણાવ્યું કે અમારા ગામમાં એક પણ બ્રાહ્મણ રહેતો નથી. અમે તમને ફળ અને મધ આપીએ છીએ. તે પ્રમાણે તે વૃદ્ધ મુખીએ મને ફળો અને મધ આપ્યાં.

હું મધ અને ફળને આરોગવાની શરૂઆત કરું ત્યાં જ એક કાગડો ઊડતો ઊડતો આવી મારા માથા પર બેઠો અને ચાંચ વડે મારા માથા પર પ્રહાર કરવા લાગ્યો. મેં તેને નસાડવા ખૂબ પ્રયત્નો કરી જોયા. પરંતુ, વ્યર્થ! એટલામાં બાજુના ઝાડ પરથી ચાર પાંચ કાગડાઓ ઊડીને આવ્યા અને મારા હાથ પર, ખભા પર બેસીને ચાંચ વડે હાથ પગને ઈજા કરવા લાગ્યા. મધ અને ફળોનો ત્યાગ કરી હું ત્યાંથી પલાયન થઈ ગયો.

તે વૃદ્ધ મુખી કહેવા લાગ્યો કે મેં કોઈ સિદ્ધ પુરુષની નિંદા કરી હશે અથવા તેમના પ્રતિ અશ્રદ્ધા દર્શાવી હશે તેને લીધે જ આ કાગડાઓનો ત્રાસ ભોગવવો પડ્યો. મને યાદ આવ્યું કે મેં તે સિદ્ધ યોગીન્દ્ર વિશે મનમાં શંકા આણી હતી. તે જ અપરાધની આ શિક્ષા હતી. મારું શરીર લોહીલુહાણ થઈ ગયું હતું. વધુ ઈજાથી બચવા હું નાસતો હતો. કાગડાઓ પણ પીછો છોડતા ન

હતા. મેં શ્રીપાદશ્રીવલ્લભની મનોમન પ્રાર્થના કરી અને આ સંકટમાંથી છોડાવવા વિનંતી કરી.

સામે એક ઔદુંબરનું વૃક્ષ હતું. હું તેની નીચે વિશ્રાંતિ લેવા બેઠો. તે સમયે મને જણાયું કે મારા શરીરમાંથી એક પ્રકારની દુર્ગંધ આવી રહી છે. તે દુર્ગંધને લીધે આજુબાજુ આવેલા રાફડાઓમાંથી સાપ બહાર આવી મને દંશ દેવા માંડ્યા. સર્પદંશના ઝેરથી હું મૃતઃપ્રાય થયો! મારા મોઢામાંથી ફીણ નીકળતું હતું. હૃદયના ધબકારા મંદ થતા જતા હતા. ક્યારે મૃત્યુ મને ગ્રસી લેશે તે વિશે હું અજાણ હતો. સંધ્યાએ પોતાનો પાલવ પૃથ્વી પર પાથરી દીધો હતો.

ધોબીઓ પોતાના વસ્ત્રો ધોઈ, સૂકવી તેના પોટલાં બાંધી ગધેડા પર લાદી ઘેર જઈ રહ્યા હતા. મારી મરણાસન્ન સ્થિતિ જોઈ તેમને મારી દયા આવી. તેઓએ મને એક ગધેડા પર બેસાડ્યો અને ગામડાના ચમાર વૈદ્ય પાસે લઈ ગયા. તે વૈદે મને જંગલની કેટલીક વનસ્પતિનાં મૂળિયાંનો રસ પીવા આપ્યો. સર્પદંશ થયેલી જગ્યાએ કેટલાંક પાંદડાં બાંધ્યાં. પીપળાનાં કુમળા પાંદડાનો રસ કાઢીને જખમો પર ચોપડ્યો.

મારા બંને કાનમાં પીપળાના પાંદડાનાં ડીટાં મૂક્યાં હતાં. ઝેર જેમજેમ પીપળાના પાંદડામાં ઊતરતું હતું, તેમતેમ મને અસહ્ય વેદના થતી ગઈ. હું ચિત્કાર પાડી ઊઠતો. ઝેર સંપૂર્ણ ઊતરી ગયા પછી મને સારું લાગ્યું. તે રાત્રી મેં તે વૈદને ઘેર જ કાઢી. તે વૈદ દત્ત ભગવાનનો ભક્ત હતો.

રાતના સમયે વૈદ તેના કુટુંબીજનો સાથે મધુર અવાજે દત્ત ભગવાનનાં ભજનો ગાતો હતો. હું પલંગ પર આડો પડ્યો હતો. તેમના ભક્તિભાવવાળાં કીર્તન ભજનોથી મારું હૃદય દત્ત ભગવાન પ્રત્યેના ભાવથી સંપૂર્ણ પીગળી ગયું. તે વૈદે કરેલા ઉપચારથી હું સંપૂર્ણ સાજો થયો. તેના આ ઉપકારનો બદલો કેમ વાળવો તે હું જાણતો ન હતો.

ભજનની સમાપ્તિ પછી તે વૈદ મારી પાસે આવ્યા. તેના નેત્રો કરુણા વરસાવતાં હતાં. તે કહેવા લાગ્યોઃ મારું નામ વલ્લભદાસ છે. હું ચમારોનો વૈદ્ય છું. હું નિમ્ન જાતિનો હોવા છતાં મને ખબર છે કે તમે શ્રીપાદશ્રીવલ્લભનાં દર્શન માટે જઈ

રહ્યા છો. તમને કાગડાઓથી ત્રાસ થયો તથા સર્પદંશ થયો તેની પણ મને ખબર છે. તમારું નામ શંકર ભટ્ટ છે તે પણ હું જાણું છું.

વૈદના અચૂક વચનોને સાંભળીને હું આભો બન્યો. મને થયું કે આ વૈદને જ્યોતિષનું જ્ઞાન હશે. મારા વિચારતંતુને ઓળખી તે વૈદ બોલ્યો, હું જ્યોતિષી નથી. શ્રી પીઠિકાપુરમ્ (પીઠાપુર) પંડિતોનું પિયર ગણાય છે. સાંગવેદાર્થ સમ્રાટ જેવી પદવી ધરાવનાર પંડિત શ્રી મલ્લાદિ બાપન્ના અવધાનુલુએ પણ આ પુણ્ય ભૂમિમાં નિવાસ કર્યો હતો. પરંતુ પ્રગાઢ વેદજ્ઞાનસંપન્ન પંડિત પણ અહંકારને લીધે શ્રીપાદશ્રીવલ્લભનું સત્યસ્વરૂપ જાણી શક્યા નહીં. શુષ્ક વેદાંત, અર્થહીન તર્ક-વિતર્ક કરનાર પંડિતો શ્રીપાદશ્રીવલ્લભની કૃપાને પાત્ર થઈ શક્યા નહીં. તને ચાંચો મારી જખમ કરનાર કાગડાઓ પૂર્વજન્મના પીઠિકાપુરમમાં નિવાસ કરનારા અહંકારી પંડિતો જ હતા. તે સર્વેએ પોતાનું જીવન શ્રીપાદશ્રીવલ્લભના માહાત્મ્યને ન સમજતાં જ્ઞાનના અહંકારમાં જ વ્યર્થ વ્યતીત કર્યું હતું.

તે પંડિતો મૃત્યુ પછી સ્વર્ગલોકમાં ગયા. સ્વર્ગમાં ઇંદ્રએ તેમનો ઘનપાઠી વેદપંડિત તરીકે સત્કાર કર્યો. જ્યારે ભૂખને લીધે તેમનો જીવ વ્યાકૂળ થયો ત્યારે તેમને કોઈએ પણ કશું જ ખાવા ન આપ્યું. ઇંદ્રે તેમને જણાવ્યું કે પૃથ્વી પર તમે અન્નદાન કર્યું હોત તો એક દાણા સામે તમને હજાર દાણા અહીં મળત. પરંતુ, તમે કોઈ પ્રકારનું દાન કર્યું નથી. આથી અમે તમને કશું આપી શકતા નથી. તમે આ સ્વર્ગલોકમાં સ્વેચ્છાથી ગમે તેટલો કાળ રહી શકો છો (પરંતુ અન્ન વગર).

પરંતુ, અન્નપાણી વગર સ્વર્ગમાં રહેવું તે કારાગૃહ જેવી શિક્ષા હતી. ઇંદ્ર તેમને કહ્યું કેઃ હે પંડિતો, તમે પાદગયા જેવા પવિત્ર સ્થળે રહેવા છતાંય પોતાના ભક્તિ નિષ્ઠાયુક્ત પિતૃઓને પિંડદાન કર્યું નથી. માતા-પિતાની સેવાશુશ્રૂષા ન કરતાં તેમના માટે દવાનો આટલો મોટો ખર્ચ થયો તેવા કૃતઘ્ન ઉદ્‌ગારો તમે વારંવાર કાઢ્યા છે! શ્રીપાદશ્રીવલ્લભ દત્ત ભગવાનનો અવતાર નથી તેવું અસત્ય માનવાવાળા તમે આંધળા થયા. શ્રીપાદશ્રીવલ્લભના નામસ્મરણથી પવિત્ર થયેલા ભક્તનું રક્તપ્રાશન કર્યા પછી જ તમે ઉત્તમ ગતિને પ્રાપ્ત કરશો.

વલ્લભદાસ સમગ્ર વાત કહી રહ્યો હતો. વલ્લભદાસ કહે, હે શંકર ભટ્ટ! તે કાગડાઓ અને ઝેરી સર્પો પૂર્વજન્મના અહંકારી પંડિતો હતા. તેમણે તમારું લોહી ચાખ્યું અને તેમને ઉત્તમ ગતિ પ્રાપ્ત થઈ. વલ્લભદાસ પુનઃ કહેવા લાગ્યાઃ બ્રાહ્મણ સત્યનિષ્ઠ હોવો જોઈએ, ક્ષત્રિય ધર્મબદ્ધ હોવો જોઈએ, વૈશ્યોએ વ્યવસાય, વેપાર, ગાયોનું રક્ષણ, ખરીદ-વેચાણ, આદિ વ્યવહારો કરવા. શૂદ્રોએ પ્રેમસ્વરૂપ રહી સેવા કરવી. ઈશ્વરની ભક્તિમાં વર્ણ, જાતિ, કુળ, શ્રીમંત, ગરીબ, સ્ત્રી-પુરુષ એવો કોઈ પણ ભેદભાવ નથી. ઈશ્વર કેવળ ભક્તનો પ્રેમભાવ, શ્રદ્ધા, દૃઢ વિશ્વાસ જુએ છે. મનુષ્યે કોઈ પણ વર્ણમાં જન્મ લીધો હોય તો તે વર્ણ અનુસાર સ્વધર્માનુસાર કર્મ આચરવું.

વલ્લભદાસે આગળ ચલાવ્યું. તું નાનો હતો ત્યારે વિષ્ણુ મૂર્તિના ધ્યાનના શ્લોકનું પઠન કરતો હતો. તે સમયે શ્લોકનો મશ્કરીરૂપ અર્થ મિત્રોને કહેતો હતો. તે મશ્કરીરૂપ વિનોદમાં કરેલો અર્થ દત્ત ભગવાનને ગમ્યો નહિ. તે શ્લોક હતોઃ

શુક્લાંબરધરં વિષ્ણું શશિવર્ણં ચતુર્ભુજમ્ ।
પ્રસન્નવદનં ધ્યાયેત્ સર્વવિઘ્નોઽપશાંતયે ॥

શ્લોકાર્થમાં કરેલી ભૂલની શિક્ષા માટે ધોબી લોકોએ તને ગધેડા પર બેસાડ્યો અને છેવટે ચમારોના ગામમાં પહોંચાડ્યો. તારી આવી દુર્ગતિ કરવા પાછળ શ્રીપાદશ્રીવલ્લભનો વિચાર વિનોદવૃત્તિ સાથે તને કોઈ પાઠ ભણાવવાનો અને તારા અહંકારને દૂર કરવાનો હતો. તે દયાઘન શ્રીગુરુ શ્રીપાદશ્રીવલ્લભની આપણા પર પ્રત્યેક ક્ષણે દૃષ્ટિ હોય છે. તે વાત તારા મનમાં સદા યાદ રાખજે.

શ્રી વલ્લભદાસને હિતોપદેશ સાંભળી હું કૃતકૃત્ય થયો. મારો બ્રાહ્મણત્વનો અહંકાર નષ્ટ થયો. મેં વલ્લભદાસની મહેમાનગતિ સ્વીકારી. બે-ત્રણ દિવસ ત્યાં રહીને હું ચિદંબરક્ષેત્રે જવા નીકળ્યો. ચિદંબર પહેલાં વિચિત્રપુર નામનું ગામ આવ્યું. તે ગામના નામ પ્રમાણે તેનો રાજા પણ વિચિત્ર વર્તન કરનારો હતો. તે રાજાને એક પુત્ર હતો. પરંતુ, તે મૂંગો હોવાથી રાજા

હંમેશાં ઉદાસ રહેતો.

રાજાને એમ હતું કે બ્રાહ્મણોએ લોપભૂઈષ્ટ (યજ્ઞકર્મલોપ) યજ્ઞ કરવાને લીધે તેનો પુત્ર મૂંગો થયો છે. રાજા બ્રાહ્મણોનું અપમાન કરી તેમને ગધેડા પર સવાર કરાવીને તેની શોભાયાત્રા કાઢતો. બ્રાહ્મણોને દાનમાં રાજગરાની ભાજી (પાંદડાં) આપતો. તે રાજ્યમાં બ્રાહ્મણો અહંકાર શૂન્ય થઈ એકદમ દયનીય સ્થિતિમાં હતા. એક વિદ્વાન બ્રાહ્મણને રાજાએ મૂંગાની ભાષા ઉપર એક ગ્રંથ લખવા આજ્ઞા કરી હતી. રાજાજ્ઞા અનુસાર રાજપુરોહિત બ્રાહ્મણ મૂક ભાષા ઉપર સંશોધન કરતા હતા.

: શંકર ભટ્ટ અને વિચિત્રપુરના રાજા વચ્ચેનો સંવાદ :

રાજાના સૈનિકોએ મને, તમે બ્રાહ્મણ છો? એમ પ્રશ્ન કર્યો. મેં ડોક હલાવી હા પાડતાં જ, આપને અમારા રાજા તરફથી આગ્રહપૂર્વકનું આમંત્રણ છે, એમ કહી રાજમહેલમાં આવવા વિનંતી કરી. હું તેમની સાથે તેમના રાજા સામે ઊભો રહ્યો. મને ભયથી આખા શરીરે પરસેવો વળી ગયો. ત્યારે મેં મનોમન શ્રીપાદશ્રીવલ્લભની પ્રાર્થના કરી અને નામસ્મરણ કરવા લાગ્યો.

રાજાએ મને પ્રથમ પ્રશ્ન પૂછ્યોઃ તેટલાએ આટલા તો આટલાએ કેટલા?

મેં ગંભીરપણે જવાબ આપ્યોઃ આટલાએ આટલા જ! મારા જવાબથી રાજાને આશ્ચર્ય થયું. તેણે કહ્યુંઃ "મહાત્મા, આપ મોટા પંડિત છો. તમારા દર્શનથી હું ધન્ય થયો છું."

રાજાએ પોતાના પૂર્વજન્મની વિગતો કહેવાની શરૂઆત કરી. પૂર્વજન્મમાં રાજા એક બ્રાહ્મણ હતો. તેને ઘેર રાજગરો પાકતો. તે રાજગરાની ભાજી બધાને છૂટા હાથે આપતો. તેના સહાધ્યાયી બ્રાહ્મણો તેના મારફત યજમાનને ઘેર પૂજા, અર્ચા, અભિષેક આદિ કરાવી લેતા અને તેમાંથી માત્ર અલ્પ પ્રમાણમાં જ દક્ષિણા તે ગરીબ બ્રાહ્મણને આપતા. તેના ઘરની રાજગરાની ભાજી પણ મફતમાં પડાવી લેતા.

કાળચક્ર ફરતાં વાર લાગતી નથી. બીજા જન્મે તે ગરીબ બ્રાહ્મણ, રાજા તરીકે જન્મ્યો અને તેને ગત જન્મમાં ત્રાસ આપનાર બ્રાહ્મણો તે જ રાજ્યમાં બ્રાહ્મણો તરીકે જન્મ્યા. તે રાજા પૂર્વજન્મમાં રાજગરાની ભાજીના દાન કરતાં અનેક ગણું દાન આ જન્મમાં આપતો હતો. તેણે કરેલા અપાર દાનનું ફળ કેટલું મળશે તેનો જવાબ તેને જોઈતો હતો.

રાજાને મેં જવાબ આપ્યોઃ રાજગરાની ભાજી આપે ગમે તેટલી દાનમાં આપી હોય તો પણ તે જ ભાજી તમને સો ગણી પાછી મળશે. સાંપ્રત પરિસ્થિતિમાં રત્ન, મણિ, સોનું આદિ દાન કરવું તમારા હિતમાં છે. મારા ઉત્તરથી રાજાને સંતોષ થયો. હવે તેનો બીજો પ્રશ્ન મૂક ભાષા અંગે હતો.

રાજપુરોહિતે મારી પરીક્ષા લેવા પોતાની બે આંગળી બતાવી એક કે બે? એમ ઈશારાથી પૂછ્યું. મને લાગ્યું કે હું એકલો જ આવ્યો છું કે મારી સાથે કોઈ સંગ્રથી છે? તે વિશે રાજપુરોહિત પૂછી રહ્યા છે. આથી જવાબમાં મેં એક જ આંગળી બતાવી. હું એકલો જ આવ્યો છું તેમ મેં જવાબ આપ્યો. તે પછી રાજપુરોહિત ત્રણ આંગળી બતાવી. ત્રણ સંખ્યા જાણતાં જ મને દત્ત ભગવાનની મૂર્તિ યાદ આવી. તમે દત્તભક્ત છો? એવો પ્રશ્ન મને લાગ્યો.

મારા મંતવ્ય મુજબ ભક્તિ એ ગુપ્ત હોવી જોઈએ અને તે દર્શાવવા મેં હાથની મૂઠી બંધ કરી બતાવી. આ દ્વારા ભક્તિ એ અંતરનો વિષય છે તેમ દર્શાવ્યું. તે પછી રાજપુરોહિતે મિષ્ટ પદાર્થ, મીઠાઈનો ભંડાર જ આપી રહ્યો છે તેવો સંકેત હાથ દ્વારા કર્યો. પરંતુ મેં હાથની નિશાની દ્વારા "ના" કહી અને મારી પાસેની પોટલીમાંથી પૌંઆ હતા તે કાઢીને તેને આપ્યા. મને મધુર પદાર્થ કરતાં પૌંઆ જ વધુ ભાવે છે. તમે પણ તેનો આસ્વાદ લઈ શકો છો તેવો મારો ભાવ હતો.

મારા જવાબથી રાજપુરોહિત અતિ પ્રસન્ન થયા અને રાજાને તેમણે કહ્યું, "રાજાજી, આ બ્રાહ્મણ મોટા પંડિત છે. મૂંગાઓની ભાષાના પણ મોટા વિદ્વાન છે."

બે પરીક્ષામાં હું સફળ થયો હતો. હવે ત્રીજી પરીક્ષા મારી નજર સામે તરવરતી હતી. રાજપુરોહિતે "ચમક" (રુદ્રી)ના શ્લોકો

વાંચી તેનો અર્થ કહેવા આજ્ઞા કરી. હું મનોમન શ્રીપાદશ્રીવલ્લભનું સ્મરણ કરતાં-કરતાં એક એક શ્લોકનું ઉચ્ચારણ કરી તેનો અર્થ સભાને સમજાવતો ગયો. મેં કહેલો અર્થ નીચે પ્રમાણે હતોઃ

'એકાચમે' એટલે એક, 'તિસ્ત્રશ્ચમે' એટલે એકમાં ત્રણ ઉમેરતા ચાર થાય છે. તેનું વર્ગમૂળ 'બે' થાય છે. 'પંચચમે' એટલે ચારમાં પાંચ ઉમેરતા નવ થાય છે અને તેનું વર્ગમૂળ ત્રણ થાય છે. 'સપ્તચમે'- ઉપર આવેલી સંખ્યા ૯માં સાત ઉમેરતાં ૧૬ સંખ્યા આવે અને તેનું વર્ગમૂળ ચાર થાય છે. 'નવચમે' એટલે ઉપરની સંખ્યા ૧૬માં ૯ ઉમેરતાં પચીસ સંખ્યા થાય છે અને તેનું વર્ગમૂળ પાંચ થાય છે. 'એકાદશચમે' એટલે ઉપરની સંખ્યા ૨૫માં ૧૧ ઉમેરતાં છત્રીસ સંખ્યા થાય છે, તેનું વર્ગમૂળ છ થાય છે.

'ત્રયોદશચ મે' એટલે ઉપરની સંખ્યા ૩૬માં ૧૩ ઉમેરતાં ૪૯ સંખ્યા થાય છે અને તેનું વર્ગમૂળ ૭ થાય છે. 'પંચદશચમે' એટલે ઉપર આવેલી ૪૯ સંખ્યામાં ૧૫ ઉમેરતાં ૬૪ સંખ્યા થાય છે. તેનું વર્ગમૂળ આઠ થાય છે. 'સપ્તદશચમે' એટલે ૬૪ સંખ્યામાં ૧૭ ઉમેરતાં ૮૧ સંખ્યા આવે છે. તેનું વર્ગમૂળ ૯ થાય છે.

'નવદશચમે' એટલે ઉપરની સંખ્યા ૮૧માં ૧૯ સંખ્યા ઉમેરતાં ૧૦૦ સંખ્યા આવે છે. તેનું વર્ગમૂળ ૧૦ થાય છે. 'એકવિંશતિશ્ચમે' એટલે ઉપરની સંખ્યા ૧૦૦માં ૨૧ ઉમેરતાં સંખ્યા ૧૨૧ થાય છે. અને તેનું વર્ગમૂળ ૧૧ થાય છે. 'ત્રયોવિંશતિશ્ચમે' એટલે ઉપરની સંખ્યા ૧૨૧માં ૨૩ ઉમેરતાં ૧૪૪ સંખ્યા થાય છે, જેનું વર્ગમૂળ ૧૨ થાય છે. 'પંચવિંશતિશ્ચમે' એટલે ઉપરની સંખ્યા ૧૪૪માં ૨૫ સંખ્યા ઉમેરતાં ૧૬૯ થાય છે. તેનું વર્ગમૂળ ૧૩ થાય છે.

'સપ્તવિંશતિશ્ચમે' એટલે ૧૬૯માં ૨૭ સંખ્યા ઉમેરતાં ૧૯૬ સંખ્યા થાય છે. તેનું વર્ગમૂળ ૧૪ થાય છે. ૧૯૬માં ૨૯ સંખ્યા ઉમેરતાં ૨૨૫ સંખ્યા થાય છે. જેનું વર્ગમૂળ ૧૫ થાય છે. 'એકત્રિંશચ્ચમે' એટલે ૨૨૫માં ૩૧ ઉમેરતાં સંખ્યા ૨૫૬ થાય છે. તેનું વર્ગમૂળ ૧૬ થાય છે. 'ત્રયસ્ત્રિંશચ્ચમે' એટલે ઉપરની સંખ્યા ૨૫૬માં ૩૩ ઉમેરતાં ૨૮૯ સંખ્યા થાય છે. તેનું વર્ગમૂળ ૧૭ થાય છે.

મારું પ્રવચન સાંભળી મને જ અતિ આશ્ચર્ય થયું. હું જે બોલ્યો તે સૃષ્ટિના પરમાણુનું રહસ્ય હતું. કણાદ ઋષિ તેના જ્ઞાતા હતા. પરમાણુના સૂક્ષ્મ કણોના ભેદને લીધે જ વિવિધ ધાતુ નિર્માણ થાય છે. મારું પ્રવચન દરબારના દરેક સભ્યને ગમ્યું. રાજાના બધા જ પ્રશ્નોનો સચોટ ઉત્તર આપવાથી અને શ્રીપાદશ્રીવલ્લભપ્રભુની કૃપાથી હું તે વિચિત્રપુર નગરમાંથી સુરક્ષિત રીતે બહાર આવ્યો.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૨ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૩

પળની સ્વામી દર્શન
કુરવપુરના શ્રીપાદશ્રીવલ્લભસ્વામીનો સ્મરણમહિમા

વિચિત્રપુર છોડીને ત્રણ દિવસ પૂરા થયા. રસ્તામાં અન્ન-પાણીની વ્યવસ્થા ઈશ્વર કૃપાથી સારી થતી હતી. ચોથા દિવસે હું અગ્રહારપુર પહોંચ્યો. ત્યાં એક બ્રાહ્મણના ઘર સામે ઊભા રહી "ૐ ભિક્ષાં દેહિ" એમ ઉચ્ચારણ કરી ભિક્ષા માંગી. તે ઘરમાંથી એક અતિશય ક્રોધિત સ્ત્રી બહાર આવી. તે બોલી, "ભાત નહીં, લાત નહીં". આટલું કહી તે ઘરમાં ચાલી ગઈ. હું તે દરવાજા સામે થોડો સમય ત્યાં જ ઊભો રહ્યો.

થોડા સમય પછી તે ઘરના ગૃહસ્થ ઘરમાંથી બહાર આવ્યા. તેમણે કહ્યું, "મારી પત્નીએ ક્રોધાયમાન થઈ માટલું મારા માથા પર ફોડી નાખ્યું. હવે તેણે માટલાની કિંમત જેટલા પૈસા મારી પાસે માગ્યા અને મને ઘરની બહાર કાઢી મૂક્યો. હું તમારી સાથે આવું છું. આપણે બંને જણ ભિક્ષા માગીશું."

મેં કહ્યું, સમસ્ત જીવોને અન્ન જળનો પુરવઠો આપનાર શ્રીદત્ત પ્રભુ જ છે. સામેના અશ્વત્થના ઝાડ નીચે બેસીને આપણે બંને તેમનું સ્મરણ કરીશું. અમે બંને સામે આવેલા અશ્વત્થના ઝાડની છાયામાં બેસીને શ્રીદત્ત ભગવાનનું ભજન કરવા લાગ્યા. કકડીને ભૂખ લાગી હોવાથી અમારો અવાજ ધીમો પડવા લાગ્યો. તે સમય દરમ્યાન જ વિચિત્રપુરના રાજાના દૂતો ત્યાં આવ્યા. દૂતે સંદેશો કહ્યોઃ "અમારા યુવરાજને હવે બોલતાં આવડી ગયું છે. રાજાસાહેબે તમને લઈ આવવા આજ્ઞા કરી છે.

તમે ઘોડા પર બેસીને ત્યાં ચાલો."

મેં કહ્યું, હું એકલો ત્યાં આવવાનો નથી. તમે મારા મિત્રને સાથે આવવા દેશો તો જ હું આવીશ. રાજદૂતોએ મારી વિનંતી માન્ય રાખી. અમને બંનેને ઘોડા પર સવાર કરાવીને દૂતો રાજમહેલ તરફ નીકળ્યા. તે ગામના લોકો આશ્ચર્યચકિત થઈ અમારી તરફ જોઈ રહ્યા હતા. રાજમહેલમાં પહોંચ્યા પછી રાજાએ અમારું સ્વાગત કર્યું અને કહેવા લાગ્યા:

"તમે ગયા પછી અમારા યુવરાજ એકાએક બેભાન થઈ ગયા. અમે બધા ખૂબ જ ગભરાઈ ગયા. રાજવૈદને બોલાવવામાં આવ્યા. પરંતુ, તે પહેલાં જ યુવરાજ ભાનમાં આવ્યા. યુવરાજે આંખો ખોલીને "દિગંબરા દિગંબરા શ્રીપાદવલ્લભ દિગંબરા" મંત્રનો મોટેથી ઉચ્ચાર કરવાની શરૂઆત કરી. થોડા સમયમાં જ યુવરાજ કહેવા લાગ્યા: તેઓ બેભાન હતા ત્યારે સોળ સત્તર વર્ષના આજાનબાહુ અને અતિ દૈદિપ્યમાન કાંતિવાળા એક યતિ ત્યાં આવ્યા. તે યતિએ યુવરાજની જીભ પર વિભૂતિ નાખી અને તે જ ક્ષણે તેને વાચા પ્રાપ્ત થઈ. તે યતિ કોણ હતા? દત્ત ભગવાન સાથે તેમનો શો સંબંધ? તે બધું વિસ્તારપૂર્વક અમને કહો."

મેં કહ્યું, યુવરાજને દેખાયેલા સોળ-સત્તર વર્ષના દિવ્ય દેહધારી યતિ તે શ્રીપાદશ્રીવલ્લભ પોતે જ હતા. તેમણે જ યુવરાજને વાચા પ્રદાન કરી. તેઓ દત્ત ભગવાનનો કલિયુગનો અવતાર છે. તેમનાં દર્શન કરવા માટે જ હું કુરવપુર ક્ષેત્રે જઈ રહ્યો છું. માર્ગમાં અનેક પુણ્ય પુરુષોનાં, સંત મહાત્માઓનાં દર્શન થાય છે.

દરબારના બધા જ લોકોએ શ્રીપાદશ્રીવલ્લભનો મોટેથી જયજયકાર કર્યો. રાજાએ મને તથા મારી સાથે આવેલા મિત્ર બંનેને સુવર્ણ મુદ્રાઓ દાનમાં આપી. સુવર્ણ મુદ્રાઓ લઈને અમે નીકળ્યા. રાજપુરોહિતે કહ્યું, તમારે લીધે અમને જ્ઞાન પ્રાપ્ત થયું અને દત્ત મહિમાને જાણ્યો. અમે અત્યાર સુધી વૈષ્ણવ અને શૈવમાં ભેદ માનીને પાપ જ આચરી રહ્યા હતા. તમે જ અમને સાચો રસ્તો બતાવ્યો.

અમારી સાથે માધવ નાંબુદ્રી નામનો એક બ્રાહ્મણ પણ કુરવપુરમાં શ્રીપાદસ્વામીનાં દર્શન કરવા આવ્યો. અમે ત્રણે

વિચિત્રપુર છોડી અગ્રહારપુર ગામે આવ્યા. મારી સાથે આવેલા અગ્રહારપુર ગામના ગૃહસ્થે પોતાની પત્નીને રાજા પાસેથી મેળવેલી સુવર્ણ મુદ્રાઓ આપી. આથી તેની પત્ની અતિ હર્ષવિભોર થઈ. તેણે બધાંને યથેચ્છ ભોજન આપ્યું. તે પછી તે સ્ત્રી પણ શ્રીપાદશ્રીવલ્લભની ભકત બની.

હું અને માધવ નાંબુદ્રી ચિદંબરમ્ ક્ષેત્ર તરફ જવા નીકળ્યા. હાલના ગંતુર (ગર્તપુર) પ્રદેશ (મંડલ)ના નંબુરુ ગામમાં અનેક બ્રાહ્મણો નિવાસ કરતા હતા. મળિયાળ દેશના રાજાએ નંબુરુ ગામના અનેક વિદ્વાન પંડિતોને પોતાના રાજ્યમાં આમંત્રણ આપી રાજયાશ્રય આપ્યો હતો. આ જ બ્રાહ્મણો નાંબુદ્રી બ્રાહ્મણો તરીકે ઓળખાયા. આ બ્રાહ્મણો મોટા આચારસંપન્ન હોઈ ઈશ્વર પ્રતિ દઢ શ્રદ્ધાન્વિત તથા વેદસંપન્ન બ્રાહ્મણો હતા. મારી સાથે આવેલા માધવ નાંબુદ્રી બ્રાહ્મણના માતાપિતા નાનપણમાં જ ગુજરી જવાથી તે વેદવિદ્યામાં એકદમ નિરક્ષર હતો. પરંતુ શ્રીદત્ત ભગવાન પ્રતિ તેને દઢ શ્રદ્ધા હતી.

ચિદંબરમ્ ક્ષેત્રે ગયા તો ત્યાં શ્રી પળની સ્વામી નામના એક સિદ્ધ મહાત્મા રહેતા હોવાનું જાણ્યું. તેમનો નિવાસ પર્વત પર એકાંતમાં આવેલી ગુફામાં હતો. અમે બંને જ્યારે તે ગુફા સુધી પહોંચ્યા કે તરત જ પળની સ્વામીએ અમને બંનેને જોઈ "અરે માધવ-શંકર, તમે બંને સાથે આવ્યા? આ અમારું અહોભાગ્ય છે." એમ ઉદ્‌ગાર કાઢ્યા!

પ્રથમ મુલાકાતમાં જ નામ કહ્યા વગર અમને ઓળખીને અમારા નામથી સંબોધન કરનાર સાધુ સાચેસાચ સિદ્ધ મહાત્મા હોવા જોઈએ એમ અમે મનોમન માન્યું. સ્વામી કહેવા લાગ્યાઃ- હે શ્રીપાદપ્રભુના ભક્તો, શ્રીપાદશ્રીવલ્લભની આજ્ઞા અનુસાર હું આ શરીરનો ત્યાગ કરી બીજા યુવાન દેહમાં પ્રવેશ કરનાર છું. તે સમય હવે આવી ગયો છે. હું આ શરીરમાં ત્રણસો વર્ષથી રહું છું. આ દેહનો ત્યાગ કરી બીજા નૂતન શરીરમાં પુનઃ ત્રણસો વર્ષ રહેવું તેમ શ્રીપાદ ભગવાનની આજ્ઞા છે. જન્મમરણરૂપી સૃષ્ટિક્રમથી અતીત એવા જીવન્મુક્ત થયેલા અને સમસ્ત સૃષ્ટિને ચલાવનાર મહાસંકલ્પ એટલે જ શ્રીપાદશ્રીવલ્લભ!

પળની સ્વામી કહેવા લાગ્યાઃ "અરે શંકર, તેં વિચિત્રપુરમાં કણાદ મહર્ષિના કણાદ સિદ્ધાંત વિશે જે વક્તવ્ય આપ્યું હતું

તેનું વિગતવાર વર્ણન કર."

: કણાદ મહર્ષિનો કણ સિદ્ધાંત :

પળની સ્વામીના પ્રશ્નનો જવાબ આપતાં મેં કહ્યું: "સ્વામી, મને ક્ષમા કરો. કણાદ મહર્ષિ વિશે અથવા તેમના સિદ્ધાંત વિશે મને ખૂબ જ અલ્પ માહિતી છે. મેં કહેલી માહિતી એ શ્રીદત્ત પ્રભુએ જ મારા દ્વારા કહેવડાવી હતી તે સ્વામી જાણે જ છે."

કરુણાસ્વરૂપ પળની સ્વામીએ કણ સિદ્ધાંત કહેવાની શરૂઆત કરી. તેમણે કહ્યું: સમસ્ત સૃષ્ટિ પરમ મૂળ એવા અણુઓ વડે નિર્માણ થયેલી છે. તે પરમાણુ કરતાં પણ સૂક્ષ્મ એવા કણોના અસ્તિત્વને લીધે વિદ્યુત શક્તિ પેદા થાય છે. તે સૂક્ષ્મ કણો અતિ વેગથી પોતપોતાની કક્ષામાં પરિભ્રમણ કરે છે. સ્થૂળ સૂર્યની આસપાસ વિવિધ ગ્રહો પોતપોતાની ભિન્ન કક્ષામાં પરિભ્રમણ કરે છે. તે જ પ્રમાણે આ સૂક્ષ્મ કણો પણ પોતાના કેન્દ્રબિંદુને અનુસરી પરિભ્રમણ કરતા હોય છે.

ઉપર કહ્યા પ્રમાણેના સૂક્ષ્મ કણો કરતાં પણ સૂક્ષ્મ સ્થિતિમાં પ્રાણીમાત્રના સમસ્ત ભાવોદ્વેગના સ્પંદનો ચાલતાં હોય છે. સ્પંદનશીલ આ જગતમાં કોઈ પણ વસ્તુ સ્થિર નથી. ચંચળતા તેનો સ્વભાવ છે. પ્રતિક્ષણે બદલાતા રહેવું તે તેનો સ્વભાવ છે. આ સ્પંદનો કરતાં પણ અતિ સૂક્ષ્મ સ્થિતિમાં દત્ત ભગવાનનું ચૈતન્ય વિદ્યમાન છે. આ પરથી સૌથી મહત્ત્વની વાત મને એ લાગે છે કે સૂક્ષ્મ વસ્તુ કરતાં પણ અતિ સૂક્ષ્મ એવા દત્ત ભગવાનનો અનુગ્રહ મેળવવો જેટલો સહેલો છે તેટલો જ મુશ્કેલ પણ છે.

દરેક કણના અનંત ભાગોનું વિભાજન કરતાં દરેક કણનું ફળ શૂન્ય સમાન થાય છે. અનંત એવા શૂન્યના સરવાળાના ફળસ્વરૂપ જ આ ચરાચર સૃષ્ટિ છે. પદાર્થ સૃષ્ટિ જે પ્રમાણે છે તે જ પ્રમાણે વ્યતિરેક પદાર્થનું પણ હોય છે. આ બંનેનું મિશ્રણ થતાં વ્યતિરેક પદાર્થનો નાશ થાય છે. પદાર્થના ગુણમાં પણ પરિવર્તન થાય છે. અર્ચાવતારમાં પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે (અર્ચનીય શ્રી વિગ્રહ અથવા પૂજનીય શ્રી વિગ્રહ (મૂર્તિ)) તો તે મૂર્તિ ચેતનવંતી થઈ ભક્તની મનોકામના પૂર્ણ કરે છે.

સર્વ મંત્રો કુંડલિની શક્તિમાં સ્થિત હોય છે. ગાયત્રી મંત્ર પણ તેમાં જ સમાયેલો હોય છે. ગાયત્રી મંત્રમાં ત્રણ પાદ હોય છે તેવી સર્વસામાન્ય માન્યતા છે. પરંતુ, આ મંત્રમાં ચતુર્થ પાદ પણ છે. "પરોરજસિ સાવદોમ"ની જેમ ચતુષ્પાદ ગાયત્રી નિર્ગુણ બ્રહ્મને સૂચિત કરે છે.

કુંડલિની શક્તિ ચોવીસ તત્ત્વોમાંથી આ વિશ્વનું નિર્માણ કરે છે. ગાયત્રી મંત્રમાં ૨૪ અક્ષરો છે. ચોવીસ સંખ્યાનું બીજું નામ ગોકુળ પણ છે. ગો એટલે બે અને કુળ એટલે ચાર. બ્રહ્મસ્વરૂપમાં કોઈ પણ પ્રકારનું પરિવર્તન થતું નથી. પરિવર્તનાતીત હોવાથી તે નવ સંખ્યાથી સૂચિત કરવામાં આવે છે.

આઠની સંખ્યા મહામાયાના સ્વરૂપને દર્શાવનારી છે. શ્રીપાદશ્રીવલ્લભના ભક્તગણ તેમને "દો ચૌપાતી દેવ લક્ષ્મી" એમ સંબોધન કરતા. સર્વ જીવોનો પતિ પરબ્રહ્મ છે. પતિદેવ એટલે નવ સંખ્યા. લક્ષ્મી એટલે આઠ સંખ્યા, દો એટલે બે સંખ્યા. ચૌ એટલે ચાર અંકને દર્શાવનારી છે. માટે જ "ચૌપતિ દોલક્ષ્મી"નો અપભ્રંશ "ચૌપાતિ દેવલક્ષ્મી" થયો. સર્વ જીવોને તે ૨૪૯૮ની સંખ્યાની યાદ અપાવે છે.

ગોકુળમાં પરબ્રહ્મ પરાશક્તિ શ્રીપાદશ્રીવલ્લભ આ સ્વરૂપે જ છે. શ્રીકૃષ્ણ પરમાત્મા એ શ્રીપાદશ્રીવલ્લભ જ છે. ગાયત્રી મંત્રનું સ્વરૂપ તેમની નિર્ગુણ પાદુકા સમાન છે.

પળની સ્વામી આગળ જતાં કહે છેઃ હે શંકર, સ્થૂળ માનવ શરીરમાં બાર પ્રકારના ભેદ છે. બધાં જેનો અનુભવ લે છે તે સ્થૂળ સ્વરૂપ સૂર્યના પ્રભાવમાં આવ્યું છે. શ્રીપાદશ્રીવલ્લભ પીઠિકાપુરમ્ (પીઠાપુર)માં માનવ શરીર ધારણ કરવા અવતાર લેતાં પૂર્વે ૧૦૮ વર્ષ આ પ્રદેશમાં આવ્યા હતા. તેમણે મારા પર અનુગ્રહ કર્યો હતો. હાલમાં જે સ્વરૂપે તેઓ કુરવપુર ક્ષેત્રમાં જોવામાં આવે છે તે જ સ્વરૂપે તેમનું ત્યારે આગમન થયું હતું.

તે સમયે આશ્ચર્યકારક ઘટના બની. હિમાલયના કેટલાક મહાયોગીઓ બદરીકેદારક્ષેત્રમાં બદરીનારાયણને બ્રહ્મકમળો

અર્પણ કરી પૂજા કરતા હતા. બદરીનારાયણને અર્પણ થયેલાં તે બ્રહ્મકમળો શ્રીપાદશ્રીવલ્લભનાં ચરણો પર આવી જતાં. આ દશ્ય અમે પોતાની આંખોએ જોયેલું છે. પળની સ્વામીનું તે દિવ્ય વક્તવ્ય સાંભળી હું એકદમ ભાવવિભોર થઈ ગયો. મારાં રોમાંચ ખડાં થયાં! મેં પળની સ્વામીને પૂછ્યું: ભગવાન દત્તાત્રેય સંતુષ્ટ થાય છે એમ તમારા વક્તવ્ય પરથી જાણ્યું. બ્રહ્મકમળ એટલે શું? તે ક્યાં મળે છે? તે ફૂલોથી પૂજા કરવાથી ભગવાન દત્તાત્રેય સંતુષ્ટ થાય છે એમ તમારા વક્તવ્ય પરથી ખબર પડી. કૃપા કરીને તમે મારી શંકાનું સમાધાન કરો.

: બ્રહ્મકમળનું સ્વરૂપ :

મારી વિનંતીને માન આપી શ્રી પળની સ્વામીએ એક સ્નેહપૂર્ણ દૃષ્ટિ મારા પર નાખી અને તેમનું મધુર વક્તવ્ય શરૂ થયું. શ્રી મહાવિષ્ણુએ ભગવાન સદાશિવની બ્રહ્મકમળથી પૂજા કરી હતી. શ્રી વિષ્ણુ ભગવાનની નાભિમાંથી પ્રગટ થયેલા કમળની પણ બ્રહ્મકમળ એવી સંજ્ઞા છે. દિવ્યલોકમાં જોવા મળતાં બ્રહ્મકમળ જેવાં જ બ્રહ્મકમળો હિમાલયની ભૂમિમાં પણ મળે છે. સમુદ્ર સપાટીથી બાર હજાર ફૂટ ઊંચાઈએ હિમાલયના પ્રદેશમાં તે વર્ષમાં એક જ વખત ખીલે છે.

મધરાતના સમયે આ ફૂલ ખીલે છે અને જ્યારે તે ખીલે છે ત્યારે આજુબાજુનો વિસ્તાર અદ્‌ભુત સુગંધથી મહેંકી ઊઠે છે. હિમાલયમાં નિવાસ કરતા સાધક મહાત્માઓ આવા દિવ્ય કમળની શોધમાં હોય છે. શરદ ઋતુથી વસંત ઋતુ સુધી આ કમળ બરફમાં જ હોય છે. ચૈત્ર માસના પ્રારંભે તે બરફમાંથી બહાર આવે છે. ગ્રીષ્મ ઋતુમાં તેના વિકાસની પ્રક્રિયા શરૂ થાય છે.

અમરનાથના અમરેશ્વર હિમલિંગનું દર્શન શ્રાવણ સુદ પૂનમના દિવસે થાય છે અને આ જ દિવસે મધ્યરાત્રીએ તે પૂર્ણ વિકાસ પામી ખીલે છે. હિમાલયમાં જ તપસ્ચા કરનાર તપસ્વી સિદ્ધ પુરુષો અને સાધકોને માટે પરમેશ્વર આ અદ્‌ભુત લીલા કરતા હોય છે. બ્રહ્મકમળનાં દર્શનથી સર્વ પાપનો નાશ થાય છે. યોગ સિદ્ધિને અટકાવનારાં વિઘ્નો નષ્ટ થાય છે. આ કમળનાં દર્શન કરવાથી યોગી, તપસ્વી, સિદ્ધ પુરુષ પોતપોતાની સાધનામાં ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરે છે. જે ભક્તોના ભાગ્યમાં તે બ્રહ્મકમળનાં

દર્શન થવાનાં હોય છે, તે બધાંએ દર્શન કરી લીધા પછી તે કમળ અંતર્ધાન થાય છે.

શ્રી પળની સ્વામીએ વક્તવ્યનો દોર લંબાવતાં કહ્યું, હે ભક્ત શંકર, મેં દસ દિવસ સમાધિમાં બેસવાનું નક્કી કર્યું છે. મારાં દર્શન કરવાની ઉત્કટ ઈચ્છા ધરાવનાર કોઈ આર્તભક્ત આવે તો મારી સમાધિમાં ભંગ ન થાય તે રીતે તેમને દૂરથી દર્શન કરાવજો. સર્પદંશથી કોઈ મૃત વ્યક્તિને લાવે તો હું સમાધિમાં લીન છું એમ કહીને તેઓ મૃત વ્યક્તિને જમીનમાં દાટે કે નદીના પ્રવાહમાં રાખે તેવી મારી આજ્ઞા તેમને જણાવવી.

શ્રી પળની સ્વામી બેઠેલા આસન પર જ સમાધિસ્થ થયા. હું અને માધવ બંને મળીને આવનાર ભક્તોને દૂરથી શાંતપણે તેમના દર્શન કરાવતા હતા. દર્શનાર્થી ભક્તો પૈકી કેટલાકે સ્વામીને અર્પણ કરવા માટે ચોખા, દાળ, લોટ જેવી સામગ્રી આણી હતી. તેથી માધવે રસોઈ બનાવવાનું નક્કી કર્યું. બળતણ માટે માધવે નજીક પડેલું સૂકાયેલું નાળિયેરીનું પાન જોયું. તે પાનને લેવા તે નજીક ગયો. તેની સાથે એક ભક્ત પણ હતો. માધવે તે સૂકાયેલું પાન ખભા પર નાખ્યું. તે જ ક્ષણે તે પાન નીચે વિશ્રાંતિ લઈ રહેલા સાપે ગુસ્સે થઈને માધવને જોરથી દંશ દીધો.

તે સાપનું ઝેર એટલું દાહક હતું કે માધવનું શરીર કાળા રંગનું થયું અને તે બેભાન થઈ જમીન પર મૃત પડ્યો. બે-ત્રણ માણસો ઊંચકીને તેના શરીરને ગુફા પાસે લાવ્યા. આવું દૃશ્ય જોઈ હું ગભરાઈ ગયો. શું કરવું- શું ના કરવું તે મને કાંઈ સૂઝતું ન હતું. ત્યારે મને સ્વામીની આજ્ઞાનું સ્મરણ થયું. તેને જમીનમાં પૂરવા માટે ખાડો ખોદવાનું શરૂ કર્યું. બીજા લોકોએ પણ મદદ કરી. ખાડામાં મૃતદેહ મૂકીને હું પાછો આવ્યો.

તે જ અરસામાં ગામમાંથી કેટલાક લોકો સત્તર-અઢાર વર્ષના સર્પદંશથી મૃત્યુ પામેલા યુવાનને લઈ આવ્યા. પ્રથમ માધવ મૃત્યુ પામ્યો તે પછી તેવી જ બીજી આ યુવાનની ઘટના જોઈ હું રડમસ થઈ ગયો. મેં તે લોકોને માંડમાંડ સ્વામીજીની આજ્ઞા કહી. ગામલોકોએ ગુફા નજીક જ એક ખાડો ખોદ્યો અને તેમાં તે યુવાનના મૃતદેહને મૂકી ખાડો પૂરી દીધો. સ્વામીના

દર્શન કરવા રોજ ત્રણ ચાર ભક્તો આવતા. તેમને હું સ્વામીના દર્શન કરાવી દેતો. આ પ્રમાણે દસ દિવસ પસાર થયા.

અગિયારમે દિવસે શ્રી પળની સ્વામી બ્રાહ્મમુહૂર્તમાં સમાધિમાંથી ઉત્થાન પામી જાગ્રત થયા. તેઓ ગુફાની બહાર આવ્યા અને મને "માધવ, અરે માધવ" એમ બૂમ પાડી બોલાવવા લાગ્યા. મેં રડતાં રડતાં તેમને બનેલી દુર્ઘટના કહી સંભળાવી. સ્વામીએ મને સમજાવવાનું નક્કી કર્યું હોય તેમ જણાયું. સ્વામીજીએ મને યોગદૃષ્ટિથી વેધક નજરે જોયો. તરત જ મારી કરોડમાં હલનચલન શરૂ થઈ અને થોડી ક્ષણો પછી મને ત્યાં દુઃખાવો થયો. પુનઃ તેમણે પ્રસન્ન મુદ્રાથી મારી સામે જોયું અને મારી બધી જ વેદના શાંત થઈ.

સ્વામીજીએ વાર્તાલાપની શરૂઆત કરતાં કહ્યું: અરે ભક્ત શંકર, માધવને સ્થૂળ શરીરથી શ્રીપાદશ્રીવલ્લભનાં દર્શન થવાનું ભાગ્યમાં ન હતું. આથી તેનું સૂક્ષ્મ શરીર છેલ્લાં દસ દિવસથી કુરવપુરમાં બિરાજમાન શ્રીચરણોના સાંનિધ્યમાં નિવાસ કરે છે. ગમે તેમ પણ તેની ઈચ્છા આ રીતે પૂર્ણ થઈ. શ્રીપાદશ્રીવલ્લભની લીલા અગાધ છે. તેને કોઈ પણ ઓળખી શકતું નથી. કાળ, કર્મ અને કારણ આ ત્રણેનું રહસ્ય કોઈ પણ જાણી શકતું નથી, તે જ સત્ય. તે રહસ્ય માત્ર સ્વામીજીને જ જ્ઞાત છે. માધવને ફરી સ્થૂળ શરીરમાં લાવવાનું કામ પ્રભુએ મને સોંપ્યું છે.

શ્રી પળની સ્વામીનું વક્તવ્ય પૂરું થયું. સ્વામીની આજ્ઞા અનુસાર મેં માધવના મૃતદેહને બહાર કાઢ્યો. દક્ષિણ દિશા તરફના ઘટાદાર તાડના ઝાડ પાસે જઈ મેં મોટેથી બૂમ મારી. "માધવને ડસનાર હે નાગરાજ, શ્રીપાદશ્રીવલ્લભની આજ્ઞાનુસાર તું પળની સ્વામી પાસે આવ."

શ્રી પળની સ્વામીએ પોતાના વસ્ત્રમાંથી ચાર કોડીઓ કાઢી અને તે મૃતદેહની ચારે બાજુ એક એક કોડી મૂકી. થોડી જ ક્ષણોમાં તે કોડીઓ આકાશમાં ઉછળી અને ચારે દિશામાં ગઈ. પાંચ-દસ મિનિટમાં જ ઉત્તર દિશા તરફથી એક સાપ આવ્યો. સ્વામીજીની ચાર અભિમંત્રિત કોડીઓ તેની ફેણમાં ફસાયેલી હતી. આથી તે સાપ અતિ ગુસ્સામાં ફૂસ ફૂસ એમ અવાજ કાઢતો હતો.

સ્વામીજીએ સાપને માધવના શરીરમાંથી ઝેર કાઢી લેવા આજ્ઞા કરી. જે સ્થળે સાપે દંશ દીધો હતો ત્યાંથી જ તેણે સર્વ વિષ પાછું ખેંચ્યું. શ્રી પળની સ્વામીએ શ્રીપાદ શ્રીવલ્લભનો મનોમન આભાર માન્યો. મનઃપૂર્વક નમસ્કાર કરી તે સાપ પર મંત્રોદક છાંટ્યું. તે સાપ સ્વામીના ચરણકમળને સ્પર્શ કરીને તથા તેમની ત્રણ પ્રદક્ષિણા કરી જતો રહ્યો.

: શ્રીદત્તભક્તને કરેલા અન્નદાનનું ફળ :

શ્રી પળની સ્વામીના મુખકમળથી શબ્દો સર્યાઃ હે ભક્ત શંકર, આ સાપ ગત જન્મમાં એક સ્ત્રી હતો. તેણે ગત જન્મમાં થોડું પાપ તથા થોડું પુણ્ય આચર્યું હતું. તેણે એક દત્તભક્તને જમાડ્યો હતો. આ તેનું પુણ્યકર્મ હતું.

દેહત્યાગ પછી યમદૂતો તેને યમરાજ પાસે લઈ ગયા. યમરાજ સ્ત્રીને કહેઃ તેં એક દત્તભક્તને ભોજન કરાવ્યું હતું તેનું વિશેષ પુણ્ય તને સાંપડ્યું છે. તારે પ્રથમ પાપ ભોગવવું છે કે પુણ્ય ફળ? તે સ્ત્રીએ જવાબ આપ્યોઃ જે થોડું છે તે હું પ્રથમ ભોગવીશ. તે પ્રમાણે તેને પાપયોનિ- સર્પયોનિમાં જન્મ મળ્યો. તેની વૃત્તિ બધાંને જ હાનિ પહોંચાડવાની હોવાથી રસ્તામાં જે કોઈ ભટકાય તેને તે દંશ કરતી. તે સ્ત્રી માનવ જન્મમાં રજોગુણી હોવાથી કેવળ તેની નજીક જવાથી તેણે માધવને દંશ દીધો. તેની પૂર્વપુણ્યાઈને લીધે જ તે માધવને કરડી હતી. માધવ માત્ર ગત જન્મના પાપને લીધે મરણાસન્ન સ્થિતિએ પહોંચ્યો હતો. યથાવકાશે શ્રીપાદશ્રીવલ્લભની કૃપાથી તે સ્ત્રી સર્પયોનિમાંથી મુક્ત થઈ.

: યોગ્ય વ્યક્તિને કરેલા અન્નદાનનું ફળ :

શ્રીદત્ત ભગવાન અલ્પ સંતોષી છે. ભક્તની અલ્પ સેવાથી પ્રસન્ન થઈ તેઓ તેને અમાપ ફળ આપે છે. દત્ત ભગવાનના નામથી કોઈ પણ વ્યક્તિને દાન આપવાથી તથા તે વ્યક્તિ જો યોગ્ય હોય તો તે તેને આપેલા અન્નદાનનું વિશેષ ફળ મળે છે. અન્નના થોડા અંશમાંથી મન બને છે. અન્નદાતાનું મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર શરીર મંગલ સ્પંદનોથી ઉભરાય છે. આથી તેનામાં

લોકોને પોતાના તરફ આકર્ષવાની શક્તિ ઉત્પન્ન થાય છે. પળની સ્વામી બોલ્યાઃ ઈચ્છિત વસ્તુની સમૃદ્ધિ એટલે જ લક્ષ્મીનો કૃપાકટાક્ષ. આ સમગ્ર સૃષ્ટિ સૂક્ષ્મ સ્પંદનોથી સૂક્ષ્મ નિયમોને આધારે ચાલે છે.

: શ્રીપાદશ્રીવલ્લભનો મહિમા :

શ્રીપાદશ્રીવલ્લભનું નામસ્મરણ લક્ષ્મી, ધન, ઐશ્વર્ય અને સમાધાન આપનાર છે. તેમના દ્વારા અનુગ્રહિતના ભાગ્યનું કોણ વર્ણન કરી શકે? શ્રીચરણના અનુગ્રહને લીધે જ દસ દિવસ જમીનમાં દટાયેલા માધવના શરીરને કોઈ જ હાનિ થઈ નહીં. તેને પ્રાણદાન કરનાર શ્રીપાદશ્રીવલ્લભની કરુણા, દયા, ભક્તો પ્રતિ પ્રેમ ઇત્યાદિનું શબ્દોમાં વર્ણન થઈ શકે નહીં. માધવના શરીરમાં ચૈતન્ય પાછું આવી રહ્યું હતું. તેને તરસનું ભાન થયું. આથી, તેણે પાણી માગ્યું. શ્રી પળની સ્વામીના કહેવાથી પ્રથમ તેને પીવા માટે ઘી આપ્યું. ઘી પીધા પછી ફળોનો રસ આપવામાં આવ્યો. તે પછી થોડી વારે તેને પીવા માટે પાણી આપવામાં આવ્યું.

: નાગલોકનું વર્ણન :

માધવ પુનર્જીવિત થવાને લીધે અમારા આનંદની કોઈ સીમા ન રહી. માધવ પોતાને થયેલો અનુભવ કહેવા લાગ્યોઃ હું સૂક્ષ્મ શરીરથી કુરવપુર પહોંચ્યો અને શ્રીપાદશ્રીવલ્લભનાં દર્શન કર્યાં. શ્રીપાદશ્રીવલ્લભ આજાનબાહુ છે. તેમનાં નેત્રો વિશાળ છે. તે નેત્રોમાંથી સર્વ જીવો પ્રતિ નિરંતર કરુણા, દયા, પ્રેમ વરસી રહ્યાં છે. હું સ્થૂળ દેહધારી ન હોવાથી ત્યાંના સ્થૂળ દેહધારી ભક્તોને હું દેખાતો ન હતો. શ્રીપાદપ્રભુએ મને કુરવપુર દ્વીપના મધ્યભાગમાં જા એમ આજ્ઞા કરી.

હું શ્રીવલ્લભનું નામસ્મરણ કરતો કરતો દ્વીપના મધ્યભાગના ઊંડાણમાં ગયો. ભૂમિમાંના ઊંડાણમાં ભૂકેન્દ્ર પાસે અનેક પ્રાસાદો, વરંડાઓ મને જણાયા. તે પાતાળ લોક જ છે તેમ ખાતરી થઈ. સ્થૂળ શરીરધારી જીવોને સ્થૂળરૂપના પદાર્થો જ દેખાય છે.

મારા જેવા સૂક્ષ્મ શરીરધારીને સૂક્ષ્મરૂપ ધારણ કરેલા કેટલાય લોકો દેખાયા. ત્યાં વસવાટ કરનાર લોકો નાગજાતિના હોઈ કામરૂપ ધારણ કરવાની શક્તિ ધરાવનારા હતા. ઈચ્છિત રૂપ ધારણ કરવાની શક્તિ તેમનામાં હતી. જો કે, તેમને નાગરૂપે સંચાર કરવાનું ગમતું હતું.

ત્યાં મેં અનેક મહાસર્પોને જોયા. કેટલાક સાપોને હજાર ફેણો હતી. ફેણ ઉપર મણિ વિદ્યમાન હોઈ તે મણિમાંથી દિવ્ય પ્રકાશ ફેલાતો હતો. કેટલાક નાગો યોગ મુદ્રામાં હોય તેમ ફેણ બંધ કરીને મૌન મુદ્રામાં દેખાતા હતા. આશ્ચર્યની વાત એ હતી કે તે સર્વમાં એક મહાસર્પ હતો. તેને એક હજાર ફેણ હતી. તે મહાસર્પ પર શ્રીપાદશ્રીવલ્લભ શ્રી મહાવિષ્ણુની જેમ શયન કરતા હતા. ત્યાં બિરાજમાન મહાસર્પો વેદગાન ગાતા હતા. ચિદાનંદ સ્વરૂપે સ્વામી તે ગાનનું શ્રવણ કરતા હતા. મારી બાજુમાં સ્થિત એક મહાસર્પે શ્રીદત્ત પ્રભુનો મહિમા વર્ણવવાની શરૂઆત કરી.

: શ્રી દત્તાત્રેયનો મહિમા :

તે મહાસર્પે કહેવાની શરૂઆત કરીઃ- શ્રીદત્ત ભગવાન નેપાળ દેશમાં આવેલા ચિત્રકૂટના અનસૂયા પર્વત પર અત્રિ-અનસૂયાના પુત્રરૂપે પૂર્વયુગમાં (કૃતયુગમાં) અવતર્યા. તેઓ અવતારની સમાપ્તિ કર્યા વગર જ સૂક્ષ્મરૂપે નીલગીરી શિખર પર, શ્રીશૈલશિખર પર, શબર ગિરિશિખર પર, સહ્યાદ્રિ પર્વત પર સંચાર કરે છે. તેમણે નાથ સંપ્રદાયના ગોરક્ષનાથને યોગમાર્ગનો ઉપદેશ કર્યો. જ્ઞાનેશ્વર નામના યોગીને ખેચરી મુદ્રામાં સ્થિત નિરાકાર યોગીરૂપમાં દર્શન આપ્યાં. શ્રીદત્ત ભગવાન દેશ અને કાળથી અતીત છે. શ્રીદત્ત પ્રભુના સાંનિધ્યમાં અમને ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળ જુદા ભાસતા નથી. બધું વર્તમાન જ હોય છે.

: અનઘા સાથે દત્તાત્રેયનાં દર્શન :

તે મહાસર્પે કથાનો દોર આગળ લંબાવતાં કહ્યું: હે ભક્તોત્તમ માધવ, અમને કાલનાગ ઋષીશ્વર કહે છે. શ્રીદત્ત ભગવાને હજારો વર્ષ રાજ્યનું પરિપાલન કર્યા પછી પોતાનું સ્વરૂપ ગુપ્ત રાખવાનો નિશ્ચય કર્યો. તેઓ કેટલાંક વર્ષો નદીમાં અદૃશ્યરૂપે રહ્યા. તે પછી તેઓ જળસપાટી પર આવ્યા. અમે તેમના ભક્તો કિનારા પર તેઓ પાછા ફરશે તેની રાહ જોઈ રહ્યા હતા. પરંતુ, તેઓ અમારાથી છૂપાવાનો પ્રયત્ન કરતા હતા. અમને તેની ખબર હતી. તેઓ ફરી જળસમાધિ લઈ કેટલાંક વર્ષો પછી બહાર આવ્યા.

દત્ત પ્રભુ જ્યારે જળમાંથી બહાર આવ્યા ત્યારે તેમના હાથમાં મધુપાત્ર હતું. બીજા હાથમાં ૧૬ વર્ષની એક સુંદર નવયૌવના હતી. મદ્યપ્રાશન કરી હંમેશાં ઘેનમાં રહેનાર તથા સ્ત્રીથી મોહાસક્ત અને તેની દાસ્યતામાં રહેનાર વ્યક્તિને અમે અત્યાર સુધી ભ્રમમાં રહી પોતાનું દૈવત માની બેઠા. આ પ્રમાણે વિચાર આવતાં અમે ત્યાંથી પાછા ફર્યા. તે જ ક્ષણે તે બંને ત્યાંથી અદૃશ્ય થયાં. તે અદૃશ્ય થયા પછી જ અમારા મનમાં જ્ઞાનનો પ્રકાશ ઝબક્યો. તેમના હાથમાં રહેલું મધુપાત્ર એ યોગાનંદરૂપી અમૃત અને તે સુંદરી ત્રિશક્તિ રૂપિણી અનઘાલક્ષ્મી દેવી છે, તેવું અમને સ્મરણ થયું. ફરીથી તેઓ આ ભૂમિ પર અવતાર લે તે માટે અમે ઘોર તપશ્ચર્યા કરી. અમારી તપશ્ચર્યાના ફળસ્વરૂપે શ્રીદત્તાત્રેય ભગવાને પીઠિકાપુર (પીઠાપુર)માં શ્રીપાદશ્રીવલ્લભ નામે અવતાર લીધો.

: શ્રી કુરવપુરનું વર્ણન :

શ્રી દત્તાત્રેય ભગવાન તે દિવસે જે સ્થળે જળમાં ઊતર્યા હતા તે જગ્યા એટલે જ આજનું પવિત્ર કુરવપુર. તેઓ જ્યારે જળસમાધિમાં હતા ત્યારે અમે પણ અમારા સૂક્ષ્મ સ્પંદનો દ્વારા આ સૂક્ષ્મ લોકમાં યોગસમાધિરત હતા. કૌરવ અને પાંડવોના મૂળ પુરુષ "કુરુ" મહારાજને જે સ્થળે જ્ઞાનોપદેશ થયો હતો તે સ્થળ એટલે જ કુરવપુરનું પવિત્ર ક્ષેત્ર. હે ભક્તશ્રેષ્ઠ માધવ, આ કુરવપુરના માહાત્મ્યનું યથાર્થ વર્ણન કરવાનું સામર્થ્ય આદિ શેષમાં પણ નથી.

: સદાશિવ બ્રહ્મેન્દ્રનો પૂર્વ ઈતિહાસ :

શ્રીપાદશ્રીવલ્લભના શ્રીચરણોમાં મેં અત્યંત નમ્રભાવથી પ્રણામ કર્યા. તે સમયે દત્ત ભગવાને અત્યંત કરુણાપૂર્વક અંતઃકરણથી કહ્યું: "હે વત્સ, આ દિવ્ય ભવ્ય દર્શન એટલે અતિ અલભ્ય યોગ જ સમજ. તારી સાથે વાર્તાલાપ કરનાર મહાસર્પ આવતી સદીમાં જ્યોતિ રામલિંગેશ્વર સ્વામી નામથી અવતાર લઈ જ્યોતિ સ્વરૂપે જ અંતર્ધાન પામશે.

તારી સાથે વાર્તાલાપ કરનાર બીજો મહાસર્પ સદાશિવ બ્રહ્મેન્દ્ર નામ ધારણ કરી આગામી શતાબ્દીમાં અવનિ પર અવતાર લઈ અનેક લીલા કરશે. શ્રી પીઠિકાપુર પણ મારું અત્યંત પ્રિય સ્થાન છે. પીઠિકાપુરમાં મારી માતાના ઘરમાં જ્યાં મેં જન્મ લીધો હતો તે ઘરમાં જ મારી પાદુકાઓની સ્થાપના થશે. મારાં જન્મ, કર્મ અત્યંત દિવ્ય છે. તે એક ગોપનીય રહસ્ય છે. તું શ્રી પીઠિકાપુરમ્માં આવેલા મારા પાદુકાપ્રતિષ્ઠા સ્થળ પાસેથી પાતાળમાં જઈ ત્યાંના તપસ્વી કાલનાગની મુલાકાત લઈ આવ.


શ્રી પળની સ્વામી મંદહાસ્ય કરતા બોલ્યાઃ હે ભક્તશ્રેષ્ઠ માધવ, પીઠિકાપુરના કાલનાગ વિશે આપણે ચર્ચા પછી કરીશું. આપણે સત્વર સ્નાન કરી ધ્યાનમાં બેસીશું. શ્રીપાદશ્રીવલ્લભની એ આજ્ઞા છે.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૩ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋



ॐ द्रां दत्तात्रेयाय नमः

ॐ अवधूताय विद्महे ।
अद्वैताय धीमहि ।
तन्नो दत्तः प्रचोदयात् ॥

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૪

કુરવપુરમાં વાસવાંબિકાનાં દર્શન
શ્રીપાદપ્રભુના જન્મસ્થાનમાં થનારી લીલાઓ

શ્રી પળની સ્વામીની આજ્ઞા અનુસાર અમે ધ્યાન કરવાનો સંકલ્પ કર્યો. હે શ્રીપાદપ્રભુના ભક્ત શ્રી માધવ અને શંકર, આપણે ત્રણે જણ શ્રી વલ્લભપ્રભુની આજ્ઞા અનુસાર ધ્યાનસ્થ થઈને આપણને થયેલાં ધ્યાનની અનુભૂતિની ચર્ચા કરીશું. તે અવસ્થામાં આપણને અતિ ઉચ્ચ આધ્યાત્મિક અનુભૂતિની પ્રાપ્તિ થશે. ભવિષ્યમાં હૂણાશક (ઈસવીસન) વ્યવહારમાં હશે. આજે હૂણાશક અનુસાર તા. ૨૫-૫-૧૩૩૬નો દિવસ અને શુક્રવાર છે. આજનો દિવસ આપણા જીવનનો ખૂબ જ મહત્ત્વનો દિવસ છે. હું મારા સ્થૂળ શરીરને અહીં જ મૂકીને સૂક્ષ્મ શરીરથી કુરવપુર જઈશ. એકી સાથે ચાર-પાંચ સ્થળે સૂક્ષ્મરૂપે વિચરણ કરવું એ મારે મન રમતવાત છે. આપણે ત્રણે શ્રીપાદશ્રીવલ્લભના ધ્યાનમાં લીન રહી, તેમની આજ્ઞા થતાં હું સૂક્ષ્મ શરીરથી કુરવપુરમાં તેમના સાંનિધ્યમાં જઈશ.

: સ્વામીનો અનુગ્રહ મેળવવાનું વિધાન :

શ્રી પળની સ્વામીનું વકતવ્ય સાંભળ્યા પછી મારા મનમાં શંકા થઈ આથી મેં પ્રતિપ્રશ્ન કર્યો. "સ્વામીજી, ભક્ત માધવે શ્રીવલ્લભના દિવ્ય મંગળ સ્વરૂપના દર્શન કર્યાં છે. આપશ્રી સદૈવ શ્રીવલ્લભ સાથે સૂક્ષ્મરૂપથી વિચરણ કરો છો. મને માત્ર તેમના

નામની જ ખબર છે. રૂપ મેં જોયું નથી પછી હું ધ્યાન કેવી રીતે કરું? મારો પ્રશ્ન સાંભળી શ્રી પળની સ્વામી મંદ હાસ્ય કરતા બોલ્યાઃ "અરે, શ્રીપાદપ્રભુની ભક્તિ હોય તો બધું જ સિદ્ધ થશે. શ્રીપાદપ્રભુ સર્વપ્રથમ પોતાના ભક્તનું કાચબાના બચ્ચાંની જેમ પાલનપોષણ કરે છે. કાચબી પોતાના બચ્ચાંથી કેટલે પણ દૂર કેમ ન હોય, તે પોતાના વિચાર તરંગોથી જ પોતાનાં બચ્ચાંઓનું દૂરથી પોષણ કરે છે.

ભક્તો થોડા મોટા થતાં બિલાડીના બચ્ચાંની જેમ તેમનું સંરક્ષણ કરે છે. જેમ બિલાડી પોતાના બચ્ચાંને મોઢામાં પકડી એક ઘરથી બીજા ઘરમાં લઈ જાય છે અને બચ્ચાં માટે જે સ્થળ સુરક્ષિત હોય તે જ સ્થળે તે બચ્ચાંને રાખે છે. તે પછી વાંદરાના બચ્ચાં પ્રમાણે ભક્તોનું પાલનપોષણ કરે છે. આ પ્રકારના પાલનપોષણમાં વાંદરાનાં બચ્ચાં જે પ્રમાણે માતાને વળગી રહેવાનો પ્રયત્ન કરે છે તેમ ભક્ત શ્રીપાદપ્રભુને શ્રદ્ધાથી વળગી રહે છે. તેનાથી પણ વધુ ઉન્નતિ થતાં માછલીનાં બચ્ચાંની જેમ અતિ આનંદપૂર્વક માતા સાથે સ્વેચ્છાથી વિહાર કરે છે, તે જ પ્રમાણે ભક્ત માછલીના બચ્ચાંની જેમ શ્રીગુરુ સાથે હોય છે.

તું ધ્યાનમાં બેઠા પછી સદ્‌ગુરુ જ તને દર્શન આપશે. આજે તા. ૨૫-૫-૧૩૩૬, શુક્રવારના રોજ સર્વ રીતે મળી આવતો શુભ યોગ. આજનો દિવસ સર્વશ્રેષ્ઠ છે. શ્રીપાદશ્રીવલ્લભે અતિ મહત્ત્વનો એવો ભાવિ નિર્ણય કરવાનું નક્કી કર્યું છે. આથી મને સૂક્ષ્મરૂપથી કુરવપુરમાં આવવા કહ્યું છે. ધ્યાનમાં જે ક્ષણે તેમની આજ્ઞા થશે તે જ ક્ષણે હું કુરવપુર જઈશ. ત્યાં એક મહત્ત્વની ઘટના બનનાર છે. તે મારી આંખે જોવાનો પ્રસંગ શ્રીદત્ત પ્રભુની કૃપાથી જ બનવાનો છે. આમ કહેતાં શ્રી પળની સ્વામી ધ્યાનસ્થ થયા. હું અને માધવ પણ ધ્યાનમાં સરકી ગયા.

ઉપર પ્રમાણે ધ્યાનમાં દસ કલાકનો સમય પસાર થયો. ધ્યાનમાં શ્રી પળની સ્વામી અતિ ઉલ્લાસિત દેખાતા હતા. મેં અને માધવે શ્રી પળની સ્વામીને તેમના ધ્યાનની અનુભૂતિ અંગે કહેવાની પ્રાર્થના કરી. પ્રાર્થનાના જવાબમાં શ્રી પળની સ્વામીએ નીચે પ્રમાણે કહેવાની શરૂઆત કરીઃ

: શિવશર્માની ગાથા- શ્રીપાદશ્રીવલ્લભના ચિંતનનું ફળ :

શ્રી પળની સ્વામીએ મુખ પર હાસ્ય લાવી કહ્યું: આ કલિયુગમાં લોકોનું ભાગ્ય મહાન છે. કુરવપુર નાનું ગામ હોવા છતાં સ્વામી શ્રીપાદપ્રભુની મહત્તાને લીધે વેદશાસ્ત્ર સંપન્ન બ્રાહ્મણ શિવશર્મા, પોતાની ધર્મપત્ની અંબિકા સાથે કુરવપુરમાં જ નિવાસ કરતા હતા. કુરવપુરનું આ એક માત્ર બ્રાહ્મણ કુટુંબ હતું. તેઓ દ્વીપ ઓળંગી બ્રાહ્મણોચિત કર્મકાંડ મારફત અર્થોપાર્જન કરી રોજ કુરવપુરમાં પાછા આવતા હતા.

શિવશર્મા બ્રાહ્મણ કાશ્યપ ગોત્રોત્પન્ન યજુર્વેદીય મોટા વિદ્વાન પંડિત હતા. તેઓ સદા અનુષ્ઠાનરત રહેતા. દુર્ભાગ્યની વાત એ હતી કે તેમને થતાં સંતાનો થોડા જ સમયમાં કાળગ્રસ્ત થઈ જતાં. જેમ તેમ કરીને એક પુત્ર કાળનો કોળિયો થતાં બચી ગયો. પરંતુ દુર્દૈવની વાત એ હતી કે મહાપંડિતનો તે જીવિત છોકરો જડ, મંદબુદ્ધિનો થયો. અયોગ્ય સંતાનપ્રાપ્તિને લીધે પંડિત શિવશર્મા દુઃખી હતા.

એક દિવસ શ્રીપાદશ્રીવલ્લભ સમક્ષ વેદઘોષ કરી મૌનપણે ઊભા રહ્યા. શ્રીપાદસ્વામીએ તેના મનની વાત જાણી મંદ હાસ્ય કરતાં બોલ્યા: "ભક્ત શિવશર્મા, બધી જ દુન્યવી ચિંતાઓનો ત્યાગ કરીને જે નિરંતર મારું જ ધ્યાન ધરે છે, તેમનો હું દાસ છું. તારા મનમાં શી ઈચ્છા છે તે મને કહે." શિવશર્મા વિનયપૂર્વક કહેવા લાગ્યા:- "સ્વામીજી, મારી ઈચ્છા હતી કે મારો પુત્ર મારા કરતાં પણ મોટો પંડિત, વક્તા થાય. પરંતુ, તે ઈચ્છા ક્યારે પણ ફળીભૂત થશે નહિ તેમ મને લાગે છે. મારો પુત્ર અત્યંત મંદબુદ્ધિનો છે. સચરાચરમાં વ્યાપ્ત, ઘટઘટમાં સ્થિત સામર્થ્યવંત એવા આપને માટે મંદબુદ્ધિવાળા પુત્રને નિષ્ઠાવાન વિદ્વાન, પંડિત બનાવવો બિલકુલ સહજ છે. મારા દીન પર એટલી કૃપા કરજો."

શ્રીપાદપ્રભુએ તેને સમજાવતાં કહ્યું:- હે ભક્ત, સૃષ્ટિમાં કોઈ પણ મનુષ્ય ગમે તેટલો મોટો હોય, પરંતુ, તેને પૂર્વજન્મનું કર્મફળ અવશ્ય ભોગવવું પડે છે. સમગ્ર સૃષ્ટિ, શાસનના નિયમોનું ઉલ્લંઘન ન કરતાં ચાલી રહી છે.

સ્ત્રીઓને પૂજનના ફળસ્વરૂપે પતિ મળે છે. દાનના ફળરૂપે બાળબચ્ચાં થાય છે. દાન હંમેશાં સત્પાત્રે કરવું. દાન લેનાર જો સત્પાત્ર ન હોય અથવા દાનને માટે અયોગ્ય હોય તો તે દાનથી અનિષ્ટ જ સંભવે. સાત્ત્વિક બુદ્ધિવાળી વ્યક્તિને જમાડવાથી તેણે કરેલાં પુણ્યના ફળમાંથી કિંચિત્ ફળ અન્નદાતાને મળે છે. દુષ્ટ બુદ્ધિવાળા મનુષ્યને અન્નદાન કરવાથી તેણે કરેલા પાપ કર્મનું કિંચિત્ ફળ અન્નદાતાને મળે છે. દાન કરનારે અહંકાર રહિત થઈ દાન કરવું જોઈએ. ત્યારે જ તેણે કરેલા દાનનું સર્વોત્તમ ફળ તેને મળશે. પૂર્વજન્મના કર્મફળને લીધે જ તારે ત્યાં મંદબુદ્ધિનો પુત્ર જન્મ્યો.

તમે દંપતીએ અલ્પાયુષી નહીં પણ પૂર્ણાયુષી જ પુત્ર આપો એમ માગણી કરી હતી. આથી, તમને પૂર્ણાયુષી પુત્ર આપ્યો. તેના પૂર્વજન્મનું પાપ નિવારણ કરી તેને યોગ્ય પંડિત બનાવવો હોય તો કર્મના કાયદા અનુસાર તું દેહત્યાગ કરવા તૈયાર હોય તો હું તેને વિદ્વાન પંડિત બનાવીશ. શિવશર્માએ દૃઢ નિશ્ચય કરી કહ્યું:- મેં વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કર્યો જ છે, આથી આ ક્ષણભંગુર દેહ ત્યાગવા માટે હું તૈયાર છું. મારો પુત્ર બૃહસ્પતિ જેવો પંડિત, વક્તા થતો હોય તો મારે બીજું શું જોઈએ?

સંપૂર્ણ સચરાચરમાં વ્યાપ્ત, ઘટઘટમાં સ્થિત સમર્થ શ્રીપાદ પ્રભુએ કહ્યું:- હવે તું અલ્પકાળમાં મૃત્યુ પામીશ. મૃત્યુ પછી તું સૂક્ષ્મ શરીરથી ઘીશીલા નગર (હાલનું શિરડી)માં લીમડાના ઝાડ નીચે આવેલા ભોંયરામાં થોડો સમય તપશ્ચર્યા કરીશ. તત્પશ્ચાત્, તું પુણ્યભૂમિ એવા મહારાષ્ટ્ર દેશમાં જન્મ લઈશ. આ વિશે તું તારી પત્નીને બિલકુલ જણાવીશ નહિ.

: શ્રીપાદશ્રીવલ્લભના ભાવિ જન્મનો નિશ્ચય (આવિષ્કાર) :

અલ્પ સમયમાં જ પંડિત શિવશર્મા મૃત્યુ પામ્યો. અંબિકા તેના પુત્ર સાથે ભિક્ષાટન કરી ગુજરાન ચલાવતી હતી. આડોશપાડોશના લોકો તેની હસીમજાક ઉડાવતા-મશ્કરી કરતા. તેનો કદી અંત જ ન હતો. રોજ કરાતા અસહ્ય અપમાનથી કંટાળી જઈ તે જડ બુદ્ધિનો બ્રાહ્મણ પુત્ર આત્મહત્યા કરવા નદી તરફ દોડ્યો. તેની માતા અંબિકા પણ અસહ્ય વાક્‌બાણોથી ત્રાસીને જીવનનો અંત આણવા પુત્ર સાથે આત્મહત્યા કરવા નદીકિનારે દોડી.

તેમની પૂર્વપુણ્યાઈને લીધે રસ્તામાં શ્રીપાદશ્રીવલ્લભ સામે મળ્યા. તે બંને માતાપુત્રને તેમણે આત્મહત્યાના પાપમાંથી છોડાવ્યાં. શ્રીપાદશ્રીવલ્લભસ્વામીએ તેમના પર અપાર કરુણા વરસાવી અને મૂર્ખ બાળકને મહાપંડિત બનાવ્યો. અંબિકાએ શેષજીવન શિવપૂજનમાં વ્યતીત કરવું તેવી પ્રભુએ આજ્ઞા કરી. શનિપ્રદોષ વ્રતનો મહિમા કહી, શિવપૂજાનું ફળ કેવું અક્ષય હોય છે તે વિગતવાર સમજાવ્યું. આગલા જન્મે મારા જેવો તને પુત્ર થશે એમ અંબિકાને વરદાન આપ્યું. પરંતુ, તેમના જેવો ત્રણે લોકમાં બીજો કોઈ ન હોવાથી તેમના આગલા જન્મે તેના પુત્ર તરીકે તેમણે સ્વયં જન્મ લેવાનો નિશ્ચય કર્યો.

: નૃસિંહસરસ્વતી અને સ્વામી સમર્થના જન્મનો સંકલ્પ :

સમસ્ત કલ્યાણકારી ગુણોથી યુક્ત એવી વાસવાંબિકાને શ્રીપાદપ્રભુએ આશીર્વાદ આપતાં કહ્યું:- "તારો સંકલ્પ સિદ્ધ થશે. હું હજુ ૧૪ વર્ષ એટલે કે આ શરીરને ૩૦ વર્ષ થતાં સુધી શ્રીપાદશ્રીવલ્લભ સ્વરૂપમાં રહી પછી અદશ્ય થઈશ. તે પછી સંન્યાસધર્મના ઉત્થાન માટે નૃસિંહસરસ્વતી નામે જન્મ લઈશ. બીજા અવતારમાં ૮૦ વર્ષ લોકોદ્ધાર કરતો રહીશ. તે અવતારની સમાપ્તિ પછી કદલીવનમાં ૩૦૦ વર્ષ તપશ્ચર્યા કરીશ અને પ્રજ્ઞાપુરી (હાલના અક્કલકોટ)માં સ્વામી સમર્થ નામે અવતાર લઈશ. તે અવતારમાં અવધૂત અવસ્થામાં વિધિ નિષેધાતીતસ્વરૂપે સિદ્ધ પુરુષના રૂપમાં અપરિમિત દિવ્યકાંતિથી અગાધ લીલા કરીશ. સમગ્ર જગતને ધર્મકર્મ અનુસાર વર્તનશીલ બનાવી આસક્તિરહિત કરીશ."

પળની સ્વામી કહે છે:- જેમ જેમ યુગો બદલાતા જશે તેમ તેમ મનુષ્યની શક્તિ ઓછી થતી જશે. તેમાંથી ઉગરવા માટે પરમ તત્ત્વ ઋષીશ્વરની ઈચ્છાથી નીચેના સ્તર પર અવતરણ કરશે. શરીરધારી ઈશ્વરનો અવતાર એટલે સમગ્ર સૃષ્ટિના અનુગ્રહનો સૂચક જ છે. આ રીતે ઈશ્વર તત્ત્વના નીચેના સ્તરે અવતરણ કરવાને લીધે મનુષ્યને અલ્પ શ્રમથી શ્રેષ્ઠ ફળ પ્રાપ્ત થશે. આથી જ કળિયુગનો માનવી ધન્ય છે. કેવળ સ્મરણ માત્રથી જ દત્ત ભગવાનનો અનુગ્રહ પ્રાપ્ત થશે!

માનવને પતન તરફ દોરી જનાર જેટલા માર્ગ છે, તેનાથી પણ શ્રીચરણોનો અનુગ્રહ પ્રાપ્ત કરવા બીજા બહુવિધ માર્ગ છે.

આ પરમ સત્ય છે. સ્મરણ, અર્ચન કરવાથી શ્રીપાદશ્રીવલ્લભ સાથે અનુસંધાન સધાય છે. તેનાથી સાધકનાં પાપકર્મ, દોષ, વિષયવાસના, સંસ્કાર શ્રીપાદશ્રીવલ્લભના ચૈતન્યમાં પ્રવેશ કરે છે. તેમના દ્વારા ભક્તોને શ્રેયસ્કર શુભ સ્પંદનોનો લાભ થાય છે. શ્રીપાદપ્રભુ સાધકોના ચૈતન્યમાં પ્રવેશેલા પાપ સમુદાયને પવિત્ર નદીના જળની માફક ધોઈ નાખે છે અથવા તેમના યોગાગ્નિ દ્વારા તે પાપસમૂહને બાળીને ભસ્મ કરે છે.

તેઓ જાતે તપશ્ચર્યા કરી તેનું ફળ ભક્તોને આપે છે. કર્મસૂત્રનું અતિક્રમણ (ઉલ્લંઘન) ન કરતાં ભક્તોનું રક્ષણ કરે છે. જરૂર પડતાં, ભક્તોના જડરૂપી કર્મફળનું શોષણ કરી ભક્તોને વિમુક્તિનો પ્રસાદ આપે છે. ક્ષણે ક્ષણે ભક્તોના કર્મનો ધ્વંસ કરે છે. એટલે જ તેમના ભક્તો પોતાની જાણ બહાર જ કર્મબંધનમાંથી મુક્તિ મેળવે છે.

આ પ્રમાણે પળની સ્વામીના વક્તવ્ય પછી પણ મારા મનની શંકા દૂર થઈ ન હતી. હું તેમને પ્રશ્ન પૂછવાનું દુઃસાહસ કરી બેઠો. સ્વામી, શનિની સાડાસાતીમાંથી ભગવાન શંકર પણ મુક્તિ ન પામી શક્યા તો ગ્રહોના ત્રાસમાંથી શ્રીગુરુસાર્વભૌમ ભક્તને કેવી રીતે બચાવે છે તે વિશે માહિતી આપવા કૃપા કરશો.

શ્રી પળની સ્વામીની અસ્ખલિત વાક્‌ધારા શરૂ થઈ. તેઓ કહેવા લાગ્યાઃ- હે ભક્ત શંકર, ખગોળના ગ્રહોને જીવ સાથે મૈત્રી કે દુશ્મનાવટ હોતી નથી. મનુષ્ય પ્રારબ્ધ કર્મ અનુસાર ગ્રહ મહાદશામાં જન્મ સમયે પંચમહાભૂતનું ખોળિયું ધારણ કરે છે. જન્મ સમયના ગ્રહોના આધારે તેને શુભાશુભ ફળ મળે છે. ગ્રહો તરફથી પરાવર્તિત થઈ આવનાર સૂક્ષ્મ કિરણ અશુભ ફળ આપનાર હોય તો તેના દોષ નિવારણ માટે મંત્ર, તંત્ર, યંત્ર વડે કોઈ સુધારો ન જણાય તો જપ, તપ, હોમનો આશ્રય લેવો. આ ઉપાયથી પણ ફરક ન જણાય તો શ્રી ગુરુપાદુકાને શરણે જવું.

સદ્‌ગુરુચરણ સર્વશક્તિ સંપન્ન હોય છે. શક્તિમાં સારી અને નરસી એમ બે પ્રકારની શક્તિ હોય છે. સારી વા નરસી શક્તિમાંથી નીકળતાં સ્પંદનો શુભ કે અશુભ ઘટના બનવા માટે કારણભૂત થાય છે. પ્રત્યેક ગ્રહનું માનવશરીરના કોઈ વિશેષ

ભાગ-અવયવ પર આધિપત્ય હોય છે. ગ્રહબાધાના સમયે તે ગ્રહ માનવશરીરના જે ભાગ પર આધિપત્ય ધરાવે છે તે જ અંગ પીડિત થાય છે- અસરગ્રસ્ત થાય છે.

વિશ્વચૈતન્ય દ્વારા પ્રવાહિત સૂક્ષ્મ સ્પંદનોને લીધે જ ઈષ્ટ અને અનિષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે. સ્પંદનોને લીધે જ આકર્ષણ કે અપાકર્ષણ થાય છે. સજ્જનોના સહવાસમાં રહેલી વ્યક્તિને દુર્જનોની સંગત મળતાં વિના કારણ કલહ, બંધુવિયોગ, કુટુંબના સભ્યો વચ્ચે વાદ-વિવાદ થાય છે. આ બધું આકર્ષણ શક્તિ ઓછી થવાને લીધે મળનાર અનિષ્ટ ફળ છે. વિશ્વશક્તિ દ્વારા સ્પંદનોની નિરંતર ઉત્પત્તિ થતી રહે છે. તે સ્પંદનો થોડા સમય સુધી માણસો પર પ્રભાવ પાડવાનું કાર્ય કરે છે.

કાળ એ શક્તિસ્વરૂપ છે. થોડા સમય પછી વિશ્વશક્તિના સ્પંદનો તે મનુષ્યને છોડીને પરિણામલક્ષી પ્રભાવિત થનાર મનુષ્યના શરીરમાં પ્રવેશે છે. કાળચક્રને અનુસરીને તેનું ફળ પ્રાપ્ત થાય છે. માનવની દેવભક્તિ જાગ્રત થઈ જપ, તપ કરવાથી ગ્રહોની તીવ્રતા થોડા પ્રમાણમાં ઓછી થાય છે. મહાત્માઓ વિશ્વકલ્યાણની ભાવના રાખી વિવિધ પ્રકારના યજ્ઞો કરે છે. તેમના તપનું ફળ પણ તેઓ દાન કરતા હોય છે. આ પ્રક્રિયાથી વિશ્વમાં ઉદ્‌ભવેલાં અનિષ્ટકારક સ્પંદનો એક એક મનુષ્ય પછી બીજા માણસને કષ્ટ ન આપતાં તે જ્યાંથી ઉદ્‌ભવ્યાં ત્યાં જ પાછાં સમાઈ જાય છે. એટલે કે મૂળ બિંદુસ્થાનમાં જાય છે. આને તિરોધાન કહે છે.

થોડા પુણ્યના કાર્ય બદલ વિશેષ શુભ મળે છે તેને અનુગ્રહ કહે છે. સ્વામીજી કહે છે, "હે ભક્ત, ક્રિયાયોગ સિદ્ધાંત પ્રમાણે સૃષ્ટિ, સ્થિતિ, લય, આ તિરોધાન અનુગ્રહને મેં સ્પષ્ટ સમજાવ્યું. તેં ધ્યાનમાં જોયેલા યવન દેખાતા સાધુમાં (શિરડીના સાઈબાબા) ભવિષ્યમાં શ્રીપાદશ્રીવલ્લભની શક્તિ વિશેષ રીતે પ્રવાહિત થશે. લીમડાના વૃક્ષ પાસેની ભૂમિગત ગુફાના ચાર સ્તંભદીપને તું જોઈ શક્યો તે એક અસાધારણ કીમિયો છે. શ્રીપાદશ્રીવલ્લભસ્વામીએ કોઈ મહાન ઉદ્દેશથી તને આ પ્રકારનો અનુભવ કરાવ્યો. તેનો આંતરિક હેતુ કેવળ તેમને જ ખબર."

શ્રીપાદશ્રીવલ્લભની લીલા ખૂબ અગમ્ય હોય છે. તેનો ગૂઢાર્થ ફક્ત તેમને જ ખબર હોય છે. તેમના સિવાય અન્ય કોઈને તેનો ગૂઢાર્થ ખબર પડતો નથી. તેમાં પણ દેવરહસ્યો હોઈ શકે છે. તેમની સંમતિથી જ હું તેનું વિવરણ કરી શક્યો. સમગ્ર સૃષ્ટિ તેમની નજર તળે હોય છે. તે જ તેમનું પ્રમાણ છે. તેઓમાં તે જ શ્રેષ્ઠ છે. વિશ્વનિયંતા પણ તેઓ જ છે. તેઓ યોગસિદ્ધ છે. તેઓ પરિમાણ પરિભૂતિ, પરિમિતિ અને તોલમાપથી તોલાય તેવા નથી.

શ્રી પળની સ્વામીએ કરેલું વર્ણન સાંભળી મારું મન આનંદવિભોર થયું. હું ઉડિપી ક્ષેત્રથી નીકળ્યો. કુરવપુર જતાં વચ્ચે આવી કેટલીય ચિત્રવિચિત્ર ઘટનાઓ બનતી હતી. આ બધી જ લીલાઓને ગ્રંથસ્થ કરવા માટે શ્રી ગુરુસાર્વભૌમની અનુમતિ લેવી તેવો વિચાર કરી શ્રીપાદશ્રીવલ્લભના દર્શન કરી તેમની સાથે વિચારવિનિમય કરવા વિચાર્યું.

શ્રી પળની સ્વામી મારા મનોભાવ લીલા વડે સમજ્યા. તેઓએ કહ્યું:- તારા મનના ભાવની મને જાણ થઈ છે. ભવિષ્યમાં ભક્તોના હિત માટે શ્રીપ્રભુના ચરિત્રને ગ્રંથસ્થ કરવાનું તેં નક્કી કર્યું છે. શ્રીપ્રભુ તારા પ્રયત્નને જરૂર આશીર્વાદ આપશે. ત્યાર પછી શ્રી પળની સ્વામીએ માધવને તેની ધ્યાનની અનુભૂતિ વિશે કહેવા જણાવ્યું. માધવે પોતાનો અનુભવ કહેવાની શરૂઆત કરી:

શ્રીપાદશ્રીવલ્લભના જન્મસ્થળે શ્રીની પાદુકા,
: શ્રીપાદશ્રીવલ્લભ, શ્રી દત્તાત્રેય અને શ્રી નૃસિંહસરસ્વતીની મૂર્તિઓની પ્રતિષ્ઠા :

શ્રી પળની સ્વામી બોલ્યા:- હે ભક્ત શંકર, તેં દર્શન કર્યા તે શ્રીપાદશ્રીવલ્લભની માતાનું ઘર એ જ તારી બધી શક્તિઓને આકર્ષિત કરનાર સ્થળ અને તે જ શ્રીપાદશ્રીવલ્લભનું જન્મસ્થળ છે. ત્યાં જે પાદુકાઓ છે તેની નીચે પાતાળમાં અનેક સહસ્ત્ર વર્ષોથી તપશ્ચર્યારત ઋષિઓ છે. તારી દૃષ્ટિએ પડેલા શ્રીપાદપ્રભુના જન્મસ્થળે જ શ્રીની પાદુકાઓનું પ્રતિષ્ઠાપન થશે. શ્રી પાદુકાની સ્થાપના પછી કેટલાંક વરસે પુષ્કળ પ્રયત્ન કર્યા પછી શ્રીપાદશ્રીવલ્લભ ચરિત્રામૃત પ્રકાશિત થશે. તેં જે સ્થળે

બેસીને ધ્યાન કર્યું ત્યાં શ્રીપાદશ્રીવલ્લભ, તેના પૂર્વાવતાર શ્રી દત્તાત્રેય અને તેમના પશ્ચાદ્‌વર્તી અવતાર શ્રીનૃસિંહસરસ્વતીની મૂર્તિઓની સ્થાપના કરવામાં આવશે. તે પછી તે વિસ્તારમાં વિસ્તૃત લીલાઓ થશે.


તે પછી શ્રી પળની સ્વામી થોડી વાર મૌન રહ્યા. અમારી ગુફાની નજીક જે યુવકનું શબ દાટેલું તેને બહાર કાઢવા આજ્ઞા કરી. શબને બહાર કાઢ્યા પછી તેમણે પ્રણવનો ઉચ્ચાર શરૂ કર્યો "શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે". એમ વ્યાઘ્રેશ્વર શર્મા મોટેથી જયઘોષ કરતો હતો. શ્રી પળની સ્વામીએ નવયુવકના ભૌતિક શરીરમાં પ્રવેશ કર્યો. ઉંમરથી વૃદ્ધ થયેલા પળની સ્વામીના જર્જરિત શરીરને વ્યાઘ્રરૂપમાં સ્થિત વ્યાઘ્રેશ્વર શર્મા નજીકની નદીમાં પ્રવાહિત કરવા લઈ ગયા.

નૂતન શરીરમાં પ્રવેશ કરેલા પળની સ્વામીએ આજ્ઞા કરી. તમે બંને આ જ ક્ષણે અહીંથી વિદાય લો. હે ભક્ત માધવ, તું વિચિત્રપુર પાછો જા. ભક્ત શંકર, તું તિરુપતિ મહાક્ષેત્રમાં જા. હે માધવ, તેં તારા સૂક્ષ્મ શરીર વડે પીઠિકાપુરમ્‌ના પુણ્યશાળી આત્માનાં દર્શન કર્યાં. આ જન્મમાં તારે માટે તે જ બસ છે. "શ્રીપાદશ્રીવલ્લભ- અનુગ્રહપ્રાપ્તિરસ્તુ." તે જ ક્ષણે માધવે વિચિત્રપુર તરફ પ્રયાણ આદર્યું. હું તિરુપતિ તરફ જવા નીકળ્યો. શ્રીપાદપ્રભુની લીલાનો કદી પણ અંત નથી એ જ સત્ય.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૪ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત


પરમહંસ પરિવ્રાજકાચાર્ય સમર્થ સદ્‌ગુરુ શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામીમહારાજ, માણગાંવ
યતિવરકને ગરુડેશ્વરે વા જાઉં વાસુદેવની?
વા અન્ય નૂતન વેષથી તું ક્યાં ફરે કે' હે મુનિ!

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૫

શંકર ભટ્ટનું તિરુપતિમાં આગમન
કાણિપાકમાં તિરુમલદાસ સાથે મુલાકાત
શ્રીપાદશ્રીવલ્લભના અનુગ્રહથી શંકર ભટ્ટની શનિ પીડાનું નિવારણ

મારો યાત્રાપ્રવાસ ચાલુ હતો. મહાક્ષેત્ર તિરુપતિમાં હું આવી પહોંચ્યો. ત્યાં મને પૂર્વે કદી પણ ન અનુભવેલી શાંતિનો અનુભવ થયો. તિરુપતિ મહાક્ષેત્રમાં પુષ્કરણી નદીમાં સ્નાન કરી ભગવાન વેંકટેશ્વરનાં દર્શન કર્યાં. મંદિરના પ્રાંગણામાં જ હું ધ્યાનસ્થ થયો. ધ્યાનમાં શ્રી વેંકટેશ્વરને સ્ત્રીસ્વરૂપે જોયા. બાલાત્રિપુરસુંદરીના રૂપમાં જોયેલી મૂર્તિ થોડી જ ક્ષણોમાં પરમેશ્વરના રૂપમાં પરિવર્તન પામી. તે પછી તે મહાવિષ્ણુના સ્વરૂપમાં બદલાઈ.

ધ્યાન દરમ્યાન જ તે મૂર્તિ ચૌદ વર્ષની ઉંમરના અતિ સુંદર કાયાવાળા બાળ યતિના સ્વરૂપમાં પ્રગટ થઈ. તે બાળ યતિની દૃષ્ટિ અતિ અમૃતમય હોવાનો અનુભવ થયો. તેમનાં નેત્રદ્વયમાંથી હજારો માતાઓના વાત્સલ્યનો જાણે કે વરસાવ થઈ રહ્યો હતો. તેટલામાં જ તે બાળ યતિ પાસે એક કાળા રંગનો કદરૂપો મનુષ્ય પહોંચ્યો. તેણે બાળ યતિને કહ્યું: શ્રીપાદશ્રીપ્રભુ આપ સમગ્ર જગતનું નિયંત્રણ કરનાર છો. તમારા શંકર ભટ્ટને આજથી સાડાસાતીનો પ્રારંભ થાય છે. (અઢી-અઢી -અઢી- એમ ત્રણ તબક્કે કુલ સાડા સાત વર્ષ સુધી શનિ ગ્રહને લીધે જાતકને રહેતી થતી કષ્ટદાયક દશા.) આ વિશ્વમાં વિવિધ પ્રકારનાં કષ્ટો છે. તે બધાંનો તેને અનુભવ કરાવીશ. પ્રભુની આજ્ઞા માટે પ્રતીક્ષામાં ઊભો છું.

કરુણાસાગર પ્રભુ બોલ્યાઃ હે શનિશ્વર, તું કર્મકારક છે. જીવોને તેમના કર્મફળનો અનુભવ કરાવી તેમને કર્મમુક્ત કરે છે. તું તારા ધર્મને અનુસરી કર્તવ્ય કર. આશ્રિતજનોનું રક્ષણ કરવું તે મારી પ્રતિજ્ઞા છે. આથી મારા ભક્ત શંકર ભટ્ટને તારાથી થયેલા કષ્ટમાં મદદ કરી તેમાંથી કેમ છૂટકારો કરાવીશ તે તું જો. શ્રીપાદપ્રભુ અને શનિ ભગવાનનું ઉપર પ્રમાણેનું સંભાષણ થયા પછી બંને મારા ધ્યાનમાંથી અદૃશ્ય થયા. તે પછી ભગવન્નમૂર્તિનું ધ્યાન કરવું અઘરું હતું. મારી શનિ પીડાનો સમય શરૂ થયો. શ્રીપાદપ્રભુની સહાય દ્વારા મને કષ્ટોમાંથી મુક્તિ મળશે તેવો દૃઢ વિશ્વાસ હતો. હું તિરુમલાથી તિરુપતિમાં આવ્યો.

તિરુપતિના રસ્તા પર હું મારી ઈચ્છા મુજબ જઈ રહ્યો હતો. મારું મન સાડાસાતીને લીધે ચંચળ હતું. તેટલામાં એક વાળંદ મળ્યો. તેણે મને બળજબરીથી થોભાવ્યો. તે કહેવા લાગ્યોઃ- "તું વીસ વર્ષ પહેલાં ઘેરથી નાસી ગયેલો સુબય્યા જ છે ને? તારાં મા-બાપ ખૂબ ચિંતા કરે છે. તારી પત્ની હવે ઉંમરલાયક અને ઋતુમતી થઈ છે. તું તેની સાથે સુખપૂર્વક સંસાર કર અને બાળબચ્ચાં સાથે આનંદથી રહે."

મેં તે વાળંદને કહ્યુંઃ- "અરે, હું શંકર ભટ્ટ નામનો કર્ણાટક પ્રાંતમાં રહેનારો બ્રાહ્મણ હાલમાં યાત્રાળુ છું. પુણ્ય ક્ષેત્રે હું યાત્રા કરી રહ્યો છું. હું દત્તભક્ત છું. દત્ત ભગવાન શ્રીપાદશ્રીવલ્લભના નામરૂપથી અવતર્યા છે. આ સાંભળીને હું કુરુગુડ્ડી જવા નીકળ્યો છું. પરમ પવિત્ર ગાયત્રીના સોગંદ ખાઈને કહું છું કે હું બ્રહ્મચારી છું અને તમે કહો છો તે સુબય્યા વાળંદ નથી."

ત્યાં પુષ્કળ લોકો એકઠા થયાં. ત્યાં મારું સાંભળનાર કોઈ ન હતું. પ્રત્યેક મનુષ્ય કોઈ ને કોઈ રીતે મારી નિંદા કરતા હતા. મને સુબય્યા નામના વાળંદને ઘેર લઈ જવામાં આવ્યો. સુબય્યાના માતા-પિતા મને જ પોતાનો પુત્ર સમજી મને અનેક પ્રકારે સમજાવતા હતા. તે માતા-પિતા કહેતા હતાંઃ હવે તું અમને કદી પણ છોડીને જઈશ નહીં. ઉંમરલાયક અને ઋતુમતી સ્ત્રીનો ત્યાગ કરવો એ મહાન અપરાધ છે. એકઠા મળેલા માણસોમાંથી એક બોલ્યોઃ- સુબય્યા દાઢી મૂછને લીધે અલગ દેખાય છે. દાઢી મૂછ અને વાળ કપાવ્યા પછી પહેલાંની જેવો જ દેખાશે! આ સલાહ બધાંને ગળે ઊતરી. મેં અનેક વખત કહ્યું કે હું સુબય્યા નથી

પરંતુ મારી વાત કોઈએ ગણકારી નહીં.

બળજબરીથી મારી હજામત કરી દાઢી મૂછ કાઢી નાખ્યાં. મારા ગળાની જનોઈ પણ તે લોકોએ કાઢી નાખી. મારી સાન ઠેકાણે લાવવા તેમના ઓળખીતા એક તાંત્રિક (ભૂતવૈદ)ને બોલાવવામાં આવ્યો. ભૂત કાઢનારા વૈદે ચિત્રવિચિત્ર વેશભૂષા ધારણ કરી હતી. તેની ક્રૂર ખૂંખાર નજર જોઈને જ મારા અંતઃકરણમાં ધ્રૂજારીની એક શીત લહર ઉત્પન્ન થઈ. બીકથી હું થરથર કાંપતો હતો. મને બાંધવામાં આવ્યો. ચપ્પુથી મારા માથામાં ઘા કરવામાં આવ્યો. ચપ્પુથી કરેલા ઘા પર લીંબુનો રસ રેડવામાં આવ્યો તે પછી બીજા પણ જડીબુટ્ટીના રસ રેડવામાં આવ્યા. મારે માટે આ બધું જ અસહ્ય હતું. પરંતુ, મને તેમાંથી છોડાવનારું કોઈ ન હતું.

આટલી ત્રાસદાયક યંત્રણા છતાં હું તેમને વશ ન થયો એટલે તેઓ બોલવા લાગ્યાઃ- સુબય્યાને બ્રાહ્મણ ભૂતે ગ્રસી લીધો છે. આથી આ જનોઈનો આગ્રહ રાખી મંત્રો બક્યા કરે છે. તિરુપતિના બ્રાહ્મણો પણ આ સાંભળી સ્તબ્ધ થયા. આ યાત્રાળુ સુબય્યા વાળંદ જ છે. તેને બ્રહ્મરાક્ષસે પછાડ્યો છે એમ જ તેઓ માનવા લાગ્યા. મને તિરુપતિના મોટા મોટા વિદ્વાન બ્રાહ્મણો પાસે લઈ જવામાં આવ્યો. હું કન્નડભાષી સ્માર્ત બ્રાહ્મણ છું. ભારદ્વાજ ગોત્રોત્પન્ન બ્રાહ્મણ છું. મને ચમક ચમક આવડે છે. હું સંધ્યાવંદન કરી શકું છું, આ બધી વાતો પર ત્યાંના બ્રાહ્મણોને વિશ્વાસ ન હતો. વાળંદ જ્ઞાતિના માણસોનું કહેવું હતું કે સુબય્યાને એક કન્નડ બ્રાહ્મણ ભૂતે ઝપટમાં લીધો છે. તેની યોગ્ય ચિકિત્સા કરી પૂર્વવત્ કરી દો. આ પ્રમાણેની વિનંતી તે જનસમુદાય ત્યાંના બ્રહ્મવૃંદ પાસે કરવા લાગ્યો.

ચપ્પુથી થયેલા ઘાથી મને ચક્કર આવવા લાગ્યાં. મારું રુદન કેવળ અરણ્યરુદન જેવું જ રહ્યું. હું ભાનમાં આવ્યો ત્યારે મારી સામે મારા જેવો જ પરંતુ શ્યામ તેજવાળો એક વિકૃત આકારનો મનુષ્ય બેઠો હોય તેમ મને જણાયું. તે મારી સાથે સંભાષણ કર્યા વગર મારામાં સમાઈ ગયો. મારી સાથે તદાકાર થયો. સાડાસાતીને લીધે સાડા સાત વર્ષ મારે કષ્ટ ભોગવવું પડશે તેની કલ્પના આવી ગઈ. પ્રારંભ અહીંથી જ થયો હતો. શ્રીપાદશ્રીવલ્લભ જ આ સમયમાં મારું રક્ષણ કરશે એવો મને દૃઢ વિશ્વાસ હતો.

તેવી વિપરિત પરિસ્થિતિમાં પણ હું મનમાં શ્રીપાદશ્રીવલ્લભનું સ્મરણ કરતો હતો. શ્રીચરણોનું નામસ્મરણ કરવાથી મારો ત્રાસ ઓછો થવાની શરૂઆત થઈ. ભૂત ઉતારનાર વૈદ (ભૂવો) માત્ર મરઘાં, બકરાનો બલિ આપીને ચિત્રવિચિત્ર પૂજા કરતો હતો. મને પરેજીવાળો આહાર આપવામાં આવ્યો. સુબચ્યાને બ્રાહ્મણ ભૂતે ગ્રસી લીધો હોવાથી તેને શાકાહાર જ આપવો જોઈએ તેમ માંત્રિકનું માનવું હતું. શ્રીપાદશ્રીવલ્લભની કૃપાને લીધે જ મને શાકાહાર આપવામાં આવ્યો એવું મને સમાધાન થયું.

ત્રણ દિવસ મેં તીવ્ર નરકયાતના ભોગવી. આવા સંકટમાં પણ હું શ્રીચરણોનું સ્મરણ ચાલુ રાખવાનું ભૂલ્યો નહિ. આથી ચોથા દિવસે સંકટો આવવાનું બંધ થયું. તે લોકો મારા શરીર પર ચિત્રવિચિત્ર પ્રયોગ કરતા હતા. માંત્રિક વચ્ચે વચ્ચે મને ચાબુક ફટકારતો હતો, જે મારાથી સહન ન થતાં "શ્રીવલ્લભઃ શરણં શરણં મમ" એવી દીનતાભરી આંસુ ભરેલી આંખો સાથે શ્રીવલ્લભપ્રભુ પાસે હું યાચના કરતો. શ્રીદત્ત ભગવાનની અનન્ય ભાવે સેવા કરનારને આવી નરકયાતના ભોગવવી પડે તેનું મને આશ્ચર્ય થતું હતું.

તેટલામાં એક વિચિત્ર અનુભવ થયો. મારી પર ચાબુકનો જોરથી વાર થયો. પરંતુ, મને બિલકુલ ત્રાસ ન થયો. જ્યારે ચાબુક મારનાર માંત્રિક રડવા લાગ્યો. માંત્રિક મને મારતો હતો, પરંતુ તેનો માર તે પોતે જ ખાતો હતો અને તેની વેદના તેને પોતાને થતી જણાઈ. આમ કેમ બન્યું તેનું તેને જ આશ્ચર્ય થતું હતું. તે મારી તરફ ગાંડાની જેમ વિચિત્ર નજરે જોતો હતો. મારી સાથે આ શ્રીની લીલા છે તેમ જાણીને મને આનંદ થયો અને મારા મુખ પર આછું સ્મિત ફરક્યું. હું પરેજીવાળું સાદું ભોજન કરતો હતો. પરંતુ, મને સ્વાદે તે મધુર લાગતું.

મેં પેટભર જમવાની શરૂઆત કરી. ભોજન એટલે શ્રીપાદપ્રભુનો પ્રસાદ એમ સમજીને ભક્ષણ કરતો હતો. માંત્રિક માત્ર તેને ગમતી બકરાની તથા મરઘાંની વાનગી ખાતો હોવા છતાં તેને તે વિષ જેવી લાગતી હતી. તેની તબિયત નરમ થતી જતી હતી. હવે તે મને ત્રાસ આપવાનું છોડીને ફક્ત મંત્ર, પૂજા ઇત્યાદિ વિધિમાં સમય પસાર કરતો હતો. મારો ઈલાજ શરૂ થયાના પાંચમે

દિવસે તેનું ઘર બળી ગયું. તે ઘરમાં બિલકુલ અગ્નિ ન હતો. તેમ છતાં, બધાંના દેખતાં અગ્નિ પ્રગટ થયો અને જોતજોતામાં બધું રાખમાં પલટાયું. છઠ્ઠા દિવસે તે નિરાશ થઈ સુબચ્યાને ઘેર ગયો અને ખિન્નતાથી કહ્યું:- સુબચ્યાને વળગેલું બ્રાહ્મણ ભૂત વ્યવસાયથી માંત્રિક હતું. તેણે મારા ઘરને માંત્રિક પ્રયોગથી બાળી દીધું.

હવે માંત્રિક વેતાળ અને તેવી અનેક ક્ષુદ્ર શક્તિને પ્રસન્ન કરવા વિવિધ પ્રકારની પૂજા કરવી પડશે અને તે માટે વધુ ને વધુ ધન જોઈશે તેમ કહેવા લાગ્યો. મંત્ર તંત્ર કશું જ કામમાં લાગે તેવું ન હતું. પરંતુ વધુ ને વધુ ધન ખંખેરવાનો માંત્રિકનો આશય હોય તેમ મને લાગ્યું. વિધિના વિધાનને માન આપી સુબચ્યાની પત્નીને મારી પત્ની તરીકે સ્વીકારવાનો સમય આવે તો તેના જેવી શરમજનક બીજી કોઈ વાત નથી તે સ્પષ્ટ હતું અને તેવી પરિસ્થિતિમાં ન્યાય સાથેનો મોટો વિશ્વાસઘાત કયો હોઈ શકે તે વિષે મારું મન ચકરાવે ચઢ્યું. મને કાંઈ સમજાતું ન હતું.

મારું કાળજુ ચિરાતું હોય તેવો અનુભવ હું કરતો હતો. મેં સુબચ્યાના માતા-પિતાને હાથ જોડી વિનંતી કરી હે મારાં મા-બાપ! તમારી સર્વ સ્થાવર સંપત્તિ વેચીને આ માંત્રિકની મોહજાળમાં ફસાશો નહિ. મારી તબિયત સારી છે. હું તમને મારાં માતા-પિતાની જેમ જ આદરણીય માનું છું. આટલું આત્મીય વચન સાંભળતાં જ મને માંત્રિક તરફથી મુક્તિ મળી. સુબચ્યાના માતા-પિતાને ખૂબ આનંદ થયો. તેમની આંખો ભીની થયેલી જોઈ મારી આંખો પણ ભીની થઈ. પરસ્ત્રી માતા સમાન હોય છે તે શાસ્ત્રવચન હોવાથી આવનારા સંકટમાંથી મારી રક્ષા કરો, ધર્મભ્રષ્ટ ન થવા દેશો. આ પ્રમાણે અત્યંત દીનતાથી મનોમન હું શ્રીપાદની પ્રાર્થના કરતો હતો.

મારો ઈલાજ શરૂ થયા પછી મારી શુશ્રૂષા કરનારી સુબચ્યાની પત્ની તરફ જોઈ મેં કહ્યું:- મારી બાબતમાં તારું શું મંતવ્ય છે? હું જ સાચેસાચ સુબચ્યા છું એ વાતમાં તને વિશ્વાસ છે? મારા પ્રશ્નના જવાબમાં તે બોલી:- હું બે વર્ષની હતી ત્યારે મારું લગ્ન થયેલું. અત્યારે મારી ઉંમર ૨૨ વર્ષની છે. તમે જ મારા પતિ છો કે નહિ તે એક માત્ર પરમેશ્વર જ જાણે છે. બીજા કોઈને તેની ખબર નથી.

નૂતન યૌવનમાં પ્રવેશ કરેલી પત્નીને જોઈ કોઈ પણ પતિ સ્થિર રહી શકે નહીં. તમે ઘણો જ ત્રાસ સહન કરવા છતાંય મને પત્ની તરીકે સ્વીકારી નહિ અથવા સ્પર્શ પણ કર્યો નથી. આ બધાં ગુણો ઉચ્ચ સંસ્કાર મેળવેલા મનુષ્યમાં જ હોઈ શકે છે.

તમારા વિશે મને કોઈ ભાવના નથી. મેં કુળાચાર પ્રમાણે ધર્મ અનુસાર જીવન જીવવાનો સંકલ્પ કર્યો છે. જો તમે મારા પતિ હો તો આ ચરણદાસીને છોડી જશો નહીં. મારા પતિએ ગૃહત્યાગ કર્યે ૨૦ વર્ષ થયાં. મારો વિવાહ બાળપણમાં જ થયો અને તે પણ મારી સમજ-જાણ બહાર. આ કારણોને લીધે તમે મારો પત્ની તરીકે સ્વીકાર કરી શકો છો. હું તમારા માર્ગદર્શન પ્રમાણે જીવન વ્યતીત કરીશ. તમે જેમનું સતત સ્મરણ કરો છો તે શ્રીપાદશ્રીવલ્લભનું સ્મરણ કરીશ. આ જટિલ સમસ્યાનું ધર્મસંમતિપૂર્વક નિરાકરણ કરે તેવી પ્રાર્થના તે સદ્‌ગુરુ મહારાજના ચરણે કરીશ.

સુબચ્ચાની પત્નીનું વક્તવ્ય મને યુક્તિસંગત લાગ્યું. મેં તેને કહ્યું: શ્રીપાદશ્રીવલ્લભ સાક્ષાત્ દત્ત પ્રભુ જ છે. આ કલિયુગમાં તેમણે અવતાર લીધો છે. હાલમાં તેઓ કુરવપુરમાં જ નિવાસ કરે છે. ભક્તોની ભાવના અનુસાર તેમની પ્રતિક્રિયા હોય છે. શ્રીપાદશ્રીવલ્લભને સદ્‌ગુરુના સ્વરૂપમાં સ્મરણ કરવાથી સદ્‌ગુરુ જેવા જ અનુભવો પ્રાપ્ત થાય છે. પરમાત્મા સ્વરૂપે સ્મરણ કરતાં તેઓ જ પરમાત્મા છે તે સિદ્ધ કરે છે. તું પણ શ્રીપાદશ્રીવલ્લભનું નામસ્મરણ કર. અચૂક કર્તવ્યનો બોધ થશે. બધાં જ લોકોને આનંદમય ફળ મળશે.

તે દિવસે વાડામાં ભવિષ્યકથન કરનાર એક ભવિષ્યવેત્તા આવ્યો. તે ભવિષ્યવેત્તા પાસે તાડપત્રી ગ્રંથ હતો. અમારા વાડામાં તેની ભવિષ્યવાણીથી તે બધાંનો આદરપાત્ર બન્યો. તેને મળતા બધા લોકોનું ભૂત, ભવિષ્ય અને વર્તમાન તે અદ્‌ભુત પ્રકારે કહેતો. તેની પાસે તાડપત્ર ગ્રંથ એટલે કે તાડીગ્રંથ હતા. આ પ્રકારના તાડપત્ર ગ્રંથમાં જોઈ ભવિષ્ય કહેવાની પદ્ધતિ રમલશાસ્ત્ર નામથી ઓળખાય છે. તેમાં ગ્રથિત વિષય અચૂક હોઈ તેણે કહેલી ભવિષ્યવાણી અક્ષરશઃ સાચી પડે છે તેમ તેનું કહેવું હતું.

સુબચ્યાના પિતાને સાંત્વન મળે તે માટે તે અમારા ઘેર પણ આવ્યો. તેણે મને થોડી કોડીઓ હાથમાં ઝાલવા આપી અને તે નીચે નાખવા કહ્યું. તે પછી તેણે કેટલીક ગણતરી કરી અને તાડપત્રી ગ્રંથોમાંથી એક તાડપત્ર કાઢી તે વાંચવાની શરૂઆત કરી.

પ્રશ્નાર્થ માણસ શંકર ભટ્ટ નામનો કાનડી (કન્નડ) બ્રાહ્મણ છે. દત્તાવતારી શ્રીપાદશ્રીવલ્લભના ચરિત્રનું લખાણ આ જ બ્રાહ્મણ કરશે. પૂર્વજન્મમાં આ બ્રાહ્મણ અને તેનો મિત્ર કંદુકૂટ આ શહેરની નજીક આવેલા મોગલી ચર્લા ગામમાં જન્મ્યા. જુગાર રમવો તે તેમનો વિશેષ શોખ હતો. તે ગામમાં દત્તનું એક સ્વયંભૂ મંદિર હતું. આ બ્રાહ્મણ દત્તમંદિરના પૂજારીના નાના ભાઈ તરીકે જન્મ્યો. મોટા ભાઈની ગેરહાજરીમાં નાનો ભાઈ દત્ત ભગવાનની પૂજા અર્ચા કરતો.

દત્તમંદિરના પ્રાંગણમાં જ નાનો ભાઈ તથા તેનો મિત્ર જુગાર રમવામાં મગ્ન રહેતા. જુગાર રમવો અને તે પણ દેવમંદિરના પ્રાંગણમાં તે કેટલો અધર્મ છે અથવા અનાચાર છે તેની તે બંનેને જાણે કે પરવા ન હતી. એક દિવસ જુગાર રમતાં તેણે વિચિત્ર શરત મૂકી. તેનો મિત્ર જો જુગારમાં જીતે તો દાવમાં લગાડેલી રકમ તે મિત્રને મળે અને જો નાનો ભાઈ જીતે તો તેના મિત્રે પોતાની પત્ની તેને આપવી. આ કરારના સાક્ષી તરીકે તેમણે દત્ત પ્રભુને રાખ્યા અને જુગારનો દાવ રમવા શરૂઆત કરી.

પોતાની હાજરીમાં ધર્મ વિરુદ્ધ રમત ચાલી રહી છે તે દત્ત ભગવાન જોતા હતા. તે દાવમાં શંકર ભટ્ટ વિજયી થયા. શંકરના મિત્રે પોતાની પત્ની આપવાની સ્પષ્ટ ના પાડી. ઝઘડાએ મોટું સ્વરૂપ લીધું. કુટુંબના વડીલ માણસો ભેગાં થયાં અને દત્ત ભગવાનની હાજરીમાં આવું દુરાચારયુક્ત કૃત્ય થયું તે માટે તેમને ખેદ થયો. (મંદિરનો પૂજારી કે તેનો ભાઈ જુગાર જેવી બદીમાં ફસાય એ કેટલું દુર્ભાગ્યપૂર્ણ કહેવાય?)

પરસ્ત્રીનો મોહ કરી તેને અધર્મના માર્ગે પ્રાપ્ત કરવાની ઈચ્છા દર્શાવ્યા બદલ શંકરના માથા પર ઊકળતું ગરમ તેલ રેડીને શિક્ષા કરવાનું મોટેરાંઓએ નક્કી કર્યું. જુગારમાં પોતાની પત્નીને દાવમાં લગાડનારને શિક્ષા તરીકે તેનું અંગછેદન કરી

નપુંસક બનાવવો તેમ નક્કી થયું. આ પ્રમાણે શિક્ષા કરીને તે બંનેને ગામ બહાર કાઢી મૂકવા, તેવો ચૂકાદો પંચાયતે આપ્યો. ચુકાદાનો અમલ કડક રીતે કરવામાં આવ્યો. શંકર ભટ્ટે પૂર્વજન્મમાં થોડો સમય દત્ત ભગવાનની સેવા કરવાનું પુણ્ય પ્રાપ્ત કર્યું હતું. આથી, આ જન્મે દેવભક્તિ તેનામાં છે. તેના મિત્ર કંદકૂટ એટલે આ જન્મે સુબય્યાએ પોતાના કર્મફળ અનુસાર એક વાળંદ કુટુંબમાં પરંતુ અતિ પવિત્ર ક્ષેત્ર તિરુપતિમાં જન્મ લીધો.

સુબય્યાનું મન ચંચળ હોવાથી ગાંડપણમાં તે લગ્ન પછી નાસી ગયો. ભોળા સ્વભાવની સુબય્યાની પત્ની એકદમ નિર્દોષ છે. તેના પતિવ્રતના પ્રભાવથી સુબય્યાની ચંચળતા ઓછી થઈ રમલશાસ્ત્ર સાંભળ્યાના બીજા દિવસે સુબય્યા ઘેર પાછો આવશે. તે દિવસે શંકર ભટ્ટ છૂટશે. શંકર ભટ્ટને લાગુ પડેલી શનિની સાડાસાતી શ્રીપાદશ્રીવલ્લભના અનુગ્રહથી સાડા સાત દિવસમાં જ સમાપ્ત થશે.

ભગવાનને સાક્ષી રાખી અનુચિત સંકલ્પ કરવાથી અથવા અધર્મ આચરવાથી દત્ત પ્રભુ દ્વારા આકરામાં આકરી (કઠોર) શિક્ષા કરવામાં આવે છે. સુબય્યાના મનની ચંચળતા દૂર થવા માટે શંકર ભટ્ટના પુણ્યમાંથી થોડું ખર્ચ થયાનું ચિત્રગુપ્તના ચોપડે નોંધાયું છે. કર્મનો સિદ્ધાંત અત્યંત સૂક્ષ્મતાથી કામ કરતો હોય છે. આ સનાતન સત્યને ખ્યાલમાં રાખી પ્રત્યેક જીવે હંમેશાં સત્કર્મ જ આચરવું, દુષ્કર્મ કદી પણ ન આચરવું.

શ્રીપાદશ્રીવલ્લભની જન્મપત્રિકા પ્રમાણે તેમની અવતાર સમાપ્તિ પછી થોડાં શતકો બાદ ત્રિપુર દેશના અક્ષયકુમાર નામના જૈન ધર્મીય ગૃહસ્થ દ્વારા શ્રી પીઠિકાપુરમાં શ્રીપ્રભુની માહિતી પહોંચશે. તે પહેલાં સદ્‌ગુરુ-કીર્તિ-વિલાસની માહિતી આપનાર "શ્રીપાદશ્રીવલ્લભ ચરિત્રામૃત" નામનો ગ્રંથ પ્રકાશિત થશે.

શ્રીવલ્લભની કરુણાનું વર્ણન કયા શબ્દોમાં થઈ શકે? બીજા જ દિવસે સુબય્યા પોતાને ઘેર પાછો ફર્યો. તેના મનની ચંચળતા દૂર થઈ તે સ્વસ્થચિત્ત થયો હતો. સુબય્યાની પત્નીને મેં બહેન માની. સુબય્યાના માતાપિતાની પરવાનગી લઈ હું ચિત્તુર

જિલ્લાના કાણિપાકં ગામે પહોંચ્યો.

કાણિપાકં ગ્રામ ચિત્તુરથી થોડા જ અંતરે છે. તે ગ્રામમાં વરદરાજ સ્વામીનું મંદિર, મણિકંઠેશ્વર સ્વામીનું મંદિર, વરસિદ્ધિ વિનાયકનું મંદિર ઇત્યાદિ આવેલાં છે. હું દેવદર્શન કરી બહાર આવ્યો. ત્યાં એક મોટો વિશાળ કૂતરો ઊભો હતો. મને તે શ્વાનની બીક લાગી. આથી હું ફરી વરસિદ્ધિ વિનાયકના મંદિરમાં પાછો ગયો. થોડો સમય ભગવાનનું ધ્યાન કરી ફરી હું મંદિર બહાર આવ્યો. હવે ત્યાં એકને બદલે બે ઊંચા કદાવર શ્વાનો ઊભા હતા.

આજે હવે કાળભૈરવના વાહન દ્વારા બચકું ભરાવાનું નક્કી છે એમ મને બીક લાગી. હું પુનઃ મંદિરમાં પાછો ફર્યો. મંદિરના પૂજારીને મારું વર્તન વિચિત્ર લાગ્યું. તેણે પૂછ્યુંઃ તું ક્ષણે ક્ષણે બહાર જઈ પાછો કેમ આવે છે? તેનું કારણ શું? મેં મારી બીકનું કારણ દર્શાવ્યું. પૂજારીએ કહ્યુંઃ તે કૂતરા એક ધોબીના પાલતુ કૂતરાં છે. તે ધોબી દત્તભક્ત છે. શ્રીપાદશ્રીવલ્લભ નામે શ્રીદત્ત ભગવાને જન્મ લીધો છે તેમ તે કહેતો ફરે છે. ધોબીઓને મંદિરમાં આવવા પર પ્રતિબંધ નથી તેમ છતાં, તે પોતે મંદિરમાં આવતો નથી. તેના કૂતરાંઓને મોકલે છે. હું સ્વામીના પ્રસાદનું પોટલું બાંધી આપું છું. તે પ્રસાદ તે કૂતરાં સ્વીકારી તે ધોબીને આપે છે.

તેં બે જ કૂતરાં જોયા તેમ કહ્યું. એકંદર ચાર કૂતરાં આવે એટલે હું પ્રસાદ આપું છું. બીજા બે કૂતરાં આવ્યા કે કેમ તે આપણે જોઇશું. અમે બંને બહાર આવ્યા ત્યારે ચારેય શ્વાનો આવી ગયા હતા. પૂજારીએ પ્રસાદનું પોટલું આપ્યું. તે ચારે કૂતરાંઓએ મને ચારેબાજુથી ઘેરી લીધો. પૂજારીએ કહ્યુંઃ- કૂતરાંની મરજી પ્રમાણે તું તે દત્તભક્ત ધોબી પાસે જા. ત્યાં જવું તારે માટે શુભકારક જ બનશે!

મારા જીવનની પ્રત્યેક ઘટના શ્રીપાદશ્રીવલ્લભના નિર્દેશથી જ ઘટે છે, તેવો મારો દૃઢ વિશ્વાસ હતો. સુબચ્યાના ઘરમાં બનેલી ઘટના પરથી જાતિ, કુળ ઇત્યાદિના જડ ભેદ ન હોવા જોઈએ તેમ હું માનતો થયો. એક ચંડાળ બ્રાહ્મણ કુળમાં જન્મ લઈ

શકે છે અને આ જન્મમાં બ્રાહ્મણકુળમાં જન્મેલી વ્યક્તિ બીજા જન્મમાં ચંડાળ તરીકે જન્મ લઈ શકે. મનુષ્ય જાતે કરેલાં પાપપુણ્યનાં પોટલાં ઊંચકી જન્મજન્માંતરના કર્મપ્રવાહમાં તણાતો જાય છે.

: શંકર ભટ્ટ અને તિરુમલદાસનો સંવાદ :

હું ધોબીઓ જે ગલીમાં રહેતા હતા તે ગલીમાં આવ્યો. તિરુમલદાસ નામનો તે ધોબી ૭૦ વર્ષનો વૃદ્ધ હતો. તે તેની ઝૂંપડીમાંથી બહાર આવ્યો. મેં ઘરમાં પ્રવેશ કર્યો. તેણે મને પલંગ પર બેસાડ્યો. બ્રાહ્મણત્વનો અહંકાર મારો પૂર્ણપણે નષ્ટ થયો હતો. શ્રીપાદશ્રીવલ્લભનો ભક્ત કોઈ પણ હોય તે મને આત્મીય જેવો જ લાગતો. વરસિદ્ધિ વિનાયકના મંદિરમાંથી આવેલો પ્રસાદ તેણે મને ખાવા આપ્યો. તે પ્રસાદ મેં આદરપૂર્વક ગ્રહણ કર્યો. તે પછી તિરુમલદાસે તેનું વક્તવ્ય શરૂ કર્યું.

: આઈનવિલ્લીના ગણપતિ જ શ્રીપાદશ્રીવલ્લભ તરીકે પ્રગટ્યા :

તિરુમલદાસે કહેવાનો પ્રારંભ કર્યોઃ- હે ભક્ત! આજનો દિવસ મારે માટે પરમ ભાગ્યનો દિવસ છે. આજે મને તમારાં દર્શનનો લાભ થયો. તમે મારે ઘેર ક્યારે આવશો, માલ્યાદ્રિપુર તેમ જ શ્રી પીઠિકાપુરના વિશેષ સમાચાર મને ક્યારે આપશો તેની ઉત્સુકતાથી રાહ જોઈ રહ્યો છું. હે ભક્ત શંકર ભટ્ટ, તેં વરસિદ્ધિ વિનાયકનો પ્રસાદ સ્વીકાર્યો. તું આજે જ શ્રીપાદશ્રીવલ્લભના ચરિત્રામૃતના શ્રીગણેશ કર. તને શ્રીપાદશ્રીવલ્લભનો આશીર્વાદ કુરવપુરમાં પ્રાપ્ત થશે. તિરુમલદાસે પોતાનો પૂર્વવૃત્તાંત કહેવાની શરૂઆત કરી.

હું પૂર્વજન્મમાં એક વેદપંડિત હતો. પરંતુ, પરમ લોભવૃત્તિ મારામાં હતી. મારા મૃત્યુના સમયે તાજું જન્મેલું વાછરડું જૂના કપડાંના ચીંથરાને મોંમાં મમળાવતું જોઈ મેં દીકરાઓને જણાવ્યું, તે જૂના ચીંથરાને સાચવીને રાખજો. મૃત્યુ સમયે મલિન વસ્ત્રો પર નજર રાખી પ્રાણત્યાગ કર્યો તેથી મલિન વસ્ત્રો ધોનાર ધોબી જાતિમાં જન્મ થયો. મૃત્યુ સમયે જ સંકલ્પ સાથે

પ્રાણત્યાગ કરીએ તે અનુસાર બીજા જન્મ પ્રાપ્ત થાય છે. મારી પૂર્વપુણ્યાઈને લીધે જ હું ગર્તપુરી (ગુંટર) મંડળના (જિલ્લાના) પલ્યનાડુ પ્રાંતના માલ્યાદ્રિપુર ગામમાં જન્મ્યો. તે જ માલ્યાદ્રિપુર સમય વીતતાં મલ્લાદિ નામથી ઓળખાવા લાગ્યું.

મલ્લાદિ ગામમાં મલ્લાદિ નામથી બે વંશો હતા. મલ્લાદિ બાપન્નાવધાની નામના મહાપંડિત હરિતસ્ ગોત્રના હતા. મલ્લાદિ શ્રીધર અવધાની નામના બીજા મહાપંડિત કૌશિક ગોત્રના હતા. શ્રીધર અવધાનીની બહેન રાજમામ્બાનો વિવાહ બાપન્નાવધાનીની સાથે થયો. ગોદાવરી મંડળ (જિલ્લો) અંતર્ગતના આઈનવિલ્લિ ગામમાં ગણપતિ મહાયાગમાં આ બંને પંડિતો હાજર હતા. શાસ્ત્ર અનુસાર છેલ્લી આહુતિનો સ્વીકાર ગણપતિ સ્વયં પોતાની સૂંઢ દ્વારા કરશે અને પોતાનું સ્વર્ણ કાંતિયુક્ત સ્વરૂપનું દર્શન આપશે, તેવું પંડિતોનું મંતવ્ય હતું.

યજ્ઞ સમાપ્તિ સમયે ગણપતિએ સ્વર્ણકાંતિમાં દર્શન આપ્યાં અને છેલ્લી આહુતિ તેમની સૂંઢમાં સ્વીકારી. ગણપતિ ભગવાને આશીર્વાદ આપતાં કહ્યું:- હું પોતે જ પૂર્ણ કલાથી ગણેશ ચતુર્થીના દિવસે શ્રીપાદશ્રીવલ્લભ સ્વરૂપે અવતાર લઈશ. યજ્ઞમાં આવેલા બધાં જ લોકો આશ્ચર્યચકિત થયા. તે સભામાં ત્રણ માણસો નાસ્તિક હતા. તેમણે શંકા કરી કે દેખાય છે તે બધું ઇંદ્રજાલ કે મહેન્દ્રજાલ છે, ગણપતિ તો નથી જ. જો ગણપતિ સ્વયં હોય તો ફરી દર્શન કરાવો.

: કાણિપુર વિનાયકનો મહિમા :

હોમકુંડની વિભૂતિએ માનવ આકાર ધારણ કર્યો. પછી તે મહાગણપતિ સ્વરૂપમાં રૂપાંતરિત થયો. મહાગણપતિના મુખથી શબ્દો નીસર્યા:- હે મૂર્ખ લોકો, ત્રિપુરાસુરના વધ માટે ભગવાન શિવે, બલિચક્રવર્તીનો નિગ્રહ કર્યા પૂર્વે વિષ્ણુએ, શિવનું આત્મલિંગ લઈ જનાર રાવણનો વિરોધ કરવા ભગવાન વિષ્ણુએ, મહિષાસુરનો વધ કરતાં સમયે પાર્વતીએ, ભૂભાર ઊંચકતા પહેલાં આદિશેષે, સર્વ સિદ્ધિઓ સિદ્ધ થતાં પૂર્વે સિદ્ધ મુનિઓએ પ્રપંચ સામે વિજય મેળવવા આ જ પ્રમાણે સકળ દેવતાઓએ

મારી આરાધના કરી મન્મથ પ્રાપ્ત કર્યું.

અહીં સર્વ શક્તિઓનો હું જ ભંડાર છું. હું સર્વશક્તિમાન છું. રાક્ષસ શક્તિ પણ મારામાં જ સ્થિત છે. સર્વ વિઘ્નકર્તા પણ હું જ છું. સર્વ પ્રકારના વિઘ્નોનો હર્તા પણ હું જ છું. દત્તાત્રેય એટલે કોણ? હરિહરપુત્ર ધર્મશાસક તે જ દત્તાત્રેય. વિષ્ણુરૂપમાં બ્રહ્મારૂપ વિલીન થયું તે જ દત્તરૂપ, ધર્મશાસકરૂપમાં ગણપતિ ષણ્મુખરૂપ વિલીન થયું તે રૂપ પણ દત્તરૂપ જ છે. દત્તાત્રેય એ સર્વકાળ ત્રિમૂર્તિ સ્વરૂપ જ હોય છે. શ્રીપાદશ્રીવલ્લભરૂપમાં મહાગણપતિ હોવાથી ગણેશચતુર્થીના દિવસે તેમનો અવતાર થશે. તેમનામાં સુબ્રહ્મણ્યનું તત્ત્વ હોવાથી તે કેવળ જ્ઞાન અવતાર તરીકે ઓળખાશે. ધર્મશાસક તત્ત્વને લીધે તે રૂપ સમસ્ત ધર્મ, કર્મનું આદિ મૂળ સમજવામાં આવશે. આ અવતાર માત-પિતાના સંયોગના ફળ સ્વરૂપ નહિ હોય. જ્યોતિ સ્વરૂપ જ માનવાકૃતિનું રૂપ લેશે.

શ્રી ગણપતિએ તેમની નિંદા કરનારને શાપ આપતાં કહ્યું કેઃ- કોઈની પાસે શંકા સમાધાન કરવા જઈશ નહીં; અથવા કોઈની શંકાનું સમાધાન આપતાં કહ્યું કેઃ- સત્ય સ્વરૂપ નરી આંખે જોવા છતાંય તેને તમે અસત્ય કહ્યું. આથી, તમારા પૈકી એક આંધળો જન્મશે. સત્યસ્વરૂપની પ્રશંસા ન કરતાં તેની મશ્કરી કરી. આથી, તે નિંદક મૂંગો જન્મશે. આટલા વિશાળ ભક્તજન સમુદાયે તે સત્ય બાબત (ગણપતિ મહિમા) તરફ દુર્લક્ષ કરી તે બાબત ન સાંભળી તેથી તે બહેરા તરીકે જન્મ લેશે. તમે ત્રણે જણ બંધુરૂપે જન્મશો. મારી સ્વયંભૂ મૂર્તિનું દર્શન લીધા પછી જ તમે દોષરહિત થશો.

હે ભક્ત, તે ત્રણેય આ કાણિપાકંમાં બંધુસ્વરૂપે જન્મ્યા. ત્રિમૂર્તિને દોષ આપવાથી ઘોર અનર્થ થાય છે. આ ત્રણેય ભાઈઓ એક-એક એકર જમીનની ખેતી કરી ગુજરાન ચલાવતા હતા. ખેતરના પગથિયે એક કૂવો હતો. કોશથી પાકને પિયત આપવાની સગવડ કરી હતી. એક વર્ષ દુષ્કાળ પડ્યો. જમીનનું પાણી સુકાઈ ગયું. એક દિવસ કૂવાનું પાણી પણ વપરાઈ ગયું. આથી ત્રણેય

ભાઈઓ પાવડો-કોદાળી લઈ માટી કાઢવા લાગ્યાં. માટી નીચે આવેલા પથ્થર પર પાવડો લાગવાથી લોહીનો ફૂવારો છૂટ્યો. લોહીનો હાથને સ્પર્શ થતાં જ મૂંગાને વાચા આવી. કૂવો જળથી ભરાવા લાગ્યો. પાણીનો સ્પર્શ થવાથી બહેરો સાંભળતો થયો. ત્રીજા આંધળાએ પાણીમાંના પથ્થરને સ્પર્શ કરતાં તેનું અંધત્વ ગયું. તે સ્વયંભૂ વિનાયકની પાષાણમૂર્તિના માથા પર પાવડો લાગવાથી ચૈતન્યમય મૂર્તિના શરીરમાંથી રક્તસ્રાવ શરૂ થયો. તે સ્વયંભૂ મૂર્તિને બહાર કાઢવામાં આવી.

કાણિપુરમાં વરસિદ્ધિ વિનાયકની પ્રતિષ્ઠા કરવા સત્યઋષિશ્વરનું નામ પામેલા બાપન્નાવધાની અને તેમના સાળા શ્રીધર અવધાની ગામમાં આવ્યા. વરસિદ્ધિ વિનાયક પંડિત દેવને કહે છેઃ- મહાભૂમિમાંથી આ (મૃત્યુ) લોકમાં આવ્યો. પૃથ્વી તત્ત્વ પર અવતાર લીધો. આ તત્ત્વ સમયાંતરે અનેક રૂપમાં રૂપાંતરિત થશે. જળતત્ત્વમાં, અગ્નિતત્ત્વમાં, વાયુતત્ત્વમાં, આકાશતત્ત્વમાં મારું અવતરણ થયું જ છે. આઈનવિલ્લી ગામમાં તમે યોજેલા યજ્ઞની ભસ્મમાંથી જ આ રૂપ ધારણ કર્યું છે. પાછળના કર્તવ્યનો આદેશ આપું છું. શ્રીશૈલમાં કલા (૧૬ નહિ) ઓછી છે. સૂર્યમંડળના તેજનો ત્યાં શક્તિપાત કરવો જોઈએ.

તમે શ્રીશૈલમાં શક્તિપાત કરશો તે જ દિવસે ગોકર્ણમાં, કાશીમાં, બદરીમાં, કેદારમાં એક જ સમયે મારા વિશેષ અનુગ્રહથી શક્તિપાત થશે. શ્રીપાદશ્રીવલ્લભના અવતરણનો સમય નજીક આવી રહ્યો છે. હે શ્રીધર! તારા કુટુંબનું નામ શ્રીપાદ તરીકે બદલું છું. કૌશિક ગોત્રીય વંશજો, આજથી તમે શ્રીપાદ અટકથી ઓળખાશો.

હે શંકર, મલ્યાદિપુરથી સત્યઋષીશ્વર અને શ્રીધર પંડિત પીઠિકાપુરમાં નિવાસાર્થે ગયા. મેં શ્રીપાદશ્રીવલ્લભની અનેક બાળલીલાઓ નજરો સામે જોઈ. જે આવતી કાલે હું તને સવિસ્તર કહીશ. મારી પ્રથમ પત્ની થકી મને એક પુત્ર થયો. તેનું નામ રવિદાસ છે. તે કુરવપુરમાં જ રહે છે. શ્રીપાદ ભગવાનની યથાશક્તિ સેવા કરે છે. હું શ્રીપાદપ્રભુની આજ્ઞાનુસાર કાણિપુરમાં જ દ્વિતીય પત્ની અને પુત્ર સાથે કુળ વૃત્તિ અનુસાર રહું છું.

તું પીઠિકાપુરમાં અનેક મહાનુભાવને મળીશ. વેંકટપૈય્યા શ્રેષ્ઠી નામના વણિકને મળીશ ત્યારે, અનેક મહત્ત્વની માહિતી તને મળશે. તે શ્રેષ્ઠીને (વણિકને) શ્રીપાદપ્રભુ વેંકટપૈય્યા શ્રેષ્ઠીના ઉપનામથી બોલાવે છે. શ્રી શ્રેષ્ઠીના વંશજો પર શ્રીપાદરાજનો અભય હસ્ત છે. વત્સવાઈ ઉપનામ ધરાવનાર નરસિંહ વર્માને પણ જઈને મળ. તેમનો શ્રીપાદપ્રભુ સાથે ઘનિષ્ટ સંબંધ છે. તારા દ્વારા રચાનાર શ્રીપાદચરિત્રને શ્રીચરણોના આશીર્વાદ પ્રાપ્ત થશે. તેં લખેલા ગ્રંથથી અન્ય બીજો કોઈ પણ ગ્રંથ શ્રીપાદરાજની સંપૂર્ણ પ્રકારની માહિતી આપનાર ચરિત્ર નહિ હોય. આ શ્રી ચરણોની આજ્ઞા છે.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૫ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૬

નરસાવધાનીનું વૃત્તાંત

બીજા દિવસનાં જપ-ધ્યાન આદિ સમાપ્ત થયાં, તે પછી તિરુમલદાસે પોતાની વાક્‌ધારા વહાવતાં કહ્યું:

હે ભક્ત, શ્રીપાદશ્રીવલ્લભ ચરાચર સૃષ્ટિનું મૂળરૂપ છે. તેઓ વટવૃક્ષ સમાન છે. તેમના બધા જ અંશાવતાર વિવિધતા ધરાવનારી વડવાઈઓ સમાનછે. તે જ વડવાઈઓ ફરી જમીનમાં જઈ સ્વતંત્ર તત્ત્વ પ્રમાણે દેખાય છે. પરંતુ, તેમનો આધાર વટવૃક્ષ જ છે. દેવદાનવથી શરૂ કરી સમસ્ત પ્રાણીમાત્રને તેમનો જ આધાર છે. તેમના દ્વારા જ સમસ્ત શક્તિઓને શક્તિ પ્રાપ્ત થાય છે. પુનઃ તે જ શક્તિઓ તેમનામાં જ વિલીન થાય છે. પર્વતની ટોચ પર પહોંચેલી વ્યક્તિને પર્વત પર આવતા દરેક રાસ્તા એકસરખા ભાસે છે. તે જ પ્રમાણે બધા જ પ્રકારના સંપ્રદાયના લોક દત્ત તત્ત્વમાં સમન્વય પામે છે.

પ્રાણીમાત્રને કાંતિનું એક તેજવલય હોય છે. હું પીઠિકાપુરમાં રહેવા આવ્યો ત્યારે ત્યાં એક યોગી આવ્યો. તે યોગી વિગ્રહના કાંતિવલય વિશે માહિતી આપતો. તે દરેક વ્યક્તિની કાંતિ (AURA) કયા રંગની છે તેમજ તે કેટલે દૂર સુધી વ્યાપ્ત રહી છે, ફેલાયેલી છે તે અચૂક કહેતો. તેણે કુક્કુટેશ્વર મંદિરમાં જઈ સ્વયંભૂ દત્ત ભગવાનની સૂક્ષ્મ કાંતિ કયા રંગની છે તેમજ તે કેટલે દૂર સુધી વ્યાપી રહી છે તેનું નિરીક્ષણ કરવાનું નક્કી કર્યું.

તે યોગીને સ્વયંભૂ દત્ત ભગવાનને બદલે શ્રીપાદશ્રીવલ્લભના દર્શન થયાં. તેમના મસ્તકની પાછળ વિદ્યુલ્લતા જેવી ધવલ કાંતિ અપ્રતિમપણે વ્યાપી રહેલી તેણે જોઈ. તે ધવલ કાંતિની પાછળ નીચેના ભાગે વ્યાપેલી નીલ (ભૂરા આકાશી)

રંગની કાંતિનાં તેને દર્શન થયાં. તે મૂર્તિ તે યોગીને કહેવા લાગીઃ- હે યોગી, બીજાનું સૂક્ષ્મ શરીર કેવા રંગનું તથા કાંતિ કેટલે દૂર સુધી વ્યાપ્ત છે, તે બધું જાણવાના પ્રયત્નોમાં તું અમૂલ્ય જીવનકાળ વ્યર્થ ખર્ચી ન નાખતો. તારા હિતનો પ્રથમ વિચાર કર. થોડા જ દિવસોમાં તારું મૃત્યુ નિશ્ચિત છે. સદ્‌ગતિ પ્રાપ્ત કરવાનો વિચાર કર. સર્વ સત્ય, સર્વ તત્ત્વમૂળનું મૂળ દત્ત એ હું જ છું. આ કલિયુગમાં પાદગયા ક્ષેત્રમાં મહાસિદ્ધ પુરુષોના, મહાન યોગીઓના, મોટા ભક્તોના પ્રેમ ભરેલા આમંત્રણને માન આપી મેં અહીં અવતાર લીધો છે.

ભગવાનના આ ઉપદેશથી તેની પૂર્વવાસનાનો નાશ થયો. સૂક્ષ્મ શરીરની કાંતિ વિશે માહિતી એકત્ર કરવાની શક્તિ શ્રીપાદશ્રીવલ્લભમાં જ વિલીન થઈ. તેણે શ્રીપાદશ્રીવલ્લભને ઘેર જઈ તેમનાં દર્શન કર્યાં અને ધન્ય થયો. સ્વચ્છ ધવલ કાંતિથી વ્યાપેલા શ્રીવલ્લભ નિર્મળ અને સંપૂર્ણ યોગાવતાર છે તેમ જ નીલ (ભૂરા આકાશી) રંગની કાંતિ, જેઓ પોતાની આસપાસ ધરાવે છે તેવા શ્રીપાદ અનંત પ્રેમ, કરુણાના સાગર છે એવી તેને જાણ થઈ. ધવલ કાંતિ નિર્મળતા તથા યોગ-તપસ્ચાને દર્શાવે છે જ્યારે ભૂરા રંગની કાંતિ પ્રેમ, કરુણાને દર્શાવે છે.

તે યોગીએ વિશ્રાંતિ લીધા પછી શ્રદ્ધાપૂર્ણ વિદ્વત્ ચર્ચા શરૂ થઈ. ચારેય વર્ણમાં વિભાજીત જીવોના સૂક્ષ્મ શરીરની કાંતિનો વર્ણભેદની દૃષ્ટિએ નિર્ણય લેવો કે કેમ? અથવા જન્મસિદ્ધ કુળગોત્રની દૃષ્ટિએ વિચાર કરવો જોઈએ? કયા વર્ણને માટે વેદોક્ત પદ્ધતિથી ઉપનયન કરવું? કયા વર્ણના લોકો માટે શાસ્ત્રોક્ત એટલે કે પુરાણોક્ત ઉપનયન કરવું? ઉપનયનમાં ભ્રૂમધ્યમાં સ્થિત ત્રીજા (જ્ઞાન) નેત્રનો સંબંધ હોય છે? જો ના હોય તો તેમાં કશું વિશેષ છે? મેધાવી લોકો એટલે શું? આ પ્રમાણે (ઉગ્ર) ચર્ચા ચાલતી હતી. પરંતુ, પંડિતોમાં મતૈક્ય ન હતું.

'સત્યઋષીશ્વર' ઉપનામ (પદવી) ધરાવતા મલ્લાદિ બાપન્નાવધાની "પીઠિકાપુર બ્રાહ્મણ પરિષદ"ના અધ્યક્ષ પીઠિકાપુરમાં હતા. તેમને લોકો શ્રદ્ધાથી બાપન્નાચાર્ય એમ પણ કહેતા હતા. તેઓ મુખ્યતઃ સૂર્યની, અગ્નિની ઉપાસના કરતા.

પીઠિકાપુરમાં યોજાયેલા એક યજ્ઞનું આધિપત્ય લેવાની વિનંતી તેમને કરવામાં આવેલી. યજ્ઞની સમાપ્તિમાં કુંભવૃષ્ટિ એટલે કે વર્ષા થઈ. (ગીતામાં કહ્યું છેઃ- યજ્ઞાદ્ ભવતિ પર્જન્યઃ ।) એકઠા થયેલા લોકોને અતિ હર્ષ થયો.

શ્રી રછવાઈ નરસિંહ વર્મા નામના ક્ષત્રિય ગૃહસ્થે શ્રી સત્યઋષીશ્વરને યજમાનના ગામમાં જઈ નિવાસ કરવો તેવી વિનંતી કરી. શ્રી બાપન્નાચાર્યનો નિયમ હતો કે યજ્ઞમાં દક્ષિણા તરીકે મળેલું ધન તથા સીધું (અનાજ વિગેરે) જ તેઓ સ્વીકારતા. તે દ્રવ્યમાં પણ શુદ્ધિ ન જણાય તો તેઓ તે સ્વીકારતા નહીં. શ્રી નરસિંહ વર્માની વિનંતીનો તેમણે સ્વીકાર કર્યો. શ્રી નરસિંહ વર્મા પાસે તેમને અત્યંત પ્રિય એવી એક કપિલા ગાય હતી. તેનું નામ ગાયત્રી હતું. તે ભરપૂર દૂધ દેતી. તે ગાય શાંત સ્વભાવની હતી.

એક દિવસે તે ગાયત્રી નામની ગાય ક્યાંક ખોવાઈ ગઈ કે રસ્તો ભૂલી ગઈ. શ્રી બાપન્નાચાર્ય જ્યોતિષશાસ્ત્રના ધુરંધર પંડિત હતા. આથી ગાયત્રી ગાય વિશે શ્રી નરસિંહ વર્માએ શ્રી બાપન્નાચાર્યને પૂછ્યું. શ્રી બાપન્નાચાર્યે જ્યોતિષશાસ્ત્રના આધારે તેમને જણાવ્યું કે તે ગાય હાલમાં શ્યામલાંબાપુરમ્ (સામલકોટા) ગામમાં ખાન સાહેબ નામનો કસાઈ રહે છે તેની પાસે છે. ત્વરિત ન પહોંચીએ તો ગાયનો વધ થવાની સંભાવના છે.

શ્રી નરસિંહ વર્માએ બાપન્નાચાર્ય સામે એક શરત મૂકી. બાપન્નાચાર્યના કહેવા પ્રમાણે શ્રી નરસિંહ વર્મા પ્રયત્ન કરશે અને જો ગાયત્રી પાછી મળે તો બાપન્નાચાર્યના પાંડિત્યનું બહુમાન કરવા શ્રી નરસિંહ વર્મા તેમને ત્રણ એકર ઉપજાઉ જમીન અને રહેવા માટે યોગ્ય ઘર આપશે. જો બાપન્નાચાર્ય તે ન સ્વીકારે તો ગાયને બચાવવાના પ્રયત્નો ન કરતાં ગોહત્યા થાય તેનું પાપ બાપન્નાચાર્યને લાગે. બાપન્નાચાર્ય ધર્મસંકટમાં ફસાયા. ગોહત્યા થવા દેવી તેના કરતાં પંડિત તરીકે બહુમાન સ્વીકારવું તેમ નક્કી કર્યું. ગાયત્રી ગાયની રક્ષા થઈ.

પીઠિકાપુરવાસીઓનું નસીબ ઊઘડ્યું. શ્રી બાપન્નાચાર્ય ત્રણ કળશી ધાન્ય ઉપજાવનાર ત્રણ એકર ભૂમિના માલિક થયા. તેમના નિવાસ માટે ઘરની વ્યવસ્થા થઈ. શ્રી બાપન્નાચાર્યને વેંકટાવધાની નામનો પુત્ર અને સુમતિ નામની કન્યા હતી. તેની

જન્મપત્રિકામાં સર્વ શુભ યોગો હોઈ તે ચાલતી ત્યારે મહારાણીને લજવે તેવી ચાલ અને લચક હોવાથી તેનું નામ સુમતિ મહારાણી પડ્યું.

શ્રી બાપન્નાચાર્યની કીર્તિ અલ્પ સમયમાં દશે દિશામાં પ્રસરી. ઘંડીકોટા અટક ધરાવનાર અપ્પલ લક્ષ્મી નરસિંહરાજ શર્મા નામનો ભારદ્વાજ ગોત્રીય આપસ્તંબ શાખાનો એક વિપ્ર બાળક પીઠિકાપુરમાં આવ્યો. તેને ત્યાં કાલાગ્નિશમન નામના (દત્ત ભગવાનના ષોડશાવતાર પૈકી એક આવિર્ભાવનું નામ) દત્ત ભગવાનની મૂર્તિ હતી. તે દત્તમૂર્તિ પૂજાના સમયે સ્પષ્ટ બોલતી. આદેશ પણ આપતી. નાનપણમાં જ અપ્પલરાજ શર્માએ તેના માતા-પિતાનું છત્ર ગુમાવ્યું હતું. આથી વ્યવહારિક દૃષ્ટિએ તે અનાથ હતો.

એક દિવસ પૂજાના સમયે કાલાગ્નિશમન દત્તમૂર્તિએ આદેશ આપ્યોઃ- "તું પીઠિકાપુરમાં હરિતસ્ ગોત્રના આપસ્તંબ સૂત્ર વૈદિક શાખાના મલ્લાદિ બાપન્નાચાર્યને ઘેર વિદ્યાભ્યાસ કરવા જા." શ્રી બાપન્નાચાર્યે દત્ત ભગવાનના આદેશ અનુસાર અપ્પલરાજ શર્માનો વિદ્યાર્થી તરીકે સ્વીકાર કર્યો. શ્રી બાપન્નાચાર્યે અપ્પલરાજ શર્માને માધુકરી ન માગવા દઈ તેના ભોજનની વ્યવસ્થા પોતાને ઘેર કરી.

શ્રી બાપન્નાચાર્ય શનિપ્રદોષનું વ્રત આચરતા અને તે દિવસે શિવારાધના કરતા. ઘરની સ્ત્રીઓ પણ તે દિવસે શિવવ્રત રાખતી. પ્રાચીન સમયે, નંદયશોદાને શનિપ્રદોષના દિવસે શિવારાધનાને લીધે શ્રીકૃષ્ણનું પાલનપોષણ કરવાનો સુયોગ સાંપડ્યો. બાપન્નાચાર્ય સાથે શ્રી નરસિંહ વર્મા, શ્રી વેંકટપૈય્યા શ્રેષ્ઠી અને બીજા વૈશ્ય લોકો પણ તેમાં સહભાગી થયા.

: શ્રી કુક્કુટેશ્વર ભગવાનના મુખથી આદેશ પ્રમાણે સુમતિ અને અપ્પલરાજનો વિવાહ :

એક દિવસ શનિપ્રદોષના દિવસે શિવપૂજાના સમયે કુક્કુટેશ્વર શિવલિંગમાંથી વિદ્યુત્કાંતિ પ્રકાશવા લાગી. તે જ સમયે

શિવલિંગમાંથી અવાજ આવ્યોઃ- હે ભક્ત બાપન્નાચાર્ય, તું તારી કન્યા સુમતિ મહારાણી અપ્પલરાજ શર્માને આપી તેની સાથે તેનો વિવાહ કર. તેને લીધે લોકકલ્યાણ જ થશે. આ દત્ત ભગવાનનો નિર્ણય છે. આ મહાનિર્ણયનું ઉલ્લંઘન કરવાનો આ સૃષ્ટિમાં કોઈ પણ વ્યક્તિને અધિકાર નથી. આ દેવવાણી ત્યાં હાજર વેંકટપૈય્યા શ્રેષ્ઠી, નરસિંહ વર્મા અને ત્યાં હાજર સર્વ ભક્તોએ સાંભળી. બધા જ આશ્ચર્યચકિત થયા.

ગોદાવરી મંડલ (જિલ્લો)માં આવેલા આઈનવિલ્લી ગામના અપ્પલરાજ શર્માના બંધુ મિત્ર પરિવારને આ ખબર કહેવડાવ્યા. વિવાહનો નિર્ણય થયો. અપ્પલરાજ શર્માને ઘરબાર ન હતું. તે માટે થોડો વિચાર ચાલતો હતો. વેંકટપૈય્યા શ્રેષ્ઠીએ કહ્યુંઃ- મારી પાસે ઘણાં ઘરો છે. તે પૈકી કોઈ એક ઘર અપ્પલરાજ શર્માને આપીશ. અપ્પલરાજ શર્મા દાન લેવા તૈયાર ન હતા. શ્રી વેંકટપૈય્યા શ્રેષ્ઠીએ અપ્પલરાજ શર્માના સગાંવહાલાં સાથે વિચારવિમર્શ કરી અપ્પલરાજ શર્માને મળનાર વડીલોપાર્જિત મિલકતની કીંમત આંકી. તેની કીંમત એક વરાહ (જૂના સમયનું ચલણ) નક્કી થઈ. શ્રી વેંકટપૈય્યા શ્રેષ્ઠીના ઘરની કીંમત બાર વરાહ નક્કી થઈ. બાકીના અગિયાર વરાહ મારી પાસે નથી એમ અપ્પલરાજ શર્માએ કહ્યું.

છેવટે વેંકટપૈય્યા શ્રેષ્ઠીએ કહ્યું કે હું મારા ઘરની કીંમત માત્ર એક જ વરાહ નક્કી કરું છું. દાનમાં ઘર લેવાનો તમને સંકોચ થતો હોય તો એક વરાહ મને આપી આ ઘર વેચાતું લો. શ્રી વેંકટપૈય્યા શ્રેષ્ઠીએ કહેલી વાત ધર્મસંમત છે એમ બધાં લોકોએ પણ કહ્યું.

શ્રી સુમતિ મહારાણી અને શ્રી અપ્પલ લક્ષ્મી નરસિંહ શર્માનો વિવાહ મહાપંડિતોના વેદઘોષથી મંગળ વાદ્યોના સૂરમાં ખૂબ જ ઠાઠમાઠથી પાર પડ્યો. શ્રીપાદશ્રીવલ્લભનો અવતાર અંધકારને દૂર કરવા માટે થયો છે. આથી, શ્રીપ્રભુએ કાળદેવતાને, કર્મદેવતાને શાપ આપ્યો. તે શાપને અનુરૂપ અજ્ઞાનાંધકારના પ્રતીક સ્વરૂપ જન્માંધ શિશુ અને અપ્રાકૃતિક પ્રગતિનું સ્વરૂપ દર્શાવનાર પંગુ બાળક એમ બે પુત્રો અપ્પલરાજ શર્માને પ્રાપ્ત થયાં.

પોતાના બંને બાળકો આ રીતે અપંગ હોવાથી સુમતિ અને અપ્પલરાજ શર્મા અત્યંત દુઃખી હતાં. આઈનવિલ્લી ગામમાં વિઘ્નેશ્વરનું એક મંદિર છે. શ્રી અપ્પલરાજ શર્માના દુઃખનું નિવારણ કરવા તેનાં સગાંવહાલાંઓએ ત્યાં મહાપૂજા કરી અને તેનો પ્રસાદ પીઠિકાપુરમ્ લઈ આવ્યા. સુમતિ અને અપ્પલરાજે તે પ્રસાદ અત્યંત આદરથી ગ્રહણ કર્યો. તે જ દિવસે રાત્રે સુમતિ મહારાણીને સ્વપ્નમાં ઐરાવતના દર્શન થયાં. તે પછી કેટલાક દિવસે તેને શંખ, ચક્ર, ગદા, પદ્મ, ત્રિશૂળના, વિવિધ દેવતાઓના, ઋષિઓના, સિદ્ધ પુરુષોના, યોગીઓના સ્વપ્નમાં દર્શન થયાં. કેટલાક દિવસો પછી તેને તેવા દિવ્ય દર્શનો જાગ્રત અવસ્થામાં પણ થવા લાગ્યાં. આંખો મીંચી કે ચિત્રપટ પ્રમાણે દિવ્ય કાંતિમય તપસમાધિમાં મગ્ન યોગીઓ, ઋષિ મુનિઓના તેને દર્શન થવા લાગ્યાં.

: દેવતાઓના જન્મ નક્ષત્ર અને સુમતિના પ્રસવકાળ દરમ્યાનના નક્ષત્ર વચ્ચેનો સંબંધ :

સુમતિ મહારાણીએ પોતાના પિતાને દિવ્ય અનુભવ વિશે સવિસ્તર કહ્યું. પિતાએ કહ્યું:- આ સર્વ લક્ષણો મહાપુરુષના જન્મ માટે શુભસૂચક છે. સુમતિ મહારાણીના મામા શ્રીધર પંડિતે કહ્યું: બાઈ! સુમતિ, રવિ (સૂર્ય)નું જન્મ નક્ષત્ર વિશાખા અને શ્રીરામાવતારનો સંબંધ છે. કૃત્તિકા ચંદ્રનું જન્મ નક્ષત્ર છે. એને અને શ્રીકૃષ્ણાવતારને સંબંધ છે. પૂર્વાષાઢા નક્ષત્રમાં જન્મેલા અંગારક (મંગળ)નો શ્રી લક્ષ્મીનરસિંહ અવતાર સાથે સંબંધ છે. શ્રવણ નક્ષત્રમાં જન્મેલા બુધને બુદ્ધાવતાર સાથે સંબંધ છે. પૂર્વા ફાલ્ગુની નક્ષત્ર સાથે જન્મેલા બૃહસ્પતિને વિષ્ણુઅંશ સાથે સંબંધ છે. પુષ્ય નક્ષત્રમાં જન્મેલા શુક્રનો ભાર્ગવરામ સાથે સંબંધ છે. રેવતી નક્ષત્રમાં જન્મેલા શનિનો કૂર્માવતાર સાથે સંબંધ છે. ભરણી નક્ષત્રમાં જન્મેલા રાહુનો વરાહ અવતાર સાથે સંબંધ છે. આશ્લેષા નક્ષત્રમાં જન્મેલા કેતુનો મત્સ્યાવતાર સાથે સંબંધ છે. તેં મને પ્રશ્ન પૂછ્યો, તે સમય દૈવી રહસ્ય સાથે સંબંધ ધરાવે છે. કોટી ગ્રહો, નક્ષત્રોને, બ્રહ્માંડની સ્થિતિ-ગતિને નિર્દેશ આપનાર દત્ત પ્રભુ જ જન્મ લેશે તેમ મને નિશ્ચિત લાગે છે.

: દત્ત પ્રભુ- નિત્ય વૈભવ વિભૂતિ :

પોતાના દિવ્ય અનુભવો અને શ્રીધર પંડિતનું મંતવ્ય સુમતિ મહારાણીએ અપ્પલરાજ શર્માને કહ્યાં. અપ્પલરાજ શર્માએ જવાબ આપતાં કહ્યું:- "હું પૂજા સમયે કાલાગ્નિશમન દત્ત ભગવાનને પૂછીશ. કાલાગ્નિશમન દત્તાત્રેયની પૂજા કરતી વખતે બીજા કોઈએ પણ તે જોવી નહીં તેવો નિયમ છે. પૂજાની સમાપ્તિ પછી દત્ત ભગવાન માનવરૂપમાં બોલે છે. વાર્તાલાપ થયા પછી તેઓ મૂર્તિમાં વિલીન થઈ જાય છે. આવો અમારો રોજનો નિયમ છે. સામાન્ય પ્રશ્ન કે વૈયક્તિક સ્વાર્થની વાત દત્ત ભગવાનને અમે કદી પૂછતા નથી."

તે દિવસે પૂજાના સમયે દત્ત ભગવાન પ્રસન્ન મુદ્રામાં હતા. પૂજાની સમાપ્તિ પછી તેઓ માનવાકારમાં સામે બેઠા અને "શ્રીધર, આવો" એમ સંબોધન કર્યું. દત્તમૂર્તિમાંથી એક રૂપ બહાર આવ્યું અને તેમની સામે ધ્યાનસ્થ અવસ્થામાં બેઠું. ફરી પોતાની આંગળીથી સંકેત કરી "શ્રીધર, આવો" એમ સંકેત કરતાં ત્વરિત જ તે રૂપ દત્ત ભગવાનમાં સમાઈ ગયું. અપ્પલરાજ શર્માને માટે બધું જ આશ્ચર્યજનક હતું. દત્ત ભગવાન કહેવા લાગ્યા:-

"તેં જે સ્વરૂપ અત્યારે જોયું તે આવતી શતાબ્દીમાં થનાર એકમાત્ર અંશાવતાર જ છે. મારામાં લીન થયેલા જીવન્મુક્તોને પણ મેં બોલાવતાં જ આવવું પડે છે અને 'જા' કહેતાં નાટકનું પાત્ર પડદા પાછળ જાય તે રીતે જવું પડે છે. મારી આજ્ઞાની ઉપરવટ તેઓ પણ જઈ જ શકતા નથી.

મારી લીલા વિભૂતિ કેવળ ભૂમિ પર જ પરિમિત નથી. આ સમગ્ર બ્રહ્માંડ મારા હાથમાં રમવાના દડા જેવું છે. હું એક જ લત્તાપ્રહાર કરી કોટી યોજન પાર કરું છું. હું જન્મ મૃત્યુથી અતીત છું." આમ કહીને દત્ત ભગવાને અપ્પલરાજ શર્માના ભ્રૂમધ્યમાં સ્પર્શ કર્યો. તરત જ અપ્પલરાજ શર્માને પૂર્વજન્મની સ્મૃતિ થઈ.

તેણે એક જન્મમાં વિષ્ણુદત્ત નામે જન્મ લીધો હતો અને તેની પત્ની સુમતિએ સોમ દેવમ્મા નામે જન્મ લીધો હતો. શ્રી દત્ત મહારાજ આગળ કહે છેઃ- મેં દત્તસ્વરૂપે દર્શન આપ્યાં હતાં અને તમારા મનમાં શી ઈચ્છા છે એમ પૂછ્યું હતું. તે દિવસે તમે મને પિતૃશ્રાદ્ધના દિવસે જમવા આવો તેમ આમંત્રણ આપ્યું હતું. સૂર્ય અને અગ્નિ સાથે શ્રાદ્ધનું અન્ન મેં ગ્રહણ કર્યું. તે દ્વારા તમારા પિતૃ દેવતાઓને શાશ્વત બ્રહ્મલોકની પ્રાપ્તિ કરાવી.

હું શ્રીપાદશ્રીવલ્લભ નામથી અવતાર લઈ ગત ૧૦૦ વર્ષથી આ ભૂમિ પર યોગીઓને, મહાપુરુષોને દર્શન આપું જ છું. પીઠિકાપુરમાં ભારદ્વાજ ઋષિએ સાવિત્રી કાઠક યજન (હોમ) ત્રેતાયુગમાં કર્યો હતો. તે સમયની હોમની ભસ્મ પર્વતની જેમ જામી ગઈ. સમયાંતરે તે ભસ્મ દ્રોણગિરિ પર્વત પર છાંટવામાં આવી. હનુમાનજી દ્રોણગિરિ પર્વત ઊંચકીને જતા હતા ત્યારે તેનો થોડો ભાગ ગંધર્વપુરમાં (ગાણગાપુરમાં) પડ્યો. ગંધર્વપુર ભીમા અને અમરજા નદીના પવિત્ર સંગમ પર વસેલું ગામ છે.

શ્રીપાદશ્રીવલ્લભના અવતારની સમાપ્તિ પછી હું મીન અંશ, મીન લગ્નમાં કરંજ નગરીમાં શુક્લ યજુર્વેદીય વાજસનેય માધ્યંદિન શાખામાં, નૃસિંહસરસ્વતી નામે જન્મ લઈ, ગંધર્વપુરમાં અનેક લીલા કરીશ. શ્રીશૈલના કદલીવનમાં ૩૦૦ વર્ષ તપોસમાધિ પછી 'સ્વામી સમર્થ' નામથી 'પ્રજ્ઞાપુરી' (અક્કલકોટ)માં નિવાસ કરીશ, જ્યારે શનિ મીન રાશિમાં પ્રવેશ કરશે ત્યારે તે શરીરનો ત્યાગ કરીશ.

દત્ત ભગવાનનું ઉપર મુજબનું વક્તવ્ય અપ્પલરાજ શર્માએ પોતાની ધર્મપત્નીને કહ્યું. ત્યારે સત્યઋષીશ્વર બાપન્નાચાર્ય બોલ્યાઃ- હે અપ્પલરાજ શર્મા, પૂર્વયુગના (ત્રેતાયુગના) જન્મમાં (વિષ્ણુદત્ત તરીકે) દત્ત ભગવાનને સૂર્ય અને અગ્નિને શ્રાદ્ધ ભોજન આપી તૃપ્ત કરનાર પુણ્યાત્મા તું છે. આ જન્મમાં કોઈ પણ સ્વરૂપે દત્ત ભગવાન ભોજન આપો એમ કહેશે. તે દિવસ પિતૃશ્રાદ્ધનો ભલે હોય, બ્રાહ્મણ જમ્યા પહેલાં પણ દત્ત ભગવાને ભોજનની માગણી કરી તો કોઈ પણ વિચાર ન કરતાં તેમને ભોજન અવશ્ય પીરસવું. બાઈ સુમતિ તારે આ વાત ખાસ યાદ રાખવાની.

હે ભક્ત શંકર ભટ્ટ! દત્ત ભગવાનની લીલાઓ અલૌકિક અને અત્યાર સુધી કદી પણ ન સાંભળેલી એવી અપૂર્વ છે. મહાલય અમાવાસ્યાનો દિવસ હતો. અપ્પલરાજ શર્મા પિતૃશ્રાદ્ધની વ્યવસ્થામાં હતા. તે જ સમયે દ્વાર આગળ એક અવધૂત આવીને ઊભો. "ભવતિ ભિક્ષાં દેહિ" એવો અવાજ સુમતિ મહારાણીએ સાંભળ્યો. બાપન્નાચાર્યની સલાહ સુમતિને યાદ હતી. તેણે કોઈ પણ બહાનું આગળ કર્યા સિવાય અવધૂતને ભિક્ષા પીરસી.

અવધૂતે સુમતિ મહારાણીને કહ્યું, "તારે જે માગવું હોય તે માગી લે." સુમતિ બોલી, મહારાજ આપ અવધૂત છો. તમારું વાક્ય એટલે સિદ્ધ વાક્ય જ છે. શ્રીપાદશ્રીવલ્લભનો અવતાર ભૂમિ પર જલદી થવાનો છે એમ વિદ્વાન લોકો કહે છે. દત્ત ભગવાન અત્યારે કયા રૂપમાં સંચાર કરે છે? સો વરસથી આ ભૂમિ પર દત્તાત્રેય ભગવાન શ્રીપાદશ્રીવલ્લભ સ્વરૂપે સંચાર કરે છે એમ મેં જાણ્યું છે. આપે મને "કોઈ વરદાન માગી લે" એમ કહ્યું. મને શ્રીપાદશ્રીવલ્લભનું સ્વરૂપ જોવાની ખૂબ જ તીવ્ર ઈચ્છા થઈ છે.

: શ્રીપાદશ્રીવલ્લભનો આવિર્ભાવ (પ્રાગટ્ય) :

સુમતિની ઈચ્છા સાંભળી તે અવધૂતે ત્રણેય ભુવનો ડોલી ઊઠે, ધરતીને ભૂકંપના ઝટકા લાગે તેવું વિકટ હાસ્ય કર્યું. સુમતિ મહારાણીને નજર સમક્ષનું સમગ્ર વિશ્વ ક્ષણાર્ધમાં જ અદશ્ય થતું જણાયું. તેની નજર સમક્ષ ૧૬ વર્ષનો એક સુંદર યુવાન યતિ ઊભો હતો. તેની વાણીમાંથી શબ્દો નીકળ્યા:- "માતા, હું જ શ્રીપાદશ્રીવલ્લભ છું. હું જ સ્વયં દત્ત છું. મારા અવધૂતના રૂપમાં તેં શ્રીપાદશ્રીવલ્લભનું રૂપ જોવાની ઈચ્છા વ્યક્ત કરી. તારી ઈચ્છા પૂર્ણ કરવા મેં તને શ્રીપાદશ્રીવલ્લભરૂપે દર્શન આપ્યાં. મારા શ્રીપાદશ્રીવલ્લભ રૂપમાં તું કોઈ પણ વસ્તુ માગી શકે છે. તેં મને જમાડી તૃપ્ત કર્યો. આથી હું તારા પર પ્રસન્ન છું. તું જે માગીશ તે વરદાન હું આપીશ."

"આ જગતમાં લોકોએ સંકલ્પરૂપમાં પાપકર્મ આચરતાં પાપનું ફળ પ્રાપ્ત થાય છે. સંકલ્પમાં પુણ્યકર્મ આચરતાં પુણ્યકર્મનું ફળ મળે છે. નિષ્કામ કર્મનું આચરણ કરતાં તે અકર્મ કહેવાય છે. એ સુકર્મ પણ નથી અને દુષ્કર્મ પણ નથી હોતું.

અકર્મને પુણ્ય કે પાપ એવું કોઈ પણ જાતનું ફળ નથી. માટે તેને બીજા પ્રકારનું અલૌકિક ફળ આપવું પડે છે. તે ભગવંતને આધીન હોય છે.

અર્જુને અકર્મ કરવાથી શ્રીકૃષ્ણે તેને કૌરવોને મારવા કહ્યું. તે પ્રકારે કૌરવોને મારતાં અર્જુનને પાપ લાગશે નહીં એમ શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું હતું. કૌરવોનો સંહાર ભગવાનનો નિર્ણય હતો. તમે દંપતીએ પણ વિશેષ અકર્મ કર્યું છે. માટે લોકહિતાર્થે પણ કોઈ પ્રકારનું પ્રતિફળ આપવું જોઈએ. નિઃસંદેહ તારી ઈચ્છા પ્રગટ કર, તે ઈચ્છા હું પૂરી કરીશ."

: શ્રીદત્તદર્શન પછી સુમતિ મહારાણીને સ્ફૂરેલો સંકલ્પ :

તે દિવ્ય મંગલ મૂર્તિને જોઈને સુમતિ મહારાણીએ શ્રીચરણોને વંદન કર્યાં. શ્રીપાદશ્રીવલ્લભે સુમતિ મહારાણીને ઊભાં કર્યાં. તેઓ બોલ્યાઃ- હે માતા, પુત્રને વંદન કરવાં તે અયોગ્ય છે. તેનાથી પુત્રનું આયુષ્ય ક્ષીણ થાય છે. ત્યારે સુમતિ કહેવા લાગીઃ- "શ્રીવલ્લભપ્રભુ, મને માતા તરીકે સંબોધન કર્યું તે તમારું સિદ્ધ વાક્ય સાચું ઠરો તેવી મારી માગણી છે. તું પુત્ર તરીકે જન્મ લે એવું વરદાન મને આપ."

દત્ત ભગવાને તથાસ્તુ" કહી આશીર્વાદ આપ્યા અને કહ્યુંઃ હું શ્રીપાદશ્રીવલ્લભરૂપે તારા ગર્ભમાં આવીશ. માતાએ પુત્રને વંદન કરવાં એટલે પુત્રનું આયુષ્ય ક્ષીણ કરવા બરોબર છે. આથી પુત્રરૂપે હું ૧૬ વર્ષ સુધી જીવન વ્યતીત કરીશ. સુમતિ વિચાર કરવા લાગી કે ફક્ત ૧૬ વર્ષનું જ આયુષ્ય? તે આક્રંદ કરતી વિલાપ કરવા લાગી. સુમતિનો વિલાપ દૂર કરવા શ્રીચરણ બોલ્યા "માતા ૧૬ વર્ષ સુધી પુત્રવત્ તમે જેમ કહેશો તેમ વર્તન કરીશ. શાસ્ત્રમાં કહ્યું છે કે સોળમા વર્ષે પુત્ર સાથે પણ મિત્રવત્ વર્તન કરવું જોઈએ. એટલે પુત્રવત્ વ્યવહાર તો ૧૬ વર્ષ સુધી જ શક્ય છે. પ્રાપ્તે તુ ષોડશે વર્ષે પુત્રં મિત્રવદાચરેત્ । પોતાની ઈચ્છા પુત્ર પર લાદવી ન જોઈએ. મારા પર લગ્નનું બંધન લાદશો નહીં. મને સંન્યાસી થઈ સ્વેચ્છાથી વિહાર કરવાની પરવાનગી આપવી." આટલું કહીને દત્ત ભગવાન ત્વરિત અદૃશ્ય થયા.

સુમતિ આશ્ચર્યચકિત થઈ. તેને કાંઈ સૂઝ પડતી ન હતી. શાંત ચિત્તે તેણે સર્વ વૃત્તાંત પોતાના પતિને સવિસ્તર કહ્યો. તેટલામાં અપ્પલરાજે કહ્યું:- સુમતિ હવે તું બીજો કોઈ વિચાર કરીશ નહીં. શ્રીદત્ત ભગવાન આ પ્રકારે આપણે ઘેર પધારશે તેમ તારા પિતાએ તને પ્રથમથી જ કહ્યું હતું. ભગવાન દત્તાત્રેય એ કરુણાના મહાસાગર છે. શ્રીપાદશ્રીવલ્લભનો જન્મ થવા દે. બાકીનું પાછળથી જોઈશું.

અપ્પલરાજના ઘેર ભિક્ષા માગવા અવધૂત આવ્યા તે વાત સમગ્ર ગામમાં ફેલાઈ. પિતૃદેવને પ્રિય એવી મહાલય અમાવસ્યાના દિવસે બ્રાહ્મણ જમતાં પહેલાં અવધૂતને ભિક્ષા પીરસી તે વિષય ચર્ચામાં ખાસ ચગ્યો. શ્રી બાપન્નાચાર્ય બોલ્યા:- શ્રીપાદશ્રીવલ્લભનો જન્મ થશે તેમ બધાં જ કહે છે. અવધૂતને સાષ્ટાંગ નમસ્કાર કરવા તે યોગ્ય જ છે, તેમાં સુમતિનો કોઈ દોષ નથી. પુત્રરૂપ જન્મ લીધા પછી માતા જો પુત્રને દંડવત્ પ્રણામ કરે તો બાળકનું આયુષ્ય જરૂર ક્ષીણ થાય. પરંતુ, અવધૂત સ્વરૂપને દંડવત્ પ્રણામ કરતાં તેમાં કોઈ ભૂલ નથી.

આ પ્રસંગથી પીઠિકાપુરના બધા જ બ્રાહ્મણોની ઈર્ષા વધી. ખાસ કરીને નરસાવધાની નામના પંડિતની ઈર્ષા ખૂબ જ વધી. અમાવસ્યાના દિવસે બધા જ પિતૃકાર્યમાં રત હતા. ભોક્તાઓનો (જમનાર) દુષ્કાળ જ હતો. શ્રાદ્ધ માટે ભિક્ષુક કેટલીક વાર નથી મળતો. શ્રી બાપન્નાચાર્યે શ્રી અપ્પલરાજને ઘેર શ્રાદ્ધ નિર્વિઘ્ને પાર પાડ્યું. શ્રી અપ્પલરાજ શર્મા કાલાગ્નિશમન (દત્ત ભગવાન)નું ધ્યાન ધરતા હતા. તેટલામાં ત્રણ ભોક્તા તરીકે ત્રણ અતિથિ આવ્યા. આ રીતે પિતૃકાર્ય નિર્વિઘ્ને પાર પડ્યું.

હે શંકર ભટ્ટ! તે દિવસે વૈશ્યોને વેદોક્ત ઉપનયનનો અધિકાર છે કે નહીં એ ચર્ચાનો મુખ્ય વિષય હતો. બ્રાહ્મણોની પરિષદ ભરાઈ. બંગાળ દેશમાંથી નવદ્વીપ ગામમાંથી આશુતોષ નામે પંડિત પાદગયા (પીઠિકાપુરમાં) ક્ષેત્રમાં આવ્યા હતા. તેમની પાસે અત્યંત પ્રાચીન તાડીગ્રંથો હતા. તેમને પણ પંડિત પરિષદનું આમંત્રણ હતું. બાપન્નાચાર્યે જણાવ્યું કે નિયમ-નિષ્ઠામાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય સમાન છે.

: શ્રીપાદના જન્મસમયે જોવામાં આવેલું અદ્‌ભુત દૃશ્ય :

એટલામાં મેં (શંકર ભટ્ટે) કહ્યું:- "મહારાજ, શ્રીપાદપ્રભુની લીલાઓનું વિસ્તારપૂર્વક વર્ણન કરી મને ધન્ય કરો." તિરુમલદાસ કહેવા લાગ્યા:- હે શંકર ભટ્ટ, નરસાવધાની બાપન્નાચાર્ય પર ગુસ્સે થયા અને યેનકેન પ્રકારે તેમનું અપમાન કરવાનું ઠરાવ્યું. નરસાવધાનીની બગલામુખી સાધના વિફળ થવાનું એકમાત્ર કારણ બાપન્નાચાર્ય જ છે એમ તેમને દૃઢપણે લાગ્યું. તાંત્રિક પ્રયોગથી બાપન્નાચાર્યે નરસાવધાનીની મંત્રસિદ્ધિ નિષ્ફળ કરી એવો અપપ્રચાર કરવાની નરસાવધાનીએ શરૂઆત કરી. તાડીગ્રંથમાં શ્રીપાદપ્રભુના અવતાર વિશે જે વિવરણ હતું તે તેમના મનને વિચલિત કરતું હતું. નાડીગ્રંથ એ મૂળતઃ અવિશ્વસનીય છે. બાપન્નાચાર્યે મત્સ્યાહારી બ્રાહ્મણને ભોજન આપ્યું. આ અનાચાર થયો છે તેવો નરસાવધાનીએ પક્ષ માંડ્યો. મનુષ્ય પૂર્ણ બ્રહ્મનો અવતાર કદાપિ હોઈ શકતો નથી તો પછી શૈશવ સ્વરૂપમાં બાળ શ્રીપાદશ્રીવલ્લભ સર્વાંતર્યામી, સર્વજ્ઞ, સર્વશક્તિમાન એવા દત્ત પ્રભુનો અવતાર કેવી રીતે હોઈ શકે?

શ્રીપાદપ્રભુએ શિશુવયમાં કરેલો પ્રણવોચ્ચાર, પારણામાં હતા ત્યારના અદ્‌ભુત પ્રસંગ અને બાળવયમાં જવલ્લે જ જોવા મળતી પ્રજ્ઞાનું દર્શન નરસાવધાનીને બિલકુલ ગમ્યું નહીં. એકાદ મૃત થયેલો વિદ્વાન બ્રાહ્મણ શ્રીપાદના શરીરમાં પ્રવેશ કરી બોલે છે એમ તેમણે પ્રચાર કર્યો. શ્રી કુક્કુટેશ્વરના મંદિરમાં આવેલા દત્તાત્રેય ભગવાન જ સાચા દત્તાત્રેય છે. તેઓ જ વરપ્રદાન કરનારા છે. શ્રીપાદ બાળકને દત્ત ભગવાન માનવા તે એક મોટી ભૂલ છે. નરસાવધાનીએ આ પ્રમાણે પ્રચાર શરૂ કરી દીધો.

શ્રીપાદના જન્મ પછી સતત નવ દિવસ સુધી તેમને સુવડાવવામાં આવતા તે જગ્યા પર એક ત્રણ ફેણયુક્ત નાગ બાળક પર છાયા કરીને રહેતો. શ્રીપાદ માતાના ગર્ભમાંથી સાધારણ બાળક પ્રમાણે ન જન્મતાં જ્યોતિસ્વરૂપે અવતર્યા હતા. જન્મ થતાં જ સુમતિ મહારાણી મૂર્છિત થયાં. પ્રસૂતિગૃહમાં મંગલ વાદ્યોનો ધ્વનિ સંભળાવવા લાગ્યો. થોડી જ ક્ષણોમાં આકાશવાણી થઈ અને બધાંને બહાર જવા માટે આદેશ થયો. શ્રીપાદ સમક્ષ ચાર વેદ, અઢાર પુરાણ અને મહાપુરુષ જ્યોતિસ્વરૂપે પ્રગટ થયા. પવિત્ર

વેદમંત્રોનો ઘોષ બહાર સર્વને સંભળાયો. થોડી જ ક્ષણોમાં સર્વત્ર શાંતિ પ્રસરી. આવી અદ્‌ભુત ઘટના બાપન્નાચાર્યને પણ અગમ્ય અને આશ્ચર્યકારક લાગી.

: શ્રીપાદપ્રભુની બાળલીલાઓ :

બાળ શ્રીપાદ હવે એક વર્ષના થયા હતા. તેઓ દસ મહિનાના હતા ત્યારથી જ તેમના દાદા બાપન્નાચાર્ય સાથે પંડિત પરિષદમાં જતા. દાદા પોતાના પૌત્રને પરિષદમાં લઈ જતા. નરસાવધાની પોતાને ઘરે રાજગરાનો પાક લણતા. રાજગરાની ભાજી ખૂબ જ સ્વાદિષ્ટ હોય છે. ગામના લોકો નરસાવધાની પાસે ભાજી માગતા પણ તેઓ કોઈને આપતા નહીં. કોઈ મનુષ્ય પાસે વિશેષ કામ કઢાવવાનું હોય તો તેઓ ભાજી આપીને કામ કઢાવતા.

બાળ શ્રીપાદે એક દિવસ પોતાની માતાને કહ્યું કે તેમને રાજગરાની ભાજી ખાવી છે. તે ભાજી પણ નરસાવધાનીના ઘરની જ હોવી જોઈએ. આ કામ દુષ્કર હતું. શ્રીપાદ નાના હતા ત્યારે સ્વેચ્છાથી ચાલીને નરસાવધાનીના ઘેર જતા. તેમને ઘેર શાસ્ત્રચર્ચા કરતા તેમ જ ચિત્ર-વિચિત્ર લીલા કરતા. પીઠિકાપુરના એક મહાપંડિત મૃત્યુ પામ્યા હતા અને તે પંડિતનો પ્રેતાત્મા શ્રીપાદ પાસે ચિત્રવિચિત્ર કાર્ય કરાવી લે છે. આ બાળકની યોગ્ય તે સારવાર ન કરતાં બાપન્નાચાર્ય અને અપ્પલરાજ શર્મા બંનેય આ બાળકને દત્તનો અવતાર સમજે છે. આ પ્રમાણે નરસાવધાની પ્રચાર કરતા. પીઠાપુર એ પાદગયા ક્ષેત્ર હોઈ તે પિતૃદેવતાનું પ્રધાન સ્થળ છે. મૃત્યુ પામેલી વ્યક્તિના આત્મા સાથે સંપર્ક કરી તેમની સાથે વાર્તાલાપ કરનાર પીઠાપુરમાં અનેક હતા. શ્રીપાદના શરીરમાં તેવા કોઈ દિવંગત મહાપંડિતનો આત્મા નિવાસ કરી રહ્યો છે અને તેના દ્વારા આવી અગમ્ય લીલા થઈ રહી છે. આ પ્રકારની ધારણા પીઠિકાપુરના લોકોમાં ધીમે ધીમે દૃઢ થતી ગઈ.

: તિરુમલદાસ પર શ્રીપાદનો દિવ્ય અનુગ્રહ :

તિરુમલદાસ કહેવા લાગ્યાઃ- હું મલ્યાદિપુરમથી પીઠિકાપુરમ આવ્યો ત્યારે શ્રી બાપન્નાચાર્ય અને અપ્પલરાજ શર્માના ઘરે

રજક (ધોબી) હતો. નરસાવધાનીના ઘરનો જે ધોબી હતો તે વૃદ્ધાવસ્થાને લીધે મૃત્યુ પામ્યો હતો. તે ધોબીનો છોકરો વાયસપુર અગ્રહાર (હાલનું કાકીનાડા) નામના સ્થળે જતો રહ્યો. આથી તેમના ઘરનાં કપડાં ધોવાનું કામ મને મળ્યું. હું નાનપણથી બાપન્નાચાર્યના સહવાસમાં હોવાથી મારી સત્પ્રવૃત્તિ જાગ્રત થયેલી હતી અને અધ્યાત્મની જ્યોત પ્રજ્વલિત હતી. જે દિવસે હું નરસાવધાનીને નજરે જોતો તે દિવસે મને પેટની તકલીફ થઈને કોઈ પણ ખોરાક ખાઈ ન શકાય તેવી મારી દીન અવસ્થા થતી. નરસાવધાનીના કપડાં હું ધોતો નહિ. મારો દીકરો રવિદાસ તે કપડાં ધોતો. સાત્ત્વિક પ્રકૃતિના મનુષ્યોનાં કપડાં જ હું ધોતો.

નરસાવધાનીના કપડાં હું ધોતો નથી અને મારો પુત્ર રવિદાસ ધુએ છે તે વાત તેમના કાન પર આવી. આ વાત તેમને ઠીક ન લાગી. આથી તેમના કપડાં મારે જ ધોવાં તેમ આજ્ઞા કરી. તેમની આજ્ઞા અનુસાર નરસાવધાનીના કપડાં હું ધોવા લાગ્યો. કપડાં ધોતી વખતે હું શ્રીપાદપ્રભુનું સ્મરણ કરતો. મેં ધોયેલાં કપડાં લઈ મારો પુત્ર રવિદાસ નરસાવધાની પાસે ગયો. મેં ધોયેલાં કપડાં બાકીના કુટુંબીજનોએ પહેર્યાં તો તેમને કોઈ તકલીફ ન થઈ. પરંતુ, નરસાવધાનીએ જ્યારે તે કપડાં પહેર્યાં ત્યારે તેમને તેમના શરીર પર વીંછી, કાનખજૂરા સરકતા હોય તેમ લાગ્યું. તે કપડામાં શરીર ગરમીથી દાઝવા લાગ્યું.

નરસાવધાનીએ મને બોલાવ્યો અને ગુસ્સાથી કહેવા લાગ્યાઃ- કોઈએ ક્ષુદ્ર વિદ્યાનો, ક્ષુદ્ર મંત્રનો પ્રયોગ કપડાં પર કર્યો છે. આ અપરાધ માટે તેમણે ન્યાયાધીશ પાસે ફરિયાદ કરી. પરંતુ ચતુર ન્યાયાધીશે મને નિર્દોષ જાહેર કરી છોડી મૂક્યો. હું હર્ષ સાથે ઘેર આવ્યો. થોડા જ સમયમાં શ્રીપાદપ્રભુ એક સોળ વર્ષના યુવકના રૂપમાં અમારા ઘેર આવ્યા. શ્રીપાદપ્રભુ ગમે તે રૂપ લઈ ભક્તોને દર્શન આપતાં. મને સંકોચ થયો. મેં તેમને આશ્ચર્યથી કહ્યુંઃ- મહારાજ! આપે ઉત્તમ બ્રાહ્મણ કુળમાં જન્મ લીધો છે. અમારા જેવી ધોબીની વસ્તીમાં ઘરમાં આવવું તે યોગ્ય નથી.

શ્રીપાદપ્રભુ બોલ્યાઃ- નરસાવધાની જેવા પાપના પોટલાં માથા પર લઈને ફરનારા કરતાં તમારા જેવા રજક શ્રેષ્ઠ જ છે. શ્રીપાદપ્રભુની આવી આત્મીયતાભરી અને કરુણાસભર વાણી સાંભળી હું તેમના ચરણોમાં ઢળી પડ્યો અને ચોધાર આંસુએ

રડ્યો. શ્રીપ્રભુએ મારી તરફ અમૃત દૃષ્ટિ નાખી અને પોતાના દિવ્ય હસ્તનો સ્પર્શ કરી મને ઉઠાડ્યો. તે પછી તેમણે પોતાનો જમણો હાથ મારા મસ્તક પર મૂક્યો અને તે જ ક્ષણે મને મારો પૂર્વભવ યાદ આવ્યો. મારા શરીરમાં યોગશક્તિ ક્રિયાશીલ થઈ. કુંડલિની શક્તિ પણ જાગ્રત થઈ છે તેવો મને અનુભવ થવા લાગ્યો. શ્રીપાદ પ્રભુ ધીમે પગલે અંતર્ધાન થયા.

શ્રીપાદપ્રભુએ પોતાની માતા પાસે રાજગરાની ભાજી માટે હઠ પકડી હતી. ભાજી પણ નરસાવધાનીના ઘરની જ જોઈતી હતી. પરંતુ, આ વાત મુશ્કેલ લાગતી હતી. તે સમયે બાપન્નાચાર્યે કહ્યું:- શ્રીપાદ કાલે સવારે હું તને નરસાવધાનીના ઘેર લઈ જઈશ. તે સમયે તું જાતે તેમને રાજગરાની ભાજી માટે વિનંતી કરજે. જો તેઓ ભાજી આપવાની ના પાડે તો ફરી કદી પણ ભાજી માટે હઠ ન લેતો.

બીજા દિવસે બાપન્નાચાર્ય બાળ શ્રીપાદને લઈ નરસાવધાનીને ઘેર ગયા. તેમને ઘેર જતાં જ બાપન્નાચાર્ય શ્રીપાદને કહે છે, શ્રીપાદ! વડીલોને પ્રણામ કરી તેમના આશીર્વાદ લેવા. નરસાવધાની ઘરની બહાર ઓસરીમાં બેઠા હતા. તેમની લાંબી શિખા મસ્તક પરથી પીઠ પર લટકતી હતી. શિખા નરસાવધાનીને અત્યંત પ્રિય પણ હતી. શ્રીપાદે તેમની તરફ દૃષ્ટિ કરી અને બે હાથથી પ્રણામ કર્યા. શ્રીપાદની તીક્ષ્ણ નજર નરસાવધાનીની પીઠ પર લટકતી શિખા પર ગઈ અને શું આશ્ચર્ય કે શિખા આપોઆપ મસ્તકને છોડીને નીચે ખરી પડી! આ જોઈને નરસાવધાની અચંબામાં પડ્યા. શ્રીપાદે બાપન્નાચાર્યને કહ્યું:- દાદા, નરસાવધાની દાદાની અત્યંત પ્રિય શિખા નીચે પડી ગઈ. હવે તેમના ઘરની રાજગરાની ભાજી માગવી યોગ્ય થશે કે? ચાલો આપણે ઘેર જઈશું. શ્રીપાદે તે પછી પુનઃ રાજગરાની ભાજી માટે કદી પણ હઠ કરી નથી.

શ્રીપાદના પ્રણામથી શિખાનું થયેલું નુકસાન નરસાવધાનીના ધ્યાનમાં આવ્યું. નિત્ય પ્રમાણે તેઓ ધ્યાનમાં બેઠા. ત્યારે તેમના શરીરમાંથી તેમની જ આકૃતિવાળું એક તેજોવલય બહાર પડ્યું. નરસાવધાનીએ તેને પૂછ્યું: તું કોણ છે? ક્યાં જાય છે? નરસાવધાનીના આકૃતિવાળા તેજસ્વી શરીરે કહ્યું: હું તારામાં રહેલું પુણ્ય શરીર છું. તેં આજ સુધી કેટલુંય વેદપઠન

કર્યું છે. સ્વયંભૂ દત્તાત્રેયની આરાધના કરી છે. પરંતુ, સાક્ષાત્ દત્તાત્રેયનો અવતાર શ્રીપાદશ્રીવલ્લભનું તેં અપમાન કર્યું છે. તને તારી શિખા પર પ્રેમ છે અને રાજગરાની ભાજી પર જેટલો પ્રેમ છે તેનો એક લક્ષાંશ જેટલો પ્રેમ કે આસક્તિ શ્રીપાદ પ્રત્યે હોત તો તારો જન્મ સાર્થક ગણાત. પરંતુ, તેં મોહપાશથી પોતાને બંધનમાં જકડીને મોક્ષની એક દિવ્ય તક ગુમાવી! તું જલદી ગરીબ થઈશ. તારા દારિદ્રયને દૂર કરવા જ શ્રીપાદપ્રભુએ તારી પાસે શાકદાન માગ્યું છે. જો તેં તેમને શાકદાન આપ્યું હોત તો આવનારું દારિદ્રય ન આવત અને ઉત્તમ ઐશ્વર્ય પ્રાપ્ત કર્યું હોત! તેં પોતે થઈને આ તક વેડફી.

શ્રીપાદપ્રભુ કરુણાના સાગર છે. આ અવતારની સમાપ્તિ પછી તેઓ નરસિંહ સરસ્વતી નામે ફરી અવતાર લેશે. તે સમયે પણ તું દરિદ્રી બ્રાહ્મણના રૂપમાં જન્મ લઈશ. આગામી જન્મમાં પણ તું રાજગરાની ભાજી પકવીશ. તે સમયે શ્રીપાદપ્રભુ તારે ઘેર ભિક્ષા માટે આવશે. પ્રેમથી પીરસેલી ભિક્ષા સ્વીકારી તને ઐશ્વર્ય પ્રદાન કરશે. ત્યારે હું તારા શરીરમાં પુનઃ પ્રવેશ કરીશ. અત્યારે હું તારું શરીર છોડીને જાઉં છું.

શ્રીપાદપ્રભુએ કરેલા પ્રણામ તને ન હતા. પરંતુ, તારામાં વિદ્યમાન મને હતા. તેમણે મને આજ્ઞા કરી છે કે હું તારું શરીર છોડી તેમના સ્વરૂપમાં લીન થઈ જાઉં. તે અનુસાર હું હવે તેમના સ્વરૂપમાં લીન થવા જાઉં છું. હવે તારા શરીરમાં કેવળ પાપપુરુષ જ બચ્યો છે. આમ કહીને તે પુણ્ય શરીર શ્રીપાદ પ્રભુમાં લીન થયું.

સમય જતાં નરસાવધાનીની પ્રકૃતિ ક્ષીણ થતી ગઈ. લોકો તેમનો અનાદર કરવા લાગ્યા. તેમના ચહેરા પર વિલસતું વિદ્વત્તાનું તેજ લોપ પામ્યું. તે જ સમય દરમ્યાન પીઠિકાપુરમાં વિષુચિકા (કૉલેરા)નો રોગચાળો ફાટી નીકળ્યો. અનેક ગામલોકો કૉલેરાના શિકાર થયા. દુષિત પાણીને લીધે આ રોગ ફેલાય છે તેમ ગામના વૈદોએ નિષ્કર્ષ કાઢ્યો. ભયભીત થયેલા ગામવાસીઓએ બાપન્નાચાર્યને વિનંતી કરી કે આ મહામારીના નિર્મૂલન માટે કોઈ શાસ્ત્રીય પદ્ધતિ શોધી કાઢવી.

શ્રી બાપન્નાચાર્યે અંતર્દષ્ટિથી જોયું કે મહામારી જળદોષને લીધે નથી. મહામારી કલુષિત વાયુમંડળને લીધે ફેલાઈ છે.

પરંતુ, બાપન્નાચાર્યનો મત ગામના વૈદરાજોએ સ્વીકાર્યો નહિ. ગામલોકોએ ગ્રામદેવતાને પશુબલિ આપી તાંત્રિક દ્વારા વિવિધ પ્રકારની પૂજા, મહામારીના નિર્મૂલન માટે કરી.

પશુનો બલિ આપવા તેમની પ્રાણશક્તિ બળજબરીથી બહાર કાઢવામાં આવે છે. તેને મંત્રોચ્ચારથી વશ કરવામાં આવે છે. પ્રાણશક્તિને વધારવા માટે યોગપ્રક્રિયા અથવા સાત્ત્વિક આરાધનાનું અવલંબન કરવું વધુ ન્યાયોચિત છે. આ પ્રમાણે શ્રી બાપન્નાચાર્યનો મત હતો. તેમણે ગ્રામવાસીઓને આ પ્રમાણે સૂચવ્યું. પરંતુ, અંધશ્રદ્ધાને લીધે તેમણે પશુબલિ આપવાનું બંધ ન કર્યું. ગામલોકોએ પશુબલિની વાત શ્રીપાદપ્રભુ સમક્ષ કરી. શ્રીપાદપ્રભુએ કહ્યું: ગ્રામદેવતાને કહ્યું છે કે તેણે પશુબલિનો અસ્વીકાર કરવો.

શ્રીપાદની આજ્ઞા અનુસાર ગ્રામદેવતા સમુદ્રસ્નાન કરવા ગઈ છે. હવે દૂધને ઉભરાવા દઈને દેવતાને નૈવેદ્ય ધરાવી આ રોગચાળામાંથી તમારી મુક્તિ થશે. કાલિકા જેવી ઉગ્રરૂપ ધારણ કરેલી ગ્રામદેવતા શાંત થશે. આ વાત સમગ્ર ગામમાં ઢોલ પીટીને જણાવવા માટે એક ચમારને બોલાવીને કહેવામાં આવ્યું. ઢોલ કોણે વગાડવાનું એમ શ્રીપાદપ્રભુને પૂછતાં પ્રભુએ કહ્યું:- વિષુચિકા (કૉલેરા)ગ્રસ્ત વેંકટય્યાએ ઢોલ વગાડી જાહેરાત કરવી. શ્રીપાદપ્રભુનો સંદેશો કહેવા સર્વ ગ્રામજનો વેંકટય્યા પાસે ગયા.

વેંકટય્યા મરણાસન્ન હતો. તેને સમાચાર કહેતાં જ તે બેભાન થયો. એક ઘટિકા પછી તે જ્યારે ભાનમાં આવ્યો ત્યારે તે પૂર્ણતઃ સાજો થયો હતો. આ સમાચાર સમગ્ર પીઠાપુરમાં ચર્ચાનો વિષય બન્યા. વેંકટય્યાએ ગામમાં ચારે કોર ઢોલ વગાડીને સૂચના આપી. બાપન્નાચાર્યે પોતાના એક સેવકને પાણીથી ભરેલું એક મોટું વાસણ તેમની સામે મૂકવા કહ્યું. વાયુમંડળના ઝેરી જંતુઓના નાશ માટે યોગ્ય તે મંત્રનું સંધાન કર્યું અને ત્વરિત હવામાંથી ઝેરી જીવાણુઓ ટપોટપ પાણીમાં આવીને નાશ પામ્યાં. આ પ્રકારે વાયુમંડળ શુદ્ધ થયું અને મહામારી રોગચાળો નિર્મૂળ થયો.

શ્રીપાદના જન્મદિવસે અપ્પલરાજ શર્મા પત્નીસહ શ્રીપાદને લઈ દાદા બાપન્નાચાર્યના ઘેર ગયા. જ્યારે જ્યારે બાપન્નાચાર્યે

શ્રીપાદના ચરણો પરનાં શુભ ચિહ્નો જોવાનો પ્રયત્ન કરે ત્યારે ત્યારે તેમને કોટિ કોટિ સૂર્યની તેજસ્વીતાનો અનુભવ થતો અને તે પ્રખર પ્રકાશમાં કોઈ પણ શુભ ચિહ્ન દેખાતું નહીં. તેમને તેનું હંમેશાં આશ્ચર્ય થતું.

એક દિવસે ડાંગરના છોતરાં પર દિવ્ય પાદચિહ્નો બાપન્નાચાર્યે જોયાં. તેમણે પોતાની કન્યા સુમતિને પૂછ્યું, આ છોતરાં પર પગ કોણ મૂકી ગયું? સુમતિએ કહ્યું તમારો લાડકો પૌત્ર જ, બીજું કોણ વળી? તે પદચિહ્ન ષોડશ વર્ષીય કુમારના પદચિહ્નો જેવાં હતાં. દાદાએ પૌત્રને ખોળામાં લીધો અને તેના ચરણકમળનું નિરીક્ષણ કરવા લાગ્યા. તે સમયે આંખોને અંજાવે તેવો પ્રકાશ ન દેખાતાં "હું જ સાક્ષાત્ દત્તાત્રેયનો અવતાર છું" તેવાં સુસ્પષ્ટ ચિહ્નોનાં તેમને દર્શન થયાં.

તે દિવ્ય ચરણોને બાપન્નાચાર્યે વહાલથી ચૂમ્યાં. આ બાળક શ્રી દત્તાત્રેયનો અવતાર છે તેમ તેમનો નિર્ધાર દૃઢ થયો. તે જ સમયે તેમના મુખમાંથી દત્ત ભગવાનની સ્તુતિ કરતું પદ સહજ નીકળ્યું. તે દિવ્ય ચરણોનાં દર્શન થકી બાપન્નાચાર્યના અષ્ટ સાત્ત્વિક ભાવો જાગ્રત થયા. તેમના નયનોમાંથી હર્ષાશ્રુ વહેવા લાગ્યાં. તે અશ્રુઓ શ્રીપાદના ગાલ પર ટપક્યાં, જે મોતીઓના બિંદુની જેમ ચમકતાં હતાં! દાદાએ પોતાના ખેસથી તે અશ્રુબિંદુઓ હળવેથી લૂછ્યાં. તે સમયે શ્રીપાદ બોલ્યાઃ- દાદા, તમે સૌરમંડળમાં શક્તિપાત કરી તે શક્તિ શ્રીશૈલસ્થિત શ્રી મલ્લિકાર્જુન શિવલિંગમાં આકર્ષિત કરી હતી. તે જ સમયે સૂર્યમંડળની તે શક્તિ ગોકર્ણ મહાબળેશ્વરમાં અને પાદગયા ક્ષેત્રમાં સ્થિત સ્વયંભૂ શ્રી દત્તાત્રેયમાં પણ આકર્ષિત થઈ હતી.

ગોકર્ણ મહાબળેશ્વર ક્ષેત્રમાં અધિક શક્તિ સંપન્ન કરવાનો સંકલ્પ છે. પ્રાણીમાત્રમાંથી જે અનિષ્ટકારી સ્પંદનો નીકળે છે તે સ્પંદનો મારામાં લય પામી જે મારા સાધક, ભક્ત, આશ્રિત છે, તેમના પ્રતિ શુભ સ્પંદનો પ્રસારિત થાય તેવો મારો સંકલ્પ છે. ગોકર્ણ મહાબળેશ્વર એ ભગવાનનું આત્મલિંગ છે. તેનાં દર્શનમાત્રથી મુક્તિ મળે છે. તે જ પ્રમાણે શ્રીશૈલના દર્શનથી પણ મુક્તિનું ફળ પ્રાપ્ત થાય છે. અહીંના મલ્લિકાર્જુનને શક્તિસંપન્ન કરવાનો સંકલ્પ કર્યો છે.

તમે સત્યઋષિ છો. હું યતિ રૂપમાં હતો ત્યારે માતાએ મને પ્રણામ કર્યા. આથી હું અલ્પાયુષી થઈશ તેવું મારા મનમાં હતું.

પરંતુ, માતાએ મને શ્રીપાદરૂપમાં પ્રણામ કર્યા તેથી હું અલ્પાયુષી થઈશ નહીં તેમ તમે કહ્યું હતું. આમ આપણા બંનેનું વચન ખોટું ન પડે તે માટે મેં ફક્ત ૧૬ વર્ષ જ તમારા ઘરમાં રહેવાનું નક્કી કર્યું છે.

સંસારબંધનમાંથી મુક્તિની ઈચ્છા કરનાર મુમુક્ષુને અનુગ્રહ આપવાનું કામ રાહ જોઈ રહ્યું છે. હું ચિરંજીવ થાઉં તેવો તમારો સંકલ્પ છે, તેને હું પૂરો કરીશ. શ્રીપાદશ્રીવલ્લભ સ્વરૂપ ગુપ્ત કરીશ. નૃસિંહસરસ્વતીરૂપે અવતાર લેવા છતાંય શ્રીપાદશ્રીરૂપ એ જ નિત્ય સત્યરૂપ તરીકે રહેશે. નૃસિંહસરસ્વતીનું અવતારકાર્ય પૂરું કર્યા પછી શ્રીશૈલમાં આવેલા કદલીવનમાં ત્રણસો વર્ષ તપશ્ચર્યા કરીશ. તે પછી પ્રજ્ઞાપુર (અક્કલકોટ)માં સ્વામી સમર્થરૂપે પ્રગટ થઈશ. ત્યાંના વટવૃક્ષમાં મારી પ્રાણશક્તિનો પ્રવેશ કરાવી મલ્લિકાર્જુન શિવલિંગમાં વિલીન થઈશ.

બાપન્નાચાર્યને આ બધું આશ્ચર્યકારક અને અદ્‌ભુત લાગ્યું. દાદાને ઘેર પ્રથમ જન્મદિવસ ખૂબ ઠાઠમાઠથી હર્ષ ઉલ્લાસમાં ઉજવાયો. પીઠિકાપુરમ્‌માં તે દિવસે એક વધારાની આશ્ચર્યકારક ઘટના ઘટી. નરસાવધાની, મંદિરના પૂજારી અને કેટલાક ભક્તો કુક્કુટેશ્વરના મંદિરમાં દર્શન કરવા ગયા. તે સમયે તેમને ત્યાં સ્થિત સ્વયંભૂ મૂર્તિ દેખાઈ નહીં. મંદિરની મૂર્તિ અદૃશ્ય થઈ તે વાત આખા ગામમાં વાયુવેગે પ્રસરી. નરસાવધાનીના વિરોધી એક તાંત્રિકે છાતી ઠોકીને એવી વાત ફેલાવી કે તેનું કારણ નરસાવધાની જ છે. નરસાવધાની ક્ષુદ્ર વિદ્યાના ઉપાસક છે તેમણે જ મૂર્તિ અદૃશ્ય કરાવી. તાંત્રિકે આખા ગામમાં આ વાત ફેલાવી.

પીઠિકાપુરમ્‌ના બ્રાહ્મણોએ નરસાવધાનીના ઘરની તપાસ (ઝડતી) લેવાનું નક્કી કર્યું. તે બ્રાહ્મણો બાપન્નાચાર્યને મળ્યા અને બનેલા બનાવ તેમને જણાવ્યા. બાપન્નાચાર્યે તે બ્રાહ્મણોને કહ્યું:- સત્ય પ્રગટ થાય ત્યાં સુધી મૌન રહેવું. યોગ્ય સમયે આ પ્રશ્નનું સમાધાન થશે. નરસાવધાનીના ઘરની તપાસ કરતાં સંશયિત સ્થળે જમીનમાં ખોદકામ કરતાં ત્યાંથી માનવ કપાલ અને ક્ષુદ્ર વિદ્યા માટે જરૂરી મલિન વસ્તુઓ મળી. માત્ર શ્રીદત્તાત્રેયની મૂર્તિ જડી નહીં. નરસાવધાની મૂર્તિની ચોરીના આરોપમાંથી મુક્ત થયા. પરંતુ, તેઓ ક્ષુદ્ર વિદ્યાના ઉપાસક છે તે સિદ્ધ થયું.

સમય જતાં તેમની પ્રકૃતિ ક્ષીણ થતી ગઈ. તેમની પાસે એક વાંઝણી ગાય હતી. તેનો બળદની જેમ ખેતીમાં ઉપયોગ કરતા. પરંતુ, તેને અનાજપાણી યોગ્ય સમયે આપતા નહિ. એક દિવસ નરસાવધાનીના વિરોધી તાંત્રિકે તે ગાયમાં ક્ષુદ્ર શક્તિનું આવાહન કર્યું. આથી તે ગાય ખૂંટીથી છૂટીને ઘરમાં પ્રવેશી અને શીંગડાં મારી બધાંને ઘાયલ કરવા લાગી. નરસાવધાનીએ હેતથી ઉગાડેલી રાજગરાની ભાજી તેણે નષ્ટ કરી. તે ગાયની નજીક જઈ દોરીથી ખૂંટે બાંધવાનું કોઈને ફાવ્યું નહિ.

તે જ દિવસે નરસાવધાનીના ઘેર તેમની માતાનું શ્રાદ્ધ હતું. શ્રાદ્ધની બધી જ રસોઈ તૈયાર હતી. શ્રાદ્ધમાં બ્રહ્મભોજન થયું હતું. ઘરના સભ્યોનું ભોજન બાકી હતું. તે ગાયે બધી જ રસોઈ અને વડાં સાફ કરી નાખ્યાં. તે જ સમયે શ્રીપાદપ્રભુ પોતાના પિતાને કહેતા હતા કે તેમને નરસાવધાનીના ઘેર લઈ જાવ. આ માટે શ્રીપાદે હઠ કરી. શ્રી અપ્પલરાજ શર્મા શ્રીપાદને લઈ નરસાવધાનીના ઘર સામે જઈ ઊભા રહ્યા. તેટલામાં તે ગાય નરસાવધાનીના ઘરમાંથી બહાર આવી. તેણે આંગણાંમાં ઊભેલા શ્રીપાદની ત્રણ પ્રદક્ષિણા કરી અને ચરણમાં નતમસ્તક થઈ. તે જ અવસ્થામાં પ્રાણ છોડ્યા.

ઉપર વર્ણવેલા પ્રસંગ પછી ગામના લોકો અનેક મોઢે વાત કરવા લાગ્યા અને પોતપોતાનો મત વ્યક્ત કરવા લાગ્યા. ગાયે જે વડાં ખાધાં તેમાં ઝેર હતું. આથી ગાય મરણ પામી. હવે નરસાવધાનીને ગોહત્યાનું પાતક લાગ્યું. આમ અનેક રીતે લોકો વાતો કરવા લાગ્યા. આથી નરસાવધાની દુઃખી હતા. તે ગાયે શ્રીપાદની ત્રણ પ્રદક્ષિણા કરી અને પછી ચરણો પર મસ્તક મૂકીને પ્રાણત્યાગ કરવાને લીધે શ્રીપાદ એ દૈવી અવતાર છે તેમ લોકોને ખાતરી થઈ. અપ્પલરાજ શર્માને આયુર્વેદનું જ્ઞાન હતું. તેઓ નરસાવધાનીની વિનંતી અનુસાર ઔષધોપચાર કરતા હતા. પરંતુ, તે અસાધ્ય રોગ પર દવાની કોઈ જ અસર દેખાતી ન હતી. નરસાવધાનીની તબિયત કથળતી જતી હતી અને એક દિવસ તે બિમારીમાં જ તેમનો દેહાંત થયો.

નરસાવધાનીના મૃત્યુને લીધે ગામના લોકો શ્રી અપ્પલરાજ શર્માએ ઉત્તમ ઔષધોપચાર ન કરવાથી મૃત્યુ આવ્યું તેમ વિવાદ જાગ્યો. કેટલાક લોકોનું કહેવું હતું કે શ્રીપાદશ્રીવલ્લભ રોજ નરસાવધાનીને ઘેર જતા. જો તેઓ દત્તાવતારી હોય તો

નરસાવધાનીનું મૃત્યુ કેમ થયું? અનેક લોકોએ ગોહત્યાને તેમના મૃત્યુનું કારણ ગણાવ્યું. નરસાવધાનીના કુટુંબીજનોને સાંત્વન આપવા શ્રી અપ્પલરાજ શર્મા અને શ્રીપાદ ગયા. તેમના પત્નીએ શ્રીપાદનો હાથ ઝાલી કહ્યું, "હે બાળ શ્રીપાદ, સદા સુહાગણ રહેવા હું દૂર સુધી ક્યાં ક્યાં નથી ગઈ? તું જો દત્તાત્રેય જ હોય તો તારા દાદાને જીવતા કરવા એ તારે માટે શક્ય નથી?" આ પ્રમાણે બોલીને તે સ્ત્રી રડવા લાગી.

નવનીતની જેમ મૃદુ હૃદયવાળા શ્રીપાદપ્રભુએ તે માતાના આંસુ લૂછ્યાં. શબયાત્રાનો પ્રારંભ થયો. શ્રી અપ્પલરાજ શર્મા અને શ્રીપાદ અંતિમ યાત્રામાં સહભાગી થયા. નરસાવધાનીના જ્યેષ્ઠ પુત્રે ચિતાને અગ્નિ આપવા હાથમાં અગ્નિ લીધો. તે જ ક્ષણે શ્રીપાદની બે આંખોમાંથી બે અશ્રુઓ સર્યાં. તે જ સમયે મેઘગર્જના જેવા અવાજ સાથે શ્રીપાદ બોલ્યાઃ- અરે, મૃત પિતાને અગ્નિ આપનાર પુત્રો અનેક જોયા. પરંતુ, જીવંત પિતાને અગ્નિ આપનારા પુત્રને કોઈએ જોયો નથી. આવાં વચન સાંભળીને બધા જ લોકો શ્રીપાદપ્રભુ તરફ એકીટશે જોઈ રહ્યા.

શ્રીપાદપ્રભુએ ચિતા નજીક જઈ નરસાવધાનીના ભ્રૂમધ્ય પર અંગૂઠાથી સ્પર્શ કર્યો. તે દિવ્ય સ્પર્શથી નરસાવધાનીના અંગમાં ચૈતન્યનું સ્ફૂરણ થવા લાગ્યું. ક્ષણાર્ધમાં તેઓ ચિતા પરથી નીચે ઊતર્યા. તેમણે શ્રીપાદપ્રભુને દંડવત્ પ્રણામ કર્યા. બધાં લોકો સાથે તેઓ ઘેર પાછાં આવ્યાં. પતિને સજીવ પાછા આવેલા જોઈ તેમની પત્નીને ખૂબ જ આનંદ થયો. શ્રીપાદપ્રભુના અંગુષ્ઠ સ્પર્શથી નરસાવધાનીને કર્મસૂત્રનું સૂક્ષ્મ જ્ઞાન થયું.

તેમના ઘરમાં મૃત થયેલી ગાય તે તેમની મૃત માતા હતી અને ઘરનો બળદ તે તેમના મૃત પિતા હતા. મરતાં મરતાં ગાયે શ્રીપાદપ્રભુને વિનંતી કરી કે તેનું દૂધ તેઓ પીએ તો સારું. શ્રીપાદપ્રભુએ તેને અભય આપતાં કહ્યું કે આવતે જન્મે નૃસિંહસરસ્વતીનો અવતાર થશે ત્યારે તે ગાય વાંઝણી ભેંસ તરીકે જન્મશે અને તેનું દૂધ તેઓ સ્વીકારશે. શ્રીપાદપ્રભુએ ગાયને આપેલું વચન નરસાવધાનીએ જાણ્યું.

નરસાવધાની પર તાંત્રિક પ્રયોગ કરનાર જલદી મૃત્યુને શરણે થવાનો હતો. મૃત્યુ પછી તે બ્રહ્મરાક્ષસની યોનિમાં જન્મ લેનાર હતો. તેના પર યતિસ્વરૂપ (નૃસિંહસરસ્વતી) શ્રીપાદપ્રભુ અનુગ્રહ કરશે. નરસાવધાનીને આ બધી વાતોનું સૂક્ષ્મ જ્ઞાન શ્રીપાદની કૃપાથી થયું. તેમને પોતાના આગામી જન્મની માહિતી પણ મળી. તે જન્મમાં તેમના ઘરની રાજગરાની ભાજી ભિક્ષામાં સ્વીકારી તે પાકનો નાશ કરી તેના મૂળમાં રહેલો સુવર્ણ ઘટ તેને આપશે. આ ભવિષ્યની વાત શ્રીપાદપ્રભુની કૃપાને લીધે તેમના અંગુઠાના સ્પર્શને લીધે નરસાવધાનીએ જાણી હતી.

શ્રીપાદનો ચહેરો અતિશય સાત્ત્વિક, સુંદર, દૈદિપ્યમાન હતો. તેની તુલના કોઈની સાથે થાય તેમ ન હતી. શ્રીપાદપ્રભુએ નરસાવધાની અને તેની પત્નીને કરેલો ઉપદેશ, તેમનો અનુગ્રહ, કરેલી જ્ઞાનની વાતો તને કાલે કહીશ. હવે આપણે તેમનું સ્મરણ કરીને તેમના ભજનમાં લીન થઈશું. જે સ્થળે તેમનું નામસ્મરણ, ભજન, કીર્તન થાય છે ત્યાં શ્રીપાદપ્રભુ સૂક્ષ્મરૂપથી સંચાર કરે છે, એ વાત સત્ય છે.


તિરુમલદાસ જેવા ભક્તની સત્સંગતિથી અમને હર્ષોલ્લાસ થયો.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૬ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત


❋ ❋ ❋



ॐ द्रां दत्तात्रेयाय नमः

दत्तात्रेय त्रीश मातः परेश
कारुण्याब्धे दीनबन्धो प्रसीद ।
प्राणेश त्वं प्राणिनां प्राणदाता
हर्ता भर्ता ह्येक एव त्रिलोके ॥

પૂજ્ય શ્રીરંગ અવધૂત ગુરુમહારાજ, નારેશ્વર



બ્રહ્મૌજસા ભૂષિતભવ્યભાલં
દિવ્યૌજસા દીપ્તવિશાલનેત્રમ્ ।
શાંતિપ્રદં યસ્ય મુખારવિંદં
રંગાવધૂતં પ્રણતોઽસ્મિ નિત્યમ્ ॥

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૭

ખગોળ વર્ણન
શ્રીપાદશ્રીવલ્લભ ચરિત્રામૃતનો મહિમા

વહેલી પ્રભાતે શ્રી તિરુમલદાસે પોતાનો નિત્યક્રમ પતાવી આગળની વાત કહેવાની શરૂઆત કરી. તેઓ કહેવા લાગ્યાઃ- અરે શંકર ભટ્ટ, શ્રીપાદશ્રીવલ્લભનું ચરિત્ર અદ્‌ભુત, અતર્ક્ય અને અપૂર્વ છે. તેમનો અપાર સ્નેહ હોવાને લીધે તેમનું દિવ્ય ચરિત્ર લખવાનું મહાભાગ્ય તને સાંપડ્યું છે. આવી સુવર્ણ તક શ્રીના સંકલ્પને લીધે જ તને સાંપડી છે.

: શ્રીપાદનું એક જ સમયે અનેક સ્થળે પ્રગટ થવું :

નરસાવધાની મૃત્યુના મુખમાંથી બચી ગયા તે પછી તેમની આકર્ષણ શક્તિ ક્ષીણ થઈ. પૂર્વે સાધનારત હોવાથી જે મનુષ્યનું ધ્યાન તેઓ કરતા, તે વ્યક્તિ ગમે તેટલી દૂર હોય તો પણ આકર્ષિત થઈ તેમની પાસે આવી જતી. હવે તેમની તે શક્તિ ક્ષીણ થઈ ચૂકી હતી. પૂર્વે જે લોકો તેમનાથી બીતા હતા તે હવે બિલકુલ ભય પામતા ન હતા. તક મળે તો તેમનો ઉપહાસ કરી તેમને દુઃખ પહોંચાડતા. તેમની આર્થિક સ્થિતિ પણ નબળી થતી જતી હતી. બે ટંક જમવા માટે પણ કેટલીક વાર મુશ્કેલી પડતી.

ઉપર દર્શાવ્યા મુજબની સ્થિતિમાં નરસાવધાની મનમાં આક્રોશ કરતા ઘર બહાર આવ્યા. તે જ સમયે મહાચાર્ય બાપન્નાચાર્યુલુ તેમના પૌત્રને કેડ પર બેસાડી પોતાના ઘર તરફ જતા હતા. અપ્પલરાજ શર્માના ઘર પાસેથી એક વળાંક હતો. તે વળાંક સીધો

બાપન્નાચાર્યુલુના ઘર તરફ જતો હતો. શ્રીપાદ બચપણમાં પોતાના ઘર કરતાં વધુ સમય દાદાના ઘેર જ રહેતા. શ્રી નરસિંહ વર્મા અને શ્રી વેંકટપૈય્યા શ્રેષ્ઠીને ઘેર પણ સ્વેચ્છાથી જતા.

નરસાવધાનીને થયું કે શ્રીપાદ સાથે વાર્તાલાપ કરવો, તે નિર્દોષ અને મોહક દિવ્ય બાળકને કેડ પર લઈ વહાલ કરવું એમ તેમને થયું. નરસાવધાનીની દૃષ્ટિ શ્રીપાદ પર પડી. શ્રીપાદે નરસાવધાની તરફ દૃષ્ટિ ફેંકી મંદ સ્મિત કર્યું. તે સ્મિત ખૂબ જ મોહક હતું. નરસાવધાની ભિક્ષા માટે શ્રેષ્ઠીને ઘેર ગયા. ત્યાં શ્રીપાદ શ્રેષ્ઠીના ખોળામાં રમતા હતા. નરસાવધાની તરફ જોઈને શ્રીપાદે મંદ સ્મિત કર્યું. નરસાવધાની ભિક્ષા લઈ નરસિંહ વર્માના ઘેર ગયા. ત્યાં શ્રીપાદ નરસિંહ વર્માના ખભા પર રમતા નરસાવધાનીએ જોયા. નરસાવધાની તરફ જોઈને શ્રીપાદ ફરી મોહક રીતે હસ્યાં. એક જ વખતે બાળક શ્રીપાદ શ્રેષ્ઠીને ઘેર, વર્માને ઘેર તેમજ દાદા બાપન્નાચાર્યુલુને ઘેર હતા. આમ એક જ વ્યક્તિ ત્રણ સ્થળે વિદ્યમાન હોઈ શકે કે કેમ તે એક કોયડો હતો. આ સ્વપ્ન છે કે વિષ્ણુની માયા છે તે સમજાતું ન હતું.

ગામના લોકો નરસાવધાનીને હેરાન કરવા લાગ્યાં. પાદગયા ક્ષેત્રની સ્વયંભૂ દત્તમૂર્તિ અદૃશ્ય કરવા પાછળ નરસાવધાનીનો જ હાથ છે તેમ લોકો નિંદા કરવા લાગ્યાં. લોકનિંદાથી ત્રાસીને નરસાવધાની ભ્રમિતની જેમ પાછા ફર્યા. પતિની આવી પરિસ્થિતિ જોઈને પત્નીને ખૂબ જ દુઃખ થયું. મન હળવું કરવા તે ઘરના પૂજાસ્થળે-મંદિરમાં ગઈ. ત્યારે તેણે જોયું તે નર્યું આશ્ચર્ય હતું. તેમના મંદિરમાં શ્રીપાદ પ્રભુ બેઠા હતા. શ્રીપાદને જોઈ પતિપત્નીને ખૂબ જ આનંદ થયો. પતિ-પત્ની બંનેએ શ્રીપાદને રાજગરાની ભાજી ભોજનમાં સ્વીકારવા આગ્રહપૂર્વક વિનંતી કરી. પરંતુ શ્રીપાદે ભોજન સ્વીકારવા સ્પષ્ટ ના પાડી.

કાળ, કારણ અને કર્મ આ ત્રણેનો એક જ સમયે સંયોગ થાય તો અલભ્ય યોગ થાય છે. વિવેકશીલ મનુષ્ય આવા સુવર્ણયોગનો લાભ લે છે જ્યારે અવિવેકી મનુષ્ય ઉજ્જ્વળ લાભથી ચૂકી જાય છે. શ્રીપાદપ્રભુએ રાજગરાની ભાજી માટે ના પાડી પરંતુ, તે આગામી જન્મ માટે હતી. આગલા જન્મમાં મહારાષ્ટ્રની ભૂમિમાં શ્રીપાદપ્રભુ નરસિંહસરસ્વતીનો અવતાર લેશે અને

નરસાવધાનીએ આગામી જન્મમાં દરિદ્રી બ્રાહ્મણ તરીકે જન્મ લીધો હશે. તેવા ગરીબ ઘરની ભિક્ષા લેવા શ્રીપાદપ્રભુ વચન આપે છે. કદાચ સૂર્ય પોતાની ગતિ બદલે, ચંદ્ર પોતાની ગતિ બદલે, પરંતુ પ્રભુના વચન વિરુદ્ધ જવું પંચમહાભૂત સહિત કોઈ પણ જીવને માટે શક્ય નથી. આખું જગત ફરી જાય, યુગ ફરી જાય તો પણ શ્રીપાદની લીલાઓ નિત્ય, સત્ય અને નિત્ય નૂતન છે. ઘરના મંદિરમાં શ્રીપાદ પ્રભુએ નરસાવધાની અને તેમની ધર્મપત્નીને હિતોપદેશ કર્યો. આ ઉપદેશ દત્ત ભક્તોને માટે અત્યંત ઉપયોગી છે.

: નરસાવધાની અને શ્રીપાદશ્રીવલ્લભ વચ્ચે થયેલો સંવાદ અને શ્રીપાદપ્રભુનો ઉપદેશ :

પ્રશ્ન : તું કોણ છે દેવતા? યક્ષ? માંત્રિક?

ઉત્તર : હું એટલે હું જ છું! પંચભૂતાત્મક સૃષ્ટિના અણુપરમાણુમાં વિદ્યમાન અદૃશ્ય શક્તિ તે હું જ. પશુપક્ષીસહ સમસ્ત પ્રાણીમાત્રમાં માતૃ કે પિતૃસ્વરૂપ રૂપ સ્થિત છે. તે હું જ છું. સકળ સૃષ્ટિના ગુરુસ્વરૂપ પણ હું જ છું.

પ્રશ્ન : તું દત્ત ભગવાનનો અવતાર છે?

ઉત્તર : નિઃસંશય હું દત્ત જ છું. તમે શરીરધારી હોવાથી મને ઓળખી શકો તે માટે મેં શરીર ધારણ કર્યું છે. વાસ્તવમાં હું નિરાકાર અને નિર્ગુણ છું.

પ્રશ્ન : એટલે તને આકાર અને ગુણ નથી એમ?

ઉત્તર : નિરાકાર હોવું તે પણ એક આકાર છે. તે જ રીતે નિર્ગુણ હોવું તે પણ એક ગુણ છે. આકાર અને નિરાકાર, સગુણ અને નિર્ગુણ તે બધાંનો આધાર તે હું જ છું. અને તેનાથી પણ પર છું.

પ્રશ્ન : સર્વ તું જ છવાયેલો હોય તો પ્રાણીમાત્ર સુખ દુઃખ કેમ અનુભવે છે?

ઉત્તર : તારામાં રહેતો તું જીવ (ભાવ) છે. અને તારામાં સ્થિત હું ઈશ (ભાવ) પરમાત્મા છે. તારામાં કર્તૃત્વ (અહં)ની ભાવના રહે

ત્યાં સુધી તને એ હું (પરમાત્મા) ભાવ થઈ શકશે નહીં. જ્યાં સુધી તારામાં કર્તૃત્વ ભાવ છે, ત્યાં સુધી સુખ-દુઃખ, પાપ-પુણ્ય, તારું-મારું એવાં દ્વંદ્વોમાંથી મુક્તિ મળી ન શકે. તારામાં સ્થિત તું (અહંભાવ) નષ્ટ થઈ તારામાં "હું" ઉચ્ચ દશામાં હોઈશ ત્યારે તું (જીવ) મારી નિકટ હોઈશ. આ પ્રમાણે તું જેમ જેમ મારી નિકટ આવીશ તેમ તેમ તું ક્રમશઃ પાપ-પુણ્ય, સુખ-દુઃખ જેવાં દ્વંદ્વોનાં બંધનમાંથી મુક્ત થઈશ. તું મારો આશ્રય લઈશ ત્યારે સુખસંપન્ન હોઈશ.

પ્રશ્ન : જીવાત્મા અને પરમાત્મા જુદા જુદા છે તેમ કેટલાકનું માનવું છે. કેટલાકના મંતવ્ય મુજબ જીવાત્મા અને પરમાત્માના ઘનિષ્ટ સંબંધો છે. જ્યારે કેટલાકનું કહેવું છે કે જીવ જ પરમાત્મા છે- આ ત્રણેમાં સત્ય હકીકત કઈ?

ઉત્તર : તું ભિન્ન અને હું ભિન્ન આમ ભિન્નત્વની ભાવના હોય તો વાંધો નથી. તારી અંદર રહેલો અહંકાર નાશ પામ્યા પછી આપણે બંને દ્વૈતમાં રમમાણ થવાથી આનંદની પ્રાપ્તિ થશે. મારા અનુગ્રહને લીધે સર્વ ચાલી રહ્યું છે. તું કેવળ નિમિત્તમાત્ર છે. આ તત્ત્વનું અનુકરણ કરવાથી પણ આનંદજનક સ્થિતિએ પહોંચીશ. મોહનો નાશ થયા પછી દ્વૈતસ્થિતિ પણ મોક્ષ જ છે. તારો અહંકાર પૂર્ણતઃ નાશ પામે એટલે તારી કર્તૃત્વની ભાવના નાશ પામશે. તારામાં તું ન રહેતાં કેવળ હું છું તેવી સ્થિતિમાં મનની કલ્પનાશક્તિથી ન અનુભવી શકાય તેવા બ્રહ્માનંદનો અનુભવ થાય છે.

આથી અદ્વૈત સ્થિતિમાં હોય તો પણ મોક્ષ પ્રાપ્ત થાય છે. દ્વૈત સ્થિતિ હોય અથવા વિશિષ્ટ અદ્વૈત સ્થિતિમાં હોય તો પણ મોક્ષ સિદ્ધિ બ્રહ્માનંદ સ્થિતિ માત્ર એક જ છે. તે સ્થિતિ મન, કાયા, વાચાને અગોચર છે. કેવળ અનુભવથી જ જાણી શકાય છે.

પ્રશ્ન : અવધૂત સ્થિતિમાં સ્થિત કેટલાક મહાત્માઓ તેઓ પોતે જ બ્રહ્મ હોવાનું કહે છે. તો પછી તું અવધૂત છે?

ઉત્તર : ના. હું અવધૂત નથી. હું બ્રહ્મ છું અને બ્રહ્મ સર્વસ્વ હોવાથી અવધૂતોના તેવા અનુભવો છે. હું બ્રહ્મ હોવાથી હું સર્વાંતર્યામી હોવાની મારી સ્થિતિ છે.

પ્રશ્ન : તો પણ આ નજીવા ભેદને હું સમજી શકતો નથી.

ઉત્તર : સમસ્ત સંસારના બંધનમાંથી મુક્ત થયેલા અવધૂત મારામાં લીન થઈ બ્રહ્માનંદ સુખનો ઉપભોગ કરે છે. તેમનામાં વ્યક્તિત્વ નથી. તેમનું વ્યક્તિત્વ ન હોવાથી તે સંકલ્પરહિત હોય છે. આ સૃષ્ટિના મહાસંકલ્પમાં, મહાશક્તિમાં હું છું. જીવ કહેવડાવનાર માયાશક્તિમાં પણ હું જ છું. મારામાં લીન થયેલા અવધૂત પણ "તું ફરી જન્મ લે" એવી મારી આજ્ઞા થતાં તેમને જન્મ લેવો જ પડે છે. સંકલ્પયુક્ત સત્ય-જ્ઞાનાનંદ સ્વરૂપ તેમનું છે.

પ્રશ્ન : બીજને શેકવામાં આવતાં તે અંકુરિત થતું નથી તેવી જ રીતે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરીને બ્રહ્મમય થયેલાને પુનઃ જન્મ લેવા કહેવું શક્ય બનતું હશે?

ઉત્તર : શેકેલા બીજ પુનરંકુરિત ન થવાં તે સૃષ્ટિનો ધર્મ છે. શેકેલાં બીજને પુનરંકુરિત કરવાં તે સૃષ્ટિકર્તાનું શક્તિસામર્થ્ય છે. વાસ્તવિક રીતે જોતાં મારો અવતાર આ સિદ્ધાંત દ્વારા સત્યધર્મ નિરૂપણ કર્યા પૂર્વે થયેલો છે.

પ્રશ્ન : હે શ્રીપાદ ભગવાન, દત્તપ્રભુના અવતાર, સિદ્ધાંતનું વિસ્તારથી વિવરણ કરો.

ઉત્તર : ભૂત, ભવિષ્ય, વર્તમાન આ અવસ્થાત્રય તેમજ સૃષ્ટિ, સ્થિતિ, લય ઈત્યાદિ ત્રણનું અતિક્રમણ કરી વૃદ્ધ અત્રિ મહર્ષિ પ્રસિદ્ધ થયા. સૃષ્ટિના કોઈ પણ જીવ વિશે અથવા કોઈ પણ વસ્તુ વિશે અસૂયા, દ્વેષ લેશમાત્ર પણ ન હોવાને લીધે માતા અનસૂયા વિખ્યાત થયાં. બ્રહ્મા, વિષ્ણુ, રુદ્રના આધાર અને તેનાથી અતીત હોનાર તે પરમ જ્યોતિસ્વરૂપનું દર્શન પ્રાપ્ત કરવા માટે અત્રિ મહર્ષિએ ઘોર તપશ્ચર્યા કરી. તે પરમ જ્યોતિસ્વરૂપ પરમાત્માએ પોતાની અમૃત દૃષ્ટિ વડે સૃષ્ટિના પ્રત્યેક પ્રાણી અને વસ્તુનું અવલોકન કરી અનુગ્રહ કરવાના હેતુથી અનસૂયા માતાએ તપશ્ચર્યા કરી હતી.

કર્મસૂત્ર અનુસાર પાપ-પુણ્યને અનુસરીને સુખ-દુઃખ પ્રાપ્ત થાય છે. મહાપાપનું ફળ અલ્પ મળે તેમજ અલ્પ પુણ્યનું ફળ અધિક મળે છે તે સંકલ્પથી અનસૂયા પ્રાર્થના કરતી. અત્યંત કઠણ એવી લોહસાંકળને પોતાના તપોબળથી

માતા અનસૂયાએ ખાવાયોગ્ય ચણામાં રૂપાંતરિત કરી. ખનિજમાં રહેલું ચૈતન્ય નિદ્રા અવસ્થામાં હોય છે. વનસ્પતિ-લતા આદિમાં ચૈતન્ય અર્ધ નિદ્રાવસ્થામાં હોય છે. પશુમાં પૂર્ણ ચૈતન્યની સ્થિતિ હોય છે.

ખનિજ તરીકે જન્મ લઈ મૃત્યુ પામવું. તે પછી વૃક્ષેતર જન્મ લેવો. તે પછી, પશુ જન્મ પામીને છેવટે મનુષ્ય જન્મ લેવો. માનવ જન્મ લીધેલા મનુષ્યે વિવેક, જ્ઞાન, વૈરાગ્યવાન થઈ પોતાનામાં સુષુપ્ત રહેલી પરમાત્મશક્તિને જાગ્રત કરી મોક્ષ પ્રાપ્ત કરી લેવો જોઈએ. પ્રકૃતિના પરિણામક્રમનો ધર્મ પરમાત્માના અનુગ્રહથી બદલી શકાય છે, તેમ માતાએ પુરવાર કર્યું છે. ત્રિમૂર્તિના રૂપમાં સ્થિત ચૈતન્ય જાગ્રત અવસ્થામાં હોવાથી તેને નિદ્રાવસ્થામાં બદલી તેમને બાળકોનું સ્વરૂપ આપ્યું. ત્રિમૂર્તિની શક્તિ એકઠી કરી અનઘાદેવીનું રૂપધારણ કર્યું. ત્રિદેવે દત્તાત્રેયનો અવતાર લઈ અનઘાદેવીનો અર્ધાંગિની તરીકે સ્વીકાર કર્યો. શ્રીપાદવલ્લભ અવતારી, વામભાગે અનઘાદેવી અને દક્ષિણ ભાગે દત્તાત્રેય હોઈ અર્ધનારીશ્વરરૂપમાં પ્રભુનો જન્મ થયો. આવી મહોત્તર સૃષ્ટિને પોતાના સંકલ્પમાત્રથી સર્જન કરવાનું શક્તિસામર્થ્ય ધરાવનાર પ્રભુને આવશ્યકતાનુસાર સૃષ્ટિના ધર્મમાં (નિયમોમાં) ફેરફાર કરવાનું સહજ શક્ય છે તે તું જાણ.

પ્રશ્ન : હે શ્રીપાદ સૃષ્ટિ ધર્મમાં ફેરફાર કરવાનું સામર્થ્ય ધરાવનાર તું મારા દારિદ્રનું હરણ કરી શકતો નથી?

ઉત્તર : તારું દારિદ્ર હું અવશ્ય દૂર કરીશ. પરંતુ તારા આવતા જન્મે, થોડું ઘણું દારિદ્ર ભોગવ્યા બાદ! રાજગરાની કીંમત નજીવી હતી, તો પણ તને રાજગરા પર ખૂબ મોહ હતો. (મારાં) માત, પિતા, દાદા દ્વારા ભાજીની યાચના કરવામાં આવી ન હતી! મારા જેવા બાળકનો કેટલો આહાર હોઈ શકે? રાજગરાની ભાજી માટે ઈચ્છા થતાં જ તે આપી હોત તો આજની (ગરીબ) સ્થિતિ પેદા થઈ ન હોત! પરંતુ તે તક જતી રહી.

તારા મનની મલિનતા દૂર કરવા માટે તારું આ જીવન પૂરતું નથી. પ્રત્યેક મનુષ્ય પોતાનું પુણ્યફળ આયુષ્ય, ઐશ્વર્ય, કીર્તિ, ધન, સૌંદર્ય ઇત્યાદિરૂપે મેળવે છે. પાપનું ફળ ગરીબાઈ, અલ્પાયુષ્ય, કુરૂપતા, કુખ્યાતિના રૂપમાં

મેળવે છે. તારા પુણ્યનો મોટો ભાગ લઈ તને આયુષ્ય આપ્યું. આથી તારું પુણ્ય વપરાઈ ગયું. હવે તારું પાપ વધુ હોવાથી તારે દારિદ્ર ભોગવવું જોઈએ. તો પણ સ્વયંભૂ દત્તની તેં આરાધના કરી હોવાથી ગરીબ હોવા છતાં તને બે ટંક અન્નની ખેંચ નહીં પડે! મારા તને આશીર્વાદ છે.

પ્રશ્ન : હે શ્રીપાદ, વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે વર્તન કરવું તેમ શાસ્ત્ર નિર્ધાર છે. તમારા દાદાએ વૈશ્યને વેદોક્ત પદ્ધતિથી ઉપનયન કરી શકાય તેવો નિર્ણય આપ્યો તે નિર્ણય ભૂલભરેલો નથી?

ઉત્તર : સત્યઋષીશ્વરના નિર્ણયમાં ભૂલ શોધનાર તારી જીભ કાપી નાંખવી જોઈએ. દાદા એટલે કોણ? તેઓ સાક્ષાત્ ભાસ્કરાચાર્ય હતા. વિષ્ણુદત્ત અને સુશીલા, નિઃસ્વાર્થ અને પરમ પવિત્ર એવું દંપતી! તેમને મારા માતા-પિતા તરીકે જન્મ લેવા મેં કાળ અને કર્મદેવતાને આદેશ આપ્યો. નરસિંહ વર્માના પૂર્વજ શ્રીલક્ષ્મી નૃસિંહસ્વામીના અનન્ય ભક્ત! સિંહાચળમાં હંમેશાં યોજાતા યજ્ઞયાગમાં વિશિષ્ટ અન્નદાન કરનાર કુટુંબ! મેં પીઠિકાપુરમાં જન્મ લેતાં પૂર્વે એક વિશિષ્ટ ક્રમ પદ્ધતિથી આ ઘટના ઘટાવી. તે ત્રણ વંશના ઋણાનુબંધ એક જ જન્મમાં સમાપ્ત કરી શકાતા નથી અથવા એક જ અવતાર સમયમાં તે સમાપ્ત કરવા જેવા (સામાન્ય) નથી! મારો વરદ હસ્ત તેમના પર વંશોવંશ સુધી હશે. મારી છત્રછાયામાં તેઓ હંમેશાં નિશ્ચિંત રહેશે.

: ભક્તોને શ્રીપાદશ્રીવલ્લભનું અભયવચન :

હવે મારા વિશે કહેવું હોય તો નજીવી કિંમતની રાજગરાની ભાજી તું મને આપી શક્યો નહીં. મેં ભોજન કર્યું હોત તો લાખ બ્રાહ્મણ ભોજનનું પુણ્ય તને પ્રાપ્ત થયું હોત! તું સાચે જ અભાગી છે. ધર્મ એટલે શું અને અધર્મ એટલે શું? એમ વાદ હોય તો શાસ્ત્રનો આશ્રય લેવો જોઈએ. શાસ્ત્ર પ્રમાણે આચરણ કરવું કે ના કરવું તે વિશે ચર્ચા ચાલતી હોય તો નિર્મળ અંતઃકરણ

ધરાવનાર સત્પુરુષનું વચન શાસ્ત્ર ગણાય. તેમનું વચન વેદવાક્ય સમાન અને ધર્મસંમત હોય છે. તેમણે અધર્મ પ્રમાણે નિર્ણય આપવા જો પ્રયત્ન કર્યો હોય તો પણ ધર્મદેવતા તેમને અધર્મમાર્ગથી પરાવૃત્ત કરી ધર્મસંમત નિર્ણય આપવા માટે બાધ્ય કરશે.

હિંસા કરવી તે પાપ છે એમ શાસ્ત્ર કહે છે. પરંતુ, શ્રીકૃષ્ણ પરમાત્મા સમક્ષ થયેલું યુદ્ધ ધર્મયુદ્ધ કહેવાયું. કૌરવ-પાંડવ વચ્ચેનું યુદ્ધ ધર્મયુદ્ધ અને યુદ્ધ જે સ્થળે થયું તે ધર્મક્ષેત્ર તરીકે પ્રખ્યાત થયું. યજ્ઞ કરવો તે એક પુણ્યકર્મ છે. પરંતુ, પરમાત્મા સ્વરૂપ શંકર ભગવાનને ન બોલાવતાં આદરેલા દક્ષયજ્ઞનું અંતે યુદ્ધમાં રૂપાંતર થયું. દક્ષનું મસ્તક ધડથી છૂટું પાડવામાં આવ્યું અને તેને અજાનું મસ્તક લગાડવામાં આવ્યું.

રોગીને પિત્તપ્રકોપ થયો હોય તો વૈદ લીંબુ, આમળાં ઇત્યાદિથી ઉપચાર કરે છે. શરીરનો કોઈ એક ભાગ કોહવાઈ ગયો હોય તો તે ભાગ શસ્ત્ર વડે કાપીને દૂર કરી જેમ શલ્ય ચિકિત્સક નિદાન-શુશ્રુષા કરે છે તેવી જ રીતે હું પણ ભવરોગનો વૈદ્ય છું. મારામાં દેવતાઓના અંશ છે. તે જ રીતે રાક્ષસનો પણ અંશ છે. હું ઉન્મત્તની જેમ, પિશાચની જેમ અથવા કોક વાર રાક્ષસની જેમ પણ વ્યવહાર કરું છું. મારા અંતર્ગત જીવો પ્રત્યે અત્યંત કરુણા હોવાથી તમારો સ્વભાવ, તમારું શુભાશુભ કર્મ હોય તેને અનુસરીને હું વર્તન કરું છું. મારા અનન્ય શરણાગત ભક્તનો હાથ હું કદી છોડતો નથી.

દૂર રહેલા મારા ભક્તોને હું મારા ક્ષેત્રની નજીક આણું છું. ઋષિનું કુળ અને નદીનું મૂળ પૂછવું નહીં. આદિ પરાશક્તિ કન્યકા પરમેશ્વરીનું અવતરણ વૈશ્યકુળમાં નથી થયું? સિદ્ધ ગણાયેલા મુનિમાં વૈશ્ય મુનિ નથી? બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય જ નહીં, પરંતુ શૂદ્ર પણ જો નિષ્ઠાપૂર્વક નિયમપાલન કરનાર હોય તો વેદોક્ત ઉપનયનનો અધિકારી છે. ઉપનયન સંસ્કારથી ત્રીજું (જ્ઞાન) નેત્ર ખૂલવું જોઈએ. અંતઃકરણ શુદ્ધ થઈ બ્રહ્મજ્ઞાનમાં મન મગ્ન થવું જોઈએ. તારું મન શાકરૂપી જ્ઞાન (રાજગરા)માં પૂર્ણતઃ મગ્ન થયેલું છે. બ્રહ્મ શું બજારમાં વેચાતી મળતી ચીજ છે?

આ જન્મે બ્રાહ્મણ તરીકે જન્મનાર આગામી જન્મમાં ચંડાળ તરીકે પણ જન્મ લઈ શકે છે. તે જ પ્રમાણે આ જન્મે ચંડાળ

તરીકે જન્મનાર આવતા જન્મે બ્રાહ્મણ તરીકે પણ જન્મ ધારણ કરી શકે છે. બ્રહ્મ એ કુળ, મત, દેશ, કાળથી પણ અતીત એવું રહસ્ય છે એમ તું જાણ. દેવ ભાવનાપ્રિય છે અને બ્રાહ્યપ્રિય (વસ્તુપ્રિય) નથી. તારી ભાવના અનુસાર દૈવ કાર્ય કરે છે.

બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કરતી વખતે હું બ્રાહ્મણ હોઉં છું. ભક્તોનો યોગક્ષેમ ચલાવવા તથા અનુગ્રહ કરવા માટે જ્યારે રાજદરબારમાં હોઉં છું ત્યારે હું ક્ષત્રિય હોઉં છું. દરેક જીવ પોતપોતાના પાપ-પુણ્ય કર્મ પ્રમાણે ફળ મેળવે છે. પ્રત્યેક જીવનો પાપ-પુણ્ય કર્મનો હિસાબ મારી પાસે છે. બરાબર તોલીને માપીને પાપ-પુણ્યના ફળની વહેંચણી કરતી વખતે હું વૈશ્ય છું. ભક્તોના કષ્ટો પોતાના શરીર પર લઈ તેમને સુખ શાંતિ પ્રદાન કરવાનો સેવાધર્મ ધારણ કરું છું ત્યારે હું શૂદ્ર છું. જીવ મૃત્યુ પામ્યા પછી ચિતાગ્નિ આપીને તેના શરીરને ભસ્મીભૂત કરી ઉત્તમ ગતિ પ્રાપ્ત કરાવી આપનાર હું ઘોર ખોદનાર ચંડાળ છું. હવે તું મને કહે, હું કયા કુળનો છું?

પ્રશ્ન : શ્રીપાદ મને ક્ષમા કર. હું અજ્ઞાની છું. તમે સાક્ષાત્ દત્તપ્રભુ છો. સમસ્ત જીવોનો આશ્રય તમે જ છો, આ સૃષ્ટિ કેવી રીતે ઉત્પન્ન થઈ તેનું વિવરણ કરી મને કૃતાર્થ કરો.

: લોકાલોક વર્ણન :

ઉત્તર : દાદાજી, સ્વર્ગમાં ૮૮ હજાર ગૃહસ્થ મુનિનો નિવાસ હોય છે. પુનરાવૃત્તિ એ તેમનો ધર્મ (સ્વભાવ) હોઈ ધર્મપ્રચાર માટે તેઓ બીજરૂપે વિદ્યમાન રહે છે. પરમાત્માની અનિર્વચનીય શક્તિના એક અલ્પશા અંશથી જગતની સૃષ્ટિ રચવા માટે બ્રહ્મદેવની ઉત્પત્તિ થઈ. પરમાત્મા થકી ક્રમથી સર્વવ્યાપી એવા જીવનું નિર્માણ થયું. પરમાત્માના તેજથી જળમાં કોટી કોટી સંખ્યામાં સુવર્ણ કાંતિયુક્ત અંડ ઉત્પન્ન થયું. તે અંડમાં એક અંડ એવું કે જે બ્રહ્માંડ, તેમાં આપણે નિવાસ કરીએ છીએ.

આ અંડનો અંદરનો ભાગ કાયમ અંધકારમય છે. ત્યાં પરમાત્માનું તેજ મૂર્તિમાન થવાથી તે અનિરુદ્ધ નામથી વિખ્યાત થયા. તે અંડમાંનો અંધકાર પરમાત્માએ પોતાના તેજથી દૂર કર્યો છે. હિરણ્ય ગર્ભ, સૂર્ય, સવિતા, પરંજ્યોતિ ઇત્યાદિ અનેક નામથી વેદમાં તેનો ઉલ્લેખ છે. ત્રેતાયુગમાં પીઠિકાપુરમાં એક કરોડ બ્રહ્માંડમાં વ્યાપેલા દત્તાત્રેયના તેજને ઉદ્દેશી ભારદ્વાજ મહર્ષિએ સાવિત્રીકાઠક યજ્ઞનું આયોજન કર્યું.

સત્યલોકમાં નિરામય સ્થાન નામનું એક સ્થાન છે. ત્રિખંડ સોપાનમાં વસુ, રુદ્ર અને આદિત્ય નામના પિતૃગણોનો વાસ છે. નિરામય સ્થાનના સંરક્ષક તરીકે તેઓ ફરજ બજાવે છે. બ્રહ્મલોક તરીકે ઓળખાતા લોકમાં ચતુર્મુખ બ્રહ્મા નિવાસ કરે છે. તે વિધાસ્થાન અથવા મૂળ પ્રકૃતિસ્થાન તરીકે પણ ઓળખાય છે. તેના પર શ્રીનગર નામે પ્રખ્યાત સ્થળ આવેલું છે. તેની પર મહાકૈલાસ, તેના પર કારણ વૈકુંઠ આવેલું છે.

સત્યલોકમાં પુરાણપુર નામનું વિધાધર સ્થાન છે. તપોલોકમાં અંજનાપતિપુરમાં સાધ્યો નિવાસ કરે છે. જનલોકમાં અંબાવતીપુર સ્થળે સનક, સનંદન આદિ ઋષિઓનો નિવાસ છે. મહર્લોકમાં જ્યોતિષ્મતિપુરમાં સિદ્ધ આદિ ગણોનો વાસ છે. સ્વર્ગલોકમાં અમરાવતીપુરમાં દેવેન્દ્રાદિ દેવતાગણોનો વાસ છે. ખગોળીય સંબંધિત ગ્રહ-નક્ષત્રાદિથી વ્યાપ્ત ભુવર્લોકમાં રથાંતરપુરમાં વિશ્વકર્મા નામના દેવ શિલ્પીનો નિવાસ છે.

દાદા, ભૂલોકના બે ભાગ છે. માનવનો નિવાસ જેમાં છે તેવા એક ભાગને ભૂગોળ કહે છે. તદ્ઉપરાંત, મહાભૂમિ નામનો બીજો વિભાગ પણ છે. આ મહાભૂમિ ભૂગોલકની દક્ષિણે પાંચ કરોડ બ્રહ્માંડ યોજન દૂર સ્થિત છે. મર્ત્યલોક એટલે ભૂલોક અને ભુવર્લોક અને તેમાં મહાભૂમિનો પણ સમાવેશ થાય છે. પાતાળમાં અતલ, વિતલ, સુતલ, રસાતલ, તલાતલ, મહાતલ અને પાતાલ આ પ્રમાણે સાત લોક છે. ટૂંકમાં એને સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ (લોક) એમ કહે છે.

આપણે રહીએ છીએ તે ભૂગોળની નીચે મહાભૂમિ આવેલી છે. તેનો મધ્ય ભાગ ઊંચો અને ચક્રાકાર છે. તેને લીધે

તેના ઉપલા સ્તર પર સૂર્ય, ચંદ્ર સદા ચળકે છે. સતત પ્રકાશમાન હોવાને લીધે ત્યાં કાળમાનનો નિર્ણય નથી. આ મહાભૂમિ પર સાત સમુદ્ર, સપ્ત દ્વીપ છે. જંબુદ્વીપ આ મહાભૂમિ પર આવેલો છે. ભૂલોક અને ભૂવર્લોક આ બંનેની સંયુક્ત સંજ્ઞા મર્ત્યલોક તરીકે છે. ભૂલોકમાં મહાભૂમિ અને ભૂગોળ એમ બે પ્રકાર છે.

સૃષ્ટિના પ્રારંભે સર્વ લોક જળમય હતા. પ્રજાપતિએ સૃષ્ટિની રચના કરવાના હેતુથી તપશ્ચર્યા કરી, ત્યારે જળની સપાટી પર તરતાં એવા ઘણાં પર્ણો (પાંદડાં)નાં દર્શન થયાં. પ્રજાપતિએ વરાહરૂપ ધારણ કરી પુષ્કર પર્ણ નજીક ભૂસકો માર્યો. તેની નીચે મહાભૂમિ જડી. મહાભૂમિની થોડી ભીની માટી તેણે પોતાના ધારદાર દાંત વડે બે ભાગમાં વહેંચી. એક ભાગ પાણી પર લાવ્યા અને પુષ્કર પર્ણ પર મૂક્યો. તે ભાગ પૃથ્વી થયો. દાદા, આ ભૂગોળ કહેવાય છે.

મહાભૂમિથી ભૂગોળનું અંતર પાંચ કરોડ બ્રહ્માંડ યોજન છે. મહાભૂમિનો વિસ્તાર ૫૦ કરોડ યોજન છે. જંબુદ્વીપ નામનો દ્વીપ આ મહાભૂમિ પર આવેલો છે. તેના ૯ ખંડો છે. દેવખંડમાં દેવતા અને ગભસ્ત્ય ખંડમાં ભૂતોનો નિવાસ છે. પુરુષ ખંડમાં કિન્નર, ભરત ખંડમાં માનવ, શરભ ખંડમાં સિદ્ધ, ગંધર્વ ખંડમાં ગંધર્વ, તામ્ર ખંડમાં રાક્ષસ, શેરુ ખંડમાં યક્ષ, ઇંદુ ખંડમાં પન્નગોનો નિવાસ છે. મહાભૂમિ પરના જંબુદ્વીપના દક્ષિણે આવેલા ભરત ખંડમાં ભરતપુરી, વૈવસ્વત મનુભૂઋષિ, માનવો સાથે રાજ કરી રહ્યા છે.

મહાભૂમિ પર જંબુદ્વીપની જેમ ભૂગોળ પર પણ જંબુદ્વીપ આવેલો છે. મારો શ્રીપાદશ્રીવલ્લભાવતાર પીઠિકાપુરમાં થતાં ૧૦૦ વર્ષ પૂર્વે મહાભૂમિમાં મારું આગમન થયું. મહાભૂમિ પર રહેલા જંબુદ્વીપનો વિસ્તાર એક લાખ યોજન જેટલો છે. જંબુદ્વીપ પર કેવળ ભરતખંડી વૈવસ્વત મનુ છે. ઈતર ખંડોમાં દેવ યોનિનો નિવાસ છે. કુમળા ઉનાળા જેવો પ્રકાશ હોઈ ત્યાં દિવસ કે રાત્રીનો ભેદ નથી.

સમુદ્રના	૧ લાખ યોજન	દધિ સમુદ્રના	૧૬ લાખ યોજન
લવણ લક્ષ દ્વીપના	૨ લાખ યોજન	શાલ્મલી દ્વીપના	૩૨ લાખ યોજન
ઈક્ષુરસ સમુદ્રના	૨ લાખ યોજન	ક્ષીર સમુદ્રના	૩૨ લાખ યોજન
કુશદ્વીપના	૪ લાખ યોજન	પુષ્કર દ્વીપના	૬૪ લાખ યોજન
સુરાસમુદ્રના	૪ લાખ યોજન	શુદ્ધ જળ સમુદ્રના	૬૪ લાખ યોજન
ક્રૌંચ દ્વીપના	૮ લાખ યોજન	ચલાચલ પર્વતના	૧૨૮ લાખ યોજન
સર્પી સમુદ્રના	૮ લાખ યોજન	ચક્રાવલી પર્વતના	૨૫૬ લાખ યોજન
શાક દ્વીપના	૧૬ લાખ યોજન	લોકાલોક પર્વતના	૫૧૨ લાખ યોજન
તપોભૂમિના	૧૨૫૦ લાખ યોજન		

આ પ્રમાણેનો વિસ્તાર છે. લોકાલોક પર્વતની પેલી પાર સૂર્યરશ્મિ જઈ શકતું નથી. આથી લોકાલોક પર્વત અને અંડાંત આ બંનેમાં અંધકાર છવાયેલો હોય છે. અંડાંતનો વિસ્તાર કોટી યોજન છે. વરાહાવતાર અથવા નૃસિંહાવતાર ભૂમિને વ્યાપ્ત કરનાર અવતાર નથી. વરાહ એટલે સૂકર નહીં. પરંતુ, તીક્ષ્ણ દાંતવાળો એક ખડ્ગમૃગ છે.

: દ્વીપ, દ્વીપાધિપતિ અને દ્વીપાધિદેવતાનું વર્ણન :

મહાભૂમિમાં સ્થિત જંબુદ્વીપનું સ્વયંભૂ મનુએ ચક્રવર્તી તરીકે પાલન કર્યું. તેના સાત પુત્ર સાત દ્વીપના અધિપતિ થયા. યક્ષ દ્વીપના મેધાતિથિ, શાલ્મલી દ્વીપના વપુષ્મંત, કુશ દ્વીપના જ્યોતિષ્મંત, ક્રૌંચ દ્વીપના ધુતિમંત, શાક દ્વીપના હવ્ય,

પુષ્કર દ્વીપના સવન સૌ પ્રથમ ચક્રવર્તી થયા.

લવણ લક્ષ દ્વીપના ચતુર્વર્ણ-આર્યક, કુરર, વિંદક અને ભાવિનના નામે પ્રસિદ્ધ છે. ચંદ્રાકૃતિમાં સ્થિત વિષ્ણુ તેમના આરાધ્ય દૈવત છે. શાલ્મલી દ્વીપમાં કપિલ, ચારણક, પીત અને કૃષ્ણ એ ચાર વર્ણ છે. તેમના આરાધ્ય દેવ વિષ્ણુ છે. કુશ દ્વીપમાં દમી, શુષ્મીણ, સ્નેહ અને મંદેહ એ ચાર વર્ણ છે. તેમના આરાધ્ય દેવ બ્રહ્મા છે. ક્રૌંચ દ્વીપમાં પુષ્કર, પુષ્કલ, ધન્ય અને પિષ્ય એ ચાર વર્ણ છે. તેમના આરાધ્ય દૈવત રુદ્ર છે. શાક દ્વીપમાં મંત્ર, માગધ, માનસ અને મંદ એમ ચાર વર્ણ છે. તેઓ સૂર્ય ભગવાનની ઉપાસના કરે છે.

પુષ્કર દ્વીપમાં જ માત્ર ચતુર્વર્ણ નથી. દેવતાની જેમ બધા જ રોગ અને શોકમુક્ત હોઈ આનંદથી કાળક્રમણ કરે છે. તેમના આરાધ્ય દૈવત બ્રહ્મા છે. આપણા ભૂગોળમાં જંબુ દ્વીપમાં ભરતવર્ષ, કિંપુરુષવર્ષ, હરિવર્ષ, કેતુમાલ્યવર્ષ, ઈલાવૃત્તવર્ષ, ભદ્રાશ્વવર્ષ, રમ્યકવર્ષ, હિરણ્યકવર્ષ અને કુરુવર્ષ નામના ભાગ છે. મહાભૂમિ ગોળાકાર હોઈ મધ્ય ભાગ કાચબાની પીઠની જેમ ઊંચો છે. આ ઊંચા ભાગને ભૂમંડળ કહે છે.

ભૂગોળ માત્ર લીંબુ જેવું ગોળ હોય છે. મહાભૂમિ મેરુ રેખાથી વળાંક લઈ બ્રહ્માંડના છેડા સુધી વ્યાપ્ત છે. ભૂગોળ માત્ર જ્યોતિશ્ચક્રના સમાનાંતરે મધ્ય ભાગે સ્થિત છે. મહાભૂમિના મધ્યભાગે આવેલી મેરુ રેખાની આસપાસ જંબુદ્વીપ આવેલો છે. તેમાં સપ્ત સમુદ્ર, સપ્ત દ્વીપ આદિ છે.

ભૂગોળના ઉત્તરાર્ધને દેવ ભાગ અને દક્ષિણાર્ધને અસુર ભાગ કહે છે. મહાભૂમિના મધ્ય ભાગે દેદીપ્યમાન મેરુ સ્થિત છે, જે જીવોનું પાલન કરનાર મનુનું નિવાસસ્થાન છે. ભૂગોળ જીવોનું નિવાસસ્થાન છે. મહાભૂમિમાં સ્થિત ચક્રવાળ પર્વત શિખર પર જ્યોતિશ્ચક્ર સ્થિત છે. ભૂગોળ માત્ર આનાથી ભિન્ન છે.

સાત કક્ષાથી આવૃત્ત જ્યોતિશ્ચક્ર ભૂગોળની રોજ એક પ્રદક્ષિણા કરે છે. મહાભૂમિમાં શીત તેમજ ઉષ્ણ અને વાત અલ્પ

પ્રમાણમાં હોઈ સદૈવ પ્રકાશમાન હોવાથી નિત્ય દિવસ હોય છે અને કાળને વ્યત્યાસ નથી. ભૂગોળમાં આનાથી વિપરીત છે. મહાભૂમિ કેવળ પુણ્યફળ અનુભવવા માટે મેળવવા યોગ્ય છે. સ્થૂળ શરીરને અપ્રાપ્ય છે. ભૂગોળ પુણ્ય મેળવવા માટેની કર્મભૂમિ હોઈ સ્થૂળ શરીરધારીને રહેવા માટેની ભૂમિ છે. મહાભૂમિ પર મનુપ્રલય સિવાય બીજા પ્રલય ઉદ્‌ભવતા નથી. ભૂગોળમાં યુગ પ્રલય, મહાયુગ પ્રલય, મનુ પ્રલય ઇત્યાદિ થાય છે.

મહાભૂમિને ધાત્રી અને વિધાત્રી એવાં નામ છે. ભૂગોળને મહી, ઊર્વી, ક્ષિતિ, પૃથ્વી, ભૂમિ એવા વિવિધ નામો છે. દાદા, હવે તમને પાતાળલોક વિશે કહું છું તે તમે સાંભળો. અતલમાં પિશાચગણો, વિતલલોકમાં ગુહ્યક, સુતલલોકમાં રાક્ષસ, રસાતલલોકમાં ભૂત, તલાતલલોકમાં યક્ષ, મહાતલમાં પિતૃઓ અને પાતાળમાં પન્નગોનો વાસ છે.

: પાતાળલોકના નિવાસી, લોકાધિપતિ અને ખંડનું વિવરણ:

વિતલલોકનો અને નવનિધિનો અધિપતિ કુબેર છે. તે બ્રહ્માંડનો કોષાધિપતિ હોઈ, ઉત્તર દિશામાં અલકાપુરીમાં તેનો નિવાસ છે.

વિતલલોકના મેરુ ભાગના પશ્ચિમે યોગિનીપુરમાં મય રહે છે. તે રાક્ષસોનો શિલ્પી હોઈ તેણે ત્રિપુરાસુરને આકાશમાં ઊંચે વિહાર કરવા યોગ્ય એવું ત્રિપુર નિર્માણ કરી આપ્યું.

સુતલના વૈવસ્વતપુરમાં યમનું આધિપત્ય છે. તે દક્ષિણ દિશાનો અધિપતિ છે. આ નગરમાં પ્રવેશ કરતાં પૂર્વે અગ્નિહોત્રા નદી આવેલી છે, તે વૈતરણી નામે પણ ઓળખાય છે. પુણ્યાત્માઓને માટે આ નદી પાર કરવી સુલભ છે. જ્યારે પાપી લોકોને આ નદી પાર કરતાં ખૂબ જ કષ્ટ પડે છે.

રસાતલમાં પુણ્યનગર સ્થળે નિર્ઋતિ નામનો દૈત્ય રાજ્ય કરે છે. તે નૈઋત્ય દિશાનો અધિપતિ છે. તલાતલલોકમાં

ઘનિષ્ઠપુરમાં પિશાચગણો સાથે વેતાળનું રાજ્ય છે. મહાતલમાં કૈલાસપુરીમાં સર્વ ભૂતગણો સહિત કાત્યાયની પતિ ઈશાન નિવાસ કરે છે. તે ઈશાન દિશાનો અધિપતિ છે. પાતાળમાં વૈકુંઠ નગર આવેલું છે. ત્યાં શ્રીમન્નારાયણ, પાતાળમાં નિવાસ કરતા અસુરો સાથે વાસુકી અને બીજા સર્વશ્રેષ્ઠો સાથે શેષશાયી થઈ વિરાજમાન છે. એને શ્વેત દ્વીપમાં સ્થિત કાર્યવૈકુંઠ એમ કહે છે.

પાતાળલોકમાં ત્રિખંડ સોપાન છે. પ્રથમ ખંડમાં અનંગ જીવોનો વાસ છે. દ્વિતીય ખંડમાં પ્રેતગણોનો વાસ છે. તૃતીય ખંડમાં યાતનામય શરીર પ્રાપ્ત થયેલા જીવો દુઃખથી આક્રોશ કરે છે.

મહાભૂમિમાં સપ્ત સમુદ્ર અને સપ્ત દ્વીપ છે, તેની વચ્ચે જંબુદ્વીપ છે. જંબુદ્વીપનું નવ ખંડોમાં વિભાજન થયેલું છે. દક્ષિણ દિશામાં આવેલા ખંડને ભરત ખંડ કહે છે. ભરત ખંડમાં ભરતપુરમાં સ્વયંભૂ મનુ રહે છે. અનેક પુણ્યજીવો અને ઋષિઓ સ્વયંભૂ મનુના રાજ્યમાં નિવાસ કરે છે. તેઓ તે લોકના ધર્મનું પાલન કરે છે. મહાભૂમિ પર સપ્ત દ્વીપની આસપાસ ચરાચર, ચક્રવાળ, લોકાલોક જેવા પર્વત સ્વર્ગલોક સુધી વ્યાપ્ત છે. આ પર્વતો કાંતિ કિરણોને પોતાના મધ્યેથી ક્યારેય પ્રસારિત થવા દેતા નથી.

મહાભૂમિની નીચે સાત અધોલોક છે. તે સપ્ત પાતાળ નામે ઓળખાય છે. અતલ લોકમાં પિશાચનો વાસ છે. વિતલ લોકમાં અલકાપુરીમાં કુબેર નિવાસ કરે છે. યોગિનીપુરમાં રાક્ષસો સાથે મય રહે છે. સુતલ લોકમાં રાજા બલિ પોતાના પરિવાર સાથે રહે છે. વૈવસ્વતપુર યમનું નિવાસસ્થાન છે. અહીંના નરકમાં પાપી જીવો નરકયાતના ભોગવે છે. રસાતલ લોકમાં પુણ્યપુરમાં નિર્ઋતિ ભૂતગણો સાથે નિવાસ કરે છે. તલાતલ લોકમાં ઘનિષ્ઠાપુરમાં વેતાળ રહે છે. કૈલાસપુરીમાં રુદ્ર રહે છે. મહાતલમાં પિતૃદેવોનો વાસ છે. પાતાળમાં શ્વેત દ્વીપ વૈકુંઠ છે. તેમાં નારાયણનો વાસ છે. મેરુને અડીને નીચેના ભાગે અનંગ જીવો, પ્રેતગણ અને યાતના દેહ હોય છે. નિરાલંબ (સૂચ્યગ્રસ્થાનમાં) (SUCHYAGRASHTAN) મહાપાતકી હોય છે. ભોજનને અંતેઃ

રૌરવે અપુણ્ય નિલયે પદ્માર્બુદ નિવાસિનામ્ ।
અર્થિનામ્ ઉદકમ્ દત્તમ્ અક્ષય્યમુપતિષ્ઠતિ ॥

આમ બોલીને ઉત્તરાપોષણમાં આ જીવોને ઉદક પ્રદાન કરવું.

: લોકનું નામ, તેનું વિસ્તૃત વર્ણન :

ભૂલોકમાં રહેલું ભૂગોળ અને મહાભૂમિ ભિન્ન છે. તેને સ્પષ્ટ રીતે સમજવાની જરૂર છે. ભૂગોળ બિંદુ પર ઊર્ધ્વ ધ્રુવસ્થાન પર્યંતના પ્રદેશમાં મેરુ રેખાને પ્રકાશમાન કરનાર સૂર્યલોક છે. આ સૂર્યદેવતાનો લોક છે. પરંતુ, સૂર્યગ્રહ મંડળ નથી. આ જ પ્રમાણે ચંદ્રલોક, અંગારકલોક, બુધલોક, ગુરુલોક, શુક્રલોક, શનૈશ્ચરલોક, રાશ્યાદિ દેવતાલોક, નક્ષત્ર દેવતાલોક, સાત ઋષિલોક, ઊર્ધ્વ ધ્રુવલોક, ઇત્યાદિ વિદ્યમાન છે. આ ઉપરાંત પણ બીજા અવાંતરલોક છે.

ભૂમધ્ય બિંદુથી સૂર્યલોક એક લાખ બ્રહ્માંડ યોજન દૂર છે. આ સૂર્યગ્રહના અધિપતિ રહેતા સૂર્યદેવતાનું સ્થાન છે. ભૂમધ્ય બિંદુથી ચંદ્રલોક બે લાખ બ્રહ્માંડ યોજન દૂર છે, અંગારક (મંગળ) લોક ૩ લાખ બ્રહ્માંડ યોજન દૂર, બુધલોક ૫ લાખ બ્રહ્માંડ યોજન દૂર, ગુરુલોક ૭ લાખ બ્રહ્માંડ યોજન દૂર, શુક્રલોક ૯ લાખ બ્રહ્માંડ યોજન દૂર, શનૈશ્ચરલોક ૧૧ લાખ બ્રહ્માંડ યોજન દૂર, રાશ્યાદિ દેવતાલોક ૧૨ લાખ બ્રહ્માંડ યોજન દૂર, નક્ષત્રાદિ દેવતાલોક ૧૩ લાખ બ્રહ્માંડ યોજન દૂર, સાત ઋષિલોક ૧૪ લાખ બ્રહ્માંડ યોજન દૂર, ધ્રુવલોક ૧૫ લાખ બ્રહ્માંડ યોજન દૂર આવેલા છે.

ઉપર બતાવ્યા પ્રમાણે ભૂમધ્ય બિંદુથી વિવિધ અંતર પર સ્વર્ગલોક, મહર્લોક, જનલોક, તપોલોક, સત્યલોક આવેલા છે. ભૂમધ્ય બિંદુથી બ્રહ્માંડની હદ સુધીના અંડના અંત સુધી ૨૪ કરોડ, ૫૦ લાખ બ્રહ્માંડ યોજન જેટલું અંતર છે. ભૂમધ્ય બિંદુથી અંડાંડની બહારની સપાટી સુધી ૨૫ કરોડ ૫૦ લાખ બ્રહ્માંડ યોજન જેટલું અંતર છે.

ભૂલોક, ભૂવર્લોક અને સ્વર્લોક, પ્રલય કાળે નાશ પામે છે. સ્વર્લોક ઉપરના મહર્લોકનો થોડો ઘણો નાશ થઈ તે સ્થિર રહે છે. તેનાથી પણ ઉપર આવેલા જન, તપ અને સત્યલોક બ્રહ્માજીના આયુષ્યના અંતે નાશ પામે છે. સ્વર્ગ એટલે સ્વર્લોક.

મહર્લોક, જનલોક, તપોલોક, સત્યલોક અને અંડાંત (અંડનો અંતભાગ) સુધીનો પ્રદેશ.

દાદા, દત્તતત્ત્વનો અનુભવ લેવો હોય તો લાખ વખત જન્મ લેવો પડે. કોટિ ને કોટિ બ્રહ્માંડને આરપાર વ્યાપી રહેનાર એકમેવ તેજરાશિ એટલે દત્ત. તે દત્ત ભગવાન જ તારી સામે સ્થિત શ્રીપાદ શ્રીવલ્લભ છે તેને તું જાણ.

શ્રીચરણોએ સંભળાવેલો હિતોપદેશ સાંભળી નરસાવધાની અને તેમની પત્ની આશ્ચર્યચકિત થયાં. એક વર્ષના બાળકે અધિકારપૂર્વક અને મહત્ત્વપૂર્ણ ગહન વિષય કહ્યો. તેણે પોતે સ્વયં દત્ત છે તેમ પણ કહ્યું. આ બધું સાંભળી નરસાવધાની અને તેમની પત્નીથી રહેવાયું નહીં. તે ચોધાર આંસુથી રડવા લાગ્યાં. તે દિવ્ય શિશુના શ્રીચરણના સ્પર્શ કરવાની ઈચ્છા તેમણે વ્યક્ત કરી. શ્રીપાદે તે માટે સ્પષ્ટ ના પાડી. નરસાવધાની અને તેમનાં પત્ની પૂર્વસ્થળે જાણે કે ચોંટી રહ્યાં.

શ્રીપાદપ્રભુ કહે છેઃ- કોટિ કોટિ બ્રહ્માંડમાં વ્યાપ્ત એકમેવ તત્ત્વ હું છું. હું જ દત્ત છું. દિશા એ જ મારું વસ્ત્ર છે. આથી હું દિગંબર નામે ઓળખાઉં છું. જે કોઈ ત્રિકરણ શુદ્ધિથી "દત્ત દિગંબરા, શ્રીપાદવલ્લભ દિગંબરા, નરસિંહસરસ્વતી દિગંબરા" નામથી ભજન કીર્તન કરે છે, ત્યાં હું સૂક્ષ્મરૂપથી હંમેશાં હાજર રહું છું.

મારાં માતામહ શ્રી બાપન્નાચાર્ય પરપ્રાંતમાંથી પાદગયા (પીઠાપુર) ક્ષેત્રે શ્રાદ્ધકર્મ કરવા આવેલા લોકો માટે સેવાભાવથી ભોજન અને નિવાસની વ્યવસ્થા કરતાં હતાં. કેટલાક લોકોએ શંકા કરી કે તમારા સ્વયંભૂ દત્ત કયાં ગયા? અદૃશ્ય થઈ ગયા? તે અંગે શ્રીપાદ કહે છેઃ- તે દત્ત હું જ છું. મેં જ્યાં જન્મ લીધો તે પવિત્ર ઘરમાં રહેવા આવનાર સાચે જ પવિત્ર થશે. પિતૃદેવતાઓને ખાતરીથી પુણ્યલોકની પ્રાપ્તિ થશે.

: બાળપણથી કરાતી આવેલી પ્રભુની લીલાઓનો અંત જ ક્યાં છે? :

જીવતા છે તેવા જીવો તેમજ મૃત્યુ પામેલા જીવોનું યોગક્ષેમ વહન કરનાર પ્રભુ હું જ છું. મારા માટે જન્મ અને મરણ બંને

સમાન છે, છતાં તને લાગે છે કે સ્વયંભૂ દત્તની સેવા કરવાનું ફળ આ જ? તને આવી મૂંઝવણ તારા મનમાં છે. તારા પર આવેલો ખોટો આરોપ (દત્તમૂર્તિને તાંત્રિક વિધિથી અદૃશ્ય કરવાનો આરોપ) દૂર કરવા સ્વયંભૂ દત્તનાં શીઘ્ર દર્શન થશે અને મૂર્તિની પુનઃ પ્રતિષ્ઠા થશે. તને મેં આયુષ્ય આપ્યું. દત્તનું સદા ધ્યાન કરજે. આગામી જન્મે તને અનુગ્રહ મળશે તેવું આશ્વાસન આપું છું. આ જન્મે મારી પાદુકાઓને સ્પર્શ કરવાનું મહાપુણ્ય તારા નસીબે નથી લખાયું. કોટિ કોટિ બ્રહ્માંડનું સર્જન, રક્ષણ અને લય કરનાર એક માત્ર પ્રભુ એવો હું મારા વરદ હસ્તથી તને આશીર્વાદ આપું છું. મહાભયંકર એવો ધ્વનિ થયો. શ્રીચરણોના શરીરનાં અણુ, પરમાણુ વિઘટન પામ્યાં. શ્રીપાદપ્રભુ અદૃશ્ય થયા.

હે ભક્ત શંકર ભટ્ટ, શ્રીપાદે પોતાના નામ પાછળ દિગંબરા નામ જોડી જપ કરવાનું રહસ્ય આ પ્રકારે સમજાવ્યું. તેમનું સર્વવ્યાપક તત્ત્વ, નિરાકાર તત્ત્વ, સાકારરૂપમાં અવતીર્ણ થયું તે વાત આપણી કલ્પના બહારની છે. નાનું શિશુ સ્વરૂપ, નિર્દોષ હસતો ચહેરો ધારણ કરનાર તે જગત પ્રભુની બાળપણથી કરાતી આવેલી લીલાઓનો અંત જ ક્યાં છે?

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૭ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૮

દત્ત અવતારનું વર્ણન
આત્મસાક્ષાત્કાર ક્યારે થાય? બ્રહ્મજ્ઞાન માટે તપ કરનાર જ સાચો બ્રાહ્મણ

બીજા દિવસે તિરુમલદાસનું નિત્ય નૈમિત્તિક અનુષ્ઠાન સમાપ્ત થયા પછી તેમણે વાતનો દોર લંબાવતાં કહ્યું:- હે શંકર ભટ્ટ! આત્મસાક્ષાત્કાર જ્યારે થાય છે ત્યારે, પંદર કળા પોતપોતાના ભૂતમાં વિલીન થાય છે. તે તે દેવતા ચૈતન્યની મૂળભૂત શક્તિમાં લીન થાય છે. આત્મજ્ઞાન કર્મ ઇત્યાદિ બ્રહ્મસ્વરૂપમાં લય પામે છે. આવા બ્રહ્મજ્ઞાન માટે જે પરિશ્રમ કરે છે તે જ, સાચા અર્થમાં બ્રાહ્મણ છે. પ્રાણ, વિશ્વાસ, આકાશ, વાયુ, અગ્નિ, જળ, ભૂમિ, ઇંદ્રિયો, મન, અન્ન, બળ, વિચાર, મંત્ર, કર્મ, લોક, લોકના વિવિધ નામોને સોળ કળા કહે છે. શ્રીપાદ પ્રભુ ષોડશ કળાથી પરિપૂર્ણ એવા પરબ્રહ્મના અવતાર છે.

: અન્ન એ જ મન- સાત્ત્વિક અન્નસેવનથી મન નિર્મળ થાય છે. :

વિધાતાએ સહુ પ્રથમ પ્રાણનું સર્જન કર્યું. પ્રાણ એટલે સંપૂર્ણ વિશ્વમાં વિદ્યમાન રહેલી પ્રાણશક્તિ. આ પ્રાણશક્તિ સૂક્ષ્માત્મા કે હિરણ્યગર્ભ નામથી પણ ઓળખાય છે. પ્રાણમય કોષમાં સ્થિત જીવ-ધાતુ-શક્તિને શક્તિશરીર કહે છે. પ્રાણમય ચૈતન્યને સંતુલિત રીતે પ્રવાહિત કરવાથી મનુષ્યના ભૌતિક દુઃખનું નિવારણ થાય છે.

મનુષ્યના સ્થૂળ દેહને રોગ લાગુ પડ્યા પહેલાં તેનું પ્રાણમય શરીર રોગગ્રસ્ત થાય છે. પ્રાણમય શરીર રોગગ્રસ્ત થયા

પછી સ્થૂળ શરીર રોગગ્રસ્ત થાય છે. સૃષ્ટિના પ્રારંભનો નિશ્ચય થયા પછી પંચમહાભૂતોનો આવિર્ભાવ (ઉદ્‌ભવ) થયો. આ પંચમહાભૂતોનું આકલન કરવા માટે પંચેન્દ્રિયની રચના થઈ. તેનું સંધાન કરી વ્યવસ્થિત કામ પાર પડે તે માટે જ પંચેન્દ્રિયની યોજના થઈ. આ દશ ઈન્દ્રિયો (પાંચ કર્મેન્દ્રિય અને પાંચ જ્ઞાનેન્દ્રિય) પર મનનું નિયંત્રણ હોય છે. મન આહારમાંથી બને છે માટે મનુષ્યે પોતાના ખોરાક વિશે અત્યંત સાવધ રહેવું જોઈએ. તેનું કારણ એ છે કે આહારના સૂક્ષ્મ ભાગ વડે (સૂક્ષ્માંશથી) મનની ભાવના પ્રગટ થાય છે.

આહારના જે ગુણ હોય તે પ્રમાણે આપણા વિચાર હોય છે. મનની વિચારધારાને ક્રમબદ્ધ કરીને નિયંત્રિત કરવાને જ 'મંત્ર' કહે છે. યજ્ઞ-યાગાદિનું વિધિપૂર્વક આચરણ કરી, તે-તે કર્મકાંડમાં કહેલો મંત્રોચ્ચાર વિધિપૂર્વક કરવો તેને 'કર્મ' કહે છે. વિશ્વ નિર્માણનો આધાર કર્મ છે. નામરૂપ-વિવર્જિત (વિનાનું) જગત સંભવી શકતું નથી.

આપણી પ્રત્યેક ઈન્દ્રિયને એક એક દેવતા હોય છે. તે દેવતાના પ્રભાવથી તે ઈન્દ્રિય કામ કરે છે. સમાધિ સ્થિત યોગીને જ્યારે આત્મસાક્ષાત્કાર થાય છે ત્યારે સોળ કળા મૂળ તત્ત્વમાં લય પામે છે. યોગીની ભૌતિક ઈન્દ્રિયોની ચૈતન્યશક્તિ વિશ્વની ચૈતન્ય શક્તિમાં લય પામે છે. કર્મેન્દ્રિય અને જ્ઞાનેન્દ્રિયવાળો મનુષ્ય કર્મ કર્યા વગર રહી શકતો નથી.

: અહંકાર નષ્ટ થયા વગર મોક્ષ પ્રાપ્ત થતો નથી. :

અહંકારને લીધે જ મનુષ્ય કર્મ કરે છે. અહં એટલે મન અને બુદ્ધિ એ અજ્ઞાનના આવરણથી આચ્છાદિત અશુદ્ધ ચૈતન્ય જ! આત્મસાક્ષાત્કાર થયેલા યોગીનું જન્માંતરોનું કર્મફળ બાકી રહેતું નથી. અહંકાર પૂર્ણતઃ નિઃશેષ થયા વગર આત્મસાક્ષાત્કાર થતો નથી. યોગીને જ્યારે આત્મસાક્ષાત્કાર થાય છે ત્યારે શ્રૌત કર્મ અને તેના પ્રતિફળનું કેન્દ્ર મહદ્ અહંકાર હોઈ, માયાજાળ સહિત શાશ્વત પરમાત્મામાં લીન થઈ વ્યક્તિત્વરહિત થાય છે.

પરમાત્મા વ્યક્તિત્વ સહિત શક્તિસ્વરૂપ થઈને રહ્યો છે. કર્મ અને તેના ફળનો નાશ થતાં યોગી સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરે છે. યોગી જો કર્મફળનો ભોગ સ્થૂળ દેહથી ભોગવતો હોય તો પણ દેહાભિમાન ન હોવાને કારણે તે સતત મુક્ત અવસ્થામાં હોય છે. પરમાત્મા યોગીઓ દ્વારા પોતાની દિવ્ય લીલાઓનું પ્રગટીકરણ કરે છે. જો યોગીને યૌગિક શક્તિનો અહંકાર થાય તો સર્વ શક્તિનું હરણ કરી તેનો અહંકાર નષ્ટ કરવાનું સામર્થ્ય પરમાત્મામાં છે.

શ્રી બાપન્નાચાર્યે શ્રીશૈલ ક્ષેત્રે બિરાજમાન શ્રી મલ્લિકાર્જુન અને ગોકર્ણ ક્ષેત્રે સ્થિત મહાબળેશ્વર અને બીજા કેટલાક સ્થળે સૌર મંડળમાંથી શક્તિપાત કર્યો હતો. સ્વયંભૂ દત્તની ઉત્સવમૂર્તિ તેમ જ અર્ચનમૂર્તિમાં પણ શક્તિપાત કર્યો હતો. અગ્નિ સંબંધિત આ શક્તિનું શાંતિવિધાન કરવું પડે છે. જો તેમ ન કરીએ તો અર્ચન (પૂજન) કરનાર તેમજ અર્ચન કરાવનાર પણ અર્ચનમૂર્તિના પ્રખર તેજને લીધે શિક્ષાને પાત્ર થઈ તેમને અનિષ્ટ ફળ મળે છે. સ્વયંભૂ દત્તમૂર્તિમાં થયેલા શક્તિપાતનું રહસ્ય કેવળ અંતર્જ્ઞાની એવા યોગી લોકો જ જાણી શકે છે.

શ્રીશૈલ મલ્લિકાર્જુન સ્થળે હજારો લોકોની ઉપસ્થિતિમાં શક્તિપાત શ્રી બાપન્નાચાર્યના અધ્વર્યુપણાને લીધે થયો હતો. સૂર્યમંડળનું તેજ બહાર નીકળી બધાંની સમક્ષ મલ્લિકાર્જુનના શિવલિંગમાં લીન થયું. શ્રીપાદશ્રીવલ્લભનો અવતાર અને આ શક્તિપાત એ બંને અત્યંત ગોપનીય (ગુપ્ત) દૈવી રહસ્ય છે. તે કેવળ મહાયોગીઓને કહેવા યોગ્ય તેમ જ તેમને જ જાણવા યોગ્ય છે.

શ્રીશૈલમાં થયેલા શક્તિપાતનું શાંતિવિધાન કરવામાં આવ્યું. તેમાં હજારોની સંખ્યામાં અન્નદાન થયું. તેના થકી જઠરાગ્નિ શાંત થયો. ઉગ્રત્વની શક્તિ શિથિલ થઈ. શાંત તત્ત્વમાં લીન થઈ. તેને લીધે સર્વ કાર્ય શાંત અને શુભપ્રદ થયું. પીઠાપુરની સ્વયંભૂ મૂર્તિમાં થયેલા શક્તિપાત માટે પ્રત્યક્ષ સાક્ષી અને પુરાવો ન હોવાને કારણે ત્યાં શાંતિવિધાન કે અન્નદાન થયું નહીં. શ્રી બાપન્નાચાર્યે અન્નદાન કરવાનું સૂચન કર્યું હોવા છતાં પીઠાપુરના બ્રાહ્મણોએ તર્કવિતર્ક કરી શ્રી બાપન્નાચાર્યની

સૂચનાનો અનાદર કર્યો.

: શ્રીપાદ ષોડશ કળાથી પરિપૂર્ણ :

કાળ પોતાની ગતિથી માર્ગક્રમણ કરતો હતો. શ્રીપાદની ઉંમર હવે બે વર્ષની થઈ હતી. આ બે વર્ષ દરમ્યાન શ્રીપાદપ્રભુએ પોતે સોળ કળા વડે પરિપૂર્ણ છે તેમ પોતાની અનેક બાળલીલા દ્વારા બતાવી, આ યુગના મહાઅવતાર હોવાનું નિદર્શન કર્યું હતું. ઉંમરના સોળમે વર્ષે તેમણે પીઠાપુર છોડ્યું. તે પછી તેઓ ૧૪ વર્ષ કુરવપુરમાં અને બીજા કેટલાંક ક્ષેત્રે રહ્યા. છેવટ સુધી તેમનું શરીર ૧૬ વર્ષના કિશોર જેવું જ હતું.

: શ્રી દત્તાત્રેય ષોડશ અવતાર :

શ્રી દત્તાત્રેય ભગવાને પૂર્વયુગમાં ૧૬ અવતારો ધારણ કર્યાં હતાં. સોળની સંખ્યાનું વિશિષ્ટ મહત્ત્વ છે. તે સોળ અવતાર આ પ્રમાણે છે. (૧) યોગીરાજ (૨) અત્રિવરદ (૩) દિગંબરાવધૂત (૪) કાલાગ્નિશમન (૫) યોગીજનવલ્લભ (૬) લીલાવિશ્વંભર (૭) સિદ્ધરાજ (૮) જ્ઞાનસાગર (૯) વિશ્વંભરાવધૂત (૧૦) માયામુક્તાવધૂત (૧૧) આદિગુરુ (૧૨) સંસ્કારહીન શિવસ્વરૂપ (૧૩) દેવદેવ (૧૪) દિગંબર (૧૫) દત્તાવધૂત (૧૬) શ્યામ કમલ લોચન.

શ્રીદત્તપ્રભુ ભોગ અને મોક્ષના પ્રદાતા છે. તેમની આરાધના કરવા માટે ફક્ત તેમની પાદુકાની આરાધના કરી એટલે બસ. ચારેય વેદ શ્વાનરૂપે તેમની પાદુકા નજીક અપવિત્રતાને પવિત્રતામાં પલટાવી તેમનાં ચરણકમળ પાસે પડ્યા રહે છે. શ્રી દત્તાત્રેયના પાવિત્ર્યની કલ્પના કરવા માનવ તો શું દેવ અને સપ્તર્ષિ પણ અસમર્થ છે. યુગાંતરમાં જ્યારે વામન અવતાર થયો ત્યારે તેમના સમકાલીન શ્રી વામદેવનો પણ જન્મ થયો. તેમના જન્મ સમયે માતાના ગર્ભમાંથી ફક્ત માથું બહાર આવ્યું અને તેમણે ચારે દિશાનું અવલોકન કરીને પુનઃ ગર્ભમાં પાછા ફર્યા. ત્યારે તેમના જન્મની યથાર્થતા માટે દેવતા અને ઋષિગણોએ તેમને પ્રાર્થના કરી.

ત્યારે શ્રી વામદેવે ફરી જન્મ લીધો. તેઓ જન્મથી જ શુદ્ધ જ્ઞાની હતા.

ઉપર પ્રમાણે જ શ્રીપાદના જન્મ સમયે પણ બન્યું. તેઓ કેવળ જયોતિસ્વરૂપ હતા. આ પ્રમાણે બે વખત જન્મ લેવાને લીધે તેઓ જન્મથી જ દ્વિજ હતા. (બે વખત જન્મ લેનાર- જેમ પક્ષી ઇંડારૂપે જન્મ લે અને બીજી વખત ઇંડું ફોડીને જન્મ લે તેવું.) તેઓ સંપૂર્ણ, અખંડ, અનંત, અદ્વૈત, સચ્ચિદાનંદઘન હોવાને લીધે આ અવતારમાં તેમને ગુરુ તરીકે કોઈ વ્યક્તિ ન હતી. વાસ્તવમાં તેઓ ત્રિમૂર્તિનું સંયુક્તરૂપ ન હતા. પરંતુ, ત્રિમૂર્તિથી અતીત એવું વિશિષ્ટ તત્ત્વ હતું. માટે જ ત્રિમૂર્તિથી પર હોવાનું દર્શાવવા ચતુર્થત્વ બતાવવા માટે તેમણે ચોથના દિવસે જન્મ લીધો.

માતાના ગર્ભમાંથી બહાર આવી ફરી ગર્ભસ્થ થયા. મહાયોગીઓ, સિદ્ધપુરુષો અને દેવતાઓની પ્રાર્થનાથી પ્રસન્ન થઈ ફરી જન્મ્યા. આમ, તેઓ આજન્મ બ્રહ્મજ્ઞાન સંપન્ન હતા. ચિત્રા નક્ષત્રનો અધિપતિ અંગારક (મંગળ) છે. તેનું ગૃહ પાપ (નીચ) સ્થાને હોય તો સકળ રાશિઓના જીવ માટે અમંગલપ્રદ (કષ્ટપ્રદ) ઠરે છે. સકળ અમંગલત્વનું હરણ કરી સર્વને મંગલત્વ પ્રદાન કરવા માટે શ્રીપાદપ્રભુએ ચિત્રા નક્ષત્રમાં જન્મ લીધો. ચિત્રા નક્ષત્રના સમયે શ્રીપાદ પ્રભુનું પૂજન કરવામાં આવે તો તે વિશેષ ફળપ્રદ રહે છે.

શ્રીપાદપ્રભુ સાક્ષાત્ ધર્મશાસક છે. તેઓ હરિહરાત્મજ શ્રી અયપ્પા સ્વામી છે, તેમ સૂચવવા તેમણે તુલા રાશિમાં જન્મ લીધો. એવું એકેય ધર્મશાસ્ત્ર નથી જેને તેઓ જાણતા નથી. ધર્મસંકટમાં સપડાયેલો મનુષ્ય તેમની પ્રાર્થના કરે તો તેને ધર્મપથ દર્શનનો લાભ થાય છે. સિંહ લગ્નમાં જન્મ લેવાને લીધે તેઓ સકળ વિશ્વના નાથ અને દરબાર ભરવા માટે જન્મ લેનાર જાણે કે ચક્રવર્તી જ છે, તેમ સૂચિત થાય છે.

શ્રીદત્ત ભગવાનની ત્રિમૂર્તિ, ત્રિમૂર્તિમાંથી ત્રણ કોટિ દેવ અને ત્રણ કોટિ દેવમાંથી તેત્રીસ કોટિ દેવતા ઉત્પન્ન થયા. આથી, કેવળ શ્રીદત્ત સ્મરણ કરવાથી સકલ દેવતાઓના સ્મરણનું ફળ પ્રાપ્ત થાય છે.

શ્રીદત્ત પ્રભુના બ્રહ્મમુખનું ઋષિપૂજન કરવું. વિષ્ણુ મુખનું (મધ્ય) શ્રી સત્યનારાયણ વ્રત કે વિષ્ણુસહસ્ત્ર નામ વડે પૂજન કરવું. તેમના રુદ્ર મુખ પર રુદ્રાભિષેક કરવો. શ્રીદત્ત પ્રભુના બ્રહ્મમુખની જીભ પર સરસ્વતીનો નિવાસ છે. વિષ્ણુમુખના વક્ષઃસ્થળે લક્ષ્મીનો વાસ છે. રુદ્રમુખના વામ ભાગે ગૌરીનો વાસ છે. સૃષ્ટિની સકળ સ્ત્રીશક્તિ દેવતા શ્રીપાદના ડાબા ભાગે અને પુરુષશક્તિ દેવતા દક્ષિણ ભાગે (જમણા) બિરાજમાન છે.

તિરુપતિના સપ્તગિરિ પર અવતરેલા શ્રીવેંકટેશ્વર સ્વામી સાક્ષાત્ દત્ત ભગવાન જ છે. "વેં"કાર એ અમૃત બીજ અને "કટ" એ ઐશ્વર્ય બીજ છે. માટે જ શ્રીવેંકટેશ્વર એ અમૃત અને ઐશ્વર્યના પ્રદાતા છે. "વેં" એટલે પાપ અને "કટ" એટલે ખંડન કરનાર અથવા હરણ કરનાર એવો અર્થ થાય છે. શ્રીવેંકટેશ્વર અને શ્રીપાદશ્રીવલ્લભ યથાર્થ રીતે જોતાં એક જ અને અભિન્ન છે.

શંકર ભટ્ટ કહે છેઃ- "હે તિરુમલદાસ, પૂર્વે વર્ણાશ્રમ ધર્મનું ચુસ્તપણે પાલન કરવું તેમ વિદ્વાનોનું કહેવું હતું. શ્રીપાદપ્રભુનું મંતવ્ય આ મતથી ભિન્ન હતું તેમ મને લાગે છે. તો મારી આ શંકાનું સમાધાન કરો."

: બ્રાહ્મણોનાં લક્ષણો :

તિરુમલદાસ શંકર ભટ્ટને કહે છેઃ- જો બ્રાહ્મણો એ બ્રહ્મજ્ઞાનના અન્વેષણ માટે (પ્રાપ્તિ માટે) જીવન વ્યતિત કર્યું હોય તો જ તે સદ્બ્રાહ્મણ કહેવડાવવા યોગ્ય છે. વિહિત ધર્મ-કર્મ (શાસ્ત્ર અનુસાર ધર્મ-કર્મ)નો ત્યાગ કરી જો તે દુરાચાર આચરે તો તે દુષ્ટ બ્રાહ્મણ તરીકે ઓળખાય.

તે હજુ વધારે દુરાચાર આચરે અને તે ગોહત્યા અને ગોમાંસ ભક્ષણ કરવા પ્રવૃત્ત થાય તો તેનું બ્રાહ્મણત્વ નષ્ટ થઈ તેનું બ્રહ્મતેજ સંપૂર્ણપણે ક્ષીણ થાય છે. તેના શરીરના જીવનકણો પરિવર્તન પામી ચાંડાળત્વને પ્રાપ્ત થાય છે, પછી તે બ્રાહ્મણ થઈ શકતો નથી.

ક્ષત્રિય જો બ્રહ્મજ્ઞાનની આકાંક્ષાથી નિરંતર તપાચરણ કરે તો તે બ્રાહ્મણત્વ પામી શકે છે. ક્ષત્રિયના શરીરમાં જન્મજાત રહેલા જીવનકણો તપશ્ચર્યાને લીધે પરિવર્તન પામી બ્રાહ્મણત્વને પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે વિશ્વામિત્રને બ્રાહ્મણત્વ પ્રાપ્ત થયું હતું. શનિ ગ્રહનું ત્રણ રાશિમાં એટલે કે સાડા સાત વર્ષો સુધી ચલન થાય ત્યારે પ્રત્યેક શરીરના જીવનકણમાં ફેરફાર થાય છે. જૂના જીવનકણોનો નાશ થઈ નૂતન જીવનકણોનું સર્જન થતું હોય છે. તેની મનુષ્ય કલ્પના પણ કરી શકતો નથી.

: ક્ષત્રિયનું લક્ષણ :

ક્ષત્રિય ક્ષાત્ર ધર્મનો ત્યાગ કરી શાંતિરસપ્રધાન એવા ખેતી, વાણિજ્યધર્મનું પાલન કરી સ્વધર્મ છોડે તો તેનું ક્ષાત્રતેજ ટકી રહેતું નથી. તેના મન, બુદ્ધિ, શરીરમાં અનેક ફેરફાર થઈ તે વૈશ્યત્વને પામે છે. બ્રાહ્મણ ક્ષાત્રધર્મનું અવલંબન કરે તો તે પરશુરામ જેવો થાય છે. પૂર્વે દ્રોણાચાર્ય અને કૃપાચાર્યે જન્મથી બ્રાહ્મણ હોવા છતાં ક્ષાત્ર ધર્મનું પાલન કર્યું ન હતું? કુસુમ શ્રેષ્ઠી વૈશ્ય હોવા છતાં તેણે ક્ષત્રિય વૃત્તિ સ્વીકારી ન હતી? જન્મથી શૂદ્ર હોવા છતાં મને (તિરુમલદાસ) શ્રીપાદપ્રભુની કૃપાથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયું નથી?

નિરંતર પ્રયત્નથી (તપાચરણને લીધે) શૂદ્ર પણ વૈશ્ય, ક્ષત્રિય અથવા બ્રાહ્મણ થઈ શકે છે. કેવળ એક વિશિષ્ટ વર્ણમાં જન્મ થયો એટલે નિયમ, ધર્મ, શિક્ષા આચરવી, તેમ નથી. પરંતુ, પોતપોતાના શુભ કર્મના ફળ ઉપર આપણો વર્ણ આધાર રાખે છે. જન્મથી શૂદ્ર એવા મને આવતો જન્મ બ્રાહ્મણનો મળી શકે અથવા જન્મથી બ્રાહ્મણ હોવા છતાં કોકને આગલો જન્મ શૂદ્રનો પણ મળી શકે છે. સામાજિક કારણોને લીધે વર્ણવ્યવસ્થા કરવામાં આવી. પરમાત્માનું મુખ બ્રાહ્મણત્વ, બાહુ ક્ષત્રિયત્વ, જાંઘ વૈશ્યત્વ અને પગ શૂદ્રત્વના સૂચક છે. આ પ્રમાણે શ્રીપાદપ્રભુએ એક પર્યાય આપ્યો છે.

તેં મારા આતિથ્યનો સ્વીકાર કર્યો. મારા ઘરનું ભોજન એ બ્રાહ્મણના ઘરનું જ ભોજન છે.

: કર્મરહસ્ય :

નિરંતર શ્રીપાદનું નામસ્મરણ અને ધ્યાન કરવાને લીધે, અહીંનું વાતાવરણ શુભપ્રદ અને પવિત્ર એવા સ્પંદનોથી ભરેલું છે. જન્મથી નરસાવધાની બ્રાહ્મણ હોવા છતાં તેમના ઘરમાં ભૌતિક, માનસિક તેમજ આધ્યાત્મિક સ્પંદનો વિષપૂરિત હોવાથી ત્યાંનું વાયુમંડળ કલુષિત થયેલું હતું. આ કારણને લીધે જ શ્રીપાદપ્રભુએ તેમના આતિથ્યનો સ્વીકાર ન કર્યો. તેનું રહસ્ય મેં કહ્યું તે છે.

જીવના પરિણામક્રમથી અથવા વિપરિણામક્રમથી કર્મસૂત્ર અનુસાર જન્મ લેવા માટે વર્ણ આવશ્યક છે નહિ? એ માટે જ વર્ણાશ્રમની યોજના થઈ. જૉન જર્મનીનો રહેવાસી હોવા છતાં તેને બ્રહ્મજ્ઞાનની તીવ્ર જિજ્ઞાસા હતી. પરિણામક્રમની છેવટની અવસ્થામાં તેને કુરવપુરમાં શ્રીપાદપ્રભુના દર્શન થયાં અને અમોઘ અનુગ્રહની પણ પ્રાપ્તિ થઈ. નરસાવધાની પીઠિકાપુરમાં રહેતા હોવા છતાંય શ્રીપાદ એ શ્રી દત્તાત્રેયનો અવતાર છે એમ સમજતાં તેમને ઘણાં વર્ષો લાગ્યાં. આ જાણ્યા પછી પણ સાધનાક્રમ સિવાય શ્રીદત્ત ભગવાનનો અનુગ્રહ પ્રાપ્ત થવો અશક્ય છે.

ઉપરનું વિવરણ સાંભળ્યા પછી મેં (શંકર ભટ્ટે) તિરુમલદાસે પૂછ્યું:- "સ્વામી, આપનું કહેવું એમ છે કે પ્રત્યેક જીવકણમાં ફેરફાર થતો હોય છે? તે જ પ્રમાણે પ્રત્યેક જાતિને એક આત્મા હોય છે કે શું? પાર્વતી દેવી એ હિમાલયની કન્યા છે તેમ કહેવાનું તાત્પર્ય શું?"

તિરુમલદાસે કહ્યું:- પ્રત્યેક જાતિને એક આત્મા હોય છે, તે શક્તિ સ્વરૂપે હોય છે. તે શક્તિ દિવ્યાત્માસ્વરૂપ શ્રીદત્ત ભગવાનમાંથી આવેલી છે. આ શક્તિનો સંબંધ હંમેશાં પરમાત્મા સાથે રહેતો હોવાથી તે મહાશક્તિ છે. જાતિ શબ્દનો અર્થ તું સમજે છે તેવો નથી. જીવંત વ્યક્તિમાં જેવી રીતે ચૈતન્યમય જીવકણ હોય છે તે પ્રમાણે તેનો અર્થ સમજ. તે જ પ્રમાણે સામૂહિક-સાંઘિક વ્યક્તિત્વમાં સ્થિત પ્રત્યેક વ્યક્તિની શક્તિ-સામર્થ્ય ગુણગણ અંતર્લીન હોય છે.

આ જ પ્રમાણે પ્રત્યેક ગામ, પ્રત્યેક શહેર અને પ્રત્યેક રાષ્ટ્રને એક આત્મા હોય છે. આપણે રહીએ છીએ તે ભૂમિને પણ આત્મા છે. ભૂમિના અધિષ્ઠાતા દેવતાને આપણે ભૂમાતા કહીએ છીએ. તેમાં સ્થિત આત્મામાં પરમાત્માનો અંશ હોવાથી તે માનસિક મહાશક્તિ છે. તે જ પ્રકારે, હિમપર્વતમાં અધિષ્ઠિત દેવતા શક્તિને આપણે હિમવંત નામથી સંબોધીએ છીએ. તે હિમવંતની પુત્ર હેમવતી છે. સર્વસાક્ષી સૂર્ય ભગવાનના પુત્ર યમધર્મને માનીએ તો જીવરાશિના શુભાશુભ કર્મ અનુસાર ન્યાય કરી પાપીઓને શિક્ષા કરનાર દેવતા શક્તિ છે તેવો અર્થ થાય છે.

જગતનાં બધાં જ પ્રાણીમાત્ર પોતપોતાના કાર્ય માટે સૂર્ય પાસેથી ઊર્જા પ્રાપ્ત કરે છે. આકાશમાં વિરાજમાન સૂર્યબિંબ અને તેમાં અધિષ્ઠિત દેવતા સ્વરૂપ બંને ભિન્ન છે. શ્રીપાદશ્રીવલ્લભ ત્રીસમાં વર્ષે ગુપ્ત થશે તેમ મેં તને (શંકર ભટ્ટને) કહ્યું હતું. તેઓ અનંત કોટિ બ્રહ્માંડમાં સ્થિત અણુ-પરમાણુમાં વિલીન થશે. તેઓ સર્વાંતર્યામી છે ને? "ફરી વિલીન થવું એટલે શું?" એમ તું પ્રશ્ન પૂછી શકે છે. તેઓ સર્વાંતર્યામી હોવા છતાંય તેમની શક્તિના પ્રભાવથી થોડા અંતરે કોટિ-કોટિ બ્રહ્માંડો છે.

તે બ્રહ્માંડોના પરિભ્રમણને વ્યવસ્થિત કરવાના ઉદ્દેશથી તેમના શક્તિ પ્રભાવથી તે-તે બ્રહ્માંડને પોતાના તરફ આકર્ષિત કરે છે. સંપૂર્ણ સૃષ્ટિની પરિસ્થિતિમાં એકાદ આપત્તિકારક સ્થિતિ ઉત્પન્ન થાય ત્યારે શ્રી દત્તાત્રેયનો અવતાર થાય છે. લોહચુંબક લોખંડને આકર્ષે છે. પરંતુ, લોખંડ પર કચરો-મલિનતા હોવાથી ચુંબકની આકર્ષણ શક્તિ અત્યંત બળહીન થાય છે. મલિનતાને નષ્ટ કરી, સૃષ્ટિના પ્રત્યેક અણુનું આકર્ષણ કરી, વિશ્વપરિણામને નૂતન દિશા આપવાનો સંકલ્પ જ્યારે થાય છે ત્યારે આવા અવતારનું અવતરણ થાય છે.

: પંચકન્યાનું વિવરણ :

ભક્તરાજ તિરુમલદાસની વાફ્ધારા સાંભળીને મેં તેમને પૂછ્યું:- સ્વામી (ભક્તના અર્થમાં) અહલ્યા, દ્રૌપદી, સીતા, તારા, મંદોદરી તથા 'પંચકન્યામ્ પઠેન્નિત્યમ્ મહાપાતકનાશનમ્' એમ કહેવાય છે. આ વિશે મને સહેલાઈથી સમજ પડતી નથી.

માટે આનું વિવરણ કરો તેવી પ્રાર્થના છે.

તિરુમલદાસ વિવરણ કરતાં કહે છેઃ- અહલ્યા પર ઇંદ્ર મોહિત થયો અને તેને પ્રાપ્ત કરવા માટે તેણે માયાનો ઉપયોગ કર્યો. કુક્કુટરૂપ ધારણ કરી તેણે બાંગ પોકારી. પ્રભાત થયું તેમ સમજી ગૌતમઋષિ અનુષ્ઠાન માટે બહાર ગયા. પતિવ્રતા હોવાને લીધે ઇંદ્ર અહલ્યાને સ્પર્શ કરી શકવા શક્તિમાન ન હતો. ઇંદ્ર દેવતા દેવશક્તિ સંપન્ન હોવાથી તેણે માયાવી અહલ્યા ઉત્પન્ન કરી તે માયાવી અહલ્યા સાથે સમાગમ કર્યો. માયાવી અહલ્યા- શરીરના જીવાણુ ઇંદ્રની તીવ્ર ઇચ્છાને લીધે ઉત્પન્ન થઈ હતી. માયાવી અહલ્યા અને ઇંદ્ર સમાગમરત રહેતાં ગૌતમે તેમને જોયાં. ક્રોધથી તેમણે બંનેને શાપ આપ્યો. અહલ્યાએ કહ્યું, "હે મુનિવર, આપે આ શું કર્યું!" આધ્યાત્મિક દૃષ્ટિએ અહલ્યા ગૌતમ કરતાં શ્રેષ્ઠ હતી. અહલ્યાના શાપથી ગૌતમ ઋષિ ૧૨ વર્ષ સુધી ભ્રમિષ્ઠ થયા. તે પછી શિવાર્ચનથી તેઓ સ્વસ્થ થયા. અહલ્યાની મનઃશક્તિ જડ થવાને લીધે તેનું ભૌતિક શરીર પણ જડત્વ પામી તેની શિલા થઈ. શ્રીરામની ચરણરજથી અહલ્યાના શાપનું વિમોચન થયું. માટે અહલ્યા પરમપવિત્ર છે તે જાણ.

શાપગ્રસ્ત ઇંદ્ર પંચ પાંડવ તરીકે જન્મ્યો. પાંચ રૂપ, પાંચ મન હોવા છતાંય તેનો આધારભૂત આત્મા એક જ હતો. આ એક વિચિત્ર વિષય છે. શચીદેવીનો આવિર્ભાવ યજ્ઞકુંડમાં દ્રૌપદીના રૂપે થયો. તે અયોનિજા છે.

સાચી સીતાને અગ્નિદેવે પોતાનાં ગર્ભમાં છૂપાવી અને સીતાના માયાસ્વરૂપને રાણવ લંકા લઈ ગયો. રાવણ પરના વિજય પછી જ્યારે અયોધ્યામાં અગ્નિપ્રવેશ કરાવવામાં આવ્યો ત્યારે, માયાવી સીતા ગુપ્ત થઈ અને સાચી સીતા પ્રગટ થઈને બહાર આવી. માટે સીતા એ મહાપતિવ્રતા છે તે જાણ.

ભૂચક્રમાં ૧૨ રાશિમાં ૨૭ નક્ષત્રો છે. આ ૨૭ નક્ષત્રની અધિષ્ઠાત્રી દેવતા છે, તેનો તારાદેવી તરીકે જન્મ થયો. તારા ભરયૌવનમાં આવી તે સમયે ગુરુ ગ્રહના અધિષ્ઠાતા દેવતા બૃહસ્પતિ તેના પર મોહિત થયા અને તેની સાથે વિવાહબદ્ધ થયા. વૃદ્ધ પતિ નવયૌવનાને તૃપ્ત કરી શકતા નથી. આ વિષય ધર્મવિરુદ્ધ છે. માટે તેવી પરિસ્થિતિમાં વિવાહસમયે લીધેલા શપથનો ભંગ

થાય તો ક્ષતિ ન ગણાય. તારાદેવીના મનમાં કદીપણ બૃહસ્પતિ વિશે પતિ તરીકે ભાવ ઉત્પન્ન ન થયો. તારાદેવીના મનમાં પતિ તરીકે ભાવ ઉત્પન્ન કરવાની જવાબદારી બૃહસ્પતિની હતી. સકળ ધર્મના જ્ઞાતા હોવા છતાં બૃહસ્પતિએ તે બાબતે ધર્મવિરુદ્ધ આચરણ કર્યું.

તારાદેવીના શરીરના જીવાણુનું તેની મનોવૃત્તિ અનુસાર પરિવર્તન થયું. તેના મનમાં ચંદ્રનું રૂપ સ્થિર થયું હતું. તેનું હૃદય ચંદ્રાધીન થયું હતું. આ પ્રમાણે પરિવર્તન પામેલી તારા અને પૂર્વેની વિવાહબદ્ધ તારા ભિન્ન હતી. માટે તારા અને ચંદ્રનું મિલન ધર્મવિરુદ્ધ નથી. સૃષ્ટિના નિયમો પ્રમાણે ૨૭ નક્ષત્રોમાં ભ્રમણ કરવું તે ચંદ્રનો ધર્મ છે. ગુરુ ગ્રહનો તે ધર્મ નથી. જો ગુરુ ગ્રહ તેમ કરે તો તે ધર્મવિરુદ્ધ ગણાય. કોઈ પણ ધર્મવિરુદ્ધ કાર્ય કરવાથી અધોગતિ થાય છે. માટે જ ૨૭ નક્ષત્રોની અધિષ્ઠાત્રી દેવતા તારાદેવી, ચંદ્રમંડળના અધિષ્ઠાતા દેવતા એવા ચંદ્રને પ્રાપ્ત કરે તે જ ધર્મ છે. હે ભક્ત, સૂક્ષ્મધર્મ અનુસાર તારાદેવી મહાપતિવ્રતા છે.

ભીષ્મ બાણશૈય્યા પર હતા ત્યારે યુધિષ્ઠિરને હિતોપદેશ કર્યો. ભીષ્મ કહે છે, "કુકર્મ થતું હોય ત્યારે શક્ય હોય તો તેનો વિરોધ કરવો જોઈએ અથવા અધર્મ થતો હોય તો તે સ્થળનો ત્યાગ કરવો જોઈએ. આ સાંભળીને દ્રૌપદી જોરથી હસી. તે જોઈને ભીષ્મ બોલ્યાઃ- "જ્યારે દ્રૌપદીનો માનભંગ થયો ત્યારે મારું વર્તન અનુચિત હતું. તે સમયે હું દુર્યોધનના આશ્રયમાં હતો. તેના અન્નસેવનથી મારું લોહી કલુષિત થયું હતું અને બુદ્ધિ ભ્રષ્ટ થઈ હતી. હવે તે કલુષિત રક્ત મારા શરીરમાં નથી (શરીરમાંથી બહાર વહી ગયું) તેને લીધે બુદ્ધિ કલ્મષરહિત થઈ જ્ઞાનોદય થયો છે."

જીવ પરિણામદશામાં અનેક જન્મ લેતો હોય છે. થોડા જન્મમાં સ્ત્રી તો થોડા જન્મમાં પુરુષ તરીકે જન્મ લે છે. માનવજન્મ અતિરિક્ત પશુ-પક્ષી તરીકે પણ જન્મ લે છે. પૂર્વજન્મ મંદોદરીનો પુરુષ જન્મ હતો. તે જન્મમાં તેને ત્રણ પત્નીઓ હતી. એક ચચંળ સ્વભાવની, એક દુષ્ટ સ્વભાવની અને ત્રીજી મૃદુ સ્વભાવની હતી. ચંચળ સ્વભાવની પત્ની વાનરરૂપે જન્મીને વાલી

થઈ. દુષ્ટ સ્વભાવની પત્ની રાક્ષસ થઈને રાવણ તરીકે જન્મી. મૃદુ સ્વભાવની પત્ની વિભીષણ તરીકે જન્મી. કલ્પાંતરે (બીજા કલ્પમાં) આ ત્રણેય મંદોદરીનો પુરુષ જન્મ થતાં તેની પત્ની થાય છે. ચંચળ વૃત્તિવાળા વાલીની પત્ની થઈ અને તેના થકી અંગદનો જન્મ થયો તે પછી દુષ્ટ પ્રવૃત્તિવાળા રાવણની ભાર્યા થઈ. રાવણસંહાર પછી મૃદુસ્વભાવવાળા વિભીષણની પટરાણી થઈ. વાલીની પત્ની હતી ત્યારે, રાવણની પત્ની હતી ત્યારે અને વિભીષણની પત્ની હતી ત્યારે તેનામાં રહેલા જીવાણું ભિન્ન હતા. માટે મંદોદરી પણ મહા પતિવ્રતા હતી.

મેં (શંકર ભટ્ટે) શંકા પ્રગટ કરતાં પૂછ્યું:- "સ્વામી, સ્ત્રીને એક જ પતિ હોવો જોઈએ અથવા પુરુષે એક પત્નીવ્રતધારી હોવું જોઈએ એમ કહેવાય છે તો બહુપત્નીત્વ અથવા બહુભર્તૃત્વ (સ્ત્રીને એક કરતા વધુ પતિ હોવા તે) નિંદનીય છે ને?"

: કર્મચક્ર પરિણામ :

તિરુમલદાસ કહે છે:- તારું કહેવું યોગ્ય છે. એકાદ પુરુષે વિના કારણ પત્નીને ત્રાસ આપ્યો તો તે સાત જન્મ સુધી બાળવિધુર થાય છે એમ શાસ્ત્રમાં કહેવાયું છે. એકાદ પુરુષે ચાર-પાંચ સ્ત્રીઓ સાથે વિવાહ કર્યો હોય તો આગલા જન્મે તે પુરુષ સ્ત્રીરૂપે જન્મે છે અને તેની તે ચાર-પાંચ સ્ત્રીઓ તેમની કામવાસના અને સંસ્કાર ક્ષીણ ન થવાને લીધે પુરુષ જન્મ લઈ તે સ્ત્રી બનેલીનો ઉપભોગ કરે છે. એક જ જન્મે જો તેમ થાય તો વ્યભિચાર દોષ થાય છે. જો વિવિધ જન્મ લઈ પ્રત્યેક જન્મે એક સ્ત્રી સાથે વિવાહ કરવાથી દોષ લાગતો નથી. આ કાળચક્રનો પ્રભાવ છે. આવી કેટલીકે આશ્ચર્યકારક ઘટના આ મહાચક્રમાં ઘટે છે. સ્ત્રી જન્મ લીધો હોય તો તે જન્મમાં સ્ત્રી સંબંધિત ધર્મનું આચરણ કરવું જોઈએ. પુરુષ જન્મ લીધો હોય તો તે જન્મમાં પુરુષ સંબંધિત ધર્મનું આચરણ કરવું જોઈએ.

પતિ-પત્ની વચ્ચે કલહ કરાવનાર વ્યક્તિનો આગામી જન્મ સ્ત્રી કે પુરુષ તરીકે ન થતાં નપુંસક તરીકે થાય છે અને તેઓ સંસારસુખથી વંચિત રહી દુઃખી થાય છે. માંસાહાર નિષિદ્ધ છે. ધારો કે એકાદ વ્યક્તિ એક બકરાનો વધ કરી ચાર-પાંચ જણ સાથે

માંસાહાર કરે છે. પ્રાણોત્ક્રમણસમયે બકરાને અત્યંત પીડા થાય છે અને તેનાં પીડાદાયક સ્પંદનો વાયુમંડળમાં રહે છે. હે શંકર ભટ્ટ, વાયુમંડળમાં પીડાદાયક અને આનંદદાયક આમ બંને પ્રકારનાં સ્પંદનો હોય છે. સત્કર્મોને લીધે આનંદમય સ્પંદનો તેમજ દુષ્કર્મોને લીધે પીડાદાયક સ્પંદનો ઉત્પન્ન થાય છે. મૃત બકરાએ તેને મારી અને તેનું માંસ ખાનારનું વેર વાળવાની ઈચ્છા સાથે પ્રાણત્યાગ કર્યો હોવાથી તે માનવજન્મ લે છે અને માંસ ભક્ષણ કરેલા માનવીનો ઘેટાં-બકરાં તરીકે જન્મ થાય છે, માટે જ મનુષ્યે ક્ષમાગુણનું અવલંબન કરવું જોઈએ. સાત્ત્વિક વ્યક્તિ ઘેટાંબકરાંને જોવા છતાંય તેનું માંસ ભક્ષણ કરવા ઈચ્છતી નથી. જો તે બકરો પૂર્વજન્મમાં હત્યા કરનાર મનુષ્યને ક્ષમા કરે તો તે બકરાને પ્રાણદાન કરવાનું પુણ્ય મળીને ત્યાંથી કર્મચક્ર થોભે છે.

પીઠિકાપુરના રહેવાસીઓનું સામૂહિક પુણ્ય અને સામૂહિક પાપ એક જ વખત ફલિત થવાને લીધે શ્રીપાદશ્રીવલ્લભના જન્મને માટે કારણરૂપ બન્યું. પુણ્યવાન લોકોએ શ્રીપાદ દત્ત ભગવાન છે તેમ જાણ્યું અને તેઓ અધિક પુણ્યફળ પ્રાપ્ત કરતા થયા. પાપીજન શ્રીપાદ દત્ત ભગવાન નથી એમ માની અધિક પાપના ભાગીદાર થયા. શ્રીદત્તની આરાધના કરવી અને શ્રીપાદની નિંદા કરવી- આવા લોકોને રૌરવ આદિ નરકની પ્રાપ્તિ થાય છે. કોઈ વિષયમાં સમજ ન પડતી હોય તો મૌન ધારણ કરવું યોગ્ય છે. પરંતુ, તે દિવ્ય ભવ્ય એવા મંગળ સ્વરૂપ પર નિંદાપવાદ લાદવો યોગ્ય નથી.

તેમના શ્રીમુખની મંગળ આરતી કરી પગ પર ખીલા ઠોકનાર લોકો વ્યાધિથી ગ્રસ્ત થશે. શ્રી દત્તાત્રેયે પોતાના અનુગ્રહથી એક વિચિત્ર એવી યોગશક્તિનો આવિષ્કાર કર્યો. પુણ્યવાન લોકોને કેવળ નામસ્મરણથી બીજા કોઈ વિશેષ પ્રયત્ન વગર સર્વ મનોરથો પૂર્ણ થાય છે. તેવી જ રીતે, પાપીજનો દ્વારા શ્રીપાદની નિંદા કરાવાથી તેમના પર નાના પ્રકારનાં વિઘ્નો-અનિષ્ટો આવી પડે છે.

શ્રીપાદનું અગ્નિસ્વરૂપ છે. તેમણે ધારણ કરેલું અગ્નિ વસ્ત્ર! તે પવિત્ર યોગાગ્નિ સ્વરૂપ હોઈ તેમની પાદુકાના મહિમાનું વર્ણન કરવા યુગો પણ ઓછા પડશે. વેદ-ઉપનિષદ પણ તેમની પાદુકાનું વર્ણન કરવા અસમર્થ છે. કેટલા યુગ આવ્યા અને ગયા?

કેટલા કલ્પો થઈ ગયા? કેટલી વખત સૃષ્ટિ, સ્થિતિ, લય એ ક્રમ પૂર્ણ થયો? પણ શ્રીદત્ત એ શ્રીદત્ત જ! તેઓ અદ્વિતીય હોઈ સાક્ષાત્ શ્રીપાદશ્રીવલ્લભ છે! સૃષ્ટિનો પ્રત્યેક અણુ આ પરમ સત્યનો સાક્ષી છે.

: સ્વયંભૂ દત્તની પુનઃ પ્રતિષ્ઠા :

શ્રી પીઠિકાપુર (પીઠાપુર)માં એક અવધૂતનું આગમન થયું. તેઓ ઉન્મત્ત અવસ્થામાં રહેતા સિદ્ધ પુરુષ હતા. તેમનું વર્તન અતિ વિચિત્ર હતું. કોઈને આશીર્વાદ આપવા હોય તો તેના પર અપશબ્દોનો વર્ષાવ કરતા. આ પ્રમાણે તેમનો વિચિત્ર સ્વભાવ હતો. અવધૂત કોઈની સ્તુતિ કરે તો તેનું પુણ્ય ક્ષીણ થતું.

પીઠિકાપુરવાસીઓએ તે સિદ્ધ પુરુષને સ્વયંભૂ દત્ત (ની મૂર્તિ) ક્યો છે તે વિશે પૂછ્યું. તે સિદ્ધ પુરુષે કહ્યું: શ્રીદત્ત સકલ પુણ્યક્ષેત્રમાં સ્નાન કરી હાલમાં એક નદીમાં બિરાજમાન છે. ભક્તોએ પુષ્કળ શોધાશોધ કરી. અંતે તેમને એક નદીમાં સ્વયંભૂ દત્તની મૂર્તિ જડી. એક શુભ મુહૂર્ત પર તે મૂર્તિની પુનઃ પ્રતિષ્ઠા સર્વમંગલપ્રદ એવી સુમતિ મહારાણી અને બ્રહ્મતેજસ્વી અપ્પલરાજ શર્માએ કરી. તે મહોત્સવના અધ્વર્યુ શ્રી બાપન્નાચાર્ય હતા.

: વિધારણ્યનું પ્રાગટ્ય :

મંદિરમાં મૂર્તિની પુનઃ પ્રતિષ્ઠા થઈ તે દિવસે શ્રી બાપન્નાચાર્યે તે સિદ્ધપુરુષને પોતાને ઘેર ભિક્ષા લેવા વિનંતી કરી. દાદાને ઘેર તે સિદ્ધ પુરુષને શ્રીપાદનાં દર્શન થયાં. ફક્ત બે વર્ષના બાળકને જોઈ તે સિદ્ધ પુરુષના મનમાં પુત્રવાત્સલ્ય ભાવ ઉત્પન્ન થયો. બાળ શ્રીપાદ તેમના માતુલ શ્રી વેંકટપૈય્યાના ખભા પર બેસીને તેમની શિખા સાથે મસ્તી કરતા. તેમ કરતાં શ્રીપાદે તે સિદ્ધ પુરુષ તરફ નજર કરી હાસ્ય કર્યું. તે હાસ્ય જોઈ સિદ્ધ પુરુષને સમાધિ લાગી.

સમાધિમાંથી ઉત્થાન પામ્યા પછી શ્રીપાદ તે સિદ્ધ પુરુષને કહે છે: "હે માધવ, તારી ઈચ્છા પ્રમાણે હિંદુ સામ્રાજ્યની

સ્થાપના મારા સોળમે વર્ષે બુક્કરાય કરશે. તું હરિહર બુક્કરાયની સહાયમાં હંમેશાં રહેજે. વિદ્યારણ્ય મહર્ષિ નામે તારી ખ્યાતિ થશે. તારા સહોદર (ભાઈ) સાયણાચાર્યના વંશમાં આવતી શતાબ્દીમાં ગોવિંદ દીક્ષિતનો જન્મ થવાનો છે. તે ગોવિંદ દીક્ષિત તે બીજો કોઈ નહીં, પરંતુ તું જ હોઈશ! તું રાજર્ષિ થઈને તંજાવર સંસ્થાનમાં મહામંત્રી (દીવાન)નું પદ શોભાવી કૃતકૃત્ય થઈશ."

ઉપર મુજબનું સાંભળ્યા પછી સિદ્ધ પુરુષની આંખોમાંથી ચોધાર આંસુઓ વહેવા લાગ્યાં. તેણે શ્રીપાદને પોતાની પાસે લીધો. એટલામાં શ્રીપાદે તે સિદ્ધના ચરણોને વંદન કર્યું. સિદ્ધ પુરુષે આશ્ચર્ય વ્યક્ત કર્યું ત્યારે શ્રીપાદે ખુલાસો કરતાં કહ્યું:- "તું વિદ્યારણ્યના નામથી શૃંગેરી પીઠાધિપતિ થઈશ. તારી શિષ્યપરંપરામાં ત્રીજા શિષ્ય કૃષ્ણસરસ્વતી તરીકે તું જ હોઈશ. તારા મનમાં મારા વિશે પુત્રભાવ ઉત્પન્ન થયો છે માટે મારો આગામી અવતાર નૃસિંહસરસ્વતી નામથી થશે. ત્યારે તું કૃષ્ણસરસ્વતી થઈને મને સંન્યાસ દીક્ષા આપીશ. તું સંન્યાસધર્મનો ઉદ્ધાર કરીશ. તેનાં કાશી વિશ્વેશ્વર અને માતા અન્નપૂર્ણા સાક્ષી હશે.


વસિષ્ઠ શક્તિ પરાશર ત્ર્યાર્ષેય (પ્રવરાન્વિત) પારાશર ગોત્રોદ્‌ભવ ઋગ્વેદાન્તર્ગત વાજપેયયાજી માધવાચાર્ય એ વિદ્યારણ્ય મહર્ષિ નામે પ્રખ્યાત થશે. હે શંકર ભટ્ટ, તને કાલે વધુ ચરિત્રલીલાનું વર્ણન કરીશ. આમ કહીને તિરુમલદાસે તે દિવસના વિવરણને ત્યાં જ વિરામ આપ્યો.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૮ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋


દત્તાવતાર ભગવાન શ્રીનૃસિંહ સરસ્વતી સ્વામીમહારાજ, કારંજા. કર્દલીવન

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૯

કર્મફળ મીમાંસા

આજે ગુરુવાર છે. સવારે સૂર્યોદય સમયે ગુરુની હોરા ચાલુ છે. હું (શંકર ભટ્ટ) અને તિરુમલદાસ બંને એક ઓરડીમાં ધ્યાનસ્થ હતા. સૂર્યનાં કુમળાં કિરણો ઓરડીમાં ડોકિયાં કરતાં હતાં. શું આશ્ચર્ય? તે કુમળાં સૂર્યકિરણોમાં અમને બંનેને શ્રીપાદશ્રીવલ્લભના દર્શન થયાં. ઓરડામાં સૂર્યકિરણોનાં પ્રવેશથી અમે બંને ભાનમાં આવ્યા. પરમ પૂજનીય અત્યંત મંગળપ્રદ ૧૬ વર્ષના શ્રીપાદશ્રીવલ્લભનાં શોભામય સ્વરૂપનાં દર્શન થવાં એ પરમ પ્રભુની પરમ કરુણાનું ફળ છે. ક્ષણભર માટે દર્શન આપી તે સ્વરૂપ અંતર્ધાન પામ્યું.

શ્રીપાદપ્રભુને નૈવેદ્ય ધરાવવા ચણા મૂક્યા હતા. સૂર્યકિરણોના સ્પર્શથી તે ચણા લોખંડના થઈ ગયા! આ પરિવર્તન કંઈક સૂચક હોય તેમ મને લાગ્યું.

તિરુમલદાસે પુનઃ કહેવાની શરૂઆત કરીઃ- "હે શંકર ભટ્ટ! તું આજે બપોરે મારે ઘેર આતિથ્ય સ્વીકારી કુરવપુર તરફ પ્રયાણ કર. આ સમય અતિશય શુભપ્રદ છે." મેં (શંકર ભટ્ટે) કહ્યુંઃ- "સ્વામી, રોજ શ્રીદત્ત પ્રભુનું સ્મરણ, દત્તકથા પ્રસંગના શ્રવણમાં કાળ નિર્ગમન કરતો હતો. આજે ચણા લોઢામાં પરિવર્તન પામ્યા તેનો મને ખેદ છે. મારી શંકાનું નિવારણ કરી મને કૃતાર્થ કરો તેવી વિનંતી છે."

તિરુમલદાસે કહ્યુંઃ- હે શંકર ભટ્ટ, કેટલીક શતાબ્દી પછી કલિ પ્રબળ થવાથી નાસ્તિકતા વધશે. નાસ્તિકતાને નિર્મૂળ કરી

આસ્તિકતાની સ્થાપના માટે શ્રીપાદપ્રભુ ચિત્રવિચિત્ર લીલાઓ કરી ભક્તો પર અનુગ્રહ કરશે. ભવિષ્યમાં ધર્મસંસ્થાપના માટેના સમગ્ર કાર્યક્રમમાં બીજરૂપે શ્રીપાદશ્રીવલ્લભ અવતારમાં અનુગ્રહ કરશે.

ખનિજમાં ચૈતન્ય નિદ્રાવસ્થામાં હોય છે. ખનિજ સ્થિતિમાં પ્રાણ અંતર્લીન થઈને રહે છે. ખનિજમાં અનેક રાસાયણિક પ્રક્રિયા થઈ પ્રાણની ઉત્પત્તિ થાય છે. પ્રાણમાં મન અંતર્લીન હોય છે. પ્રાણરૂપમાં ચૈતન્ય અર્ધનિદ્રિતાવસ્થામાં હોય છે. આ બાબત તને વૃક્ષમાં સ્પષ્ટ દેખાશે. માદક દ્રવ્યના સેવનથી મનુષ્ય પોતાના દેહમાં આ સ્થિતિનો અનુભવ કરે છે.

પ્રાણશક્તિરૂપે વ્યક્ત થયેલું ચૈતન્ય તત્ત્વ પરિણામ ક્રમથી વિકાસ પામી મનના માધ્યમ દ્વારા કર્મ આચરવા આરોપિત થાય છે. આ સ્થિતિ તને પશુમાં જોવા મળશે. પશુનું પૂર્ણ વિકસિત રૂપ એટલે જ મનુષ્ય એમ કહેવાય છે. મનુષ્યમાં મનશક્તિ પૂર્ણતઃ કાર્યરત હોય છે. મનથી પણ અતીત એવું અતિમાનસ તત્ત્વ છે. તે અંતર્લીન સ્થિતિમાં હોય છે. મનુષ્ય યોગસાધનાથી પરિપૂર્ણ થાય છે. તે (મનુષ્ય) મૂલાધારમાં સુપ્ત સ્થિતિમાં સ્થિત ચૈતન્યને સહસ્રારમાં લઈ જઈ, સવિકલ્પ તેમજ નિર્વિકલ્પ સમાધિ સ્થિતિને પ્રાપ્ત કરે છે. પરમ જ્યોતિસ્વરૂપ શ્રીગુરુ સાથે તાદાત્મ્ય સાધે છે.

તે સ્થિતિમાં મનુષ્ય અનિર્વચનીય આનંદનો અનુભવ લે છે અને તેનું વર્તન માત્ર મહાસંકલ્પને અનુસરીને હોય છે. માટે તે કર્મબંધનથી પર હોય છે. તે મહાસંકલ્પનું સ્વરૂપ અચિંત્ય, અગમ્ય અને કલ્પનાતીત તેમજ મહાપ્રચંડ વેગવાન હોય છે. અતિમાનસ કેવળ શ્રીપ્રભુનું જ હોય છે. પ્રત્યેક ક્ષણે કોટિ પ્રાર્થનાઓ પ્રભુ સ્વીકારે છે. ધર્મસંમત પ્રાર્થનાને પ્રાથમિકતા આપી તેઓ દુઃખનું નિવારણ કરે છે. ધર્મબદ્ધ એવા બધા લોકોની તેઓ ઈચ્છા પૂર્ણ કરે છે.

માનવના મનનો વેગ કાચબાની ગતિ જેવો હોય છે. શ્રીપ્રભુનો અતિમાનસનો વેગ મહાપ્રચંડ અને કલ્પનાતીત છે. મહાપ્રચંડ વેગવાળા પ્રકાશનો વેગ પણ તેમના અતિ માનસવેગ આગળ ધીમો પડે! માનવ અથવા કોઈ પણ પ્રાણીએ કરેલી કેટલી પણ અલ્પ પ્રાર્થના પ્રભુના દિવ્ય તેજપુંજ દ્વારા પ્રભુને પહોંચે છે. સમસ્ત દૃશ્ય-અદૃશ્ય શક્તિનો આધાર પણ શ્રીપાદપ્રભુ જ છે.

સર્વલોક પ્રકાશમાન થવાનું કારણ તેમના શરીરમાંથી બહાર પડનાર તેજપુંજ સિવાય બીજું કાંઈ નથી. અનેક કોટિ બ્રહ્માંડમાં પ્રકાશમાન સૂર્યો, નક્ષત્રાદિના સંયુક્ત પ્રકાશ પણ કોડિયું સમાન છે. હે શંકર ભટ્ટ! આ જ શ્રીપાદશ્રીવલ્લભનું સાચું તત્ત્વ છે. અનંત શક્તિ, અનંતજ્ઞાન, અનંત વ્યાપકતત્ત્વવાળા તે નિર્ગુણ, નિરાકાર સ્વરૂપની સૃષ્ટિ પ્રતિ રહેલી કરુણાને લીધે સગુણ, સાકાર મનુષ્ય દેહ ધારણ કરી શ્રીપાદશ્રીવલ્લભરૂપે દર્શન આપી રહ્યા છે. તે જાણવા માટે માનવમાં પરિપૂર્ણતા આવવી જોઈએ.

: શ્રીપાદશ્રીવલ્લભનું દિવ્ય સ્વરૂપ :

મનુષ્યનું ઈશ્વર પ્રતિ ખેંચાણ અનિવાર્ય છે તેમજ ઈશ્વર પણ અનંત સીમાઓને પાર કરી નિમ્ન સ્તરમાં જન્મ લે છે. આને જ અવતરણ કહે છે. (અવ= નીચે, તરણ= આવવું) આ નિરંતર ચાલુ રહેતી યોગક્રિયા છે. સૃષ્ટિમાં સત્યની સ્થાપના થઈ. તે સ્વયં સિદ્ધ, પ્રયત્નરહિત કાર્યરત હોય છે. સત્ય, જ્ઞાન, અનંતસ્વરૂપ શ્રીપાદશ્રીવલ્લભ અનેક સત્યોનું સૃષ્ટિમાં સ્થાપવાના સંકલ્પથી દિવ્ય, ભવ્ય અવતાર લે છે. તેઓ સાક્ષાત્ દત્ત ભગવાન જ છે.

મેં (શંકર ભટ્ટે) પૂછ્યું:- "સ્વામી, તમારી સાથે ચર્ચા કરતાં મને કેટલાય નવા વિષયોમાં સૂઝ પડી છે. તેમ છતાં, શ્રીગુરુસ્વરૂપને પૂર્ણતઃ સમજી શકાતું નથી. તેમનું દિવ્ય અને ભવ્ય ચરિત્ર કેવી રીતે લખવું તેમજ તેમની કઈ રીતે વ્યાખ્યા કરવી તે મારી સમજણ બહારની વસ્તુ છે. મેં મૂર્તિ-પ્રતિષ્ઠા વિશે સાંભળ્યું છે. તમે સત્યની પ્રતિષ્ઠા વિશે મંગળાચરણ કર્યું. મારી આપને વિનંતી છે કે સત્ય વિશે મને વિસ્તારથી સમજાવો."

શ્રી તિરુમલદાસે જવાબ આપતાં કહ્યું:- હે શંકર ભટ્ટ! તારા દ્વારા શ્રીનું ચરિત્રલેખન થવાનું છે તેવો સંકલ્પ પૂર્વે જ થઈ ચૂક્યો છે. તારા સંપર્કમાં શ્રીપાદપ્રભુના અનેક ભક્તશ્રેષ્ઠ પોતાના અનુભવો તને કહેશે. તે ચરિત્રલીલાને તારે લખવાની છે. તારે વ્યાખ્યાની અહીં કોઈ પણ જરૂર નથી. શ્રીપાદપ્રભુ જાતે જ પોતાનું ચરિત્ર તારી લેખિનીના માધ્યમથી લખી લેશે. તે સિવાય બીજો વિચાર કરવો વ્યર્થ છે.

મનુષ્ય અનેક પ્રકારના અન્નનું સેવન કરે છે. સેવન કરેલું અન્ન આપમેળે પચીને શરીરને શક્તિપ્રદાન કરે છે. આ પાચનક્રિયામાં મનુષ્યનો પ્રયત્ન નથી. એ શરીરનું કાર્ય છે. મનુષ્યનું કર્તવ્ય ફક્ત અન્નસંગ્રહ કરીને તેનું સેવન કરવું તેટલું જ છે. ભોજન આરોગ્યા પછી અન્નને પચાવવાનું કામ એ શરીરનું કર્તવ્ય છે, અર્થાત્ તારું કર્તવ્ય અન્ન મેળવવાનું છે એટલું જ. ભોજન કરેલું (આરોગાયેલું) અન્ન પાચન કરવાનું કામ (કર્તવ્ય) શરીરનું છે.

મનુષ્યમાં મન હોવાથી તે સ્વેચ્છાનો અનુભવ લે છે. આથી, સાચું-ખોટું, સારું-ખરાબ બંને શક્યતાઓ પરખાય છે. શરીરને તે સ્વેચ્છા નથી. આરોગાયેલા અન્નને પચાવી શરીરને શક્તિ સંપન્ન કરવું તે જ શરીરનું કર્તવ્ય છે. આ વિધિનો નિર્ણય છે. મનુષ્યની ઈચ્છા હોય કે ન હોય, તેના પ્રયત્ન સિવાય શરીર તેનું પોતાનું કર્તવ્ય બરાબર રીતે પાર પાડે છે. શરીર સંબંધી સત્યની સ્થાપના થયેલી હોવાને કારણે, પ્રયત્ન વગર, સંકલ્પનો પ્રમેય ન હોવા છતાં તે સતત ચાલુ રહે છે.

પ્રકૃતિ એટલે કે સૃષ્ટિમાંની બધી જ ક્રિયા પ્રતિક્રિયા, તે સત્યના આધારે ઘટે છે. સૂર્યોદય-સૂર્યાસ્ત, ઋતુચક્ર, ગ્રહ-નક્ષત્રાદિનું ચાલન તે સત્ય (પ્રસ્થાપિત નિયમો)ના આધારે ચાલવા જ જોઈએ. આ બધું ઉલ્લંઘી ન શકાય તેવું શાસન છે. બીજા શબ્દોમાં કહીએ તો તેનાથી વિપરીત તેમને કોઈ સ્વતંત્રતા નથી.

સર્વવ્યાપક ભગવાન સૃષ્ટિનાં પ્રાણીમાત્ર પ્રત્યેની કરુણાને લીધે સૃષ્ટિવિધાન સરળ બનાવે છે. કૃતયુગમાં સંકલ્પમાત્રથી સિદ્ધિઓ પ્રાપ્ત થતી, ત્રેતાયુગમાં યજ્ઞ-યાગથી, દ્વાપરમાં મંત્ર, શસ્ત્રાસ્ત્રથી સકળ સિદ્ધિ પ્રાપ્ત થતી. કળિયુગમાં પ્રમુખપણે તંત્રપ્રયોગથી કળિયુગીન યંત્ર વડે સર્વ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. યુગધર્મને અનુસરીને તેમ જ માનવની શક્તિ-યુક્તિના સ્તરના આધારે સૃષ્ટિવિધાનના સરળીકરણનો નિર્ણય થાય છે.

ત્રણ અહોરાત્ર (દિવસ અને રાત) નિરંતર શ્રીપાદશ્રીવલ્લભનું સ્મરણ કરવાથી, તેમનું ધ્યાન કરનારને શ્રીપાદપ્રભુ સદેહે દર્શન આપી ધન્ય કરે છે. મનુષ્યના પતન માટે લાખ કારણો હોય તો ઈશ્વર તેના ઉદ્ધાર માટે દસ લાખ પ્રકારે અનુગ્રહ કરે છે.

શ્રીદત્ત ભગવાન તેમના અંશાવતાર, સિદ્ધયોગી, મહાસિદ્ધો દ્વારા આ સૃષ્ટિનું પાલન કરે છે.

પૂર્વયુગના શ્રીદત્ત ભગવાન તે જ આ શ્રીપાદ છે કે? આ પ્રકારની શંકા તારા મનમાં બીજરૂપે હતી. શ્રીપાદપ્રભુએ તારી શંકાનું નિવારણ કરવા નૈવેદ્યમાં ધરાવવામાં આવેલા ચણાને લોઢામાં રૂપાંતરિત કર્યા. માતા અનસૂયાએ લોઢાના ચણાને ખાવાયોગ્ય ચણા કર્યા હતા. હું પ્રત્યક્ષ દત્ત છું. એ દર્શાવવા માટે આ રૂપાંતર કર્યું. તારા જન્માક્ષરમાં ગુરુ વ્યાધિ સ્થાનમાં છે. ગુરુ ગ્રહને ચણા સાથે સંબંધ છે. ગુરુ ગ્રહને લીધે તારા પર આવનાર આપત્તિ, બીજરૂપે હોઈ તે અંકુરિત ન થવા દેવા માટે ચણાનું લોખંડમાં પરિવર્તન કરી તને દેખાડ્યું.

શ્રીપાદપ્રભુના દિવ્ય માનસચક્ષુની દૃષ્ટિ ન પડી હોય એવી એક પણ વસ્તુ સૃષ્ટિમાં ઉત્પન્ન થતી નથી, તેમજ તેમની દિવ્ય દૃષ્ટિએ દેખાયા વગર કોઈ પણ પ્રાણી આ સૃષ્ટિમાં જન્મ લેતું નથી. આ પરમ સત્ય છે. સત્ય વસ્તુસંબંધિત જ્ઞાન સુપ્રતિષ્ઠિત હોવાને લીધે તે જ્ઞાનની પ્રાપ્તિ પામેલા સુજ્ઞો આ લોકમાંથી અંતર્ધાન પામે તો પણ તે (જ્ઞાન) નાશ પામતું નથી. તે જ્ઞાનને પ્રાપ્ત કરવા યોગ્ય માનવ આ સૃષ્ટિમાં જન્મ લે તે પછી તે જ્ઞાન આપમેળે તેની સામે પ્રગટ થાય છે. (આપમેળે તેમને તે જ્ઞાન થાય છે.)

દેવશક્તિ, ચિરંજીવમુનિ, અવતારી પુરુષ બધાં અવિનાશી તત્ત્વના જ અંશ છે. મનુષ્ય અવિનાશી તત્ત્વનો અંશ છે. અવિનાશી તત્ત્વનું જ્ઞાન, સ્થિતિ, ગતિ, શક્તિ એક વિશિષ્ટ પ્રકારે હોવી જોઈએ તેવો કોઈ નિયમ નથી. તે સ્વેચ્છા તત્ત્વ છે, પરિપૂર્ણ છે. તે અત્યંત પ્રાચીન અને નિત્ય નૂતન છે. કારણ ન હોય તેવું કોઈ પણ કાર્ય અસંભવ છે. સર્વ કારણોને અને સર્વ કાર્યોને એકમેવ એવું તત્ત્વ જ આધારરૂપ છે. તે અતીત અને અગમ્ય છે. તેને જ દત્ત કહે છે. તે દત્ત ભગવાને આ કળિયુગમાં પોતાની સંપૂર્ણ (સોળ) કળાથી પૂર્ણ, પ્રથમ શ્રીપાદશ્રીવલ્લભનો અવતાર પીઠિકાપુરમાં લીધો. આવા સર્વ પરિપૂર્ણ શ્રીપાદશ્રીવલ્લભનું વર્ણન કરવા સહસ્રફેણયુક્ત આદિશેષ પણ અસમર્થ છે.

હે ભક્તશ્રેષ્ઠ શંકર ભટ્ટ! શ્રીપાદપ્રભુએ શ્રી નૃસિંહસરસ્વતી નામે બીજો અવતાર લેવાનું ઘણી વાર સૂચન કર્યું. હિરણ્યકશ્યપે વિચિત્ર વર પ્રાપ્ત કર્યા પછી તેનું મૃત્યુ અસંભવ છે તેમ લાગતું હતું. આપેલાં વરદાનની વિરુદ્ધ ન જતાં કલ્પનાતીત એવા વિધાનથી શ્રીનૃસિંહ ભગવાનને હિરણ્યકશ્યપનો વધ કરી પરમ ભક્ત એવા પ્રહ્લાદનું રક્ષણ કર્યું. પ્રભુ સ્તંભમાં વિરાજમાન છે તેવો પ્રહ્લાદે નિર્ધાર કર્યો. પ્રભુ સ્તંભમાંથી પ્રગટ થયા. ભગવાન છે કે નહીં? આવો સંશય આ કલિયુગમાં ઘણાના મનમાં આવે છે.

કળિયુગના હિરણ્યકશ્યપના મદનો નાશ કરી પ્રહ્લાદ જેવા ભક્તનું રક્ષણ કરવા માટે શ્રીદત્ત ભગવાનનો ત્રીજો નૃસિંહસરસ્વતીનો અવતાર થવાનો છે. ભગવાન છે, તે સિદ્ધ કરવા નરસિંહ અવતારનું વૈશિષ્ટ્ય શ્રીપાદશ્રીવલ્લભ અને શ્રી નૃસિંહસરસ્વતીના અવતાર દેવને દૂષણ આપનારનો મદ નાશ કરવા તેમજ ઈશભક્તિ કરનારનું આંખોની પાંપણની જેમ રક્ષણ કરે છે. આ બે પ્રધાન ઉદ્દેશ્યથી શ્રીપાદપ્રભુ અને શ્રી નૃસિંહસરસ્વતીના અવતાર થયા. શ્રીપાદશ્રીવલ્લભને માટે સાધ્ય-અસાધ્ય જેવું કાંઈ નથી (બધું જ સાધ્ય છે).

તિરુમલદાસની વાક્‌ધારા અસ્ખલિત વહેતી હતી. હું સાંભળતો હતો. મારા મનમાં એક સંશયે ઘર કર્યું. હું (શંકર ભટ્ટ) ભોજપત્ર પર શ્રીપાદશ્રીવલ્લભનું ચરિત્ર લખતો હતો. ભવિષ્યકાળમાં લોકો કેવા પત્ર પર શ્રીપાદસ્વામીનું ચરિત્ર લખશે? શાલીવાહન શક અંતર્ગત હાલનો વ્યવહાર ચાલે છે. હૂણયુગ (ઈસવીસન) પ્રચારમાં આવશે તેમ શ્રીપાદસ્વામી કહે છે. વાસ્તવિક રીતે દ્વાપરયુગના અંતે શ્રીકૃષ્ણનું નિર્વાણ થયું. તે કેટલાં વર્ષ પહેલાં? કલિયુગનો કયા દિવસે, કઈ ઘટિકા-વિઘટિકા પળે પ્રારંભ થયો? આવનારી પેઢીઓની કાળ ગણના પ્રમાણે ભવિષ્યમાં ઉપયોગમાં આવનાર પત્ર પર જો શ્રીપાદપ્રભુ લખીને બતાવે તો જ શ્રીપાદપ્રભુ દત્ત ભગવાનના અવતાર છે તેમ મને વિશ્વાસ બેસશે.

મારા મનનો સંશય મેં તિરુમલદાસ સમક્ષ વ્યક્ત કર્યો. તેઓ જે કહેતા હતા તે સાંભળવાનો હું ઢોંગ કરતો હતો અને લોખંડમાં

પરિવર્તિત ચણા તરફ હું જોઈ રહ્યો હતો. તેટલામાં તિરુમલદાસનો કંઠસ્વર ક્ષીણ થયો અને તેમની વાક્‌શક્તિ નષ્ટ થઈ. કાનના પડદા ફાટી જાય તેવો મોટો ધ્વનિ થયો. તે અવાજ સાંભળી હું બહેરો થઈ ગયો.

એક જ ક્ષણમાં મને બધિરત્વ અને તિરુમલદાસને મૂકત્વ પ્રાપ્ત થયું. તિરુમલદાસ બોલવાનો પ્રયત્ન કરતા હતા. પરંતુ, તેમના મુખ વાટે કોઈ શબ્દ બહાર નીકળતો ન હતો. મેં સાંભળવાનો પ્રયત્ન કરી જોયો. પરંતુ, મને કાંઈ પણ સંભળાતું ન હતું. મારા મનમાં એક જ વિચાર આવતો હતો. મનમાં આવવા જેવા સંશયો આવ્યા અને મને બધિરત્વ પ્રાપ્ત થયું. હવે આખી જિંદગી બહેરા તરીકે જીવવું પડશે. શું આ જ મારું નસીબ! હવે હું શું કરું?

તે જ અરસામાં નૈવેદ્ય માટે જે ચણા (લોખંડના) હતા તે તેલુગુ ભાષામાં "શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે"ના અક્ષરોમાં રૂપાંતરિત થયા. તેના પર સફેદ પત્ર (કાગળ) દેખાઈ આવ્યો. અમારી દૃષ્ટિ સામે જ તે પત્ર (કાગળ)નો આકાર ચાર હાથ જેટલો દીર્ઘ થયો. ભોજપત્ર કરતાં એકદમ પાતળો, સ્પર્શમાં મૃદુ હતો. તે કાગળ (પત્ર) પર કાળા રંગના શબ્દો ઉપસી આવ્યા. તેલુગુ લિપિમાં લખેલું હતું. શ્રીકૃષ્ણનું નિર્વાણ ખ્રિસ્ત પૂર્વે ૩૧૦૨ વર્ષે ફેબ્રુઆરી ૧૮ તારીખે રાત્રે બે વાગીને ૨૭ મિનિટ અને ૩૦ સેકંડે થયું. પ્રમાદી નામ સંવત્સર, ચૈત્ર સુદ એકમ, શુક્રવાર, અશ્વિની નક્ષત્ર. શ્રીકૃષ્ણના નિર્વાણ પછી કળિયુગનો પ્રારંભ થયો.

ઉપર પ્રમાણેનો સ્પષ્ટ જવાબ લખાયેલો જોઈ મારા આખા શરીરે પરસેવો છૂટ્યો. અતિ પ્રસ્વેદને લીધે શરીર શક્તિહીન થયું, કંપાયમાન થયું. શ્રીપાદશ્રીવલ્લભ આ સ્થળે જ અદૃશ્યરૂપે વિરાજમાન છે તેમ મારા મનનો નિશ્ચય થયો. મેં મનમાં વિચાર કર્યો, શું મારું દુર્ભાગ્ય? કુરવપુર જવું એ મારા માટે સ્વપ્ન સમાન છે (કારણ કે મેં પ્રભુ વિશે મનમાં શંકા કરી હતી તે એક શિક્ષાપ્રદ વાત છે). શ્રીપાદપ્રભુ હવે નૃસિંહાવતાર ધારણ કરી મારો વધ કરે તો પણ આશ્ચર્ય પામવા જેવું નથી. વસ્ત્ર ધોઈને નીચોવીને સૂકવાય છે. "શંકર ભટ્ટને (ધોકા વડે) ધોઈ નીચોવી નાખ" એમ તિરુમલદાસને જો આજ્ઞા થાય તો હું શું કરીશ?

તિરુમલદાસ મને પથ્થર પર પછાડીને નીચોવી સૂકવશે. બ્રહ્મજ્ઞાન સંબંધી વિષયોનો, આપણે આત્મજ્ઞાની છીએ તેવો ડોળ

કરીએ તો કદાચ ગુરુ આપણા શિષ્યને બોધ આપવા તૈયાર થાય. પૈસા પડાવવા માટે કોઈ શિષ્યની પ્રશંસા પણ કરશે. શિષ્ય ગુરુએ કરેલી પ્રશંસાથી ગર્વથી ફુલાઈને ફરે છે. આવા કિસ્સામાં ગુરુ-શિષ્ય બંને દોષના ભાગીદાર છે. રજક કુળમાં જન્મીને તિરુમલદાસ દ્વારા બ્રાહ્મણ કુળમાં જન્મેલા મને બ્રહ્મજ્ઞાનનો બોધ થવો તે શ્રીપાદગુરુનો ચમત્કાર છે.વિસ્તારના બીજા ધોબીઓ પોતપોતાની ધંધાકીય પ્રવૃત્તિમાં ડૂબેલા હતા. તેમને આ ગહન ચરિત્ર વિશે ચર્ચા કરવાની કે જાણવાની બિલકુલ ઈચ્છા જણાતી નહિ. હવે મારે શ્રીપાદપ્રભુને શરણે જવું પડશે.

મેં તિરુમલદાસ તરફ જોયું. તેમનું મુખ બ્રહ્મતેજથી પ્રકાશતું હતું. મારા મનમાં થયું કે તિરુમલદાસ બ્રાહ્મણ છે જ્યારે હું રજક છું. તેમનો ચહેરો પ્રસન્ન ભાસતો હતો. નૈવેદ્યમાં મૂકેલા ચણાનું લોખંડ સ્વરૂપ નષ્ટ થઈ તે પૂર્વવત્ સ્થિતિમાં આવી ગયું હતું. શ્રીપાદપ્રભુએ મને ક્ષમા કરી હોય તેમ લાગ્યું. થોડી જ ક્ષણોમાં તે શુભ્ર પત્ર (કાગળ) અદૃશ્ય થયો. તિરુમલદાસે કહ્યું:- "શંકર ભટ્ટ! કળિયુગ એ લોહયુગ છે. કલ્મષપૂરિત એવો યુગ છે. મારા દેહાવસાન પછી કેટલોક સમય હું હિરણ્યલોકમાં વાસ કરીને શ્રીપાદપ્રભુની આજ્ઞા અનુસાર ફરી મહારાષ્ટ્ર દેશમાં જન્મ લેવાનો છું."

મેં કહ્યું:- "સ્વામી (તિરુમલદાસ), શ્રીપાદપ્રભુએ તમને મૃત્યુ પછી ફરી જન્મ લેવા આજ્ઞા કરી? કૃપા કરીને આ વૃત્તાંત વિસ્તારથી કહી સંભળાવો." તિરુમલદાસ કહે છે:- એક દિવસ હું શ્રીપાદના માતામહને ત્યાં ધોયેલાં વસ્ત્રો લઈ ગયો. સુમતિ મહારાણીના મામા શ્રીધરાવધાની બાળ શ્રીપાદને કેડ પર લઈ રમાડતાં હતાં. "દત્ત દિગંબર! દત્ત દિગંબર! દત્ત દિગંબર! અવધૂતા!!" આ પ્રમાણે તેઓ મોટેથી બોલતાં હતાં.

શ્રીપાદની ઉંમર બે વર્ષની હતી. તેઓ પણ લયબદ્ધ રીતે ગાઈને રમતા હતા. તે દૃશ્ય મનોહર હતું. અનાયાસે મારા મોઢે શ્રીપાદવલ્લભ! દત્ત દિગંબર! એમ શબ્દો નીકળ્યા. શ્રીધરાવધાનીએ મારી તરફ જોયું અને શ્રીપાદ બોલ્યા:- "નૃસિંહસરસ્વતી! દત્ત દિગંબર!" તેઓ સાક્ષાત્ પૂર્વેના દત્ત ભગવાન હોઈ, હાલમાં શ્રીપાદશ્રીવલ્લભ અને ભવિષ્યના નૃસિંહસરસ્વતી સ્વરૂપે પ્રગટ થનાર

છે તેની પૂર્વ સૂચના પોતાની વિશિષ્ટ શૈલીમાં આપતા હતા.

: સમર્થ સદ્‌ગુરુ શિરડીના સાંઈબાબારૂપે અવતરશે :

શ્રીપાદે પોતાની કાલી ભાષામાં કહ્યું:- "દાદાજી, નૃસિંહસરસ્વતી સ્વરૂપે મહારાષ્ટ્ર દેશમાં અવતાર લેવાનો મેં સંકલ્પ કર્યો છે. તિરુમલદાસને પણ હું મહારાષ્ટ્ર દેશમાં આવવા આજ્ઞા કરું છું." શ્રીધરાવધાની આ સાંભળીને અવાક્ થયા. મેં (તિરુમલદાસે) કહ્યું:- કોઈ પણ જન્મે, કોઈ પણ સ્વરૂપે આપ હો, સદા મારું રક્ષણ કરવાનો ભાર તમારા પર છે. મને તમારા બાળકૃષ્ણ સ્વરૂપ પર અત્યંત પ્રીતિ છે."

શ્રીપાદે આજ્ઞાસ્વરૂપમાં કહ્યું:- તિરુમલદાસ, તું મહારાષ્ટ્ર દેશમાં ગાડગે મહારાજના નામે રજક કુળમાં જન્મ લઈશ. દીન, દલિત, દુઃખી લોકોની સેવા કરીને પુનિત થઈશ. ધીશીલા (શિરડી) નગરીમાં "સાંઈબાબા" નામે યવનવેષમાં મારો સમર્થ સદ્‌ગુરુ અવતાર થશે. તને યવનવેષમાં સમર્થ સદ્‌ગુરુ સ્વરૂપે મારા દ્વારા અનુગ્રહની પ્રાપ્તિ થશે. તને બાળકૃષ્ણ સ્વરૂપ પર પ્રીતિ હોવાને કારણે તું "ગોપાલા, ગોપાલા, દેવકીનંદન ગોપાલા" આ નામમંત્રનો જપ કરીશ. તારા આ શરીરના પતન પછી થોડો સમય હિરણ્યલોકમાં રહીને પછી ગાડગે મહારાજ તરીકે લોકહિતનું કામ કરીશ. આ મારું તને વરદાન અને અભયદાન છે.

શ્રીધરાવધાની આ બધાં સંદર્ભમાં માયાના આવરણમાં હતા. તેમને કશી સમજ ન પડી. સુમતિ મહારાણીની બૂમ સાંભળી તેમના પર રહેલું માયાનું આવરણ દૂર થયું. શ્રીપાદ અસામાન્ય બાળક છે એવી તેમની ધારણા થઈ. મેં કહ્યું: સ્વામી, શ્રીકૃષ્ણે ભગવદ્ ગીતામાં કહ્યું હતું કે કર્મનું ફળ અનિવાર્ય છે તો શ્રીપાદ આ નિયમનું ઉલ્લંઘન ન કરતાં કર્મનાશ કેવી રીતે કરશે?

: સદ્‌ગુરુ, સત્પુરુષ, યોગી લોકોને આપેલા દાનનું ફળ :

તિરુમલદાસે કહ્યું:- શ્રીકૃષ્ણે કર્મનું ફળ ભોગવ્યા વિના ચાલતું નથી એમ કહ્યું છે. પરંતુ, તે કર્મફળ જાગ્રત અવસ્થામાં

ભોગવવું તેમ કહ્યું નથી. તે સ્વપ્ન અવસ્થામાં પણ ભોગવી શકાય. સ્થૂળ શરીર વડે ૧૦ વર્ષ ભોગવવાનું કર્મ, માનસિક ત્રાસને લીધે, સ્વપ્નમાં માનસિક વ્યથા કેટલીક ઘટિકા પર્યંત ભોગવી કર્મરહિત (કર્મના ફળમાંથી મુક્તિ) પ્રાપ્ત કરી શકાય. દાન-ધર્મ કરવાને લીધે, દૈવી કૃપાને લીધે સત્પુરુષોના પાપકર્મનો ક્ષય થાય છે. દેવતા મૂર્તિ પુણ્યસ્વરૂપ હોઈને, તેમનામાં અત્યંત કરુણા હોવાથી આપણું પાપ કર્મફળ તેમના શિરે લઈ તેમનું પુણ્ય આપણને આપે છે.

પુણ્ય પુરુષોને દાન આપવાથી અથવા તેમની સેવા કરવાથી પણ આવી અદલાબદલી થઈ શકે છે. સમર્થ સદ્‌ગુરુનું ધ્યાન કરવાથી, ધ્યાનના માધ્યમથી પણ આવો ફેરફાર થઈ શકે છે. સદ્‌ગુરુ તેમના શિષ્યની સેવા સ્વીકારી સેવાના માધ્યમથી શિષ્યનું પાપકર્મ પોતાના શિરે લે છે અને પોતાના તપનું ફળ શિષ્યમાં સંક્રમિત કરે છે. પરંતુ, પાપકર્મનું ફળ ભોગવ્યા વગર છૂટકો નથી. દેવ, સત્પુરુષ, સદ્‌ગુરુ, અવતારપુરુષ, મહાતેજોમય હોઈ અગ્નિસ્વરૂપ હોય છે. તેમણે સ્વીકાર કરેલા પાપકર્મને બાળી નાખવાની શક્તિ તેમનામાં હોય છે. તેમને આપણા દ્વારા અર્પણ કરાયેલાં પત્ર, પુષ્પ, ફળ ઇત્યાદિના માધ્યમથી પણ પાપ-પુણ્યની અદલાબદલી થાય છે. આપણી આર્તતા, ભક્તિ, શરણાગતિ જેટલી તીવ્ર હોય છે તેટલી તીવ્ર ગતિથી આ ફેરફાર (અદલાબદલી) થાય છે. કેટલીક વાર શ્રીપાદ તેમના આશ્રિતોનું પાપ કર્મફળ નિર્જીવ વસ્તુઓ જેવી કે પથ્થર-શિલા ઉપર હસ્તાંતરિત કરતા. તે શિલા-પથ્થરના ટૂકડા કરી અથવા અનેક વિચિત્ર પ્રકારથી તે પાપકર્મને નિર્મૂળ કરતા. આના અનુસંધાનમાં એક દૃષ્ટાંત કહું છું તે ધ્યાનપૂર્વક સાંભળ!

શ્રીપાદના જન્મથી તેમને પૂરતું દૂધ મળતું નહીં. સુમતિ મહારાણી પોતાના લાડકવાયા પુત્રને પૂરતું સ્તનપાન કરાવી શકતાં નહીં. તેમના ઘેર એક ગાય હતી. તે ગાય તેમના પર કાલાગ્નિશમન દત્ત ભગવાનને નૈવેદ્યમાં પૂરતું થઈ રહે તેટલું જ દૂધ આપતી. બાકીનું દૂધ ગાય પોતાના વાછરડાને પીવડાવતી. તે ગાયની આ એક વિચિત્ર પ્રવૃત્તિ હતી.

કાલાગ્નિશમન દત્તને નૈવેદ્ય માટે મૂકેલું દૂધ કેટલીક વાર શ્રીપાદ, ધરાવ્યા પહેલાં પોતે જ પ્રાશન કરતા. આવી પરિસ્થિતિમાં

શ્રી અપ્પલરાજ ગોળનો ટૂકડો પ્રસાદમાં ધરાવી ઉપવાસ કરતા. પતિને ઉપવાસ હોય તો સુમતિ મહારાણી પણ ઉપવાસ કરતી. કોક દિવસે નૈવેદ્ય ધરાવ્યા સુધી શ્રીપાદ થોભે તો તેઓ પ્રસાદનું દૂધ પ્રાશન કરતા. અપ્પલરાજ અને સુમતિ મહારાણીને કેટલીક વાર થતું કે પોતાના કુળમાં જન્મેલા અપૂર્વ એવા દિવ્ય બાળકને પૂરતું દૂધ આપી શકતા નથી. આ કારણને લીધે માતાપિતા હંમેશાં ચિંતિત રહેતાં.

વેંકટપૈય્યા શ્રેષ્ઠી અને નરસિંહ વર્માએ ભરપૂર દૂધ આપનારી ગાય દાનમાં આપવા પ્રયત્ન કરી જોયો. પરંતુ, તે બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા. કારણ? દાન ન સ્વીકારવું તે અપ્પલરાજનો નિયમ હતો. દાન લેવાથી પાપસંગ્રહ થાય છે તેવો તેમનો મત હતો. તેઓ વેદશાસ્ત્ર સંપન્ન બ્રાહ્મણ હતા. કેવળ વેદસભા હોય અને ત્યાંથી મળેલી દક્ષિણાનો તેઓ સ્વીકાર કરતા. પૌરોહિત્યથી આવક ઓછી હતી. શ્રી વેંકટપૈય્યા શ્રેષ્ઠી અને નરસિંહ વર્માને ત્યાં યજમાનવૃત્તિ માટે (પૌરોહિત્ય માટે) જતા. તે બંને જો વધારે દક્ષિણા આપે તો તેમના પર ગુસ્સે થતા. શ્રી અપ્પલરાજ પોતાના શ્વશૂર શ્રી સત્યઋષીશ્વર (બાપન્નાચાર્ય) પાસેથી પણ કશું સ્વીકારતા નહીં. કારતક મહિનાની પૂર્ણિમાને દિવસે સુમતિ મહારાણીનો જન્મદિવસ હોવાથી તે દિવસે શ્વશૂરગૃહે ભોજન કરતા. વૈશાખ સુદ ત્રીજને દિવસે અપ્પલરાજનો પોતાનો જન્મદિવસ હતો. તે દિવસે પણ તેઓ શ્રી બાપન્નાચાર્યના ઘેર ભોજન કરતા. સમયાંતરે શ્રીપાદજયંતી એટલે કે ગણેશ ચતુર્થીના દિવસે પણ તેઓ શ્રી બાપન્નાચાર્યને ત્યાં ભોજન કરતા.

કુટુંબની આ દુઃખદ સ્થિતિનો વિચાર કરી એક દિવસ સુમતિ મહારાણીએ પોતાના પતિને કહ્યું:- "હે નાથ, મારું પિયર વૈભવસંપન્ન તેમ જ નૈષ્ઠિક શ્રોત્રિય સંસ્કારસંપન્ન છે. મલ્લાદિ વંશ પૈસાદાર છે અને તે મારું પિયર છે. પિયરથી એકાદ ગાયનો સ્વીકાર કરવામાં મને કોઈ દોષ જણાતો નથી. શ્રીપાદને ભરપેટ દૂધ આપવાની આપણી સ્થિતિ નથી. આ વિશે આપ શાંત ચિત્તે વિચાર કરો તેવી મારી વિનંતી છે."

શ્રી અપ્પલરાજે કહ્યું:- સૌભાગ્યવતી, તારું કથન એક દૃષ્ટિએ સત્ય છે કે સત્યઋષીશ્વર પાપરહિત હોઈને તેમની પાસેથી

ગાય સ્વીકારવાથી કોઈ દોષ લાગતો નથી. પરંતુ, તારા આ વચનને શાસ્ત્રની સંમતિ હોવી જરૂરી છે. શ્રીપાદના જન્મપૂર્વથી અત્યાર સુધી અનેક આશ્ચર્યકારક ઘટનાઓ ઘટતી આવી છે. શ્રીપાદ દત્ત ભગવાનનો નૂતન અવતાર હોવાથી આપણા ઘરની ગાયે ભરપૂર દૂધ આપ્યું ન હોત? અથવા તારા સ્તનમાં પૂરતું દૂધ ઉત્પન્ન ન થાત? આપણો જ્યેષ્ઠ પુત્ર શ્રીધરરાજ શર્મા આંધળો છે અને નાનો પુત્ર રામરાજ શર્મા પાંગળો છે. શ્રીપાદ તેમની અવયવ વિકૃતિને દૂર કરી ઠીકઠાક કરી ન શકે? તું આ વિશે તારા પિતાશ્રી સાથે ચર્ચા કરજે. મારા નિયમોના ઉલ્લંઘન માટે વારંવાર મારા પર અનુચિત દબાણ લાવવું યોગ્ય નથી.

સુમતિ મહારાણીએ તે વિશે પોતાના પિતા સાથે ચર્ચા કરી. બાપન્નાચાર્યે મંદહાસ્ય કરી કહ્યું:- હે મારી વહાલી દીકરી, આ બધો જ શ્રીપાદનો લીલાવિલાસ છે. શ્રીપાદ સમસ્યાઓને ઉકેલવામાં નહીં પણ પેદા કરવામાં પણ તજ્ઞ છે! શ્રીપાદ પોતે જ દત્ત હોવાનું મેં યોગદૃષ્ટિથી જાણ્યું છે. આપણે ઘેર ગાયોની સમૃદ્ધિ છે. ગાય આપવા માટે ફક્ત મારી મંજૂરી જ નહીં, પરંતુ, મને તેનો વિશેષ આનંદ થશે.

દત્ત ભગવાનને ગાયનું દૂધ અત્યંત પ્રિય પણ છે. તેમ છતાં, તારા પતિના કહેવા પ્રમાણે દરેક વાત માટે શાસ્ત્રસંમતિ આવશ્યક છે. શું વિધિની વક્રતા છે? સસરા પાસેથી નાના રીતે સંપત્તિ લૂંટનાર જમાઈઓની કોઈ કમી આ દુનિયામાં નથી. પરંતુ, મારો જમાઈ અગ્નિહોત્ર સમાન છે. તેમના નિયમોનો ભંગ કરનાર આપણે ગાંડા ઠરીએ! સૃષ્ટિના પંચમહાભૂતે સ્પષ્ટ રીતે અનુમોદન કર્યા સિવાય તારો પતિ ગો-દાન સ્વીકારશે નહીં.

શ્રીપાદ જો તેમના જ્યેષ્ઠ બંધુના અંગવૈકલ્યને મટાડે તો તમારા કુટુંબ સાથે રહેલો તેમનો ઋણાનુબંધ સમાપ્ત થશે. ઋણવિમુક્ત થયેલા દત્ત ભગવાન તમારે ઘેર પુત્ર તરીકે રહી શકે નહીં. જગદ્ગુરુ થઈ લોકોદ્ધાર માટે ઘર છોડીને જશે. બધું જ કાળાધીન છે. કાળ શ્રીપાદને આધીન છે. શ્રીપાદે જો સંકલ્પ કર્યો તો તને વધુ દૂધ આપશે. પરંતુ, તારો શ્રીપાદ સાથેનો ઋણાનુબંધ પૂરો થઈ જશે. ઋણાનુબંધમાંથી મુક્ત થયેલા શ્રીપાદ પોતાના કુટુંબ પૂરતા સીમિત ન રહેતાં વિશ્વગુરુનું કર્તવ્યપાલન

કરવા ઘર છોડીને જતા રહેશે.શ્રીપાદનો સંકલ્પ થાય તો ઘરની ગાય તેનો વિચિત્ર સ્વભાવ છોડીને પુષ્કળ દૂધ આપશે. પછી કોઈ સમસ્યા નહીં રહે. તું થોડો સમય ધીરજ ધર. દત્ત ભગવાને ઉત્પન્ન કરેલી સમસ્યાનું નિરાકરણ પણ દત્ત ભગવાન જ કરશે.

મેં પૂછ્યું:- સ્વામી, શ્રીપાદના બંધુઓને અંગવૈકલ્ય (અંધત્વ-પંગૂત્વ) શાને કારણે થયું? વંશપરંપરાથી થયેલો દોષ છે? તિરુમલદાસે કહેવાની શરૂઆત કરી:- શ્રીદત્ત ભગવાનનો પ્રાદુર્ભાવ સાયંસંધ્યા સમયે થયો. શ્રીપાદનો જન્મ પ્રાતઃકાળે થયો. આગામી શ્રીનૃસિંહસરસ્વતીનો અવતાર ભર બપોરે અભિજિત લગ્ન પર થવાનો છે. દત્ત ભગવાનની લીલા અગાધ છે. સાયંસંધ્યા પછી તિમિરનું આવરણ આવે છે. જીવન નિદ્રાવસ્થામાં હોય છે. માટે દત્ત અવતારમાં યોગસાધનાના પરિણામ ક્રમ અનુસાર સમસ્ત જીવોનો ભાર વહન કરી જીવોને સુખપૂર્વકની નિદ્રા આપી.

ક્યાં જવું? શું કરવું? પરિણામસ્વરૂપ કઈ દિશામાં જવું તેવી ઉદ્વિગ્ન મનઃસ્થિતિમાં જીવ હોય છે. આ જ ગાઢ અંધકાર છે. જીવને ન જાણતાં પરિણામ સિદ્ધિ પ્રાપ્ત કરાવી આપવાનું વૈશિષ્ટ્ય દત્તાવતારનું જ! જીવ કોઈ પણ પ્રયત્ન ન કરતાં અથવા અલ્પશા પ્રયત્નથી અજાણતાં જ અંતઃચૈતન્યના પ્રદેશમાં અગાધ પરિણામ પ્રાપ્ત કરે છે. કેવળ ભૂમંડળ પૂરતું સીમિત નથી.

શ્રીપાદનું આગમન ઉષઃકાળે થયું. ઉષઃ સમયે સૂર્ય ભગવાન સમગ્ર શક્તિ એકત્ર કરી એક જ સમયે જીવોને પુનિત કરે છે. સૂર્ય એ શ્રીપાદનું પ્રતીક છે. જીવોની વિવિધ શક્તિ જાગ્રત થઈ નાટ્ય કરી વિવિધ રીતે પરિણામસ્થિતિ પ્રાપ્ત કરવાનું આ પ્રતીક છે. બપોર એ માર્તંડનું ચંડપ્રચંડ સ્વરૂપ છે. આત્મા સૂર્ય પોતાની સંપૂર્ણ શક્તિની સમૃદ્ધિથી દશે દિશાઓમાં તેનો પ્રસાર કરે છે. તે જ રીતે જીવોને જાગ્રત કરવા નૃસિંહ સરસ્વતી અવતારનું પ્રયોજન છે. આ વિષય તેમના વિશ્વવ્યાપ્ત ચૈતન્યનો વિષય છે.

દત્તાવતાર અને શ્રીપાદાવતારમાં કાળરાત્રી હતી. તેનું કેવળ મહાઅંધકારનું સ્વરૂપ હતું. તેના પ્રતીક તરીકે જયેષ્ઠ બંધુ શ્રીધરરાજ શર્માનો જન્મ થયો. તે રાત પલટાયા પછીની સ્થિતિ હતી એટલે કે સંશય, નાસ્તિકવાદ, કુતર્ક, વક્રભાષ્ય વગેરેના

પ્રતીક તરીકે લઘુબંધુ શ્રીરામરાજ શર્માનો જન્મ થયો, કોઈ પણ જીવ અંધકારસદૃશ તામસવૃત્તિનું નિરસન કરી, સંશય, કુતર્ક, વક્રભાષ્ય ઇત્યાદિનો ત્યાગ કર્યા પછી શ્રીપાદ શ્રીવલ્લભનો અનુગ્રહ પ્રાપ્ત કરે છે. આ જ તેનું રહસ્ય. આ જગતના પ્રાણીઓની પરિણામદશા સંબંધિત વિષય છે.

વંશપરંપરાથી આવેલા કર્મદોષ પણ છે. શ્રી અપ્પલરાજ શર્મા વેલનાડુ મંડળ (જિલ્લા)ના વૈદિક બ્રાહ્મણ હતા. તેમનું કુટુંબ ગ્રામઆધિપત્ય ભોગવતું હતું. શ્રીપાદના પિતામહ આઈનવિલ્લી નામના ગ્રામના અધિકારી હતા. તેમના કુટુંબમાં જયેષ્ઠ પુત્રને અધિકાર સોંપવાની પરંપરા હતી. શ્રીપાદના પિતામહનું નામ શ્રીધર રામરાજ શર્મા હતું. ગ્રામાધિકાર ધરાવનાર બ્રાહ્મણોમાં પોતાના નામ પાછળ "રાજ" એવો શબ્દ જોડવાની પ્રથા હતી. બ્રાહ્મણ વર્ણસૂચક શબ્દ શર્મા નામ સાથે જોડવામાં આવતો.

ગામમાં પાક તૈયાર થાય કે ન થાય જમીનદારને મહેસૂલ અવશ્ય આપવું પડતું. ગ્રામાધિકારી પર કર વસૂલ કરવાની જવાબદારી રહેતી. શ્રીધર રામરાજ શર્માને તેમનો ગમોઅણગમો ભૂલી જઈ જમીનદારની આજ્ઞા અનુસાર કોક પ્રસંગે બળજબરીથી (હિંસાનો પ્રયોગ કરી) કર વસૂલ કરવો પડતો. ગ્રામાધિકારી તરીકેની તેમની આ ફરજ હતી.

પરંતુ, ઈશ્વરી ન્યાય પ્રમાણે તે પાપકર્મ હતું. અપ્પલરાજના જયેષ્ઠ ભાઈને ગ્રામાધિપત્ય પ્રાપ્ત થયું. પિતામહના પાપકર્મને લીધે જયેષ્ઠ શ્રીધરરાજ શર્મા અને કનિષ્ઠ શ્રીરામરાજ શર્મા આ બંનેને અંગવૈકલ્ય (વિકલાંગતા) પ્રાપ્ત થયું. શ્રીપાદશ્રીવલ્લભ સાક્ષાત્ શ્રીદત્તાવતાર હોવા છતાંય પિતામહના સ્વલ્પ પાપકર્મનો પ્રભાવ તેમને પણ ભોગવવો પડ્યો. આથી, તેમને અપૂરતા દૂધની સમસ્યા ઉદ્ભવી. વિશ્વપ્રભુએ રચેલા નિયમો સર્વને લાગુ પડે છે. પોતે અવતાર લઈ સ્વેચ્છાએ કર્મફળ ભોગવીને બીજાને ઉદાહરણરૂપ બન્યા.

શ્રી વેંકટપૈય્યા શ્રેષ્ઠી અને શ્રી વત્સવાઈ નરસિંહ વર્મા, શ્રીપાદને પોતાના પૌત્ર તરીકે માનતા. આથી, તેમણે શ્રીપાદની દૂધની સમસ્યાનું નિરાકરણ કરવા સારું એવું મનોમંથન કર્યું. શ્રી નરસિંહ વર્માએ વેંકટપૈય્યાને કહ્યું કે સમસ્યાનું નિરાકરણ તમે કરો.

શ્રી નરસિંહ વર્માને ત્યાં ગાયત્રી નામે પ્રસિદ્ધ ગાયની સંતતિ હતી. તેમાંથી સર્વ શુભ લક્ષણ ધરાવતી એક ગાયની વેંકટપૈય્યા શ્રેષ્ઠીએ શ્રી નરસિંહ વર્મા પાસેથી ખરીદ કરી. ગાય વેચીને જે પૈસા આવ્યા તેને પોતાની પાસે સંભાળીને અલગ મૂક્યા.

શ્રી નરસિંહ વર્મા પાસેથી ખરીદ કરી ગાય વેચીને જે પૈસા આવ્યા તેના પૌરોહિત્ય નિમિત્તે અપ્પલરાજ શ્રી નરસિંહ વર્માને ઘેર આવ્યા ત્યારે તેમણે અપ્પલરાજને દક્ષિણા તરીકે આપ્યા, સાધારણ પૌરોહિત્ય નિમિત્તે જે દક્ષિણા મળતી તે કરતાં તે વધુ હતી. અપ્પલરાજે હંમેશ મુજબની અલ્પ દક્ષિણા લીધી અને વધારાની દક્ષિણાનો અસ્વીકાર કર્યો. શ્રી નરસિંહ વર્માએ પણ હઠ પકડી કે આપેલી દક્ષિણા તેઓ પાછી નહીં લે. શ્રી નરસિંહ વર્માની દલીલ હતી કે તેઓ સુક્ષત્રિય વંશમાં જન્મેલા હોવાથી આપેલા દાનને તે પાછું કદાપિ નહીં લે. આ વિવાદ શ્રી બાપન્નાચાર્ય સુધી પહોંચ્યો. બ્રાહ્મણ પરિષદ બોલાવવામાં આવી. પરિષદમાં શ્રી બાપન્નાચાર્યે જાહેર કર્યું કે અપ્પલરાજ શર્માએ અસ્વીકાર કરેલું ધન જે બ્રાહ્મણને જોઈએ તેણે લેવું. અનેક બ્રાહ્મણોમાં ધન મેળવવા માટે રસાકસી થઈ. એક પ્રકારે વિચિત્ર કહી શકાય તેવું આ બધું થયું.

સભામાં હાજર એક યુવાન બ્રાહ્મણ જેનું નામ પાપય્યા શાસ્ત્રી હતું તેણે બકવાસ શરૂ કર્યોઃ- "શ્રીપાદ એ દેવાંશ સંભૂત અવતારી પુરુષ નથી. જો દેવાંશી હોય તો આવી વિચિત્ર પરિસ્થિતિ કેમ થઈ? તેઓ જો સ્વયં દત્ત ભગવાન હોય તો તેમના બંને ભાઈઓ પાંગળા અને અંધ કેમ? તેઓ તેમને કેમ બચાવી ન શક્યા? જે કેટલીક ઘટના ઘટી તે માત્ર કલ્પના છે. તરણાનો ડુંગર કરવો તે મહાપાપ છે. હું દત્તભક્ત છું. મેં ગુરુ પાસેથી શ્વેતાર્કરક્ષા પ્રાપ્ત કરેલી છે. રોજ હું કેટલાય જપ કરું છું. કોઈ પણ પ્રકારનું દાન લેવાથી મને મલિનતા આવતી નથી. હું આ દાન લેવા માટે યોગ્ય છું માટે આ ધન મને જ આપવામાં આવે."

બ્રાહ્મણ પરિષદે પાપય્યા શાસ્ત્રીને તે ધન આપવાનો નિર્ણય કર્યો. તે ધન એક સારી ઓલાદની ગાય વેચાતી લેવા પૂરતું હતું. સભા સમાપ્ત થઈ. પોતાનો વિજય થયો છે તેવા ગર્વથી ફૂલાઈને પાપય્યા શાસ્ત્રી પોતાને ઘેર ગયો. પાપય્યા શાસ્ત્રીને ઘેર તેના મામા આવ્યા હતા. એકબીજાએ કુશળ વૃત્તાંત પૂછ્યા. પાપય્યા શાસ્ત્રીએ તેમને ભોજન કરી જવા વિનંતી કરી. મામાએ

કહ્યું:- "વર્ષમાં એક વાર હું જમું છું. અત્યારે જમવાનો સમય નથી." એમ કહીને મામા ત્વરાથી જતા રહ્યા.

મામા ગયા તે પછી પાપય્યા શાસ્ત્રી વિચાર કરવા લાગ્યા. તેમની પત્ની નજીક આવીને બોલી:- સ્વામી, અત્યારે ઘેર આવેલા મામા, ગયા વર્ષે મૃત્યુ પામેલા મામાના જેવા જ દેખાય છે નહીં? પાપય્યા શાસ્ત્રીના શરીર પર કાંટા ઊભા થયા. તેમને એક જ મામા હતા. તે પણ ગયા વર્ષે મૃત્યુ પામ્યા હતા. અત્યારે આવેલા મામા તે કોણ? પાપય્યા શાસ્ત્રીના મનમાં થયું, "હું કેવા ભ્રમમાં પડ્યો? મામા જેવા બીજા સગાં હોવા છતાં મામાને રૂબરૂ હોય તેવા કોઈ સગાં ન હતાં. મૃત્યુ પામેલા મામાને તો મેં નથી જોયા ને?" તેમના હૃદયના ધબકારા વધી ગયા. ભૂતપ્રેત પિશાચના મંત્ર-તંત્ર વિશે તેમને કશું જ્ઞાન ન હતું. તેમના ઉપાસ્ય દૈવત જે દત્ત ભગવાન હતા તેમનો અનુગ્રહ (કરુણા) ક્ષીણ તો થતો નથી ને? હવે આવનારા દિવસો કષ્ટદાયક તો નથી ને?

મામાએ જતાં જતાં કહ્યું:- "આપણે હવે શીઘ્ર મળીશું." આ વાક્યનો શો અર્થ થાય છે? હવે હું પણ મૃત્યુ પામીને પરલોકમાં મામાને મળીશ? આ વિચાર માત્રથી પાપય્યા શાસ્ત્રીનું મન જડ થઈ ગયું. "ૐ ક્રાં દત્તાત્રેયાય નમઃ" મંત્રનો તેમણે જપ શરૂ કર્યો. તે દિવસે જપ પણ એકાગ્રતાથી થતો ન હતો. તેઓ શ્રી કુક્કુટેશ્વર મંદિરમાં સ્વયંભૂ દત્ત ભગવાનનાં દર્શન કરવા ગયા. દર્શન કર્યા પછી દત્તમૂર્તિનું ધ્યાન કરવા બેઠા. પાપય્યા શાસ્ત્રીને ધ્યાનમાં મસ્તક સિવાયની દત્તમૂર્તિના દર્શન થયાં. ત્યાં પણ જપ કરવા બેઠા તો મન સ્થિર ન હતું. પૂજારીએ તેને પ્રસાદ આપ્યો. શાસ્ત્રીને થયું કે ઝેરવાળા કળશમાંથી તેને પ્રસાદ આપવામાં આવ્યો છે. પૂજારી હસતાં હસતાં કશું કહેતો હતો. પરંતુ, પાપય્યા શાસ્ત્રીને એવું સંભળાયું:- આ પ્રસાદ ગ્રહણ કરી જલદી મૃત્યુ પામ. તેઓ ઘેર પાછા આવ્યા, ત્યારે તેમની પત્નીના કપાળ પર સૌભાગ્યનું નિશાન (ચાંદલો) ગાયબ હતું.

હું જીવતો હોવા છતાંય તે કપાળ પરનો (કંકુ) ચાંદલો કેમ ભૂસ્યો? એમ કહીને પાપય્યા શાસ્ત્રી પત્ની સાથે કજિયો કરવા લાગ્યા. તેમનાં પત્નીને થયું, એક રૂપિયાના સિક્કા જેટલો મોટો ચાંદલો કરેલો હોવા છતાં પતિ ગુસ્સે થયા છે. તે તેને વિચિત્ર

લાગ્યું. પાપય્યા શાસ્ત્રીને ગાંડપણ વળગ્યું એમ પીઠાપુરમાં અફવા ઊડી. અફવાઓનું બજાર પીઠાપુરમાં હંમેશાં ગરમ રહેતું. પાપય્યા શાસ્ત્રી માટે મનોચિકિત્સા અને તાંત્રિક પ્રકારની ભૂત ચિકિત્સા શરૂ થઈ. પાપય્યા શાસ્ત્રી ડગલે ને પગલે બૂમો પાડીને કહેતા હતા કે તેમને ગાંડપણ વળગ્યું નથી. પરંતુ, લોકો તે માનવા તૈયાર ન હતા. તેમની માન્યતા દૃઢ થઈ ગઈ કે કેટલીક વાર ગાંડો માણસ પણ તર્કયુક્ત દલીલો કરે છે.

પાપય્યા શાસ્ત્રીની પત્નીને વિચાર આવ્યો. તેના પતિએ અજ્ઞાનવશ શ્રીપાદની નિંદા કરી છે. તેનું ફળ તેઓ ભોગવે છે. હવે પાષાણમય ભગવાનને શરણ જવું તેના કરતાં સશરીર શ્રીપાદને શરણે જવું જ શ્રેયસ્કર છે. તે શ્રીપાદને ઘેર ગઈ. તેણે બાળ શ્રીપાદને પોતાની કેડ પર રમવા લીધો. શ્રીપાદને લાડ લડાવીને બીજું કોઈ નથી તેમ જોઈ ધીમેથી તેણે શ્રીપાદને પોતાની આપવીતી કહી સંભળાવી. શ્રીપાદે કહ્યું: "ફોઈ, આ બધાંથી મુક્તિ મેળવવી હોય તો એક નાનો સરખો ઉપાય છે. તું મારી માતા જેવી હોવાથી આ રહસ્ય તને કહું છું. તું બિલકુલ સમય ન બગાડતાં નવું ઘર બનાવ. તું અને મામા વાસ્તુપૂજા કરીને પછી જ તેમાં નૂતન ગૃહપ્રવેશ કરો. બધું જ સારું થશે."

શ્રીપાદની આજ્ઞા થવાથી તેણે પોતાના ભાઈઓને ઠસાવી દીધું કે ભાડાના મકાનમાં રહેવાથી આ વિપત્તિ આવી છે. વાત સાંભળીને કોઈએ પાપય્યાને એક જીર્ણ ઘર દાનમાં આપ્યું. ઘરનું રાચરચીલું વેચીને જૂના ઘરને જમીનદોસ્ત કરવામાં આવ્યું. ઘર બાંધવા માટે કરજ લેવું પડ્યું તે લીધું. મોટા મોટા પથ્થરો ત્યાં લાવવામાં આવ્યા અને ગૃહનિર્માણમાં તે વાપરવામાં આવ્યા. નૂતન ગૃહપ્રવેશ પછી પાપય્યા શાસ્ત્રી સ્વસ્થ થયા!

હે શંકર ભટ્ટ, પાપય્યાની મૃત્યુદશા ચાલતી હતી. તેને અપમૃત્યુમાંથી શ્રીપાદસ્વામીએ બચાવ્યો. તેને માનસિક ત્રાસ, ધનવ્યય, અપમાન ઇત્યાદિ કષ્ટ આપીને તેના પાપકર્મનો ધ્વંસ કરવામાં આવ્યો. પાપય્યાના પાપકર્મને શિલામાં આકર્ષિત કરી તે શિલાના પાસાં પાડી પાપકર્મનો નાશ કરવામાં આવ્યો. કર્મધ્વંસ કરવા માટે સિદ્ધ અવધૂત વિવિધ અને ચિત્રવિચિત્ર માર્ગનું

અવલંબન કરે છે.

સ્વસ્થ થયેલા પાપય્યા શાસ્ત્રીને શ્રીપાદે કહ્યું:- તું કેટલો બુદ્ધિહીન છે? તું મનઃપૂર્વક જેની આરાધના કરે છે તે શ્રીદત્ત સશરીર તારી સામે ઊભો હોવા છતાં તેં ઓળખ્યો નહીં. તારું કેટલું દુર્ભાગ્ય? કુક્કુટેશ્વર મંદિરમાં સ્થિત પાષાણ મૂર્તિ તારું રક્ષણ કરશે તેવો તને વિશ્વાસ હતો. આથી, તારું સંચિત પાપ પર્વતશિલા પર ફેરવીને તેના ટુકડા કરી (પાસાં) તારું કર્મફળ મેં નષ્ટ કર્યું છે. તને નવું ઘર બનાવી આપ્યું. સશરીર આ દત્ત ભગવાનને તું શરણ આવ્યો હોત તો તારા સંચિત સંસ્કાર આ શરીર પર માથે લઈને તારા કર્મનો ક્ષય કર્યો હોત! ભગવાનનું અનુગ્રહ ફળ ભક્તની ભાવનાને અનુસરીને હોય છે. એ લીલા થયા પછી પાપય્યાએ મનઃપૂર્વક માન્યું કે શ્રીપાદશ્રીવલ્લભ જ શ્રીદત્તનો અવતાર છે.

શ્રીપાદને પૂરતું દૂધ મળતું ન હતું. આ સમસ્યા વિશે શ્રી વેંકટપૈય્યા શ્રેષ્ઠી અને શ્રી નરસિંહ વર્મા ચિંતિત હતા. તે વિષયમાં ચર્ચાવિચારણા માટે તેઓ શ્રી સત્યઋષીશ્વર (શ્રી બાપન્નાચાર્ય) પાસે ગયા અને કહ્યું:- "હે રાજર્ષિ, આપ રાજા જનકની જેમ સંસારથી અલિપ્ત હોઈને બ્રહ્મજ્ઞાની છો. તમે બ્રહ્મમાં લીન છો. અમારી એક નાની માગણી છે તે પૂરી કરો." શ્રી બાપન્નાચાર્ય પણ હોશિયાર હતા. તેમણે કહ્યું:- "ઈચ્છા વ્યક્ત કર્યા વગર તે માટે કેવી રીતે વચન આપી શકું? તમારી ઈચ્છા વિના સંકોચે વ્યક્ત કરો. ધર્માનુરૂપ જો ઈચ્છા હશે તે તે ઈચ્છા હું જરૂર પૂરી કરીશ."

શ્રી વેંકટપૈય્યા શ્રેષ્ઠીએ કહ્યું: મેં શ્રી નરસિંહ વર્મા પાસેથી ગાયત્રી નામની ગાયની વાછરડીઓમાંથી શુભ લક્ષણયુક્ત એક ઉત્તમ ગાય વેચાતી લીધી છે. અમારા કુલપુરોહિત શ્રી અપ્પલરાજ શર્માને તે ગાય આપવાનો વિચાર છે. તે ગાયનું દૂધ શ્રીપાદની સેવામાં ઉપયોગી થાય તે સિવાય અમારી બીજી કોઈ પણ ઈચ્છા નથી.

શ્રી શ્રેષ્ઠીનું કથન સાંભળી શ્રી બાપન્નાચાર્ય બોલ્યા:- "વારુ, વારુ, હવે તમે તે ગાય મારી ગમાણ-ગૌશાળામાં બાંધી જાવ. હું તે ગાય અપ્પલરાજને આપવાનો પ્રયત્ન કરી જોઉં છું. શુભ લક્ષણવાળી ગાય અપ્પલરાજને ઘેર હોવી તે દાતા માટે તેમજ તેને

સ્વીકારનારને માટે શુભપ્રદ અને શ્રેયસ્કર છે. તે ગાય બાપન્નાચાર્યને ઘેર લાવવામાં આવી. કોઢમાં બાંધી. શ્રી અપ્પલરાજને વિનંતી કરવામાં આવી. પરંતુ, તેમણે ગાય લેવા ઈનકાર કર્યો.

હિમાલયમાં સતોપથ નામનો એક પ્રાંત આવેલો છે. તે પ્રાંતમાંથી યુધિષ્ઠિરે સ્વર્ગારોહણ કર્યું હતું. ત્યાં સચ્ચિદાનંદાવધૂત નામના મહાત્મા રહેતા હતા. તેમની ઉંમર કેટલાક સૈકાઓ કરતાં વધુ હતી. તેઓ કૈવલ્યશ્રૃંગી સ્થાનના શ્રી વિશ્વેશ્વર પ્રભુના શિષ્ય હતા. શ્રી વિશ્વેશ્વર પ્રભુ પોતે પીઠાપુરના શ્રીપાદશ્રીવલ્લભ સ્વરૂપે હોઈ તેમના બાળસ્વરૂપનું દર્શન કરી કૃતાર્થ થવું તેવો આદેશ શ્રી સચ્ચિદાનંદને થયો.

શ્રી સચ્ચિદાનંદાવધૂત પીઠિકાપુર આવ્યા. શ્રી બાપન્નાચાર્યે તેમનો આદરથી સત્કાર કર્યો. તેમની સમક્ષ શ્રીપાદના દૂધની સમસ્યા રજૂ કરી. અવધૂતે આગ્રહપૂર્વક કહ્યું કે અપ્પલરાજ શર્માએ ગોદાન સ્વીકારવું જોઈએ. શ્રીપાદશ્રીવલ્લભ સાક્ષાત્ દત્તપ્રભુ હોવાથી નિયમોના વ્યર્થ બંધનમાં પડીને ગાયનું દૂધ આપવાના મહાભાગ્યની તક હાથમાંથી જવા ન દેવી. બ્રાહ્મણપરિષદે શ્રીપાદશ્રીવલ્લભ દત્ત ભગવાન છે, તેનો પુરાવો માગ્યો. અવધૂતે કહ્યું:- પંચમહાભૂતોની સાક્ષી આપું છું.

: પંચમહાભૂતોએ સાક્ષી પૂરાવી :

યજ્ઞારંભ થતાં જ ભૂમાતાએ સાક્ષી આપી. ધરતીમાતાએ મોટા અવાજે કહ્યું:- "શ્રીપાદશ્રીવલ્લભ સ્વયં દત્ત હોવાથી શ્રી અપ્પલરાજ શર્માએ ગોદાન સ્વીકારવું. સસરાએ જમાઈને આપેલું દાન કહેવાતું નથી. માટે સત્યઋષીશ્વરે (બાપન્નાચાર્યે) શ્રી વેંકટપૈય્યા શ્રેષ્ઠી પાસેથી દાન લેવું અને ભેટ તરીકે જમાઈને આપવું." આ પ્રમાણે ભૂમાતાનું વચન હતું.

યજ્ઞારંભ થયા પછી યજ્ઞ સ્થળ છોડીને બીજે બધે જ વરસાદ પડતો હતો (યજ્ઞાદ્ ભવતિ પર્જન્યઃ ..... ભગવદ્ગીતા). આ બીજી સાક્ષી હતી. યજ્ઞમાં હવિર્ભાગ લેવા સ્વયં અગ્નિદેવ પધાર્યા અને તેમણે કહ્યું:- "ગો-દાન લેવામાં દોષ નથી." આ ત્રીજી

સાક્ષી. યજ્ઞ મંડપ સિવાય બધે સ્થળે વાયુદેવતાએ પોતાનો પ્રભાવ (ઉત્પાત) દાખવ્યો. આ ચોથી સાક્ષી. તે પછી આકાશમાંથી દેવવાણી સર્વને સંભળાઈ. "શ્રીપાદ સાક્ષાત્ દત્ત ભગવાન છે." આ પાંચમી સાક્ષી થઈ. આમ, પંચમહાભૂતોએ સાક્ષી પૂરાવી એટલે શ્રી અપ્પલરાજે ગો-દાનનો સ્વીકાર કર્યો. ગોદાનનું ફળ વેંકટપૈય્યા શ્રેષ્ઠીને પ્રાપ્ત થયું. તેના માટે ગાયની ખરીદકિંમત નરસિંહ વર્માએ અપ્પલરાજ શર્માને આપવાનો નિર્ણય કર્યો. આ પ્રમાણે સચ્ચિદાનંદાવધૂતના સાન્નિધ્યમાં વેંકટપૈય્યા શ્રેષ્ઠી અને શ્રી નરસિંહ વર્માને અપૂર્વ એવા પુણ્યનો લાભ થયો.

ભવિષ્યકાળમાં કોકનદ (કાકીનાડા) નામે વાયસપુર અગ્રહાર પ્રસિદ્ધ થશે. શ્યામલાંબાપુર (હાલનું સામલકોટા) શ્રી પીઠિકાપુર એકત્ર થઈ મહાનગરનું સ્વરૂપ ધારણ કરશે. જગતના બધા જ દેશોના બધા જ ધર્મો કે પંથના લોકો કોઈ એક જન્મે તો અવશ્ય પીઠિકાપુર આવશે અને શ્રીપાદનું દર્શન કરશે. શ્રીપાદપ્રભુનું ચરિત્ર સંસ્કૃત ભાષામાં લખાશે. "શ્રીપાદશ્રીવલ્લભ ચરિત્રામૃત" ગ્રંથ શ્રીપાદ ભગવાનના આશીર્વાદથી પ્રસિદ્ધ થશે.

ભૂર્જપત્રમાં લખેલો ગ્રંથ શ્રીપાદના સંકલ્પથી અદૃશ્યરૂપે શ્રીપાદના જન્મ સ્થળે સાત મનુષ્ય જેટલો ઊંડો દટાયેલો રહેશે. તેમના જન્મ સ્થળે શ્રીપાદુકાની સ્થાપના અને મંદિરનું નિર્માણ થશે. શ્રીપાદપ્રભુને ગોદાન કરનાર મહાપુણ્યશાળી શ્રી વેંકટપૈય્યા ખરેખર ધન્યવાદને પાત્ર છે. તેમના કુટુંબમાં ધનધાન્યની વૃદ્ધિ થશે. તેઓ હિરણ્યલોકમાં થોડો સમય રહીને ફરી મહારાષ્ટ્ર દેશમાં ઐશ્વર્યવંત વૈશ્યકુળમાં જન્મ લેશે. સમૃદ્ધ વૈશ્યકુળમાં જન્મ લઈને તેઓ શ્રીનૃસિંહસરસ્વતી અવતારનું પણ દર્શન કરશે. હે શંકર ભટ્ટ, આ ગોદાન અત્યધિક વિશેષ શુભપ્રદ છે. તું કુરવપુર પ્રયાણ કરવાની તૈયારી કર. શ્રીપાદશ્રીવલ્લભ તારું સદા રક્ષણ કરશે.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૯ સમાપ્ત ॥

❋ ❋ ❋

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૧૦

નરસિંહ મૂર્તિ વર્ણન

મેં (શંકર ભટ્ટે) તિરુમલદાસની આજ્ઞા લઈ કુરવપુર તરફ જવા પ્રયાણ કર્યું. શ્રીપાદપ્રભુની લીલા મનમાં યાદ આવે એટલે રોમાંચિત થઈ જતો. થોડે દૂર ગયા પછી મને રસ્તામાં એક અશ્વત્થ વૃક્ષ દેખાયું. હું ભૂખથી વ્યાકુળ થયો હતો. નજીકમાં બ્રાહ્મણનું ઘર હોય તો માધુકરી માગી, વિશ્રાંતિ લેવા માટે પવિત્ર વૃક્ષ છે એમ વિચાર કરતો કરતો ત્યાં ગયો. તે અશ્વત્થ નીચે કોઈ વિશ્રાંતિ લેતું હોય તેમ મને જણાયું. નજીક જઈને જોયું તો તે મનુષ્યે યજ્ઞોપવીત ધારણ કરેલું હતું.

હું અશ્વત્થ પાસે ગયો ત્યારે તે વ્યક્તિએ મને આદર સાથે બેસવા માટે કહ્યું. તેનાં નયનો કરુણારસથી ભરેલાં હતાં. તેની સામે એક ઝોળી હતી. તેમાં કોઈ પણ પ્રકારનો ખાદ્યપદાર્થ ન હતો. તેમાં માત્ર એક તામ્રપત્ર હતું. તે વ્યક્તિ નિરંતર શ્રીપાદશ્રીવલ્લભના નામનું રટણ કરતી હતી. મેં તે વ્યક્તિને પૂછ્યું:- મહાશય, તમે શ્રીપાદના દિવ્ય ચરણના આશ્રિત છો? તમે તે મહાપુરુષનાં દર્શન કર્યાં છે?

તે મનુષ્યે પોતાની કહાણી કહેવા પ્રારંભ કર્યો:- "મારો જન્મ સદ્વૈશ્ય કુળમાં થયો હોઈ મને સુબચ્ચા શ્રેષ્ઠી તરીકે લોકો ઓળખે છે. અમારા વંશનું નામ ગ્રંથી છે. અમારા વંશમાં સદ્ગ્રંથોના પારાયણની પરંપરા છે. તે કારણથી વંશનું 'ગ્રંથી' એવું ઉપનામ પડ્યું. નાનપણમાં જ મને માતાપિતાનો વિયોગ થયો. મારું ઘર ધનથી સમૃદ્ધ છે. હું દેશાવર જઈ અનેક પ્રકારનો વેપાર કરું છું.

વેપાર નિમિત્તે મારે કાંચીપુર જવા અનેક વખત યોગ આવ્યો. ત્યાં ચિંતામણિ નામની એક વેશ્યાના પરિચયમાં આવ્યો. તેની પાછળ મેં ઘણું ધન વેડફ્યું. મલ્યાળ (કેરળ) દેશના પલક્કડ પ્રાંતમાંથી બિલ્વમંગલ નામનો બ્રાહ્મણ પણ વેપાર નિમિત્તે કાંચીપુરમ્ આવતો. તે સુગંધી દ્રવ્યો આરબ વેપારીઓને વેચી તેમની પાસેથી રત્નો અને ઘોડાઓ ખરીદતો. કોકકોક વાર અમે બંને સાથે મળીને વેપાર કરતા. દુર્દૈવથી અમે બંને વેશ્યાની સોબતમાં ભ્રષ્ટ થયા.

આરબ લોકો જોડે અમારો વેપાર થોડો સમય સારી રીતે ચાલ્યો. તે પછી આરબોએ અમારી સાથે બેઈમાની કરી. ઉચ્ચ પ્રકારના અશ્વો માટે પુષ્કળ દ્રવ્ય લઈને અમને હલકી જાતના અશ્વો પધરાવ્યા. આથી, અમને વેપારમાં પુષ્કળ નુકસાન ગયું. રાજા મહારાજાઓ અમારી પાસેથી ઉચ્ચ જાતના ઘોડાઓ જ ખરીદતા. વેપારમાં મોટું નુકસાન જવાથી અમારી સંપત્તિ નષ્ટ થઈ. મારી પત્ની મનોવ્યથાથી મૃત્યુ પામી. મને એક મંદબુદ્ધિ પુત્ર હતો તે અકાળે મૃત્યુને શરણ થયો.

"ભાઈ, સર્વ તીર્થોમાં શ્રેષ્ઠ અને પ્રખ્યાત એવું પાદગયા તીર્થક્ષેત્રનું પીઠિકાપુર અમારું મૂળ ગામ. હું અજ્ઞાનવશ દેવ અને બ્રાહ્મણોનું અનિષ્ટ કરતો હતો. ઋણ વસૂલ કરવા નિર્દય થતો હતો. શ્રીપાદના પિતા શ્રી અપ્પલરાજના ઘેર આઈનવિલ્લી ગામથી મળવા માટે તેમના બંધુઓ ઇત્યાદિ આવ્યા. તે સર્વના ભોજન માટે પૂરતું ધન તેમની પાસે ન હતું. તેઓ દાનનો સ્વીકાર કરતા નહીં. શ્રી વેંકટપૈય્યા શ્રેષ્ઠીને ઘરેથી લાવેલી ભિક્ષાથી ઉદરનિર્વાહ અને ઉચિત વ્યવહાર કરતા. શ્રી અપ્પલરાજ વેંકટપૈય્યા શ્રેષ્ઠીના કુલપુરોહિત હોવાથી ભિક્ષા સામે ધનનો સ્વીકાર કરતા નહીં.

તેવા સંકટના સમયે શ્રી અપ્પલરાજ એક વરાહ (નાણું) જેટલી રકમનું સીધું અમારી દુકાનમાંથી ઉધાર લઈ ગયા. ભાઈઓ ગામ ગયા પછી રકમ ભરપાઈ કરવા મેં અપ્પલરાજને જણાવ્યું હતું. અપ્પલરાજે તે સમયે કહ્યું હતું કે મારી પાસે અત્યારે એક કોડી પણ નથી. મને જ્યારે ધન મળશે ત્યારે ઉધાર રકમ પાછી આપીશ.

હું ચક્રવૃદ્ધિ વ્યાજ લેવામાં પાવરધો હતો. સમય વીતતાં વ્યાજનું વ્યાજ ગણી અપ્પલરાજ શર્માને મેં ૧૦ વરાહ આપવાના

બાકી છે તેમ જણાવ્યું. બીજા લોકો પૂછતા ત્યારે મેં કહેલું કે ૧-૨ વરાહ આપવાથી હિસાબ બરાબર થશે. ૧૦ વરાહ આપવા માટે શ્રી અપ્પલરાજ શર્માને પોતાનું ઘર વેચવું પડ્યું. અપ્પલરાજ શર્માને ઘર વગરનો કરી પૈશાચિક આનંદ મારે લૂંટવો હતો.

અપ્પલરાજ શર્માને ગૃહવિહીન કરવાનો મારો સંકલ્પ જાણી વેંકટપૈય્યા શ્રેષ્ઠીએ મારો ખૂબ જ તિરસ્કાર કર્યો. તેણે મને ગુસ્સાથી કહ્યું:- "હે દુરાત્મા, ધનથી ઉન્મત્ત થઈને તું ગમે તેમ વર્તન કરે છે. અમારા કુલપુરોહિતનું અપમાન એટલે અમારું અપમાન થયું જાણ. તું જો તારું વર્તન સુધારીશ નહીં તો તારે ઘોર વિપત્તિ ભોગવવી પડશે. અગ્નિહોત્રી કરતાં પણ પવિત્ર એવા અપ્પલરાજ શર્માને તું આવાં કષ્ટ આપે છે, તેથી તું રૌરવ આદિ નરકને પ્રાપ્ત થઈશ."

એક વખત શ્રેષ્ઠીને ઘેર શ્રીપાદ હતા, ત્યારે વેંકટપૈય્યા શ્રેષ્ઠીને ઉદ્દેશી મેં (સુબય્યા) વ્યંગથી કહ્યું:- અપ્પલરાજ શર્મા જો મારું કરજ આપવા અશક્ત હોય તો તેમના પુત્રો પૈકી કોઈને મારી દુકાનમાં નોકરી માટે મોકલવો અથવા તેમણે જાતે નોકરી કરવા દુકાનમાં આવવું. એક પુત્ર આંધળો, બીજો પાંગળો, ત્રીજો પુત્ર શ્રીપાદ ફક્ત ત્રણ વર્ષનો જ છે, તે મારું ઋણ કેમ કરીને પાછું આપશે?

આવાં કટુ વચનો સાંભળીને વેંકટપૈય્યા શ્રેષ્ઠીને ખૂબ લાગી આવ્યું. તેમના નેત્રોમાંથી આંસુઓની ધારા વહેવા લાગી. શ્રીપાદ પોતાના દિવ્ય હાથો વડે તે આંસુઓને લૂછતાં બોલ્યા:- "દાદાજી, હું હોવા છતાં તમને ભય ક્યાંથી? હિરણ્યાક્ષ અને હિરણ્યકશ્યપનો સંહાર મેં જ કર્યો, તો સુબય્યા જેવાનું ઋણ ચૂકવવા મને કષ્ટ ક્યાંથી?" એમ કહીને શ્રીપાદ મારી તરફ વળ્યા અને કહ્યું:- "અરે, તારું ઋણ હું ચૂકવીશ. ચાલ તારી દુકાનમાં. દુકાનમાં સેવા કરી હું ઋણ ચૂકવીશ. દેવું ચૂકવ્યા પછી માત્ર લક્ષ્મી તારા ઘેર રહેશે નહીં. તેનો પૂરતો વિચાર કરજે."

વેંકટપૈય્યા બાળ શ્રીપાદને લઈને સુબય્યાની દુકાનમાં આવ્યા. તેમણે અશ્રુપૂર્ણ નયને કહ્યું: શ્રીપાદની જગ્યાએ હું તારી દુકાનમાં નોકરી કરીશ તો ચાલશે ને? સુબય્યા શ્રેષ્ઠીએ નકારાર્થ ડોક હલાવી. તે જ સમય દરમ્યાન એક જટાધારી સુબય્યાની

દુકાનમાં આવ્યો અને કહેવા લાગ્યોઃ- મારે એક તાંબાના વાસણની જરૂર છે. તાંબાના વાસણની કિંમત વધારે હશે તોય ચાલશે. મારે વેચાતું જોઈએ છે.

સુબચ્ચાની દુકાનમાં તાંબાનાં બત્રીસ વાસણો હતાં.પરંતુ, તે ખોટું બોલ્યો અને જટાધારીને કહેવા લાગ્યોઃ- મારી પાસે ફક્ત એક જ તાંબાનું પાત્ર છે. જો તમે દસ વરાહ (નાણું) આપી શકતા હો તો તે પાત્ર તમને આપી શકું. તે સંન્યાસી ત્વરિત કબૂલ થયો. તે સંન્યાસીની એક જ શરત હતી કે તે તામ્રપાત્ર વેંકટપૈચ્યા શાસ્ત્રીની ગોદમાં બેઠેલા શ્રીપાદના હાથથી સંન્યાસીને આપવું. શરત પ્રમાણે શ્રીપાદે તે તામ્રપાત્ર પોતાના સ્વહસ્તે સંન્યાસીને આપ્યું.

શ્રીપાદસ્વામી પાત્ર આપતી વખતે હસતાં હસતાં કહેવા લાગ્યાઃ- અરે, હવે તો તારી ઈચ્છા પૂરી થઈ ને? તારે ઘેર લક્ષ્મી સ્થિર રહેશે. તું તારી સંન્યાસ દીક્ષા છોડીને પોતાને ઘેર પાછો ફર. તારાં પત્ની અને બાળકો તારી રાહ જુએ છે. તે જટાધારી અત્યંત આનંદ સાથે જતો રહ્યો. વેંકટપૈચ્યા શ્રેષ્ઠી અને અપ્પલરાજ શર્માનું અપમાન કરવું તે જ સુબચ્ચાનો હેતુ હતો. સુબચ્ચાનો હેતુ બર આવતાં તેના મનમાં અહંકાર આવ્યો. તે ઘમંડથી બોલ્યોઃ- આજના વેચાણમાં મને વિશેષ ધનલાભ થયો છે. અપ્પલરાજ શર્મા પાસેથી લેવાના દસ વરાહનું કરજ ચૂકતે થયું, એમ મને લાગે છે. એ જ ક્ષણે શ્રીપાદરાય કરજમાંથી મુક્ત થયાં.

વેંકટપૈચ્યાએ સુબચ્ચાને કહ્યું કે તે વાત ગાયત્રીની સાક્ષીએ કહે. સુબચ્ચા કબૂલ થયો અને ગાયત્રીની સાક્ષીએ કહ્યું કે શ્રીપાદરાય તેના ઋણમાંથી મુક્ત થયા છે. શ્રીપાદસ્વામી અને વેંકટપૈચ્યા શ્રેષ્ઠી પોતાને ઘેર પાછા ગયા. તે પછી સુબચ્ચાએ દુકાનમાં જોયું તો એકત્રીસ તાંબાના વાસણો પૈકી ફક્ત એક જ વાસણ સિલકમાં હતું. બાકીનાં ત્રીસ અદૃશ્ય થયાં હતાં. શ્રીપાદપ્રભુની લીલા અકળ અને અચિંત્ય છે. તેઓની સમક્ષ બોલીએ તે સાચું ઠરતું. (સુબચ્ચાએ કહ્યું હતું કે દુકાનમાં એક જ તામ્રપાત્ર છે.)

સાક્ષાત્ દત્ત પ્રભુના હાથથી તાંબાનું પાત્ર લેનાર જટાધારી ધન્ય હતો. શ્રીપાદપ્રભુના હાથથી અનુગ્રહના સ્વરૂપમાં તાંબુ કે

તાંબાનો ટુકડો પણ જો મળે તો તે દાન લેનાર ધન્ય છે. આમ તામ્ર પાત્ર મેળવનાર તે જટાધારી ધન્ય છે, જ્યારે સુબય્યા કેટલો દુર્દૈવી કહેવાય? તેણે શઠતાપૂર્વક લાદેલું દસ વરાહનું ઋણ શ્રીપાદે પોતાની લીલાથી પરત કર્યું. પરંતુ, તે જ ક્ષણથી તેના ઘરની લક્ષ્મી ક્ષીણ થતી ગઈ. એકત્રીસ વાસણો પૈકી તેની દુકાનમાં માત્ર એક જ વાસણ બચ્યું. સુબય્યાએ અપ્પલરાજ પાસે કપટથી દસ વરાહ ઋણ બાકી છે એમ ગણતરી કરી હતી. તે પાપનું ફળ તેને આ રીતે મળ્યું.

શંકર ભટ્ટે કહ્યું:- હે સુબય્યા, સૂર્યોદય પૂર્વે અને સૂર્યાસ્ત પૂર્વેનો કાળ અત્યંત પવિત્ર હોય છે. પ્રાતઃસંધ્યા સમયે અને સાયંસંધ્યા સમયે અગ્નિહોત્ર કરવું વિશેષ ફળદાયી હોય છે. પ્રાતઃકાળે સૂર્ય ભગવાન સર્વશક્તિથી સંપન્ન હોય છે. સંધ્યા સમયે આ સર્વશક્તિ પુનઃ સૂર્યમાં વિલીન થાય છે.

સુબય્યાએ પ્રતિપ્રશ્ન કર્યો:- મહારાજ, દાન સ્વીકારવાથી પુણ્ય ક્ષીણ થાય છે એમ મેં સાંભળ્યું છે. પરંતુ, તે જો ન સ્વીકારવામાં આવે તો પાપ લાગે છે તેમ મેં આપની પાસેથી સાંભળ્યું હતું. આ દ્વિઅર્થી વાક્યનો યથાર્થ અર્થબોધ થતો નથી. તે જ પ્રમાણે શ્રીપાદસ્વામી દત્તના અવતાર મનાય છે. તેઓ જ નરસિંહસરસ્વતીસ્વામીનો અવતાર, શંકરનો અવતાર છે એમ કેટલાક કહે છે. શિવમાં અનસૂયાનું તત્ત્વ કેવી રીતે અંતર્ભૂત છે, તેમાં સમજણ પડતી નથી. કૃપા કરીને આ સર્વ બાબતે ખુલાસો કરવા વિનંતી.

ઉપર કરેલા પ્રશ્નનો ખુલાસો કરતાં પહેલાં બધાંને ભૂખ લાગી હોવાથી ભોજનનો પ્રબંધ થયો. આશ્ચર્યકારક વાત એ હતી કે તે નાનકડી જગ્યામાં એક તાંબાના વાસણ સિવાય કોઈ સરંજામ ન હતો. બે કેળના પાન સુબય્યા લઈ આવ્યો. શંકર ભટ્ટ નદી પર જઈ સ્નાન સંધ્યા કરી શુચિર્ભૂત થઈ આવ્યા. ભોજનમાં ભાત અને તુરિયાની દાળ હતી. કેળનાં પાન જમવા માટે થાળી તરીકે લીધાં. ખાખરાનાં પાંદડાના પડિયા બનાવવામાં આવ્યા. તે જટાધારી સંન્યાસીએ આંખો મીંચી ક્ષણભર ધ્યાન કર્યું અને પાસે રહેલા તાંબાના પાત્રમાંથી પડિયામાં પાણી રેડ્યું. તે પછી તે જ વાસણમાંથી તુરિયાની દાળ પીરસી. તે પછી તે જ વાસણમાંથી ભાત

પીરસવામાં આવ્યો. તે અમૃતની જેમ પવિત્ર, પુષ્ટિકર, તુષ્ટિકર ભોજનનો આસ્વાદ લઈ અમે બંને તૃપ્ત થયા. તાંબાના ખાલી વાસણમાંથી પ્રથમ જળ પીરસ્યું, પછી દાળ પીરસી અને પછી તે જ વાસણમાંથી ભાત પીરસવામાં આવ્યો. આ એક ચમત્કાર જ હતો. ભોજન પછી તે તામ્રપાત્ર ખાલી જ હતું.

: શનિવારે પ્રદોષ સમયે કરેલા શિવાર્ચનનું ફળ :

શ્રીપાદસ્વામી સકલ દેવતા સ્વરૂપ છે. શનિદેવ કર્મકારક છે. ગ્રહોમાં રહેલા છાયાગ્રહ રાહુ-કેતુમાંથી રાહુ શનિને લીધે ફળ આપે છે. કેતુ મંગળને લીધે ફળ આપે છે. કર્મકારક શનિ, કર્મસાક્ષી એવા સૂર્યનો પુત્ર હોવાથી શનિવારની સાંજ શક્તિમાન હોય છે. ચતુર્થીએ અને ત્રયોદશીએ રાહુ બળવાન હોય છે. શનિ ત્રયોદશીના મહાપર્વકાળમાં સાયંકાળે શિવ આરાધના કરવાથી માનવે પૂર્વજન્મમાં કરેલા પાપનું ફળ નષ્ટ થાય છે.

શ્રીપાદશ્રીવલ્લભનો અવતાર મંગળ ગ્રહના ચિત્રા નક્ષત્રમાં થયો. આથી, તે નક્ષત્ર પર શ્રીપાદપ્રભુની પૂજા કરવામાં આવે તો સર્વ ગ્રહદોષોનું શમન થાય છે. યુદ્ધ, આપત્તિ, શસ્ત્રાસ્ત્રોથી આવતું અકાળ મૃત્યુ, દેવામાંથી (ઋણ) ઉદ્‌ભવનાર સંકટોનું કારણ મંગળ ગ્રહ છે. ચિત્રા નક્ષત્ર પર અથવા મંગળવારે શ્રીપાદસ્વામી અરુણવર્ણ પ્રમાણે પ્રકાશમાન થાય છે. કરજ એટલે પાપ. અનૃણ એટલે પાપ ન હોય તેવા (પાપરહિત). તે દિવસે શ્રીપાદપ્રભુ સાક્ષાત્ અરુણાચલેશ્વરના રૂપમાં હોય છે. વેંકટપૈય્યા શ્રેષ્ઠી, નરસિંહ વર્મા અને બાપન્નાચાર્યુલુ શનિપ્રદોષના દિવસે શિવારાધનામાં સહભાગી થતા.

તે દિવસે શ્રી અપ્પલરાજ શર્માએ પણ ખૂબ જ શ્રદ્ધા-ભાવથી આરાધનામાં ભાગ લીધો હતો. અખંડ લક્ષ્મી સૌ. સુમતિ મહારાણી શિવસ્વરૂપ અંતર્ગત અનસૂયા મહાતત્ત્વનું ધ્યાન કરતાં. તે મહાતપના ફળસ્વરૂપ જ શ્રીપાદસ્વામીનું અવતરણ થયું. આ કારણથી વેંકટપૈય્યા શ્રેષ્ઠી, નરસિંહ વર્મા અથવા બાપન્નાચાર્યુલુ પાસેથી ધન સ્વીકારવામાં આવે તો તે દાન થતું નથી. જો તે સ્વીકારવામાં ન આવે તો તે મહા પાપ છે તેમ શ્રીપાદસ્વામી પોતાના પિતાને કહેવા ઈચ્છતા હતા. શ્રીપાદપ્રભુ સકળ

દેવતાઓનું સ્વરૂપ છે. સર્વ દેવતાઓથી અતીત એવું તત્ત્વ તેઓ હતા. તેમનાં દર્શન, સ્પર્શ, સંભાષણનો લાભ જે ભાગ્યવાનોને મળ્યો છે, તેઓ ખરેખર ધન્ય છે.

શ્રીપાદપ્રભુની અસાધારણ લીલાએ તેમના પિતાને ઋણમુક્તિ અપાવી તે વાત પીઠિકાપુર ગામમાં દાવાનળ જેવી ચોમેર ફેલાઈ. ત્રણ વર્ષના પુત્રે અપ્પલરાજને ઋણમુક્ત કર્યા તેની યાદ માત્રથી અપ્પલરાજનાં નેત્રોમાંથી પુત્રસ્નેહની અશ્રુધારાઓ વહેવા લાગી. મહારાણી સુમતિ પોતાના પનોતા પુત્રને હૈયાસરસો ચાંપીને કેટલોય સમય શૂન્યમનસ્ક અવસ્થામાં રહી. તે સમયે તેમને ઘેર વેંકટપૈય્યા શ્રેષ્ઠી, નરસિંહ વર્મા, બાપન્નાચાર્ય અને સુબય્યા શ્રેષ્ઠી આવેલા હતા.

સુબય્યા શ્રેષ્ઠીએ બધા વડીલ માણસો સામે જાહેર કર્યું કે શ્રી અપ્પલરાજ શર્માનું દેવું સમાપ્ત થયું છે. આ સાંભળી શ્રીપાદપ્રભુ બોલ્યાઃ- પિતાને ઋણમાંથી મુક્ત કરવો તે પુત્રનો ધર્મ છે. કોઈ જટાધારી આવીને દસ વરાહ (નાણું) આપીને તાંબાનું વાસણ કેવી રીતે લઈ ગયો અને તેને લીધે ઋણમુક્તિ કેવી રીતે મળી તે વિશે અપ્પલરાજ શર્મા પૂછપરછ કરવા લાગ્યા. આ બાબતે અનેક રસપૂર્વક ક્રિયા, પ્રતિક્રિયાઓ વ્યક્ત થઈ. શ્રી બાપન્નાચાર્યે શ્રીપાદને પૂછ્યુંઃ- 'તે જટાધારી સંન્યાસી કોણ હતો તે વિશે જાણો છો?' જવાબમાં શ્રીપાદપ્રભુએ જણાવ્યું કે ફક્ત તે સંન્યાસી જ નહીં, પરંતુ બધા જ સંન્યાસીઓને હું જાણું છું.

બાપન્નાચાર્યે શ્રીપાદને પૂછ્યુંઃ- તું ત્રણ વર્ષનો બાળક છે છતાંય વડીલ માણસની જેમ વક્તવ્ય આપે છે. બધાંને માહિતી છે તો શું તું સર્વજ્ઞ છે? શ્રીપાદે જવાબ આપ્યોઃ- હું ત્રણ વર્ષનો છું તેવું તમને લાગે છે. પરંતુ, મને તેવું લાગતું નથી. મારી ઉંમર અનેક લાખો વર્ષની છે. હું સૃષ્ટિ પૂર્વે પણ હતો, પ્રલય પછી પણ હોઈશ. સૃષ્ટિના નિર્માણ સમયે પણ હું હતો. મારા સિવાય સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થઈ જ શકતાં નથી. હું સાક્ષીભૂત થઈને બધા જ વ્યવહારનું અવલોકન કરું છું. શ્રી બાપન્નાચાર્યે કહ્યુંઃ- શ્રીપાદ, નાના બાળકો કલ્પના કરે કે તેઓ ચંદ્રમંડળમાં છે તેવો માત્ર વિચાર કરવાથી ચંદ્રમંડળમાં બાળક હોય તે માની શકાય તેમ નથી. પ્રત્યક્ષ અનુભવ હોવો જોઈએ.

સર્વજ્ઞતા, સર્વવ્યાપકત્વ અને સર્વશક્તિમાન હોવું તે જગન્નિયંતાનું લક્ષણ છે.

શ્રીપાદે જવાબ આપતાં કહ્યું:- હું સર્વત્ર સ્થિત રહેનાર આદિ તત્ત્વ છું. જે તે પ્રસંગ અનુસાર હું જે તે સ્થળે આવશ્યકતાનુસાર પ્રગટ થાઉં છું. સાકારરૂપમાં ન હોઉં તો પણ હું નથી તેમ બનતું નથી. પ્રત્યેક જીવમાં હું અન્નમય કોષ, પ્રાણમય કોષ, મનોમય કોષ, વિજ્ઞાનમય કોષ અને આનંદમય કોષમાં સ્થિત હોઉં છું. મારા અસ્તિત્વને લીધે આ પંચકોષનું સર્વ કાર્ય થતું રહે છે. હું કોઈ વિશિષ્ટ કોષમાં સ્થિત છું તેમ તમને અનુભૂતિ કરાવું તો જ તે કોષમાં મારા અસ્તિત્વનો તમને ખ્યાલ આવે. મેં તમને તેવો અનુભવ ન કરાવ્યો તેનો અર્થ તે થતો નથી કે હું તે કોષમાં નથી.

હું સર્વવ્યાપી છું. સર્વ પ્રકારનું જ્ઞાન, વિજ્ઞાન મારા ચરણે લીન છે. મારા કેવળ સંકલ્પને લીધે આ સર્વ સૃષ્ટિ નિર્માણ થઈ. હું સર્વ શક્તિમાન છું. તેમાં આશ્ચર્ય માનવાની જરૂર નથી. શ્રીપાદનું વક્તવ્ય સાંભળી શ્રી અપ્પલરાજ શર્માએ કહ્યું:- બેટા, નાનપણથી જ તું અમારા માટે એક કોયડો છે. તું વારંવાર "હું દત્ત ભગવાન" "હું દત્ત ભગવાન" એમ કહે છે. "નૃસિંહસરસ્વતી" નામે ફરી અવતાર ધારણ કરીશ એમ પણ તું કહે છે. લોકો તો કાગડા જેવા છે. પીઠાપુરના બ્રાહ્મણો તો નરકના લોખંડી કાગડા કરતાં પણ ભયંકર છે. તેઓ તારું વક્તવ્ય સાંભળી તેને મનચાંચલ્ય, બુદ્ધિભ્રષ્ટતા એમ કહે છે. આપણે બ્રાહ્મણ છીએ. આપણે વિધિયુક્ત ધર્માચરણ કરવું જોઈએ એટલું જ ખરું. તદુપરાંત, તને દેવાંશી કે અવતારી પુરુષ ફક્ત અહંકારથી જ કહીએ છીએ એમ તેઓ માને છે.

શ્રીપાદપ્રભુએ શ્રી અપ્પલરાજને કહ્યું:- તાત, આપ જે કહો છો તેની મને ખબર છે. પરંતુ સત્ય હકીકત પ્રગટ કરવી જોઈએ ને? પંચમહાભૂત દ્વારા સાક્ષી આપવામાં આવે અને "હું દત્ત પ્રભુ નથી" એમ કહું તો અસત્ય ભાષણનો દોષ નહીં લાગે? નભોમંડળના સૂર્યને "તું સૂર્ય નથી" એમ કહેવા માત્રથી તે સૂર્ય મટી જશે? સત્ય એ દેશ કે કાળ અબાધિત હોય છે. આપણા પીઠાપુરના બ્રાહ્મણો પોતે દેહધારી મનુષ્ય સમજી જે પ્રમાણે મનુષ્યત્વનો અનુભવ લે છે તે જ પ્રકારે હું પણ સર્વજ્ઞ દત્ત,

સર્વશક્તિમાન દત્ત અને સર્વાંતર્યામી દત્ત છું તેની વારંવાર ડગલે ને પગલે લોકોને તેની અનુભૂતિ કરાવું છું. યુગ પછી યુગ આવશે ને જશે, અનેક જગત સૃષ્ટિ, સ્થિતિ અને લય પામી શકે છે. પરંતુ, સાક્ષાત્ દત્ત રહેનાર હું "હું દત્ત નથી" એમ કેવી રીતે થશે?

તે પછી શ્રી બાપન્નાચાર્ય બોલ્યાઃ- બેટા શ્રીપાદ, જટાધારી દૂર ગયા પછી સુબચ્યાની દુકાનના તાંબાનાં ૩૧ વાસણો પૈકી એક જ વાસણ બચ્યું. તેં કોઈ ચમત્કાર કરી તે વાસણોને અદશ્ય કર્યાં? શ્રીપાદપ્રભુએ જવાબ આપતાં કહ્યુંઃ- સર્વ ઘટના કાળ અનુસાર, કર્મ અનુસાર કોઈ પણ કારણને લીધે ઘટે છે. કારણ સિવાય કાર્ય થતું નથી. આ કુદરતનો ઉલ્લંઘન ન કરી શકાય તેવો નિયમ છે. સુબચ્યાનો પૂર્વ ઈતિહાસ સાંભળોઃ

સુબચ્યા પૂર્વજન્મમાં જંગલપ્રદેશમાં આવેલા દત્તમંદિરના પૂજારી હતા. જંગલમાં દત્તદર્શન તેઓ ભાગ્યે જ કરતા. તેનામાં સ્ત્રીવાસના અત્યંત પ્રબળ હતી. સ્ત્રીલોલુપ પૂજારી દત્ત ભગવાનની પ્રાચીન પરંપરાગત મૂર્તિ જે તાંબામાંથી બનાવી હતી, તેને વેચવાની ભાંજગડમાં હતો. એક દિવસ તેણે તે દત્તમૂર્તિ વેચી દીધી અને મેળવેલું ધન ખરાબ રસ્તે વાપર્યું. લોકોમાં તેણે વાત ફેલાવી કે મૂર્તિ ચોરાઈ ગઈ છે.

જટાધારી સંન્યાસી પૂર્વજન્મમાં સંસારમાં ફસાયેલો સોની હતો. તેણે ધનની આશાથી દત્તમૂર્તિને ઓગાળી નાખી. આથી તે આ જન્મમાં દરિદ્રી તરીકે જન્મ્યો. દત્તમૂર્તિની અનેક વર્ષ પૂજા કરવાના પુણ્યને લીધે તે પૂજારીને શ્રીમંત એવા વણિકકુળમાં જન્મ મળ્યો. આ બંનેએ તે તાંબાને ઓગાળી તેનાં ૩૨ વાસણો બનાવી વેચ્યાં હતાં. તે સોનીને ઘેર નરસિંહ દેવતાની ઉપાસના ચાલુ હતી. તે નરસિંહ દેવતાની મૂર્તિ સામે તેણે દત્તમૂર્તિને ઓગાળી હતી. દૈવના સંકલ્પ પ્રમાણે નૃસિંહના ૩૨ અવતારોના અંશોએ તે તામ્રવાસણોમાં પ્રવેશ કર્યો હતો.

આ જન્મમાં પૂર્વજન્મનું જ્ઞાન લઈને તે સોનીએ મારી અનન્ય ભક્તિથી સેવા કરી હતી. તેનું દારિદ્ર દૂર કરવા માટે તેણે મનઃપૂર્વક મારી પ્રાર્થના કરી. મેં તેની સેવાથી પ્રસન્ન થઈને તેને દર્શન આપ્યાં અને કહ્યું કે પીઠિકાપુરમાં આવીને મારા હાથથી

તામ્ર પાત્રનો સ્વીકાર કરે. તે જ પ્રમાણે દસ વરાહ (નાણું) સુબય્યા શ્રેષ્ઠીને આપી મને બંધનમુક્ત કર તેમ કહ્યું હતું. મારી આજ્ઞાનું પાલન કરી તે ધન્ય થયો હતો. તેની આર્થિક મુશ્કેલી દૂર થશે તેમ મેં તેને આશીર્વાદ આપ્યાં હતાં.

તેણે લેણદારોના ત્રાસમાંથી બચવા માટે જટાધારી સંન્યાસીનો વેશ ધારણ કર્યો હતો. મને જટાધારી વિશે સર્વ માહિતી છે ને? આ સુબય્યા શ્રેષ્ઠી અમારા કુટુંબ પાસેથી અસત્ય બોલીને દસ વરાહ (નાણું) વસૂલ કરનાર હતો. તેને દસ વરાહ મળે તેવી મેં વ્યવસ્થા કરી. પરંતુ, તેમ કરતાં તેનું સર્વ પુણ્યફળ નષ્ટ થયું. "હે સુબય્યા, ચિંતામણિ સાથે તેં કરેલા બધાં જ પ્રેમ-લફરાંની મને ખબર છે. તારી કથા મારા કથામૃતમાં હાસ્યાસ્પદ થશે. તું હવે નાના બાળકોને ગમતા ખાવાના પદાર્થો વેચીને ગુજરાન ચલાવીશ. તારી પાસેથી લીધેલા પૈસા વડે મારા માતાપિતાના સગાંવહાલાંઓના ભોજનનો પ્રબંધ થયો હતો. તારા કરતાં મને વાણિયાનો હિસાબ બરાબર આવડે છે. જમવામાં ભાત અને તુરિયાનું શાક બનાવવામાં જ તારા પૈસા વપરાઈ ગયા હતા. બાકીની વાનગી માટે મારા પિતાના કષ્ટથી ઉપાર્જન કરેલા પૈસા વપરાયા હતા.

તને ખાવાના ફાંફાં પડે ત્યારે તારી પાસે રહેલા તાંબાના વાસણમાંથી તને જળ, દાળ-ભાત અને તુરિયા જ (ખાવા માટે) મળશે. તેના વડે તું તારા ઉદરને તૃપ્ત કરી શકીશ અને બીજા કોઈને આપવા ઈચ્છીશ તો પણ તે તું આપી શકીશ." આ પ્રમાણે શ્રીપાદપ્રભુ તીવ્ર અવાજથી બોલ્યા. પ્રભુનું મુખમંડળ દિવ્ય, પ્રખર તેજસ્વી દેખાતું હતું. તેમના નયનો અગ્નિના ગોળા જેવા દેખાતાં હતાં. શ્રીપાદપ્રભુએ વધુમાં કહ્યું:- "હે સુબય્યા શ્રેષ્ઠી, આજે રાત્રે તારા ઘરની દક્ષિણ દિશામાં આવેલા દરવાજે એક ભેંસ આવશે. તારો અંતકાળ નજીક આવ્યો છે. તેના સંદેશારૂપ તે યમ ભગવાને મોકલેલો સંદેશો છે તેમ સમજ. હું તારા પર અનુગ્રહ કરું છું. તું પોતાના હાથે તુરિયાની દાળ અને ભાતની રસોઈ બનાવ અને તે ભેંસને ખવડાવ. તે ભેંસની એક માત્ર ઈચ્છા તું આ રીતે પૂર્ણ કર. તે અન્ન ખાવાથી તારા બદલે ભેંસ મરી જશે. પરંતુ (આ કર્મની અદલાબદલીથી) તું ગરીબ થતો જઈશ. ઝોળી લઈને મેં તને કહ્યું તે (બાળકોના ખાદ્યાન્ન વેચવાનું) કામ કર. તને ખાવાનાં ફાંફાં પડે ત્યારે મેં અનુગ્રહ કરેલું તાંબાનું વાસણ તને મદદરૂપ થશે." આ પ્રમાણે શ્રીપાદપ્રભુએ કડક શબ્દોમાં વક્તવ્ય પૂર્ણ કર્યું. તેમનો ચહેરો લાલ જણાતો હતો.

આ પ્રસંગે વેંકટપૈય્યા શ્રેષ્ઠી ક્રોધયુક્ત શ્રીપાદપ્રભુને જોઈને ભયભીત થયો. આ પ્રમાણે ગુસ્સામાં શ્રીપાદપ્રભુને તેમણે કદી જોયા ન હતા. શ્રીપાદે તેને કહ્યું:- દાદાજી, તમે ભયભીત થયા? હું પોતે જ નૃસિંહમૂર્તિ છું. હું તમારા પર કૃપા કરી વરદાન આપું છું. વણિક જ્ઞાતિને હું શાપ આપીશ એમ તમને લાગ્યું? મારી બહેન વાસવીએ તેના કુળના લોકોને તેમનામાં સૌંદર્યમાં ત્રુટિ હોવાનો શાપ આપ્યો હતો. હું શ્રીપાદ પણ તે જ તત્ત્વ છું. બધા જ વણિક નિર્ધન થશે તેવા શાપની તમને બીક લાગે છે? તમે બિલકુલ ગભરાતા નહીં. દેવતાઓને નાત-જાતનો કોઈ ભેદભાવ હોતો નથી. તે જ પ્રમાણે ભક્તોને પણ નાત-જાત એવા કોઈ ભેદ હોતા નથી. આર્ય વૈશ્યોને અને મારે ઘણા પુરાતન કાળથી અનુબંધ છે.

બાપન્નાચાર્ય પૂર્વના લાભાદ મહર્ષિ છે. વણિકોમાં લાભાદ મહર્ષિનું ગોત્ર નષ્ટ થયું છે. બાપન્નાચાર્યના સર્વ વંશજોને (કળિયુગના અંત સુધીના) મારા આશીર્વાદ છે. તે સર્વ પર મારો વરદ હસ્ત હંમેશાં રહેશે. તમને આપેલી ઝોળી જુદા જ પ્રકારની છે. તેમાં દત્ત ભગવાને મીઠાઈ ભરી છે. કેટલી પણ વાપરો તો પણ ઓછી નહીં થાય. આ ઝોળી બીજા કોઈની નજરે દેખાય તેવી નથી. નૃસિંહ ભગવાનના બત્રીસ અવતારના બધાં જ લક્ષણો મારામાં વિદ્યમાન છે.

બાપન્નાચાર્યની તેત્રીસમી પેઢીએ મારા જન્મસ્થળે મહાસંસ્થાનનું નિર્માણ થશે. ત્યાં મારી પાદુકાની સ્થાપના થશે. તમારા વંશજો પૈકી કોઈ પણ વ્યક્તિ દ્વારા શ્રીપાદશ્રીવલ્લભના દિવ્ય ભવ્યરૂપની નવવિધા ભક્તિની કોઈ પણ પ્રકારે આરાધના કરવાથી શ્રી દત્તાત્રેયના શ્વાન અદૃશ્યરૂપે તેમનું રક્ષણ કરશે. વેદ, પુરાણ, ઉપનિષદો આ બધાં શ્વાનરૂપમાં અદૃશ્ય હોઈ તે હંમેશાં રક્ષણ કરશે."

આવા શ્રીપાદપ્રભુનાં દિવ્ય અને અભય વચનો સાંભળી વેંકટપૈય્યા શ્રેષ્ઠીએ શ્રીપાદપ્રભુને નજીક લીધાં. તેમની આંખોમાંથી આનંદાશ્રુ વહેવા લાગ્યાં. બાપન્નાચાર્યના મુખથી એક પણ શબ્દ નીકળતો ન હતો. સુમતિ માતા આ બધું સાંભળી સંદેહમાં પડ્યાં કે આ સ્વપ્ન છે કે વૈષ્ણવી માયા? અપ્પલરાજ શર્માનું મન સ્તંભિત થયું. શ્રીપાદના બંને ભાઈઓ તેમના તરફ બ્હીતાં બ્હીતાં

વિલોકી રહ્યા હતા. બંને બંધુઓ વિચાર કરવા લાગ્યા કે આ સ્વયં દત્ત ભગવાન છે કે અમારો સહોદર?

નરસિંહ વર્માએ શ્રીપાદને પોતાનાં ખોળામાં લીધો. શ્રીપાદ નરસિંહ વર્માને કહેવા લાગ્યાઃ- "દાદાજી, આપણે બંને આવતી કાલે ઘોડાગાડીમાં બેસીને આપણી જમીન જોવા જઈશું. ત્યાંની ભૂમાતા મને કેટલાય દિવસોથી આર્તસ્વરે પ્રાર્થના કરી રહી છેઃ- તમારા પદસ્પર્શથી મને પુનિત ક્યારે કરશો? "આર્તત્રાણ પરાયણ" આ મારું અભય વચન છે." ત્યારે શ્રી નરસિંહ વર્માએ કહ્યુંઃ અરે શ્રીપાદ, મારી એક નાની વિનંતી છે. તમારા પીઠિકાપુર પાસે અમારી જમીન આવેલી છે. ત્યાં એક નાનું ગામ વસાવી ત્યાંના લોકો દ્વારા ખેતી કરાવો. ગ્રામવાસીઓને ઓછા દરથી જમીન ખેડવા આપી, જમીનદારીનો વ્યવહાર જોવા તારા પિતાને તલાટી બનાવવા તેવો મારો વિચાર છે. પરંતુ હાલમાં તલાટી પદ પર કોઈ બીજા છે.

ઉપરનું સૂચન સાંભળી શ્રીપાદ હસીને કહેવા લાગ્યાઃ- દાદાજી, તમે તમારી જમીનદારીનો વિચાર કર્યો. પરંતુ, મારી જમીનદારીનો વિચાર કર્યો નથી. તે મને મંજૂર નથી. પ્રથમ પિતાજીને કહો કે તલાટી તરીકે રહે. પછી તું તે પદ સંભાળજે એમ નરસિંહ વર્માએ સૂચન કર્યું. શ્રીપાદપ્રભુ બોલ્યાઃ- ઘંડીકોડા શ્રીપાદશ્રીવલ્લભ અપ્પલરાજ શર્મા અમુક ગામનો તલાટી હતો; તેટલું જ ઇતિહાસમાં યાદ રહેશે. હું જે તલાટીપણું કરાવાનો છું, તે વિશ્વાત્મક છે. મારો હિસાબ મારી પાસે છે. દરરોજ કોટિ કોટિ પુણ્યરાશીની જમાઉધાર વિશ્વમાં થાય છે. મારા અવતારનું પ્રયોજન વિશ્વ જન્માક્ષર 'કુંડલી'ને પ્રભાવિત કરવાનું છે. મનુષ્યની જેમ જ દરેક ગામને, શહેરને, પુણ્યક્ષેત્રને પણ જન્માક્ષર (કુંડલી) હોય છે.

સાંધ્ય સિંધુવેદનું જ્ઞાન જેને છે તેને જ આ બધી ખબર પડે છે. આ એક યોગરહસ્ય છે. પીઠિકાપુરમ્‌ની કુંડલી બાપન્નાચાર્ય, વેંકટપૈય્યા શ્રેષ્ઠી અને વત્સવાપીની તેત્રીસમી પેઢીમાં જાગ્રત થઈ શકે છે. અત્યારે શું ઉતાવળ છે? દૈવવશ તમને મળેલા આ મહાપુણ્યકાળની પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કરી લેવો. શ્રીપાદપ્રભુના આ વક્તવ્ય પછી નરસિંહ વર્માએ પ્રભુ કાયમ પીઠિકાપુર રહે તે માટે પ્રયત્ન કર્યો હતો.

: શ્રીપાદપ્રભુનો વૈભવ :

મારામાં (શંકર ભટ્ટમાં) અજ્ઞાન ઠસોઠસ ભરેલું છે. શ્રીપાદશ્રીવલ્લભ "હું પોતે જ શ્રીકૃષ્ણ છું" એમ બોલતા તે સમયે સામાન્ય લોકોને તે હાસ્યાસ્પદ લાગતું. તે સમયે મેં અજ્ઞાનવશ પ્રશ્ન કર્યોઃ- શ્રીપાદ, તું પોતાને શ્રીકૃષ્ણ કહેવડાવે છે તો અષ્ટ ભાર્યા અને સોળ સહસ્ર ગોપિકા પણ આ અવતારમાં છે? આ સાંભળીને શ્રીપાદપ્રભુ મંદહાસ્ય કરી બોલ્યાઃ- મારી અષ્ટવિધ (આઠ પ્રકારની) પ્રકૃતિ જ મારી અષ્ટ ભાર્યા છે. આ મારા શરીરમાંથી દસે દિશાઓમાં શક્તિ સ્વરૂપ થનાર સ્પંદનો દરેક ક્ષણે પ્રવર્તિત થાય છે. આ પ્રમાણે પ્રત્યેક ક્ષણે પ્રત્યેક કળામાંથી મન અને આત્મ તત્ત્વમાંથી એક હજાર સ્પંદનો (10 X 10 X 10 = 1000) પ્રવર્તિત થાય છે. આ પ્રકારે ૧૬ કળામાંથી કુલ ૧૬ હજાર સ્પંદનો પ્રવર્તિત થાય છે. આ જ મારી ૧૬ હજાર ગોપિકાઓ છે.

પૂર્વાવતારમાં તે સર્વ કળા માનવરૂપમાં આવિર્ભૂત થઈ હતી. આ અવતારમાં આ બધી જ નિરાકારરૂપમાં સ્પંદનશીલ છે. વિવિધ દેવતાઓ દ્વારા મારી પૂજા, આરાધના કરવામાં કોઈ પણ ભૂલ નથી. તે મારી જ આરાધના છે. મારામાં સ્થિત શિવસ્વરૂપ, વિષ્ણુરૂપ અને બ્રહ્મસ્વરૂપની આરાધના કરી શકાય. આ પ્રમાણે વિવિધ દેવતાઓના સ્વરૂપની આરાધના કરી શકાય. જુદી જુદી સાધનાપદ્ધતિઓ સાધકની વિવિધ સાધના-અવસ્થા, કાળ, કર્મ, કારણ અને અનેક જીવોની અવસ્થાઓ પર પ્રભાવ પાડે છે.

: નરસિંહના ૩૩ સ્વરૂપો :

નરસિંહરાજ વર્માને તે રાત્રે નૃસિંહે ૩૩ સ્વરૂપમાં દર્શન આપ્યાં. તે રૂપો આ પ્રમાણે હતાં.

(૧) કુંદપાદ (૨) કોપ (૩) દિવ્ય (૪) બ્રહ્માંડ (૫) સમુદ્ર (૬) વિશ્વરૂપ (૭) વીર (૮) રૌદ્ર (૯) ક્રૂર (૧૦) બિભત્સ (૧૧) ધૂમ્ર (૧૨) વહ્નિ (૧૩) વ્યાઘ્ર નરસિંહ મૂર્તિ (૧૪) બિડાલ નરસિંહ મૂર્તિ (૧૫) ભીમ (૧૬) પાતાળ (૧૭) આકાશ (૧૮) વક્ર (૧૯) ચક્ર (૨૦) શંખ (૨૧) સત્ત્વ (૨૨) અદ્‌ભુત (૨૩) વેગ (૨૪) વિદારણ (૨૫) યોગાનંદ (૨૬) લક્ષ્મી

(૨૭) ભદ્ર (૨૮) રાજ (૨૯) વલ્લભ (૩૦) તે પછીનું ત્રીસમું રૂપ શ્રીપાદશ્રીવલ્લભને જોયા. (૩૧) એકત્રીસમા રૂપમાં નૃસિંહસરસ્વતી (૩૨) બત્રીસમા રૂપમાં પ્રજ્ઞાપુર (અક્કલકોટ)ના સ્વામી સમર્થ અને (૩૩) તેત્રીસમા રૂપમાં મૂળ નરસિંહ ભગવાન- જેમણે પ્રહ્લાદનું રક્ષણ કર્યું હતું.

: શ્રીનિવાસનો વૃત્તાંત :

કન્યા માસમાં શ્રવણ નક્ષત્ર પર બારસના દિવસે સોમવારે સિદ્ધયોગ પર શ્રી વ્યંકટેશ અર્ચનીય રૂપમાં પ્રગટ થયા. વૈશાખ સુદ સાતમના દિવસે વિલંબી નામ સંવત્સરમાં તેમણે કુબેર પાસેથી ધન ઉધાર લીધું અને ઋણપત્ર લખી આપ્યું. શ્રી પદ્માવતીદેવીએ મૃગશીર્ષ નક્ષત્રમાં જન્મ લીધો. શ્રીનિવાસ શ્રવણ નક્ષત્રમાં અવતર્યા. વૈશાખ સુદ દસમના દિવસે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં શ્રીનિવાસનો પદ્માવતી સાથે વિવાહ સંપન્ન થયો. શ્રીનિવાસ પ્રભુ પણ ભારદ્વાજ ગોત્રમાં અવતર્યા, પાંડવોના વંશમાં સુધન્વાને નાગકન્યા દ્વારા થયેલા પુત્ર આકાશ મહારાજ. તેનો ભાઈ તોંડમાન. વસુધાનુ એ આકાશ મહારાજનો પુત્ર. શ્રીનિવાસ પ્રભુએ અગસ્તી મહર્ષિની સલાહ અનુસાર અડધું રાજ્ય તોંડમાનને આપ્યું અને અડધું રાજ્ય વસુધાનુને સુપ્રત કર્યું. બીજા દિવસે શ્રીપાદની આશ્ચર્યકારક લીલાનું વર્ણન કરવાનું આશ્વાસન આપી સુબય્યા શ્રેષ્ઠી નજીક રહેલી કુટિરમાં શંકર ભટ્ટને લઈ ગયા. તે કુટિરમાં તાડપત્રની બે ચટાઈ (સાદડી) હતી. ચાર કૂતરાઓ તે કુટિરનું રક્ષણ કરતા હતા.

: શ્રીપાદના સ્મરણથી પ્રાપ્ત થનાર ફળ :

શ્રીપાદપ્રભુની હૃદયંગમ લીલાના કેવળ સ્મરણમાત્રથી અનેક જન્મથી ભેગી થયેલી પાપરાશી ભસ્મ થઈ જાય છે.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૧૦ સમાપ્ત ॥

❋ ❋ ❋

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૧૧

સુબય્યા શ્રેષ્ઠી, ચિંતામણિ બિલ્વમંગળુનું વૃત્તાંત
દત્ત આરાધના દ્વારા સર્વ દેવતાઓની આરાધનાનું ફળ
શ્રીપાદનો અત્યદ્‌ભુત જ્યોતિર્મય જન્મ

બીજા દિવસે સવારે સુબય્યા શ્રેષ્ઠીએ કહેવાનો પ્રારંભ કર્યોઃ- શ્રીદત્ત પ્રભુ સર્વ દેવતાઓનું સ્વરૂપ છે. દત્ત ભગવાનની આરાધના કરતાં સર્વ દેવતાઓની આરાધના કરવાનું ફળ પ્રાપ્ત થાય છે. સર્વ દેવતાઓમાં દત્ત પ્રભુ જ સમાયેલા છે. શ્રી સુમતિ માતા અનસૂયા તત્ત્વ અંતર્ગત પરમ શિવની શનિપ્રદોષ સમયે આરાધના કરતી હતી. તેને લીધે શ્રીદત્ત ભગવાન અંતર્ગત શિવ તત્ત્વ અનસૂયા તત્ત્વમાં પ્રતિબિંબિત થઈ અનસૂયા માતા સમાન સુમતિ માતાના ઉદરે શ્રીપાદશ્રીવલ્લભ સ્વરૂપે અવતર્યા.

આ એક અદ્‌ભુત યોગ પ્રક્રિયા જ હતી. માતાપિતાના સંયોગ સિવાય યોગનિષ્ઠામાં રહેલા અપ્પલરાજ શર્મા અને સુમતિ માતાના નેત્રમાંથી યોગજ્યોતિ પ્રગટ થઈ. તે જ્યોતિનો સંયોગ થઈ સુમતિ માતાના ગર્ભમાં પ્રવેશ કરી, નવ મહિના પછી કેવળ જ્યોતિરૂપે બહાર પ્રગટ થઈ. વાસ્તવિક રીતે, શ્રીપાદ જ્યોતિસ્વરૂપ જ હતા. તેમણે ત્રીજા વર્ષે આશ્ચર્યકારક લીલાની શરૂઆત કરી. કાળે કરીને શ્રીપાદપ્રભુને એક બહેન થઈ. તેનું નામ વિદ્યાધરી રાખવામાં આવ્યું હતું.

શ્રી વિદ્યાધરીના જન્મદિવસે તેમના ઘેર બાપન્નાચાર્યના દૂરના ભાઈ મલ્લાદી રામકૃષ્ણાવધાનૂલુ કે જેઓ એક મહાન પંડિત પણ હતા, આવ્યા. તેમને ચંદ્રશેખર નામે એક પુત્ર હતો. ઘંડીકોટાના ઘેર મહાલક્ષ્મી જ જન્મી. તે મલ્લાદી કુટુંબમાં વહુ તરીકે

ગૃહ દીપાવશે એમ તેઓ સગાંવહાલાં આગળ મુક્ત કંઠે કહેવા લાગ્યા. શ્રીપાદપ્રભુને પણ આ સંબંધ પસંદ હતો. તેમના સંકલ્પ અનુસાર યથાકાળે વિદ્યાધરી અને ચંદ્રશેખરનો વિવાહ ધામધૂમથી સંપન્ન થયો.

શ્રી વિદ્યાધરીના જન્મ પછી રાધા નામની બહેનનો જન્મ થયો. તેનો વિવાહ વિજયવાટિકા ક્ષેત્રના વિશ્વનાથ કૃષ્ણાવધાનૂલુ નામના એક સદ્બ્રાહ્મણ સાથે થયો. રાધા પછી શ્રીપાદપ્રભુને એક બહેન થઈ. તેનું નામ સુરેખા હતું. તેનો વિવાહ મંગલગીરીના તાડપલ્લી દત્તાત્રેય અવધાનૂલુ નામના એક વિદ્વાન સંતશીલ યુવક સાથે થયો.

શ્રીપાદની લીલા અકલ્પનીય જ છે. તે લીલાનું સ્મરણ કરતાં પાપ નષ્ટ થાય છે. ગોદાવરી મંડળ (જિલ્લા)માં તાટંકપુર (તણુકુ) નામનું એક ગામ આવેલું છે. ત્યાં વાજપેય યજ્ઞ કરનારાઓ પૈકી પોંડરિક મહાયાગ કરનાર પરમ પવિત્ર એવો એક વંશ છે. તે વાજપેય યજ્ઞના કર્તા છે. પીઠિકાપુરમ્‌ના મલ્લાદી અને વાજપેય યાજક "ઈદં બ્રહ્મ ઈદં ક્ષાત્રમ્‌"ના સિદ્ધાંતને માનનાર છે. તેઓ પરાશર ગોત્રોત્પન્ન કે જેનાં ત્રણ પ્રવર વશિષ્ઠ, શક્તિ અને પરાશર હતાં. મલ્લાદિ યજુર્વેદી હતા.

કર્ણાટક પ્રદેશમાં ઋગ્વેદ અધ્યયન કરવા વિદ્યાર્થીઓને માટે શીખવનાર ઉત્તમ આચાર્યની ખોટ હતી. આથી તાંટકપુરમાંથી વાજપેય યજ્ઞકર્તા માયણાચાર્યુલુને આમંત્રણ આપી હોયશામાં કાયમ નિવાસ કરવા લઈ ગયા. ત્યારથી હોયશા સ્થળે તેઓ બ્રાહ્મણ તરીકે સંબોધાવા લાગ્યા. તેમણે બ્રાહ્મણવૃત્તિ અને ક્ષાત્રવૃત્તિ સમાનતાથી સ્વીકારી.

સનાતન ધર્મના રક્ષણ માટે તેમણે અનેક પડકારોનો સામનો કર્યો. માયણાચાર્યને બે પુત્રો હતા. એક માધવાચાર્ય અને બીજા સાયણાચાર્ય. આ બંને મહાન વિદ્વાન હતા. સાયણાચાર્યે વેદાંત પર ભાષ્ય લખ્યું. માધવાચાર્યે મહાલક્ષ્મીના અનુગ્રહ માટે તીવ્ર તપ કર્યું. તેમણે વિશેષ કૃપાકટાક્ષની યાચના કરી, ત્યારે લક્ષ્મીમાતાએ જણાવ્યું:- "તે આ જન્મમાં સાધ્ય નહીં થાય." ત્યારે માધવાચાર્યે કહ્યું:- માતા, હું સંન્યાસ લઉં છું અને સંન્યાસ એટલે બીજો જન્મ જ હોય છે. નામાંતર થતું હોવાથી સંન્યાસ એટલે એક પ્રકારનો બીજો જન્મ જ છે. આથી, દેવીએ તેમને જોઈતું વરદાન આપ્યું. તે વરદાનને લીધે લોખંડને સ્પર્શ કરતાં જ તે

સુવર્ણ થઈ જતું. તેમનું સંન્યસ્તનું નામ વિદ્યારણ્ય સ્વામી હતું. શ્રીપાદપ્રભુનો અનુગ્રહ તેમને પ્રાપ્ત થયો હતો. તેમની શિષ્ય પરંપરામાં ત્રીજી પેઢીએ શ્રી કૃષ્ણસરસ્વતી નામના સંન્યાસી, જેઓ શ્રીપાદપ્રભુના બીજા અવતાર શ્રી નૃસિંહસરસ્વતીના અવતારમાં તેમને સંન્યાસ દીક્ષા આપનાર ગુરુ થશે તેવી ભવિષ્યવાણી કરી હતી. તેમની ભોગેચ્છા પૂર્ણતઃ નષ્ટ ન થવાને લીધે તે પછીની સદીમાં સાયણાચાર્યના વંશમાં ગોવિંદ દીક્ષિત નામે જન્મ લેશે.

ગોવિંદ દીક્ષિત તંજાવર પ્રાંતના દીવાનપદને શોભાવશે. તેમની કર્તવ્યનિષ્ઠાની ચારેકોર પ્રશંસા થશે. આ ભવિષ્યવાણી એટલે શ્રીપાદપ્રભુનો સત્ય સંકલ્પ જ હતો. અનેક દેવતાઓની સાધકના કરતાં કરતાં આ દેવતાઓમાં દત્ત પ્રભુનું ચૈતન્ય પ્રતિબિંબિત થયેલું હોય છે. તે પ્રતિબિંબિત થયેલું ચૈતન્ય સાધના અભિષ્ટની પૂર્તિ કરે છે. દત્ત પ્રભુનો આશ્રિત, જે દેવતાનો અંશ છે તેની પાસેથી કયું કામ અને કેટલું કરાવવાનું છે, તે દત્ત ભગવાન જ નક્કી કરે છે.

ધ્રુવે કઠોર તપ કરી મહાવિષ્ણુને પ્રસન્ન કર્યા. મહાવિષ્ણુએ તેને પિતૃવાત્સલ્ય પ્રદાન કર્યું. શ્રીદત્ત પ્રભુ સગુણ તત્ત્વના, નિર્ગુણ તત્ત્વના અતીતના આધારનું પરમ તત્ત્વ છે, ચરમ તત્ત્વ છે. આદિ તત્ત્વ પણ તેઓ જ છે અને આદિ-અંત રહિત તત્ત્વ પણ તે જ છે. આ બધું અનુભવથી જાણી શકાય છે. વૈખરી વાણીના શબ્દો દ્વારા સમજાવવાનો વિષય નથી. એકાદ કામ થવું કે ન થવું, બીજી રીતે થવું એ બધું સામર્થ્ય શ્રીપાદશ્રીવલ્લભના અવતારનું રહસ્ય છે.

: શ્રીપાદતત્ત્વ :

શ્રીપાદશ્રીવલ્લભ તેમને ઘેર કાલાગ્નિશમન નામના આવિર્ભાવની (દત્ત ભગવાનના ૧૬ આવિર્ભાવ પૈકી) આરાધના કરતા. એક વખત બાપન્નાચાર્યે શ્રીપાદને તે અંગે પૂછ્યું:- હે શ્રીપાદ, તું દત્ત છે કે દત્ત ઉપાસક? શ્રીપાદપ્રભુએ તત્કાળ જવાબ આપ્યો:- હું દત્ત છું એમ જ્યારે કહું છું ત્યારે દત્ત જ હોઉં છું. હું દત્ત ઉપાસક છું એમ જ્યારે કહું છું ત્યારે દત્ત ઉપાસક જ

હોઉં છું. હું શ્રીપાદશ્રીવલ્લભ છું એમ જ્યારે કહું છું ત્યારે શ્રીપાદશ્રીવલ્લભ જ હોઉં છું. હું જેનો સંકલ્પ કરું છં તે જ થઈ જાઉં છું- બની જાઉં છું. હું જેવી જેવી કલ્પના કરું છું તે જ બની જાઉં છું. આ જ મારું તત્ત્વ. દાદા બાપન્નાચાર્યને આ બધી વાતો આશ્ચર્યકારક લાગતી હતી.

શ્રીપાદે આગળ કહ્યું:- તમે અને હું એક જ છીએ. આગલા જન્મમાં હું (દેખાવમાં) તમારા જેવો જ અવતાર લેવાનો છું. તમને સંન્યાસ લેવાની પ્રબળ ઈચ્છા છે. પરંતુ, તમે આ જન્મે અથવા આવતે જન્મે સંન્યાસ લો તેવું મારા સંકલ્પમાં નથી. પરંતુ, હુબહુ તમારા જેવા રૂપથી અવતાર લઈ તમારાં કર્મબંધનો, વાસનાનો નાશ કરવાનું મેં ઠરાવ્યું છે. શ્રીપાદે દાદાજીના ભ્રૂમધ્યમાં સ્પર્શ કર્યો. તે કૂટસ્થ ચૈતન્યનું સ્થાન છે. તેમને થોડી જ ક્ષણોમાં હિમાલયમાં નિશ્ચલ તપસમાધિમાં સ્થિત બાબાજીનાં દર્શન થયાં. થોડી જ ક્ષણોમાં તેઓ પ્રયાગ મહાક્ષેત્રના ત્રિવેણી સંગમમાં સ્નાન કરી રહ્યા છે તેમ દેખાયું. પછી શ્રીપાદશ્રીવલ્લભનું રૂપ દેખાયું. તે સ્વરૂપ પીઠાપુરમાં આવેલા કુક્કુટેશ્વરના મંદિરમાં સ્વયંભૂ દત્તમાં લીન થયું.

તેમનામાંથી અવધૂતસ્વરૂપ નીકળ્યું. તેઓ બાપન્નાચાર્યની કન્યા સૌ. સુમતિ મહારાણીની ગોદમાં સૂતેલા ધાવણા બાળકના રૂપમાં બાપન્નાચાર્યને દેખાયા. માતાના ખોળામાં રમતું બાળ જોતજોતામાં ૧૬ વર્ષના કિશોરમાં પરિવર્તિત થયું. તે યુવકે તેમની સામે એકીટશે જોઈ આબેહૂબ બાપન્નાચાર્ય જેવું જ રૂપ લીધું ને તે સ્વરૂપ સંન્યાસીનું હતું.

બે નદીના સંગમમાં સ્નાન કરી પોતાના શિષ્યો સાથે ટટાર ડોકથી ચાલવા લાગ્યા. તે સંન્યાસી બાપન્નાચાર્ય તરફ વળીને કહેવા લાગ્યો. હું કોણ છું તેવા વિચારમાં તમે છો એમ મને લાગે છે. મને નૃસિંહસરસ્વતી નામે લોકો ઓળખે છે. આ ગંધર્વપુર (ગાણગાપુર) છે. આમ કહીને થોડી જ ક્ષણોમાં તેમણે પોતાની છાટી જળ ઉપર પાથરી અને તેના પર બિરાજમાન થઈને શ્રીશૈલ તરફ ગયા.

શ્રીશૈલ પાસેના કદલીવનમાં અનેક મહાયોગીઓએ, મહાપુરુષોએ તેમને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. તે સર્વે તપસ્વીઓએ

મહાપ્રભુ કદલીવનમાં આવે તે માટે અનેક સદીઓથી તપશ્ચર્યા કરી હતી. પ્રભુ દર્શનથી તેઓ ધન્ય થઈ ગયા. અનેક વર્ષોની તપશ્ચર્યા પછી તે કૌપિનધારી વૃદ્ધસ્વરૂપે દેખાયા. પહેલાં જેવી જ તેજસ્વી નજર તેમણે બાપન્નાચાર્ય તરફ કરી અને કહ્યું:- આ મારા રૂપને સ્વામી સમર્થ તરીકે લોકો ઓળખે છે. થોડી જ ક્ષણોમાં તેમણે પ્રાણત્યાગ કર્યો અને પ્રાણશક્તિ વટવૃક્ષમાં સમાઈ ગઈ. તેમનો દિવ્યાત્મા શ્રીશૈલસ્થિત મલ્લિકાર્જુન શિવલિંગમાં વિલીન થઈ ગયો.

મહાપવિત્ર અત્યંત શક્તિશાળી તે શિવલિંગમાંથી મેઘ જેવો ગંભીર અવાજ આવ્યો:- "બાપન્નાચાર્ય, તું ધન્ય છે. અનંત, કેવળ જ્ઞાનસ્વરૂપ, અવિનાશી હું તારી ક્રિયાશક્તિયોગને લીધે સૂર્યમંડળમાં શક્તિપાત થઈને આ જ્યોતિર્લિંગમાં આકર્ષિત થયો. આ જ્યોતિર્લિંગમાં વિલીન સોળ હજાર દિવ્ય પુરુષ હરહંમેશ મારી સેવા કરે છે. આ જ્યોતિર્લિંગનાં દર્શને આવેલા ભક્તોને આ દિવ્ય પુરુષો ભક્તની ભૌતિક તેમજ આધ્યાત્મિક પ્રગતિમાં સહાય કરે છે. હું, શ્રીપાદવલ્લભ, નૃસિંહસરસ્વતી અને સ્વામી સમર્થ આ ત્રિમૂર્ત્યાત્મકસ્વરૂપે તારા પર અનુગ્રહ કરું છું."

આ પ્રકારના શબ્દો બાપન્નાચાર્યે સાંભળ્યા. આવું અચરજભર્યું સાંભળીને બાપન્નાચાર્ય તો સ્તબ્ધ જ થઈ ગયા. તેમને સામે નિષ્પાપ ચહેરો ધરાવનાર, ત્રણ વર્ષના હસતા શ્રીપાદના બાળક સ્વરૂપનાં દર્શન થયાં. તેમના સર્વ અનુભવ દિવ્ય અને મધુર હતા. તેમણે પ્રેમપૂર્વક શ્રીપાદને છાતીસરસો ચાંપ્યો તે સમયે તેઓ દિવ્ય તન્મય અવસ્થામાં રહ્યા. કેટલો સમય ગયો તેની તેમને ખબર જ પડી નહિ. તેમણે આંખો ખોલી ત્યારે અગ્નિહોત્રનો સમય થઈ ગયો હતો. અગ્નિહોત્ર માટે તેઓ ઊઠ્યા.

બાપન્નાચાર્યનું અગ્નિહોત્ર પણ અભિનવ હતું. ખીજડા (શમી) અથવા પીપળાના લાકડાથી લોકો અગ્નિ નિર્માણ કરે છે. પરંતુ, બાપન્નાચાર્ય સમિધા અગ્નિકુંડમાં પધરાવી વેદમંત્રોચ્ચારથી અગ્નિ નિર્માણ કરતા. અપ્પલરાજ શર્મા પણ આ જ પ્રકારે અગ્નિહોત્ર કરતા. તેમના વંશમાં અગ્નિપૂજા હતી. પ્રજ્વલિત થયેલા અગ્નિકુંડમાં ઊતરીને આહુતિ આપતા. આવું વિશેષ ઉત્સવના સમયે કરતા. આ પ્રમાણે અગ્નિપૂજા કરતી વખતે તેમના વસ્ત્રને અથવા તેમના શરીરને અગ્નિથી કોઈ પણ હાનિ થતી નહીં.

આ એક પ્રકારનું આશ્ચર્ય જ હતું.

: શ્રીપાદપ્રભુનું અઘટિત સામર્થ્ય :

બાપન્નાચાર્યે અગ્નિહોત્ર માટે તે દિવસે ઘણી વાર વેદમંત્રનું ઉચ્ચારણ કર્યું. પરંતુ, અગ્નિ પ્રગટતો ન હતો. તેઓ ઉચ્ચારના પરિશ્રમને લીધે પરસેવે રેબઝેબ થયા. પરંતુ, અગ્નિનું નિર્માણ ન થયું. શ્રીપાદે પોતાના દાદાની આ અવસ્થા દૂરથી જોઈ. તેઓ અગ્નિકુંડ તરફ જોઈને બોલ્યાઃ- હે અગ્નિદેવ, હું તને આજ્ઞા કરું છું કે દાદાજીના દેવકાર્યમાં અડચણ આણીશ નહીં. તરત જ અગ્નિ પ્રગટ થયો. બાપન્નાચાર્યે કળશનું પાણી અગ્નિકુંડમાં છાંટ્યું. પરંતુ, અગ્નિ બુઝાઈ જવાને બદલે વધુ પ્રજ્વલિત થયો. દાદાજીને આ ચમત્કાર જોઈ આશ્ચર્ય થયું.

શ્રીપાદપ્રભુએ કહ્યુંઃ- દાદાજી, મારા અવતાર માટે તમે પોતે, વેંકટપૈય્યા શ્રેષ્ઠી, નરસિંહ વર્મા કારણરૂપ છો. એટલે તમે, મારા પિતાશ્રીએ વેંકટપૈય્યા પાસેથી, નરસિંહ વર્મા પાસેથી ધનસહાય કે ધન સિવાય કોઈ પણ મદદ સ્વીકારો તો તે દાન ગણાશે નહીં. તે જ પ્રમાણે તે મદદ ન લો તો તે દેવદ્રોહ પણ ગણાશે નહીં. તે મદદને પરમેશ્વરની કૃપા સમજવી. મને જન્મ આપનાર માતૃમૂર્તિ સુમતિ મહારાણી, મલ્લાદીની જ નહીં પણ વેંકટપૈય્યા શ્રેષ્ઠી વત્સવાદી કુટુંબની પણ પિયરવાસી છે તેમ જાણવું. આ મારો આદેશ જ સમજવો.

શ્રીપાદ જ્યારે ઉપરની હકીકત કહેતા હતા ત્યારે સુમતિ મહારાણી અને અપ્પલરાજ શર્મા ત્યાં જ હાજર હતા. શ્રી વેંકટપૈય્યા શ્રેષ્ઠી અને નરસિંહ વર્મા પણ ત્યાં જ હતા. પ્રસંગાનુસાર શ્રીપાદપ્રભુએ કહ્યુંઃ- મારા સંકલ્પ સિવાય બાપન્નાચાર્ય જેવા મહાતપસ્વી પણ અગ્નિ નિર્માણ કરી શકતા નથી. મારા પિતાશ્રી અગ્નિકુંડમાં આવ્યા પછી અગ્નિ પોતાનો પ્રભાવ બતાવે છે. મારો સંકલ્પ જો બદલાયો તો વેંકટપૈય્યા શ્રેષ્ઠી પણ નિષ્કાંચન થશે. અગણિત ભૂમિ ધરાવનાર નરસિંહ વર્માને ઊભા રહેવા માટે પણ જગ્યા

ન મળે. તમે બધાં મારા સંકલ્પ અનુસાર જ આ અવસ્થામાં છો.

હું ભિખારીને રાજા બનાવી શકું છું તેમ જ રાજાને ભિખારી બનાવી શકું છું. મારી ભક્તિ કરનાર ભકતને જે ઈચ્છા થાય તે હું તેને આપી શકું છું. પરંતુ, આપતાં અગાઉ હું જોઉં છું કે તે ભક્ત તેને સંભાળી શકશે કે નહિ. ભક્ત તે શક્તિનો ઉપયોગ લોકોના ઉપકાર માટે કરે છે કે નહીં, તેની હું પરીક્ષા લઉં છું. મને જરૂર લાગે તો આકાશનું પૃથ્વીમાં અને પૃથ્વીનું આકાશમાં રૂપાંતર કરી શકું છું.

બાપન્નાચાર્ય કૃતયુગમાં લાભાદ મહર્ષિ હતા ત્યારે તેમનો મંગલ મહર્ષિ નામનો એક શિષ્ય હતો. તે દર્ભ કાપતાં કાપતાં જખ્મી થયો. તેના હાથમાંથી લોહી વહેવા લાગ્યું. તે લોહીની ગાંઠ થઈ અને તેનું રૂપાંતર સુગંધિત વિભૂતિમાં થયું. મંગલ મહર્ષિને અહંકાર થયો કે મેં કેટલી મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી? તેના અહંકારને દૂર કરવા પ્રત્યક્ષ શિવ ત્યાં અવતીર્ણ થયા. તેમણે પોતાનો હાથ હલાવ્યો તો હિમગિરિ પરથી બરફની વર્ષા થાય તે રીતે શિવના હાથમાંથી સુગંધિત વિભૂતિ પડવા લાગી.

પરમ શિવે કહ્યું:- ત્રેતાયુગમાં ભારદ્વાજ ઋષિ પીઠિકાપુરમાં સાવિત્રીકાઠક યજ્ઞ કરનાર છે. તે મહાયજ્ઞમાં જમા થયેલી વિભૂતિ પૈકી કેવળ અલ્પ માત્રામાં તને બતાવી છે. આટલાથી મંગલ મહર્ષિનો ગર્વ નષ્ટ થયો. શ્રોતાઓ અવાક્ બની શ્રીપાદપ્રભુની વાણી સાંભળતા હતા. શ્રીપાદપ્રભુ બોલ્યા:- આ પીઠિકાપુરમાં ડગલું મૂકવા માટે અનંત જન્મોનું પુણ્ય જોઈએ. મારા અવતારના સમયે તમે બધાં મારી સાથે હો તે અતિ વિશેષ છે. મારી શક્તિને અનુભવવા, તેનાં ફળ ચાખવા તમારે ઉત્તમ સાધક બનવું જોઈએ. ત્યારે જ તમને મારી શક્તિ, કરુણા, વાત્સલ્ય, રક્ષણ, પાપ વિમોચન અનુભવવા મળશે.

મારી જન્મભૂમિની જગ્યામાં એટલે કે બાપન્નાચાર્યના ઘરમાં મારી પાદુકાનું પ્રતિષ્ઠાપન થશે. હું પ્રાતઃકાળે માતા સુમતિના ખોળામાં દૂધ પીશ. બપોરના સમયે માતાજી મને દૂધભાતના કોળિયા ખવડાવશે. રાતના સમયે સુમતિ માતા ખોળામાં લઈ

ઘઉંના રવાનો શીરો ખવડાવશે. હું પીઠિકાપુરમાં હોઈશ છતાં ગંધર્વપુરમાં નૃસિંહસરસ્વતીના સ્વરૂપમાં હોઈશ. બપોરના સમયે ચોક્કસપણે ગંધર્વપુર (ગાણગાપુર)માં ભિક્ષા લઈશ. અંતર્દૃષ્ટિ ધરાવનાર ભક્તોને તે સ્પષ્ટપણે દેખાશે.

મારી જન્મભૂમિમાં મારી શ્રીપાદુકાની સ્થાપના થશે. મહાપુરુષ, મહાયોગી, સર્વ પ્રદેશમાંથી લોકો કીડીઓની જેમ હજારોની સંખ્યામાં મારા દરબારમાં આવશે. તેઓ "દત્ત દિગંબરા, દત્ત દિગંબરા, શ્રીપાદવલ્લભ દિગંબરા, નૃસિંહસરસ્વતી દિગંબરા" એમ તન્મયતાથી ભાવપૂર્વક જયઘોષ કરતા કરતા નૃત્ય કરશે. કાળપુરુષને હું અનુમતિ આપું એટલે ન થનાર કાર્યો એક ક્ષણમાં જ સંપન્ન થશે. મારા નામે એક મહાસંસ્થાનનું નિર્માણ થશે. મારો પ્રભાવ જેમ જેમ ફેલાશે તેમ તેમ પીઠિકાપુરમ્‌નું માહાત્મ્ય વધી આખું ગામ લોકોથી ઉભરાઈ જશે, વેચાણ માટે થોડી પણ જગ્યા ખુલ્લી મળશે નહીં. જે લોકો અહીં આવે તેમ મને લાગશે તેમને હું બળજબરીથી આણીશ.

મનુષ્ય ગમે તેટલો ધનવાન હોય કે મહાયોગી હોય, મારા સંકલ્પ સિવાય તે પીઠિકાપુરમાં આવી શકશે નહીં. મારા નિજ તત્ત્વને સમજી આનંદમાં રહો. આ ક્ષણ ફરી ફરી આવવાની નથી. સર્વ દેવતા શક્તિ મારામાં જ સ્થિત છે. કોઈ મને દક્ષિણા સમર્પિત કરે તો હું તેને તે જ ક્ષણે સો ગણી કરીને પાછી આપું છું. ધર્મ વિરુદ્ધ ન જતાં ધનાર્જન કરનારાઓની હું મનોકામના પૂર્ણ કરું છું. સત્કર્મના આચરણથી મોહનો નાશ થાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. શ્રીપાદના ઉપર કહેલાં અમૃત વચનો સાંભળી સર્વ લોકો ધન્ય થયાં.

બીજા દિવસે નરસિંહ વર્મા તેમની ઘોડાગાડીમાં શ્રીપાદને પોતાનું ખેતર, જમીન બતાવવા લઈ ગયા. નરસિંહ વર્માની ઘણી જ મોટી જમીન હતી. ખેતરમાં અનેક પ્રકારના પાક લહેરાતા હતા. તેમાં તુરિયાની વેલને ફૂલ આવતાં ન હતાં. કોક વાર ફૂલ બેસે તો પણ વેલ પર સૂકાઈ જતાં, ગળી પડતાં અને ફળસ્વરૂપ તુરિયાં લાગતાં નહિ, કોઈ વાર વેલ પર એકાદ ફૂલ બેસીને ફળ થાય તે તુરિયાં સ્વાદમાં એટલાં કડવાં રહેતાં કે મોંમાં એકાદ ટુકડો મૂકતાં પણ મોં બગડતું.

નરસિંહ વર્માએ કડવા તુરિયાંની વાત શ્રીપાદને કહી. શ્રીપાદે પ્રસન્નતાથી કહ્યું:- અમારા ઘરમાં બધાંને તુરિયાંની દાળ ભાવે છે. મને પણ તુરિયાં નાખીને બનાવેલી દાળ ભાવે છે. ઘણાં વર્ષો પૂર્વે એક દત્તોપાસક આ ભૂમિ પર તપ કરતો હતો. આ પવિત્ર ભૂમિ સાક્ષાત્ દત્ત સ્વરૂપ એવા મારા ચરણસ્પર્શ માટે તડપતી હતી. તેની આકુળવ્યાકુળતા તમને ખબર પડે તે માટે પોતાની વ્યથા આ પ્રમાણે વ્યક્ત કરતી હતી. આ ભૂમિમાતાની ઈચ્છા હું પૂરી કરીશ. આ ભૂમિને મારો પાદસ્પર્શ થયા પછી આ ભૂમિ તત્ત્વમાં પરિવર્તન આવશે. સ્વાદિષ્ટ તુરિયાં આ ભૂમિમાતા તમને આપશે. દાદાજી, તમારે ત્યાં પાકેલાં તુરિયાં અમારે ઘેર નિઃસંકોચ મોકલાવજો. ઘરના સભ્યો સાથે હું પણ તેને આરોગીશ.

તે દિવસથી તે ખેતરમાં તુરિયાંનો ભરપૂર પાક થવા લાગ્યો. તે તુરિયાં ઉત્તમ પ્રકારનાં સ્વાદિષ્ટ હતાં. શ્રીપાદપ્રભુ ઘોડાગાડીમાંથી ઉતરીને થોડો સમય તે ભૂમિ પર પગે ચાલીને ફર્યા. તેટલામાં ત્યાં કેટલાક ચંમુ (ત્યાંના આદિવાસી) યુવક-યુવતીઓ આવ્યાં. તે સર્વને શ્રીપાદપ્રભુએ ખૂબ જ શ્રદ્ધા-ભાવથી પ્રણામ કર્યા. શ્રીપાદના મુખકમળની આસપાસ તેમને એક દિવ્ય કાંતિયુક્ત તેજોવલય દેખાયું.

શ્રીપાદ કહેવા લાગ્યા:- દાદાજી, આ બધાં જ ચંમુ લોકોને નરસિંહ અવતાર સાથે સંબંધ છે. તે લોકો મહાલક્ષ્મીને પોતાની બહેન માનીને તેની આરાધના કરે છે. તમે નરસિંહ ભગવાનના ભક્ત છો. તમે આમને શરણ જાવ તો તમને નરસિંહ દર્શનનો લાભ મળશે. શ્રીપાદ રમૂજ ખાતર આમ કહેતા હશે તેમ નરસિંહ વર્માને લાગ્યું. તેમણે ચંમુ લોકોને કહ્યું:- "અરે ચંમુ યુવકો, તમે નરસિંહ ભગવાનને જોયા છે? તેમના રહેઠાણ વિશે કાંઈ કહી શકો?"

નરસિંહ વર્માના પ્રશ્નના જવાબમાં એક ચંમુ યુવક બોલ્યો, "તેમાં વળી ક્યાં અઘરું કામ છે? સિંહનો ચહેરો અને મનુષ્યનું ધડ ધરાવનાર એક યુવક આ જંગલમાં ફરતો રહે છે. તેને અમારી બહેન ચંમુલક્ષ્મી પર પ્રેમ છે. અમારી બહેનડીને પણ તે ગમે છે. તે બંનેનો વિવાહ અમે કરી આપ્યો છે. તમારે જોવાં હોય તો ચંમુલક્ષ્મી અને નરસિંહને તમારી સામે હાજર કરી દઈએ."

આ પ્રમાણે કહીને તે ચંમુ યુવક અને યુવતીઓ ત્યાંથી જતાં રહ્યાં. નરસિંહ વર્મા આ બધું આશ્ચર્યથી જોઈ રહ્યા.

તે જ અરસામાં રસ્તાના મધ્યભાગમાંથી એક યુવક અને યુવતી આવતાં દેખાયાં. શ્રીપાદે સુબય્યા શ્રેષ્ઠીને નજીક બોલાવ્યો અને પૂછ્યું:- પેલા બે દૂરથી આ તરફ આવી રહ્યા છે. તેઓ કોણ હશે? તેઓ બિલ્વમંગલ અને ચિંતામણિ છે. થોડાં કરાંઠાંનો ઢગલો કરો તેને સળગાવી આપણે ગમ્મત માણીશું.

નરસિંહ વર્માને તો શરીરે પરસેવો છૂટ્યો. ત્યાં આવનાર બંને બિલ્વમંગલ અને ચિંતામણી જ હતાં. તે બંને ગુરુવાયુર ક્ષેત્રના શ્રીકૃષ્ણ ભગવાનનું દર્શન કરી આવતાં હતાં, ત્યાં કુરરઅમ્મા નામની મહાયોગિનીનું દર્શન થયું. તે યોગિનીએ તેમને સહજ "શ્રીપાદશ્રીવલ્લભદર્શનપ્રાપ્તિરસ્તુ" એવો આશીર્વાદ આપ્યો. યોગિનીના દર્શનથી તે બંનેમાં ભક્તિ અને વૈરાગ્યના બીજ પડ્યાં. મંગલગીરીના નરસિંહનું દર્શન કરી તેઓ પીઠિકાપુરમ્માં શ્રીપાદપ્રભુના દર્શન માટે જતા હતા તે મહાયોગિનીના આશીર્વાદના પ્રભાવે શ્રીપાદના દર્શન તેમને અહીં જ થયાં.

કરાંઠાં બળતાં હતાં તેથી બિલ્વમંગલ અને ચિંતામણિને દહન સંસ્કાર થઈ રહ્યો છે તેવો ત્રાસ થયો. થોડી જ ક્ષણોમાં તેમના શરીરમાંથી તેમના જ આકારની બે કાળી આકૃતિઓ બહાર નીકળી અને રુદન કરતી અગ્નિમાં પડી અને ભસ્મ થઈ. તે પછી તે બંને ભાનમાં આવ્યાં. તેટલામાં ચંમુલોક ચંમુલક્ષ્મીને લઈ આવ્યા. નરસિંહ ભગવાનના બંને હાથ પાછળ બાંધ્યા હતા. ચંમુ લોકે તેમને શ્રીપાદપ્રભુ સામે ઊભા કર્યા. આવી ચિત્રવિચિત્ર ઘટનાઓ આ પૂર્વે કોઈ પણ યુગમાં ઘટી ન હતી. શ્રીપાદના અવતાર કાર્યોની અનેક લીલા ચમત્કારપૂર્ણ અને ન સમજી શકાય એવી છે.

શ્રીપાદે નરસિંહ દેવને પ્રશ્ન કર્યો, પૂર્વયુગનો નરસિંહ તું જ છે? આ ચંમુલક્ષ્મી તારી જ પત્ની ને? હિરણ્યકશ્યપુનો વધ કરી પ્રહ્લાદનું રક્ષણ કરનાર તું જ ને ? જવાબમાં નૃસિંહદેવે ત્રણ વાર "હા" કહી. તે જ ક્ષણે ચંમુલક્ષ્મી અને નરસિંહ ભગવાને બંનેએ

જ્યોતિસ્વરૂપે શ્રીપાદના શરીરમાં પ્રવેશ કર્યો. ચંમુમંડળી અંતર્ધાન પામી. બિલ્વમંગલ મહાન ભક્ત થઈ મહર્ષિ થયો. ચિંતામણિ મહાયોગિની થઈ. ચિત્રવિચિત્ર ઘટનાઓ જ્યાં ઘટી તેવા નરસિંહ વર્માની જમીન જ્યાં આવી છે તે ગામનું નામ ચિત્રવાડા પડ્યું.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૧૧ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત



પ્રાતઃસ્મરણીય સદ્‌ગુરુ શ્રીસ્વામી સમર્થ અક્કલકોટ



શ્રી સ્વામી સમર્થ નો સંદેશ

॥ ગભરાઈશ નહીં, હું તારી પાછળ છું ॥

કોઈ પણ કારણ હોય,

ગુસ્સે થશો નહીં, ચિડાશો નહીં, જોરથી બોલશો નહીં.

મન શાંત રાખો, વિચાર કરો અને પછી અમલમાં મૂકો.

ત્રાસ માત્ર તમને જ. મનઃશાંતિ અને સુખ માત્ર તમને જ.

વિચાર એ એક વિલક્ષણ શક્તિ હોઈ તમારું ભલું કરવાનું પ્રચંડ સામર્થ્ય તમારા વિચારમાં છે.

તેથી વિચાર બદલો, એટલે નસીબ બદલાશે.

વિચાર બદલાય એટલે સ્વભાવ બદલાય છે.

સ્વભાવના બદલાવથી ટેવો બદલાય છે.

ટેવોનાં બદલાવથી વ્યક્તિત્વ બદલાય છે.

ને વ્યક્તિત્વ બદલાય એટલે તમારું ભવિષ્ય બદલાય.

શ્રી સ્વામી સમર્થનું અભયવચન : ભિઉ નકોસ મી તુઝા પાઠીશી આહે.

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૧૨

કુલશેખર વૃત્તાંત

શ્રી સુબય્યા શાસ્ત્રી કેટલાય નવા શાસ્ત્રીય વિષયોને સરળતાથી સમજાવીને કહેતા. તેમની જ્ઞાનસભર વાતો સાંભળીને શ્રોતાઓનો આત્મવિકાસ થતો. તેઓ કહેતા કે શ્રીપાદશ્રીવલ્લભ સાક્ષાત્ વેંકટેશ્વર ભગવાન જ છે. કળિયુગમાં તેઓ જ કલ્કિ અવતાર ધારણ કરનાર છે. સાધારણ કાળગણના અનુસાર કલિયુગના ચાર લાખ બત્રીસ હજાર વર્ષો છે. પરંતુ, સાંદ્ર સિંધુ વેદ અનુસાર કળિયુગમાં પાંચ હજાર વર્ષ પસાર થયા પછી સામાન્ય પ્રલય થઈ સત્યયુગની સ્થાપના થશે. આ વિશે બ્રાહ્મણોએ કહેલી વાત શ્રેષ્ઠીએ કહેલી વાત કરતાં ભિન્ન હતી.

: શ્વાસનો આયુષ્ય સાથે સંબંધ :

કળિયુગમાં કલિની અંતર્દશા પાંચ હજાર વર્ષમાં સમાપ્ત થાય છે. તે પછી થોડો સમય સંધિકાળ હોય છે. તે પછી કલિયુગમાં સત્યયુગની અંતર્દશાનો પ્રારંભ થાય છે. કલિયુગના કુલ ચાર લાખ બત્રીસ હજાર વર્ષ હોવાનું શાસ્ત્રોમાં લખ્યું છે. તેમ છતાં, તેમાં અંતર્દશા, સૂક્ષ્મદશા, વિદશા ઇત્યાદિ હોય છે. યોગ શાસ્ત્ર જાણનાર વિદ્વાનો આ વિષયને સારી રીતે સમજી શકે છે.

બ્રહ્મદેવે પ્રત્યેકને એકસોવીસ વર્ષ આયુષ્ય આપ્યું છે. (આના પરથી જ જ્યોતિષમાં વિંશોત્તરી હોય છે.) પરંતુ, પ્રત્યેક વ્યક્તિ ૧૨૦ વર્ષ હયાત રહેશે જ તેમ કહી શકાય નહીં. દરેક મનુષ્ય એકસોવીસ વર્ષમાં કેટલા શ્વાસોચ્છવાસ લઈ શકે છે તેટલા

શ્વાસોચ્છવાસ દરેકને ઈશ્વરે આપેલા છે. જેનું મન ચંચળ છે તેવા લોકો, ક્રોધી સ્વભાવ ધરાવનાર લોકો, ઝડપથી દોડનાર, હંમેશાં દુઃખમાં અથવા ઉદાસ રહેનાર લોકો, દુષ્ટતાથી વર્તનાર લોકો પોતાના શ્વાસ ઓછા સમયમાં ખર્ચી નાખે છે. સૌથી ઓછા શ્વાસ લેનાર કાચબો ૩૨૦ વર્ષ આયુષ્ય ધરાવે છે. અત્યંત ચંચળ રહેનાર વાંદરો અલ્પકાળ જીવંત રહે છે. શ્વાસોચ્છવાસ લેતાં આપણી સર્વ ઇંદ્રિયો સારી અવસ્થામાં હોવી જોઈએ. યોગીજનો વાયુનું કુંભક કરી શ્વાસ શરીરના અંદરના ભાગમાં ફેરવતા રહીને કેટલાય શ્વાસને બચાવે છે. શ્વાસની સંખ્યાનો સામાન્ય કરતાં ઓછો ખર્ચ કરીને તેઓ દીર્ઘકાળ સુધી જીવતા રહી શકે છે. મનુષ્યના શરીરમાં જીવાણું પરિણામ ક્રમ પ્રમાણે બદલાય છે.

દસ વર્ષ પહેલાંનું શરીર અત્યારના જેવું નથી હોતું. જૂના જીવાણુંને બદલે નવા જીવાણું જન્મ લે છે. નવો શરીરભાગ જન્મે છે. તે જ પ્રમાણે, પ્રાણશક્તિ પણ અનેક પરિવર્તન પામે છે. જીવનદાયક નવી પ્રાણશક્તિ નિર્માણ થાય છે. રોગગ્રસ્ત, જૂની પ્રાણશક્તિ નષ્ટ થાય છે. આ જ પ્રમાણે માનસિક શક્તિ પણ અનેક પરિવર્તન પામે છે. જૂની ભાવનાઓ બદલાઈને નવી ભાવનાઓ નિર્માણ થાય છે.

: શ્રીપાદચરિત્રામૃતના પારાયણનું ફળ :

નૂતન નિર્માણ થયેલી માનસિકતામાં દૈવીશક્તિ, દૈવીકૃપા પ્રાપ્ત કરવાનું સામર્થ્ય હોય છે. તે દ્વારા મન, પ્રાણ અને શરીર પણ નવા શક્તિસંચારથી ભરપૂર થવા લાગે છે. શ્રીપાદશ્રીવલ્લભ ચરિત્રામૃત જેવા ગ્રંથ સાક્ષાત્ પરમેશ્વરસ્વરૂપ છે. આ ગ્રંથના પ્રત્યેક અક્ષરમાં સિદ્ધશક્તિ, યોગશક્તિ અંતર્નિહિત હોય છે. આવા ઉત્તમ ગ્રંથનો માનસિક રીતે, વાચિક રીતે અથવા માનસિક અને વાચિક એમ બંને રીતે સમન્વય કરી પઠન કરવાથી શ્રીપાદપ્રભુનું દિવ્ય માનસ ચૈતન્ય આકર્ષિત થાય છે. ગ્રંથનું પારાયણ કરનાર ભક્તના શારીરિક, માનસિક, પ્રાણ આનુષંગિક, રુગ્ણ બાધા, કષ્ટ સંબંધિત સમસ્ત સ્પંદનો શ્રીપાદપ્રભુના માનસિક ચૈતન્યમાં વિલીન થઈ જાય છે. ત્યાં તે સ્પંદનો શુદ્ધ થઈ, દિવ્ય, અનુગ્રહપૂરિત સ્પંદનના સ્વરૂપે સાધક-ભક્ત તરફ પાછાં

આવે છે. આવી પરિસ્થિતિમાં સાધકને ઈહ પર (ઈહ લોક-પરલોક) સુખની પ્રાપ્તિ થાય છે.

: સત્પુરુષને અન્નદાન કરવાનું ફળ :

ગ્રંથનું પારાયણ કર્યા પછી ઓછામાં ઓછા અગિયાર સત્પુરુષને જમાડવા અથવા તેની અવેજીમાં તેટલા પૈસા દત્તક્ષેત્રમાં દાન આપવા. સત્પુરુષને ભોજન આપવાથી સાધકને આયુષ્યનો લાભ થાય છે. તેને આપવાથી હજુ થોડા સમય માટે પૂરતું અન્ન ધાન્ય અવ્યક્તરૂપમાં ઉદ્‌ભવે છે. એટલું જ નહીં, પણ સત્પુરુષ સંતુષ્ટ થયા પછી શાંતિ, પુષ્ટિ, તુષ્ટિ, ઐશ્વર્ય ઈત્યાદિના ભોગ, યોગના સ્પંદનોનો અવ્યક્તપણે ઉદ્‌ભવ થાય છે. કાળાંતરે અવ્યક્ત અવસ્થામાં રહેલાં બીજ વ્યક્ત સ્થિતિમાં અંકુરિત થઈ મહાવૃક્ષમાં પરિણમે છે. વનવાસમાં રહેલી દ્રૌપદી પાસેથી અન્નનો એક જ કણ સ્વીકારીને શ્રીકૃષ્ણ ભગવાને દુર્વાસા મહર્ષિ અને તેમના દસ હજાર શિષ્યોને પેટ ભરી જમાડ્યા. શ્રીગુરુને શ્રદ્ધાભાવથી સમર્પિત થઈ સમસ્ત અવ્યક્તનું બીજરૂપમાં હોનારું, કાળાંતરે સાધકને વ્યક્ત સ્થિતિમાં જોઈતા સમસ્ત ભોગ ભાગ્ય પ્રસાદરૂપમાં પ્રાપ્ત થાય છે.

સાંદિપની મહર્ષિના આશ્રમમાં વિદ્યા ગ્રહણ કરવા શ્રીકૃષ્ણ અને સુદામા રહ્યા હતા. એક દિવસ બંને દર્ભ તોડવા વનમાં ગયા. શ્રીકૃષ્ણને થાક લાગ્યો હોવાથી સુદામાના ખોળામાં માથું રાખી થોડો સમય નિદ્રાધીન થયા. સુદામાને ભૂખ લાગી હતી. ગુરુમાતાએ બંને માટે થોડા પૌંવા આપ્યા હતા. સુદામાએ તે વાત કૃષ્ણને ન કરતાં તે એકલો જ પૌંવા ખાવા લાગ્યો. નિદ્રાનું નાટક કરનાર કૃષ્ણ આળસ મરડી બેઠાં થયાં અને સુદામાને પૂછ્યું:- મને ભૂખ લાગી છે. ગુરુમાતાએ આપણા માટે કંઈ ખાવા આપ્યું છે?

સુદામાએ તે પૌંવા ખાઈને ખલાસ કર્યા હતા. આથી તેણે ના પાડતાં કહ્યું કે ગુરુમાતાએ કશું આપ્યું નથી. શ્રીકૃષ્ણે કહ્યું:- "તું કશું ખાતો હોય તેમ મને લાગ્યું." સુદામાએ કહ્યું:- "હું વિષ્ણુસહસ્રનામ બોલતો હતો." શ્રીકૃષ્ણે કહ્યું: "અરે, એમ

વાત છે? મને એક સ્વપ્ન પડ્યું. તેમાં મેં જોયું કે ગુરુમાતાએ આપણા બંને માટે પૌંવા આપ્યા છે અને તું એકલો ખાઈ રહ્યો છે. સુદામાએ વાત આડે પાટે લઈ જતાં કહ્યું:- "મિત્ર કૃષ્ણ, તું થાકી ગયો છે. તેમાં પણ બપોરે પડેલું સ્વપ્ન સાચું નથી પડતું, એમ શાસ્ત્ર કહે છે." શ્રીકૃષ્ણ હાસ્ય કરી ચૂપ રહ્યા.

કાળાંતરે સુદામા ગરીબ અને ભાગ્યહીન થયો. તેણે પોતાનું દારિદ્ર દૂર કરવા કેટલીય વાર વિષ્ણુસહસ્રનામના પાઠ કર્યા. પરંતુ, વિશેષ કોઈ ફાયદો ન થયો. છેવટે શ્રીકૃષ્ણનો અનુગ્રહ પ્રાપ્ત થયો. શ્રીકૃષ્ણે સુદામાએ લાવેલા પૌંવા ખાધા અને તેને વિશેષ પ્રકારના રાજય વૈભવનો પ્રસાદ આપ્યો. શ્રીકૃષ્ણે સુદામાના ખોળામાં માથું મૂકી થોડો સમય વિશ્રાંતિ લીધી હતી. તેના બદલા તરીકે શ્રીકૃષ્ણે સુદામાને પોતાના ખોળામાં સુવડાવ્યો. તેના પગમાંથી કાંટા કાઢી તેની પગચંપી કરી આપી. કર્મસૂત્ર કેટલું ગૂઢ છે- ગૂઢ રીતે કાર્ય કરે છે તે શ્રીકૃષ્ણે આ લીલા દ્વારા દર્શાવ્યું છે.

: ઘમંડી મલ્લનું ગર્વહરણ :

શ્રીપાદપ્રભુ ચાર વર્ષના હતા. ત્યારે પીઠિકાપુરમાં મલ્યાળ દેશનો એક મલ્લ આવ્યો. તેનું નામ કુલશેખર હતું. તે સપ્તગિરિ બાલાજીનો ભક્ત હતો. પ્રત્યેક રાજયના મલ્લોને મલ્લયુદ્ધમાં હરાવીને વિજયપતાકા લઈ પીઠિકાપુરમાં આવ્યો. પીઠિકાપુરના મલ્લોને લાગ્યું કે હવે ભારત વિખ્યાત મલ્લ કુલશેખર દ્વારા માર ખાઈને નિશ્ચિત અપમાનિત થવાનો વારો આવશે. તે મલ્લો પૈકી કેટલાકનો શ્રીપાદપ્રભુ પર દૃઢ વિશ્વાસ હતો. તેઓ જ આપણને આ સંકટમાંથી છોડાવશે તેવી શ્રદ્ધા અને ભાવથી તેઓ શ્રીપાદપ્રભુ પાસે ગયા અને શરણાગતિ માગી. શ્રીપાદપ્રભુએ તે સર્વ મલ્લોને અભયવચન આપ્યું.

પીઠિકાપુરમાં એક ખૂંધો માણસ હતો. જેનું શરીર આઠ સ્થળે વાંકું હતું. શરીરે પણ નબળા બાંધાનો હતો અને કોઈ કામ કરી શકતો ન હતો. તેમ છતાં, શ્રેષ્ઠીએ તેને પગાર આપી રાખ્યો હતો. તે શ્રીપાદનો ભક્ત હતો અને હંમેશાં પ્રાર્થના કરતો હતો કે તેના અંગની વિકૃતિ તેઓ દૂર કરે. તે ભીમની પ્રાર્થના સાંભળી શ્રીપાદ તેને આશ્વાસન આપતાં કહેતા કે યોગ્ય સમયે હું તારું

કામ કરીશ. પીઠિકાપુરમ્‌ના મલ્લોને પ્રભુએ કહ્યું:- આપણો ભીમ છે ને? કુલશેખર સામે મલ્લયુદ્ધ માટે તે યોગ્ય છે. ભીમ જેવો મલ્લ આપણી જમાતમાં હોય પછી આપણે શું ડરવાનું? ભીમની પણ શ્રીપાદપ્રભુ પર અટલ શ્રદ્ધા હતી.

નક્કી થયા મુજબ ભીમ અને કુલશેખરના દ્વંદ્વ યુદ્ધનું આયોજન થયું. મલ્લયુદ્ધ શરૂ થયું. અનેક લોકો આ યુદ્ધ જોવા એકઠાં થયા. કુલશેખરના દરેક માર સાથે ભીમનું શરીર બળવાન થતું હતું. કુલશેખર ભીમના જે અવયવને મારતો હતો તે માર તેના પોતાના અંગને વાગતો હતો. એક એક માર સાથે ભીમનું વાંકું અંગ સીધું થતું જતું હતું. કુલશેખર થાકી ગયો. જ્યારે ભીમ દરેક માર સાથે વધુ બળવાન થતો ગયો. કુલશેખર થાકીને એકદમ લોથપોથ થઈ ગયો. છેવટે તે પણ શ્રીપાદપ્રભુને શરણે ગયો.

શ્રીપાદે તેને કહ્યું:- હે કુલશેખર, માનવી શરીરના ૧૦૮ મર્મસ્થાનો હોય છે, જ્યાં મારવાથી સામેના મનુષ્યને મર્માંતક પીડા થાય છે. તે મર્મસ્થાનોની તને બરાબર ખબર છે. ભીમને મારા પર પૂર્ણ વિશ્વાસ છે. હું જ તેનો રક્ષક છું. તેમાં ભીમને પૂર્ણ વિશ્વાસ છે. તું અહંકારથી ફૂલાઈ ગયો છે.

આજથી ભીમની દુર્બળતા તને આપું છું, તને અન્નવસ્ત્રની ખોટ નહીં પડે. તારા શરીરમાંથી પ્રાણશક્તિ લઈને ભીમ હવે અત્યંત બળવાન થયો છે. તિરુપતિમાં રહેનાર બાલાજી પણ હું જ છું. કુલશેખરને એક જ ક્ષણમાં શ્રીપાદ ભગવાને શ્રી વેંકટેશ્વરના રૂપમાં દર્શન આપી કૃતાર્થ કર્યો. શ્રીપાદ ભગવાનની લીલા અચિંત્ય છે. તેમની કરુણા પ્રાપ્ત કરવી તે જ આપણા માટે શ્રેયસ્કર છે.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૧૨ સમાપ્ત ॥

❋ ❋ ❋

પૂજય શ્રીરંગ અવધૂત ગુરુમહારાજ., નારેશ્વર



રંગપ્રણિત સૂત્રો

- પરસ્પરદેવો ભવ।
- શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્।
- ભક્તિર્દંભો વિના ભાવમ્।
- સ્વયમાશીસ્તુ સત્કર્મ।
- માતા માતૈવ કેવલમ્।
- ન માતુઃ પરદૈવતમ્।
- સર્વો દત્તઃ સર્વરૂપસ્ત્વરૂપઃ।
- ગુરુકૃપા હિ કેવલં
  શિષ્ય પરમમંગલમ્।
- શ્રેયઃ પ્રેયસો વિશિષ્યતે।
- છાત્રદેવો ભવ।
- સત્યમેવ પરં તપઃ।
- શ્રી દત્તઃ શરણં મમ।

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૧૩

આનંદ શર્માનું વૃત્તાંત

શંકર ભટ્ટ કહે છેઃ- મેં સુબચ્ચા શ્રેષ્ઠી પાસેથી અનુમતિ લઈને કુરવપુર તરફ પ્રયાણ કર્યું. રાત્રે એક ગામમાં આવ્યો. માધુકરી માટે કયા ઘેર જવું તેવા વિચારમાં હતો. તે જ રસ્તા પર એક ગૃહસ્થ તેમના ઘરના ઓટલા પર સુખાસીન બેઠો હતો અને પાડોશી સાથે વાર્તાલાપ કરતો હતો. તેની આંખો તેજસ્વી હતી અને તેમાંથી કરુણા ટપકતી હતી. તે વ્યક્તિએ મને આદર સાથે ઘરમાં બોલાવ્યો અને ભોજન પીરસ્યું.

પેટ ભરીને જમણ પૂરું થયું. તે પછી તે ગૃહસ્થે કહેવાની શરૂઆત કરીઃ- મને લોકો આનંદ શર્મા નામથી ઓળખે છે. હું ગાયત્રી મંત્રનું અનુષ્ઠાન કરું છું. થોડા સમય પહેલાં મને ગાયત્રી માતા અંતશ્ચક્ષુ સામે દેખાયાં અને મને કહ્યુંઃ- એક દત્તભક્ત આવનાર છે, તેને પેટ ભરીને જમાડજે. દત્ત પ્રભુના દર્શન કરવાનું ફળ તને મળશે. માતાએ કહ્યા પ્રમાણે તમારાં દર્શન થયાં અને હું કૃતાર્થ થયો. મેં (શંકર ભટ્ટે) જવાબમાં કહ્યુંઃ- "હું દત્તભક્ત જ છું, હાલમાં દત્ત ભગવાન પૃથ્વી પર શ્રીપાદશ્રીવલ્લભ નામે વિદ્યમાન છે. આ હકીકત સાંભળી તેમના દર્શન માટે હું કુરવપુર જાઉં છું. મારું નામ શંકર ભટ્ટ છે. હું કર્ણાટકી બ્રાહ્મણ છું."

: કણ્વમુનિ આશ્રમકથા :

મારી (શંકર ભટ્ટની) વાત સાંભળી આનંદ શર્મા હસ્યા અને કહ્યુંઃ- મારા પિતાએ મને જનોઈ આપી ત્યારે એક અવધૂત

આવ્યા હતા. અમારા ઘરના બધાં જ સભ્યોએ તેમની ઉત્તમ પ્રકારે સેવા કરી. તે અવધૂતે ગાયત્રી અનુષ્ઠાન વિશે ઘણી બધી માહિતી આપી હતી. "પેંચલકોન" વિસ્તારના શ્રી નૃસિંહનું દર્શન કરવા મને આદેશ આપ્યો હતો. મારા પિતા મને પેંચલકોન વિસ્તારમાં લઈ ગયા. ત્યાં નૃસિંહના દર્શન કર્યા પછી તેઓ ધ્યાનસ્થ થયા. તેમનું ધ્યાન સવારથી શરૂ કરીને રાત્રી સુધી ચાલુ હતું. મને બીક પણ લાગી હતી અને ભૂખ પણ લાગી હતી.

મને કોઈ અપરિચિત વ્યક્તિએ ભોજન લાવી આપ્યું. તે મહાત્મા મને તે દુર્ગમ જંગલોમાં એક ડુંગરીય ગુફામાં લઈ ગયા અને અંતર્ધાન થયા. તે ગુફામાં એક વૃદ્ધ તપસ્વી બેઠેલા હતા. તેમનાં બંને નેત્રો અગ્નિની જેમ ધગધગતાં હતાં. એકસો એક ઋષિ તેમની સેવા કરતા હતા. તે વૃદ્ધ તપસ્વી પોતે કણ્વમુનિ હતા. તે વિસ્તાર તેમની તપોભૂમિ હતી અને સેવા કરનારા તેમના શિષ્યો હતા. તે (શિષ્યો) બધા યુવકો દેખાતા હોવા છતાં તેમની ઉંમર હજારો વર્ષોની હતી. અવધૂતરૂપમાં શ્રીદત્ત પ્રભુનું દર્શન થતું હોવાને લીધે તેઓ અહીં આવી શક્યા હતા. મને મોટો સંભ્રમ થઈ હું આશ્ચર્યચકિત થયો. મારા મુખથી એક પણ શબ્દ નીકળતો ન હતો. મારું શરીર ધ્રુજવા લાગ્યું.

તેટલામાં કણ્વ મહર્ષિ બોલ્યા: "હાલમાં દત્ત ભગવાન પીઠિકાપુરમ્માં શ્રીપાદશ્રીવલ્લભના રૂપમાં વિદ્યમાન છે. અમારા પર તેમની કૃપાદૃષ્ટિ રાખવા તેમને વિનંતી કરજે. તને જલદી શ્રીપાદશ્રીવલ્લભની પાદુકાઓનું દર્શન થશે." આ પ્રમાણે તેમણે મારા માથા પર પોતાનો વરદ હસ્ત મૂક્યો. હું ક્ષણાર્ધમાં મારા પિતા પાસે આવ્યો. તેમની સમાધિ ઊતરી હતી. તે પછી અમે અમારા ગામ પાછા આવ્યાં. મને કણ્વમુનિના આશ્રમમાં થયેલો અનુભવ, પીઠિકાપુરમ્માં શ્રીદત્ત પ્રભુનો નવો અવતાર થયો છે તે મેં મારા પિતાને જણાવ્યું ન હતું.

: રાજમહેન્દ્રી પાસેનું પટ્ટસાચલા પુણ્યક્ષેત્ર :

સમય પસાર થતો ગયો. કણ્વ મહર્ષિના આશીર્વાદથી મને ધ્યાનમાં પાદુકાના દર્શન થતાં હતાં. અમારે ઘરે અમારાં કેટલાંક

સગાંવહાલાં આવ્યાં હતાં. તેમને તીર્થમાં સ્નાન કરી પુણ્યક્ષેત્રના દર્શન કરવાની ઈચ્છા હતી. તે સગાંઓએ મારા પિતાને યાત્રામાં સાથે આવવા આગ્રહ કર્યો. મને પણ સાથે લેવામાં આવ્યો.

રાજમહેન્દ્રી ગોદાવરી નદીના કિનારે આવેલું એક મહાપુણ્ય ક્ષેત્ર છે. રાજમહેન્દ્રીની ઉત્તર દિશામાં આવેલા ડુંગર પર કેટલાક ઋષિઓ તપસ્ચા કરતા હતા. કેટલાક ઋષિઓ પૂર્વ દિશામાં આવેલા પર્વત પર તપશ્ચર્યા કરતા હતા. રાજમહેન્દ્રીથી થોડે દૂર આવેલું પટ્ટસાચલા પુણ્યક્ષેત્ર ગોદાવરીના મધ્યમાં આવેલું છે. મહાશિવરાત્રીના શુભ દિવસે કેટલાક ઋષિઓ પટ્ટસાચલા ક્ષેત્રે આવતા તો કેટલાક ઋષિઓ રાજમહેન્દ્રી સ્થિત કોટિલિંગક્ષેત્રમાં વેદ-સ્વસ્તિવાચન કરતા. આ ઋષિઓ પરસ્પર મધ્ય ભાગમાંથી પૂર્વ તરફ આવતા. પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ દિશા તરફથી આવનાર ઋષિગણો "ચેદુરુલપલ્લી" ગામે એકઠાં થતાં. આ ચેદુરુલપલ્લી ગામથી ખૂબ જ નજીક આવેલા મુનિકુંડલી ગામમાં વિશ્રામ લઈ પરસ્પર ચર્ચા કરતા. મારું એ મહદ્‌ભાગ્ય કે હું મારા પિતા સાથે મુનિકુંડલી ગામનું દર્શન કરી શક્યો. આ દત્ત ભગવાનની જ લીલા.

: કળિયુગમાં શ્રી દત્તાત્રેયનું પ્રથમ અવતરણ શ્રીપાદ શ્રીવલ્લભ :

ત્યાં એકઠા થયેલા ઋષિગણ અત્યંત ગહન એવા વેદાંત, યોગશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર ઇત્યાદિ વિષયો પર ચર્ચા કરતા હતા. આ ચર્ચામાં ભાગ લેનાર સર્વ મહર્ષિ મુક્ત કંઠે શ્રીપાદ શ્રીવલ્લભ પીઠિકાપુરમ્‌માં અવતરિત થયા છે અને કલિયુગના પ્રથમ દત્ત અવતાર છે તેમ જોરશોરથી ઘોષણા કરતા હતા. ભૌતિક રીતે જેઓ તેમનાં દર્શન કરી શકતા ન હતા તેવા ધ્યાનની પ્રક્રિયા દ્વારા તેમના હૃદયમાં જ દર્શન કરતા હતા. આ અવતાર અત્યંત શાંતિમય હોઈ કરુણારસથી પરિપૂર્ણ છે તેમ તેઓનું કહેવું હતું.

મારા પિતાજી મને પીઠિકાપુરમ્‌ લઈ ગયા. અમારી સાથે આવેલા પંડિતોએ પાછા ગયાતીર્થમાં સ્નાન કરી કુક્કુટેશ્વર મંદિરના વિવિધ દેવતાઓના દર્શન અને પૂજા સંપન્ન કરી. તે પછી વેદ પઠન કર્યું અને પંડિતવૃંદ શ્રી બાપન્નાચાર્યના ઘેર ગયું. શ્રી બાપન્નાચાર્ય અને શ્રી અપ્પલરાજ શર્મા તે પંડિતવૃંદ સાથે વેદ-સ્વસ્તિવાચન કરી અમને મળ્યા. તે દૃશ્ય અત્યંત મનોહર હતું.

આવું દિવ્ય, ભવ્ય દૃશ્ય જોવા મળવું તે પણ પૂર્વજન્મનું પુણ્ય હોય તો જ લાભ મળે.

: શ્રીપાદપ્રભુનું દિવ્ય મંગલ સ્વરૂપ :

અમારા બધા માટે શ્રી બાપન્નાચાર્યના ઘેર મિજબાની હતી. તે સમયે શ્રીપાદની ઉંમર પાંચ વર્ષ કરતાં પણ નાની હતી. નાની ઉંમરનું તે દિવ્ય શિશુ અત્યંત સુકોમળ, તેજસ્વી, વર્ચસ્વી, સુંદર, આજાનુબાહુ હતું. અને તેનાં નેત્રો અનંત પ્રેમ-કરુણાસભર હતાં. જેનું વર્ણન કરતાં વેદ થાક્યા હોય ત્યાં મારો જેવા પામરની શી વિસાત? મેં તેમના શ્રીચરણને સ્પર્શ કરી નમસ્કાર કર્યા. ત્યારે તેમણે પોતાનો અભય વરદ હસ્ત મારા મસ્તક પર મૂક્યો. તેમના પ્રફુલ્લ મુખથી વચનો સર્યાઃ- જન્મજન્માંતરથી મારો તારા પર અનુગ્રહ છે. આવતે જન્મે વેંકટય્યા નામથી અવધૂત થઈ નિરતાગ્નિહોત્રી થઈ દુષ્કાળ સમયે વરસાદ વર્ષાવવાનું સામર્થ્ય તને પ્રાપ્ત થશે. તેવી જ રીતે સાંસારિક લોકોને થનાર ત્રાસનું શમન કરવાનું સામર્થ્ય તારામાં હશે. આ પ્રમાણે શ્રીપાદપ્રભુએ આશીર્વાદ આપ્યા. મેં કહ્યુંઃ- શ્રીપાદપ્રભુની લીલા અદ્‌ભુત, અગમ્ય અને કળી ન શકાય તેવી છે. ગાયત્રી મંત્રની સાધનાનું રહસ્યોદ્‌ઘાટન કરવા કૃપા કરશો.

: શ્રીપાદપ્રભુએ કહેલો ગાયત્રીમહિમા :

આનંદ શર્માએ ગાયત્રીનો મહિમા કહેવાની શરૂઆત કરીઃ- ગાયત્રીશક્તિ વિશ્વવ્યાપ્ત છે. તેની સાથે સંબંધ સ્થાપન કરવામાં આવે તો સૂક્ષ્મ પ્રકૃતિ સ્વાધીન થાય છે. તેના દ્વારા ભૌતિક, માનસિક તેમજ આત્મા સંબંધિત ક્ષેત્રની સર્વ પ્રકારની સંપત્તિ પ્રાપ્ત થઈ શકે છે. આપણા શરીરમાં અસંખ્ય નાડીઓનાં જાળાં પથરાયેલાં છે. વિવિધ નાડીઓ જ્યાં જોડાય તેને ગ્રંથી (ગાંઠ) કહે છે. જપયોગમાં શ્રદ્ધા/નિષ્ઠા હોય તેવા સાધકોના મંત્રોચ્ચારથી આ ગ્રંથીઓ જાગ્રત થઈ તેમાં રહેલી સુપ્ત શક્તિ પ્રગટ થાય છે.

"ॐ" આ અક્ષરના ઉચ્ચારથી મસ્તકનો ભાગ પ્રભાવિત થાય છે.

"भूः" આ અક્ષરના ઉચ્ચારથી જમણી આંખની ચાર આંગળ ઉપર કપાળનો ભાગ જાગ્રત થાય છે.

"भूवः" ના ઉચ્ચારથી મનુષ્યની ભ્રૂકુટીની ઉપર ત્રણ આંગળનો ભાગ પ્રભાવિત થાય છે.

"स्वः" ના ઉચ્ચારણથી ડાબી આંખની ઉપર કપાળનો ચાર આંગળ ભાગ પ્રભાવિત થાય છે.

"तत्" ના ઉચ્ચારથી આજ્ઞાચક્રમાં સ્થિત "તાપિની" ગ્રંથીમાં સુપ્ત રહેલી સાફલ્ય શક્તિ જાગ્રત થાય છે.

"स" ના ઉચ્ચારથી ડાબી આંખમાં રહેલી સફળતા નામની ગ્રંથીમાં સુપ્ત રહેલી "પરાક્રમ" શક્તિ પ્રભાવિત થાય છે.

"वि" ના ઉચ્ચારથી ડાબી આંખમાં રહેલી "વિશ્વ" ગ્રંથીમાં સ્થિત "પાલન" શક્તિ જાગ્રત થાય છે.

"तु" ના ઉચ્ચારથી ડાબા કાનમાં રહેલી "તુષ્ટિ" નામની ગ્રંથી સ્થિત "મંગળકર" શક્તિ પ્રભાવિત થાય છે.

"र्व" ના ઉચ્ચારથી જમણા કાનમાં રહેલી વરદા ગ્રંથીમાં સ્થિત "યોગ" નામની શક્તિ સિદ્ધ થાય છે.

"रे" ના ઉચ્ચારથી નાસિકાના મૂળે રહેલી "રેવતી" ગ્રંથીમાં સ્થિત "પ્રેમ" શક્તિ જાગ્રત થાય છે.

"णि" ના ઉચ્ચાર થી ઉપલા હોઠ પર રહેલી "સૂક્ષ્મ ગ્રંથી"ની સુપ્ત શક્તિ "ઘન" શક્તિ જાગ્રત થાય છે.

"यं" ના ઉચ્ચારથી નીચેના હોઠ પર રહેલી "જ્ઞાન" ગ્રંથી સ્થિત "તેજ" શક્તિની સિદ્ધિ થાય છે.

"भ" ના ઉચ્ચારથી કંઠમાં રહેલી "ભગ" ગ્રંથી સ્થિત "રક્ષણા" શક્તિ જાગ્રત થાય છે.

"र्गो" ના ઉચ્ચારથી કંઠકૂપમાં રહેલી "ગોમતી" નામની ગ્રંથી સ્થિતિ "બુદ્ધિ" શક્તિની સિદ્ધિ થાય છે.

"देव" ના ઉચ્ચારણથી ડાબી છાતીના ઉપરના ભાગમાં રહેલી "દેવિકા" ગ્રંથી સ્થિત "દમન" શક્તિ પ્રભાવિત થાય છે.

"વ" નો ઉચ્ચાર જમણી છાતીના ઉપરના ભાગમાં રહેલી "વારાહી" ગ્રંથી સ્થિત "નિષ્ઠા" શક્તિની સિદ્ધિ આપે છે.

"સ્ચ" ના ઉચ્ચારથી પેટના ઉપરના ભાગે (જયાં પાંસળીઓ જોડાય છે તે વિસ્તાર) "સિંહિણી" નામની ગ્રંથી આવેલી છે. તે ગ્રંથી સ્થિત "ધારણા" શક્તિ પ્રભાવિત થાય છે.

"ધી" ના ઉચ્ચારથી યકૃતમાં રહેલી "ધ્યાન" ગ્રંથી સ્થિત "પ્રાણશક્તિ" સિદ્ધ થાય છે.

"મ" ના ઉચ્ચારથી શરીરની પ્લીહા (બરોળ) સ્થિત "મર્યાદા" ગ્રંથીની "સંયમ" શક્તિ જાગ્રત થાય છે.

"હિ" ના ઉચ્ચારથી નાભિમાં રહેલી "સ્ફૂટ" ગ્રંથી સ્થિત "તપો" શક્તિ સિદ્ધ થાય છે.

"ધિ" ના ઉચ્ચારણથી પીઠની કરોડના નીચેના ભાગમાં રહેલી "મેધા" ગ્રંથી સ્થિત "દૂરદર્શિતા" શક્તિ સિદ્ધ થાય છે.

"યો" ના ઉચ્ચારથી ડાબી ભૂજામાં રહેલી "યોગમાયા" ગ્રંથી સ્થિત "અંતર્નિહિત" શક્તિ જાગ્રત થાય છે.

"યો" ના ઉચ્ચારથી જમણી ભૂજામાં રહેલી "યોગિની" ગ્રંથી સ્થિત "ઉત્પાદન" શક્તિ જાગ્રત થાય છે.

"નઃ" ના ઉચ્ચારણથી જમણી કોણીમાં રહેલી "ધારિણી" ગ્રંથી સ્થિત "સરસતા" શક્તિની સિદ્ધિ થાય છે.

"પ્ર" ના ઉચ્ચારથી ડાબી કોણીમાં રહેલી "પ્રભવ" ગ્રંથી સ્થિત "આદર્શ" નામની શક્તિ જાગ્રત થાય છે.

"ચો" ના ઉચ્ચારણથી જમણા કાંડામાં રહેલી "ઉષ્મા" ગ્રંથી સ્થિત સાહસ શક્તિની સિદ્ધિ મળે છે.

"દ" ના ઉચ્ચારણથી જમણી હથેળી પર રહેલી "દૃશ્ય" ગ્રંથી સ્થિત "વિવેક" શક્તિની જાગૃતિ થાય છે.

"યાત્" આ બે અક્ષરના ઉચ્ચારથી ડાબી હથેળી પર રહેલી "નિરંજન" ગ્રંથી સ્થિત "સેવા" શક્તિ સિદ્ધ થાય છે.

આ પ્રમાણે ગાયત્રી મંત્રના ચોવીસ અક્ષરોનો ચોવીસ ગ્રંથી અને તત્સંબંધી ૨૪ પ્રકારની શક્તિ સાથે નિકટનો સંબંધ છે.

૯ ની સંખ્યા પરિવર્તન ન પામનારી અને બ્રહ્મ તત્ત્વની સૂચક છે. આઠની સંખ્યા માયા તત્ત્વને સૂચિત કરનારી છે.

: "દો ચપાતી દેવ લક્ષ્મી" વાક્યનું વિવરણ :

શ્રીપાદપ્રભુ તેમના પ્રિય લાગતા ઘરમાંથી બે રોટલીઓ (ચપાતી) સ્વીકારતા. તેઓ "દો ચપાતી દેવ લક્ષ્મી" એમ બોલવાને બદલે "દો ચૌપાતી દેવ લક્ષ્મી" એમ કહેતા. "દો" એટલે બે અને "ચૌ" એટલે ચારની સંખ્યા. દેવ શબ્દમાં જગતપ્રભુ રહેલા પરમેશ્વરની ૯ સંખ્યા સૂચિત થાય છે. લક્ષ્મી શબ્દ માયાસ્વરૂપ આઠ સંખ્યાને સૂચિત કરે છે. માટે ૨૪૯૮ સંખ્યા અદ્‌ભુત સંખ્યા તરીકે માનવામાં આવે છે. તે જ ગાયત્રીસ્વરૂપ છે-પરમાત્માસ્વરૂપ છે. પરાશક્તિ પણ તે જ છે. તે માટે આ સંખ્યા શ્રીપાદપ્રભુ આ રીતે જોડતા. આવું ગૂઢ તત્ત્વથી સભર જ્ઞાન સાંભળીને મેં (શંકર ભટ્ટે) કહ્યું:- મહારાજ, ગાયત્રી મંત્રના ૨૪ અક્ષરો વિશે કહ્યું તે મને થોડું સમજાયું. ૯ સંખ્યા પરમાત્મસ્વરૂપ છે અને ૮ સંખ્યા માયાની દ્યોતક છે તે મને સમજાયું નથી.

: નવ (૯) સંખ્યાનું વિવરણ :

આનંદ શર્માએ કહ્યું:- હે શંકર ભટ્ટ, પરમાત્મા વિશ્વાતીત છે. તેઓ કોઈ પણ પરિવર્તનથી બદલાતા નથી. ૯ની સંખ્યા વિચિત્ર છે. ૯ને એક વડે ગુણતાં ૯ સંખ્યા જ આવે છે. ૯ને બે વડે ગુણવામાં આવતાં ૧૮ આ સંખ્યા મળે છે. આ ૧૮ની સંખ્યાનો (૧+૮) સરવાળો કરતા ફરી ૯ સંખ્યા જ આવે છે. ૯ને ત્રણ વડે ગુણતાં ૨૭ સંખ્યા (૨+૭) આવે છે. આ ૨૭નાં બે અને સાતનો સરવાળો કરતાં ૯ સંખ્યા જ આવે છે. માટે ૯ સંખ્યા એ બ્રહ્મ તત્ત્વની સૂચક છે.

: ગાયત્રી મંત્રનું વિવરણ :

ગાયત્રી મંત્ર એ કલ્પતરુ પ્રમાણે છે. આમાં ૐને ભૂમિમાંથી નીકળતો કંદ માનવામાં આવ્યો છે. ભગવાન છે તેવું જ્ઞાન અને

પરમેશ્વર પરની નિષ્ઠા ૐકારના ઉચ્ચારમાં આવે છે. આ કંદ ભૂઃ, ભૂવઃ અને સ્વઃ એમ ત્રણ શાખામાં ઉછેર (વર્ધન) પામે છે. "ભૂઃ" આત્મજ્ઞાન મેળવી આપવામાં સમર્થ છે. "ભૂવઃ" જીવ શરીર ધારણ કરે છે ત્યારે આચરવાનો કર્મયોગ સૂચવે છે. "સ્વઃ" સમસ્ત દ્વંદ્વને સ્થિરતા આપી સમાધિ સ્થિતિની પ્રાપ્તિ કરાવા સમર્થ (શક્તિ આપે) છે.

"ભૂઃ" આ શાખામાંથી "તત્ સવિતુઃ વરેણ્યમ્" આ શાખા ઉદ્ભવી. શરીરધારકને જીવનું જ્ઞાન કરાવી આપવા માટે "તત્" ઉપયોગી છે. શક્તિને મેળવવા માટે (સમુપાર્જન કરવા) "સવિતુઃ" સહાયક થાય છે. "વરેણ્યમ્" મનુષ્યને જંતુ સ્થિતિ (સામાન્ય સ્થિતિ)માંથી દિવ્ય સ્થિતિ તરફ લઈ જવામાં સહાયક છે.

"ભૂવઃ" આ શાખામાંથી ભર્ગો દેવસ્ય ધીમહિ આ ત્રણ ઉપશાખા ઉત્પન્ન થઈ. "ભર્ગો" નિર્મળત્વ વધારે છે. "દેવસ્ય" દેવતાઓને સાધ્ય એવી દિવ્ય દૃષ્ટિ જાપકને મેળવી આપે છે. "ધીમહિ" સદ્‌ગુણોની વૃદ્ધિ કરે છે. "સ્વઃ"માંથી ધિયો ને લીધે વિવેક, "યો નઃ" ને લીધે સંયમ, "પ્રચોદયાત્" ને લીધે સમસ્ત જીવસૃષ્ટિ પ્રતિ સેવાભાવ વૃદ્ધિગત થાય છે.

ઉપર દર્શાવ્યા પ્રમાણે ગાયત્રી કલ્પવૃક્ષની ત્રણ શાખા છે. પ્રત્યેક શાખાને ત્રણ ઉપશાખા છે. સમજાયું ને? માટે જ ૨૪૯૮ એ શ્રીપાદનું સૂચન કરનારી સંખ્યા છે. તેમાંથી ૯ સંખ્યાનું વિવરણ તને કહ્યું.

: ૮ (અષ્ટમ) સંખ્યાનું વિવરણ :

૮ (આઠ) આ સંખ્યા માયાસ્વરૂપ છે. તે અનઘા માતા તત્ત્વ છે. આઠને એક વડે ગુણતાં ૮ જ આવે છે (૮X૧=૮). આઠ (૮)ને બે વડે ગુણતાં ૧૬ સંખ્યા (૮X૨=૧૬) આવે છે. ૧૬ના (૧+૬=૭) બંને અંકોનો સરવાળો કરીએ તો ૭ સંખ્યા આવે છે જે આઠ કરતા ઓછી છે.

આઠને ત્રણ વડે ગુણતાં (૮X૩=૨૪) ચોવીસ સંખ્યા આવે છે. (૨+૪) તેમાં બે અને ચારનો સરવાળો કરતાં, છ સંખ્યા

આવે છે જે ઉપરની ૭ સંખ્યા કરતાં ઓછી છે. આ પ્રમાણે સૃષ્ટિની સમસ્ત જીવરાશીની શક્તિહરણ કરવાનું સામર્થ્ય જગન્માતા (માયા)માં છે. કોઈ કેટલો પણ મોટો હોય તો પણ તેને નાનો દેખાડવાની શક્તિ માયામાં છે. શ્રીપાદશ્રીવલ્લભ ગાયત્રીમાતાસ્વરૂપ છે. તેઓ અનઘાદેવી સહિત શ્રીદત્ત છે. તેમની મન, વાણી, શરીર, કર્મથી આરાધના કરતાં સર્વ ઈચ્છાઓ પૂરી થાય છે.

ગાયત્રી માતામાં પ્રાતઃકાળે હંસારૂઢ બ્રાહ્મી શક્તિ હોય છે. મધ્યાહ્ન કાળમાં ગરુડ પર આરૂઢ વૈષ્ણવી શક્તિ હોય છે. સાયંકાળે (ગાયત્રી માતામાં) વૃષભારૂઢ શાંભવી શક્તિ હોય છે. ગાયત્રી મંત્રની અધિષ્ઠાત્રી દેવતા સવિતા છે. ત્રેતાયુગમાં પીઠિકાપુરમાં ભારદ્વાજ ઋષિએ સાવિત્ર કાઠક યજ્ઞ કર્યો. જેના ફળસ્વરૂપ, શ્રીપાદશ્રીવલ્લભનો અવતાર થયો. સવિતા દેવતા પ્રાતઃકાળે ઋગ્વેદરૂપમાં હોય છે અને રાત્રે અથર્વવેદરૂપે હોય છે.

આપણને નરી આંખોએ દેખાય છે તે સૂર્ય કેવળ પ્રતીકરૂપે છે. યોગી જ્યારે મહાઉન્નત સ્થિતિએ પહોંચે છે ત્યારે ત્રિકોણાકાર મહાજાજવલ્યમાન પ્રકાશમાન બ્રહ્મયોનિનું દર્શન કરી શકે છે. તેમાંથી જ પ્રતિક્ષણે કોટિ કોટિ બ્રહ્માંડો ઉત્પન્ન થાય છે, પ્રતિક્ષણે સંરક્ષણ થાય છે અને પ્રતિક્ષણે તેટલી જ સંખ્યામાં વિધ્વંસ પામે છે. અસંખ્ય સંખ્યામાં ખગોળીય સૃષ્ટિ સ્થિતિ અને લય કરનારી શક્તિનું નામ સાવિત્રી છે. આમ હોવા છતાં સાવિત્રી અને ગાયત્રી બંને અભેદ છે. જીવની આધ્યાત્મિક પ્રગતિ ગાયત્રી માતાના અનુગ્રહથી થાય છે.

ઈહલોકના સર્વ સુખોપભોગનો અનુભવ લેવા અને પરલોકની વિમુક્ત સ્થિતિનો દિવ્યાનંદ અનુભવવા માટે બંનેમાં સમન્વય હોવો જરૂરી છે. શ્રીપાદના ચરણાશ્રિતોને ઈહલોક તેમજ પરલોક બંનેનો લાભ થાય છે. ઈતર દેવતા અને ભગવાન દત્તાત્રેયની આરાધનામાં આ જ તફાવત છે. મને (શંકર ભટ્ટને) આનંદ શર્માએ આપેલી સલાહ કેટલી અપૂર્વ હતી? જવાબમાં મેં (શંકર ભટ્ટે) તેમને કહ્યું:- મહારાજ, તમે કેટલા ધન્યવાદને પાત્ર છો કે જ્યારે શ્રીપાદપ્રભુ નૃસિંહસરસ્વતી તરીકે અવતાર

લેશે ત્યારે તે સમયે આપ તેમના ગુરુ થઈ સંન્યાસદીક્ષા પ્રદાન કરશો. તે જન્મમાં તમે શ્રી કૃષ્ણ સરસ્વતી નામ ધારણ કરી સંન્યાસધર્મનું આચરણ કરતા હશો.

આનંદ શર્માએ વધુમાં કહ્યું:- ભગવાનનો અવતાર જ ભક્ત માટે હોય છે. તેઓ માનવરૂપ ધારણ કરી પૃથ્વી પર અવતરણ કરી પોતાના આદર્શ આચારસંપન્ન જીવનથી સર્વ મનુષ્ય સૃષ્ટિને શિક્ષણ આપે છે. તેઓ પોતે સર્વજ્ઞ હોવા છતાં ગુરુનો સ્વીકાર કરી સમાજને ગુરુની આવશ્યકતા પોતાના ઉદાહરણથી સમજાવે છે. અવતારી પુરુષના ગુરુ થવાની ક્ષમતા કોકને જ પ્રાપ્ત થાય છે. અવતારી પુરુષનો જન્મ થવા માટે તેમની પૂર્વેની ૮૦ (એંસી) પેઢીએ પુણ્ય-સંચય કરેલો હોય છે. તે જ પ્રમાણે અવતારી પુરુષના ગુરુ થનાર વ્યક્તિનો વંશ પરમ પવિત્ર પુણ્યવાન હોવો જોઈએ.

બાપન્નાચાર્ય અને સાયણાચાર્યના વંશોને અનેક પેઢીઓથી સંબંધ હતો. મલ્લાદિના ઘેર જો કન્યા આવે તો વાજપેય યાજુલુના ઘરની વહુ થાય અને વાજપેય યાજુલુના ઘેર કન્યા અવતરે તો તે મલ્લાદિના કુટુંબમાં વહુ થાય તેમ વિનોદમાં કહેવાતું. બાપન્નાચાર્યની કન્યા સકલ સૌભાગ્યવતી સુમતિ વાજપેય યાજુલુના કુટુંબમાં આપી નહીં. તેનો વિવાહ વિધિ લિખિત અગોચર રહેલા દિવ્ય "ઘંડીકોટા અપ્પલરાજ શર્મા" સાથે થયો.

સાક્ષાત્ દત્તાવતાર શ્રીપાદશ્રીવલ્લભે તેમની માતા સાથે લોહીનો સંબંધ ધરાવનાર વાજપેય યાજુલુ પેઢીનો પણ ઉદ્ધાર કર્યો. માધવાચાર્યને શ્રીપાદ ભગવાન પ્રતિ અતિ વાત્સલ્યભાવ હતો. તેઓ જ આગળ જતાં વિધારણ્ય સ્વામી થયા. તેમનો શિષ્ય મલયાનંદ, તેમનો શિષ્ય દેવતીર્થ, તેમનો શિષ્ય યાદવેન્દ્ર સરસ્વતી અને યાદવેન્દ્ર સરસ્વતીનો શિષ્ય શ્રી કૃષ્ણ સરસ્વતી. વિધારણ્ય મહર્ષિ અને કૃષ્ણ સરસ્વતી વચ્ચે ગુરુ-શિષ્યની ત્રણ પેઢી હતી. શ્રી વિધારણ્ય સ્વામી જ કૃષ્ણ સરસ્વતીરૂપે અવતાર લેશે અને શ્રીપાદ પ્રભુના ભાવિ અવતારનું ગુરુપદ શોભાવશે.

શ્રીપાદશ્રીવલ્લભ નિત્ય સત્યવચન બોલતા. તેમણે ઉચ્ચારેલું પ્રત્યેક વાક્ય સત્ય થતું. એક દિવસ સુમતિ મહારાણી

શ્રીપાદને સ્નાન કરાવતી હતી. તે જ અરસામાં વેંકટપૈય્યા શ્રેષ્ઠી ત્યાં આવ્યા. તેમને જોઈને શ્રીપાદે પૂછ્યું:- તમારું ગોત્ર માર્કંડેય કે? આ સાંભળીને જવાબ ન આપતાં વેંકટપૈય્યા શ્રેષ્ઠી શ્રીપાદના મધુર વચનો સાંભળવામાં મગ્ન થયા. આમ તો શ્રીપાદનું ગોત્ર ભારદ્વાજ હતું. શ્રીપાદને લાગ્યું કે વેંકટપૈય્યા પણ આપણા ગોત્રજ છે. સ્નાન કરાવ્યા પછી સુમતિદેવીએ તાંબાકુંડીનું પાણી શ્રીપાદ પર ઓવારીને એક બાજુએ નાખ્યું અને કહ્યું:- તું પણ મારા લાલ, માર્કંડેય જેવો આયુષ્યમાન થા. આ પ્રમાણે આશીર્વાદ આપ્યા. માર્કંડેયને ૧૬ વર્ષનું આયુષ્ય હતું. આગળ જતાં ભગવાન શંકરના આશીર્વાદથી તે ચિરંજીવ થયો.

શ્રીપાદપ્રભુ સોળ વર્ષ સુધી જ માતાપિતા પાસે પુત્ર તરીકે રહેવાના હતા. સોળ વર્ષ પછી માર્કંડેયે ગૃહત્યાગ કર્યો હતો અને તપશ્ચર્યા કરી હતી. તે પછી તેઓ જગદ્‌ગુરુ થયા, પછી યથાસમયે ગુપ્ત થયા. તેમના શરીરને ચિરંજીવપણું પ્રાપ્ત થયું. આપણે જે સ્વરૂપમાં શ્રીપાદને જોઈએ છીએ, તે જ સ્વરૂપમાં અત્રિ-અનસૂયાના પુત્ર તરીકે તેઓ જન્મ્યા હતા. પ્રમાણે તેમણે પોતાના વક્તવ્યમાં અનેક વેળા કહ્યું હતું.

: શ્રીપાદના વિવિધ રૂપ :

શ્રીપાદપ્રભુ તેમની યોગશક્તિને બહિર્મુખ કરીને સ્ત્રીરૂપમાં દર્શન આપતા. તેઓ તેમની યોગશક્તિનાં દર્શન તેમના ભક્તોને પણ કરાવતાં. આ કેટલું અપૂર્વ કહેવાય! કુંડલિની શક્તિ આ પ્રકારે બહિર્મુખ કેવળ દત્તાત્રેય ભગવાન જ કરી શકે! સોળ વર્ષના હતા ત્યારે શ્રીપાદપ્રભુએ તેમના માતાપિતા, નરસિંહ વર્મા-પતિ-પત્ની, બાપન્નાચાર્ય-રાજમામ્બા, વેંકટપૈય્યા શ્રેષ્ઠી દંપતી આ સર્વને પોતાની અદ્‌ભુત લીલાશક્તિનું સ્વરૂપ બતાડ્યું.

શ્રીપાદના સોળમા વર્ષે તેમનો વિવાહ કરવો તેમ તેમના માતપિતાની ખૂબ જ ઈચ્છા હતી. પરંતુ, તેમને નિરાશા જ સાંપડી. શ્રીપાદે જ્યારે અવધૂતસ્વરૂપમાં સુમતિને દર્શન આપ્યાં હતાં ત્યારે કહ્યું હતું કે માતા, પુત્રરૂપે ૧૬ વર્ષ સુધી તે તારી સાથે રહેશે. તે પછી તેના વિવાહનો સંકલ્પ કરશો તો તે માનશે નહિ અને ગૃહત્યાગ કરી જશે. આથી તમારે તેની ઈચ્છા પ્રમાણે વર્તવું પડશે.

શ્રીઅનઘાદત્ત એ આદિ દંપતી છે. તેમને જન્મમરણ નથી. તેઓ હંમેશાં લીલાવિહાર કરે છે. તેઓ શ્રીપાદશ્રીવલ્લભના રૂપમાં, નૃસિંહસરસ્વતીના રૂપમાં અને સ્વામી સમર્થના રૂપમાં અર્ધનારીશ્વરસ્વરૂપે રહેશે.

: મંડલકાલ અર્ચના અને શ્રીપાદવલ્લભ ચરિત્રામૃતનું પારાયણ કરવાથી મળતું ફળ :

શ્રીપાદનો ગણેશચતુર્થીના દિવસે અવતાર થયો તે વિશેષ છે. લાભ નામનો ગણેશનો પુત્ર એક યુગમાં મહર્ષિ લાભાદ નામે વિખ્યાત હતો. તે જ શ્રીકૃષ્ણ અવતારમાં નંદરૂપે જન્મ્યો. શ્રીવાસવી માતા આ ભૂમિ પર ભાસ્કરાચાર્ય નામે અવતરી. લાભ શ્રીપાદશ્રીવલ્લભના અવતાર સમયે તેમના દાદાસ્વરૂપે જન્મ્યા હતા. પોતાનામાં વિઘ્નવિનાશક તત્ત્વ સ્થિર કરી શ્રીપાદનું અવતરણ થયું. શ્રીપાદપ્રભુના અવતરણ સમયે ચિત્રા નક્ષત્ર હતું. ચિત્રા નક્ષત્રથી શરૂ કરીને ગણતાં સત્તાવીસમું નક્ષત્ર હસ્ત હતું, ત્યારે તેઓ કુરવપુરમાંથી અદૃશ્ય થયા.

જન્મપત્રિકા પ્રમાણે ૨૭ નક્ષત્રમાં ભ્રમણ કરનાર નવગ્રહ તરફથી પ્રાપ્ત થતું અનિષ્ટ ફળ ન મળે તે માટે શ્રીપાદના ભક્તો "મંડલ" દીક્ષા લે છે. એક મંડલમાં શ્રદ્ધાભક્તિથી શ્રીપાદપ્રભુનું પૂજન કરવાથી અથવા તેમના દિવ્ય ચરિત્રનું પારાયણ કરવાથી સર્વ કામના સિદ્ધ થાય છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એક એક દિશામાં પોતાનાં સ્પંદનો અને કંપનો છોડતાં હોય છે. તેમનું પ્રકંપન જુદી જુદી ચાળીસ દિશાઓમાં પ્રસાર પામે છે. આ ચાળીસ દિશાઓમાં થનારું પ્રકંપન થોભાવી શ્રીપાદપ્રભુ તરફ મોકલીએ તો તે શ્રીપાદના ચૈતન્યમાં વિલીન થાય છે. ત્યાં તેમાં આવશ્યક ફેરફાર થઈ તેનું સ્પંદનમાં રૂપાંતર થઈ સાધક (ભક્ત) તરફ પાછું આવે છે. આના પરિણામે જ સાધકની ધર્માનુકૂળ સર્વ ઈચ્છાઓ પૂરી થાય છે.

"હે શંકર ભટ્ટ, તું શ્રીપાદ ભટ્ટનું ચરિત્રલેખન કરીશ એમ અંતર્દૃષ્ટિથી મેં જાણ્યું છે. લોકોમાં પ્રચલિત વ્યવહારમાં જે પારાયણ ગ્રંથો છે તેમાં લેખકની વંશાવળી, મનમાં ન વિચારેલાં છતાં રચાયેલાં સ્તોત્રો વગેરે હોય છે. તું જે ચરિત્રલેખન કરી રહ્યો છે, તેમાં તારી વંશપરંપરાની આવશ્યકતા નથી. પ્રભુનું ધ્યાન કરી તારાં અંતર્નેત્ર સામે શ્રીપાદપ્રભુને લાવી સર્વ સુલભતાથી

સમજી શકે તેવી રચના કરીશ. તેવા સમયે શ્રીપાદનું ચૈતન્ય તારી લેખની દ્વારા જે વિવરણ કરશે તે જ સત્ય હશે.

આ પ્રકારે સ્ફૂર્તિથી લખેલો ગ્રંથ અથવા ઉચ્ચારેલા મંત્ર છંદોબદ્ધ હોવા જરૂરી નથી. કેટલાક મહાભક્તોને દૈવી સાક્ષાત્કાર થઈ તેમની પોતાની સ્થાનિક ભાષામાં સ્તોત્ર, પ્રાર્થનાની સ્ફૂરણા થશે. તેવી પ્રાર્થના કે સ્તોત્ર છંદબદ્ધ અથવા વ્યાકરણ રીતે શુદ્ધ હોવાની જરૂર નથી. ભક્તો જે ભજનો ગાશે તે ભજનોને પરમેશ્વરે સંતુષ્ટ થઈ વર આપેલો હોઈ (વરદ હસ્ત) તેમાં પરમેશ્વરની અનુગ્રહશક્તિ હોય છે. તે રચનાઓમાં આવેલા સ્તોત્રોના પાઠથી આપણું ચૈતન્ય તત્કાળ ભગવદ્ ચૈતન્ય સાથે નિકટતા પામે છે. પરમેશ્વર ભાવનો ભૂખ્યો છે, ભાષ્યનો નહીં. ભાવના એટલે શાશ્વત શક્તિ.

શ્રીપાદપ્રભુનું મલ્લાદિ સાથે, વેંકટપૈય્યા શ્રેષ્ઠી અને વત્સવાઈ આ ત્રણ કુટુંબો સાથે અત્યંત સખ્ય (આત્મીયતા) હતું. એક ઉત્સવ દરમ્યાન વેંકટપૈય્યા શ્રેષ્ઠીએ અપ્પલરાજ દંપતીને તેમને ઘેર આમંત્ર્યા હતા. તે દિવસે શ્રેષ્ઠી ખૂબ જ ગંભીર દેખાતા હતા. તેના માટે કારણ પણ તેવું જ હતું. પીઠિકાપુરના એક પ્રખ્યાત જયોતિષીએ શ્રેષ્ઠીના મૃત્યુનો દિવસ, સમય, વાર, તિથિ બધું જ કહ્યું હતું. અત્યાર સુધી આ જયોતિષીની ભવિષ્યવાણી કોઈ પણ દિવસ અસત્ય ઠરી ન હતી. માટે જ શ્રેષ્ઠીની ચિંતા વાજબી હતી.

તે જયોતિષીએ એવી પ્રતિજ્ઞા કરી હતી કે જો તેની ભવિષ્યવાણી ખોટી ઠરશે તો તેઓ મુંડન કરી ગધેડા પર બેસીને ગામમાં ફરશે. અપમૃત્યુ ટાળવા માટે અપ્પલરાજ શર્માએ કાલાગ્નિશમન દત્ત ભગવાનની પૂજા કરી તેનો પ્રસાદ શ્રેષ્ઠીને લાવી આપ્યો હતો. થોડા જ સમયમાં સુમતિ મહારાણી કિંમતી વસ્ત્રો પરિધાન કરી શ્રીપાદને લઈ શ્રેષ્ઠીના ઘેર આવી. તેટલામાં શ્રેષ્ઠીના હૃદયમાં અસહ્ય વેદના થવા લાગી. તેમણે મોંટેથી "ઓ, મા... રે..." એમ કહી પોક મૂકી. સુમતિ તેમના તરફ દોડી ગયાં.

તે દિવ્ય, મંગલ સ્વરૂપમાં સતીએ પોતાના દિવ્ય શ્રીહસ્તે શ્રેષ્ઠીના હૃદય પર સ્પર્શ કર્યો. તે જ સમયે શ્રીપાદે મોંટેથી "જા" એમ બૂમ પાડી. શ્રેષ્ઠીના ઘરમાં એક બળદ હતો. તેણે થોડી જ ક્ષણોમાં તરફડિયાં મારી પ્રાણ છોડ્યો! આ બાજુ શ્રેષ્ઠી

મોતના મુખમાંથી બચી ગયા. આ સમાચાર મળતાં જ આગાહી કરનાર જ્યોતિષી ત્યાં દોડી આવ્યો. પોતાની ભવિષ્યવાણી ખોટી પડી તેને લીધે જ્યોતિષીને મનમાં દુઃખ થયું.

શ્રીપાદે તે જ્યોતિષીને કહ્યું:- તેં જ્યોતિષનો અભ્યાસ કર્યો છે. પરંતુ, જ્યોતિની જ્યોતિ હું છું. મારી હયાતિમાં શ્રેષ્ઠીને મૃત્યુભય કેવો? હવે તારે મુંડન કરી ગધેડાં પર સવારી કરવાની જરૂર નથી. તને પશ્ચાત્તાપ થયો તે જ બસ છે. તારા પિતાએ શ્રેષ્ઠી પાસેથી કરજ લીધું હતું. તે કરજ પાછું ન ભરતાં તેમણે ગાયત્રીના સોગંદ ખાઈને કહ્યું કે તેમણે કરજ ભરપાઈ કરી દીધું છે. તે પાપને લીધે તેમને શ્રેષ્ઠીને ઘેર બળદ તરીકે જન્મ લેવો પડ્યો. નીચ યોનિમાંથી તારા પિતાને મેં ઊર્ધ્વ ગતિ આપી. શ્રેષ્ઠીના અપમૃત્યુનું કર્મફળ બળદ તરફ ફેરવ્યું. તું આ બળદનો દાહસંસ્કાર કરી અન્નદાન કર. તેનાથી તારા પિતાનું ખરાબ કર્મફળ નષ્ટ થઈ તેમને ઉત્તમ ગતિ પ્રાપ્ત થશે. શ્રીપાદના કહેવા પ્રમાણે જ્યોતિષીએ કર્યું.

શ્રીપાદપ્રભુ અનેક રીતે પ્રાણરક્ષણ કરી શકે છે. શ્રીપાદ એ યોગસંપન્ન અવતાર છે. તેમને માટે કોઈ કાર્ય અસાધ્ય નથી. ઉચ્છવાસ, શ્વાસની ગતિનું વિચ્છેદન કરીને મુક્તિ મેળવવી સહેલી છે. ક્રિયાયોગીની પ્રાણશક્તિ આજ્ઞા, વિશુદ્ધ, અનાહત, મણિપુર, સ્વાધિષ્ઠાન, મૂલાધાર ચક્રોમાં ઉપરથી નીચે અને નીચેથી ઉપર પરિભ્રમણ કરે છે. એક ક્રિયાને લાગનાર સમય એક વર્ષમાં સાધારણપણે થનાર આધ્યાત્મિક વિકાસ જેવડો હોય છે. દિવસ અને રાત્રીના એક તૃતીયાંશ સમયમાં એક હજાર ક્રિયા થઈ તો ફક્ત ત્રણ વર્ષમાં સહજતાથી પ્રકૃતિ દ્વારા દસ લાખ વર્ષમાં થનાર પરિણામ બરાબર હોય છે.

આનંદ શર્માની જ્ઞાનસભર વાતો સાંભળી મને ખૂબ જ કીંમતી માહિતી જાણવા મળી. સવારનું નિત્યકર્મ પતાવી અને આનંદ શર્માની પરવાનગી લઈ શ્રીપાદશ્રીવલ્લભના દર્શન માટે મેં કુરવપુર તરફ પ્રયાણ આદર્યું.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૧૩ સમાપ્ત ॥

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૧૪

દત્તદાસને મળેલું અભયદાન

હું (શંકર ભટ્ટ) થોડા દિવસ પ્રવાસ કરીને "મુંતાકલ્લુ" ગામે પહોંચ્યો. વટેમાર્ગુઓને પૂછતાં ખબર પડી કે કુરવપુર પહોંચવા માટે હજુ થોડા દિવસો લાગશે. શ્રીપાદપ્રભુના સગુણ સ્વરૂપના દર્શનની મને તીવ્ર ઉત્કંઠા થઈ હતી. હું જે રસ્તે જઈ રહ્યો હતો તે જ માર્ગે એક માણસ હાથમાં તાડીનું પાત્ર લઈ સામેથી આવતો હતો. મને તે તાડીની વાસ અસહ્ય લાગતી હતી. તે વાસને ટાળવા હું ઝડપથી આગળ વધતો હતો. તે મનુષ્યે પણ પોતાનો વેગ વધાર્યો અને ઝડપથી મારી પાસે આવી પહોંચ્યો. તેણે ફરિયાદના સ્વરમાં કહ્યું:- "હું તારી પાસે આવી રહ્યો હતો તે સમયે તારું દૂર જવું યોગ્ય છે?"

મેં પૂછ્યું:- "એય, તું કોણ છે? તારે મારું શું કામ પડ્યું?" તે જોરથી હસ્યો. તેણે પ્રતિપ્રશ્ન કર્યો: હું કોણ છું તે જાણતાં પહેલાં તું કોણ છે? ક્યાંથી આવ્યો? અને ક્યાં જઈ રહ્યો છે? તે જાણી લેવું યોગ્ય છે. તાડી વેચનાર પણ આવા વેદાંતનાં વાક્યો બોલવા સમર્થ છે, એમ જણાયું. તે માણસે રસ્તા પર જતા આવનારાઓને બૂમો પાડી એકઠાં કર્યા. તે એકત્ર થયેલા માણસોને તાડીવાળો કહેવા લાગ્યો:- "હે મિત્રો, આ વિસ્તારમાં હું તાડી વેચું છું. હું ધર્મ અનુસાર જીવન વ્યતીત કરું છું. તાડીનું વૃક્ષ એ મારે મન કલ્પવૃક્ષ છે. હું ઝાડ પર ચઢીને તાડી લાવું ત્યાં સુધી આ બ્રાહ્મણ મારી પ્રતીક્ષા કરતો હતો. તેણે મને કહ્યું:- હું બ્રાહ્મણ હોવા છતાં મને તાડી પીવાની આદત છે. તાડી માટે તને આપવા મારી પાસે પૈસા નથી. તું થોડી તાડી મને આપી પુણ્ય પ્રાપ્ત કર. મેં પ્રથમ ના પાડી. પરંતુ, જ્યારે હું તૈયાર થયો. ત્યારે, રસ્તા પર લોકોની અવરજવર જોઈ લોકો સામે તાડી પીવાથી તેના

બ્રાહ્મણત્વને દોષ લાગશે તેમ જાણી તે હવે તાડી લેવાની ના પાડે છે.

હવે મારો વચનભંગ થશે અને હું મહાપાપી ઠરીશ. (બ્રાહ્મણને તાડી આપવાની હા કહીને પછી તેના ન લેવાથી.) અમારા કુળમાં આ એક મોટી જ સુવર્ણ તક બ્રાહ્મણને નિઃશુલ્ક તાડી પીવડાવીને પુણ્ય કમાવવાની આવી છે! હવે તે મહાપુણ્ય પ્રાપ્ત કરવાની આશા પર આ બ્રાહ્મણની 'ના'ને લીધે પાણી ફરી વળ્યું છે. હે પવિત્ર લોકો, તમે આ બ્રાહ્મણને ધર્મોપદેશ કરો અને 'વચનભંગ'ના પાપમાંથી મારું રક્ષણ કરો."

ત્યાં એકઠા થયેલા લોકો તેની જ જાતિના હતા. તેમણે તાડી વેચનાર તે ગૃહસ્થના વચનને ટેકો આપ્યો અને અંતે તે તાડીવાળાએ મને બળજબરીથી તાડી પીવડાવી. તે પછી બધા લોકો વિખરાઈ ગયા. હું અત્યંત દુઃખી હતો. બ્રાહ્મણકુળમાં જન્મીને નિંદ્ય એવી તાડીનું સેવન કર્યું. મારું બ્રાહ્મણત્વ નષ્ટ થયું. પરમ પવિત્ર એવા શ્રીપાદપ્રભુના મુખકમળનું હવે કેમ કરી દર્શન કરું? બળ્યું મારું કરમ! જેવું મારું નસીબ! મારા કપાળે વિધિલેખ જ એવા લખાયા હોય તો તેનાથી ભિન્ન કેમ થાય? મારા પગ લથડિયાં ખાવા લાગ્યાં. મારા મોંમાંથી તાડીની અસહ્ય દુર્ગંધ આવતી હતી. હું મારા નસીબને દોષ આપતો, શ્રીપાદપ્રભુનું નામ મુખેથી લેતો લેતો હું આગળ પ્રયાણ કરવા લાગ્યો.

રસ્તામાં એક તપોભૂમિ દેખાઈ. ત્યાં કોઈ મહાત્માનો નિવાસ હતો. તે પવિત્ર ભૂમિમાં પગ મૂકવાની મને શરમ લાગતી હતી. હું રસ્તે આગળ પ્રયાણ કરતો હતો ને મારા કાને શબ્દો અથડાયાઃ "એ, શંકર ભટ્ટ, થોભી જા. તને આશ્રમમાં લઈ આવવા દત્તાનંદ સ્વામીની આજ્ઞા છે." મને ભાવિની લીલા જોઈ આશ્ચર્ય થયું. મને દત્તાનંદ સ્વામી સમક્ષ ખડો કરવામાં આવ્યો. તેમણે કરુણાભર્યા નેત્રે મારી સામે નજર કરી. મને સ્નાન કરીને બોલાવ્યો.

સ્નાન કર્યા પછી તેમણે મને મધુર ફળો ભક્ષવા આપ્યાં. દત્તાનંદ સ્વામીએ મને (શંકર ભટ્ટને) નજીક બોલાવીને કહ્યું:- હે ભક્ત શંકર ભટ્ટ, દત્તાત્રેયના અવતાર શ્રીપાદશ્રીવલ્લભની તારા પર કેટલી કરુણા દૃષ્ટિ છે! તેમણે પોતાના પવિત્ર હાથથી

તને અમૃત પીવડાવ્યું. તેને તું અજ્ઞાનવશ તાડી સમજ્યો? કેટલી ભ્રામકતા છે? મારી નજર સામે બધાં જ દશ્યો એક પછી એક ખડાં થયાં. તે પછી ચૈતન્ય શક્તિસભર મહાસાગરના અસંખ્ય મોજાંઓ મને અથડાતાં હોય તેવો અનુભવ થયો. અનંત શક્તિસંપન્ન તે શક્તિ સામે અત્યલ્પ શક્તિ ધરાવનાર મારી લઘુતા માટે મને દીન ભાવનાની પ્રતીતિ થઈ; મારો અહંકાર નષ્ટ થયો. તે દિવ્યાનંદમાં "હું" એટલે શું તે સમજાતું ન હતું. એક દિવ્ય આનંદમાં હું ડૂબી ગયો. મારો સીમિત "હું" નષ્ટ થયો હતો. સમસ્ત સૃષ્ટિ સ્વપ્ન જેવી ભાસતી હતી.

થોડી જ ક્ષણોમાં દત્તાનંદ સ્વામીએ મારા પર મંગલ જળ પ્રોક્ષણ કર્યું. તેમના પવિત્ર હાથે મારા કપાળ પર પવિત્ર ભસ્મનું લેપન કર્યું. હવે હું પ્રકૃતિને આધીન થઈ રહ્યો હતો. તત્પૂર્વે હું દિવ્યાનંદનો અનુભવ લેતો હતો. પ્રકૃતિને આધીન હું હવે સ્થૂળ તત્ત્વમાં જકડાઈ જતો હતો.

શ્રી દત્તાનંદ સ્વામીએ કહ્યું:- પૂર્વેના એક જન્મમાં તું ગૌડ કુળમાં જન્મ્યો હતો. તું વધુ પ્રમાણમાં તાડીનું સેવન કરતો હતો. તારી તાડી પીવાની ઈચ્છા બાકી રહી ગઈ હતી. શ્રીપાદ પ્રભુનો અનુગ્રહ તારા પર ના થયો હોત તો તને તે કુટેવ લાગુ પડત અને તું પતિત થયો હોત. તારા જન્માક્ષરમાં અનેક ગંડાંતર (અશુભ યોગો) છે. પરંતુ, શ્રીપાદપ્રભુની અમૃત દૃષ્ટિથી ઘણી વખત તારી જાણ બહાર તેનો પરિહાર થાય છે. શ્રીગુરુના મહિમાનું યથાર્થ વર્ણન કોણ કરી શકે? વેદો પણ "નેતિ" "નેતિ" કહી મૌન થયા છે.

દત્તાનંદ સ્વામીને મેં કહ્યું:- શ્રીપાદપ્રભુ અવારનવાર કહે છે કે તેઓ નૃસિંહસરસ્વતી સ્વરૂપે ફરી અવતાર લેવાના છે. તેમની લીલાનો ગર્ભિત અર્થ જાણવાની મને ઈચ્છા છે. સ્વામીએ કહ્યું:- વેદ ઋષિઓનું, તત્ત્વવેત્તાનું તે પ્રમુખ લક્ષણ છે. આધ્યાત્મ શાસ્ત્રમાં છૂપાયેલાં સત્યવચનો લોકોની ભાષામાં તેમને સમજાય તેવી ભાષામાં સંતોએ કહ્યાં છે. તે જ આત્મસત્ય. વસ્તુતઃ કર્મકાંડને અનુસરીને વ્યાખ્યા કરતા આત્મસત્યને જ સત્ય, યજ્ઞ, જળ, અન્ન એમ વિવિધ રીતે સંબોધેલું છે. આ જ પ્રમાણે સરસ્વતી શબ્દનો પણ વિશિષ્ટ અર્થ છે. સરસ્વતી નદી અંતર્વાહિની છે. તેનું વર્ણન કરતાં તે સત્યવાક્યનો બોધ કરનારી,

મહાર્ણવની માહિતી સમજાવી આપણા ચિત્તને પ્રકાશિત કરનાર કહેવામાં આવી છે.

શ્રીગુરુ એટલે પણ એકમેવ પ્રબોધ શક્તિ, પ્રબોધિની પ્રવાહ. તેમની સત્યવાણી આપણા ચિત્તને પ્રકાશિત કરે છે અને પરમ સત્ય અને અંતર્જ્ઞાન આપણામાં સ્થિર કરે છે. વેદોમાં "યજ્ઞ" એ અંતર્પ્રવૃત્તિનું બાહ્ય પ્રતીક છે. યજ્ઞ દ્વારા માનવ પાસે જે પોતાનું હોય છે તે ઈશ્વરને અર્પણ કરવાની વાત છે. તેના પ્રત્યુત્તર પ્રીત્યર્થ દેવતા ગોધન, અશ્વ આપે છે. ગોધન એટલે તેજ સંપત્તિ. અશ્વ એટલે શક્તિસંપત્તિ. આ પ્રમાણે દેવ આપણને તપશક્તિ (પ્રસાદ) આપે છે. વેદમાં જ્ઞાન યોગ્ય વ્યક્તિને જ સમજાય તે માટે અત્યંત ગુપ્ત રાખવામાં આવ્યું છે.

: ઔદુંબર વૃક્ષને મળેલું વરદાનઃ નૃસિંહસરસ્વતીના અવતારની વિશિષ્ટતા :

શ્રી મહાવિષ્ણુ હિરણ્યકશ્યપુનો સંહાર કરવા ઔદુંબર વૃક્ષના કાષ્ઠમય થાંભલામાંથી નરસિંહસ્વરૂપે પ્રગટ થયાં. તેમણે પ્રહ્લાદનું રક્ષણ કર્યું અને હિરણ્યકશ્યપુના વધ પછી તેને રાજસિંહાસન પર બેસાડ્યો. કેટલાક સમય પછી ભંગ પામેલા કાષ્ઠના થાંભલાને પાંદડાં ફૂટ્યાં અને તેનું ઔદુંબર વૃક્ષમાં રૂપાંતર થયું. પ્રહ્લાદ વિસ્મિત થઈ તે ઔદુંબર વૃક્ષની પૂજા કરવા લાગ્યા. પ્રહ્લાદને એક વખત ઔદુંબર વૃક્ષ નીચે ધ્યાનસ્થ અવસ્થામાં બેઠેલા દત્ત ભગવાને દર્શન આપ્યાં અને તેમણે પ્રહ્લાદને જ્ઞાનબોધ કર્યો. પ્રહ્લાદની દ્વૈત સિદ્ધાંત પ્રતિ આસક્ત જાણીને શ્રીદત્ત પ્રભુએ કલિયુગમાં યતિ વેષ ધારણ કરી દીનજનોનો ઉદ્ધાર કરીશ તેવા આશીર્વાદ આપ્યા.

પરમ પવિત્ર ઔદુંબર વૃક્ષે પણ મનુષ્યાકૃતિ ધારણ કરી, શ્રીદત્ત ચરણકમળને પ્રણામ કરી "મને પણ વરદાન આપો" એમ કહેતાં, દત્તાત્રેય ભગવાન આ પ્રમાણે વરદાનયુક્ત વાણી બોલ્યાઃ- પ્રત્યેક ઔદુંબર વૃક્ષના મૂળમાં હું સૂક્ષ્મરૂપે રહીશ. તારામાંથી નરસિંહ ભગવાન પ્રગટ થયા. આથી કલિયુગમાં હું નરસિંહસરસ્વતી નામ ધારણ કરી અવતાર લઈશ. આ મારું વચન છે.

દત્તાનંદ સ્વામીનું વક્તવ્ય સાંભળ્યા પછી મેં તેમને કહ્યું:- સ્વામી, શ્રી પીઠિકાપુરમ્‌ના શ્રીપાદપ્રભુનાં દર્શન કરવા માટે અને તેમની બાળલીલા સાંભળવા માટે મારું મન હંમેશાં લલચાયેલું રહે છે.

: શ્રીપાદપ્રભુની અદ્‌ભુત લીલા :

દત્તાનંદ સવામીએ કહેવાનો પ્રારંભ કર્યો:- નાનપણમાં મને સ્પષ્ટ બોલતાં આવડતું નહીં. હું તોતડું બોલતો. આથી બધાં જ મારી મશ્કરી કરતા. મને એક ભીષણ રોગ લાગુ પડ્યો. પાંચમા વર્ષથી તે વધવા લાગ્યો. એક વર્ષમાં હું દસ વર્ષ જેટલો વૃદ્ધ થયો. હું દસ વર્ષનો હતો ત્યારે પચાસ વર્ષનો હોઉં તેવાં લક્ષણો મારામાં દેખાતાં. તે સમયે બાપન્નાચાર્યે પીઠિકાપુરમ્‌માં યજ્ઞ આરંભ્યો હતો. મારા પિતા મને યજ્ઞનાં દર્શન કરવા પીઠિકાપુરમ્‌ લઈ ગયા. તે સમયે શ્રીપાદપ્રભુની ઉંમર ૬ વર્ષ કરતાં વધુ ન હતી.

યજ્ઞ માટે જરૂરી ઘી એકઠું કરવામાં આવ્યું હતું. તે સમગ્ર ઘી એક ઉંમરલાયક બ્રાહ્મણને સ્વાધીન કર્યું હતું. નિત્ય જોઈતા ઘીનો ૨/૩ ભાગ તે બ્રાહ્મણ યજ્ઞ માટે લઈ આવતો. જ્યારે ૧/૩ જથ્થો ઘીનો ભાગ તે પોતાને ઘેર છૂપાવી રાખતો. યજ્ઞનો પ્રારંભ થયો. પરંતુ, થોડા જ સમયમાં ઘી વપરાઈ ગયું. અણીના સમયે ઘીની વ્યવસ્થા પણ અશક્ય હતી. તે એક ચિંતાનો વિષય હતો.

બાપન્નાચાર્યે શ્રીપાદ પ્રતિ હેતુપૂર્વક જોયું. શ્રીપાદે જવાબમાં કહ્યું:- કેટલાક ચોર મારું ધન ચોરી કરવાની યોજના બનાવી રહ્યા છે. પરંતુ, હું તેને સફળ નહીં થવા દઉં. યોગ્ય સમયે તેમને શિક્ષા થશે. તેમને ઘેર પત્ની સાથે શનિ ભગવાને રહેવું તેમ આજ્ઞા કરું છું."

ઉપર મુજબ બોલીને શ્રીપાદે તે વૃદ્ધ બ્રાહ્મણને બોલાવી તેને તાડપત્ર પર નીચે પ્રમાણે લખી આપ્યું:- "હે ગંગામાતા, યજ્ઞ માટે પૂરતું ઉધાર ઘી આપવું. મારા દાદા અને વેંકટપૈય્યા શ્રેષ્ઠી તમને પાછું આપશે. આ શ્રીપાદવલ્લભની આજ્ઞા છે." આ પત્ર તેમણે વેંકટપૈય્યા શ્રેષ્ઠીને બતાવ્યો. તેમણે તે કબૂલ રાખ્યું. તે વૃદ્ધ બ્રાહ્મણ સાથે બીજા ચાર બ્રાહ્મણ પાદગયા તીર્થ પર ગયા.

તે પત્ર તીર્થરાજને સમર્પિત કર્યો અને સાથે લઈ ગયેલા વાસણોમાં તીર્થજળ ભરી લીધું. વેદમંત્ર બોલતાં બોલતાં તે બ્રાહ્મણો યજ્ઞસ્થળે આવ્યા. તે જળ લાવતાં જ બધાની સમક્ષ જળ ઘીમાં પરિવર્તિત થયું. તે ઘીની આહુતિથી યજ્ઞ સંપન્ન થયો. બધા જ આનંદિત થયા. શરત અનુસાર વેંકટપૈય્યા શ્રેષ્ઠીએ તે વાસણોમાં ઘી ભરી તીર્થને સમર્પિત કર્યું. ઘી પાણીમાં નાખતાં જ તેનું જળમાં પરિવર્તન થયું.

મારા (દત્તાનંદના) પિતાએ મારું દુઃખ (તોતડાપણું) શ્રીપાદને નિવેદિત કર્યું. તેમણે અભય આપતાં કહ્યું:- થોડો સમય પ્રતીક્ષા કરો. રોગનું નિવારણ થશે. એક ઘર બળવાનું છે; તેનું મુહૂર્ત કાઢવાનું છે. શ્રીપાદપ્રભુનાં વચનો ન સમજાય તેવાં હતાં. તે વૃદ્ધ બ્રાહ્મણ ત્યાં જોવા આવ્યો કે ઘીની અછતને લીધે યજ્ઞમાં કાંઈ હાનિ તો નથી થઈ? શ્રીપાદના દર્શનથી લાભ જ થશે તેવી તેની દૃઢ શ્રદ્ધા હતી.

શ્રીપાદપ્રભુએ તે વૃદ્ધ બ્રાહ્મણને કહ્યું:- દાદાજી, તમને મુહૂર્ત કાઢતાં સારું આવડે છે. એક ઘરને અગ્નિદાહથી નષ્ટ કરવાનું છે. તેનું મુહૂર્ત કાઢી આપો! તે વૃદ્ધ બ્રાહ્મણે કહ્યું:- ગૃહનિર્માણ માટે, ભૂમિપૂજન માટે મુહૂર્ત હોય છે. પરંતુ, ઘર બાળવા માટે કોઈ મુહૂર્ત હોતું નથી. શ્રીપાદે પૂછ્યું:- ચોરી કરવા, ગૃહદાહને માટે કેમ મુહૂર્ત નથી હોતાં? તે બ્રાહ્મણે કહ્યું:- તેવા કોઈ મુહૂર્ત અંગે મને ખબર નથી.

શ્રીપાદે કહ્યું:- દાદાજી, તમે કેટલી સરસ વાત કરી? આપણા પવિત્ર યજ્ઞ માટેનું ઘી એક ધૂર્તે ચોર્યું. અગ્નિદેવને પણ કકડીને ભૂખ લાગી. ધર્માનુસાર તેમને જોઈતું ઘી ન મળવાને લીધે તેમણે ઘર બાળીને પોતાની ભૂખ સંતોષી છે. અગ્નિદેવતા હર્ષોલ્લાસથી કિકિયારીઓ પાડી રહ્યા છે!

શ્રીપાદપ્રભુનું વચન સાંભળ્યા પછી તે બ્રાહ્મણનો ચહેરો મ્લાન થયો. શ્રીપાદે કહ્યું:- તારું ઘર ભસ્મીભૂત થયું છે. તેની થોડી ભસ્મ લઈ આવ. શ્રીપાદપ્રભુ અનુગ્રહ કરીને વરદાન આપે છે તેવી જ રીતે સંતપ્ત થાય તો સંપત્તિ પણ નષ્ટ કરે છે તેની તે

બ્રાહ્મણને સારી રીતે ખબર હતી. એક પણ શબ્દ બોલ્યા વિના તે બ્રાહ્મણ પોતાના અગ્નિદગ્ધ ઘરની ભસ્મ લઈ આવ્યો. તે ભસ્મ પાણીમાં ઓગાળીને મને (દત્તાનંદને) શ્રીપાદની આજ્ઞાનુસાર આપવામાં આવી. ત્રણ દિવસ તે ભસ્મ મેં શ્રીપાદઆજ્ઞાથી લીધી. અમે ત્રણ દિવસ શ્રી બાપન્નાચાર્યને ઘેર રહ્યા. મારું તોતડાપણું પૂર્ણતઃ નષ્ટ થયું અને મને પૂર્વવત્ સ્વાસ્થ્ય પ્રાપ્ત થયું.

શ્રીપાદપ્રભુએ પોતાનો દિવ્ય હાથ મારા મસ્તક પર મૂકીને શક્તિપાત કર્યો. આમ પ્રભુએ મને જ્ઞાન આપીને ધન્ય કર્યો. તે પછી પ્રભુ આશીર્વાદાત્મક રીતે બોલ્યાઃ- આજથી તું દત્તાનંદ નામથી પ્રસિદ્ધ થઈશ. ગૃહસ્થાશ્રમ સ્વીકારી લોકોને તારીશ અને ધર્મબોધ કરીશ. તારી અને આ વૃદ્ધ બ્રાહ્મણની ગત જન્મની કથની સાંભળઃ-

તું અને આ વૃદ્ધ બ્રાહ્મણ ગત જન્મે વેપાર કરતા હતા. વેપારમાં વૈમનસ્ય થવાથી બંને એકબીજાનો નાશ કરવાનો પ્રયત્ન કરતા હતા. એક દિવસ તેં આ વૃદ્ધ બ્રાહ્મણને ઘેર નોંતરું આપી જમવા બોલાવ્યો અને પ્રેમથી ખીર ભોજનમાં આપી. તેં ખીરમાં ઝેર મેળવ્યું હતું. તેની આ વૃદ્ધ બ્રાહ્મણને ખબર ન હતી. તેણે ખીર ખાધી અને ઝેરને લીધે તેનું મૃત્યુ થયું.

આ વૃદ્ધ બ્રાહ્મણે તને ખબર ન પડે તે રીતે બીજા માણસો દ્વારા તારા ઘરને દગ્ધ કર્યું. ઘર સંપૂર્ણ બળીને ભસ્મ થયું. તે આગમાં તારી પત્ની પણ બળીને ખાખ થઈ. ઘેર આવીને તેં જોયું તો તારો સર્વનાશ થયેલો જોઈ તારું હૃદય પણ બંધ પડ્યું અને તું મૃત્યુ પામ્યો. ગત જન્મે વિષપ્રયોગ તેં કર્યો હોવાથી આવી વિચિત્ર વ્યાધિ તને વળગી. તારું ઘર ગત જન્મે આ બ્રાહ્મણે બાળ્યું અને આ જન્મે તેનું ઘર બળીને ભસ્મ થયું. આ લીલાથી તમને બંનેને મેં કર્મબંધનથી મુક્ત કર્યા.

શ્રીપાદપ્રભુનો અનુગ્રહ પ્રાપ્ત કરી હું ઘેર પાછો ફર્યો. તેમની કૃપાથી હું વેદશાસ્ત્રસંપન્ન થયો. તે વૃદ્ધ બ્રાહ્મણને નરસિંહ વર્માએ નવું ઘર બાંધી આપ્યું. શ્રીપાદકૃપાપ્રસાદથી બંનેના કર્મબંધનોનો વિચ્છેદ કરી બંનેનું કલ્યાણ કર્યું. શ્રીપાદપ્રભુની લીલાઓ અત્યંત દિવ્ય અને અગાધ છે.

દત્તાનંદે પુનઃ કહ્યું:- હે શંકર ભટ્ટ, સર્વ દેવતાઓ તેજમાંથી નિર્માણ થયા છે. અદિતિ માતા જ સર્વ દેવતાઓની માતા છે. દેવતાઓ જ માનવપ્રવૃત્તિ ને વિકાસના કારક છે. દેવતા મનુષ્યને તેજ પ્રદાન કરે છે. માનવના આત્મા પર દિવ્ય ચૈતન્ય સંપદાનો વર્ષાવ કરે છે. તે સત્યપોષક હોય છે. તેઓ જ સત્યલોકના નિર્માતા છે. દેવતાઓ જ માનવના સંપૂર્ણ મોક્ષને માટે, અવ્યાજ આનંદને માટે કારણભૂત છે.

: બ્રાહ્મણ- ભૂલોકના દેવતા :

સર્વ દેવતા મંત્રસ્વરૂપ છે. સમગ્ર વિશ્વ દેવોને આધીન છે. દેવતાઓ મંત્રને આધીન છે. મંત્રો સદ્‌બ્રાહ્મણોને આધીન છે માટે બ્રાહ્મણો પૃથ્વી પરના દેવતાઓ (ભૂદેવો) ગણાય છે. શબ્દ સાધારણતઃ પંચેન્દ્રિય દ્વારા ગ્રહણ કરી શકાય છે. શબ્દ, પ્રકાશ, ગમન, સ્પર્શ, શીતોષ્ણ, વિસ્મૃતિ, બળપ્રયોગ, વેગ, ગમન ઇત્યાદિ ખૂબ જ અલ્પ પ્રમાણમાં રહેલા પ્રાથમિક ભાવ નિવેદન માટે મનુષ્યના ઉપયોગમાં આવે છે. ભાષાનો જેમ ક્રમિક વિકાસ થતો ગયો તેમ તેમ ભાષામાં ભાવોની વિવિધતા, નિશ્ચિતતામાં વધારો થયો. આ માટે અનિશ્ચિતતામાંથી નિશ્ચિતતા, નિશ્ચલત્વ ભૌતિક અંશમાંથી માનસિક અંશમાં, અવ્યક્તમાંથી વ્યક્ત એવી ભાવના, ભાષાની પ્રગતિ સાથે પણ વૃદ્ધિંગત થઈ.

: પવિત્ર ગ્રંથપઠન વિશેષ ફળદાયી :

તમારો શ્રીપાદપ્રભુનો ચરિત્રાત્મક ગ્રંથ સંસ્કૃત ભાષામાં લખવાનો મનોરથ અત્યંત સ્તુત્ય છે. સંસ્કૃત ગ્રંથ સમય જતાં તેલુગુ ભાષામાં અનુવાદ પામશે. ભાષાંતરિત કરેલા ગ્રંથના પઠનનું ફળ, મૂળ ગ્રંથના પઠનના ફળ જેવું જ લાભપ્રદ રહેશે. શ્રીપાદપ્રભુનું ચરિત્ર કોઈ પણ ક્યાંય પઠન કરતું હોય તો શ્રીપાદપ્રભુ સૂક્ષ્મરૂપથી ત્યાં હાજર થઈ શ્રવણ કરે છે. તે અંગે એક કથા તને સંભળાવું છું. તે સાવધાન થઈ સાંભળ.

શ્રીપાદપ્રભુ સાત વર્ષના થયા. તેમને વેદોક્ત વિધિથી ઉપનયન સંસ્કાર કરવામાં આવ્યા. તે સમયે સંપન્ન ગૃહસ્થના ઘેર આવા કાર્યક્રમો હોય એટલે ચારે બાજુ આનંદનું વાતાવરણ રહેતું. બાપન્નાચાર્યના તો આનંદને કોઈ સીમા જ ન હતી. તેમણે પોતાના જ્ઞાતિબાંધવોને દત્તચરિત્ર શ્રવણ કરવા આમંત્રિત કર્યા હતા. બધા જ જ્ઞાતિજનો મોટી ઉત્સુકતાથી દત્તચરિત્ર શ્રવણ કરવા આવ્યા હતા.

દત્તદાસે ચરિત્ર કહેવાની શરૂઆત કરીઃ- પૂર્વયુગમાં પરમ પવિત્ર દંપતી અનસૂયા અને અત્રિ મહર્ષિને એક પુત્રરત્નની પ્રાપ્તિ થઈ. તેનું દત્તાત્રેય (દત્ત + આત્રેય) રાખવામાં આવ્યું. તે જ પરંજ્યોતિ સ્વરૂપ દત્તાત્રેય હાલના કલિયુગમાં શ્રીપાદશ્રીવલ્લભરૂપે પીઠિકાપુરમાં અવતર્યા છે. તે મહાપ્રભુનો આજે ઉપનયનસંસ્કાર સંપન્ન થયો. ઉપનયન સંસ્કાર પછી દિવ્ય તેજસ્વી એવા શ્રીપાદપ્રભુ વધુ તેજઃપુંજ દેખાવા લાગ્યા. આવા દીનજનઉદ્ધારક પતિતઉદ્ધારક ભગવાનનું નિત્ય મંગલ થાવ!

આ જ કથા તેઓ વારંવાર કહેતા હતા અને શ્રોતાઓ તન્મયતાથી શ્રવણ કરી રહ્યા હતા. આ પ્રમાણે ત્રેપન વખત કહેવાયું. દત્તદાસ પર પ્રભુની અમૃત દૃષ્ટિ પડી. ઉપનયનવિધિ પૂરો થયા પછી શ્રીપાદપ્રભુ ત્યાં એકત્ર થયેલા બ્રાહ્મણોને કહેવા લાગ્યાઃ- હું ત્વરિત દત્તદાસને ઘેર જવાનો છું. જવા માટે કારણ પૂછતાં શ્રીપાદે કહ્યુંઃ- વિશુદ્ધ અંતઃકરણવાળા દત્તદાસ મારું ચરિત્રકથન કરી રહ્યા છે. તેણે કહેલો એક કથાભાગ એટલે એક અધ્યાય એમ ગણતા ત્રેપન અધ્યાય પૂર્ણ થાય છે. મારા ચરિત્રના ૫૩ અધ્યાય શ્રદ્ધાથી પૂર્ણ કરનારને આપવા માટે સદ્યઃફલિત તરત જ તેને આપવાનું છે.

: શ્રીપાદપ્રભુના ભક્ત વાત્સલ્યનો લાભ ન્યાત-કુળના ભેદરહિત સર્વને પ્રાપ્ત :

શ્રીપાદપ્રભુને દત્તદાસને ઘેર જવા બ્રાહ્મણોએ અનુમતિ ન આપી. શ્રીપાદપ્રભુ ક્રોધયુક્ત વાણી વદ્યાઃ- તમે કોઈ પણ (ધર્મપુરઃસર આચાર હોવા છતાં) પાંચમા વર્ણ તરીકે નિમ્ન જાતિના લોકોનો પોતાના અહંકારથી તેમનો તિરસ્કાર કરો છો.

પરંતુ, તેવા સરળ હૃદયના લોકો પર મારો કૃપાકટાક્ષ વધુ છે. આવતી સદીમાં તેઓ ઉન્નત સ્થિતિમાં રહેશે અને તમારું બ્રાહ્મણત્વ, તમારો અધિકાર તેમની સેવકવૃત્તિ ધારણ કરી ધર્મભ્રષ્ટ, કર્મભ્રષ્ટ થશે. મારું વચન પથ્થર પર કોતરાયેલા શબ્દો પ્રમાણે સ્પષ્ટ છે. તેમાં એક પણ અક્ષરનો ફરક નહીં હોય. તમારા બ્રાહ્મણો પૈકી જે લોકો ધર્મ અનુસાર જીવન વ્યતીત કરશે તેમનું હું આંખમાં અંજન નાખી સદૈવ રક્ષણ કરતો રહીશ.

શ્રીપાદના ક્રોધને શાંત કરવા તેમના માતા-પિતાએ પ્રયત્ન કર્યો. થોડી જ ક્ષણોમાં તેઓ શાંત થયા અને તેમણે મૌન ધારણ કર્યું. તે જ સમયે શ્રીપાદપ્રભુએ દત્તદાસના ઘેર પોતાના દિવ્ય મંગળસ્વરૂપમાં દર્શન આપ્યાં. દત્તદાસે પ્રેમથી સમર્પણ કરેલાં મધુર ફળો તેમણે સ્વીકાર્યાં. તેમણે આપેલું દૂધ પ્રેમથી સ્વીકાર્યું. પ્રભુએ પોતાના દિવ્ય હસ્તથી ત્યાં હાજર સર્વને મીઠાઈનો પ્રસાદ આપ્યો અને દત્તદાસના ઘેર હાજર સર્વને આશીર્વાદ આપ્યા.

"હે શંકર ભટ્ટ, શ્રીપાદપ્રભુનો નિર્મળ પ્રેમ જોયો? તેઓ ભાવનાના ભૂખ્યા છે, ભૌતિક વસ્તુના નહીં." તેમનો કૃપાપ્રસાદ મેળવવામાં જાતિ, કુળ, ભૌતિકસંપન્નતાને જરાક અમથોય સંબંધ નથી. દત્ત પ્રસાદ આપણને કોઈ કુલાતીત વ્યક્તિ આપે તો પણ તેનો ભક્તિભાવથી સ્વીકાર કરવો. તે પ્રસાદનો અનાદર કે અસ્વીકાર કરીએ તો અસ્વીકાર કરનારને કષ્ટ-આપત્તિ સહન કરવી પડે છે.

: શ્રીપાદપ્રભુના ભક્તો માટે બાર અભયવચનો :

૧. મારા ચરિત્રનું પારાયણ જે સ્થળે થતું હોય, ત્યાં હું સૂક્ષ્મ સ્વરૂપે હાજર હોઉં છું.
૨. મન, વાણી, શરીર અને કર્મ દ્વારા મને સમર્પિત હોય તેવા સાધકોનું હું આંખોમાં અંજન આંજી સર્વદા રક્ષણ કરું છું.
૩. પીઠિકાપુરમ્માં હું પ્રતિદિન મધ્યાહ્નકાળે ભિક્ષા સ્વીકારું છું. મારું ગમનાગમન એક રહસ્ય જ રહેશે.
૪. હંમેશાં મારું ધ્યાન કરનારનું કર્મ, કેટલાય જન્મોનું એકઠું થયેલું હોય, તેને ભસ્મ કરી નાખું છું.

૫. (અન્ન એ જ પરબ્રહ્મ- અન્નમોં રામચંદ્રાય) અન્ન માટે ટળવળનારને અન્ન આપવાથી હું અન્નદાતા પર ચોક્કસ પ્રસન્ન થાઉં છું.

૬. હું શ્રીપાદશ્રીવલ્લભ છું. જ્યાં પ્રભુપાદ (સ્વયં) છે ત્યાં શ્રી લક્ષ્મી અખંડપણે વાસ કરે છે. મારા ભક્તોને ઘેર મહાલક્ષ્મી તેની પૂર્ણ કળાથી પ્રકાશિત હોય છે.

૭. તમારું અંતઃકરણ શુદ્ધ હોય તો મારી કૃપાદૃષ્ટિ હંમેશાં તમારા પર હોય છે.

૮. તમે જે દેવતાસ્વરૂપની આરાધના કરશો, જે કોઈ સદ્‌ગુરુની ઉપાસના કરશો, તે મને જ પ્રાપ્ત થશે.

૯. તમે કરેલી પ્રાર્થના મને જ પહોંચે છે. મારો અનુગ્રહ/આશીર્વાદ, તમે આરાધેલ દેવતા દ્વારા/તમારા સદ્‌ગુરુ દ્વારા તમને પ્રાપ્ત થશે.

૧૦. શ્રીપાદવલ્લભ એટલે કેવળ નામરૂપ જ નહીં, સકળ દેવતા સ્વરૂપ, સમસ્ત શક્તિના અંશ સંમિલિત થઈ મારું વિરાટ સ્વરૂપ, અનુષ્ઠાન દ્વારા જ તમે સમજી શકશો.

૧૧. શ્રીપાદશ્રીવલ્લભ એ મારો સંપૂર્ણ યોગાવતાર છે. જે મહાયોગી, મહાસિદ્ધ પુરુષ મારું નિત્ય ધ્યાન કરે છે. તેઓ મારા જ અંશ છે.

૧૨. તમે મારી આરાધના કરો તો હું તમને ધર્મમાર્ગનો, કર્મમાર્ગનો બોધ કરું છું. તમે પતિત ન થાવ તે માટે હંમેશાં તમારું રક્ષણ કરું છું.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૧૪ સમાપ્ત ॥



ૐ દ્રાં દત્તાત્રેયાય નમ:

ત્યાગી ભોગી જટિલો મુંડી યો ભિક્ષુઃ
શિક્ષાર્થં કુરુતે મિતભૈક્ષ્યં મધ્યાહ્ને ।
યં હ્યવધૂતં નો જાનીતે હતભાગ્યો
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૧૫

બંગરપ્પા અને સુંદરરામ શર્માનો વૃત્તાંત

મેં (શંકર ભટ્ટે) શ્રી દત્તાનંદ પાસેથી પરવાનગી લઈ કુરવપુર તરફ પ્રયાણ આદર્યું. રસ્તે માર્ગક્રમણ કરતાં મને એક સ્થળે તરસ લાગી. હું નજીક દેખાતા કૂવા પર તરસ છીપાવવા ગયો. પાણી કાઢવા ત્યાં દોરી અને લોટો હતાં, પાણી કેટલું ઊંડું છે તે જોવા મેં કૂવામાં નજર કરી. કૂવાનું વિચિત્ર દૃશ્ય જોઈ હું આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો. કૂવાની અંદર ભીંતમાં ઊગેલા ઝાડની ડાળીએ એક વ્યક્તિ ઉપરથી નીચે ગોળ ગોળ હીંચકા ખાતી હતી. તે અપરિચિત વ્યક્તિએ મારા પ્રતિ પ્રેમપૂર્વક જોયું અને અતિ નિકટનો પરિચિત હોય તે રીતે મને સંબોધન કર્યું:- અરે, શંકર ભટ્ટ!

મને આશ્ચર્ય થયું. મારા નામની તેને કેવી રીતે ખબર પડી? મેં જિજ્ઞાસાથી તેને તે અંગે પૂછ્યું. તે અપરિચિત વ્યક્તિએ સહજતાથી કહ્યું:- મને ફક્ત તારા નામની જ ખબર છે તેમ નથી. તું શ્રીપાદપ્રભુનો ભક્ત છે અને તેમને મળવા માટે કુરુગડ્ડી જાય છે તેની પણ મને જાણ છે. તને મળવા માટે જ હું પ્રતીક્ષા કરી રહ્યો હતો.

કૂવામાં ગોળ ગોળ હીંચકા ખાતા માણસને બહાર કેવી રીતે કાઢવો તે અંગે હું વિચાર કરતો હતો. પાણી કાઢવા માટેની દોરી તેટલી મજબૂત ન હતી. મારા મનનો વિચાર જાણી તે પુણ્ય પુરુષ બોલ્યો:- 'પ્રાપંચિક બંધનોથી સંસારરૂપી કૂવામાં પડેલો માનવ તું, બંધનરહિત વિચિત્ર યોગપ્રક્રિયા દ્વારા આત્માનંદમાં મગ્ન મને કેવી રીતે બહાર કાઢીશ? હું જ પોતે મારી રીતે બહાર આવીશ. આપણી શક્તિ ઓછી પડે તો શ્રીપાદપ્રભુ કરુણા કરી શક્તિનો અનુગ્રહ કરશે.' આટલું કહીને તે વ્યક્તિ ક્ષણાર્ધમાં મારી બાજુમાં

આવી ઊભી રહી.

હું ભ્રમમાં પડ્યો. તે વ્યક્તિએ વક્તવ્ય આગળ ચલાવ્યું. મારું નામ બંગરપ્પા. તને તરસ લાગી હોય તેમ લાગે છે. હું તારી તૃષા છીપાવીશ. આમ કહીને તેણે કૂવામાંથી ઝડપથી પાણી કાઢ્યું અને તે પાણી પોતે જ પી ગયો. પરંતુ, આશ્ચર્ય એ કે પાણી તેણે પીધું અને મારી પ્યાસ બુઝાઈ ગઈ. મને તેનું ઘણું જ આશ્ચર્ય થયું. (મહાભારતમાં ભગવાન શ્રીકૃષ્ણે તાંદળજાનું એક જ પાન ખાઈને દુર્વાસા અને તેમના શિષ્યોની ભૂખ દૂર કરી હતી.) તે પછી અમે બંનેએ પ્રવાસ આરંભ્યો. બંગરપ્પાએ વક્તવ્ય શરૂ કર્યું.

હું સોની કુટુંબમાંથી આવું છું. મેં વિવિધ પ્રકારના મંત્ર, તંત્રમાં પ્રાવીણ્ય મેળવ્યું હતું. મંત્રની શક્તિથી મને ન ગમતા માણસને મારી નાખવાની પણ શક્તિ હતી. હું ભૂત, પ્રેત, પિશાચના સહવાસમાં રહ્યો હતો. મારું નામ સાંભળીને લોકો ભયથી ધ્રૂજતા હતા. જે કોઈ ગામમાં હું જતો ત્યાંના લોકો ડરી જઈને હું ભૂતપ્રેતનો દુષ્ટ પ્રયોગ ન કરું તે માટે મને વિપુલ ધન આપી જતા. મારા ચહેરા પર સામાન્ય માણસમાં દેખાતી નિર્દોષતા, પ્રસન્નતા શાંતિ નાશ પામી, ભૂતપ્રેતની વિકૃત, ક્રૂર અને ભયંકરતા લોકોને જોવા મળી.

પરિભ્રમણ કરતો કરતો પૂર્વપુણ્યાઈથી હું એક વખત પીઠિકાપુરમ્ જઈ પહોંચ્યો. શ્રીદત્ત ભગવાને જ્યાં અવતાર લીધો તે પવિત્ર નગરીમાં પણ ક્ષુદ્ર વૃત્તિવાળા અનેક લોકો હાજર હતા. પરસ્પર કલહ અને દ્વેષભાવ રાખનાર લોકોની પીઠિકાપુરમાં જરાકે ખોટ ન હતી. શ્રી બાપન્નાચાર્ય અને શ્રીપાદ વિશે અનેક ચિત્રવિચિત્ર વાતો મેં કર્ણોપકર્ણ સાંભળી હતી.

મારી વૃત્તિ અનુસાર મેં સહુ પ્રથમ બાપન્નાચાર્યને મારી નાખવાનું નક્કી કર્યું. હું ઝરણામાં જઈ ખોબા ખોબા વડે પાણી પીવા લાગ્યો. મને મનુષ્યને મારી નાખવા માટેની અનેક વિદ્યા આવડતી હતી. તે પૈકી એક વિદ્યામાં જે વ્યક્તિને મારી નાખવી હોય તેનું ધ્યાન ધરીને મારે પાણી પીવાનું. આમ કરવામાં પાણી મારે પીવાનું પરંતુ, પેટમાં જતું તે વ્યક્તિના. હું ઝરણાનું પાણી પીતો હતો ત્યારે બાપન્નાચાર્ય શ્રીપાદપ્રભુ પાસે હતા. શ્રીપાદ બાપન્નાચાર્યના પેટ પર હાથ ફેરવતા અને પાણી ઊડી જતું.

હું પાણી પી પીને થાકી ગયો. પરંતુ, બાપન્નાચાર્ય પર તેનું કોઈ અનિષ્ટ પરિણામ ન થયું. તેઓ પૂર્વવત્ સ્વસ્થ હતા. મારી વિદ્યા આ સમયે કેમ સફળ ન રહી તેનું મને દુઃખ થયું.

:શ્રીપાદપ્રભુની ક્ષુદ્ર વિદ્યા ઉપાસકને શિક્ષા :

મને સર્પવિદ્યાનું જ્ઞાન હતું. એક સર્પમંત્ર બોલું તો તે મંત્રના પ્રભાવે ઈચ્છિત મનુષ્યને ઘેર સાપ જઈને તે વ્યક્તિને દંશ દેતો. મેં બાપન્નાચાર્યનું ધ્યાન ધરી સર્પમંત્રનું ઉચ્ચારણ કર્યું. અનેક સર્પ બાપન્નાચાર્યને ઘેર ગયા અને ત્યાં સ્થિત વેલ પર તુરિયાંની માફક લટકતા રહ્યા. પરંતુ, તે સાપ બાપન્નાચાર્યને કશા જ હાનિકારક બની શક્યા નહીં. બે મુહૂર્તનો સમય થતાં તે બધા સાપ જ્યાંથી આવ્યા હતા ત્યાં પાછા જતા રહ્યા. આમ મારો બીજો પ્રયત્ન પણ અસફળ રહ્યો.

મારા તાબામાં રહેતા ભૂતપ્રેત બાપન્નાચાર્યના ઘર નજીક પણ ફરકી શકતા ન હતા. આ બધું શ્રીપાદપ્રભુના પ્રભાવને લીધે છે તે હું જાણી ચૂક્યો હતો. આટલું જાણ્યા પછી પણ મારી રાક્ષસી વૃત્તિ શાંત થઈ ન હતી. હું સ્મશાનમાં ગયો અને ત્યાં લોટમાંથી શ્રીપાદનું પૂતળું બનાવી તેમનો ઘાત કરવા ઉદ્યુક્ત થયો. આ મારણક્રિયામાં તે પૂતળાને બત્રીસ જગ્યાએ (જે શરીરના મર્મસ્થાનો છે ત્યાં) સોય ભોંકવાની. આમ કરવાથી જેનું પૂતળું બનાવ્યું હોય તે પૂતળાને ૩૨ સ્થળે સોય ભોંકાવાથી અસહ્ય પીડા થાય છે. એટલું જ નહીં, પણ તે સોય ઓગળીને તેમના લોહીમાં ભળી જઈ ઝેરસમ બની જાય છે અને તેમાં તે વ્યક્તિનું નિશ્ચિત મૃત્યુ થાય છે. આ રીતે શ્રીપાદનો અંત લાવવા હું પ્રવૃત્તિશીલ રહ્યો. પરંતુ, આ પ્રયોગ પણ નિષ્ફળ રહ્યો.

એક રાત્રે મારા શરીરમાં પાણી ભરાતું હોય તેમ જણાયું. મને તેનાથી પ્રાણાંતક વેદના થવા લાગી. બાપન્નાચાર્યને ઘેર મોકલેલા સર્પો આવીને મને જ દંશ દેવા લાગ્યા. શ્રીપાદના પૂતળાને જે જે સ્થળે મેં સોયો ભોંકી હતી તે તે સ્થળે મને અસહ્ય પીડા થતી હતી. મને નરકની યાતના જેવું દુઃખ થયું. છેવટે હારીને હું શ્રીપાદપ્રભુને મનઃપૂર્વક શરણે ગયો. મને અંતર્દૃષ્ટિથી

શ્રીપાદપ્રભુનાં દર્શન થયાં. તેમના મુખથી અમૃત વચનો ફૂટ્યાં. તેમણે કહ્યું:- "હે બંગરપ્પા, તેં કરેલા મોટા પાપને લીધે અનેક વર્ષો સુધી તારે ઈહલોકમાં અસહ્ય યાતના ભોગવ્યા બાદ નરકમાં પણ અનંત દુઃખોને સહન કરવાનું થાત. પરંતુ, હું તારા પર કૃપા કરું છું. જેથી એક જ રાત્રીમાં થયેલા દુઃખ દ્વારા તારાં પાપકર્મોનો નાશ કરું છું. તેમ છતાં, તરસથી વ્યાકુળ મનુષ્યને અંતર્દષ્ટિથી ન દેખાતાં તું પોતે પાણી પીને તે મનુષ્યની તૃષા છીપાવી શકીશ. ગુલાંટ ખાવી તે એક યોગપ્રક્રિયા છે. તેના અભ્યાસ દ્વારા તું આનંદ પ્રાપ્ત કરીશ. આજથી તું સાત્ત્વિક પ્રવૃત્તિનો સ્વીકાર કરી જીવન વ્યતીત કરજે. મારા માતાપિતાને ઘેર અથવા શ્રી બાપન્નાચાર્યને ઘેર પગ મૂકવા પણ ઘણાં જન્મોનું પુણ્યભાથું જોઈએ. આ જન્મમાં તારી પાસે તે નથી."

આગળ પર શ્રીપાદપ્રભુએ કહ્યું:- "જીવન આપનાર પરમેશ્વર છે માટે પ્રાણ લેવાનો અધિકાર પણ પરમેશ્વરને જ છે. માતાપિતા જન્મદાતા હોવાથી પરમ પૂજ્ય હોય છે. તેમની વૃદ્ધાવસ્થામાં તેમના પ્રતિ અનાદર દાખવનારા પ્રત્યે મારો કૃપાકટાક્ષ હોતો નથી. તેં તારી ક્ષુદ્રવિદ્યાથી કેટલાંય નિષ્પાપ લોકોના જાન લીધા. તે પાપોનું ફળ તને શંકર ભટ્ટ નામનો કર્ણાટકી બ્રાહ્મણ મળશે ત્યાં સુધી તું ભોગવીશ. તે પછી તે નિઃશેષ થશે."

"તે શંકર ભટ્ટ મારું ચરિત્ર આલેખન કરશે તેમ શ્રીપાદપ્રભુએ મને કહ્યું હતું. આ ઘટના બની ત્યારે શ્રીપાદપ્રભુની ઉંમર ૭-૮ વર્ષની હતી. તે દિવસથી હું તારી પ્રતીક્ષા કરી રહ્યો છું. આજનો દિવસ મારા માટે અગત્યનો અને શુભ છે." આ પ્રમાણે બંગરપ્પાનું વક્તવ્ય પૂરું થયું. આ ઘટના મને અચંબામાં નાખનારી હતી. મેં મારી શંકા પ્રગટ કરતાં કહ્યું: તમે પાણી પીઓ અને બીજાની તરસ છીપે- આનું રહસ્ય શું?

બંગરપ્પાએ કહ્યું:- એક યોગપ્રક્રિયા વડે હું બીજા જીવોના પ્રાણમય શરીર સાથે અનુસંધાન કરું છું. તે ક્રિયા દ્વારા આ પ્રકારનું તાદાત્મ્ય ભાવનાથી સાધ્ય થાય છે. રામાયણમાં કથા આવે છે કે કિષ્કિંધા નગરીના વાનરરાજાને એક યોગપ્રક્રિયા સાધ્ય હતી. જેનાથી તેની સામે યુદ્ધમાં પ્રતિસ્પર્ધા કરતાં તેની શક્તિ બેવડાઈ જતી હતી. આ કારણથી પ્રભુ રામચંદ્રે તેની સામે પ્રગટ થયા

વગર ઝાડીમાં છૂપાઈને તેનો વધ કર્યો હતો. સામે જાત તો વાલી પાસે રામચંદ્રજી કરતાં પણ શક્તિ બમણી થાત.

વિશ્વામિત્ર મહર્ષિએ રામ-લક્ષ્મણને બલા અને અતિબલા નામના અત્યંત પવિત્ર મંત્રોનો ઉપદેશ કર્યો હતો. આ મંત્રનાં સ્પંદનોના પ્રભાવથી પ્રાણશક્તિની સિદ્ધિ શક્ય બને છે. માનવ શરીરના શુદ્ધિકરણ માટે ક્રમિક બાર અવસ્થા છે. પ્રભુ રામચંદ્રજીનો દેહ બારમી અવસ્થામાં હતો. શ્રીપાદપ્રભુનો દેહ પણ દેહશુદ્ધિની બારમી અવસ્થામાં હોવાથી તેમનામાં અનંત શક્તિ, અનંત જ્ઞાન, અનંત વ્યાપકતા, સહજ રીતે સિદ્ધ હતી.

: સાધનામાર્ગની સાત ભૂમિકાઓ :

માનવવિકાસની સાત ભૂમિકાઓ છે. પ્રથમ ભૂમિકામાં મનુષ્ય સ્થૂળ દેહેન્દ્રિયો અને સૂક્ષ્મ દેહેન્દ્રિયોનો ઉપયોગ એક સાથે કરી શકે છે.

બીજી ભૂમિકામાં સૂક્ષ્મ દેહેન્દ્રિયોને આધારે સૂક્ષ્મ જગતમાં પ્રવેશ કરી નાના નાના ચમત્કાર કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે.

ત્રીજી ભૂમિકામાં પ્રવેશ થતાં સૂક્ષ્મ શરીર દ્વારા દૂર પ્રયાણ કરી શકાય છે. ત્રીજી અને ચોથી ભૂમિકા વચ્ચે વશીકરણ કેન્દ્ર હોય છે. વશીકરણમાં હોઈએ ત્યારે આપણે જે સ્થિતિમાં હોઈએ તે જ સ્થિતિમાં રહીએ છીએ. ગૌતમ ઋષિએ અહલ્યાને શાપ આપ્યો ત્યારે અહલ્યાને આશ્ચર્ય થયું. તેનું શીલ અક્ષય છે તેમ તેનો દૃઢ વિશ્વાસ હતો. પ્રભુ રામચંદ્રનાં દર્શન સુધી તે તેવી જ સ્થિતિમાં રહી. અહલ્યાનું શરીર પથ્થરમય થયું હતું. તે જ રીતે તેનું મન પણ (પથ્થરમય) બની ગયું હતું. એટલે કે તે ત્રીજી અને ચોથી ભૂમિકા વચ્ચેના વશીકરણ કેન્દ્રમાં (અવસ્થામાં) સ્થિત હતી.

પ્રભુ રામચંદ્રની પદરજને સ્પર્શ થતાં જ તેનું મનોપુષ્પ વિકસિત થયું અને તે સહજ સ્થિતિમાં પાછી આવી.

ચોથી ભૂમિકામાં પહોંચતાં જ આત્માને વિશાળ યોગશક્તિનો લાભ થાય છે. આ યોગશક્તિનો પોતાના અંતરાત્માના બોધ

અનુસાર લોકકલ્યાણ અર્થે વિનિયોગ કરવામાં આવે તો સાધકને તેનાથી પણ ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત થાય છે. પરંતુ, પાપકાર્યનું નિમિત્ત થનાર તુચ્છ સ્વાર્થ પ્રયોજન માટે જો તે શક્તિને વાપરવામાં આવે તો સાધકનું પતન થઈ તેનું ચૈતન્ય શિલા જેવું, પથ્થર જેવું થવાની ધાસ્તી હોય છે. તે પછી હજારો જન્મ પછી માનવજન્મ મળી શકે છે.

પાંચમી ભૂમિકા પર સાધક હોય તો તે સંકલ્પજ્ઞાની હોય છે.

છઠ્ઠી ભૂમિકા પર સ્થિત સાધક ભાવજ્ઞાની હોય છે. સંકલ્પજ્ઞાની સાધક દૈવી સાક્ષાત્કાર સાથે પ્રાપંચિક કાર્યો પણ કરે છે. ભાવજ્ઞાની સાધકોને પ્રાપંચિક કાર્યકલાપનો અભ્યાસ ખૂબ જ ઓછો હોય છે.

સાતમી ભૂમિકામાં રહેલો સાધક પરમાત્મા પાસેથી જ્ઞાનની પ્રાપ્તિ કરી શકે છે.

: અવતારી પુરુષ અને સાધકનો ભેદ :

બંગરપ્પાએ કહેલી વાતો સાંભળીને મારા મનમાં કેટલીક શંકાઓ ઉદ્‌ભવી. તે શંકાઓને નિર્મૂળ કરવા મેં (શંકર ભટ્ટે) બંગરપ્પાને પ્રશ્ન કર્યોઃ- "ભક્તરાજ, જીવનમાં કેવળ પરિણામક્રમ જ હોય છે? પરિણામક્રમ અવતારી પુરુષોને પણ લાગુ પડે છે?" મારા પ્રશ્નના જવાબમાં બંગરપ્પાએ કહ્યુંઃ- અવતારી પુરુષ કાળના મહિમાથી પ્રાદુર્ભૂત થાય છે. માનવ જ્યારે ભગવાન થાય છે ત્યારે તે સમર્થ સદ્‌ગુરુ જેવી પદવી પામે છે. દેવ જો માનવરૂપમાં અવતરે તો તેઓ અવતારી પુરુષ તરીકે ઓળખાય છે.

માછલી જળમાં વેગથી તરી શકે છે. કૂર્મ (કાચબો) જમીન અને પાણી બંને સ્થળે રહી શકે છે. વરાહ એટલે ખડ્‌ગમૃગ, ભૂમિ પર સહજ રીતે ચાલી શકે તેવું પ્રાણી. સિંહ પ્રાણીઓમાં સર્વ શ્રેષ્ઠ પ્રાણી છે. નરસિંહ અવતારમાં ભગવાન વિષ્ણુએ સિંહનું મુખ અને મનુષ્યનું ધડ એવું સંયુક્તરૂપ ધારણ કર્યું હતું.

યાચના પ્રવૃત્તિવાળો તમોગુણપ્રધાન વામન અવતાર. રજોગુણ યુક્ત પરશુરામ અવતાર. સત્ત્વગુણપ્રધાન રહેલો

રામાવતાર. ત્રિગુણાતીત, નિર્ગુણતત્ત્વપ્રધાન એવો કૃષ્ણાવતાર. કર્મપ્રધાન એવો બુદ્ધ અવતાર. સમસ્ત સૃષ્ટિનો એકત્વમાંથી અનેકત્વ અને અનેકત્વમાંથી એક એવા પોતાનામાં સમાઈ જનાર, અત્યંત અદ્‌ભુત, અત્યંત વિલક્ષણ યુગાવતાર એટલે જ શ્રીપાદશ્રીવલ્લભાવતાર.

શ્રીપાદપ્રભુ સાથે સંબંધ ન હોય તેવો યોગસંપ્રદાય, મત, ધર્મ ક્યાંયે નથી. શ્રીપાદપ્રભુની સ્થિતિ બુદ્ધિવાનોને પણ સમજ પડે તેવી નથી. તેમના જેવા બીજા કોઈ નહીં પણ ફક્ત તેઓ જ છે. સર્વ સિદ્ધાંતોનો, સર્વ સંપ્રદાયોનો તેમનામાં સમન્વય છે. આ સૃષ્ટિનું આદિ બિંદુ અને અંતિમ બિંદુ પણ તેઓ જ છે. સ્પંદનશીલ જગદ્‌વ્યાપારનું નિરીક્ષણ કરનાર, સંકલ્પ કરનાર, ક્ષય કરનાર તેઓ જ છે. આ અત્યંત ગૂઢ એવું દેવ રહસ્ય છે. સપ્તર્ષિઓને જે ન સમજાયું તેને હું કેવી રીતે સમજાવું? હે શંકર ભટ્ટ, તું ખરેખર ધન્ય છે. તેમનું નિર્વ્યાજ કારુણ્ય જેને લાભશે તે ખરેખર ધન્ય છે. બીજા બધા જીવ વ્યર્થ છે.

: સત્કર્મ અને દુષ્કર્મ ફળવિવરણ :

મેં (શંકર ભટ્ટે) બંગરપ્પાને મારી શંકા આ પ્રમાણે રજૂ કરીઃ- "મહારાજ, મને એક શંકા થાય છે. સમસ્ત કર્મનો બોધ કરી ઊચ્ચ કુળમાં અને થોડા લોકોને નીચ કુળમાં કેમ જન્મ આપે છે?" મારો પ્રશ્ન સાંભળી બંગરપ્પા મોટેથી હસ્યો અને તેણે કહ્યુંઃ- તેં સારો પ્રશ્ન પૂછ્યો. સર્વ સૃષ્ટિ દ્વંદ્વમાંથી નિર્માણ થયેલી છે. મૃત્યુનો ભય ન હોય તો જન્મદાત્રી 'મા' પણ પોતાના પુત્રને પ્રેમ નહીં કરે.

વેદોમાં પુરુષ શબ્દ આત્માના અર્થમાં વપરાયો હોવા છતાં આત્મા એટલે પુરુષ નથી. પુરુષ શબ્દ દેહને સૂચિત કરે છે અને આત્મા એ દેહ નથી. આત્મા શરીરથી ભિન્ન હોઈ અજન્મા, અવ્યક્ત, અચિંત્ય અને વિકારરહિત છે. માનવ અને પ્રાણીમાત્રમાં એક જ આત્મા નિવાસ કરે છે. મનુષ્ય અને દેવમાં માત્રા ભેદ છે. આ ભેદને લીધે જ મનુષ્ય દેવત્વ પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ

હોય છે. આ પ્રયત્નને લીધે જ માનવનો વિકાસ થાય છે.

દેવોમાં ફક્ત સારી સર્જનાત્મક શક્તિઓ જ હોય છે તેમ નથી. કેટલીક વિઘટનકારક તેમજ વિનાશકારક શક્તિઓ પણ હોય છે. જે તે શક્તિનો આવશ્યકતાનુસાર ઉપયોગ કરી સૃષ્ટિનું સંચાલન સુવ્યવસ્થિત રીતે ચાલે તે માટે દેવો કામ કરે છે.

મનુષ્યના જન્મમાં સુખ અને દુઃખ પૂર્વકર્માનુસાર આવે છે. જીવનમાં દુઃખો આવે છે એટલે મનુષ્યને સુખનું મહત્ત્વ (કીંમત) સમજાય છે અને સુખ મેળવવા માટે તે ઈચ્છા રાખે છે. સૃષ્ટિમાં અનેક વખત એવું દેખાય છે કે અનેક દુષ્ટ, કુકર્મી, જનતાને ત્રાસ આપનાર લોકો અત્યંત સુખી જીવન જીવે છે અને સત્યવચની, પ્રામાણિક, સદાચારી, સત્ત્વશીલ વ્યક્તિને અનેક દુર્ઘટ સંકટોનો સામનો કરવો પડે છે. આવી વિપરીત સ્થિતિનું કારણ એ જ કે કુકર્મ કરવા છતાંય અત્યંત સુખનો ઉપભોગ કરનાર લોકોએ પૂર્વજન્મમાં કેટલાંક સત્કર્મો કરેલાં હોય છે. તે સત્કર્મોનાં ફળસ્વરૂપ તેમને આજે મળતા સુખોપભોગ પ્રાપ્ત થયા છે.

તે જ પ્રમાણે અત્યંત પ્રામાણિક, સત્ત્વશીલ સજ્જન લોકો આજે દુઃખ ભોગવે છે તે તેમના પૂર્વજન્મનાં પાપના ફળસ્વરૂપ જ. મનુષ્યને પોતાનાં પાપ અને પુણ્યનું ફળ તરત ભોગવવા મળતું નથી. તેને કેટલોક સમય લાગે છે. પુણ્ય અથવા પાપ અત્યંત તીવ્ર સ્વરૂપનું હોય તો તે ફળ ત્વરિત મળે છે. મનુષ્યને ઈશ્વરે વિવેકબુદ્ધિ આપી હોવાથી સારું વા નરસું કામ કરવું મનુષ્યના હાથની વાત છે. તેણે સ્વેચ્છાએ કર્મ કરેલું હોવાથી તેને તેનું ફળ ભોગવવું પડે છે. સમાજમાં અધર્મ વધે, દુષ્ટ, દુરાચારી લોકો દ્વારા સજ્જનો અને સંતોનું છળ થાય તેવા સમયે ભગવાન સગુણરૂપ ધારણ કરી અવતાર લઈ પાપી, દુરાચારી લોકોનો નાશ કરી, ધર્મ અને સજ્જનોનું, સંતોનું રક્ષણ કરે છે.

હજારો વર્ષોથી આકાશમાં તારા, ગ્રહો હતા. પરંતુ, તે હાલમાં છે તે પ્રમાણે સુવ્યવસ્થિત ન હતા. કાળે કરીને અનેક તારાઓ નીચે ખરીને તેનું પથ્થરમાં રૂપાંતર થયું. અનેક ગ્રહ એકબીજામાં સમાઈ ગયા. પૃથ્વી સાથે બધા જ ગ્રહો સૂર્યની આજુબાજુ ભ્રમણ

કરે છે. આ બધા ગ્રહોનાં આકર્ષણ, વિકર્ષણ (અપાકર્ષણ)ને લીધે જ સમગ્ર સૃષ્ટિ ચાલી રહી છે. તે સૂર્યની આસપાસ પરિક્રમા કરે છે.

પરમેશ્વર પ્રતિ આકર્ષાઈને લોકો આસ્તિક થાય છે અને સત્કર્મ કરવા પ્રયત્નશીલ થાય છે. જે લોકોને પરમેશ્વર પ્રતિ આકર્ષણ નથી હોતું તેઓ નાસ્તિક થઈ દુષ્કર્મો કરવા પ્રવૃત્ત થાય છે. આ બંને પ્રકારનાં કર્મો માટે મનુષ્ય પોતે જ જવાબદાર (આધારરૂપ) હોય છે.

: વેલુપ્રભુ નરેશનો ગર્વભંગ :

પીઠિકાપુરમ્ નગરમાં વેલુપ્રભુ નામના રાજા રાજ્ય કરતા હતા. તેઓ પ્રજાદક્ષ હોઈ વેશપલટો કરીને પ્રજાની સ્થિતિનું અવલોકન કરવા રાત્રે નગરચર્યા માટે જતા. એક વખત શ્રીપાદને મળવાની તેમને તીવ્ર ઇચ્છા થઈ. આથી તેમણે પોતાના સેવકને આજ્ઞા કરી કે અપ્પલરાજને ઘેર જઈ શ્રીપાદને તત્કાળ લઈ આવો. ઘેર શ્રીપાદના દાદા શ્રી બાપન્નાચાર્ય હાજર હતા. સેવકે તેમને રાજાની આજ્ઞા સંભળાવી. દાદાએ શ્રીપાદને કહ્યું:- "પીઠિકાપુરમ્‌ના મહારાજાએ તને મળવા માટે બોલાવ્યો છે."

શ્રીપાદે દાદાને કહ્યું:- દાદાજી, રાજાના મનમાં ભક્તિભાવ નથી. તે અહંકારથી મને રાજમહેલમાં આવવા આજ્ઞા કરે છે. તેમના મનમાં ઘમંડ છે કે તેમની સત્તા બધે જ ચાલે છે. તેઓ કહે તેમ જ થવું જોઈએ. પરંતુ, મારાં દર્શન થવાં એટલાં સહેલાં નથી. આ હકીકતની તેમને જાણ નથી. હું નરેશને મળવા જઈશ નહીં. શ્રીપાદપ્રભુએ રાજસેવકોને કહ્યું:- તમારા મહારાજ ફક્ત આ પીઠિકાપુરમ્‌ના રાજા છે. હું તો સમસ્ત વિશ્વનો ચક્રવર્તી સમ્રાટ છું. તમારા રાજાને જઈને કહો કે તેમને મારાં દર્શનની ઇચ્છા હોય તો પોતે જ અમારે ઘેર આવે. આવતી વખતે સાથે ગુરુદક્ષિણા અને ચક્રવર્તી સમ્રાટને યોગ્ય તેવું નજરાણું લેતા આવે.

શ્રીપાદપ્રભુનું વક્તવ્ય સાંભળી અપ્પલરાજ અને દાદા બાપન્નાચાર્યે પરસ્પર વિચારવિનિમય કરી રાજસેવકોને પાછા

મોકલી દીધા. રાજસેવકોએ શ્રીપાદપ્રભુનો સંદેશ રાજાજીને કહ્યો. સંદેશો સાંભળી રાજા એકદમ ગુસ્સે થયા. તેઓ ગુસ્સામાં બોલી ઊઠ્યાઃ- હું આ નગરનો રાજા છું. મારી આજ્ઞાનું ઉલ્લંઘન શ્રીપાદ કેમ કરે છે તે હું જોઈશ. આ વાક્ય માંડ પૂરું થાય ત્યાં જ રાજાજીને ચક્કર આવીને સિંહાસન પરથી ગબડી પડ્યાં. બધા જ સેવકો સિંહાસન આગળ એકઠાં થયા.

સેવકોએ રાજાને પાણી પીવડાવીને તેમને ભાનમાં લાવવા પ્રયત્નો શરૂ કર્યાં. તેમની બધી શક્તિ હણાઈ ગઈ હોય તેમ લાગ્યું અને તેમને ભયંકર યાતના થવા લાગી. તરત જ રાજપુરોહિત શ્રી કોટસુંદર શર્માને બોલાવવામાં આવ્યા. રાજપુરોહિત તત્કાળ રાજમહેલમાં આવ્યા અને તેમની પરિસ્થિતિ જોઈ જાતે શ્રી દત્તાત્રેયની શ્રદ્ધાપૂર્વક પૂજા કરી તીર્થ પ્રસાદ રાજાજીને લાવી આપ્યો અને કપાળે વિભૂતિ લગાડી. રાજાને થોડું સારું લાગ્યું.

રાજપુરોહિતે કહ્યુંઃ- જોયું, મારી પૂજાનું પરિણામ? તમે શ્રીપાદશ્રીવલ્લભના દર્શનની ઈચ્છા કરી તે વ્યર્થ છે. કારણ કે તેઓ સ્વયં દત્ત ભગવાનના અવતાર છે. તેમની પૂજા કરવાથી નાની મોટી સિદ્ધિ મળે છે. બાપન્નાચાર્યને પણ તેમને લીધે જ મંત્રસિદ્ધિ પ્રાપ્ત થઈ છે. શ્રી વેંકટશાસ્ત્રી ધૂર્ત વૈશ્ય છે અને શ્રીપાદપ્રભુ પાસે અનેક સિદ્ધિઓ છે તેમ તે પ્રચાર કરતો રહે છે. હે રાજાજી, આપ શક્તિ સંપન્ન હોવા છતાંય શ્રીપાદપ્રભુને બાંધીને લાવવા યોગ્ય નથી અને આપણને ફાયદાકારક નથી.

રાજાજીએ રાજપુરોહિતને કહ્યુંઃ- શ્રીપાદશ્રીવલ્લભે કોઈ દુષ્ટ શક્તિનો ઉપયોગ કરી મને ત્રાસ આપ્યો છે. તેમાંથી બચવા માટે કોઈ ઉપાય સૂચવો. દત્ત ભગવાન પ્રતિ શ્રદ્ધા રાખનાર રાજપુરોહિતે કહ્યુંઃ- મહારાજ, આપણે બ્રાહ્મણો દ્વારા શ્રીદત્તપુરાણનું પારાયણ કરાવીએ. પીઠિકાપુરના સ્વયંભૂ દત્તાત્રેયની પૂજા કરી સમારાધના કરાવવી અને બ્રાહ્મણોને ભૂમિદાન, સુવર્ણદાન તથા અન્નદાન કરવું. આમ કરવાથી દત્ત ભગવાન પ્રસન્ન થઈ તમારો વ્યાધિ પૂર્ણતઃ મટાડશે.

રાજપુરોહિતની સલાહ અનુસાર રાજાજીએ વિદ્વાન બ્રાહ્મણો દ્વારા શ્રીદત્તપુરાણના પારાયણનો પ્રારંભ કર્યો. પરંતુ, એક આશ્ચર્યકારક ઘટના એ ઘટી કે નગરમાં ચોરોનો ઉપદ્રવ ખૂબ જ વધ્યો. રાજા તેને કેમે કરી નિયંત્રણમાં લઈ શક્યો નહીં.

રાજાને રાત્રે સ્વપ્નમાં તેમના મૃત પિતૃઓ દેખાયા. પિતૃઓ એકદમ ક્ષીણ અને દુબળા દેખાતા હતા.

સમસ્ત પિતૃઓએ ફરિયાદના સ્વરમાં કહ્યું:- અરે વેલુ, તું અમને શ્રાદ્ધભોજન આપતો નથી. આ પ્રેતયોનિમાંથી મુક્ત કરવા તું કશો જ પ્રયત્ન કરતો નથી. રાજાજીએ કહ્યું:- હું શાસ્ત્ર અનુસાર શ્રાદ્ધાદિ કર્મ તો કરું છું. પિતૃઓ બોલ્યા:- પરંતુ, તેનો કશો જ લાભ અમને મળતો નથી. બ્રાહ્મણો માત્ર મિષ્ટાન્નો ખાઈને પુષ્ટ થાય છે (બ્રાહ્મણો શ્રદ્ધાથી તે કરતા નથી). યજમાન અને બ્રાહ્મણો બંનેએ શ્રદ્ધાપૂર્વક શુદ્ધ મંત્રોચ્ચાર સાથે શ્રાદ્ધકર્મ કરવું જોઈએ. ત્યારે જ તેનો લાભ અમને પ્રાપ્ત થાય છે.

પિતૃઓની ફરિયાદ સાંભળીને રાજાજીને આખી રાત નિદ્રા ન આવી. તે જ સમયે રાજાની ઉપવર કન્યા ભૂતબાધાથી ગ્રસ્ત થઈને વાળ છૂટા મૂકીને વિકટ હાસ્ય કરતી ઘરમાંથી વસ્તુઓ ઘર બહાર ફેંકવા લાગી. રાજકન્યા જમવા બેસે તો અન્નમાં તેને કીડા દેખાતા. આથી તે બધું અન્ન થાળી સાથે દૂર ફેંકી દેતી. તેના શરીર પરનાં વસ્ત્રો એકદમ સળગી ઊઠતાં. આ પ્રમાણે રાજાજી અનેક સંકટોથી ઘેરાયા. તેઓની સ્થિતિ એકદમ દયનીય બની.

રાજાને મદદ કરનાર રાજપુરોહિતની સ્થિતિ પણ અત્યંત શોચનીય થઈ. તેમની શાંત સ્વભાવની પત્ની એકદમ ઉગ્ર સ્વભાવની થઈ ગઈ. પત્ની રાજપુરોહિતના માથા પર વાસણોનો પ્રહાર કરવા લાગી. રાજપુરોહિતના દીકરાએ પોતાના પિતાને દોરી વડે થાંભલા સાથે બાંધી દીધો. તેને જ્યારે ભૂખ લાગી ત્યારે પુરોહિત સામે પુત્રે ઘાસનો ભારો મૂક્યો અને ઘાસના ભારાને ન ખાવાને લીધે પુત્ર પિતાને આગથી દઝાડવા તૈયાર થયો.

પારાયણ કરવા માટે જે બ્રાહ્મણોની પસંદગી થઈ હતી, તે બ્રાહ્મણો પારાયણ સમાપ્ત કરી, ભોજન લઈ ઘેર પાછા ફર્યા. ઘેર પાછા ફર્યા તો તેમના ઘરમાં બ્રાહ્મણોને ઉત્પાત કરતા અનેક ભૂત-પ્રેત દેખાવા લાગ્યા. વિકરાળ દેખાતા ભૂત-પ્રેતને જોઈ બ્રાહ્મણો ખૂબ જ ભય પામ્યા. ભૂતો બ્રાહ્મણોને કહેવા લાગ્યા:- તમારા રાજાએ અસંખ્ય પાપ કર્યાં છે. સ્ત્રીપ્રેતો કહેવા લાગ્યા:- તમારા રાજાએ અમને અમારા પતિથી દૂર કરીને અમારા પર અનેક અત્યાચારો કર્યાં છે. રાજાએ અનીતિથી મેળવેલું ધન તમે

દાનસ્વરૂપમાં સ્વીકાર્યુ આથી અમે તમને ત્રાસ આપીશું.

ઉપર જણાવેલી અત્યંત કષ્ટદાયક પરિસ્થિતિથી રાજા, રાજપુરોહિત અને પારાયણના બ્રાહ્મણો ખૂબ જ ભય પામ્યા. આ ભીષણ પરિસ્થિતિમાંથી કેમ છૂટવું તેની ખબર પડતી ન હતી. ખૂબ જ ભયભીત થઈને રાજાજીએ રાજપુરોહિતને કહ્યું:- દત્તપુરાણના પારાયણથી સર્વ દુઃખો દૂર થશે અને સુખ પ્રાપ્તિ થશે તેમ લાગતું હતું. પરંતુ, બધું જ વિપરીત અનુભવવા મળ્યું. તેમને હવે શ્રીપાદશ્રીવલ્લભપ્રભુના સામર્થ્યની કલ્પના આવી. પોતાની બુદ્ધિથી કરેલા ઉપાયથી પસ્તાવો થયો.

અંતે મહારાજા, રાજપુરોહિત અને બ્રાહ્મણો શ્રીપાદપ્રભુનાં દર્શન કરવા તેમને ઘેર ગયા. બધા જ લોકોએ સ્વામીની અંતઃકરણપૂર્વક ક્ષમા યાચી. ક્ષમાશીલ, દયાશીલ, શ્રીપાદપ્રભુએ ઉદાર અંતઃકરણથી તેમના અપરાધો માફ કર્યા. શ્રીપાદપ્રભુએ કહ્યું:- આ સૃષ્ટિમાં પ્રત્યેક જણ સેવક જ છે. હું જ્યારે પ્રસન્ન થાઉં છું ત્યારે તે સેવકને સેવાનું (મહત્તમ) ફળ આપું છું. જ્યારે તેમની વર્તણૂંકથી અપ્રસન્ન થાઉં છું ત્યારે સેવાનું અતિ લઘુત્તમ ફળ આપું છું. મંદિરમાં સ્થિત સ્વયંભૂ દત્ત પણ હું જ છું. કાલાગ્નિ રૂપમાં સ્થિત શ્રીદત્તનું રૂપ પણ મારું જ રૂપ છે.

હું જીવોના ઉદ્ધાર માટે શ્રીપાદશ્રીવલ્લભરૂપમાં અવતર્યો છું. શ્રદ્ધાયુક્ત અંતઃકરણથી જે કોઈ મારી ભક્તિ કરે છે તેના પર હું પ્રસન્ન થાઉં છું. મારા માતા-પિતા સૌ. સુમતિ અને શ્રી અપ્પલરાજ એ પ્રત્યક્ષ શ્રીલક્ષ્મી અને ભગવાન વિષ્ણુ જ છે. મારા દાદા પુરાતન કાળમાં લાભાદ મહર્ષિ હતા. મારો જન્મ ગણેશ ચતુર્થીના દિવસે થયો.

હું આગામી નૃસિંહસરસ્વતી અવતારમાં મારા દાદા શ્રી બાપન્નાચાર્ય જેવો દેખાઈશ. આગામી અવતારમાં જ્યારે હું ગંધર્વપુરમાં નિવાસ કરીશ ત્યારે અનેક ભૂતપ્રેતને તે યોનિમાંથી મુક્ત કરીશ. વિપુલ ધન, દોલત, શક્તિ, સામર્થ્ય હોય તો પણ કોઈ દિવસ અભિમાન ન કરવું. સંપત્તિ નીતિના માર્ગે મેળવેલી હોવી જોઈએ, ખોટા માર્ગે મેળવેલી નહીં. અનીતિના માર્ગે મેળવેલી સંપત્તિ દુઃખ, ક્લેશ, અશાંતિ, વૈમનસ્ય, આપસમાં ફાટફૂટનું કારણ બને છે.

દરેકનો પાપપુણ્યનો ચોપડો ચિત્રગુપ્ત પાસે હોય છે. તમારું પાપ નષ્ટ કરવા માટે મારા શરણે આવો અને શ્રીપાદશ્રીવલ્લભા, દત્તાત્રેયા, દિગંબરા એમ આર્તસ્વરે પોકાર કરતાં હું તમારા સર્વ પાપોનું દહન કરી તમને પુણ્યાત્મા બનાવીશ. હે રાજા, જે સત્ય છે તેને અસત્ય ઠરાવ્યું અને અસત્ય છે તેને સત્ય પ્રતિપાદિત કર્યું. આથી, તારે અનેક સંકટોનો સામનો કરવો પડ્યો. શ્રીપાદશ્રીવલ્લભનું યોગ્ય સન્માન ન કરતાં અને ઉપરથી તેમની નિંદા કરવાથી શ્રીદત્તપુરાણ ગ્રંથનું પારાયણ કરવા છતાંય તેનું શાસ્ત્રીય ફળ ન મળ્યું અને માત્ર સંકટોનો જ સામનો કરવો પડ્યો. શ્રીદત્ત પ્રભુ સ્વયં શ્રીપાદશ્રીવલ્લભ છે એ ત્રિવાર સત્ય છે.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૧૫ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋


દત્તાવતાર ભગવાન શ્રીનૃસિંહસરસ્વતી સ્વામીમહારાજ. કારંજા. કર્દલીવન
જય જય સ્વામી સદ્‌ગુરુ વંદું વારંવાર; જગદુદ્ધારે તેં ધર્યું નરરૂપ આ સાર!
આપ ભક્તિસુખ તાહરું, તેમ સત્સંગ તદર્થ; દોડ હવે નૃસિંહસરસ્વતી, જાય જન્મ આ વ્યર્થ!!

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૧૬

શ્રીમન્નારાયણ વૃત્તાંત

હું (શંકર ભટ્ટ) શ્રીપાદશ્રીવલ્લભ ચરિત્રનું સ્મરણ કરતાં કરતાં રસ્તો કાપતો હતો. શ્રીપાદપ્રભુ કુરવપુરમાં જ નિવાસ કરે છે, તે જાણીને મનમાં ખૂબ જ આનંદ થયો. તેમનાં દર્શન કરવાની તાલાવેલી દરેક ક્ષણે વધતી જ હતી. રસ્તામાં એક શેરડીનું ખેતર આવ્યું. તે ખેતરમાં ખેડૂત આનંદથી બેઠો હતો. શેરડીનો રસ કાઢી તેમાંથી ગોળ બનાવવાનું એક બાજુએ ચાલુ હતું. ખેતરમાં ખાટલા પર બેઠેલા ખેડૂતે મને આદરથી બોલાવ્યો અને પ્રેમથી શેરડીનો રસ આપ્યો. શેરડીનો રસ ખૂબ જ મીઠો હતો.

હું શ્રીપાદશ્રીવલ્લભનાં દર્શન કરવા જાઉં છું તે જાણી તે ખેડૂતને ખૂબ જ આનંદ થયો. તે ખેડૂતે પોતાની હકીકત કહેવાનું શરૂ કર્યું. કાકા મારું નામ મલ્લાદિ. અમારું ગામ મલ્લાદિપુરમ્. પરંતુ, કાળાંતરે તેનો અપભ્રંશ થઈ લોકો તેને મલ્લાદિ નામથી ઓળખવા લાગ્યા. શ્રીપાદશ્રીવલ્લભના દાદા શ્રી બાપન્નાચાર્યની અટક પણ મલ્લાદિ હતી. તેઓ બ્રાહ્મણ હતા, જ્યારે અમે ચૌધરી (પટેલ) છીએ. તેમનો અને અમારો ઘણો જ નજીકનો સંબંધ હતો. ત્યારે, અમે મલ્લાદિપુરમ્ ગામ છોડીને પીઠિકાપુરમ્ ગામે કાયમના રહેવા આવ્યા.

તે સમયે અમારી પરિસ્થિતિ ખૂબ જ વિકટ હતી. સર્વ સ્થાવર અને જંગમ માલમત્તા વેચીને ફક્ત પહેરેલાં કપડાં સાથે અમે પીઠિકાપુરમ્ કાયમ વાસ્તવ્ય માટે આવ્યા. શ્રી બાપન્નાચાર્યે અમને પ્રેમથી જમાડ્યા. તેમનું ખેતર ખેડવાની અમે ઈચ્છા પ્રગટ કરી. તે દિવસે શ્રીપાદપ્રભુ ઘેર જ હતા. તેમણે કહ્યું:- શ્રી બાપન્નાચાર્યના ઘરનું અન્ન ભગવાનને ધરાવેલા પ્રસાદ જેવું

પવિત્ર હોય છે. ઈશ્વરની કૃપા વગર આ પ્રસાદ મળતો નથી. શ્રી બાપન્નાચાર્યનાં દર્શન પણ મળવાં દુર્લભ છે. તમારું પુણ્ય પણ ખરું જેથી તમને તેમનાં દર્શન થયાં!

તે પછી બાપન્નાચાર્યે અમને કહ્યું:- અમે અમારું ખેતર એક ખેડૂતને ખેડવા આપ્યું છે. તેમને કોઈ પણ કારણ વગર કાઢી નાખીએ તો તે ધર્મ વિરુદ્ધ થશે. હવે તમે એક મૂઠ્ઠી ભરીને અડદ એક કપડાંમાં બાંધીને પશ્ચિમ દિશામાં જાવ. તમારી મનોકામના પૂર્ણ થતાં જ તે મૂઠ્ઠીભર અડદ ફેંકી દેજો. પરમેશ્વર અત્યંત દયાળુ છે. તે ખડકમાં બેઠેલા દેડકાને પણ અન્નપૂર્તિ કરે છે તો તમને અન્ન પૂરું નહીં પાડે? તમે તમારા કામમાં સફળ થશો.

અમે ભોજન કર્યું અને જતી વખતે ધોતિયામાં અડદ બાંધી લીધા અને પશ્ચિમ દિશામાં પ્રયાણ કર્યું. શ્રીપાદશ્રીવલ્લભની કૃપાથી પ્રવાસમાં અન્નપાણીની ક્યાંય પણ ખેંચ ન અનુભવાઈ. માગ્યા વગર અમને ભોજન મળતું હતું. આ કેવું આશ્ચર્યકારક હતું! ચાલતાં ચાલતાં અમે આંધ્ર પ્રદેશ વટાવીને કર્ણાટક પ્રદેશમાં પ્રવેશ કર્યો. રસ્તામાં અમને અનેક ઝૂંપડીઓ દેખાઈ. તેમાં રહેનારા લોકો વૃદ્ધ જ હતા. તેમની પાસે ધનસંપત્તિ કાંઈ ન હતું.

એક પર્ણકુટિમાં અમે પ્રવેશ કર્યો. તેમાં એક વૃદ્ધ દંપતી રહેતું હતું. તેઓ જાતિએ ચૌધરી (પટેલ) હતા. તેમનો એક માત્ર પુત્ર સર્પદંશથી મરણ પામ્યો હતો. તે પુત્રની પત્ની કૃષ્ણા નદીમાં સ્નાન કરતી વેળા તણાઈ ગઈ હતી. તેમને બીજું કોઈ સંતાન ન હતું. તે દંપતીને હવે કોઈ પણ નજીકનાં સગાંવહાલાંનો આધાર ન હતો. તેમના પાડોશી માત્ર તેમની સાથે મધુર વહેવાર કરતા અને પ્રસંગોપાત તેમને મદદ કરતા.

તે વૃદ્ધ દંપતીએ અમારું ખૂબ જ ભાવથી આતિથ્ય કર્યું અને ઘરમાં જ રાખી લીધા. જ્યારે જ્યારે અમે તે સ્થળ છોડવાનું નક્કી કરતા તે સમયે ત્યાં કોઈ મુશ્કેલી આવતી અને અમારું ત્યાંથી જવાનું મુલતવી રહેતું. છેવટે અમે એક શુભ મુહૂર્ત પર જવા નીકળ્યા. તે જ સમયે તે ગૃહસ્થને ઊલટીઓ અને જુલાબ શરૂ થયા. આથી અમારે ફરજિયાત રોકાવું પડ્યું. એક બે દિવસમાં

તે વૃદ્ધ ગૃહસ્થને સારું લાગ્યું. આથી અમે આગળ પ્રસ્થાન કરવા નક્કી કર્યું. ત્યાં ચાર-પાંચ દિવસના અમારા નિવાસથી તે દંપતીને અમારા વિશે મનમાં સારો પ્રેમભાવ ઉત્પન્ન થયો. અમને વિદાય આપતાં તેમનાં નેત્રો ભીનાં થયાં. અમે પણ ભીની આંખે તેમની વિદાય લીધી.

ધોતિયાના છેડે બાંધેલા અડદમાંથી હવે વાસ આવતી હતી. આથી અમે તે ફેંકી દીધા. અમે તે વૃદ્ધ દંપતીને મદદ કરવાની ઈચ્છા વ્યક્ત કરી. પરંતુ, તેમણે અમારી પાસેથી કશું જ સ્વીકાર્યું નહીં. તેમની નિરિચ્છ વૃત્તિ જોઈ અમને ખૂબ જ આશ્ચર્ય થયું. તે વૃદ્ધ દંપતીનો ખાસ પરિચિત એક જ્યોતિષી હતો. તેમણે તેને બોલાવ્યો. તે જ્યોતિષીએ તે વૃદ્ધ દંપતીને કહ્યું:- તમારે ઘેર આવેલા અતિથિ દુર્ભાગ્યવાળા અમંગળ છે. તેમના વાસ્તવ્યથી તમને દારિદ્રય પ્રાપ્ત થશે. તેમને ઘરમાંથી જલદી વિદાય કરો. તે વૃદ્ધ દંપતીએ જ્યોતિષીને પૂછ્યું:- પંડિતજી, તેમના વાસ્તવ્યથી આવનાર દારિદ્રચને દૂર કરવા શાસ્ત્રોમાં કોઈ તો ઉપાય હશે ને? અમને તે કહો. ગમે તેટલો ખર્ચો થવાનો હોય અમે તે કરવા રાજી છીએ. આ અતિથિનું દુર્ભાગ્ય (અમંગલત્વ) નષ્ટ કરવા જે પૂજાવિધિ હશે તે કહેવા કૃપા કરશો. પરમેશ્વરની ઈચ્છાથી જ સમગ્ર વિશ્વ સુચારુરૂપથી ચાલે છે.

સર્વ દેવતાઓને મંત્રની સહાય દ્વારા પ્રસન્ન કરી શકાય છે. પ્રત્યક્ષ બ્રહ્માજીને પણ પ્રસન્ન કરવાનું વિધાન તમે જાણો છો. આથી તમે પૃથ્વી પરના સાચેસાચ ભૂદેવ છો. તમે અમારી ઈચ્છા પૂરી કરો એવી વિનંતી. તે જ્યોતિષીને આ વૃદ્ધ દંપતીની ઈચ્છા પૂરી કર્યા વગર કોઈ આરો ન હતો. જ્યોતિષીએ કહ્યું:- અનાજનો પાક લેવા પાણીની અત્યંત જરૂર હોય છે. તે માટે પર્જન્યયજ્ઞની તૈયારી શરૂ કરો. યજ્ઞ કરનારને દેવતુલ્ય માનવામાં આવે છે. પ્રત્યક્ષ દેવતાઓ પણ યજ્ઞ કરનારની સ્તુતિ કરે છે. યજ્ઞના પાંચ પ્રકાર છે. (૧) દેવયજ્ઞ (૨) ભૂતયજ્ઞ (૩) મનુષ્યયજ્ઞ (૪) બ્રહ્મયજ્ઞ અને (૫) પિતૃયજ્ઞ.

શ્રીપાદશ્રીવલ્લભની લીલા અત્યંત અદ્‌ભુત, આશ્ચર્યકારક હતી. તે વૃદ્ધ દંપતીએ ખર્ચેલા દ્રવ્યની સહાયથી વિદ્વાન બ્રાહ્મણો દ્વારા સર્વ કાર્યસિદ્ધિ માટે યજ્ઞ કરવામાં આવ્યો. તે યજ્ઞ કરવાને લીધે અમારી જન્મપત્રિકાના સર્વ દોષો નિર્મૂળ થયા.

તે વૃદ્ધ દંપતીની પુણ્યાઈથી અમને પરમ પવિત્ર એવા યજ્ઞનું દર્શન થયું. આ યજ્ઞનું હવિષ્ય ઇંદ્ર અને બીજા દેવતાઓને અર્પણ કરવામાં આવ્યું હતું. પ્રત્યેક દેવતાની ઇચ્છાનુસાર હવિષ્યનો ભાગ આપવામાં આવ્યો હતો. તે પ્રત્યેક દેવતાએ ભરપૂર આશીર્વાદ આપ્યા હતા. ગાય, વેદ, બ્રાહ્મણ, પતિવ્રતા સ્ત્રીઓ, સત્યપ્રિય અને દાનવીર લોકોને લીધે પૃથ્વીનું સર્જન કાર્ય ચાલે છે. ખેતી કરવા માટે બળદની જેટલી જરૂર હોય છે, તેટલી જ જરૂર ઇહલોક સિદ્ધિ માટે યજ્ઞ-યાગની તેમજ તેટલી જ જરૂર પરલોકસિદ્ધિ માટે ગો-માતાની હોય છે. તદુપરાંત, ગાયને લીધે આપણને દૂધ, દહીં, ઘી, માખણ ઇત્યાદિ ખાવા-પીવાની ચીજો મળે છે.

: ભૂમિમાતાના સાત ગુણ :

સર્વ ધર્મોના તત્ત્વો વેદ ઉપર આધારિત છે. ધરતીમાતાને પણ વેદનો જ આધાર છે. બ્રાહ્મણવર્ગ પોતાના યજમાન દ્વારા યજ્ઞો કરાવી સમાજને સત્કર્મ કરવા પ્રેરે છે. આવાં સત્કર્મોથી ભૂમિમાતાને સામર્થ્ય મળે છે. પતિવ્રતા સ્ત્રીઓ પોતાના પતિવ્રત વડે ધર્મનું રક્ષણ કરે છે. પતિવ્રતા સ્ત્રીઓને લીધે ભૂમિમાતા સમૃદ્ધ થાય છે. સત્ય સંકલ્પવાળા લોકોને લીધે પણ ભૂમિમાતા પ્રસન્ન થાય છે. નિર્લોભી લોકો પોતાની લોભવૃત્તિનો ત્યાગ કરી સમાજમાં મધુરતા વહેંચે છે. દાનવીર લોકો પુણ્યમાર્ગથી મેળવેલું ધન દીન-દુઃખિયારા, અભાગી લોકોમાં વહેંચી ઇહલોક અને પરલોક બંનેનો લાભ સાધી લે છે. ઉપર જણાવેલા સાત ગુણયુક્ત લોકોને લીધે પૃથ્વી હંમેશાં પ્રસન્ન રહે છે અને સામર્થ્યવાન તેમજ ભરપૂર અન્નપાણી આપનારી થાય છે. બાપન્નાચાર્ય જેવા મહાપુરુષે અમને નિમિત્ત કરી યજ્ઞપુરુષ શ્રીપાદશ્રીવલ્લભની સમક્ષ અમને કૃતાર્થ કર્યા.

: શ્રીપાદશ્રીવલ્લભ દ્વારા ભક્તોનું રક્ષણ :

યજ્ઞ નિર્વિઘ્નતાથી સંપન્ન થયો. તે વૃદ્ધ દંપતી અમને પોતાના પુત્રની જેમ માન આપી રાખતા. આ વાત તેમના ભાઈ-

ભાંડુઓને ગમી નહીં. ત્યાં એક મરચાંનું ખેતર હતું. ખેતરની ચારે બાજુ તાડનાં ઝાડ વાવી વાડ બનાવી હતી. આ તાડનો રસ (તાડી) કેટલાક ગૌડ લોક કાઢીને લઈ જતા. એક વખત હું ખેતરમાં હતો. તે સમયે તે વૃદ્ધ દંપતીના બંધુઓ ખેતરનાં મરચાં તોડી કોથળા ભરી તે કોથળાંને બળદગાડામાં મૂકતા મેં જોયા. તેઓ આ કોથળા તેમને ઘેર લઈ જવા માગતા હતા. હું એકલો હતો જ્યારે તેઓ દશ જણ હતા. આવી પરિસ્થિતિમાં સામનો કેવી રીતે કરવો તે એક પ્રશ્ન જ હતો.

તે સમયે એક રીંછ તાડના ઝાડ પર ચઢીને તાડીનો આસ્વાદ લેતું હતું. રીંછનો હાથ છૂટ્યો અને રીંછ ધબ્બ દઈને ઝાડ પરથી નીચે પડ્યું. રીંછને નજીક આવેલું જોતાં તે વૃદ્ધના બાંધવો ત્યાંથી નાસી ગયા. રીંછના ઝેરી નખથી થતી ઈજાઓ અંગે તેઓ સભાન હતા. આથી તેઓ નાસી ગયા. હું શ્રીપાદનું સ્મરણ કરતો કરતો ગાડામાં બેઠો અને ગાડું તરત ચાલુ થયું. તે રીંછ શ્રીપાદના નામસ્મરણથી શાંત થયું અને અમારી સાથે ચાલવા લાગ્યું. રીંછ છેક અમારા ઘર સુધી આવ્યું.

રીંછને અમારી સાથે આવેલું જોઈને વૃદ્ધ દંપતીના પડોશીઓ આશ્ચર્યચકિત થયા. તે રાત્રે અમે શ્રીપાદશ્રીવલ્લભનું ભજન કર્યું, ત્યારે તે રીંછ અમારી સાથે બેસીને તન્મયતાથી ભજન સાંભળતું હતું. ભજનસમાપ્તિ પછી પ્રસાદ વહેંચવામાં આવ્યો. રીંછે પણ તે પ્રસાદ આનંદથી આરોગ્યો. તે પછી તે રીંછ ઘરના સભ્યની જેમ જ અમારી સાથે રહેતું. રીંછ અમારી સાથે પ્રેમથી વર્તતું હતું. પરંતુ, અમારા દુશ્મનોને તેની બીક લાગતી. આ બીકને લીધે અમારા ખેતરની રખેવાળીનો પ્રશ્ન ઉકેલાઈ ગયો. ખેતરની રખેવાળી રીંછ જ કરતું. અમારે ઘેર દત્ત ભગવાનની લીલાકથાનું કીર્તન અને શ્રીપાદપ્રભુનું નામસ્મરણ નિત્ય થતું. એક દિવસ હું ખેતરમાં ગયો. રીંછ મારી પાસે આવ્યું અને પ્રેમભરી નજરે મારી તરફ જોયું. મેં શ્રીપાદપ્રભુનું નામ લેવાની શરૂઆત કરતાં જ તે રીંછ ખૂબ જ આનંદપૂર્વક નાચવા લાગ્યું.

અમારી બાજુના ગામમાં એક માંત્રિક આવ્યો હતો. તેણે કેટલીક સાધના કરી અમુક જાતની શક્તિ પ્રાપ્ત કરી હતી. તેના પ્રભાવમાં આવનારા લોકોને સંમોહિત કરી તે તેમનું ધન લૂંટીને ભેગું કરતો હતો. વૃદ્ધ દંપતીના ભાઈ-ભાંડુઓએ તે માંત્રિકનો

આશ્રય લીધો હતો. માંત્રિકે રીંછ પર મંત્રપ્રયોગ અજમાવ્યો, જેથી તેની શક્તિ એકદમ ક્ષીણ થઈ અને તે નિશ્ચેષ્ટ થયું. બીજા મંત્રપ્રયોગથી તેણે રીંછની બધી શક્તિ પોતાનામાં આકર્ષી. રામાયણના વાલીની જેમ તેને વિદ્યા આત્મસાત્ હતી જેના વડે તે સામેની વ્યક્તિની અડધી શક્તિ પોતે ખેંચી શકતો હતો. આ જ કારણથી પ્રભુ રામચંદ્રે વાલીને ઝાડ પાછળ સંતાઈને બાણ માર્યું હતું. નહીં તો, પ્રભુ રામચંદ્રની શક્તિ વાલી હરી ગયો હોત. હરણ કરવા સામે કોઈ શક્તિ (પ્રભુ રામજીની) ન હતી, કારણ કે રામજી ઝાડની ઓથે હતા આથી વાલીનો અંત આવ્યો.

: શ્રીપાદશ્રીવલ્લભના શિષ્યોને કર્મબંધનથી મુક્તિ :

શ્રીપાદપ્રભુની લીલાઓ ખૂબ જ અગમ્ય છે. તેમાં કાર્યકારણ ભાવ શોધવો મુશ્કેલ છે. કારણ વગર કોઈ કાર્ય સંભવી શકતું નથી. ગોકુળવાસીઓએ ઈંદ્રની પૂજા પ્રતિવર્ષ પ્રમાણે ન કરી. આથી ઇંદ્ર ખૂબ જ ક્રોધાયમાન થયો અને તેણે ગોકુળ પર અતિવર્ષા કરી. ત્યારે શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વત પોતાની આંગળી પર ધારણ કર્યો. તેની નીચે બધા જ ગોકુળવાસીઓ સુરક્ષિત રહ્યા. જે પ્રમાણે શ્રીકૃષ્ણે ઇંદ્રને ઈચ્છાશક્તિ મુજબ કરવાની છૂટ આપીને પણ ગોકુળવાસીઓનું રક્ષણ કરી ગોપાલધર્મનું પાલન કર્યું. તે જ પ્રમાણે શ્રીપાદશ્રીવલ્લભે માંત્રિકની યોગશક્તિને તેની રીતે કામ કરવા દીધી. રીંછ તે શક્તિનો શિકાર થયું. રીંછના પૂર્વ પુણ્યથી તે શ્રીપાદનું ભક્ત હતું. માંત્રિકની શક્તિથી નિશ્ચેષ્ટ પડેલું રીંછ મંદ ગતિથી રુદન કરતું હતું. દુઃખી જીવોનું ક્રંદન શ્રીપાદપ્રભુને તરત જ સંભળાય છે.

શ્રીપાદપ્રભુ દરેકના કર્મ અનુસાર પાપકર્મના ફળની તીવ્રતા ઓછી કરે છે. શ્રીમન્નારાયણને ઘેર દત્તકથા શ્રીપાદશ્રીવલ્લભનું નામસ્મરણ, કથા, કીર્તન, નિત્ય નિયમથી ચાલતું. ત્યાં આવનાર ભક્તોમાં કેટલાક શ્રીપાદના ચરણે અનન્ય ભાવથી શરણે ગયેલા હતા. કેટલાકના મનમાં હજુ સંદેહ દૂર થયો ન હતો. નામસંકીર્તન ચાલુ હતું તે સમયે એક અદ્‌ભુત ઘટના ઘટી. તે મૃત થયેલું રીંછ શ્રીપાદના નામઘોષથી જાગ્રત થઈ આનંદથી નાચવા લાગ્યું. તેનામાં ચૈતન્ય ફરી પાછું આવ્યું હતું.

શ્રી દત્તાત્રેયનું યોગ સામર્થ્ય બધા કરતાં જુદું જ છે. તેમની કરુણાથી જ તે રીંછનું રૂપાંતર ફરી મનુષ્યમાં થયું અને તાંત્રિક મનુષ્યનું રૂપાંતર રીંછમાં થયું. ત્યાંના લોકોએ તે રીંછને દોરી વડે બાંધી અરણ્યમાં છોડી દીધું. મનુષ્યમાં રૂપાંતરિત થયેલું તે રીંછ પોતાનો પૂર્વ ઇતિહાસ લોકોને કહેવા લાગ્યું:-

"લોકો, સાંભળો. ગત જન્મે હું એક શાહુકાર હતો અને વ્યાજે પૈસા ધીરવાનો વ્યવસાય કરતો હતો. વધારે પડતું વ્યાજ લઈને હું લોકોને પુષ્કળ ત્રાસ આપતો હતો. વ્યાજ ન આપે તો મૂડી જપ્ત કરી લેતો. આવા દુષ્કર્મને લીધે મને રીંછનો જન્મ મળ્યો. મારી પૂર્વ પુણ્યાઈને લીધે આ જન્મે મને શ્રીપાદશ્રીવલ્લભનાં દર્શન થયાં અને અનુગ્રહ પ્રાપ્ત થયો. શ્રીપાદશ્રીવલ્લભ દત્તભગવાનનો અવતાર છે. તેમના અનુગ્રહને લીધે જ મને રીંછ યોનિમાંથી મુક્તિ મળી અને ઉત્તમ એવો માનવદેહ પ્રાપ્ત થયો.

તે દુષ્ટ માંત્રિકે અનેક પાપકર્મો કર્યાં. તેણે અનેક મૂંગા પ્રાણીઓને ત્રાસ આપ્યો અને ખાસ કરીને શ્રીપાદશ્રીવલ્લભના ભક્ત હોય તેવાં પ્રાણીઓને. તેનો પાપનો ઘડો ફૂટતાં શ્રીપાદશ્રીવલ્લભે તેને યોગ્ય શિક્ષા કરી. "સુજ્ઞ જનોનું રક્ષણ અને દુષ્ટ લોકોને દંડ" એ જેમનું બિરુદ છે તે શ્રીપાદસ્વામીની જે ભક્તો અનન્ય શ્રદ્ધાભક્તિથી અંતઃકરણપૂર્વક સેવા કરે છે, તેમના પર શ્રીપાદપ્રભુનું કૃપાછત્ર હંમેશાં રહે છે. દેવ અને ભક્તોની નિંદા કરનાર તેમજ પરધનમાં આસક્તિ રાખનાર લોકોને તેઓ શિક્ષા કરતાં અચકાતા નથી.

પોતાના પાપકર્મનો જેને પસ્તાવો થયો છે અને જેમને શિક્ષા થઈ છે તેવા કેટલાક દુષ્ટ લોકો સ્વામીના ભક્ત થયા હોવાના અનેક દાખલા છે. માનવરૂપી રીંછે આગળ જણાવ્યું:- હું શ્રીપાદસ્વામીના નામસ્મરણપારાયણથી સદ્‌ગતિને પ્રાપ્ત થયો. મને માનવદેહ પ્રાપ્ત થયો તે જોઈ સર્વ ભક્તજનોને અત્યંત આશ્ચર્ય થયું અને આનંદ પણ થયો. બધા જ લોકોએ શ્રીપાદસ્વામીનો મોટેથી જયજયકાર કર્યો. આ નામસંકીર્તન ચાલુ હતું તે દરમ્યાન એક અદ્‌ભુત ઘટના બની. અકસ્માત ત્યાં ત્રણ નાગદેવતાઓ

આવ્યા અને નામસંકીર્તનના તાલમાં સાથ પુરાવતા ડોલવા લાગ્યા. તે જ સમયે તે મનુષ્યરૂપી રીંછના પ્રાણ પંચત્વમાં વિલીન થયા. ત્યાં આવેલા નાગદેવતાઓએ તે મૃતદેહની ત્રણ પ્રદક્ષિણા કરી અને ક્યાંક જતા રહ્યા. તે નાગદેવતાઓ ક્યાંથી આવ્યા હતા અને ક્યાં જતા રહ્યા તેની કોઈ માહિતી મળી નહીં. તે મનુષ્યરૂપી રીંછનો શાસ્ત્રોક્ત રીતે અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

અમને હંમેશાં શ્રીપાદશ્રીવલ્લભના નામસ્મરણનો અભ્યાસ હતો. અમારા જીવનને પણ તે નામસ્મરણનો જ આધાર હતો. તે ત્રણ નાગદેવતાઓ પછી અમારા ઘેર જ રહેતા. અમને અથવા અમારે ઘેર આવનાર દત્તભક્તોને તેમની કશી જ બીક લાગતી નહીં. પરંતુ, અમારા વિરોધીઓને તેમની ખૂબ જ બીક લાગતી અને તેઓ અમારે ઘેર આવવાનું ટાળતા. શ્રીપાદશ્રીવલ્લભનું ભજન નામસંકીર્તન થતાં જ તે નાગદેવતાઓ તન્મયતાથી ડોલવા લાગતા.

તે વૃદ્ધ દંપતીના ઘર નજીકની જમીન તેમના ભાઈભાંડુઓએ અન્યાયથી કબજે કરી હતી. ન્યાતિપંચે તે જગ્યા વિવાદગ્રસ્ત તરીકે જાહેર કરી હતી. પરંતુ, તે જમીનમાં શાકભાજી ઉગાડવાની પરવાનગી હતી. શ્રીમન્નારાયણના ભાંડુઓએ ગામના પ્રતિષ્ઠિત લોકોને ધનનું પ્રલોભન આપી પોતાના પક્ષે કર્યા હતા. આને લીધે પંચ દ્વારા અપાનાર વિવાદિત ભૂમિનો નિર્ણય આગળ ધકેલાતો હતો.

આ વિવાદિત ભૂમિમાં એક રાફડો હતો. નાગપંચમીના દિવસે ગામના લોકો તે રાફડામાં દૂધ નાખતા અને લોકો પ્રાર્થના કરતા કે હે નાગદેવતા, અમારાં સંકટો દૂર કરો. દૂધ અર્પણ કરનાર લોકોને ખબર હતી કે રાફડામાં એક પણ નાગ નથી. એક નાગપંચમીના દિવસે અમે શ્રીપાદશ્રીવલ્લભને નૈવેદ્ય ધરાવ્યું અને નાગને પ્રાર્થના કરી. તરત જ ત્રણ નાગ તે રાફડામાં જતા રહ્યા. આ વાતની ખબર પડતાં ગામના બીજા લોકો ફરી ત્યાં દૂધ મૂકવા આવ્યા નહીં.

નાગપંચમીના દિવસે એક માંત્રિક અમારા ગામમાં આવ્યો. ગામના પ્રતિષ્ઠિત લોકોએ તે માંત્રિકને બોલાવી તેનું સ્વાગત કર્યું. તે માંત્રિક ગમે તેટલા ઝેરી સાપને મંત્રસામર્થ્યથી વશ કરતો હતો. આ બાબતમાં તેની ખ્યાતિ હતી. તેના વિશે એમ કહેવાતું કે

ગમે તેટલા ઝેરી સર્પદંશથી મૃત્યુ પામેલી વ્યક્તિને તે મંત્રસામર્થ્યથી જીવતો કરી શકતો હતો. તેની હથેળીમાં ગરુડનું ચિહ્ન હતું. હાથમાં ગરુડનું ચિહ્ન ધરાવનારને સર્વ નાગ વશ થાય છે તેમ શાસ્ત્રવચન છે. આવી અનોખી સર્પવિદ્યા તે માંત્રિકને વશ હોવાથી ગામના સર્વ લોકો નતમસ્તક તેનું સન્માન કરતા.

તે માંત્રિકે ગામની પ્રતિષ્ઠિત વ્યક્તિઓને લઈને રાફડા પાસે આગમન કર્યું અને તે રાફડાની ચારે બાજુએ આગ પ્રગટાવી. માંત્રિક ત્યાં બેસીને મોટેથી મંત્રોચ્ચાર કરતો હતો અને વિચિત્ર હાવભાવ કરતો હતો. રાફડાની અંદરના સાપ જો બળીને ખાખ થાય તો તેનું પાપ લાગશે એમ અમે દૂર ઊભા રહી તેને વારંવાર કહેતા હતા. પરંતુ માંત્રિકે કશું ગણકાર્યું નહીં. આથી તે નિરપરાધી સર્પોનું રક્ષણ કરવા શ્રીપાદપ્રભુને પ્રાર્થના કરી.

મંત્રના પ્રભાવથી રાફડામાંથી ત્રણ સર્પ બહાર આવ્યા. હવે અમે જોયું કે માંત્રિકની મંત્રવિદ્યા બિનઅસરકારક થતી હતી, પ્રભાવહીન જણાવા લાગી. માંત્રિક વિશેષ અસરકારક કશું કરી શકતો ન હતો. સર્પ જે દિશામાં જતા ત્યાંનો અગ્નિ ઠંડો થઈ ગયેલો જણાતો. બીજા અર્થમાં કહીએ તો, અગ્નિદેવતાએ તે ત્રણે સર્પોને જવા માટે માર્ગ કરી આપ્યો હતો. તેઓ જે માર્ગે આવ્યા હતા તે માર્ગે પાછા જતા રહ્યા. થોડા જ સમયમાં તે અગ્નિ પણ શાંત થયો. આ દૃશ્ય જોઈ તે માંત્રિકના અનુચરો નાસી ગયા.

તે જ સમયે ગામની આગળ પડતી વ્યક્તિના મોટા દીકરાને સર્પદંશ થયો. થોડા જ સમયમાં તેનું આખું શરીર સાપના ઝેરથી કાળું પડી ગયું. બીજા દીકરાની દૃષ્ટિ જતી રહી. તે માંત્રિકે પુષ્કળ ઉપચાર કર્યો. પરંતુ, કોઈ પરિણામ ન જણાયું. માંત્રિકની હથેળીની ગરુડની નિશાની ધીમે ધીમે ભૂંસાતી ગઈ. ગામના લોકો ખૂબ જ ગભરાઈ ગયા. આ ભયંકર સંકટમાંથી માત્ર શ્રીપાદ શ્રીવલ્લભ જ તેમને બચાવી શકશે તેવો તેમનો વિશ્વાસ હતો.

માંત્રિકની મંત્રવિદ્યા પૂર્ણપણે લુપ્ત થઈ અને તે નિસ્તેજ થઈ જમીન પર પડી ગયો. શ્રીપાદપ્રભુની લીલા કયા પ્રસંગે,

કઈ રીતે, કેવા પ્રકારે મદદરૂપ થશે તે સમજાય નહીં. ગામમાંથી બધા લોકો ત્યાં દોડી આવ્યા અને ચોધાર આંસુએ રડવા લાગ્યા. પરંતુ, અમે કશું કરી ન શક્યા. અમે તેમને આશ્વાસન આપીને સમજાવ્યા કે તેઓ અનન્ય ભાવથી શ્રીપાદપ્રભુને શરણે જાય અને તેમનું નામસ્મરણ કરે તો તમારા બંને પુત્રો પૂર્વસ્થિતિમાં આવશે.

નિસ્તેજ થયેલો માંત્રિક થોડા જ સમયમાં મૃત્યુ પામ્યો. માંત્રિકનું શબ ગામના મુખીના ઘરની સામે રાખ્યું હતું. અમારા બંધુઓ ભયથી થરથર કાંપતા હતા. બધે જ શોકનું વાતાવરણ જણાતું હતું. તે માંત્રિકનો મૃતદેહ સ્મશાનમાં અંત્યેષ્ટિ માટે લઈ જવામાં આવ્યો. ચિતા પર શબ મૂકવામાં આવ્યું અને અગ્નિસંસ્કારનો પ્રારંભ થતાં જ એક મોટું આશ્ચર્ય થયું. તે માંત્રિકના શબમાં ચૈતન્યનો સંચાર થયો. અગ્નિથી બચવા માટે માંત્રિક મોટેથી બૂમબરાડા પાડવા લાગ્યો.

તે માંત્રિકનો દુષ્ટભાવ શ્રીપાદપ્રભુની કૃપાથી અગ્નિનો સ્પર્શ થતાં જ બળીને ખાખ થયો. એક શુદ્ધાત્મક આત્મા તરીકે તે માંત્રિક લાકડામાંથી બહાર આવ્યો. આ બધી લીલા કરવાના હેતુ એ જ કે શ્રીપાદપ્રભુ સજ્જનોના રક્ષણકર્તા છે અને દુર્જનોને દંડકર્તા છે. તે માંત્રિક ચિતા પરથી ઊઠીને ઠેકડા મારતો મારતો મુખીને ઘેર પહોંચ્યો.

ગામના મુખીને ઘેર સર્વેએ ભેગા થઈ દત્તમાહાત્મ્યનું વર્ણનાત્મક કીર્તન કર્યું. તે પછી "દત્ત દિગંબરા, શ્રીપાદવલ્લભ દિગંબરા" ધૂનથી આકાશ ગૂંજી ઊઠ્યું. શ્રીપાદપ્રભુના સ્થૂળ સ્વરૂપમાંથી અને સૂક્ષ્મ સ્વરૂપમાંથી શક્તિસંપન્ન દિવ્ય કિરણો સમગ્ર વાતાવરણને પવિત્ર અને શાંત કરતાં હતાં. બધાં જ બ્રહ્માંડો આ દિવ્ય કિરણોથી પાવન થયેલાં હતાં. સ્વામીનો સચ્ચિદાનંદ અદ્વૈત સ્વરૂપમાં રહેલો મહાકારણ દેહ મહત્ વિશ્રાંતિમાં હતો. તેમાંથી નીકળનારાં દિવ્ય કિરણો સાયુજ્ય, સાલોક્ય, સામીપ્ય મુક્તિ પ્રદાન કરતાં હતાં. આવા દિવ્ય કિરણોથી અવધૂત મહાસિદ્ધિ પ્રાપ્ત મહાયોગી અને અંશાવતાર પણ પવિત્ર થતા હતા.

અત્યંત શ્રદ્ધા અને ભક્તિયુક્ત અંતઃકરણથી શ્રીપાદપ્રભુનું નામસ્મરણ કરવાથી અગોચર એવા સ્વામી પ્રગટ થઈ બધાંને

દર્શન આપી પ્યાસી આંખોની તૃષા છીપાવતા. માતાની ગોદ ધાવણા બાળકને જે રીતે આરામદાયક તેમજ આહ્લાદક લાગે છે તેવી જ અનુભૂતિ શ્રીપાદપ્રભુના ચરણે નતમસ્તક થનાર ભક્તોને થઈ હતી. અત્યંત પાપી તે માંત્રિક શ્રીપાદશ્રીવલ્લભના નામસ્મરણના સંકીર્તનમાં રંગાઈ ગયો. તેને શ્રીપાદશ્રીવલ્લભ એકદમ દિગંબર અવસ્થામાં દેખાતા હતા. તેને લાગ્યું કે પોતાના પાપકર્મના ફળ તરીકે તેને શ્રીપાદ પ્રભુ તેવા દેખાય છે.

માંત્રિકે જીવનકાળ દરમ્યાન અસંખ્ય સર્પોની આહુતિ તેની મંત્રવિદ્યા દ્વારા આપી હતી. અનેક મહાન સંન્યાસીઓ અને દિગંબર વિભૂતિઓને તેણે ત્રાસ આપ્યો હતો. આ સર્વ માટે તેને અંતઃકરણપૂર્વક પશ્ચાત્તાપ થયો હતો. તેને શ્રીપાદશ્રીવલ્લભના દિવ્ય સ્વરૂપની કલ્પના આવી અને તે શ્રીપાદપ્રભુના ચરણે નતમસ્તક થયો. માંત્રિકનો સાચેસાચ હૃદયપલટો થયો અને તેનો દ્વેષાગ્નિ શાંત થયો.

શ્રીપાદપ્રભુએ તેને પોતાનું ઉત્તરીય પહેરવા માટે આપ્યું. તે વસ્ત્ર સ્વીકારીને માંત્રિક અત્યંત આનંદથી નાચી ઉઠ્યો. સૂર્યોદય થતા પહેલાં જ પેલા મુખીના નાના પુત્રને દૃષ્ટિ પાછી મળી. શ્રીપાદપ્રભુને ધરાવેલા દૂધના પ્રસાદથી મોટો દીકરો ભાનમાં આવ્યો. થોડી જ ક્ષણોમાં તે પૂર્વવત્ નીરોગી થયો. માંત્રિક સર્વ સંગપરિત્યાગ કરી સાધુ થઈ દેશાવર જતો રહ્યો. ગામના પંચે તે જમીન વૃદ્ધદંપતીને જ મળે તેવો ચુકાદો આપ્યો.

ત્રણ સાપ જેમાં રહેતા તે રાફડામાં ત્રણ ઔદુંબરના છોડ ઊગી નીકળ્યા. કેટલાક સમય પછી દત્તાનંદ અવધૂત સંન્યાસી અમારા ઘેર પધાર્યા. આ સંન્યાસી ઔદુંબરના વૃક્ષ નીચે ધ્યાન કરતા. એક શનિવારે સાયંકાળે શ્રીપાદપ્રભુને ધરાવેલો હલવો પ્રસાદ તરીકે બધા ભક્તોને આપ્યો. શ્રીપાદશ્રીવલ્લભ નાના હતા ત્યારે તેમની માતા તેમને દાદાના ઘેર ઔદુંબરના વૃક્ષ નીચે બેસી ચાંદીના પાત્રમાં (પવાલામાં) હલવો આપતી.

શ્રીપાદશ્રીવલ્લભ, શ્રી નૃસિંહસરસ્વતી અને શ્રી સ્વામી સમર્થ આ ત્રણ સ્વરૂપના પ્રતીકાત્મક આ ત્રણ ઔદુંબર વૃક્ષ છે. આ પ્રતીકાત્મક વૃક્ષના બીજના ફળસ્વરૂપ પીઠિકાપુરમ્ ગામમાં એક ઔદુંબર વૃક્ષ છે. આ પુણ્યપ્રદ વૃક્ષની ગાઢ છાયામાં શ્રીપાદશ્રીવલ્લભની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરી તેના પર એક સુંદર મંદિર બાંધવામાં આવ્યું. આ મંદિરની એવી ખ્યાતિ છે કે જે ભક્ત શનિવારે પ્રદોષસમયે હલવાનું નૈવેદ્ય ધરાવશે તેને સર્વ સુખ, સંપત્તિ અને અનન્ય સમાધાન પ્રાપ્ત થશે. શ્રીપાદશ્રીવલ્લભની આ દિવ્ય લીલા સાંભળી મારી ભક્તિ દૃઢ થઈ. હું (શંકર ભટ્ટ) કુરુગડ્ડીના આગળના પ્રવાસે જવા નીકળ્યો.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૧૬ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૧૭

શ્રી નામાનંદનાં દર્શન

કુરુગડ્ડી તરફ હું (શંકર ભટ્ટ) પ્રયાણ કરતો હતો તે દરમ્યાન, રસ્તામાં એક સ્ત્રી વાળ છૂટાં મૂકી વિચિત્ર હાસ્ય કરતી મારી પાસે આવી. તેનું મન સ્થિર ન હોવાથી તે અસ્પષ્ટ ભાષામાં મોંટેથી બૂમો પાડતી હતી. તે સ્ત્રી મારી નજીક આવી એટલે મને ખૂબ જ બીક લાગી અને મારા હાથપગ થર થર ધ્રૂજવા લાગ્યા. સ્ત્રીની પાછળ બે કદાવર, કદરૂપા બલિષ્ટ પુરુષો હાથમાં લાકડી લઈ આવતા હતા. તે અબળા સ્ત્રીએ મારા પગ પર મસ્તક મૂકી રાક્ષસ જેવા બે પુરુષોથી રક્ષણ કરવા કાકલૂદીભરી વિનંતી કરી.

અબળાની વિનંતી સાંભળી મારો ચહેરો ફિક્કો પડ્યો. જે પોતાના વતનથી ઘણે દૂર સ્થળે આવનાર મારા જેવો બ્રાહ્મણ અબળાનું રક્ષણ હાથમાં શસ્ત્ર ધારણ કરેલા રાક્ષસ જેવા દુષ્ટ પુરુષોથી કેવી રીતે કરી શકશે? તે જ સમયે મારા મુખ વાટે શબ્દો નીકળ્યાઃ- "હે માતા, તારે ભય પામવાની બિલકુલ જરૂર નથી. આ દુષ્ટ, દુરાચારી લોકોથી શ્રીપાદશ્રીવલ્લભ તારું નક્કી જ રક્ષણ કરશે. તું નિર્ભયતાથી ઊભી રહે." તે સ્ત્રીની પાછળ દોડીને આવેલા ક્રૂર માણસો મારા તરફ આશ્ચર્યથી જોઈ રહ્યા.

મારા શરીર કરતાં તે બંને દુષ્ટ મનુષ્યોનું શરીર અનેકગણું શક્તિશાળી તેમજ કદાવર હતું. તેમ છતાં, મારા દ્વારા ધૈર્યપૂર્વક શાંતિથી ઉચ્ચારાયેલા આશ્વાસનરૂપી શબ્દો સાંભળી તે બંને પુરુષોને આશ્ચર્ય થયું. તે બંને પુરુષોએ ચેતવણીના સૂરમાં સંભળાવ્યુંઃ- "હે બ્રાહ્મણ, અમે આ દુરાચારિણી સ્ત્રીની હત્યા કરવા આવ્યા છીએ. જો તું વચ્ચે પડ્યો તો તને પણ અમે યમધામ પહોંચાડીશું. સાનમાં સમજીને અમારા રસ્તામાં આડખીલી ન બનીશ." તે દુષ્ટ લોકોનું વક્તવ્ય સાંભળી શ્રીપાદકૃપાથી મારા શરીરમાં અદ્‌ભુત

શક્તિનો સંચાર થયો. મેં તે દુષ્ટ માણસોને જ કહ્યું:-

અરે, બ્રાહ્મણ કુળમાં જન્મ લઈને ગાયનો વધ કરવા સુધીનું તમે પાપ આચર્યું છે. ગોવધ કરીને ગોમાંસ પણ તમે ભક્ષણ કર્યું છે અને યથેચ્છ મદિરાપાન પણ કર્યું છે. તમારા જેવા દુર્જનો માટે મારા જેવા બ્રાહ્મણ અને આ અબળાનો વધ કરવો એ એકદમ સહજ છે. મારામાં શ્રીપાદકૃપાથી અતુલ આત્મબળ પ્રગટ્યું. મેં તેમને નિર્ભયપણે કહ્યું:- તમે જો આ સ્ત્રીનો વધ કરશો તો તત્કાળ કુષ્ઠરોગથી ગ્રસ્ત થશો. સર્વ રોગોમાં આ અતિ કષ્ટપ્રદ રોગ છે. તેવા દુઃખદ રોગને તમે તમારા કર્મથી આમંત્રણ આપો છો. હું તમારા હિત ખાતર કહું છું.

મારાં વચનો સાંભળી જે અક્ષરશઃ સત્ય હતાં, તે બંને દુષ્ટોનાં મુખ મ્લાન થયાં અને જાણે કે હતબળ થઈ ગયા હોય તેમ જણાયું. મેં કહેલો તેમનો પૂર્વ ઈતિહાસ સાચો હોઈ મારી ભવિષ્યવાણી સાચી જ ઠરશે તેવો તેમને દૃઢ વિશ્વાસ બેઠો. તે બંનેએ પોતાની ભૂલો માટે પસ્તાવો જાહેર કર્યો અને તેમની દૃષ્ટિએ હું એક વિદ્વાન ભવિષ્યવેત્તા ઠર્યો! જો કે, મને કોઈ પણ પ્રકારનું જ્યોતિષનું જ્ઞાન ન હતું. આ તો શ્રીપાદશ્રીવલ્લભની લીલા થકી હું તે પ્રમાણે બોલ્યો હતો. નજીકના વૃક્ષ નીચે અમે બેઠાં અને મેં તેમને તેમનો જીવન વૃત્તાંત કહેવા વિનંતી કરી.

તે બંને પુરુષો પશ્ચાત્તાપયુક્ત અંતઃકરણથી કહેવા લાગ્યાઃ- મહારાજ, તમે તો ત્રિકાળદર્શી છો. તમારા માટે અજ્ઞાત એવું ધરતી પર કશું જ નથી. આપે પ્રશ્ન કર્યો તેથી અમે અમારી કથની કહીએ છીએઃ- અમે બે સગા સહોદર (ભાઈઓ) છીએ. બ્રાહ્મણકુળમાં અમે જન્મ લીધો. પરંતુ, બ્રાહ્મણત્વ અમે બિલકુલ વિસરી ગયા. ગાયનું માંસ ખાવામાં અમને આનંદ થતો અને અમે તે રીતે ભ્રષ્ટ થયા. ગો-માંસ સાથે મદિરાપાનનું પણ અમને વ્યસન લાગ્યું. તેમાં વળી વ્યભિચારનો દુર્ગુણ પણ અમને ચોંટ્યો. આ બધા દુરાચારોને લીધે અમારી મતિ ભ્રષ્ટ થઈ.

સામેની ટેકરી પર આ સ્ત્રી પદ્માસન વાળી ધ્યાન કરતી હતી. તેને જોઈને અમારા મનમાં દુષ્ટ ભાવ જાગ્યો. આ સ્ત્રીએ

અમારી દુષ્ટ ભાવનાનો ધિક્કારયુક્ત તિરસ્કાર કર્યો, જેથી અમારા મિથ્યાભિમાનને ઠેસ પહોંચી. આથી અમે ગુસ્સાથી તેની પાછળ પડ્યા. પરંતુ, અમારા સદ્‌ભાગ્યે તમારા જેવા મહાત્માનાં દર્શન થયાં. તે બંનેનું વૃત્તાંત સાંભળીને મેં કહ્યું:- અરે ભાઈઓ, શું સારું અને શું નરસું તે પારખવાની સદસત્ વિવેક બુદ્ધિ ઈશ્વરે મનુષ્યને આપી છે. આથી સારાં કર્મોનું ફળ સારું અને ખરાબ કર્મોનું ફળ ખરાબ મળવાનું તે નિશ્ચિત જ છે. તેમાં શંકાને સ્થાન નથી.

આ સ્ત્રી સદાચારી હોવાથી તેણીએ તમારી ધર્મવિરુદ્ધ માગણી ઠુકરાવી, તેથી તે તમને દુરાચારિણી લાગી. તમે તેણીની તરફ ખરાબ દૃષ્ટિ રાખી. પરંતુ, હવે તમને તે માટે પશ્ચાત્તાપ થાય છે. તમારાં પાપ ઈશ્વર માફ કરશે કે નહીં તે વિશે હું કશું જ ખાતરીલાયક કહી શકતો નથી. પરંતુ, એક શુભ વાત તમને કહું છું. ત્રૈલોક્યના આરાધ્ય ત્રિમૂર્તિસ્વરૂપ શ્રીદત્ત ભગવાન હાલમાં માનવરૂપ ધરીને શ્રીપાદશ્રીવલ્લભ નામથી કુરુગડ્ડીમાં નિવાસ કરે છે. તેમનાં દિવ્ય ચરણો તમારો ઉદ્ધાર કરશે. તેમની અનેક દિવ્ય લીલાઓ મેં સાંભળી છે.

તે સ્ત્રીએ પોતાનું વક્તવ્ય શરૂ કર્યું:- આપે આ દુષ્ટ લોકોથી મારું રક્ષણ કર્યું. આપ મને પિતા સમાન પૂજ્ય છો. હું એક ઉચ્ચ બ્રાહ્મણ કુળમાં જન્મી. નાનપણમાં મારો વિવાહ થયો. દુર્ભાગ્યથી મારા પતિ મને પુષ્કળ ત્રાસ આપતા. હું પતિની મનઃપૂર્વક સેવા કરતી. તેમ છતાં, તે મારા પર વિના કારણ કોઈ ને કોઈ દોષારોપણ કરતા. આથી મને ખૂબ જ માનસિક વ્યથા થતી. મારા સાસુ-સસરા અને બીજા સંબંધીએ પતિને ખૂબ જ સમજાવ્યા. પરંતુ, તેઓ કોઈને ગાંઠતા નહીં. કોઈનું કહ્યું તેમણે સ્વીકાર્યું નહીં. આટલું કહેતાં કહેતાં તો તે સ્ત્રીની આંખોમાંથી અશ્રુનો ધોધ વહેવા માંડ્યો.

થોડી ક્ષણોમાં તે સ્વસ્થ થઈ અને તેણે કહેવાનો પ્રારંભ કર્યો. અમારા ગામમાં એક માંત્રિક આવ્યો હતો. તેને જ્યોતિષ-શાસ્ત્રનું સારુ એવું જ્ઞાન હતું. મારા સાસુ-સસરાએ તે માંત્રિકને બોલાવ્યો અને તેની સલાહ માગી. તે માંત્રિકે મારી કુંડલી દોરી અને ચિત્રવિચિત્ર પૂજા-અર્ચા કરીને પછી બોલ્યો:- આ નીચ જાતિની સ્ત્રી છે. તેના દ્વારા અનેક અમંગળ કાર્યો થયા છે. તેણીને

લીધે જ તેનો પતિ નપુંસક થયો છે. આ સ્ત્રીને ઘરમાંથી હાંકી કાઢ્યા બાદ જ ઘરના બધા દોષો સમાપ્ત થશે. મારી પૂજા-અર્ચા સફળ થશે. તેનો પતિ પણ સશક્ત થશે. તે પછી તમે તેનું લગ્ન બીજી કન્યા સાથે કરાવજો. તેમને યથાકાળે સંતતિ પ્રાપ્ત થશે.

જ્યોતિષીના કહેવા પર ભરોંસો રાખી મારા સાસુ-સસરાએ મને ઘરમાંથી હાંકી કાઢી. તેમણે કરેલી અનેક પ્રકારની હેરાનગતિથી હું અત્યંત ત્રાસી ગઈ હતી. મને કોઈ માર્ગ દેખાતો ન હતો. છેવટે હું પિયર જવા નીકળી. રસ્તામાં મને તે દુષ્ટ માંત્રિકે રોકી અને તેની દુષિત નજર મેં અનુભવી. તેની દુષ્ટ આંખોમાં વાસનાનાં સાપોલિયાં મેં જોયાં. મને પુષ્કળ ક્રોધ આવ્યો. ભદ્રકાળીની શક્તિ મારામાં પ્રગટ થઈ. નજીક પડેલો મોટો પથ્થર મેં ઊંચક્યો અને માંત્રિકના માથા પર માર્યો. પથ્થરના ઘાથી માંત્રિકનું માથું ફૂટી ગયું અને તરત જ મૃત્યુ પામ્યો. મારા શીલના રક્ષણ માટે મેં બ્રાહ્મણની હત્યા કરી હતી. પરંતુ, મારા હાથે દુર્દૈવથી બ્રહ્મહત્યાનું પાપ થયું. મારું મન અશાંત થયું હતું. ક્યાં જવું? શું કરવું? તે વિશે કાંઈ જ ખબર પડતી ન હતી.

મેં પિયર જવાનો વિચાર કર્યો હતો. પરંતુ, તેનાથી મારી સમસ્યાનું સમાધાન થવાનું ન હતું. મારા માતા-પિતાએ મને પ્રેમથી રાખી હોત, પરંતુ ભાઈ-ભાભીઓ મારી સાથે પ્રેમથી વર્તશે તેવી કોઈ ખાતરી ન હતી. માંત્રિકે મને જે ત્રાસ આપ્યો તે હું કોને કહી શકી હોત? માંત્રિકની મેં હત્યા કરી હતી તે બધાં ગ્રામજનોએ નરી આંખે જોઈ હતી. વાત આખા ગામમાં ફેલાઈ હતી.

તે પરિસરમાં જ એક ઔદુંબરનું વૃક્ષ હતું. આ વૃક્ષ દત્ત ભગવાનને અત્યંત પ્રિય છે તેમ મેં સાંભળ્યું હતું. તે ઝાડ નીચે હું બેઠી અને ઊંઘી ગઈ. થોડા સમય પછી મેં જોયું તો મારી બંને બાજુ બે નાગ મારું રક્ષણ કરતા હતા. મેં તે બંને નાગને પ્રણામ કર્યા. થોડી જ વારમાં તે નાગ ક્યાંક બીજે જતા રહ્યા. હું "દત્ત દિગંબર, દત્ત દિગંબર, જય ગુરુદેવ દત્ત" એમ જપ કરતી હતી. દત્ત ભગવાનનું ફક્ત સ્મરણ કરવાથી પણ તેઓ ભક્તના રક્ષણ માટે દોડી આવે છે એમ મેં સાંભળ્યું હતું (સ્મરણ માત્ર સંતુષ્ટાય).

મારા સદ્‌ભાગ્યે, ઔદુંબરની છત્રછાયામાં હતી ત્યારે શ્રીપાદપ્રભુનું કૃપાછત્ર મારા પર વિદ્યમાન છે તેમ મને અનુભૂતિ થઈ. હું નામસ્મરણ કરતી હતી ત્યારે એક વટેમાર્ગુ ઔદુંબરની છાયામાં વિશ્રાંતિ માટે રોકાયો. મેં ભય પામીને તેને પૂછ્યું:- તું કોણ છે?

અહીંથી ત્વરિત નીકળી જા. નહીં તો હું તને પથ્થર મારીને મારી નાખીશ. થોડા સમય પહેલાં જ મેં એક માંત્રિકની હત્યા કરી છે. વટેમાર્ગુએ શાંતિથી જવાબ આપતા કહ્યું:- હે માતા, હું રજક (ધોબી) જાતિમાં જન્મેલો રવિદાસ, દત્તાત્રેય ભગવાનનો ભક્ત છું. હું કુરવપુરમાં નિવાસ કરું છું. ભગવાન દત્તાત્રેય હાલ શ્રીપાદશ્રીવલ્લભ સ્વરૂપે માનવદેહ ધારણ કરી કુરવપુરમાં નિવાસ કરે છે.

દૂર દૂરના દત્તભક્તોને તેમના અવતરણની જાણ થાય તે માટે તેઓ અવનવી લીલાઓ કરી રહ્યા છે. હું અત્યારે કુરવપુર જ જઈ રહ્યો છું. તારે આવવું હોય તો મારી સાથે ચાલ. કુરવપુર નજીક જ આવેલું છે. હું મારા ભાઈને મળીને ત્યાંથી કુરવપુર જઈશ. રવિદાસના વચન સાંભળી મેં કહ્યું:- હું તમારા વચન પર કેમ કરીને વિશ્વાસ રાખું? તમે કહો છો તે શ્રીપાદશ્રીવલ્લભને જાણવાની મને જરૂર જણાતી નથી. જો તેઓ દત્તસ્વરૂપ હોય તો તેમણે મારું રક્ષણ કર્યું હોત. તેઓ સ્વયં દત્ત ભગવાન છે તેમ સિદ્ધ કરવાની જવાબદારી તેમની છે. હું શ્રીપાદપ્રભુનું નામસ્મરણ કરતી નથી. પરંતુ, શ્રી દત્તાત્રેયનું જ નામસ્મરણ કરું છું. હવે જે કાંઈ થાય તે હું જોઈશ. તમે જલદી અહીંથી વિદાય થઈ જાવ. નહીં તો મારાથી કોઈ પ્રમાદ થશે.

મારાં કડવાં વચનો સાંભળી તે દત્તભક્ત રવિદાસ "દત્ત દિગંબર, શ્રીપાદવલ્લભ" નું નામસ્મરણ કરતાં કરતાં ત્યાંથી જતા રહ્યા. તે પછી એક ટેકરી પર હું પદ્માસન પર ધ્યાન કરવા લાગી. ત્યારે જ આ બે દુષ્ટ ત્યાં આવ્યા. તેમની વાસનામય નજર મારા પર પડી અને તેઓ મારી પાછળ પડ્યા. આપે આ દુષ્ટ કામીઓથી મારું રક્ષણ કર્યું. મેં કહ્યું:- "હે માતા, શ્રીપાદકૃપાથી તારું રક્ષણ થયું છે. તેઓ અંતર્યામી હોઈ કાલાતીત છે. આ સૃષ્ટિમાં વિવિધ કાળ અનુસાર ઘટના ઘટે છે. આ સર્વ ઘટના પાછળ તેઓ સ્વયં કારણરૂપે સ્થિત હોય છે. આ સૃષ્ટિમાં કારણ ન હોય તેવું કોઈ પણ કર્મ નથી.

શ્રીપાદશ્રીવલ્લભ સ્વામીને નિર્ગુણ, સગુણ, નિરાકાર, સાકાર અવસ્થાઓમાં કોઈ પણ ઓળખી શકતું નથી. પ્રત્યક્ષ વેદો પણ "અમે કશું જાણતા નથી- અમે કશું જાણતા નથી" એમ નેતિ નેતિ કહીને મૂગા રહ્યા છે. જો વેદોની આ સ્થિતિ હોય તો સામાન્ય ભક્ત તેમને કેવી રીતે જાણી શકે? તેમના સ્વરૂપનું જ્ઞાન તેમને પોતાને જ હશે તેમાં લેશ માત્રા સંશય નથી."

આપણે માત્ર તેમનું નામસ્મરણ કરીએ એટલે તેમનો અનુગ્રહ આપણા પર અવશ્ય થશે અને સર્વ દુઃખોમાંથી આપણે મુક્ત થઈશું, હું બે બ્રાહ્મણો અને એક બ્રાહ્મણ સ્ત્રી-સુશીલા આમ ચારે જણાએ કુરુગડ્ડીની યાત્રાએ જવા પ્રયાણ કર્યું. રસ્તામાં અમે દત્ત ભગવાન અને શ્રીપાદશ્રીવલ્લભનું નામસ્મરણ કરતા માર્ગક્રમણ કરતા હતા. રસ્તામાં લોકો અમને ભજનમંડળના સભ્ય માનતા હતા. આ રીતે અમે નામસ્મરણ કરતા નામાનંદ નામના એક શ્રેષ્ઠ મહાત્માના આશ્રમે પહોંચ્યા.

: શ્રીપાદપ્રભુનું રૂપપરિવર્તન અને શિષ્ય નામાનંદને અનુગ્રહ :

શ્રી નામાનંદ સ્વામી ત્રિકાળજ્ઞાની મહાત્મા હતા. તેમણે અમારું આદરપૂર્વક સ્વાગત કર્યું. તેમણે પોતાનો પરિચય આપવાનો પ્રારંભ કર્યોઃ- મારા પિતાનું નામ માયન્નાચાર્ય અને મારું નામ સાયન્નાચાર્ય. અમારું ગોત્ર ભારદ્વાજ અને અમે વૈષ્ણવ સંપ્રદાયના ભક્ત છીએ. સંન્યાસદીક્ષા લીધા પછી મારું નામ "નામાનંદ" રાખવામાં આવ્યું. સંન્યાસ લીધા પછી મેં પૂર્ણ વૈરાગ્ય ધારણ કરી અનેક પુણ્યક્ષેત્ર અને સિદ્ધતીર્થોની યાત્રા કરી. તે પછી હું સદ્‌ગુરુની શોધમાં નીકળી પડ્યો. અનેક તીર્થો અને ક્ષેત્રોની યાત્રા કરતાં કરતાં હું પીઠિકાપુરમ્ તીર્થક્ષેત્રે આવી પહોંચ્યો.

અમે વૈષ્ણવ હોવાથી વિષ્ણુ ભગવાનની ઉપાસના કરીએ છીએ. અમારા આચાર ચુસ્ત હોય છે અને સોળા વિશે પણ (સ્પર્શાસ્પર્શ) ચુસ્તતાના આગ્રહી છીએ. અમારા વિચારો પણ ઉચ્ચ પ્રકારના હોય છે. ભારતભરમાં કુલ પાંચ માધવમંદિરો પ્રસિદ્ધ છે. તેમાં કુંતિ-માધવનું મંદિર પીઠિકાપુરમ્માં આવેલું છે. કુંતિ-માધવનાં દર્શન કરી હું મંદિર બહાર આવ્યો ત્યારે સામે એક ચાંડાળ ઊભો હતો. ચાંડાળનું દર્શન અમે અશુભ માનીએ છીએ. ચાંડાળે મોટેથી કહ્યુંઃ- અમારી દક્ષિણા આપીને પછી આગળ વધો. હું આશ્ચર્યથી તેની સામે જોઈ રહ્યો. ગામના બધા જ લોકો આના સાક્ષી હતા. કલિયુગમાં આવું વિરુદ્ધ વર્તન જોવા મળતું હતું. (ખરી રીતે ત્રણે વર્ણ--બ્રાહ્મણને દક્ષિણા આપે છે. તેમાં પણ સંન્યાસી હોય તો તે શ્રેષ્ઠ છે. તેને દક્ષિણા આપવી જોઈએ- લેવી ન જોઈએ.)

તે ચાંડાળે મદિરાપાન પણ કર્યું હતું. મદિરા પીને વૈષ્ણવો પર અત્યાચાર કરશે તેવો આવેશ ચંડાળમાં દેખાતો હતો. નામાનંદે તેને પ્રતિપ્રશ્ન કરતાં પૂછ્યું:- અરે ચાંડાળ, તું કોણ છે? હું એક વૈષ્ણવ બ્રાહ્મણ છું. મારું નામ નામાનંદ છે. તું મારી પાસે દક્ષિણા માગે છે તે સર્વથા અયોગ્ય છે. ચાંડાળની આંખો ક્રોધથી વધુ લાલ થઈ. તેનો ચહેરો કોઈને પણ ભયપ્રદ લાગે તેવો થયો હતો. નામાનંદની શાંત દલીલો સાંભળી તે ચંડાળનો ક્રોધાગ્નિ વધારે ભભૂકી ઊઠ્યો.

ચાંડાળે નામાનંદને રોકડું પરખાવ્યું:- તું સદ્‌ગુરુની શોધમાં મૂઢની જેમ આમતેમ રખડે છે. તું મને ઓળખતો નથી. હું જ તારો સદ્‌ગુરુ છું. મેં જ તને સંન્યાસોત્તર "નામાનંદ" નામ આપ્યું છે. તું તારી પાસે હોય તે સર્વ સંપત્તિ મને ગુરુદક્ષિણા તરીકે અર્પણ કર અને બધાંની સામે મને દંડવત્ પ્રણામ કરી મારો ગુરુ તરીકે સ્વીકાર કર. જો તું આમ નહીં કરે તો તારો સર્વનાશ કરીશ. તારા શરીરના ટુકડા કરી મરણતુલ્ય યાતના આપીશ.

ચાંડાળે નામાનંદ સાથે કડક વ્યવહાર કર્યો હતો. તેણે વધુમાં કહ્યું:- હું જેમ કહું તેમ તારે વર્તન કરવું પડશે. તું ભગવાનની કેટલી પણ આરાધના કરીશ તો પણ તેઓ તારી મદદ નહીં કરે. આટલું બોલીને ચંડાળ નામાનંદ પર હલ્લો કરવા અગ્રેસર થયો. ચાંડાળના મારને સહન ન કરી શકવાને લીધે બીજો કોઈ રસ્તો ન દેખાતાં નામાનંદે ચાંડાળના પગ પકડ્યા. તેણે પોતાની સર્વ સંપત્તિ પણ ચાંડાળને ગુરુદક્ષિણા તરીકે અર્પણ કરી. ભગવાન વિશે જે કલ્પના આપણા મનમાં છે તે અને વાસ્તવિકતા કાંઈ તેનાથી વિરુદ્ધ છે તેમ નામાનંદે અનુભવ્યું.

ક્ષણાર્ધમાં જ ચાંડાળે સ્વામીને દિવ્ય, મંગળ એવા સ્વરૂપમાં દર્શન આપ્યું. તેના દિવ્ય નેત્રોમાંથી અનંત દયા, કરુણાની વર્ષા થતી હતી તેમ નામાનંદે અનુભવ્યું. તે દિવ્ય શરીરધારી શ્રીવિગ્રહે કહ્યું:- "હું ભગવાન દત્ત છું. પીઠિકાપુરમ્‌માં મેં શ્રીપાદશ્રીવલ્લભ તરીકે અવતાર લીધો છે. તું મારો ભક્ત છે અને હું તારો ગુરુ છું. તું હવે સર્વસ્વપણે મારો જ છે. હું જ સત્, ચિત્ અને આનંદ છું. તું કાલથી નામાનંદ નામ ધારણ કરી ધર્મપ્રચાર કર. તને સુખ અને શાંતિ પ્રાપ્ત થશે. અંતે તું મારા ચરણે

આશ્રય પામીશ.” આટલું કહીને ચાંડાળ વેશમાં દત્ત ભગવાન અદૃશ્ય થયા.

: શ્રી નામાનંદ સ્વામીને શ્રીપાદશ્રીવલ્લભ તરફથી મળેલું ભોજનનું આમંત્રણ :

શ્રી નામાનંદ સ્વામીએ પીઠિકાપુરમ્માં શ્રીપાદશ્રીવલ્લભનાં દર્શન કરવા પ્રયાણ આરંભ્યું. તેમને રસ્તામાં કોઈએ ભિક્ષા આપી નહીં. અન્ન વગર તેમનો જીવ વ્યાકુળ થતો હતો. લોકોને તેમના વિશે ભ્રમ થયો હતો. લોકો તેમને એક ગાંડો જ સમજતા હતા. એક ચાંડાળે એમની પાસેથી બળજબરી કરીને ગુરુદક્ષિણા પડાવી લીધી. બ્રાહ્મણ હોવા છતાં તેણે ચંડાળને ગુરુ કર્યા. આથી એ પણ અસ્પૃશ્ય થયો છે. એને ભિક્ષા આપવી એટલે શાસ્ત્રવિરુદ્ધ ગણાય. આ પ્રમાણે પીઠિકાપુરમ્‌ના લોકોમાંથી કોઈએ પણ નામાનંદને ભિક્ષા ન આપી.

છેવટે નામાનંદ જેમ તેમ કરી શ્રી અપ્પલરાજ શર્માને ઘેર પહોંચ્યા. થાકને લીધે તેમના મુખથી શબ્દો પણ નીકળતા ન હતા. જેમ તેમ “ૐ ભિક્ષાં દેહિ” એવા શબ્દો તેમના મુખ વાટે નીસર્યા. બારણું ખોલીને સ્વયં શ્રીપાદશ્રીવલ્લભ હાથમાં અન્નથી ભરેલી થાળી લઈને ઊભા હતા. તેમણે નામાનંદને ઓટલા પર બેસાડી સ્વહસ્તે ભોજન કરાવ્યું! કેટલું મહાન ભાગ્ય! સ્વયં વિશ્વનિયંતા પોતાના ભક્તને સ્વહસ્તે ભોજન કરાવે છે! ધન્ય તે ગુરુ અને ધન્ય તે શિષ્ય!

ભોજન સમાપ્ત થયા પછી શ્રીપાદપ્રભુએ અનંત શક્તિસંપન્ન પોતાનો હાથ નામાનંદના શિર પર મૂક્યો અને આશીર્વાદ આપતાં કહ્યું:- “તને સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થશે. કશા માટે પણ તારે હાથ ફેલાવવો નહીં પડે. તું ગમે ત્યાંય હોય તો પણ હું અદૃશ્યરૂપે તારી સાથે જ હોઈશ. આંખની પાંપણની જેમ હું તારું રક્ષણ કરીશ.” આ પ્રમાણે શ્રીપાદપ્રભુએ નામાનંદને આશીર્વાદ અને અભયવચન આપ્યાં! તે દિવસથી નામાનંદ સંન્યાસી તરીકે ધર્મપ્રચાર માટે ભ્રમણ કરતા હતા. અદૃશ્યપણે શ્રીપાદપ્રભુના દિવ્ય હસ્ત તેમનું રક્ષણ કરતા હતા. આ પ્રમાણે સ્વામીએ તેમના આશ્રમમાં અમને તેમના વિશે સ્વવૃત્તાંત કહ્યો.

: ચાર પ્રકારનાં જીવન્મુક્ત પ્રાણી :

નામાનંદ સ્વામીના આશ્રમમાં અનેક શિષ્યો રહેતા હતા. દરેક શિષ્ય પોતપોતાની સ્થિતિ અનુસાર ઉપાસના, સાધના કરતા હતા. એક શિષ્યે પ્રશ્ન કર્યો. ગુરુજી, શ્રીદત્ત ભગવાનની આરાધના કરવાથી શીઘ્ર મોક્ષપ્રાપ્તિ થાય તે માટે કોઈ સાધના, મંત્ર, વિધિવિધાન છે? મારી શંકાનું સમાધાન કરી મને કૃતાર્થ કરો. શિષ્યનો પ્રશ્ન સાંભળી નામાનંદ સ્વામી પ્રસન્ન ચિત્તથી કહેવા લાગ્યાઃ- હે પુત્ર, (ગુરુ માટે શિષ્ય એ પુત્ર સમાન છે.) વાસનાનો ત્યાગ એટલે જ મોક્ષ. શરીરના પતન પછી જ મોક્ષ મળે છે તેવો કોઈ નિયમ નથી. શરીરના પ્રારબ્ધ અનુસાર વિવિધ અનુભવ આવે છે. જે સત્પુરુષનો જીવાત્મા મુક્ત અવસ્થામાં હોય છે તેઓ જીવન્મુક્ત કહેવાય છે.

પોતાના ઈષ્ટદેવતાના સતત સાંનિધ્યમાં રહેવું તેને જ "સાલોક્ય મુક્તિ" કહે છે. આ અવસ્થામાં સાધક ઈષ્ટદેવના લોકમાં રહે છે. (જેમ કે સૂર્ય ઉપાસક સૂર્યલોકમાં, વિષ્ણુ ઉપાસક વિષ્ણુલોકમાં, દત્ત ઉપાસક દત્તલોકમાં ઇત્યાદિ.) આનાથી પણ વધુ પુણ્યવાન લોકોને ઈષ્ટદેવતા સમીપ રહેવાનું ભાગ્ય સાંપડે છે. તેને સામીપ્ય મુક્તિ કહે છે. આ ભક્તો કરતાં પણ વિશેષ પુણ્યવાન લોકોને ઈષ્ટદેવતાનું જ સ્વરૂપ પ્રાપ્ત થાય છે, તે સારૂપ્ય મુક્તિ કહેવાય છે. આનાથી પણ વિશેષ પુણ્યવાન ભક્તો ઉચ્ચ સ્થિતિએ પહોંચે છે જેમાં ભક્ત ઈષ્ટદેવતાના ચૈતન્યની સાથે એકરૂપ થઈ જાય છે. આ અવસ્થાને સાયુજ્ય મુક્તિ કહે છે.

આ આધ્યાત્મિક ચિંતનમાં દત્તભક્ત આ લોકમાં રહેવા છતાંય સાલોક્ય મુક્તિનો અનુભવ લે છે. તેઓ શરીરથી પ્રારબ્ધના ભોગ ભોગવતા હોવા છતાં મન દ્વારા સતત શ્રીદત્ત ભગવાનના ચરણે નિમગ્ન રહે છે. તેમને હંમેશાં શ્રીદત્ત ભગવાનનું જ ધ્યાન હોય છે. સૃષ્ટિધર્મ અને સૂક્ષ્મ સૃષ્ટિનું કાળચક્ર પણ ચાલુ જ હોય છે. સૃષ્ટિનો ચિદ્‌વિલાસ અંતર્દૃષ્ટિથી જોઈ દત્તભક્ત આનંદથી ભાવવિભોર થાય છે. સ્વાર્થરહિત યોગીઓની દિવ્ય શક્તિથી વિશ્વકલ્યાણ થતું હોય છે. તેમાં તેમનો નિઃસ્વાર્થ દેખાઈ આવે છે. આ પ્રમાણે આ યોગીઓ ઇહલોકમાં પોતાનું કલ્યાણ સાધી સામીપ્ય મુક્તિ પ્રાપ્ત કરે છે.

ઉપર કહ્યા પ્રમાણેના ભક્ત દત્ત ભગવાનની દિવ્ય લીલા અંતર્દૃષ્ટિથી જોઈ તેનું મનન, ચિંતન કરી સાલોક્ય મુક્તિ કરતાં શ્રેષ્ઠત્વ મેળવી સર્વોચ્ચ આનંદ પ્રાપ્ત કરે છે. જીવ શરીરના બંધનમાં હોય ત્યારે તેને અનેક વાસના, ઈચ્છા પોતાના બંધનમાં રાખે છે. પરંતુ, જ્યારે તેને મુક્ત અવસ્થાનું જ્ઞાન થાય છે ત્યારે તે ખૂબ જ હળવાશ અનુભવે છે. આ પ્રમાણે ઈચ્છારહિત, વાસનારહિત લઘુ જીવ આનંદમાં રમણ થાય છે.

સાયુજ્ય મુક્તિનો લાભ જેમને થયેલો છે તેવા દત્તભક્તોમાં દત્તલીલા યથેચ્છ માત્રામાં પ્રગટ થાય છે. આવા ભક્તોને હજુ કાંઈ પ્રાપ્ત કરવાનું છે તેવી કોઈ ભાવના જ રહેતી નથી. શ્રીદત્ત ભગવાનનાં દર્શન, સ્પર્શ, સંભાષણ અને અનુગ્રહપ્રાપ્ત ભકતોને તેમનું સતત સંરક્ષણ મળે છે. ઈહલોક અને પરલોકમાં પ્રાપ્ત થનાર મહદ્ ઐશ્વર્ય શ્રીપાદપ્રભુ જ આપે છે. માનવ વિવિધ દેવતાઓને વિવિધ સ્વરૂપમાં ભજે છે, તે સર્વ દેવતાઓ શ્રીપાદપ્રભુના જ દિવ્ય અંશો હોય છે. તે તે દેવતાઓ દ્વારા શ્રીપાદપ્રભુ તે તે ભક્તોને અનુગ્રહ પ્રદાન કરે છે.

: શ્રીદત્ત આરાધનાની વિશેષતા :

ઉપરનું વિવેચન સાંભળી મેં (શંકર ભટ્ટે) પૂછ્યું:- "તો પછી આપણે વિવિધ સ્વરૂપના દેવતાઓની પૂજા કરવી કે શ્રીપાદશ્રીવલ્લભની આરાધના કરવી? દેવતાઓ શ્રીપાદશ્રીવલ્લભ કરતાં ભિન્ન છે? આ વિશે મને કૃપા કરીને વિશ્લેષણ કરી સમજાવો." નામાનંદે તે વિશે આ પ્રમાણે કહ્યું:- એક કન્યાનો વિવાહ થયો અને તે સાસરે ગઈ. કેટલાક મહિના પછી તેના મોટા ભાઈઓ તેને મળવા સાસરે ગયા. બહેનની સાસુએ ફરિયાદ કરતાં ભાઈઓને કહ્યું:- તમારી બહેન અમારા ઘરમાં વિવિધ પ્રકારની ચોરીઓ કરે છે અને દૂધ, ઘી, માખણ, દહીં ચોરીને ખાય છે. એકાદ વસ્તુની ચોરી મેં સહન કરી હોત પરંતુ, આટલી બધી વસ્તુઓની ચોરી?

ભાઈઓએ બહેનને કહ્યું:- તું ચોરી કરવાનું છોડી દે. ફક્ત દૂધ લેજે એટલે તારી સાસુ તારા પર ગુસ્સે નહીં થાય. દૂધમાં બધું જ (દહીં, માખણ, ઘી) હોય છે. તે જ પ્રમાણે દત્ત ભગવાનની આરાધના કરવાથી બધું જ મળે છે. લોકો પોતપોતાની પસંદગી પ્રમાણે વિવિધ દેવતાઓની આરાધના કરે છે. શિવપૂજાથી વિષ્ણુ પ્રસન્ન થતા નથી અને વિષ્ણુની આરાધનાથી શિવ પ્રસન્ન થતા નથી. સગુણ અને સાકાર દેવની પૂજા કરવાથી ભક્તોનાં કર્મ પ્રમાણે ફળ મળે છે.

અનેક જન્મોમાં આચરેલાં પાપ-પુણ્યનું ફળ ક્ષીણ સ્થિતિમાં હોય તો પુણ્ય મહાવિશેષમાં જમા થાય છે ત્યારે શ્રીદત્ત ભગવાનની ભક્તિ પ્રાપ્ત થાય છે. આવા ભક્તને સર્વ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. બ્રહ્મદેવે લખેલા પ્રારબ્ધને કોઈ બદલી શકતું નથી. પરંતુ, શ્રીદત્ત ભગવાનના ભક્તના કિસ્સામાં દત્ત ભગવાન તે અંગે બ્રહ્મદેવને આદેશ આપી શકે છે. જીવની શારીરિક, માનસિક, આધ્યાત્મિક સ્થિતિ માટે ભગવાન વિષ્ણુ કારણભૂત છે. અપરિપક્વ અવસ્થામાં જો મહાયોગશક્તિ જીવમાં પ્રવેશ કરે તો શરીર, મન, બુદ્ધિ તે શક્તિને સંભાળી શકતાં નથી અને અગ્નિજવાળા જેવો દાહ અનુભવાય છે.

જીવનું જીવન સરળપણે ચાલે તે માટે ભગવાન વિષ્ણુ આપણને હંમેશાં મદદ કરે છે. પરંતુ, દરેકના કર્માનુસાર શ્રીકૃષ્ણ અને શ્રીદત્ત અભિન્ન છે. શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વત પોતાની આંગળી પર ધારણ કર્યો હતો. આ વાત બધાં જ જાણે છે. ગોકુળના પ્રત્યેક ગોપ અને ગોપીઓ પૂર્વજન્મના મહાન ઋષિઓ હતા. તેમણે રચેલા ગ્રંથો મહાન પર્વતરૂપે અવતરિત થયા હતા. આ મહાન ગ્રંથોનું વિભેદન થઈ તેમાંથી પ્રચંડ મહાયોગશક્તિ છૂટી પડે છે. ત્યારે જીવ ખૂબ જ હળવાશ અનુભવે છે. આ સૂક્ષ્મ સ્થિતિમાં જીવને મહાયોગાનંદ પ્રાપ્ત થાય છે. તેને મેળવવા કઠોર તપશ્ચર્યાની જરૂર છે. શ્રીકૃષ્ણ ભગવાન પોતાના સર્વ ભક્તોનો ભાર, આશ્રિતોનો ભાર પોતાના પર લઈ લે છે. તેમની ગ્રંથીનું ભેદન કરી તેમને શક્તિ પ્રદાન કરે છે. આ આધ્યાત્મિક રહસ્ય છે.

બૌદ્ધિક દૃષ્ટિએ જોતાં શ્રીકૃષ્ણ ભગવાને ગોવર્ધન પર્વત ઊંચકીને બધાંનું રક્ષણ કર્યું તેમ લાગે છે. શ્રીદત્ત ભગવાનનો

તે પ્રત્યક્ષ સંકલ્પ જ હતો. પરિસ્થિતિને બદલવા માટે, પરિણામક્રમને શીઘ્ર કરવાનો આદેશ તેઓ શ્રી વિષ્ણુ ભગવાનને આપતા. આ પ્રક્રિયામાં ભક્તોના પ્રારબ્ધ પ્રમાણે રસ્તામાં આવતી મુશ્કેલી, વિઘ્નો ભકતોથી અજાણતાં જ સુસહ્ય થાય છે. શ્રીપાદશ્રીવલ્લભ પોતાની શ્રેષ્ઠ વિદ્યાઓ દ્વારા ભક્તોનાં વિઘ્નો દૂર કરે છે. શ્રીપાદ પ્રભુ કેટલા દયાળુ અને કરુણાસભર છે!

શ્રીપાદપ્રભુના અવતારનું મુખ્ય લક્ષ્ય તેમની સાથે સાયુજ્ય સ્થિતિ અનુભવનાર યોગીઓએ એક લાખ અને પચ્ચીસ હજાર અનુયાયી કરવાનો સંકલ્પ કર્યો હતો તે છે. શ્રીપાદપ્રભુ કર્મબંધનનાં સ્પંદનોથી સર્વને મુક્ત સ્થિતિમાં આણી, સદ્ના અંશ થકી પ્રગટ થઈ કોટિ કોટિ જન્મો પછી આવનાર જન્મોનો વિનાશ કરી જીવાત્માને મુક્તિ આપે છે. તેમનામાં સ્થિત બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રનો અંશ સ્ફુરિત થઈ તે તે ઈશ્વરી ગુણોથી ભક્તોનું રક્ષણ કરે છે. આ જે થાય છે તે આત્માના સંકલ્પથી થાય છે. ભક્તની સંકલ્પસિદ્ધિ માટે ભક્તિનો આધાર લેવો જોઈએ.

એક દિવસ પીઠાપુરમાં શ્રીપાદપ્રભુના ભક્તને ઘોડા પર ચઢતી વખતે ઘોડાએ પાડી નાખ્યો અને પગ નીચે રગદોળ્યો. ભક્તને અનેક ઈજાઓ થઈ અને લોહીલુહાણ થયો. તે ઈજાગ્રસ્ત ભક્તને શ્રીપાદપ્રભુએ અભયહસ્ત દેખાડ્યો. તે જ ક્ષણે ભક્તના જખમો ભરાઈ ગયા. જાણે કે ઈજાઓ થઈ જ નથી. તે જ દિવસે શ્રીપાદપ્રભુ પર અનન્ય નિષ્ઠા અને શ્રદ્ધા રાખનાર ભક્તને અકલ્પિત સો સોનામહોરોથી ભરેલો ઘટ મળ્યો. શ્રી વેંકટપૈય્યાએ પ્રભુને આ વિશે વિવરણ કરવા વિનંતી કરી. શ્રીપાદસ્વામીએ કહ્યું:- મેં મારા એક અનન્ય ભક્તનું આયુષ્ય વીસ વર્ષ વધાર્યું છે. તેની ભક્તિથી સંતુષ્ટ થઈને મેં તેને આ ફળ આપ્યું છે. આજે તેને સો સોનામહારોથી ભરેલો ઘટ મળ્યો છે. આ તેના મહાન ભાગ્યનો દિવસ છે. જેની મારા પર અનન્ય ભક્તિ છે તેનો હું દાસ થાઉં છું. જે ભક્તો મને તેમના હૃદયમાં પ્રસ્થાપિત કરે છે તેઓ મને અત્યંત પ્રિય છે. ત્રૈલોક્યપતિ પરમેશ્વર પણ આવા ભક્તને આધીન થઈ તેમની સાથે સંચાર કરે છે.

શ્રી નામાનંદ સ્વામીના દિવ્ય સત્સંગનો લાભ થવાથી બધાંને અત્યંત આનંદ થયો. તે બંને બ્રાહ્મણોએ નામાનંદને કહ્યું:-

"અમે કરેલાં ઘોર પાપથી અમને ખૂબ જ પશ્ચાત્તાપ થાય છે. આપશ્રી અમને ઉપદેશ આપો." શ્રી નામાનંદે તેમને કહ્યું:- "તમે એકભુક્ત વ્રત કરો. (એક વખત ભૂખ્યા- એક જ વખત દિવસમાં ખાવાનું) મહેનત કરી ધન સંપાદન કરો અને તે ધનનો સદુપયોગ સદ્બ્રાહ્મણોને અન્નદાન કરવામાં કરો. આથી તમારાં તમામ પાપ નષ્ટ થશે. આ પ્રમાણે વર્તન કરવાથી શ્રીપાદપ્રભુનું પ્રત્યક્ષ અથવા સ્વપ્નમાં દર્શન થશે. મંત્રદીક્ષા મળ્યા પછી પણ તમારે સદાચારનું પાલન કરવું જોઈએ. જો તમે પહેલાંની આદતો મુજબ ફરી દુરાચાર કર્યો છે તો શ્રીપાદપ્રભુ તમને બમણી શિક્ષા કરશે તે યાદ રાખજો."

: શ્રી દત્તાત્રેયની આરાધનાનું ફળ :

સુશીલા નામની બ્રાહ્મણ સ્ત્રીએ શ્રી નામાનંદને પૂછ્યું:- "સ્વામી, સંકટમાંથી છુટકારો કેવી રીતે મેળવવો?" શ્રી નામાનંદે પ્રસન્ન ચિત્તથી કહ્યું:- આત્મા એ નિરંતર છે. તેને જન્મમરણ હોતાં નથી. તેને અગ્નિ બાળી નથી શકતો! શસ્ત્ર ઈજા કરી શકતું નથી. પાણી તેને ભીંજવી શકતું નથી. વાયુ તેને સૂકવી શકતો નથી. મનુષ્ય માત્ર કોટી વખત મૃત્યુ પામી કોટી વખત જન્મ લે છે. તું અનઘાદેવીની સાથે શ્રી દત્તાત્રેયની આરાધના કરી તેમને સંતુષ્ટ કર. આમ કરવાથી, શ્રી દત્તાત્રેય ભગવાન સાચે જ તારા પર અનુગ્રહ કરશે.

શ્રી બાપન્નાચાર્યને શ્રી દત્તાત્રેયનાં દર્શન થયાં અને તેમણે "સિદ્ધમંગલ" સ્તોત્રની રચના કરી. પ્રત્યક્ષ દત્ત ભગવાનના દર્શનની અનુભૂતિથી ગવાયેલા આ સ્તોત્રના પ્રત્યેક અક્ષરો અત્યંત પ્રભાવશાળી છે. તે અક્ષરોમાં ચૈતન્ય યુગાનુયુગ વિલસતું રહેશે. આ સ્તોત્રમાં વ્યાકરણની દૃષ્ટિએ કોઈ પણ દોષ કે ત્રુટિ નથી. આ સ્તોત્રનો પાઠ કરવા કોઈ પણ વિધિનિષેધ નથી. મને તે સ્તોત્ર શ્રી બાપન્નાચાર્યના મુખથી શ્રવણ કરવાનું ભાગ્ય લાધ્યું. આ સ્તોત્ર મારા હૃદય પર અંકિત થયેલું છે.

: સિદ્ધમંગલ સ્તોત્ર :

શ્રીમદ્ અનંત શ્રી વિભૂષિત અપ્પલ લક્ષ્મી નરસિંહ રાજા ।
જય વિજયી ભવ, દિગ્વિજયી ભવ, શ્રીમદખંડ શ્રી વિજયી ભવ ॥ ૧ ॥
શ્રી વિદ્યાધરી રાધા સુરેખા શ્રી રાખી ધર શ્રીપાદા ।
જય વિજયી ભવ, દિગ્વિજયી ભવ, શ્રીમદખંડ શ્રી વિજયી ભવ ॥ ૨ ॥
માતા સુમતિ વાત્સલ્યામૃત પરિપોષિત જય શ્રીપાદા ।
જય વિજયી ભવ, દિગ્વિજયી ભવ, શ્રીમદખંડ શ્રી વિજયી ભવ ॥ ૩ ॥
સત્ય ઋષીશ્વર દુહિતાનંદન બાપન્નાચાર્યુલુનુત શ્રી ચરણા ।
જય વિજયી ભવ, દિગ્વિજયી ભવ, શ્રીમદખંડ શ્રી વિજયી ભવ ॥ ૪ ॥
સાવિત્રીકાઠકયજન પુણ્યફલ ભારદ્વાજ ઋષિ ગોત્ર સંભવા ।
જય વિજયી ભવ, દિગ્વિજયી ભવ, શ્રીમદખંડ શ્રી વિજયી ભવ ॥ ૫ ॥
દૌ ચૌપાતી દેવ લક્ષ્મીગણ સંખ્યા બોધિત શ્રી ચરણા ।
જય વિજયી ભવ, દિગ્વિજયી ભવ, શ્રીમદખંડ શ્રી વિજયી ભવ ॥ ૬ ॥
પુણ્યરૂપિણી રાજમામ્બસુત, ગર્ભપુણ્યફલ સંજાતા ।
જય વિજયી ભવ, દિગ્વિજયી ભવ, શ્રીમદખંડ શ્રી વિજયી ભવ ॥ ૭ ॥
સુમતિનંદન નરહરિનંદન, દત્ત દેવ શ્રીપાદા ।
જય વિજયી ભવ, દિગ્વિજયી ભવ, શ્રીમદખંડ શ્રી વિજયી ભવ ॥ ૮ ॥
પીઠિકાપુર નિત્યવિહારા મધુમતીદત્તા મંગલરૂપા ।
જય વિજયી ભવ, દિગ્વિજયી ભવ, શ્રીમદખંડ શ્રી વિજયી ભવ ॥ ૯ ॥

પરમ પવિત્ર એવા આ સિદ્ધમંગલ સ્તોત્રનો પાઠ અનઘાષ્ટમીના વ્રત સાથે કરતાં હજાર બ્રાહ્મણોને જમાડવાનું પુણ્ય પ્રાપ્ત થાય છે તેમજ સ્વપ્નમાં સિદ્ધ પુરુષનું દર્શન થાય છે. આ સ્તોત્રના પાઠથી સર્વ મનોકામના પૂર્ણ થાય છે. જે ભક્તો કાયા, વાચા, મન અને કર્મથી શ્રી દત્તાત્રેયની આરાધના કરી આ સ્તોત્રનો પાઠ કરે છે, તેઓ શ્રીપાદશ્રીવલ્લભની કૃપાને પાત્ર થાય છે. આ સ્તોત્રના નિયમિત પઠનથી સૂક્ષ્મ વાયુમંડળમાં અદૃશ્યરૂપથી સંચાર કરવાની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

: શ્રીપાદપ્રભુનો સુશીલાના પતિને અનુગ્રહ :

શ્રી નામાનંદ સ્વામીની અમૃતવાણી શ્રવણ કર્યા પછી મને એક વિચાર સ્ફૂર્યો. મેં શ્રી નામાનંદને વિનંતી કરીઃ- "હે સ્વામી, આ સ્તોત્રમાં આવતી શ્રીપાદપ્રભુની દિવ્ય લીલાઓનું વર્ણન તથા ચરિત્રકથન કરશો તેવી મારી પ્રાર્થના છે." અમારા ત્રણે પર દયાનો અવિરત વર્ષાવ કરનારા સ્વામીએ અમારા પર પ્રસન્નતાપૂર્વક દૃષ્ટિ નાખી અને અમારી વિનંતીને મૂક સંમતિ આપી. તે રાત્રે અમે શ્રીપાદપ્રભુનું નામસ્મરણ કર્યું. શ્રીપાદ સ્વામીની લીલા કથન કરી સિદ્ધમંગલસ્તોત્રનું પઠન કર્યું. તે દિવ્ય અનુભૂતિમાં રાત્રી ક્યારે પૂરી થઈ તેની જ ખબર ન પડી.

પ્રાતઃકાળ થતાં જ શ્રીપાદપ્રભુની મંગળા આરતી કરી. થોડા જ સમયમાં અન્નસામગ્રીથી ભરેલું એક બળદગાડું આશ્રમમાં આવ્યું. ગાડીવાન ગાડા પરથી નીચે ઊતર્યો. તેણે બધી ખાદ્યસામગ્રી નીચે ઉતારી આશ્રમમાં ગોઠવી. પછી તે સુશીલાને ઉદ્દેશીને બોલ્યોઃ- થોડી જ વારમાં તારો પતિ, સાસુ, સસરા બીજા બળદગાડામાં આવશે. તે ગાડીવાળાની વાણીમાં એક જુદું જ માધુર્ય હતું. તે ગાડીવાન બીજા ગાડીવાન જેવો સામાન્ય ન હતો. તેનામાં એક મોહક આકર્ષણ શક્તિ જણાતી હતી. તેની તરફ એકીટશે જોઈ રહીએ એમ થતું હતું. પરંતુ, તે ગાડીવાળો વધારે સમય ત્યાં ન રોકાયો. તે ગાડું ખાલી કરીને તરત જતો રહ્યો. તે સમયે નામાનંદ ધ્યાનમાં હતા.

ધ્યાનમાંથી જાગ્રત થઈ નામાનંદ સ્વામી તેમની ઓરડીમાંથી બહાર આવ્યા. તેમણે પૂછ્યું:- પેલો ગાડીવાળો ક્યાં છે? ગાડીવાન સામાન ઉતારી જતો રહ્યો એમ કહેતાં જ તેમણે કહ્યું:- તમે કેટલા ભાગ્યવાન છો, હું જ એક અભાગી છું. તેમણે આગળ કહ્યું:- પરમ કરુણામૂર્તિ શ્રીપાદશ્રીવલ્લભ આપણા માટે ગાડીવાનનું રૂપ લઈ અન્નસામગ્રી સાથે અહીં આવ્યા. તેમણે તમને દર્શન આપ્યાં.

તે પછી નામાનંદે સુશીલા તરફ જોઈ કહ્યું:- હે સુશીલા, તારું ભાગ્ય ઉદય પામ્યું છે. તારા પતિનું નપુંસકત્વ નષ્ટ થયું છે. તારા પતિ અને સાસુ-સસરા બીજા બળદગાડામાં આવી રહ્યાં છે.

ત્રિકાળજ્ઞાની નામાનંદ સ્વામીએ કહ્યા પ્રમાણે બધી ઘટના બની. સુશીલા પોતાના પતિ, સાસુ, સસરા સાથે ઘેર ગઈ. મેં (શંકર ભટ્ટ) અને પેલા બે બ્રાહ્મણોએ નામાનંદ સ્વામી પાસે કુરુગડ્ડી જવા આજ્ઞા માગી. શ્રી નામાનંદ સ્વામીની આજ્ઞા લઈ અમે કુરુગડ્ડીના માર્ગે પ્રયાણ કર્યું.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૧૭ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૧૮

સંત રવિદાસ અને શ્રીપાદનાં દિવ્ય મંગળ દર્શન

હું તે બે બ્રાહ્મણો સાથે યથાકાળે કુરુગડ્ડી આવી પહોંચ્યો. અનંત કોટી બ્રહ્માંડનાયક, આદિ, મધ્ય અને અંત જેમને નથી તેવા અને ચતુર્દશ ભુવનોના સાર્વભૌમ, લીલાવતારી ભગવાન શ્રીપાદપ્રભુ કૃષ્ણા નદીમાં સ્નાન કરી બહાર આવતા હતા. તેમના આકસ્મિક દિવ્ય મંગળ સ્વરૂપનાં દર્શનથી અમે એકદમ ભાવવિભોર થયા. તેમનાં નેત્રોમાંથી અપાર કરુણા, પ્રેમ, વાત્સલ્ય ટપકી રહ્યાં હતાં. તેઓ મારી સમીપ આવ્યા. મારે શું કરવું જોઈએ તે વિશે કિંકર્તવ્યમૂઢ જેવો હું ઊભો રહ્યો. તે દયાળુ ભગવાન મને જાતે જ પ્રણામ કરવાનું કહેતા હતા. મેં તેમના ચરણસ્પર્શ કર્યા. તેમણે કમંડલુનું જળ મારા પર છાંટ્યું. હું દિગ્મૂઢ થયો.

તેઓ પોતાની મધુર વાણીથી બોલ્યાઃ- "બેટા શંકર ભટ્ટ, હું તારા પર પ્રસન્ન છું." તે મધુર વાણીનું હું વર્ણન કરી શકતો નથી. તેમની વાત્સલ્યપૂર્ણ નજર મારા પર પડી અને હું કૃતાર્થ થયો. સમસ્ત ભૂતલ પર પોતાની અનંત શક્તિથી બિરાજમાન શ્રીપાદ ભગવાને પોતાનો વરદ હસ્ત મારા માથા પર મૂક્યો. મારી કુંડલિની શક્તિ એકદમ જાગ્રત થઈ અને મને દેખાતી બધી જ સૃષ્ટિ અદૃશ્ય થતી હોય તેમ જણાયું. હજારો સાગર મને આવીને આલિંગન આપતા હોય તેવો ભાસ થયો. અનંત શક્તિનો વિદ્યુતપ્રવાહ મારી નસોમાં થઈને વહેતો હોય તેમ લાગ્યું અને શરીરમાં અત્યંત ઉષ્મા પેદા થઈ. મારી આંખો આપોઆપ બિડાઈ ગઈ. શરીરની નાડીઓ અને હૃદયસ્પંદનો થોડી ક્ષણો માટે બંધ થયાં.

મારું મન નિર્વિકાર અને નિશ્ચલ થઈ અનંત શૂન્યમાં ખોવાઈ ગયું. મારા હૃદયનું ચૈતન્ય વિશ્વના અનંત ચૈતન્યમાં વિલીન થયું

હોય તેમ લાગ્યું. આ પરિસ્થિતિ મને ખૂબ જ આનંદદાયક લાગી, તેનું યથાર્થ વર્ણન કરવું અઘરું છે. આવા અતિ ઉચ્ચ આનંદની અવસ્થામાં મારામાંથી કોટિ કોટિ બ્રહ્માંડો સર્જન, સ્થિરતા અને લય પામી રહ્યાં છે તેમ મને ભાસ્યું. હું આ બધાથી ભિન્ન નથી તેવો દૃઢ વિશ્વાસ થતો હતો. "હું" નો લય થયો હોવાથી હું અવ્યક્ત એવા આનંદમાં હતો. આ બધું મને ચિત્રવિચિત્ર લાગતું હતું. તેટલામાં શ્રીપાદપ્રભુએ કમંડલુમાંથી મારા પર જળ છાંટ્યું અને તરત જ હું સહજ સ્થિતિમાં આવ્યો. સંપૂર્ણ વિશ્વના આદિગુરુ શ્રીપાદશ્રીવલ્લભ મારા તરફ હજારો માતાઓના વાત્સલ્યભર્યા નેત્રોથી મંદમંદ સ્મિત કરતા જોઈ રહ્યા હતા.

: યવનોને શ્રીવલ્લભનાં દર્શન :

મારી સાથે આવેલા બે બ્રાહ્મણોને પ્રભુના પાદસ્પર્શ કરવા કે વાર્તાલાપ કરવાની હિંમત થતી ન હતી. શ્રીપાદપ્રભુએ મને પૂછ્યું:- "તારી સાથે આવેલી આ અપરિચિત વ્યક્તિઓ કોણ છે?" મેં જવાબ આપ્યો:- "પ્રભુ, આપના દિવ્ય ચરણોનાં દર્શન કરવાની ઈચ્છા ધરાવનાર એ બે બ્રાહ્મણો છે." મારું કથન સાંભળીને શ્રીપાદપ્રભુ તરત જ બોલ્યા:- આ બ્રાહ્મણ હોય તેમ લાગતું નથી. ગોમાંસ ખાનાર યવન દેખાય છે. તું તેમને પૂછીને ખાતરી કર.

બ્રાહ્મણોએ જવાબમાં કહ્યું:- "અમે બ્રાહ્મણ નથી અને યવન જ છીએ તેમાં સંદેહ નથી. અમે કુરાન વાંચીએ છીએ." તેમની આ વાત સાંભળીને હું તો દંગ થઈ ગયો. શ્રીપાદવલ્લભ નામથી માયાવી રૂપે (તેમનું સાચું સ્વરૂપ અગમ્ય હોવાથી) સંચાર કરનાર જગતના સ્વામી શ્રી દત્તાત્રેય પ્રભુને ઓળખવા અનેક જન્મોનું પુણ્ય જોઈએ. તેવા સ્થિર ભાવમાં ભક્તિભાવને એકરસ કરી ઘૂંટવા માટે મહાન ભાગ્યની જરૂર છે. ગો-માતામાં સર્વ દેવતાઓ વાસ કરે છે. ગાય વિના ઘર સ્મશાન જેવું છે. શ્રદ્ધાથી ગાયોની સેવા કરનાર મને ખૂબ જ ગમે છે. ગાયનું દૂધ પુષ્ટિકારક અને તુષ્ટિકારક હોય છે.

બ્રાહ્મણ તરીકે જન્મ લઈને ગોમાંસ ખાનાર શિક્ષાને પાત્ર છે. યજ્ઞ-યાગ કરતી વખતે બકરાનું બલિદાન કરવામાં આવે છે. યજ્ઞબલિ તરીકેનો બકરો કે ઇતર પશુ પણ તેમની નીચ યોનિમાંથી વિમુક્ત થઈ આગળ જતાં ઉત્તમ જન્મ પ્રાપ્ત કરે છે.

યજ્ઞમાં આહુતિ થયેલાં પશુને ઉત્તમ જન્મ મળે તે માટે યજ્ઞ કરનાર મહાયોગી તપોબળ અને યોગબળથી સમૃદ્ધ હોવો જોઈએ. જો તે યોગી જેવો સમર્થ ન હોય તો તેને પ્રાણીહત્યા કરવાનું પાપ લાગે છે.

દેશ-કાળ અનુસાર ધર્મ-કર્મપદ્ધતિમાં થોડી ભિન્નતા જોવા મળે છે. યવન હોય તેવા તપસ્વીએ ગોમાંસ ભક્ષણ કર્યું હોય તો પણ પરમેશ્વરાર્પણ બુદ્ધિથી કરેલું કર્મ ગાય અને તેની સંતતિને ઉત્તમ જન્મ જ મેળવી આપે છે. પરંતુ, તેવું ન કરીએ તો માત્ર મહાપાપ લાગે છે. માટે જ ગોહત્યા શાસ્ત્ર અનુસાર મહાન પાપ છે. કૌરવ અને પાંડવો વચ્ચે યુદ્ધ માટે કયું ક્ષેત્ર ધર્મક્ષેત્ર છે તેની શોધ માટે અર્જુન અને શ્રીકૃષ્ણ નીકળ્યા. તેમને એક ખેડૂત ખેતરમાં પાણી વાળતો જોવા મળ્યો. પાણીના પ્રવાહને રોકવા માટે તેને એક મોટા પથ્થરની જરૂર જણાઈ. તે પથ્થરને શોધતો હતો એટલામાં તેનો પુત્ર તેને માટે બપોરનું ભાતું લઈ આવ્યો. જમી લીધા પછી પાણી રોકવા માટે તેણે પથ્થર ના મળતાં તેના પુત્રનો વધ કરી તેના મૃત શરીરને પથ્થર તરીકે વાપર્યું. તે સમયે ખેડૂત અને તેના પુત્રમાં હત્યા કરવાની ક્રિયા અંગે કોઈ પણ ભાવ ન હતો. તેઓ બંને નિર્વિકાર હતા. ખેતરમાં પાક લણીને અનાજ લોકોને આપવું એટલું જ તે ખેડૂત જાણતો હતો. તે જ તેનો ધર્મ હતો.

ખેડૂત ફળની આશા રાખ્યા વગર પોતાનું કર્મ અત્યંત શ્રદ્ધા-ભાવથી કરતો હતો. આ ખેતરની જગ્યા શ્રીકૃષ્ણે ધર્મક્ષેત્ર માટે પસંદ કરી. હે નામમાત્ર બ્રાહ્મણો, ગોમાંસ ભક્ષણ કરવું ક્યારે પણ યોગ્ય નથી. તમારી પૂર્વ પુણ્યાઈથી, પિતૃદેવતાની પ્રાર્થનાથી અને મારા અપાર કારુણ્યને લીધે તમને મારા દર્શનનો લાભ થયો. આને તમે મહાન ભાગ્ય સમજો. તમે કરેલા નમસ્કાર હું સ્વીકારતો નથી. તમે મને સ્પર્શ કરતા નહીં. મારા કમંડલુમાંથી જળ મેળવવા તમે અપાત્ર છો. તમે અહીંથી જલદી નીકળી જાવ. તમને અન્નવસ્ત્ર મળે તેવી સગવડ કરી છે. તમે યવન સ્ત્રી સાથે વિવાહ કરી યવનોની જેમ રહો. તમારા હાથે હત્યા થયેલી ગાયો આગલા જન્મે તમારી સંતતિ થશે અને તમને ત્રાસ આપી તમારા પૈસે સુખી થશે.

મારાં દર્શનથી પુનિત થવાને લીધે કેટલાક જન્મો પછી તમે બડે બાબા અને અબ્દુલ બાબા તરીકે ઓળખાશો. મહારાષ્ટ્રના

શિરડી ગામે શ્રીસાંઇબાબા નામના મહાત્મા અવતાર લેશે. તેઓ તમારો ઉદ્ધાર કરશે. આ મારાં વચનો કાળા પથ્થર પર કોતરાયેલા અક્ષરોની જેમ ન બદલાય તેવા છે. આ પ્રમાણે કહીને શ્રીપાદ પ્રભુએ તેમને જવા દીધા.

: શ્રીપાદસ્વામીનો ભક્તો પર અનુગ્રહ :

રવિદાસની નાવડી કૃષ્ણા નદીમાંથી કુરુગડ્ડી તરફ જતી હતી. તે નાવડીમાં એક વેદશાસ્ત્રસંપન્ન પંડિત બેઠા હતા. બીજા માણસોનો સ્પર્શ ન થાય તે માટે તેઓ એકલા જ નાવડીમાં બેસી કુરુગડ્ડી તરફ જતા હતા. પંડિતે ઘમંડ સાથે કહ્યું:- હું મહાન પંડિત છું. હું શ્રીપાદશ્રીવલ્લભ પાસે જાઉં છું. તેમણે મને બોલાવ્યો છે. તેઓ જ તને નાવડીના ભાડાના પૈસા આપશે. રવિદાસે પંડિતની વાત કબૂલ રાખી.

નાવડી ધીમે ધીમે જળપ્રવાહમાં આગળ વધતી હતી. વાતચીતના દોરમાં પંડિતને ખબર પડી કે રવિદાસને પૌરાણિક, ઐતિહાસિક કથાવાર્તાનું જ્ઞાન નથી. પંડિતે મોટા અહંકારથી કહ્યું:- "રવિદાસ, તને પૌરાણિક કથાવાર્તાનું જ્ઞાન નથી. આથી તારું ત્રણ ચતુર્થાંશ જીવન વ્યર્થ ગયું!" રવિદાસને તે સાંભળી નિરાશા થઈ. નાવડી આગળ વધતી હતી. પાણીનો વેગ પુષ્કળ હતો. અતિ વેગમાં નાવડીમાં એક છિદ્ર પડ્યું. છિદ્રમાંથી પાણી અંદર પ્રવેશ કરતું હતું.

હવે રવિદાસનો વારો હતો. તેણે પંડિતને પૂછ્યું:- પંડિતજી, તમને તરતાં આવડે છે? પંડિતજીએ કહ્યું:- અરે, મને તરતાં આવડતું નથી." રવિદાસે કહ્યું:- "પંડિતજી, મને તરતાં આવડે છે. પરંતુ, તમને તરતાં આવડતું નથી. આથી તમારું સોએ સો ટકા જીવન વ્યર્થ ગયું." નાવડીમાં એકધારું પાણી પ્રવેશ કરતું જતું હતું. રવિદાસે પાણીમાં ભૂસકો મારવાની તૈયારી કરી. તેણે શ્રીપાદપ્રભુની અનેક દિવ્ય લીલાઓ સાંભળી હતી. તેને કૃષ્ણા નદીના અફાટ જળમાં એક દિવ્ય કાંતિ દેખાઈ. રવિદાસે તે દિવ્યકાંતિને બે હાથ જોડી ભાવપૂર્વક પ્રણામ કર્યા.

નાવડીમાં પાણી વધુ ને વધુ આવતું જતું હતું. રવિદાસે એક આશ્ચર્યકારક ઘટના નજરોનજર જોઈ. કોઈ અદૃશ્ય હાથ તે નાવડીમાંથી પાણી બહાર ફેંકતો હતો. નાવડીનું પાણી ઓછું થયું અને છેવટે નાવડી કિનારે આવી. બંને જણ શ્રીપાદ પ્રભુનાં દર્શન કરવા ગયા. રવિદાસે આ પૂર્વે કદી પણ શ્રીપાદ પ્રભુના દર્શન કર્યાં ન હતાં. રવિદાસે શ્રીપાદ પ્રભુને પ્રણામ કર્યા. શ્રીપાદ પ્રભુએ મંદ સ્મિત કરી તેનો સ્વીકાર કર્યો. તે પંડિત તરફ માત્ર દુર્લક્ષ કર્યું. શાસ્ત્રચર્ચા કરવા આવેલા પંડિતના મુખથી એક પણ શબ્દ નીકળતો ન હતો.

શ્રીપાદપ્રભુએ પંડિતને કહ્યું:- "અરે પંડિત, તને યોગ્ય શું અને અયોગ્ય શું તેની ખબર નથી. તું મહાપંડિત હોવા છતાં સદ્‌ગુણોનો સંચય કરવાને બદલે પાપના પોટલાં જ ભેગાં કરે છે. તારી પોતાની સુશીલ પત્નીને ત્રાસ આપ્યો છે. એક સુખી રાજકુટુંબની રાણીને તેના પતિથી વિમુખ કરી છે. આથી તે તને સતત શાપ આપે છે. તારી પત્ની એક સદ્‌બ્રાહ્મણી હોવા છતાંય તારા ત્રાસથી તે અત્યંત ક્ષોભ પામી છે. આટલા બધાં પાપકર્મ કર્યા છતાંય તું મારા પ્રતિ કેમ આકર્ષિત થયો? તારા જન્માક્ષર પ્રમાણે આજે તારો મૃત્યુ દિવસ છે. આજથી હું તને ત્રણ વર્ષ આયુષ્ય વધારી આપું છું. તું તારા ગામ જઈને દુર્વર્તનનો ત્યાગ કરી સદાચરણ કર. તું એક પંડિત છે એમાં શંકા નથી. તું તારી વિદ્વત્તાનું પ્રદર્શન કરીશ કે તને આપેલાં ત્રણ વર્ષ પાછાં કરીશ? જલદી જવાબ આપ."

સર્વજ્ઞાનસંપન્ન એવા શ્રીપાદનું તે વક્તવ્ય સાંભળી તે પંડિતથી એક શબ્દ પણ બોલાતો ન હતો. જાણે કે મૂંગો જ થયો. તેના મનમાં આયુષ્યવર્ધનની ઈચ્છા હતી. શ્રીપાદસ્વામીએ તેને કહ્યું:- તારા મનની ઈચ્છા અનુસાર હું તને આયુષ્યના વધારેલાં ત્રણ વર્ષ આપું છું. તેં રજકની સ્ત્રીને બળજબરીથી પોતાની દાસી બનાવી. આગલા જન્મમાં તે રજકદંપતી રાજાનું સુખ ભોગવશે. ત્યારે તું તે રજક પત્નીનો દાસ થઈ તેમની સેવા કરીશ. વધારી આપેલાં ત્રણ વર્ષમાં તેં જો સત્કર્મ કર્યું તો તને અન્નવસ્ત્રની ખોટ નહીં પડે. ખરાબ કર્મ કરીશ તો અનેક યાતનાઓ ભોગવવી પડશે.

તને મરણભયથી બચાવનાર અને મારી સમીપ લઈ આવનાર રવિદાસ રજકને આ સર્વ પુણ્ય મળશે. તે પુણ્યના ફળસ્વરૂપે તે મારી સેવા કરશે. તું આ પુણ્યભૂમિમાંથી જલદી જતો રહે. શ્રીપાદપ્રભુની આજ્ઞા પ્રમાણે તે પંડિત ત્યાંથી જતો રહ્યો. રવિદાસ ત્યાં જ આશ્રમમાં રહી સ્વામીની સેવા કરવા લાગ્યો. રવિદાસ રોજ સ્વામીનાં વસ્ત્રો ધોતો, આશ્રમનું આંગણ વાળીઝૂડી ચોખ્ખું રાખતો. પૂજા માટે ફૂલો લાવતો. આ તેનું મનગમતું કામ હતું. શ્રીપાદપ્રભુ કૃષ્ણા નદી પર સ્નાન માટે જતા ત્યારે તે દંડવત્ પ્રણામ કરતો. શ્રીપાદપ્રભુ પણ તેના નમસ્કાર પ્રસન્ન મુદ્રાથી સ્વીકારતા. રવિદાસના પિતાએ તેને એક વાર કહ્યું હતું કે શ્રીપાદપ્રભુ અંતર્યામી હોવાથી તેમને કરેલા એક નમસ્કારનો જો સ્વીકાર થાય તો તે સો લોકોને કરેલા પ્રણામ બરાબર છે.

એક દિવસ રવિદાસ કૃષ્ણા નદીના કિનારે ઊભો હતો. તે સમયે ત્યાંનો યવન રાજા પોતાના કુટુંબીજનો સાથે જળવિહાર કરવા નૌકામાં બેસીને આવ્યો. રવિદાસ તે રાજા અને તેની રાણીઓ સાથેની જળક્રીડા એકચિત્તથી જોતો હતો. શ્રીપાદસ્વામી સ્નાન કરીને જળમાંથી બહાર આવ્યા. રવિદાસનું શ્રીપાદપ્રભુ પ્રતિ કોઈ ધ્યાન ન હતું. શ્રીપાદસ્વામીએ તેને પૂછ્યું:- હે રજક, શું જોઈ રહ્યો છે? સ્વામીનું વાક્ય સાંભળી રવિદાસ ભાનમાં આવ્યો. તેણે સ્વામીને દંડવત્ પ્રણામ કર્યા. સ્વામીએ પૂછ્યું:- રાજાના વૈભવને જોતો હતો ને? રવિદાસે હકારાત્મક ડોક ધૂણાવી.

સ્વામીએ પુનઃ પૂછ્યું:- "તને રાજા થવાની ઈચ્છા છે એમ ને? આગલા જન્મમાં તું બેદર (હાલનું બિડર-જિલ્લા મથક)નો રાજા થા. તે સમયે તને હું નૃસિંહસરસ્વતી સ્વરૂપમાં દર્શન આપીશ." રજકે કહ્યું:- "સ્વામી, મને રાજા થવાની ઈચ્છા છે. પરંતુ, આપના ચરણોની સેવા મને હંમેશાં મળે તેવી કૃપા કરો." સ્વામીએ "તથાસ્તુ" કહ્યું. રવિદાસ મૃત્યુ પછી બેદરના યવન રાજકુળમાં જન્મ્યો. યથાકાળે તે બેદરનો રાજા થયો. રાજ્યવૈભવ ભોગવીને જીવનના ઉત્તરાર્ધમાં તેને નૃસિંહસરસ્વતીનાં દર્શન થયાં. તેમની જ કૃપાથી રાજાને પૂર્વજન્મની સ્મૃતિ થઈ. તે નૃસિંહસરસ્વતીના શ્રીચરણે નતમસ્તક થયો અને તેણે નૃસિંહસ્વામીને પોતાની રાજધાનીમાં લઈ જઈને તેમનો મોટો સત્કાર કર્યો.

: ખીરથી ભરેલું અક્ષય પાત્ર :

અમે બધા બેઠા હતા. એક યુવાન બ્રાહ્મણનું ત્યાં આગમન થયું. તે ઘણે દૂરથી આવ્યો હોવાથી તેના પગ ધૂળમાં રગદોળાયેલા હતા. તેનું નામ વલ્લભેશ શર્મા હતું. તે કાશ્યપ ગોત્રીય હતો. જેની શાખા આપસ્તંબ હતી. શ્રીપાદપ્રભુ પીઠિકાપુરમ્થી આવતા પોતાના ભક્તોને, આત્મીયજનોની સવિસ્તર માહિતી અને ક્ષેમકુશળ પૂછતા. સર્વજ્ઞ શ્રીપાદસ્વામીનો આ મનગમતો વિષય હતો.

વલ્લભેશ્વર પીઠિકાપુરમ્થી આવ્યો હતો. તેને શ્રીપાદપ્રભુએ પોતાના આત્મીયો, સ્નેહીજનો, ભક્તોના ક્ષેમકુશળ પૂછ્યા. મધ્યાહ્નનો સમય થયો હતો. સ્વામીના શિષ્યો ભિક્ષા લઈ આવ્યા હતા. એટલામાં શ્રીપાદપ્રભુએ કોઈ વસ્તુ લેવા પોતાનો દિવ્ય હાથ ઊંચો કર્યો. ક્ષણાર્ધમાં તે હાથમાં ચાંદીનું એક પાત્ર હતું, જે ખીરથી છલોછલ ભરેલું હતું. શ્રીપાદપ્રભુએ ખીર બધા ભક્તોમાં વહેંચી. તો પણ પાત્રમાં તો જેટલી ખીર હતી તેટલી જ બાકી રહી.

શ્રીપાદપ્રભુએ તેમના માટે લવાયેલી સર્વ ભિક્ષા નદીના જળચરોને આપવા આજ્ઞા કરી. આજ્ઞાનુસાર રવિદાસ ભિક્ષાન્ન લઈને કૃષ્ણા નદીના કિનારે ગયો. નદીના જીવજંતુઓને પણ પ્રસાદ મળે તેવો શ્રીપાદપ્રભુનો સંકલ્પ હતો. શ્રીપાદશ્રીવલ્લભ મને વલ્લભેશ્વરની નજીક બેસવા કહેતા હતા. પરંતુ, તેની નજીક રવિદાસ બેઠા હતા. મારી પાસે સુબણણા શાસ્ત્રી નામનો એક કન્નડ બ્રાહ્મણ બેઠો હતો. એ ગરીબ બ્રાહ્મણ પોતાની ઉપવર કન્યાના લગ્ન બાબતે પૂછતો હતો.

શ્રીપાદપ્રભુએ કહ્યું:- મારા હોવા છતાં તમને ડર શાનો? જે લોકો પાપી હોય છે તેમણે જ ભય પામવાની જરૂર છે. શ્રીપાદપ્રભુએ વાતનો દોર લંબાવતા કહ્યું:- આ વલ્લભેશ્વર શર્મા તારો જમાઈ થવા એકદમ યોગ્ય છે. સુબણણા શાસ્ત્રી તેને પૌરોહિત્ય શીખવી રહ્યા છે. વલ્લભેશ્વર તરફ વળીને શ્રીપાદપ્રભુએ કહ્યું:- તારાં માતાપિતાની ઈચ્છા એવી છે કે તેમને પિંડદાન

મળે. શ્રદ્ધાથી અને મંત્રોચ્ચાર સાથે કરવામાં આવેલું પિંડદાન પિતૃઓને પહોંચે છે. પિતૃઓનો શાપ લેવો કોઈ પણ રીતે વ્યાજબી નથી.

ગરુડપુરાણના મંત્રોનું ઉચ્ચારણ કર્યા પછી જ વિવાહના મંત્રોનું ઉચ્ચારણ કરવું જોઈએ, એમ શાસ્ત્ર વચન છે. માટે વિવાહના મંગળ કાર્ય માટે હળકુંડ (આખી સૂકાયેલી હળદર) સ્વીકારવું. આજે તમને મળેલો પ્રસાદ અત્યંત દુર્લભ છે. પીઠિકાપુરમ્માં મલ્લાદિ લોક વેંકટપૈય્યા, શ્રેષ્ઠીમહારાજ અને વત્સમહારાજ નૈવેદ્ય માટે ખીર લઈ આવ્યા. તે જ નૈવેદ્ય તમને પ્રસાદ તરીકે આપ્યું છે. બ્રહ્મરાક્ષસ, મહાપિશાચની બાધાથી પીડિત લોકોની બાધા આ પ્રસાદથી તરત નાશ પામે છે. દરિદ્ર અને દુઃખથી પીડિત લોકો દ્વારા આ પ્રસાદનો સ્વીકાર કરાવાથી તેમની સંપત્તિ અને શાંતિ વધે છે.

આ દિવ્ય ભાષણ સાંભળીને મારા નયનોમાંથી અશ્રુઓ વહેવા લાગ્યાં. ગદ્‌ગદિત કંઠથી શ્રીપાદસ્વામી બોલ્યાઃ- "આ ત્રણ વંશ સાથે મારો ઋણાનુબંધ કાલાતીત છે. તેમની વાત્સલ્યભક્તિથી હું તેમનો થઈ જાઉં છું. મને બીજે ક્યાંય જમવા ન મળે તો હું સૂક્ષ્મરૂપથી ત્યાં જઈને યથેચ્છ ભોજન કરી આવું છું. જે કોઈ મારી વાત્સલ્યભાવથી ભક્તિ કરે છે, તેમના ઘર સામે હું બાળકસ્વરૂપે રમતો હોઉં છું. મારા પગલાંનો સુમધુર અવાજ મારા ભક્તોનો હૃદયમાં પ્રતિધ્વનિત થાય છે."

"રાત્રીના સમયે કુરુગડ્ડી ગામમાં મારી સંમતિ સિવાય કોઈ પણ રહી શકતું નથી. યક્ષિણી, બ્રહ્મરાક્ષસ અને મહાપિશાચ મહાઆરતીના સમયે આક્રોશ કરે છે. હું તેમને તે પિશાચ યોનિમાંથી મુક્તિ આપી નવો દેહ આપું છું. અદૃશ્ય શક્તિ ધરાવતા અને ઉચ્ચ પદે પહોંચેલા દેવતા, ગંધર્વ, યક્ષ જેવા જીવો મારાં દર્શન, સ્પર્શ અને સંભાષણ પ્રાપ્ત થાય તે હેતુથી અનેક પ્રકારનાં કષ્ટ સહન કરીને મારી પાસે આવે છે. તમે સર્વ નામરૂપને પાર કરી આગળ જશો." આ શ્રીપાદપ્રભુની અનુલ્લંઘનીય આજ્ઞા છે.

અમે નજીકના ગામે આવી પહોંચ્યા. તે કન્યાનો પિતા પોતાના ઘર સામે વધૂ-વરને બેસાડી સુબ્રમણ્યમ્ શાસ્ત્રી દ્વારા મંત્રોચ્ચાર કરાવતો હતો. શાસ્ત્રીને મંત્રો આવડતા ન હતા. શ્રીપાદનું ધ્યાન કરીને સુબણ્ણા બ્રાહ્મણના સ્થાને બેઠા. તેમના મુખ

દ્વારા આપોઆપ મંત્ર ઉચ્ચાર થતો હતો. આનું તેમને પોતાને જ આશ્ચર્ય થયું. આ પ્રમાણે સર્વ મંત્રોચ્ચાર થયા પછી વધૂ-વરનો વિવાહ સંપન્ન થયો.

કન્યાના પિતા નિર્ધન અને પતિ ગરીબ હોવાથી તેણે મંગળસૂત્રને બદલે હળકુંડ (હળદર સૂકી) દોરામાં બાંધી વધૂના ગળામાં પહેરાવ્યું. વિવાહ માટે આવેલા બ્રાહ્મણો વિવાહ સંપદાય (રિવાજ પ્રમાણે) અનુસાર ન હોવાથી નિંદા કરતા કરતા લગ્નમંડપ છોડીને જતા રહ્યા. વલ્લભેશ્વરને માતા-પિતા ન હતાં. કન્યાના મા-બાપ, પુરોહિત અને હું (શંકર ભટ્ટ) આમ પાંચ જ વ્યક્તિ લગ્નમાં ઉપસ્થિત હતી.

વિવાહસમાપ્તિ પછી નવદંપતી સાથે અમે શ્રીપાદસ્વામીના દર્શન માટે ગયા. શ્રીપાદસ્વામીએ અમને આશીર્વાદ આપી આનંદ વ્યક્ત કર્યો. અમને બધાંને ત્યાં અલ્પ સમય ધ્યાન કરવાની આજ્ઞા કરી. હું ધ્યાનમાં બેસતાં જ મારી આંખો સામે વલ્લભેશ્વરની સાથે ભવિષ્યમાં ઘટનાર ઘટનાનાં એક એક ચિત્ર આવવાં લાગ્યાં. વલ્લભેશ્વર એક વેપારી થયો હતો. તેને થયેલા નફામાંથી થોડો ભાગ અલગ તારવી તેમાંથી કુરવપુરમાં સહસ્ર બ્રાહ્મણભોજન કરવાની માનતા માની હતી. તે જ સમય દરમ્યાન શ્રીપાદપ્રભુ કુરવપુરમાં અંતર્ધાન થઈ ગયા. તેઓ ગુપ્તરૂપથી સંચાર કરતા હતા. કુરવપુરક્ષેત્રે શ્રીપાદપ્રભુની માત્ર પાદુકાઓ હતી.

વલ્લભેશ્વરે ધન સંપાદન કર્યું અને તે ધન લઈ કુરવપુરમાં પોતાનો સંકલ્પ પૂરો કરવા નીકળ્યો. માર્ગમાં તેને ચાર ચોરો યાત્રિકના વેશમાં મળ્યા. થોડો રસ્તો સાથે ચાલ્યા પછી એકાંત સ્થળ જોઈને તે ચાર પૈકી એક ચોરે વલ્લભેશ્વરનો વધ કર્યો અને તે ધન લેવાનો પ્રયત્ન કર્યો. ક્ષણાર્ધમાં જ શ્રીપાદપ્રભુ ત્યાં ત્રિશૂળધારી યતિના વેશમાં પ્રગટ થયાં. વલ્લભેશ્વરની હત્યા પૂર્વે તે શ્રીપાદપ્રભુના સ્મરણમાં મગ્ન હતો. પોતાના ભક્તના રક્ષણ માટે શ્રીપાદપ્રભુ તત્કાળ દોડી આવ્યા.

શ્રીપાદપ્રભુએ ત્રણ ચોરોને ત્રિશૂળથી મારી નાખ્યા. ચોથો ચોર આજીજીભરી વિનંતી કરતો કહેવા લાગ્યોઃ- હે ભગવાન, હું સાચે જ ચોર નથી. મને આ લોકોના સંગ લાગતાં હું તેમની સાથે ભળ્યો. મને અભય આપવાની કૃપા કરો. આપ તો ઘટઘટનું

જાણો છો. શ્રીપાદપ્રભુએ ચોથા ચોરને અભય આપ્યો. શ્રીપાદે વિભૂતિ આપીને ચોરને કહ્યું કે વલ્લભેશ્વરનું ધડ અને માથું જોડીને વિભૂતિ લગાવ. તે પ્રમાણે કરતાં જ શ્રીપાદપ્રભુએ અમૃત દૃષ્ટિથી તે મૃતદેહ તરફ જોયું. અચાનક ચમત્કાર થયો અને વલ્લભેશ્વરને નવજીવન પ્રાપ્ત થયું અને ઊંઘમાંથી ઝબકીને જાગે તે રીતે વલ્લભેશ્વર બેઠો થયો.

ચોથા ચોરે બનેલી હકીકત વલ્લભેશ્વરને સંભળાવી. વલ્લભેશ્વરના થયેલા આનંદની સીમા ન હતી. વલ્લભેશ્વરને લીધે શ્રીપાદપ્રભુનાં દર્શન થવાથી ચોથો ચોર ખૂબ જ આનંદિત હતો. વલ્લભેશ્વર કુરવપુર આવી પહોંચ્યો. તેણે એક હજારને બદલે ચાર હજાર બ્રાહ્મણ ભોજનયુક્ત આરાધના કરી.

: શ્રીપાદસ્વામીનું વિરાટ સ્વરૂપ :

અમે બધા આંખો મીંચીને ધ્યાન કરવા બેઠા હતા. મને વલ્લભેશ્વરની સાથે ભવિષ્યમાં થનારી ઘટનાઓનાં ચિત્રો દૃશ્યમાન થતાં હતાં. તેટલામાં શ્રીપાદપ્રભુએ આંખો ખોલવા આજ્ઞા કરી. શ્રીપાદપ્રભુએ કહ્યું:- કોઈ પણ કાર્ય કારણ વગર થતું નથી. પ્રત્યેક કાર્ય માટે કોઈને કોઈ કારણ તો હોય જ છે. સૃષ્ટિનું વિધાન ચિત્રવિચિત્ર છે. હું નિર્ગુણ, નિરાકાર હોવા છતાં તમારા માટે સાકારરૂપ લઈ અવતરિત થયો છું, આ વાત જાણી તમને આશ્ચર્ય થશે.

હું પરિમિત અને અવધૂત ન હોવા છતાં તમને હું અવધૂત અને પરિમિત હોવાનો ભાસ થાય છે અને તેવા અનુભવો પણ તમને થાય છે. આ ન સમજાય તેવો વિષય છે. બધી જ શક્તિ મારે સ્વાધીન છે. અનંત કોટિ બ્રહ્માંડના પ્રત્યેક અણુ પરમાણુમાં હું જ વ્યાપી રહ્યો છું. અણુ પરમાણુને સંગઠિત રાખનારો સંકલ્પ પણ હું જ છું. આ પ્રત્યેક અણુ-પરમાણુને જુદાં પાડી નૂતન સૃષ્ટિના નિર્માણ માટે જે સ્થિતિની જરૂરિયાત જોઈએ તે માટે પ્રલયકાળ સાધનાર રુદ્ર પણ હું જ છું.

આ જ્ઞાન અને અજ્ઞાનનો તમને બોધ કરી, સર્વ જીવોને અનેક પ્રકારની માયાથી બંધનમુક્ત કરનાર પણ હું જ છું. જ્યારે

જ્યારે ભક્તો આર્તભાવથી મારી પ્રાર્થના કરે છે અને મને સહાય માટે બોલાવે છે ત્યારે, હું હજારો હાથથી તેમનું રક્ષણ કરું છું. મારું અનાદિ તત્ત્વ પણ હું જ છું. પ્રત્યેક જીવમાત્રમાં વ્યાપેલો "હું" તે જ "હું" તેવા "હું"માં રહેલી શક્તિ, સર્વજ્ઞતા, સર્વોતર સ્વામીત્વને તમે જોઈ શકતા નથી માટે તમે ભ્રમિત થાવ છો. તેનું પ્રત્યક્ષ જ્ઞાન સમજાવતા હતા ત્યારે, અચાનક બધાંને ઘંટાનાદ સંભળાયો. સર્વ ભક્તો આશ્ચર્યકારક મનઃસ્થિતિમાં હતા તે દરમ્યાન ઘંટાનાદ શાંત થયો.

: શ્રીપાદની માતૃભાવના :

અમે બધા શાંત બેઠા હતા ત્યારે શ્રીપાદપ્રભુ બોલ્યાઃ- શ્રીપાદશ્રીવલ્લભનો આ અવતાર ફળ આપનાર મહાન અવતાર છે. મારું નામસ્મરણ કર્યા વગર કોઈ પણ અવધૂત, પૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરી શકતો નથી. મહાન યોગીઓ પણ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે મારું નામસ્મરણ કરે છે. હે વલ્લભેશ્વર, તારા માતા-પિતા વહેલાં મૃત્યુ પામ્યાં. તારાં સગાંવહાલાંઓએ તને ખરાબ રસ્તે ચઢાવી તારી સર્વ સંપત્તિ છીનવીને તને ભિખારી બનાવ્યો. આ સર્વ હકીકતની મને જાણ છે.

તે સગાંવહાલાંઓનાં સંતાનો પણ તારી સાથે વેરભાવથી વર્તન કરે છે. તેની મને જાણ છે. તારા દુષ્ટ સગાંવહાલાંઓ બીજા જન્મમાં ચોર બન્યા. તું ધન લઈ કુરુગડ્ડી આવતો હતો. ત્યારે તેમણે તારું ધન લૂંટીને તારી હત્યા કરી. તેં મારું સ્મરણ કરતાં જ મેં ત્યાં પ્રગટ થઈ ત્રિશૂળ વડે ત્રણ ચોરોનો વધ કર્યો. ચોથો ચોર મારા શરણે આવ્યો. તેનો દોષ પણ અલ્પ હતો. આથી મેં તેને જીવતદાન આપ્યું. શ્રીપાદપ્રભુનું આ વક્તવ્ય સાંભળી વલ્લભેશ્વરની પત્નીની આંખમાં આંસું આવ્યાં.

શ્રીપાદપ્રભુએ કહ્યુંઃ- હે માતા, પ્રત્યેક સ્ત્રીમાં અમને જન્મ આપનાર અખંડ સૌભાગ્યવતી સુમતિ મહારાણી જ દેખાય છે. તે મહાન માતાની ગોદમાં અમે હંમેશાં બાળક જ છીએ. તું દુઃખી ન થા. મેં આપેલું હળદરકુંડ સાચવી રાખ. આ હળદરકુંડને લીધે તને સદૈવ સૌખ્ય મળશે. તું અખંડ સૌભાગ્યવતી રહીશ. અમારું આ વચન કાળા પથ્થર પર લખાયેલા અક્ષરો પ્રમાણે અટલ છે.

તેને સૃષ્ટિની કોઈ પણ શક્તિ બદલી શકતી નથી. મને ગાયત્રીમંત્રનો ઉપદેશ કરનાર મારા પ્રથમ ગુરુ મારા પિતા જ છે. તેમનું નામ ચિરકાળ માટે રહેશે. અમારા આગામી અવતારમાં નરસિંહ સાથે સરસ્વતી જોડાઈને નૃસિંહસરસ્વતી આ નામ પ્રાપ્ત થવાનું છે. અમારા દાદા બાપન્નાચાર્યનું નામ પણ અજર અમર કરવાનો અમારો મનોદય છે. નૃસિંહસરસ્વતી અવતારમાં અમારું રૂપ અમારા દાદા જેવું જ હશે. મારા દાદા મારા બીજા ગુરુ હતા. તેમની પાસે મેં વેદશાસ્ત્રોનો અભ્યાસ કર્યો.

અત્યારે સાંભળેલી ઘંટા એક સમયે અમારા દાદાના ઘરમાં રહેતી. તે મારા સંકલ્પથી અનેક પ્રદેશમાં ફરી આવી છે. તે ભૂમિમાં ભોંયરા વાટે સુરંગ દ્વારા પણ જાય છે. હે શંકર ભટ્ટ, ભવિષ્યમાં તારી રચનાનો તેલુગુ ભાષાનો શ્રીપાદવલ્લભ ચરિત્રામૃતનો અઢારમો અધ્યાય અહીં પૂરો થવા આવ્યો છે. તે ઘંટા પીઠિકાપુરમ્ ગામે આવી પહોંચી છે. તે ઘંટા અનેક આકાર લઈ અનેક આકાર પરિવર્તન કરી મારા સંકલ્પ અનુસાર ફરી અહીં આવી છે. મારા દાદાના પોતાના ઘરમાં મારા એ સંસ્થાનની સ્થાપના થશે. અમારા પ્રેમની નિશાની તરીકે આ જયજયકાર કરનારી ઘંટા અમે પીઠિકાપુરમ્ મોકલી છે.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૧૮ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૧૯

શ્રીગુરુચરણ સમાગમ

વલ્લભેશ્વર શર્મા દંપતી, સુબણણા શાસ્ત્રી અને હું એમ ચાર જણ શ્રીપાદપ્રભુની લીલાઓનું સ્મરણ કરતાં હતાં. તે જ સમયે તેમનો દૂરનો સગો લિંગણણા શાસ્ત્રી તેમના ઘેર આવ્યો. તે વેદશાસ્ત્રપારંગત હતો. લિંગણણા શાસ્ત્રીએ કહેવાનું શરૂ કર્યું:- હું પિતાના તર્પણ (શ્રાદ્ધ) નિમિત્તે પાદગયા ક્ષેત્રે પવિત્ર એવા પીઠિકાપુરમ્ ક્ષેત્રે આવ્યો. મારા દાદા કર્મઠ બ્રાહ્મણ હતા. તેઓ ધનવાન હોવા છતાં કરકસરિયા હતા. સંકટગ્રસ્ત લોકોને શાસ્ત્રોક્ત ઉપાય બતાવી સંકટમાંથી ઉગારી લેતા અને આમ તેમને પોતાનો કરી લેતા.

પિતૃદેવતાને સંતુષ્ટ કરવા શાસ્ત્રોમાં દશ પ્રકારનાં દાન કરવાનો નિર્દેશ છે. લોકો તે પ્રકારનાં દાન યથાશક્તિ આપતા પણ ખરા. પરંતુ, મારા દાદા તે સર્વ ધન થોડો ખર્ચ કરી આટોપી લેતા અને પોતાનો અધિકમાં અધિક વ્યક્તિગત ફાયદો કરી લેતા. તેમનો આ વ્યવહાર બ્રાહ્મણધર્મને યોગ્ય ન હતો. સમય જતાં વૃદ્ધાવસ્થાને લીધે તેમનું મૃત્યુ થયું. મારા પિતાશ્રી પણ મારા દાદા જેવો વ્યવહાર કરતા. કાળાંતરે તેઓ પણ મૃત્યુ પામ્યા.

હું (લિંગણણા શાસ્ત્રી) માત્ર શાસ્ત્રોના નિયમો અનુસાર તેમજ મારા સામર્થ્ય (સ્થિતિ) અનુસાર પિતૃદેવતાનું શ્રાદ્ધ, તર્પણ આદિ કર્મો આચરતો. અમારા ઘેર કોઈ પણ કારણ વગર ગૃહકલહ થતો હોવાથી મારા મનની શાંતિ હંમેશાં હણાઈ જતી. શાંત સ્વભાવવાળા મારા મિત્રો કે સગાઓ અમારા ઘરમાં પગ મૂકતાં જ ઉગ્ર સ્વભાવના થઈ રૌદ્રરૂપ ધારણ કરતા. આ સમય

દરમ્યાન જ મારી પત્ની રિસાઈને તેના પિયર જતી રહી. મારો પુત્ર, કન્યા અને જમાઈ આ બધાંએ ડગલે ને પગલે મારું અપમાન કરી મારું જીવવું મુશ્કેલ કર્યું હતું. આમ, મારું જીવન નર્કસમ થયું હતું.

મનુષ્ય પાસે ધન હોય તો જીવન જીવવામાં આનંદ આવે છે. મારી પાસે ધન નહોતું. તદ્ઉપરાંત, ગૃહકલહથી મારી ઊંઘ હરામ થઈ ગઈ હતી. આ બધાંથી કંટાળીને મેં આત્મહત્યાનો વિચાર કર્યો. પરંતુ, મૃત્યુ પછી પિશાચ યોનિ મળવાની બીક લાગતી હતી. મારા મૃત્યુ પછી મારી અંત્યેષ્ટિ ક્રિયા શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે થવાની ન હતી, તે નિશ્ચિત હતું.

એક દિવસ ગૌશાળા સાફ કરીને હું ખૂબ જ થાકી ગયો હતો. ભૂખથી પ્રાણ વ્યાકુળ થયા હતા અને મારી પરિસ્થિતિનો વિચાર કરતાં ભૂખને લીધે આંખોમાં આંસુ આવ્યાં હતાં. ઘરમાં જમવા બેઠો. મારી સ્થિતિ ખૂબ જ દયનીય હતી. તે દિવસે વહુએ મને વાસી સડી ગયેલો ખોરાક પીરસ્યો. ખોરાકમાંથી ખરાબ વાસ આવતી હતી અને એમાં કીડાઓ પણ સળવળતા દેખાયા. મારા મનને એક ઝાટકો લાગ્યો અને હું એ વિચાર કરવા પ્રેરાયો કે મારા આપ્ત સ્વજન, સખા, પુત્ર, પત્ની, કન્યા એ ખરેખર મારાં જ છે કે બધી ભ્રમણા અને માયાજાળ છે? મારા મનમાં તુમૂલ યુદ્ધ ચાલી રહ્યું હતું. મારી વિચારશક્તિ કુંઠિત થઈ હતી.

ઉપર વર્ણવેલી દ્વિધા ભરેલી પરિસ્થિતિમાં મને એક અવધૂતે દર્શન આપ્યાં. કરુણાનો મહાપ્રવાહ તેના નેત્રોમાંથી ઉછળી રહ્યો હતો. તે કરુણામૂર્તિને જોઈને હું એક બાળકની જેમ તેમના તરફ દોડી ગયો. આ વ્યક્તિ મારી ચિરપરિચિત હોય તેમ મને લાગ્યું. હું તે અવધૂતનાં દિવ્ય ચરણો પર નતમસ્તક થયો. તે દિવ્ય ચરણોને મેં મારા હૃદય સિંહાસનમાં સ્થાપિત કર્યા. અવધૂતે તે અન્નને સ્પર્શ કરીને શુદ્ધ કર્યું. તે વાસી અને સડી ગયેલું અન્ન અદૃશ્ય થયું અને તેની જગ્યાએ મને હલવો દેખાયો. વાસી અન્નમાંથી પરિવર્તિત થયેલા હલવાને થોડી માત્રામાં તે અવધૂતે આરોગ્યો અને બાકીનો મને પ્રસાદ તરીકે ખાવા આપ્યો. હલવાનો પ્રસાદ આરોગીને મને તૃપ્તિના ઓડકાર આવ્યા.

અવધૂતે આપેલા પ્રસાદસેવનને લીધે મારામાં નવીન શક્તિનો સંચાર થયો હોય તેમ જણાયું. તે પછી અવધૂતે મને

લોખંડની એક પરાઈ ખોદવા માટે આપી. ઈશાન ખૂણામાં મને ખોદવા આજ્ઞા કરી. પરાઈ વડે પુષ્કળ ખોધા પછી ત્યાં એક મોટો ખાડો થયો. ત્યાં બે કૂતરાંનાં અસ્થિપિંજર દેખાયાં. અવધૂતે તે ખાડામાં મને ચોખાની રાબ (કાંજી) નાખવા કહ્યું. અવધૂતની આજ્ઞા અનુસાર મેં તે ખાડામાં ચોખાની કાંજી નાખી અને ખાડો માટીથી પૂરી દીધો. આ પ્રમાણે કરતાં અવધૂત બોલ્યાઃ- "તારી પિશાચ બાધાથી મુક્તિ અને તારા ઘરની સ્થળશુદ્ધિ થઈ છે. હવે તને સર્વ બાબતો અનુકૂળ થશે. પાદગયા જેવો જ જેનો મહિમા છે તેવા પીઠિકાપુરમ્થી તને નિમંત્રણ આવ્યું છે. તું ત્વરિત પ્રવાસની તૈયારી કર. બાકીની બધી વ્યવસ્થા હું જોઈશ. આપણે પીઠિકાપુરમ્માં મળીશું."

અવધૂતના આદેશ અનુસાર હું પીઠાપુર જવા નીકળ્યો. મેં ઘરમાં કોઈને કહ્યું નહીં અને ફક્ત પહેરેલાં વસ્ત્ર સાથે પ્રસ્થાન કર્યું. થોડું અંતર કાપ્યા પછી સાંજ થઈ. હું એક અમરાઈ વાડીમાં પ્રવેશ્યો. તે વાડીના યજમાન નરસિંહપ્પાએ મારું યથોચિત સ્વાગત કર્યું. મને ખાવા માટે પાકી કેરીઓ અને બીજાં ફળો આપ્યાં. ફળો ખાવાથી મારી ભૂખ શમી. તે યજમાનની વિનંતી અનુસાર તે રાત્રી મેં અમરાઈ વાડીમાં જ પસાર કરી.

સવારે સ્નાન સંધ્યાદિ નિત્યકર્મ પૂરું કરી હું જવા નીકળ્યો, ત્યારે નરસિંહપ્પાએ મને પાકી કેરીઓ એક વસ્ત્રમાં બાંધી આપી. અવધૂતે કહ્યા પ્રમાણે મારી ખાવાની તેમજ રહેવાની ઉત્તમ સગવડ થઈ હતી. તે અવધૂતની લીલા યાદ કરી મને તેનું મોટું આશ્ચર્ય થતું હતું. નરસિંહપ્પાએ મને કહ્યુંઃ- ગઈ કાલથી મારા સ્વપ્નમાં એક અવધૂત આવે છે. અવધૂતે મને કહ્યુંઃ- આવતી કાલે તારી પાસે એક સદ્બ્રાહ્મણ આવશે. તેનું ઉત્તમ પ્રકારે સ્વાગત કરી વિદાય સમયે તેને વસ્ત્રદાન તેમજ દક્ષિણા પણ આપજે. પ્રવાસમાં ખાવા માટે તેને તારી વાડીની પાકી કેરીઓ આપજે. મને પડેલું સ્વપ્ન આજે સાચું પડ્યું. તમારી સેવા કરવાની તક મને મળી, તેને હું મારું સદ્ભાગ્ય સમજું છું. તમારું મને દર્શન પણ થયું. હું સાચે જ ધન્ય થઈ ગયો. બનેલી આ ઘટના પરથી મને ચોક્કસ લાગે છે કે તે અવધૂત કોઈ સીધી-સાદા વ્યક્તિ નહીં પણ કોઈ દિવ્ય મહાન આત્મા હોવા જોઈએ.

મેં આગળના પ્રવાસ માટે પ્રસ્થાન કર્યું. નૂતન વસ્ત્ર પરિધાન કરીને વેદસ્મરણ કરી ચાલતા મારા શરીરમાં વેગથી વિદ્યુત પ્રવાહ ફરી રહ્યો છે તેમ મને જણાયું. તે દિવ્ય વિદ્યુત પ્રવાહને લીધે મને એક અદ્‌ભુત સુખની અનુભૂતિ થતી હતી. મારી સાથે એક વેદપારંગત મહાપંડિત ચાલતો હોય તેવો મને ભાસ થતો હતો. હું તેની સાથે વેદ ઉચ્ચાર કરતો હતો. એટલામાં તે પંડિતે કહ્યું:- સાવિત્રી વર્ણન મુખ્ય મંત્ર છે. ત્રેતા યુગથી ભારદ્વાજ ઋષિએ સાવિત્ર કાઠક યજન (યજ્ઞ) આરંભ્યો તે પણ અહીં પીઠિકાપુરમાં જ સંપન્ન થયો. ઘણા પુરાતન કાળમાં તેમણે કરેલું કથન છે કે "પીઠિકાપુરમાં શ્રીદત્તાત્રેય ભગવાન શ્રીપાદશ્રીવલ્લભના રૂપમાં અવતરિત થશે" તે આજે સત્ય થયું છે.

વેદ અપૌરુષેય અને ઈશ્વરનિર્મિત છે. વેદપઠનનો અધિકાર ફક્ત બ્રાહ્મણોને જ છે. પરંતુ વેદાધ્યયન સર્વ વર્ણના લોકો કરી શકે છે. બ્રાહ્મણો શ્રીકૃષ્ણની ભક્તિ કરતા. જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન બ્રાહ્મણોનો સત્કાર કરી તેમનાં ચરણ ધોઈને તે જળનું પોતાના શિર પર પ્રોક્ષણ કરતા. તને પીઠિકાપુરમ્ આવવા આમંત્રણ છે. તું કેટલો ભાગ્યશાળી છે? ત્યારે મેં જિજ્ઞાસાવશ પૂછ્યું:- મહારાજ, શ્રીપાદશ્રીવલ્લભ કોણ છે અને તેમનો મહિમા મને વિસ્તારપૂર્વક કહેશો?

તે પંડિતે લિંગણા શાસ્ત્રીને કહેવાની શરૂઆત કરી:- અરે ભાઈ, શ્રીપાદશ્રીવલ્લભનું દર્શન સર્વ પાપને ધોનારું હોય છે. તેઓ સાક્ષાત્ દત્ત ભગવાન જ છે. તેમની જન્મભૂમિ પીઠિકાપુરમ્ ક્ષેત્ર છે. પૂર્વે જ્યારે જ્યારે પણ ધર્મની ગ્લાનિ થઈ તે તે સમયે પરમેશ્વરે પૃથ્વી પર માનવી અવતાર લઈ સજ્જનોનું રક્ષણ કર્યું અને દુષ્ટોનું હનન કર્યું. તે સમયે (ત્રેતાયુગમાં) વિષ્ણુદત્ત અને સુશીલા નામનાં પુણ્યવાન દંપતી રહેતાં હતાં. સુશીલા પતિવ્રતા સાધ્વી સ્ત્રી હતી. પાતિવ્રત્યના હિસાબે તે અનસૂયા સમાન સામર્થ્યવાન સતી હતી.

વિષ્ણુદત્ત પણ એક આચારસંપન્ન, સત્‌શીલ અને વિદ્વાન બ્રાહ્મણ હતો. તેમણે પોતાની ઉપાસના અને વિદ્વત્તાથી અત્રિ ઋષિની જેમ જ આદરણીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ ઉભય દંપતી સતી અનસૂયા અને અત્રિ મહર્ષિ સાથે તાદાત્મ્ય સાધીને

તેમની સાથે એકરૂપ થયાં હતાં. આ સ્થિતિ નિરાકાર હોઈ ચર્મચક્ષુને અગોચર હોય છે. તેનું વર્ણન વૈખરી વાણીથી થઈ શકતું નથી. તે સ્થિતિનો માત્ર અનુભવ લઈ શકાય છે. વિષ્ણુદત્ત ભવિષ્યમાં અપ્પલરાજ શર્માના નામે અને સુશીલા સાધ્વી સુમતિ રાણી રૂપે જન્મ્યાં. તેમણે કરેલી ઉગ્ર તપસ્યાના પ્રતાપે તેમને શ્રીપાદશ્રીવલ્લભ નામે એક દિવ્ય પુત્રનો લાભ થયો.

અપ્પલરાજ શર્મા ભારદ્વાજ ગોત્રોત્પન્ન આપસ્તંબ શાખાના કૃષ્ણયજુર્વેદી બ્રાહ્મણ હતા. પુરાતન કાળમાં લાભાદ્ર નામના એક વૈશ્ય મુનિ હતા. શ્રીમાતા વાસવી કન્યકા અવતારમાં તેના પિતા ભાસ્કરાચાર્ય હતા. તેઓ જ શ્રીપાદશ્રીવલ્લભના અવતારમાં સુમતિ મહારાણીના પિતા થયા. તું પીઠિકાપુર જઈને તે મહાન પુરુષનાં દર્શન કરી શકીશ. તારું ઉત્તમ આદરાતિથ્ય કરીતે તને દક્ષિણા અને વસ્ત્રદાન કરનાર ખેડૂત પૂર્વજન્મમાં પીઠિકાપુરમ્‌ના વેંકટપૈય્યા શ્રેષ્ઠી અને તેમના પિતા સુબ્બરામય્યા શ્રેષ્ઠીને ઘેર નોકર હતો અને પરમ પવિત્ર એવા સુબ્બરામય્યા શ્રેષ્ઠીને ઘેર સેવા કરવાથી અને તેમનું પવિત્ર અન્ન ગ્રહણ કરવાથી તે એક જમીનદાર થઈ સર્વ સુખોને ભોગવતો થયો. પીઠિકાપુરમ્‌ના વેંકટપૈય્યા શ્રેષ્ઠી અને નરસિંહ વર્મા બંને શ્રીપાદપ્રભુને અતિ પ્રિય હતા. તેમને શ્રીપાદપ્રભુની વાત્સલ્ય ભક્તિનો લાભ થયો.

કર્મબંધન સર્વ બંધનમાં અત્યંત ચુસ્ત બંધન છે. યજ્ઞ સમયે જો પવમાન ઘટ ભૂલથી ફૂટી જાય તો પણ યજ્ઞ કરનાર બ્રાહ્મણનું માથું ફૂટીને તરત મૃત્યુ પામે છે એમ શાસ્ત્રવચન છે. પરંતુ, હાલ તો પવમાન ઘટ ફૂટે તો પણ યજ્ઞ કરનાર બ્રાહ્મણને કશી હાનિ થતી નથી. તેનું શું કારણ? એમ શ્રીપાદપ્રભુને તેમના શિષ્યે પ્રશ્ન પૂછ્યો. શિષ્યોએ બીજી વાતનું પણ સમાધાન પૂછ્યું કે શાસ્ત્રોમાં કહેલા યજ્ઞ ફળસ્વરૂપ શુભ ઘટના ઘટે છે. પરંતુ, અશુભ ઘટના ઘટતી નથી તેનું કારણ શું?

શ્રીપાદપ્રભુએ ઉપરની બાબતોનો ખુલાસો કરતાં જણાવ્યું કે "પુત્રો, સાંપ્રતકાળમાં યજ્ઞ સંપન્ન કરતાં તેમાંથી નીકળતાં વિદ્યુતકિરણો તેટલાં ઘાતક નથી હોતાં. યજ્ઞ કરનાર પુરોહિત ઉત્તમ સાધક હોવા જોઈએ, તેમની પાસે પુષ્કળ પ્રમાણમાં યોગાગ્નિ હોવો જોઈએ. તે અગ્નિ વડે પવમાન ઘટની વિદ્યુત પ્રજ્વળી શકે છે. મહાયોગી એવા પુરોહિતો શાસ્ત્રોક્ત વિધિપૂર્વક યજ્ઞ સંપન્ન

કરતા, તેનાં સારા ફળ તરીકે વિશ્વનું કલ્યાણ થાય છે. જો આ પ્રમાણે ન થાય તો યજ્ઞનો ક્રિયાકાંડ થાય છે. પરંતુ, વેદશાસ્ત્રોક્ત ફળ માત્ર મળતું નથી. યજ્ઞાદિ કર્મમાં આપવામાં આવતી દક્ષિણા પણ રૂપિયા ૧૬,૧૧૧૬ની સંખ્યામાં અપાય છે. આની પાછળ પણ રહસ્ય છૂપાયેલું છે.

ગોત્ર પિતૃસંબંધિત હોય છે અને તે સૃષ્ટિના અંત સુધી બદલાતું નથી. ધર્મ સાત પુરુષો વચ્ચે જ ફરતો રહે છે. સપિંડ માતા સાથે સંબંધ ધરાવે છે. વિવાહ યોગ્ય પુત્ર અને ધન આ બંન્ને ઉત્તમ કર્મનું ફળ છે. સ્ત્રી એ અગ્નિરૂપ હોય છે. પ્રકૃતિમાં તે આવશ્યક જ હોય છે.

શ્રીપાદપ્રભુ અદ્વૈત મતના પુરસ્કર્તા હતા. તેઓ આદિ શંકરાચાર્ય જેમ જ પક્ષપાત રહિત હતા. ગુણભેદ જેમનામાં ન હતો તેવા શ્રીપાદશ્રીવલ્લભને કુળભેદ બિલકુલ માન્ય ન હતો. આદિ શંકરાચાર્યે પોતાની હેમ (સુવર્ણ વિદ્યા) સત્ત્વગુણી બ્રાહ્મણને ન આપતાં રજોગુણી ગૌડ કુળના લોકોને આપી. શંકરાચાર્યને લાગ્યું કે જો હેમવિદ્યા બ્રાહ્મણોને આપીએ તો તેઓ ધનના મોહથી પોતાના ઈષ્ટ ધર્મનું પાલન કરશે નહીં. શંકરાચાર્યની જેમ શ્રીપાદપ્રભુએ જાતિ, વર્ણ, મત, ઉંમરનો ભેદભાવ ન કરતા દરેકની યોગ્યતા અનુસાર અનુગ્રહ આપ્યો.

પૃથ્વી, આપ, તેજ, વાયુ અને આકાશ આ પંચ મહાભૂતો અને મન, બુદ્ધિ, અહંકાર આ અષ્ટ ધા પ્રકૃતિ જડસ્વરૂપ છે. એક (૧) એ પ્રકૃતિનું પ્રતીક છે. ૨ થી ૧૦ સંખ્યા સુધીની આઠ સંખ્યા જડ પ્રકૃતિની દ્યોતક છે. શૂન્ય (૦) એ બ્રહ્મતત્ત્વને દર્શાવનાર છે. નવ (૯) આ સંખ્યામાં પૃથ્વીના કાર્યકલાપનું રહસ્ય સમાયેલું છે. શ્રીપાદશ્રીવલ્લભ વિનોદમાં કહેતાઃ- દો ચૌપાતી દેવ લક્ષ્મી. તેઓ બે રોટલી (ચપાતી) માટે ભિક્ષા માગતા. આ ૨, ૪, ૯ અને આઠ સંખ્યાનું પ્રતીક (દોચૌપાતી દેવ લક્ષ્મી) છે. શ્રીપાદ પ્રભુની વાણીમાં વિવિધ અર્થ સમાયેલા રહેતા. સૃષ્ટિના બધા જ દ્વંદ્વોનું પ્રતીક (૨) છે.

દેહના સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ એમ ચાર પ્રતીકો છે. બ્રહ્મતત્ત્વ અપરિવર્તનીય છે. તે ૯ સંખ્યાનું દ્યોતક છે.

મહામાયા એ ૮ (આઠ) સંખ્યા વડે દર્શાવવામાં આવે છે. શ્રીપાદ શ્રીવલ્લભ અર્ધનારીનટેશ્વર છે.

: શ્રીપાદશ્રીવલ્લભનું વિરાટ સ્વરૂપ (ગણપતિ શાસ્ત્રીનો વૃત્તાંત) :

હું બૃહત્શીલા વિસ્તાર (નગર)ના પેનુગોંડા ગામનો રહેવાસી છું. મારું નામ ગણપતિ શાસ્ત્રી છે. હું વેદાધ્યાયન કરવા વાયસપુર (કાકીનાડા) ગામમાં આવ્યો. ગુરુની સેવા કરતાં કરતાં વેદાધ્યયન કરતો હતો. મારા ગુરુદેવના ઘર પાસે તેમની ખેતી હતી. તેમને ઘેર ઢોરઢાંખરમાં ગાયો તેમજ વાછરડીઓ હતી. હું ગાય-વાછરડીઓને ચરાવવા જંગલમાં લઈ જતો. ગાયોનું દૂધ કાઢીને તે વહેંચવાનું કામ પણ હું આનંદથી કરતો.

એક દિવસ હું ગાયોને ચરાવવા જંગલમાં ગયો. ત્યાં મને દશ વર્ષનો એક અત્યંત તેજસ્વી બાળક દેખાયો. તે બાળક અમારા ખેતરમાં આવ્યો. તેના ગળામાં જનોઈ જોઈને તે બ્રાહ્મણ હોય તેમ મને નિશ્ચિતપણે લાગ્યું. મેં તે બાળકને પૂછ્યું:- "તારા ગળામાં જનોઈ દેખાય છે. તું કોણ છે?" તે તેજસ્વી બાળકે જવાબ આપ્યો:- "હું હું જ છું. સૃષ્ટિના બધાં જ તત્ત્વો મારામાં સમાયેલાં છે. બધાંનો આધારભૂત તે હું જ છું.

મારાં બ્રાહ્મણોનાં ચિહ્ન જોઈ તું મને બ્રાહ્મણ સમજ્યો તેમાં તારી કોઈ ભૂલ નથી. પરંતુ, તે જ માત્ર સત્ય નથી. મારાં ક્ષત્રિયનાં લક્ષણો જોઈ કોઈ મને ક્ષત્રિય સમજે તો તે અસત્ય નથી. પરંતુ, તે પૂર્ણ સત્ય નથી. મારામાં શૂદ્રનાં લક્ષણો જોઈ કોઈ મને શૂદ્ર સમજે તો તે અસત્ય નથી. પરંતુ, તે પૂર્ણ સત્ય નથી. મને તું ચંડાળ સમજે તો તે અયોગ્ય નથી. પરંતુ, સંપૂર્ણ સત્ય નથી.

હું સર્વ સીમાની પેલે પાર છું. સીમાતીત છું. સત્ય અથવા અસત્ય હોય તેવી કોઈ પણ બાબતથી હું અતીત છું. પરંતુ, તેનો આધારભૂત પણ છું. હું પરમ સત્ય છું તે અવધૂતોને ખબર છે. મારો ધર્મ પરમ ધર્મ છે. તે સર્વ ધર્મોની પર છે અને તે ધર્મોનો આધાર પણ છે. આ જ મારું પરમપ્રિય તત્ત્વ છે. સૃષ્ટિના જીવમાં રહેનાર પ્રેમતત્ત્વ કરતાં આ સુમધુર છે એટલું જ નહીં પણ,

તે સર્વનો આધાર પણ છે. તું અને હું પુરુષ હોવા છતાં સ્ત્રીઓ પ્રમાણે વર્તન કરીએ છીએ. સ્ત્રી હોય તો પણ તે પુરુષ પ્રમાણે વર્તન કરે છે. અર્ધનારીનટેશ્વર આ બે રૂપથી (અડધું સ્ત્રીરૂપ અને અડધું પુરુષરૂપ) એકત્વ પામેલો હું, મન અને વાણીથી અગોચર હોઈ દિવ્યાનંદ તત્ત્વ હું જ છું. આવાં વિવિધ લક્ષણોથી યુક્ત મને તું કેવી રીતે ઓળખીશ? આવી બધી કોયડા જેવી તે ગોવાળની વાણી સાંભળી અને થોડી જ ક્ષણોમાં મારા શરીરમાં ધ્રુજારી પેદા થઈ.

મારી ધ્રુજારી જોઈને તે દિવ્ય ગોવાળ બાળકે મને કહ્યું:- અત્યારે જ શનિદેવ સાથે મારી વાતચીત થઈ છે. મેં આ ગણપતિ શાસ્ત્રીને ચિત્રવિચિત્ર બંધનોથી બાંધીને ત્રાસ આપ્યો. ત્યારે તેમને બંધનમાંથી મુક્ત કરવા વિનંતી કરવા લાગ્યો. ત્યારે મેં કહ્યું:- "હું આનું કર્મફળ ગાયના દૂધના રૂપમાં ગ્રહણ કરીશ. તું તેવા બંધનોમાં પડીશ નહીં."

આ બધું સાંભળીને હું ધ્રુજવા લાગ્યો. મારી જન્મકુંડળીમાં તે સમયે વિપરીત કાળ દર્શાવ્યો હતો. હું કશું બોલું કે પૂછું તે પહેલાં ગોવાળ બાળક એક ગાય પાસે ગયો અને બોલ્યો:- હે ગાયત્રી, મને ખૂબ જ ભૂખ લાગી છે. મને દૂધ આપીશ? તે ગાયે હકારમાં ડોક હલાવી અને તેના આંચળમાંથી દૂધની ઉષ્ણ ધારાઓ વહેવા લાગી. તે ગોવાળિયા બાળકે પેટ ભરીને દૂધ પીધું. આશ્ચર્ય એ જ કે તે ગાય વાંઝણી હતી અને ક્યારેય ગર્ભિણી થઈ ન હતી. છતાં, તેણે તે ગોવાળિયા (દિવ્ય) બાળકને દૂધ પાયું. તે ગોવાળિયો બાળક દૂધથી તૃપ્ત થઈ એક આંબા નીચે બેઠો.

મેં ફરી તે ગોપબાળક તરફ નજર કરી. તે બાળક સાથે એક દશેક વર્ષની ખેડૂત કન્યા હતી. દેખાવમાં તે બંને સુંદર હતાં. તે બંનેનું વિનોદી ભાષણ સાંભળવાનું હંમેશાં ગમે તેવું હતું. તેમના સંભાષણ દરમ્યાન તેમના હાવભાવ નયનરમ્ય હતા. તેટલામાં વેંકટપૈય્યા શ્રેષ્ઠી તેમની ઘોડાગાડીમાંથી ઊતર્યા. તેમની સાથે એક દશ વર્ષનો દિવ્ય બાળક પણ હતો. તે શ્રીપાદશ્રીવલ્લભ હોવાનું મેં પછીથી સાંભળ્યું.

મારા ગુરુદેવને આ ભૂમિ વેંકટપૈય્યા શ્રેષ્ઠીએ પિતાની સ્મૃતિ પ્રત્યર્થ દાનમાં આપી હતી. આ ભૂમિની લગોલગ તેમનું

એક વિશાળ ખેતર હતું. આ ખેતર પર દેખરેખ રાખવા શ્રેષ્ઠી પીઠિકાપુરથી વાયસપુર ગામે આવતા. શ્રેષ્ઠીને તે ગોવાળિયા સાથે આવેલી ખેડૂત કન્યાને જોઈને આશ્ચર્ય થયું. તે ગોવાળે અને ખેડૂત કન્યાએ શ્રીપાદને પ્રણામ કર્યા. તે સમયે શ્રીપાદે કહ્યું:- દાદાજી, તમને તેમાં આશ્ચર્ય શાનું થાય છે? દાદાએ કહ્યું:- તે બંને તરફ નજર કર, કેટલું નયન મનોહર દૃશ્ય છે? જોનાર અને જોવાનું દૃશ્ય આ બંને એક જ છે. આવું વેદાંતના સિદ્ધાંતોને વ્યવહારમાં સમજાવતાં મને આવડતું નથી.

ત્યારે શ્રીપાદે કહ્યું:- આમાં વળી વેદાંત ક્યાં આવ્યો? શ્રીહરિ પણ અપરિમિત, નિર્ગુણ, નિરાકાર હોવા છતાં પોતાની માયાગતિને જોઈને જાતે જ કેટલીક વાર આશ્ચર્યચકિત થાય છે. આ સૃષ્ટિ નવરસથી પરિપૂર્ણ છે. આશ્ચર્યપૂર્ણ દૃશ્યની કલ્પના કરવી એ પણ સૃષ્ટિનો એક નિયમ છે. જ્યાં દ્વૈત દેખાય છે. વાસ્તવિક રીતે, ત્યાં અદ્વૈત હોય છે. તો પછી દ્વૈત સાચું કે અદ્વૈત સાચું? આ વિચાર કરીને કહેવું જોઈએ.

તે ગોવાળ અને ખેડૂત કન્યાને આ બધી માયા શ્રીપાદપ્રભુની જ તો નથી ને એમ શંકા થઈ. વેંકટપૈય્યા શ્રેષ્ઠીની હનુવટીને (દાઢીને) હળવો સ્પર્શ કરી શ્રીપાદ બોલ્યા:- દાદાજી, તમને શંકા શાની થાય છે? જ્યાં સુધી તમારા ઘરના લોકો મને ભૂલશે નહીં ત્યાં સુધી સર્વશક્તિ સહિત અદૃશ્યરૂપે તમારે ઘેર મારો વાસ રહેશે. તમારે ઘેર પ્રત્યેક સાધકને મારાં પગલાંનો સુમધુર અવાજ સંભળાશે. અનઘાદેવી સાથે રહેતું દત્તસ્વરૂપ અર્ધનારીનટેશ્વર સ્વરૂપમાં છે. પરંતુ, તે આપણને દેખાતું નથી. તે જ સ્વરૂપ તમને શ્રીપાદશ્રીવલ્લભ સ્વરૂપે દેખાય છે.

હું સુમતિ માતાનો પ્રથમ પુત્ર છું. મેં મારી માતાને ખાસ કહ્યું હતું કે મારો વિવાહ કરશો નહીં. તમારા દ્વારા પ્રયત્ન થતાં હું ગૃહત્યાગ કરીશ. શ્રેષ્ઠી રાજર્ષિ હોવાથી તેમણે મને નિષ્કલંક ભક્તિપાશમાં બાંધી રાખ્યો છે. આથી, હું અનઘા સાથે રહેતા અનઘ સ્વરૂપમાં તમને દર્શન આપું છું. શ્રીપાદના સાંનિધ્યમાં કોઈ પણ કાર્ય, કારણ વગર થતું નથી. સૃષ્ટિના નિયમો ચિત્રવિચિત્ર છે. કર્મ અને કર્મનું ફળ- તેની સંભાવના દેશ-કાળ મુજબ નક્કી થાય છે. સર્વ ભક્તગણોને મારા આચરણ દ્વારા,

મારી લીલા દ્વારા, મારા મહિમાનો જ્ઞાન બોધ કરવો તે પણ મારા અવતાર કાર્યનો જ એક ભાગ છે.

શ્રીપાદપ્રભુ અમારી સાથે આ રીતે વાર્તાલાપ કરતા હતા. તે દરમ્યાન, તેમનું શરીર દિવ્ય કાંતિથી પ્રકાશમાન ભાસતું હતું. તે પછી શ્રીપાદપ્રભુ આંબાના ઝાડ તરફ નીકળ્યા. તેઓ ઝાડ તરફ વિલોકતા હતા. તે દરમ્યાન, તે ગોવાળ છોકરો અને ખેડૂત કન્યાના શરીરની કાંતિ દૈદિપ્યમાન થઈ પ્રકાશવા લાગી અને તે બંને સ્વરૂપો શ્રીપાદપ્રભુમાં વિલીન થઈ ગયાં. તે જ સમયે અચાનક કોકિલા આંબા પર બેસીને વસંતઋતુ ન હોવા છતાં મધુર સ્વરે ટહુકવા લાગી. તે આંબાને ફક્ત એક જ કેરી લાગી હતી. તે કેરીને શ્રીપાદપ્રભુએ તોડી. તે કેરી કાચી હોવા છતાં શ્રીપાદ પ્રભુના હસ્તસ્પર્શથી રસભરેલી પાકી કેરી થઈ. જે પ્રમાણે એક માતા પોતાના લાડકા બાળકને ખૂબ જ પ્રેમથી મીઠા પદાર્થ ખવડાવે છે અને તે મિષ્ટાન્ન પદાર્થ બાળક ખાય તે માટે તેને ગીત સંભળાવીને તેમજ વાર્તા કહીને તેનું મનોરંજન કરી આત્મીયતાથી ખવડાવે છે, તેવા જ પ્રેમથી શ્રીપાદપ્રભુએ વેંકટપૈય્યા શ્રેષ્ઠીને તે પાકી કેરી ખવડાવી.

શ્રીપાદપ્રભુના પ્રેમપૂર્ણ સ્પર્શથી વેંકટપૈય્યા શ્રેષ્ઠીની આંખોમાંથી આનંદાશ્રુ વહેવા લાગ્યાં. શ્રીપાદસ્વામીનો વાત્સલ્યયુક્ત પ્રેમ હજારો માતાઓના સંયુક્ત પ્રેમ કરતાં પણ શ્રેષ્ઠ છે. તેમના દિવ્ય નેત્રોમાંથી કારુણ્યપ્રેમનો વર્ષાવ થતો ત્યારે, તેઓ સાક્ષાત્ સ્ત્રીશક્તિ સ્વરૂપિણી અનઘામાતા જેવા દેખાતા હતા. શ્રીપાદપ્રભુએ તોડેલી પાકી કેરી તેમની સમક્ષ એક આજ્ઞાંકિત સેવકની જેમ દેખાતી હતી. શ્રીપાદના ખોબામાંથી થોડો રસ બહાર પડ્યો તે સમયે સોના જેવી પીળી ચળકતી કાંતિ તેમના શરીરમાંથી બહાર આવતી દેખાતી હતી.

શ્રીપાદપ્રભુએ કહ્યું:- પ્રથમ બી કે પ્રથમ ઝાડ (ફળ) તે વિશે લોકો નાહક ચર્ચા કરી વિતંડાવાદમાં સમય વેડફે છે. તે બંને પહેલાં પણ એક કારણરૂપ શક્તિ હોય છે તે શક્તિ એટલે "ઈશ્વર". ઈશ્વરના સંકલ્પ અનુસાર ઝાડમાંથી બી અથવા બીમાંથી ઝાડ ઉત્પન્ન થાય છે. તેની અમોઘ સંકલ્પશક્તિની કોઈ પણ કલ્પના કરી શકતું નથી. મલિનતાથી ઉદાસીન થયેલા જીવને પરમાત્મા

પોતાની પાસે બોલાવતો હોય છે. મલિનતા રહિત જીવ તે ઈશ્વરી શક્તિને થોભાવી રાખે છે. પરમાત્મામાં વિલીન થયેલો જીવાત્મા ફળદ્રુપ જમીનમાં વાવેલા બી જેવો હોય છે. આવા જીવાત્માને સૃષ્ટિચક્રમાં આવતાં કોઈ રોકી શકતું નથી. પરમેશ્વરની ઈચ્છા અનુસાર તેને શરણે આવેલા જીવ કારણદેહ લઈ પુનર્જન્મ લે છે અને દૈવી કાર્ય સંપન્ન કરે છે. તેમનું કાર્ય પૂરું થયા બાદ તેઓ પુનઃ પરમાત્મસ્વરૂપમાં વિલીન થઈ અતિ ઉચ્ચ પ્રકારના આનંદનો લાભ લે છે. જીવાત્મા અને પરમાત્મામાં ભેદભાવ સમજનારા જીવ પણ કારણદેહ પ્રાપ્ત કરી દૈવી કાર્ય સંપન્ન કરે છે. પરંતુ, તેમની સ્થિતિમાં ફેરફાર થતો નથી.

દ્વૈત, વિશિષ્ટ અદ્વૈત અથવા અદ્વૈત સ્થિતિ માનનાર લોકોની એકાદ મનોકામના પૂર્ણ થાય છે. આથી સર્વ સામાન્ય લોકોને ભ્રમ થયા કરે છે કે દ્વૈત શ્રેષ્ઠ કે અદ્વૈત શ્રેષ્ઠ અથવા વિશિષ્ટ અદ્વૈત શ્રેષ્ઠ? "સૃષ્ટિ, સ્થિતિ અને લય" આ ક્રિયા પ્રતિક્ષણે થતી જ હોય છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આ ત્રણે દેવ પોતપોતાના કલ્પના અંતમાં અવ્યક્ત સ્વરૂપમાં હોય છે. તેઓ પરમેશ્વરના મહાસંકલ્પને અનુસરી વ્યક્ત સાકારરૂપ લઈ નૂતન નિર્માણ કરેલા બ્રહ્માંડમાં સૃષ્ટિની નવેસરથી ઉત્પત્તિ કરે છે.

દરેક જીવે પોતપોતાના સંસ્કાર અને યોગ્યતા અનુસાર વિશ્વપાલનના કાર્યમાં બનતી મદદ કરવી પડે છે. આ કાર્યમાં તેમને દૈવીશક્તિ મદદ કરે છે. આ દૈવીશક્તિનો વિરોધ કરનાર અનેક રાક્ષસી શક્તિઓ પણ હોય છે. યવન લોકો સગુણરૂપમાં રહેલા નિરાકાર ઈશ્વરને "અલ્લા" નામે સંબોધે છે. ખ્રિસ્તી લોકો તેને જ "ઈશુ" કહે છે. ઈશ્વરને સંબોધન કોઈ પણ નામે કરીએ તો પણ બધાં સ્વરૂપોમાં એક જ આદરણીય, પ્રેમાળ, કરુણાયુક્ત દિવ્ય ચૈતન્ય પ્રવાહિત હોય છે.

સર્વ ધર્મોમાં, સર્વ મતોમાં, સર્વ સિદ્ધાંતોમાં સ્વયં પ્રકાશથી ચળકતું મૂળ તત્ત્વ હું જ છું. પ્રત્યેક જીવની ઈચ્છા આકાંક્ષાને અનુસરી તે તે માર્ગે તે તે સ્થિતિને અનુસરી ચલાવનાર પણ "હું" જ છું. હું સર્વ તંત્રોમાં સ્વતંત્ર હોવાથી મને સાધ્ય અથવા અસાધ્ય આસ્તિકોને ઈશ્વર છે તેવી સાક્ષી આપનાર હું જ છું.

સમસ્ત "ગુરુસ્વરૂપ" મારું જ છે. સત્યલોક, સત્યનામ, ગોલોક, મહાશૂન્યની સમસ્ત સાધના સ્થિતિમાં સ્વયંપ્રકાશિત

પ્રકાશમાન એવો "હું" જ છું. જે સાધક મારી નિર્મળ ભાવભક્તિથી આરાધના કરે છે, જીવનનો સમસ્ત ભાર મને સોંપીને અનન્ય ભાવે શરણે આવે છે તેમનું યોગક્ષેમ હું જ ચલાવું છું. હું શ્રીપાદ છું, હું શ્રીવલ્લભ છું. દાદાજી, તે સમયનો અતિ પ્રાચીન એવો યોગી અત્રિ-અનસૂયાનંદન આજે શ્રીપાદશ્રીવલ્લભ તરીકે વિદ્યમાન છે. ભારદ્વાજ મુનિને આપેલા વચન અનુસાર મેં પીઠિકાપુરમ્ ક્ષેત્રે અવતાર લીધો છે.

શ્રીપાદપ્રભુનું અતિ પ્રેમસભર અસ્ખલિત વક્તવ્ય સાંભળી શ્રી વેંકટપૈય્યા શ્રેષ્ઠીના નેત્રોમાંથી આનંદાશ્રુ વહેતાં હતાં. તેમણે શ્રીપાદપ્રભુને ગાઢ આલિંગન આપ્યું. તેમને થયેલી આત્માનુભૂતિનું વર્ણન શબ્દાંકિત કરવું કેવળ અશક્ય છે. થોડો સમય પસાર થયા પછી તેઓ સહજ સ્થિતિમાં આવ્યા અને શ્રીપાદને કહ્યું:- હે બાળક શ્રીપાદ, અમારા વંશ પર તારી આવી જ કૃપા હંમેશાં થવા દે. અમારા સર્વ ગોત્રજ પર તારો અનુગ્રહ થવા દે. અમારા આર્ય વૈશ્ય કુળ પર હંમેશાં તારી છત્રછાયા રહેવા દે.

વેંકટપૈય્યા શ્રેષ્ઠીનું કથન સાંભળી શ્રીપાદપ્રભુએ 'તથાસ્તુ' કહ્યું:- સ્વામીએ એમ પણ કહ્યું કે બ્રાહ્મણને એક વર માગવાનો અધિકાર છે. ક્ષત્રિયોને બે વરદાન માગવાનો અધિકાર છે. વૈશ્યોને ત્રણ વર માગવાનો અને શૂદ્રોને ચાર વરદાન માગવાનો અધિકાર છે. તેત્રીસ કોટિ દેવોની સાક્ષીએ હું વરદાન આપું છું. બાપન્નાચાર્યના ઘરમાં જે સ્થળે મારો જન્મ થયો તે સ્થળે શ્રીપાદશ્રીવલ્લભ મહાસંસ્થાન સ્થપાશે. આ મહાસંસ્થાન તમારા ઘરથી તેત્રીસ પગલાં દૂર હશે અને શ્રી બાપન્નાચાર્ય અને શ્રી નરસિંહ વર્માના ઘરથી પણ તેત્રીસ ડગલાં દૂર હશે.

તમારા વંશની તેત્રીસમી પેઢીની વ્યક્તિને નિમિત્ત કરી, મારા સંસ્થાનનું નિર્માણ કરી, સર્વ વ્યવસ્થા હું જ જોવાનો છું. તમારા વંશના "માર્કંડેય" નામના મહાપુરુષને આ સંબંધમાં હું આદેશ આપવાનો છું. તે આદેશ આ પ્રમાણે છે. તેણે (માર્કંડેય) ગુરુવારે મધ્યાહ્નકાળે કોઈ પણ એક રૂપે આવી મને ધરાવેલા નૈવેદ્યનો થોડો ખાદ્યાન્ન-પદાર્થ સ્વીકારવો. આથી, માર્કંડેય ગોત્રમાં જન્મેલા બધાં પર મારો હંમેશાં અભય હસ્ત રહેશે. તેમની હંમેશાં ઉન્નતિ થશે. તમે ઈચ્છા પ્રદર્શિત કરી તે પ્રમાણે આર્ય વંશ પર

હંમેશાં મારી કૃપાદૃષ્ટિ રહેશે. આર્યવંશીઓને રાજ્યાધિકાર મળશે. ભવિષ્યમાં આર્યવંશીય ભારતનો રાજા થશે અને વિધિ લિખિત અનુસાર તે પીઠિકાપુરમ્ આવશે. તેને મારો અનુગ્રહ પ્રાપ્ત થશે.

નેપાળ રાજ્યમાંથી અસંખ્ય ભક્તગણ પીઠિકાપુરમ્માં મારા દર્શન માટે આવશે. આ મારું વાક્ય કાળા પથ્થર પર કોતરેલા અક્ષરો પ્રમાણે અપરિવર્તનીય છે. સૃષ્ટિનું કોઈ પણ પ્રાણી તેને અસત્ય ઠરાવી નહીં શકે. દાદાજી, કાળાંતરે મારી આ જન્મભૂમિ પર અનેક પરિવર્તનો થશે. આ સ્થળના નૂતનીકરણ સમયે ભૂમિમાંથી "મૃણ્મયી" પાત્ર મળશે. પીઠિકાપુરમ્ ક્ષેત્રે નિર્માણ થનાર મહાસંસ્થાનના દેવકાર્યમાં આર્થિક સેવા કરવાનું ભાગ્ય કેવળ પૂર્વ સુકૃતથી જ પ્રાપ્ત થશે.

આર્યવંશ કુળના એકાદ મહાભાગ્યવાન વ્યક્તિને જ આર્થિક સહાય કરવાનું મહાભાગ્ય પ્રાપ્ત થશે. તેના દ્વારા આ દેવકાર્ય થવાનું છે. અવિશ્વાસુ અહંકારી લોકો પ્રત્યેક સમયે તારી પાસે મદદ માગી તને "મોટોભા" બનાવશે (મહત્ત્વ આપશે). મારું ચરિત્ર પારાયણ કરનારને "અભિષ્ટ સિદ્ધિ" પ્રાપ્ત થશે. પીઠિકાપુરમ્ ક્ષેત્રના મારા સંસ્થાન સંબંધિત કોઈ પણ સત્કાર્યમાં સહભાગી થનાર ભક્તોને હું સર્વ બંધનમાંથી મુક્ત કરીશ.

પીઠિકાપુરમ્ ક્ષેત્રે મારા "ચિત્રા" જન્મનક્ષત્રના દિવસે શ્રદ્ધાથી જે ભક્તો મારી અર્ચના કરશે, તેને હું ઋણાનુબંધમાંથી મુક્ત કરીશ. કુમારિકાઓને યોગ્ય વર પ્રાપ્ત થઈ તેમના વિવાહ સંપન્ન થશે. આ પ્રમાણે મારો તેમને આશીર્વાદ છે. ભૂત, પ્રેત, પિશાચ આદિ અદૃશ્ય શક્તિ દ્વારા થતી વ્યથા હું દૂર કરીશ. શ્રાવણ સુદ પૂર્ણિમાના દિવસે મારી બહેન વાસવી કન્યકાએ મને રાખડી બાંધી. આ પુણ્ય દિવસ છે. આ દિવસે પીઠિકાપુરમ્ ક્ષેત્રમાં મારા સાંનિધ્યમાં જે સાધક આવશે તેના ભાગ્યમાં ચિત્રગુપ્ત દ્વારા મહાપુણ્ય લખાશે. આ બધાનું હું જાતે જ પ્રમાણ છું. મારી લીલાઓ સ્વયં પ્રમાણ છે. સૂર્યે સૂર્યની સાક્ષી આપવી પડે?

શ્રીપાદપ્રભુના આ પ્રેમસભર વક્તવ્યથી બધા જ લોકો ભાવવિભોર થયા. તેમની લીલાઓનું વર્ણન કરવું અતિ મુશ્કેલ છે.

બીજા દિવસે હું, વલ્લભેશ્વર શર્મા દંપતી, સુબણ્ણા શાસ્ત્રી, લિંગણ્ણા શાસ્ત્રી શ્રીપાદપ્રભુનાં દર્શન કરવા કુરુગડ્ડી જવા નીકળ્યાં. શ્રીપાદપ્રભુએ પુનઃ એક વાર અમને આશીર્વાદ આપ્યા. અને કહ્યું:- અહા! ચર્ચામાં કેવી રંગત આવી! શ્રીપાદશ્રીવલ્લભ મહાસંસ્થાનનું વર્ણન કરવામાં વધુ સમય ગયો. મલ્લાદિનું ઋણ, વેંકટપૈય્યા શ્રેષ્ઠીનું ઋણ તેમજ વત્સવાઈનું ઋણ કદી પણ ચૂકવી શકાય તેમ નથી. આમ કહીને શ્રીપાદસ્વામીએ મૌન ધારણ કર્યું.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૧૯ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૨૦

શ્રીપાદ ભગવાનનું દિવ્ય મંગલ સ્વરૂપ

હું (શંકર ભટ્ટ) સવારે શ્રીપાદપ્રભુનાં દર્શન માટે કુરુગડ્ડી આવ્યો. શ્રીપાદપ્રભુના દિવ્ય શરીરમાંથી તેજોમય કિરણો બહાર ફેલાતાં હોય તેમ મને દેખાયું. તેમની પાણીદાર આંખો શાંતિ, કરુણા, પ્રેમ, જ્ઞાન, જ્યોતિસ્વરૂપમાં ઉભરાતી હતી. તેમના સહવાસમાં આવનાર ભક્તોને કોઈ પણ પ્રયત્ન ન કરતાં શાંતિ, કરુણા, પ્રેમ, જ્ઞાનની પ્રાપ્તિ સહજ રીતે થતી. આ દુનિયામાં તેઓ એકમેવ પ્રભુસ્વરૂપ હતા. નિરાકાર તત્ત્વ સાકાર થઈને, સગુણરૂપે માનવાકાર ધારણ કરનારને નેત્રો સામે જોવા, મળવાથી હું આનંદથી ભાવવિભોર થયો.

શ્રીપાદના અનુગ્રહને લીધે તેમની સમીપ જઈ પ્રણામ કરવાનું ભાગ્ય મને પ્રાપ્ત થયું. તેમના મુખારવિંદ તરફ દૃષ્ટિ નાખતાં જ એક અલૌકિક શાંતિ, વાત્સલ્ય, પ્રેમ મારા અંતરંગમાં વ્યાપીને મારા મન, શરીર અને હૃદયને અવર્ણનીય આનંદની અનુભૂતિ કરાવી ગયાં. મેં શ્રીપાદના ચરણોનો અત્યંત શ્રદ્ધાભાવે સ્પર્શ કર્યો. મારું શરીર તે સ્પર્શથી હળવું ફૂલ જેવું થયું. મારી આંખોમાંથી તેજ બહાર આવ્યું હોય તેમ મને લાગ્યું. મારા શરીરના પ્રત્યેક અવયવમાંથી કાળું તેજ બહાર આવતું હતું. તેણે જે માનવાકૃતિ ધારણ કરી, તેનો આકાર મારા જેવો જ હતો. શ્રીપાદે મંદ હાસ્ય કરતા મને પૂછ્યું:- તારા જેવો આકાર ધારણ કરેલો તે કોણ છે તે જાણ્યું?

મેં કહ્યું:- મેં જોયેલો તે આકાર મારા જેવો જ હતો. પરંતુ, તે મારા શરીરમાંથી કેવી રીતે બહાર આવ્યો તે જ સમજાયું નહીં.

તે આકૃતિ કોની હતી તે પણ સમજાયું નહીં. શ્રીપાદપ્રભુએ તે વિશે સમજણ પાડતાં કહ્યું:- તે તારું પાપ શરીર હતું. તે તારામાં રહેલો પાપરૂપી પુરુષ હતો. હવે તારા શરીરમાં પુણ્ય પુરુષ જ બાકી રહ્યો છે. પ્રત્યેક માનવના શરીરમાં એક પાપ પુરુષ અને એક પુણ્ય પુરુષ હોય છે. આ યુગ્મ (જોડી)નું વિભાજન થઈ પાપ પુરુષ જ્યારે શરીરમાંથી બહાર નીકળી જાય છે તે અવસ્થાને જ મુક્તિ કહે છે.

બ્રાહ્મણ કુળમાં જન્મ લઈ, નિષ્ઠાવંત થઈ, પાપ શરીરનું દહન કરી બાકી રહેલા પુણ્ય શરીરનો પોતાના ઉત્તમ કર્મો વડે ઉદ્ધાર કરવો જોઈએ. બ્રાહ્મણોએ પોતાના યજમાન પાસેથી વેદશાસ્ત્ર વિહિત કર્મ કરાવતી વખતે પોતાની ઉપજીવિકા જેટલું જ ધન સ્વીકારવું. આવું ન કરીએ તો બ્રાહ્મણને યજમાનનું પાપ ભોગવવું પડે છે. તે પાપને બ્રાહ્મણે પોતાના તમોગુણરૂપી અગ્નિમાં દહન કરવું. આ પ્રકારે જીવન જીવનાર બ્રાહ્મણ જ બ્રહ્મત્વને પામે છે. અન્યથા તે જાતિથી જ બ્રાહ્મણ હોય છે (કર્મથી નહીં), બ્રહ્મજ્ઞાની બ્રાહ્મણ નહીં.

અમારા દાદા બાપન્નાચાર્ય અને પિતાજી અપ્પલરાજ શર્મા આ બંને સદ્બ્રાહ્મણ હતા. મારા દાદી અને માતા સુમતિ મહારાણી બંને પરમ પવિત્ર સાધ્વી સ્ત્રી હતાં. તેમનું કેવળ સ્મરણ કરવાથી જ લાખો પાપ બળીને ભસ્મ થાય છે. આ પ્રમાણે વક્તવ્ય આપ્યા પછી શ્રીપાદપ્રભુએ ક્ષણભર મૌન ધારણ કર્યું. તે પછી તેમણે જમણા હાથના અંગુઠાથી ભૂમિને સ્પર્શ કર્યો. તે સમયે તેમની ડાબી બાજુથી પ્રકાશનું એક ઝુંડ નીકળ્યું અને યજ્ઞ માટે જરૂરી સામગ્રી પ્રગટ થઈ. કેટલાંક મધુર ફળો, સુગંધી ફૂલો, થોડું સોનું, થોડી ચાંદી, નવરત્નનો હાર તેમજ દિવ્ય અગ્નિ પ્રગટ થયો.

મારા શરીરમાંથી છૂટો પડેલો પાપ પુરુષ ભયથી કંપાયમાન થઈ આક્રોશ કરવા લાગ્યો. શ્રીપાદપ્રભુએ તે પાપ પુરુષને નેત્રસંકેત દ્વારા જ અગ્નિમાં ભસ્મ થવાની આજ્ઞા કરી. આજ્ઞા અનુસાર તે પાપ પુરુષ અગ્નિમાં બળીને ભસ્મ થયો. મારા શરીરમાં અગ્નિનો ભડકો થયો. મેં સ્વામી, મને બચાવો એવી પ્રાર્થના કરી. જવાબમાં શ્રીપાદપ્રભુના નેત્રમાંથી એક દિવ્ય, શીતળ તરંગ

નીકળી મને સ્પર્શ કરી અદૃશ્ય થયો. મારું શરીર તે તરંગથી શીતળ થયું. મારી કુંડલિની શક્તિ જાગ્રત થઈ હોય તેમ લાગ્યું. મારી નાડીનાં સ્પંદનો અટક્યાં. હૃદયના ધબકારા બંધ થયા હોય તેમ લાગ્યું. હું સમાધિમાં ઊતરી ગયો.

મધ્યાહ્ન કાળની શરૂઆત થઈ. તે દિવસે ગુરુવાર હતો. શ્રીપાદસ્વામી સ્નાન કરી ભક્તવૃંદમાં આવીને બેઠા હતા. ભક્તજનોએ અર્પણ કરેલા ભિક્ષાન્નને શ્રીપાદે પોતાના દિવ્ય હસ્તથી સ્પર્શ કર્યો. કમંડલુ જળથી એકઠાં થયેલા ભક્તો પર જળ છાંટ્યું. ભિક્ષામાંથી થોડું અન્ન કાકબલિ માટે અલગ કાઢ્યું. અત્યંત મધુર અવાજથી શ્રીપાદે મારું નામ લઈ બોલાવ્યો અને બાકીના બધાને ભોજન કરવા અનુજ્ઞા આપી.

જન્મના જાયતે શૂદ્રો સંસ્કારાદ્ દ્વિજ ઉચ્યતે ।
વેદપાઠી ભવેત્ વિપ્રો બ્રહ્મ જાનાતિ બ્રાહ્મણઃ ॥

મને શ્રીપાદપ્રભુએ પોતાની નજીક બોલાવ્યો. એકાદ ક્ષણ માટે નેત્રો બંધ કરી ફરી ખોલ્યાં અને મારી તરફ સ્નેહાળ નજરથી જોયું. તે જ સમયે તેમના હાથમાં ચાંદીનું એક પાત્ર પ્રગટ થયું. તે હલવાથી પરિપૂર્ણ પાત્ર હતું. શ્રીપાદપ્રભુએ સ્નેહભર્યા શબ્દોમાં કહ્યું:- "હે શંકર ભટ્ટ, મારા ભક્તો મને ભક્તિપાશથી બાંધી રાખે છે. ભક્તોનો નિરપેક્ષભાવ જોઈ હું પોતાને ભૂલી જાઉં છું. શ્રેષ્ઠીને ઘેર તેમનાં ધર્મપત્ની મારા માટે ખાસ હેતથી હલવો બનાવતાં. હું ભોજન આરોગું કે તેમનું સમાધાન થતું. તેમની પૌત્રી લક્ષ્મી વાસવીએ મારા હાથે રાખડી બાંધી હતી. તેના પતિના જન્માક્ષરમાં અનિષ્ટકારક યોગ હતો, તેમ એક જ્યોતિષી દ્વારા તેને ખબર પડી હતી.

લક્ષ્મી વાસવીએ મને વિનંતી કરી હતી કે તેની રાખડીનો સ્વીકાર કરી, તેને અખંડ સૌભાગ્યવતીનો આશીર્વાદ આપે. મેં તેને "અખંડ સૌભાગ્યવતી થા" તેમ આશીર્વાદ આપી, ફૂલ, બંગડીઓ અને કંકુનો પ્રસાદ આપ્યો. તેની દાદી વેંકટસુબમ્માએ પ્રેમપૂર્વક બનાવેલો હલવો તેણે મને આપ્યો. આ મધુર પ્રસાદથી અનેક જન્મનાં પાપ નષ્ટ થાય છે. મારા પ્રેમાળ ભક્તોએ

ઘરાવેલા નૈવેદ્યનું હું તેમને ઘેર જઈ સૂક્ષ્મરૂપે સેવન કરું છું. પરંતુ, શ્રેષ્ઠીના ઘરનો મહાપ્રસાદ માત્ર હું રૂબરૂ જઈને સ્વીકારું છું." બધા ભક્તોએ તે પ્રસાદ સ્વીકારવો તેમ શ્રીપાદપ્રભુએ આજ્ઞા કરી. તે પ્રસાદની મધુરતા કોણ વર્ણવી શકે? થોડો પ્રસાદ તેમણે આકાશમાં ફેંક્યો. તે નભોમંડળમાં વિલીન થયો. થોડો પ્રસાદ તેમણે ભૂમિને અર્પણ કર્યો. ભૂમિમાતાએ તેનો સ્વીકાર કર્યો.

તે પ્રસાદ બધા ભક્તોમાં વહેંચાયો. કોઈને પણ નિરાશ ન કરવા તેવો શ્રીપાદપ્રભુનો સ્વભાવ હતો. કેટલોય પ્રસાદ વહેંચાયો તો પણ તે ખૂટતો ન હતો. તે જ સમયે પદ્મશાલી કુળનો ગુરુચરણ નામનો એક ભક્ત ત્યાં આવ્યો. તેને શ્રીપાદસ્વામીએ રજતપાત્રમાંનો પ્રસાદ આપ્યો. ભક્ત ગુરુચરણે અતિ ભક્તિભાવપૂર્વક તે પ્રસાદનું સેવન કર્યું. તે પછી સ્વામીના આદેશ અનુસાર ચાંદીનું તે પાત્ર કૃષ્ણા નદીના પ્રવાહમાં છોડી દેવામાં આવ્યું.

તે પછી શ્રીપાદપ્રભુએ કહ્યું:- "પદ્મશાલી કુળના માર્કંડેય ગોત્રવાળા લોકો માંસ ભક્ષણ કરતા થયા. મારા સાંનિધ્યમાં કારણ વગર કોઈ પણ કાર્ય થતું નથી. હે ભક્ત ગુરુચરણ, તું કેટલાક દિવસોથી મને નૈવેદ્ય ધરાવીને "શ્રીગુરુશરણમ્, સ્વામી શરણમ્"ના નામોચ્ચારથી પવિત્ર જીવન વ્યતીત કરે છે. આજે તને શ્રીગુરુના કરકમળ દ્વારા પ્રસાદ પ્રાપ્ત થયો. તું ગુરુતત્ત્વને જે રીતે સમજ્યો તે આ શંકર ભટ્ટને કહે. અમે મધ્યાહ્ન સમયે યોગનિદ્રામાં માનસસંચાર કરીએ છીએ. તે સમયે કોઈને દર્શન આપતા નથી. અમારી વિશ્રાંતિમાં ખલેલ ન પહોંચે."

શ્રી ગુરુચરણ કલિયુગનો એક મહાન ભક્ત હતો. તેને યોગમાર્ગની અતિ ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત થઈ હતી. શંકર ભટ્ટે ગુરુચરણને વિનંતી કરતાં પૂછ્યું:- હે મહાપુરુષ, મને ગુરુનો મહિમા કહો. તેમણે મહિમા વર્ણવતાં કહ્યું:- અનંત કોટી બ્રહ્માંડોમાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય જેમના કેવળ સંકલ્પમાત્રથી થાય છે તે શ્રી દત્તાત્રેય પ્રભુ નિર્ગુણ, નિરાકાર સ્વરૂપમાંથી શ્રીપાદશ્રીવલ્લભના સાકારરૂપમાં અવતરિત થયા. તેમને સાકાર સમજવું એ મહાન દોષ છે, કારણ કે તેઓ સાકારરૂપમાં હોવા છતાં નિરાકાર જ છે. સગુણ દેખાતા હોવા છતાં નિર્ગુણ જ છે.

શ્રીપાદશ્રીવલ્લભ એ એક દેવતાના સ્વરૂપમાં દેખાતા હોય તો પણ સર્વ દેવતાઓ તેમનામાં સમાયેલા છે. તેઓ સર્વ પ્રકારના યોગના શ્રેષ્ઠ ગુરુ છે. સૃષ્ટિના અનેક મહર્ષિઓએ પોતપોતાના વિશિષ્ટ સાધનો દ્વારા સાક્ષાત્કાર કરેલા દેવતાનું સ્વરૂપ એટલે જ શ્રીપાદનું દિવ્યરૂપ છે. પુરાતન કાળમાં મહર્ષિઓને અનેક દિવ્ય શક્તિઓ પ્રાપ્ત હતી. વશિષ્ઠ ઋષિ હવ્યયુક્ત યજ્ઞ કરતા. વિશ્વામિત્ર ઋષિ હવ્ય સામગ્રી સિવાય યજ્ઞ કરતા. જમદગ્નિ ઋષિ વિશ્વામિત્ર ઋષિનું અનુકરણ કરતા. આપણા શ્રીપાદપ્રભુ સર્વ પ્રકારના યજ્ઞોનું સમર્થન કરતા.

કોઈ પણ કર્મ કરવું કે ન કરવું તે અંગે તેમજ અલગ પ્રકારથી કરવું કે કેમ તે સંબંધી કર્મ કે મંત્રનું રહસ્ય જાણવા શ્રીપાદપ્રભુ સમર્થ હતા. શ્રીપાદપ્રભુ સર્વ સમર્થ હોઈ સર્વ કર્મનું રહસ્ય જાણનાર હતા. તેમજ જે તે વ્યક્તિના આચરણ અંગે સૂક્ષ્મ જ્ઞાન હતું. બાપન્નાચાર્ય, નરસિંહ વર્મા, વેંકટપૈય્યા શ્રેષ્ઠીને પણ અનેક પ્રકારના યોગોનું જ્ઞાન હતું. સર્વ શક્તિમાં પ્રેમશક્તિ શ્રેષ્ઠ છે. આ ત્રણે ભક્તોને શ્રીપાદપ્રભુની વાત્સલ્યભક્તિ મળી હતી. તેમની પ્રેમભક્તિને લીધે તે ભક્તો સ્વામીને પોતાનું ઈચ્છિત કાર્ય સુસંપન્ન કરવાનો આગ્રહ કરતા અને કાર્ય સંપન્ન થતું. શ્રીપાદસ્વામી પણ તેમનું કાર્ય ખૂબ આનંદથી સુસંપન્ન કરતા.

શ્રીપાદપ્રભુ પ્રત્યેક સ્ત્રીમાં પોતાની માતાનું સ્વરૂપ જોઈ સહજ સ્વભાવ, સહજ વાત્સલ્યભાવથી શિશુની જેમ વર્તન કરતા. તે સ્ત્રીઓ પણ સ્વામીની પ્રેમભાવથી શિશુરૂપમાં જ આરાધના કરતી. આ જ મહામાયા!

યોગી અને વેદજ્ઞ મહાપુરુષોએ વારંવાર વર્ણન કરેલું નિર્ગુણ, નિરાકાર, પરબ્રહ્મસ્વરૂપ દિવ્ય શિશુ પીઠિકાપુરમ્ ક્ષેત્રે પોતાની દિવ્ય લીલાઓ વડે સર્વનું ચિત્ત આકર્ષિત કરતું હતું. આ શિશુની દિવ્ય લીલાઓનું વર્ણન કરવું અશક્ય છે. યોગમાર્ગથી, ભક્તિમાર્ગથી, જ્ઞાનમાર્ગથી, વેદશાસ્ત્રના અધ્યયન દ્વારા સાધના કરનાર સાધકોને પોતપોતાના સાધનમાર્ગ દ્વારા જ શ્રીપાદશ્રીવલ્લભની કૃપાનો લાભ થાય છે. શંકર ભટ્ટે તે મહાન ગુરુભક્ત શ્રી ગુરુચરણને વિનંતી કરતાં કહ્યું:- મહારાજ, આપને શ્રીપાદપ્રભુનું પ્રથમ દર્શન ક્યારે અને કેવી પરિસ્થિતિમાં થયું, તે કથાભાગનું વર્ણન કરી મારો ઉદ્ધાર કરવા વિનંતી.

શ્રી ગુરુચરણના મુખકમળમાંથી વાક્‌ધારા શરૂ થઈ. હે બ્રાહ્મણોત્તમ તમે અત્યંત ધન્ય છો. તમને શ્રીપાદપ્રભુની દિવ્ય લીલાઓનું દર્શન તમારા પૂર્વજન્મના સુકૃતને લીધે જ થયું છે. તમને શ્રીપાદસ્વામીના કૃપાકટાક્ષનો લાભ થાય છે. મેં એક આસ્તિક કુટુંબમાં જન્મ લીધો. નાનપણથી જ હું અમારા કુળદૈવત શ્રીદત્ત પ્રભુની ભક્તિ કરતો આવ્યો છું. અમારા કુટુંબમાં અનેક આર્થિક સમસ્યાઓ હતી. હું અત્યંત શ્રદ્ધાથી દત્ત ભગવાનની આરાધના કરતો હતો. પરંતુ, સમસ્યાઓ ઓછી થતી ન હતી.

અમારા ગામના કેટલાક લોકોએ સલાહ આપી કે તારા પર શ્રી દત્તાત્રેયની કૃપા દેખાતી નથી. તું બીજા કુળદૈવતની પસંદગી કર અને તેની આરાધના કર. આથી, તું સંકટમુક્ત થઈશ. મને તેમની વાત સાચી લાગી. તે રાત્રે હું સૂઈ ગયો. તે રાત્રે મને એક ભયંકર સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં મને એક ભયંકર કસાઈ (ખાટકી) દેખાયો તે કસાઈ પ્રેમપૂર્વક ઘેટાંબકરાંની સંભાળ રાખતો. પરંતુ, દરરોજ કેટલાંક બકરાંનો વધ કરતો. તેના હાથમાં મોટો છરો જોઈને હું ખૂબ જ ભયભીત થયો.

કસાઈ મેઘ જેવા ગંભીર અવાજે બોલ્યોઃ- હું દત્ત છું. તેં કોઈ પણ દેવ-દેવતાની આરાધના કરી તો તે સ્વરૂપમાં હું જ હોઉં છું. તું તારા આરાધ્ય દેવતાને નામરૂપથી બદલીશ તો પણ હું બદલાવાનો નથી. હું તને કદી છોડવાનો નથી. તું મારો પડછાયો છે. મારો પડછાયો મારાથી કદી જુદો થયો છે? સમસ્ત દેવ-દેવતાઓના સંકલ્પને અને સમસ્ત કોટી માનવસંકલ્પને પ્રેરણા આપનાર મહાસંકલ્પ હું જ છું. ભગવત્ અવતારના ભગવત્‌સ્વરૂપને કાંતિ આપનાર બ્રહ્મ હું જ છું. વાઘના જડબામાંથી કદાચ એકાદ પ્રાણી છૂટી શકે, પરંતુ, મારા હાથમાં આવેલો તું કદી પણ મને છોડીને જઈ શકીશ નહીં. દત્તભક્તોએ સિંહબાળની જેમ શૂરવીર થવું જોઈએ. બીકણવૃત્તિનો ત્યાગ કરવો. હું સિંહ જેવો છું. સિંહના બચ્ચાને સિંહથી બીક નથી હોતી. તેઓ સિંહ સાથે મુક્તપણે રમતા હોય છે. હું આ છરાથી તારો વધ કરીશ. તારું રક્ષણ કરનાર ત્રૈલોક્યમાં કોઈ નથી.

હું ભયભીત થયો અને મેં મોટેથી ચીસ પાડી. તે જ સમયે મારા સ્વપ્નનો ભંગ થયો. ઘરના સભ્યોએ શું થયું તે અંગે પૂછપરછ કરી. મેં સ્વપ્નવૃત્તાંત તેમને કહ્યો. અમારી આર્થિક સમસ્યાઓ દિવસે દિવસે વધતી જ હતી. પૂર્વજન્મે કરેલાં કયાં

કર્મોના ફળસ્વરૂપ આવી દરિદ્રાવસ્થા ભોગવવી પડે છે તે વિશે કાંઈ સમજાતું ન હતું.

સવાર થતાં જ એક હરિદાસ અમારા ઘર સામે આવ્યો. તેના હાથમાં કરતાલ હતી. તે હરિનામનું સંકીર્તન કરતો હતો. તેના માથા પર ચોખાનો ટોપલો હતો. આ એક વિચિત્ર હરિદાસ હતો. તેની ટોપલીમાં ઔદુંબરનો એક છોડ હતો. હરિદાસ પ્રવેશદ્વાર સામે ઊભો રહીને "ચોખા આપશો કે?" એમ પૂછતો હતો. હું ઘરમાં ચોખા શોધતો હતો. ઘરમાં એક મૂઠી કણકી મળી. હરિદાસે મૂઠીભર કણકીનો સ્વીકાર કર્યો અને કહ્યું:- મહારાજ, ગઈ કાલે રાત્રે એક કસાઈએ ગુરુચરણ નામના એક દત્તભક્તની હત્યા કરી. આશ્ચર્યકારક વાત એ છે કે તે દત્તભક્તના પ્રાણ તેના શરીરમાંથી નીકળી, આ ઔદુંબરના છોડમાં પ્રવેશ પામ્યા. ઔદુંબરના વૃક્ષ નીચે શ્રીદત્ત પ્રભુનો નિવાસ હોય છે તે પ્રમાણ છે. આ છોડ અસામાન્ય છે.

ગોદાવરી જિલ્લામાં પીઠિકાપુરમ્ એક મહાન ક્ષેત્ર છે. ત્યાં શ્રી દત્તાત્રેય, શ્રીપાદશ્રીવલ્લભના રૂપમાં નિવાસ કરે છે. શ્રીપાદનાં દાદી જેની પૂજા કરતાં હતાં તે ઔદુંબર વૃક્ષનો જ આ છોડ છે. આ છોડ તમારે ઘેર રોપતાં તમારી સર્વ મનોકામના પૂર્ણ થશે. હરિદાસનું આવું વક્તવ્ય સાંભળી હું ભ્રમિત થયો. મેં મોટે અવાજે કહ્યું: ગુરુચરણ, હું જ છું. મારી હત્યા થઈ નથી. હું દત્તભક્ત છું. સ્વપ્નમાં મેં એક કસાઈ જોયો હતો. તે મારો વધ કરશે તેમ કહેતો હતો.

ઉપર પ્રમાણેનું મારું વક્તવ્ય સાંભળી હરિદાસે જોરથી હાસ્ય કર્યું અને કહ્યું:- તું કહે છે તે ખરું? "ના" કહે. આ સૃષ્ટિમાં અસ્તિત્વ ધરાવતા અનેક આધ્યાત્મિક માર્ગના આદિગુરુ દત્ત ભગવાન જ છે. તેઓ ભવિષ્યમાં બનનારી બધી જ ઘટનાઓ જાણે છે. તેમની સામે આપણે એકદમ ક્ષુદ્ર જ છીએ. પત્રિકામાં અનિષ્ટકાળ બતાવવામાં આવ્યો હોય તો પણ ગુરુદેવ તેના શિષ્યને ઘોર માનસિક ત્રાસ, અપમાન સહન કરવાની શક્તિ પ્રદાન કરે છે. ઘોર કષ્ટમાંથી બહાર કાઢી તેના કર્મનો ક્ષય કરી તેને પુનર્જીવન આપે છે. તે જ પ્રમાણે, અવતારી પુરુષ તેમના આશ્રિતોનાં દુઃખ દૂર કરી, તેમની આધિ-વ્યાધિ ઓછી કરી તેમને પુનર્જન્મ પ્રદાન કરે છે.

દત્તાત્રેય પ્રભુ તેમના ભક્તોને પ્રાણશક્તિ આપે છે અને તેમનો નિત્ય નિવાસ જ્યાં હોય છે, તેવા ઔદુંબર વૃક્ષમાંથી નીકળતી પ્રાણશક્તિ દ્વારા પોતાના ભક્તોનું રક્ષણ કરે છે. અલ્પ બુદ્ધિવાળા સાધકો માત્ર એવું સમજે છે કે તેમના શરીરમાં સ્થિત પ્રાણશક્તિને લીધે તેઓ સહીસલામત જીવે છે. સાચી વાત એ છે કે પ્રાણશક્તિ ઔદુંબર વૃક્ષમાંથી નીકળી, ભક્તનો શરીરવ્યવહાર ઉત્તમ રીતે જાળવી શકે છે. ભક્ત જો મરણાસન્ન અવસ્થામાં હોય તો ઔદુંબર વૃક્ષમાંથી નીકળેલી પ્રાણશક્તિ ભક્તના શરીરમાં પ્રતિષ્ઠિત થાય છે અને ભક્તનું આયુષ્ય થોડું વધે છે. આ પ્રાણશક્તિ પરિપૂર્ણ હોય છે. કારણ કે, પ્રત્યેક ઔદુંબર વૃક્ષમાં સૂક્ષ્મરૂપથી શ્રી દત્તાત્રેય પ્રતિષ્ઠિત હોય છે.

હરિદાસે કહેલું વૃત્તાંત આશ્ચર્યચકિત કરનાર હતું. કૃષ્ણદાસ નામનો એક વેપારી હતો. હું તે ઔદુંબર વૃક્ષને ખૂબ જ પ્રેમ અને ભક્તિભાવથી ઉછેરતો હતો. આવી પરિસ્થિતિમાં થોડાક દિવસો પસાર થયા. અમારા દૂરના એક સગા રેશમી કાપડનો વેપાર કરતા હતા. તેઓ હવે વૃદ્ધ થયા હતા. તેમને કોઈ સંતાન ન હતું. મારા પ્રતિ તેમને સ્નેહ હતો. તેઓ અમારા ઘરમાં રહેવા આવ્યા. તેમણે મને થોડા પૈસા આપી રેશમી કાપડનો વેપાર કરવા સલાહ આપી. તેઓ પણ અમારા આંગણામાં રોપેલા ઔદુંબર વૃક્ષની ભક્તિભાવથી પ્રદક્ષિણા કરી, દત્ત ભગવાનની આરાધના કરતા.

અમારા ઘેર કોઈ પણ પ્રકારની આપત્તિ કે સંકટ આવે તો ઔદુંબરની પ્રદક્ષિણા કરી અમારું દુઃખ નિવારણ કરવા વિનંતી કરતા. અમારી પ્રાર્થના દત્ત ભગવાન સાંભળતા. અમારા સંકટો દત્તકૃપાથી દૂર થતાં. શ્રીદત્ત ભગવાનની બાધા કે માનતા રાખતા ત્યારે તે ઔદુંબર વૃક્ષ તરફથી પૂરી થતી. ઔદુંબર વૃક્ષની સેવા કરવી એટલે દત્તભક્તિનો એક ભાગ જ હતો. ઘરમાં (આંગણામાં) ઔદુંબર હોવો એટલે સાક્ષાત્ દત્તાત્રેય ભગવાન જ ઘરમાં હાજર રહેવા બરાબર હતું. ઔદુંબરનો મહિમા જેટલો વર્ણવીએ તેટલો ઓછો જ છે.

: પાપકર્મના ફળ તરીકે કાંટાળા વૃક્ષનો જન્મ :

હું વેપાર નિમિત્તે આંધ્રપ્રદેશ પહોંચ્યો. સદ્‌ભાગ્યે હું પીઠિકાપુરમ્ ક્ષેત્રે આવી પહોંચ્યો. મેં બાપન્નાચાર્યનું ઘર શોધી

કાઢ્યું. તે સમયે શ્રીપાદપ્રભુ બાપન્નાચાર્ય સાથે આંગણામાં બેઠા હતા. તેમના પ્રાંગણમાં એક કાંટાળું ઝાડ હતું. તે ઝાડને શ્રીપાદપ્રભુ ખૂબ શ્રદ્ધાભાવથી પ્રતિદિન પાણી પાતા. બાપન્નાચાર્યે શ્રીપાદને જિજ્ઞાસાવશ પૂછ્યું:- આ કાંટાળું ઝાડ તને આટલું પ્રિય કેમ? કલ્પવૃક્ષ હોય અને તેને પાણી પાયું હોય તો તે યોગ્ય ગણાય. આ કાંટાળા ઝાડને શ્રદ્ધાભાવથી પાણી પાયું તો શું? અને ન પાયું તો શું? તે ઝાડ તો વૃદ્ધિ પામશે જ.

શ્રીપાદપ્રભુએ જવાબ આપતાં કહ્યું:- દાદાજી, આ કાંટાળુ ઝાડ પૂર્વજન્મના આપણા પૂર્વજ "વિશ્વાવધાની" છે. સ્વયંભૂ દત્તાત્રેય બાપન્નાચાર્યના પૌત્રરૂપે અવતર્યા છે (શ્રીપાદપ્રભુ). આ કેટલું આશ્ચર્યકારક છે? પરંતુ, વિશ્વાવધાનીને તે ગમતું નહીં. તેઓ પરિહાસથી (ઉપહાસથી) કહેતા:- આ કેટલો દેવદ્રોહ! (દેવપણું પોતાનામાં આરોપણ કરવું) તેઓ જ આ જન્મે કાંટાળા ઝાડરૂપે આપણા આંગણામાં જન્મ્યા છે. હું, માતાજી, મોટાભાઈ, શ્રીવિદ્યાધરી, રાધા, સુરેખા, વેંકટપૈય્યા શ્રેષ્ઠીના ઘેર અને નૃસિંહ વર્માના ઘેર ખૂબ જ પ્રેમભાવથી ભોજન કરતા હતા. આવું અમારું પ્રેમભર્યું વર્તન અને ભોજન વિશ્વાવધાની દાદાને બિલકુલ ગમતું નહીં. તેઓ ક્રોધ અને દ્વેષભાવથી કહેતા:- મલ્લાદિ અને મંદકોટા આ બે કુટુંબોના જે લોકો બીજાને ધર્મભ્રષ્ટ કરે છે તેમને વિપ્ર સમાજમાંથી બહિષ્કૃત (ન્યાત બહાર) કરો. આજે તે જ દાદા કાંટાળા વૃક્ષરૂપે અહીં વિદ્યમાન છે.

શ્રીપાદશ્રીવલ્લભ પ્રત્યક્ષ દત્તાત્રેય છે તેનું પ્રમાણ શું? એમ તર્કવિતર્ક કરનાર વિશ્વાવધાની દાદા કાંટાળા ઝાડરૂપે જન્મ્યા છે, તેનું ઉદાહરણ આપી શ્રીપાદપ્રભુ અવતારી પુરુષ કે સત્પુરુષોને ગમે તેમ ન બોલવા સમજાવે છે. શ્રીપાદપ્રભુ કહેવા લાગ્યા:- મારાં માતાજી સર્વ સૌંદર્ય સ્વરૂપિણી સુમતિ મહારાણીને શ્રેષ્ઠી કોઈની દીકરી માનતા. એક દિવસ તેમણે (શ્રેષ્ઠીએ) સુમતિ મહારાણીને સન્માનથી આમંત્રણપૂર્વક જમવા બોલાવ્યાં અને નૂતન વસ્ત્રાદિ આપી તેનું સન્માન કર્યું. આથી તેમનો જન્મ ધન્ય થયો હોય તેમ તેમને લાગ્યું. નરસિંહ વર્મા દાદાને વિશ્વાવધાની હંમેશાં ખૂંચે તેમ કઠોર શબ્દો બોલતા. તેમણે તેમના દાદાની મૃત્યુ પછીની ઉત્તરક્રિયા વ્યવસ્થિત ન કરી અને તેમનો પાપ ભાર ખૂબ જ વધવાથી તેમને કાંટાળા ઝાડરૂપે જન્મ લેવો પડ્યો.

તે કાંટાળા ઝાડને જોઈ અને પૂર્વ વૃત્તાંતનું સ્મરણ થતાં શ્રીપાદપ્રભુને તેમની દયા આવી. પ્રભુએ તે ઝાડ પર જળ છાંટ્યું અને પ્રાંગણ બહાર આવ્યા. શ્રીપાદનું મનોહરરૂપ મુગ્ધ કરે તેવું હતું. મારો આનંદ ઉછાળો મારવા લાગ્યો ને તે આનંદાશ્રુરૂપે બહાર પડ્યો. મેં અત્યંત વિનમ્ર થઈને શ્રીપાદપ્રભુના દિવ્ય ચરણકમળ પર પોતાનું મસ્તક ભક્તિભાવથી મૂક્યું. શ્રીપાદે ખૂબ જ વહાલપૂર્વક મારા પર હાથ ફેરવ્યો અને કહ્યું:- હે ગુરુચરણ, ઊઠ! શું ગાંડપણ માંડ્યું છે? તું પુનર્જન્મ લઈને મારી પાસે આવ્યો છે!

હું કપડાંનો વેપારી છું, તેમ જાણી બાપન્નાચાર્ય બોલ્યા:- અમારા નાનકડા છબીલા માટે તારી પાસે કપડાં છે? મેં શ્રીપાદની ઉંમર પ્રમાણે શોભે તેવાં વસ્ત્રો કાઢી આપ્યાં. શ્રીપાદપ્રભુ, ભક્ત ગુરુચરણને ઘરમાં લઈ ગયા. તેમણે કહ્યું:- તને હવે એક ગમ્મત બતાવું છું, જોતો રહે. તેમની સાથે બાપન્નાચાર્ય પણ હતા. શ્રીપાદપ્રભુ તે બધાંને તે કાંટાળા છોડ નજીક લઈ ગયા. તેઓ છોડને ઉદ્દેશી બોલ્યા:- હે વિશ્વન્ના (વિશ્વાવધાની) દાદાજી, તમારા પુત્રે શ્રદ્ધારહિત શ્રાદ્ધકર્મ કર્યું અને બાપન્નાચાર્ય જેવા સાત્ત્વિક મહાપુરુષની અકારણ નિંદા કરવાને લીધે તમને કાંટાળા ઝાડનો જન્મ લેવો પડ્યો છે. આ ગુરુચરણ તમારા ગતજન્મનો પુત્ર છે. તેના દ્વારા તમારી ઉત્તરક્રિયા શ્રદ્ધા અને ભાવપૂર્વક કરાવી લઈશ. તે માટે તમારી સંમતિ છે ને?

શ્રીપાદપ્રભુનું ઉપર પ્રમાણેનું વકતવ્ય સાંભળી અમે બધાં આશ્ચર્યચકિત થયા. તે કાંટાળા છોડને આચ્છાદિત વિશ્વાવધાનીના પ્રેતાત્માએ જવાબ આપ્યો. તે કરતાં મોટું ભાગ્ય કયું હોઈ શકે? શ્રીપાદે ગુરુચરણને તે કાંટાળા છોડને ઊખેડીને તેને અગ્નિ આપવા કહ્યું. ગુરુચરણે શ્રીપાદપ્રભુના કહેવાથી કાંટાળા છોડને ઊખેડીને અગ્નિદાહ આપ્યો. તે પછી સ્નાન કર્યું. સ્નાન કર્યા પછી પ્રભુએ તેને તે ભસ્મ લેપન કરવા કહ્યું. તે સમયે શ્રીપાદે કહ્યું:- ભગવાન શંકર જે ભસ્મ ધારણ કરે છે તે મહાન યોગી, મહાન તપસ્વી, મહાન ભક્ત અથવા સિદ્ધપુરુષના મૃત્યુ પછી તેમના શરીરના દહન બાદની વિભૂતિ હોય છે. શિવપ્રભુના તેજોમય વલયમાં તે મહાત્માઓ વિશ્રામ કરે છે. વાનર, સર્પ અને ગાય એ પશુઓની આપણા હાથે અજાણતાં હત્યા થાય તો તેમની ચોક્કસપણે ઉત્તરક્રિયા કરવી. તેમનું શ્રદ્ધાપૂર્વક દહન કરી અન્નદાન કરવું. મંત્રપૂર્વક કોઈ પણ વિધિ ઉચ્ચાર કરવાની જરૂર

નથી. આપણા કોઈ પણ પૂર્વઋણાનુબંધથી કોઈ પણ જીવની અજાણતાં હત્યા થાય તો, તેનું શ્રદ્ધાપૂર્વક દહન કરવું. આમ કરવાથી પાપકર્મનો નાશ થાય છે અને તે પ્રાણીઓને સદ્‌ગતિ મળે છે.

પુરાતન કાળમાં ગૌતમ નામે એક મહાન ઋષિ થઈ ગયા. તેમની પત્ની અહલ્યા એક મહાન પતિવ્રતા સ્ત્રી હતી. તેમણે વિશ્વશાંતિ માટે કરોડ કમળોનો યજ્ઞ કર્યો હતો. ગૌતમ મહર્ષિ પોતાના તપોબળથી ઘરની સામે અનાજનો પાક ઉગાડતા. મનુષ્યનું આહાર વગર જીવવું વ્યર્થ છે. મહર્ષિ ગોધનની પણ વૃદ્ધિ કરતા અને ગોઅમૃત જેવા પદાર્થ પણ નિર્મિત કરતા. શ્રીપાદપ્રભુએ કહ્યું:- યજ્ઞ-યાગ ન કરવાને લીધે વિશ્વનિયંતા, દેવતા અને માનવ આ ત્રણે વચ્ચેના પરસ્પર સહકાર્યથી ચાલતું જીવન નિરર્થક થઈ ધર્મગ્લાનિ થાય છે. માયાના નિવારણ માટે, ગોહત્યાપાતકના નિવારણ માટે ગોદાવરી નદી ગૌતમ ઋષિની સહાયથી પૃથ્વી પર અવતરિત થઈ. તેમના આ મહાન કાર્યને લીધે સર્વ મનુષ્ય સમુદાય તેમનો અત્યંત ઋણી છે.

વિશ્વાવધાનીએ ગૌતમ ગોત્રમાં જન્મ લીધો હતો. પરંતુ, તેમનો સંબંધ ગોત્રમાં જન્મ લેવા પૂરતો જ સીમિત હતો. ત્રેતાયુગમાં પીઠિકાપુરમ્ ક્ષેત્રે "સાવિત્રી કાઠક" નામના યજ્ઞના આયોજનમાં ગૌતમ મહર્ષિનું મુખ્ય યોગદાન હતું. વિશ્વાવધાનીને નસીબજોગે જ પીઠિકાપુરમ્ ક્ષેત્રમાં જન્મનો લાભ થયો અને અત્યંત દુર્લભ એવું મારું (શ્રીપાદપ્રભુનું) દર્શન થયું. તે અયોગ્ય હોવા છતાં મારી કરુણા અને પ્રેમને લીધે તેને સદ્‌ગતિ મળી. આ સદ્‌ગતિ શ્રી દત્તાત્રેય પ્રભુની કૃપાથી જ પ્રાપ્ત થઈ. ઋણાનુબંધ ન હોય તો કૂતરો પણ નજીક આવતો નથી. કોઈ આપણી પાસે મદદ માગવા આવે તો શક્ય તેટલી મદદ કરવી. શક્ય ન હોય તો મધુર વાણીથી પોતાની અસમર્થતા વ્યક્ત કરવી. પરંતુ, નિષ્ઠુર ન થવું. જો તમે કઠોરતાથી વર્તશો તો સર્વભૂતોમાં (પ્રાણીમાત્રમાં) ચૈતન્યરૂપથી વાસ કરનાર હું પણ તમારી સાથે તેવા જ પ્રકારનું વર્તન કરીશ.

તમે જે રીતે લોકો સાથે વર્તન કરશો તે જ પ્રમાણે લોકો તમારી સાથે વર્તન કરશે. આ સંપૂર્ણ સૃષ્ટિમાં સત્યનું એક માત્ર મૂળ કારણ હું જ છું. હું સર્વસત્યનું સર્વમય પરમ સત્ય છું. વેદોમાં પણ કહ્યું છે કે જ્ઞાનનું અંતિમ સત્ય બ્રહ્મ છે. શ્રીપાદપ્રભુનું

આ પ્રમાણેનું વક્તવ્ય સાંભળી બાપન્નાચાર્યની આંખોમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. શ્રીપાદે તે અશ્રુઓને પોતાના કોમળ હાથથી લૂછ્યાં અને કહ્યું:- દાદાજી, તમે હંમેશાં મારા ધ્યાનમાં છો જ. તમારો જન્મ ધન્ય છે. હું આગામી નૃસિંહ સરસ્વતી અવતાર સમયે હુબહુ તમારા જેવું જ રૂપ ધારણ કરીશ. આ વચન ત્રિવાર સત્ય છે. આમ કહેતાં શ્રીપાદપ્રભુએ બાપન્નાચાર્યનો હાથ પોતાના હાથમાં લીધો હતો.

તે સમયે બાપન્નાચાર્યે શ્રીપાદને પોતાના મનની શંકા પૂછતાં કહ્યું:- શ્રીપાદ, મારા મનમાં કેટલાય સમયથી એક શંકા ઘર કરી ગઈ છે. તેને દૂર કરીશ? શ્રીપાદે ચિરહાસ્ય કરી કહ્યું:- શંકાનું સમાધાન હું દસ વર્ષનો બાળક કેવી રીતે કરી શકીશ? છતાં પ્રયત્ન કરી જોઈશ. હવે બાપન્નાચાર્યે પૂછ્યું: "સૃષ્ટિ, સ્થિતિ અને લયના કર્તા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ દેવતા છે ને?"

શ્રીપાદે કહ્યું: "હા છે જ, તેમાં કોઈ શંકા નથી." "તેમની સ્ત્રી શક્તિસ્વરૂપ સરસ્વતી, લક્ષ્મી અને પાર્વતી છે ને?" શ્રીપાદે હકારમાં ડોક હલાવી. બાપન્નાચાર્યે પૂછ્યું:- આ ત્રિમૂર્તિ અને તેમની ત્રણેય શક્તિઓને નિર્માણ કરનારી આદિ પરાશક્તિ છે ને? શ્રીપાદે હા પાડી. બાપન્નાચાર્યે ખુલાસો પૂછતાં કહ્યું:- તો પછી આ બધી શક્તિસહિત ત્રિપુટી સામે તું કોણ છે? તું હંમેશાં મારા બાંધવોને કહે છે તે વાસવી કન્યા કોણ? તમે બંને ભાઈબહેન છો તેનો કોઈ શાસ્ત્રાધાર?

: શ્રીપાદ સર્વ દેવતા સ્વરૂપ, સર્વ દેવતાઓનું મૂળ શ્રીપાદપ્રભુ જ :

એક પછી એક એમ અનેક પ્રશ્નો સાંભળી શ્રીપાદપ્રભુ મુગ્ધપણે હસ્યા અને બોલ્યા:- દાદાજી, અત્યારે જ તમારી દૃષ્ટિ સમક્ષ કાંટાળા છોડને સદ્‌ગતિ આપી. મેં કરેલા કાર્ય માટે કોઈ શાસ્ત્ર પ્રમાણ છે? તેને માટે આ પ્રકારે કોઈ ઈલાજ નથી. હું યોગી હોઈ સર્વ યોગક્રિયામાં હોઉં છું. તેથી હું કોઈ પણ ભૂમિકામાં સમરસ થાઉં છું. સૃષ્ટિ એ મારી માયા જ છે. તેને જ આપણે સૃષ્ટિ કહીએ છીએ. સંપૂર્ણ સૃષ્ટિમાં એક જ ભગવત્ ચૈતન્ય વ્યાપી રહ્યું છે. ભગવત્ ચૈતન્ય વિવિધ સ્થિતિમાં અને વિવિધ અવસ્થામાં પરિણામને વશીભૂત થઈને રહ્યું છે. આ પરિણામચક્ર અનુભવવા મળે છે. આ કાળની ગણના આકાશના

સૂર્ય, ચંદ્ર, તારા, ગ્રહોના ગતિમાનથી જાણી શકાય છે.

અત્રિ મહર્ષિને ત્રિકાળનું અને ત્રણે અવસ્થાનું જ્ઞાન હતું. અનસૂયા માતા આ સૃષ્ટિના એક મહાન પતિવ્રતા તરીકે પ્રસિદ્ધ થયાં. શ્રીપાદપ્રભુ કહે છેઃ- મને સૃષ્ટિ, સ્થિતિ અને લય તેમજ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ દેહ વિશે, ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળનો એક જ કાળમાં અનુભવ થાય છે. આથી મારો હંમેશાં વર્તમાન જ હોય છે. ઘટના બની ગઈ તે, બની રહી છે તે અને ભવિષ્યમાં ઘટનાર ઘટનાઓ, આ બધું હું એક જ કાળમાં અનુભવું છું. આવી સ્થિતિમાં ત્રિમૂર્તિ, ત્રિશક્તિ મારામાં સ્થિત હોવી તે આશ્ચર્યની વાત નથી.

ત્રિમૂર્તિ, ત્રિશક્તિ સૃષ્ટિ પહેલાં આદિ પરાશક્તિરૂપે હતી. આ વાત તદ્દન સાચી છે. હું અને આદિ પરાશક્તિ બંને અભિન્ન છીએ. તેમાંથી એક સૂક્ષ્મ અંશ હોવાથી, સમસ્ત સૃષ્ટિના માતૃગર્ભમાં એક મહાસંકલ્પ આદિ પરાશક્તિરૂપે વિલસે છે. તે જ બ્રહ્મયોનિસ્વરૂપ છે. તેમાંથી જ ત્રિમૂર્તિ, ત્રિશક્તિનો આવિર્ભાવ થયો. તે આદિશક્તિનું નિર્માણ કરવાનો સંકલ્પ હોય કે સૃષ્ટિ રચનાનો સંકલ્પ હોય, તે કેવી રીતે સંભવી શકે છે તેની પ્રબોધન શક્તિ હું જ છું. આથી મહાસંકલ્પ સ્વરૂપ પણ હું જ છું. તે મહાસંકલ્પ સિદ્ધિ માટે જ આદિ પરાશક્તિનો આવિર્ભાવ થયો. ત્રિશક્તિનો આવિર્ભાવ થયો તે મહાસંકલ્પરૂપ જ પરમગુરુ સ્વરૂપ છે. આ અત્યંત રહસ્યપૂર્ણ વિષય છે.

આ મહાન સંકલ્પસ્વરૂપમાં સંકલ્પ ભળતાં જ, તે તત્કાળ સિદ્ધ થાય છે. સંકલ્પ થવો અને સિદ્ધિ મળવી આ બંને એક જ સમયે થતું હોય છે. સર્વશક્તિને એકત્ર રાખનારી મૂળ શક્તિ હું જ છું. સૃષ્ટિનો માતા-શિશુ સંબંધ, પિતા-પુત્ર સંબંધ, પતિ-પત્ની સંબંધ, ભાઈ-બહેન સંબંધ- આ બધાં અનિવાર્ય સંબંધો છે. આ પવિત્ર સંબંધોના આદર્શસ્વરૂપ દેવી-દેવતા પૃથ્વી પર અવતરણ કરે છે.

જીવ એટલે માયાની શક્તિ. માયાથી અતીત જે મહાશક્તિ છે તે હું છું. માયા શક્તિ હોય કે મહાશક્તિ હોય તે યોગશક્તિને

લીધે જ ફળદ્રુપ થાય છે. જે મહાશક્તિ સ્ત્રીસ્વરૂપમાં વાસવી કન્યકા તરીકે ઓળખાય છે તે મહાશક્તિ પુરુષસ્વરૂપમાં શ્રીપાદશ્રીવલ્લભના રૂપમાં અવતરી છે. આ બંને શક્તિનો આવિર્ભાવ પણ મહાસંકલ્પને અનુસરીને જ છે. આદિ પરાશક્તિની અથવા મૂળ દત્તસ્વરૂપની આરાધના કરતા ત્રિમૂર્તિ અને ત્રિશક્તિ અંતર્લીન થાય છે. આ દૈવી સંબંધોની અને તેના તત્ત્વોની તે તે સ્થિતિની અનુભૂતિ કેવળ સાધના સંપન્ન જીવોને જાણવા મળે છે.

શ્રીપાદપ્રભુની આરાધના કરનારા સાધકોના પાપનું નિવારણ મૃગ પાસે જઈને તેને સંસ્કૃત વ્યાકરણનો બોધ કરવો નિરર્થક છે. તે નીચ યોનિમાંથી મુક્તિ મેળવવી હોય તો માનવજન્મમાં મળતી સમર્થતા પ્રાપ્ત કરી યોગ્ય વ્યક્તિ પાસેથી સંસ્કૃત વ્યાકરણ શીખવું જોઈએ. મારો પ્રત્યેક જીવ સાથે અંતર્ગત સંબંધ હોવાથી હું જીવના સંસ્કાર અને મલિનતા સ્વીકારું છું. પ્રતિદિન આચરેલા સંધ્યા-સ્નાન જપ આદિને લીધે જીવોની મલિનતા દગ્ધ કરીને હું તેમને (તે) પરિણામથી મુક્ત કરું છું. વાસ્તવિક રીતે જોતાં મારી પૂજા કરવાની આવશ્યકતા નથી.

મારી આરાધના કરનાર ભક્તોના પાપ સંસ્કાર હું આકર્ષિત કરી લઉં છું. ભક્તોએ પોતપોતાના કુળદૈવતની પૂજા કરતાં તે મારા સ્વરૂપની સ્થૂળ પૂજા હશે. તે પૂજા કરવાથી મળનારું મહાફળ મારી આરાધના કરનાર ભક્તોને હું અર્પણ કરું છું. તમે ભક્તો કર્મ ન કરો તો તમને તેનું ફળ મળવું મુશ્કેલ છે. આથી, હું જાતે તપશ્ચર્યા અને મહાપુણ્ય કર્મનું આચરણ કરું છું. હું અનંત ચૈતન્ય હોવાથી ઉત્તમ કર્મ કરનાર સાધકોને તેમની યોગ્યતા અનુસાર કર્મનું ફળ તત્કાળ મેળવી આપું છું. મારું આદિ ગુરુસ્વરૂપ છે. માતા-પિતા ધન-દોલતના વારસ પુત્રો હોય છે. તે જ પ્રમાણે શિષ્યો ગુરુની તપોશક્તિના વારસદાર હોય છે. ભગવાન કૃષ્ણે પણ ગીતામાં કહ્યું છે કે મનુષ્યને માટે કર્મ કરવું અનિવાર્ય છે.

: મારી તપ-આરાધનાની સમાપ્તિ નથી :

શ્રી દત્તાત્રેયની જેમ હું પણ સુલભ પ્રાપ્ત દૈવત છું. બીજા દેવ-દેવતા ભક્તોએ કરેલી તપશ્ચર્યાથી સંતુષ્ટ થઈ તેમને

વર પ્રદાન કરે છે. ગુરુસ્વરૂપ એવા શ્રી દત્તાત્રેય તેમના શિષ્યોના વર પ્રાપ્ત કરવાના માર્ગની અડચણો-વિઘ્નો અને દુષ્ટ શક્તિઓને પોતાના તપોબળથી દૂર કરે છે. તે અનુગ્રહ કરનાર પરમ કરુણામૂર્તિસ્વરૂપ છે. દાદાજી, મને ભક્તો- સ્મરણ કરતાં જ પ્રસન્ન થનાર દેવતા તરીકે ઓળખે છે.

: સ્મરણમાત્ર સંતુષ્ટાય (સ્મરણમાત્રથી સંતુષ્ટ થનાર) :

બધાંનું મૂળ ગુરુરૂપ હું જ છું. તે (ગુરુરૂપ) મહાન કરુણાથી અવતરિત થયેલું પરમ ગુરુતત્ત્વસ્વરૂપ હોવાથી આ અવતારની સમાપ્તિ નથી. મારા ભક્તોએ પાડેલા સાદનો હું તત્કાળ જવાબ આપું છું. મારા ભક્તોનો સાદ ક્યારે આવે છે તેની હું વાટ જ જોઉં છું. સાધકે મારા પ્રતિ એક ડગલું ભર્યું હોય તો હું સામે સો ડગલાં ચાલીને જાઉં છું. આંખની પાંપણો જેમ આંખનું રક્ષણ કરે છે તે જ રીતે, હું ભક્તોની કાળજી લઈ તેમને સંકટોથી, મુશ્કેલીઓથી બચાવું છું. આ મારી સહજ પ્રવૃત્તિ છે.

શ્રીપાદપ્રભુના વક્તવ્ય પછી મેં તેમને પ્રશ્ન કર્યોઃ- હે મહાગુરુ, મેં સોમલતા અને સોમયાગ વિશે ઘણાં માણસો પાસેથી સાંભળ્યું છે. કૃપા કરી તે વિશે આપ પ્રકાશ પાડો (સમજાવો). શ્રીપાદપ્રભુએ કહ્યુંઃ- સોમલતા એ સંજીવની વનસ્પતિ છે એમ કહેવાય છે. તારે જોવી છે? એમ પ્રભુએ પ્રશ્ન કરતાં મેં ડોક હલાવી હા કહી. તત્ક્ષણે જ શ્રીપાદપ્રભુના હાથમાં સંજીવની વેલ પ્રગટ થઈ. તેમણે તે વેલ મને માનપૂર્વક આપી. તેમનો તે દિવ્ય પ્રસાદ મેં પૂજામંદિરમાં સંગ્રહી રાખ્યો છે.

શ્રીપાદપ્રભુએ વાતને સમજાવતાં કહ્યુંઃ- આ સંજીવની વનસ્પતિ હિમાલયની પર્વતમાળાઓમાં, કાશ્મીરના માનસરોવર પાસે, સિંધુ નદીના ઉગમસ્થાન પાસે, મલ્લિકાર્જુન પ્રભુનો નિત્ય નિવાસ જ્યાં છે તે શ્રીશૈલ પર્વત પર, સહ્યાદ્રિ, મહેન્દ્ર, દેવગિરિ, વિંધ્ય પર્વતશ્રેણી, બદરી અરણ્ય પ્રાંતમાં મળે છે. આ વેલાનાં મૂળિયાંથી જ લક્ષ્મણની મૂર્છા દૂર થઈ હતી. આ વનસ્પતિના સેવનથી અનેક પ્રકારના અસાધ્ય રોગો દૂર થાય છે. તેનો પગે લેપ કરવાથી આકાશગમન સિદ્ધિ પ્રાપ્ત થયા જેવું

લાગે છે. તેના સેવનથી હાડકાં મજબૂત બને છે. તેનાથી નેત્રકાંતિ વધે છે, શ્રવણશક્તિ સુધરે છે. તેના મૂળિયાંના પ્રભાવથી અગ્નિભય, જળભય અને વિષભય દૂર થાય છે. આ મૂળિયાંના પ્રભાવથી અષ્ટસિદ્ધિ પ્રાપ્ત થાય છે.

આ સંજીવનીના છોડને શુક્લ પક્ષના પ્રારંભથી રોજ એક પાંદડું ઊગે છે અને પૂનમના દિવસ સુધી પંદર પાંદડાં આવે છે. કૃષ્ણપક્ષની શરૂઆત થતાં રોજ એક એક પાંદડું ઓછું થાય છે. અમાવાસ્યાના દિવસે ઝાડ સૂકાઈ જાય છે. આ સૂકાયેલા ઝાડની એક ડાળી રાત્રે પાણીમાં પલાળી મૂકતાં તેમાંથી પ્રકાશ બહાર ફેંકાય છે. સહ્યાદ્રિ પર્વતમાળા, ભીમાશંકર પર્વત પાસે ક્રૂર મૃગ આ સંજીવની મૂળિયાંનું રક્ષણ કરે છે. અમાસની રાત્રીએ પણ દિવ્યકાંતિથી ચમકનારી સંજીવનીના મૂળિયાં શોધવાં સહેલું થઈ પડે છે.

શ્રીપાદપ્રભુ કહે છેઃ- હે ગુરુચરણ, આવી ૨૪ પ્રકારની દિવ્ય વનસ્પતિઓ છે. આ સર્વ અત્યંત પવિત્ર વનસ્પતિઓ છે. તેનો આશ્રય દેવતાશક્તિ પણ લે છે. પવિત્રતાપૂર્વક વેદમંત્રોનો ઉચ્ચાર કરતાં કરતાં ખૂબ જ વિનમ્ર ભાવથી આ વનસ્પતિ ચૂંટવી જોઈએ. ૨૪ દિવ્ય વનસ્પતિનાં નામ નીચે પ્રમાણે છેઃ

(૧) સોમ (૨) મહાસોમ (૩) ચંદ્ર (૪) અંશુમાન (૫) મંજુવાન (૬) રજીત પ્રભુ (૭) દુર્વા (૮) કનિયાન (૯) શ્વેતાન (૧૦) કનકપ્રભા (૧૧) પ્રતાનવાન (૧૨) લાલેવૃત્ત (૧૩) કરદીર (૧૪) અંશવાન (૧૫) સ્વયંપ્રભા (૧૬) રુદ્રાક્ષ (૧૭) ગાયત્રી (૧૮) એષ્ટમ (૧૯) પાવત (૨૦) જગત (૨૧) શાકર (૨૨) અનિષ્ટમ્ (૨૩) રૈક્ત (૨૪) ત્રિપાદ ગાયત્રી.

: હું શ્રીપાદપ્રભુની રજા લઈ પીઠિકાપુર જવા નીકળ્યો :

મેં શંકર ભટ્ટને આ વૃત્તાંત કહ્યો. મહાગુરુનો માનસસંચાર પૂર્ણ થયો અને તેમના દર્શનથી ધન્ય થયો. મને તેમના દિવ્ય હાથોથી ફળનો પ્રસાદ પ્રાપ્ત થયો. શ્રીપાદપ્રભુએ મને આજ્ઞા કરી. કૃષ્ણા નદી પાર કરીને માંચાલ ગામ જા. તે ગામની ગ્રામદેવતા

તને આશીર્વાદ આપશે. તેનો આશીર્વાદ લઈને ફરી તમે કુરુગડ્ડી આવો. તમે મારી સમીપ હો કે દૂર હો, મારું તમારા તરફ હંમેશાં ધ્યાન હોય છે. તેને હંમેશાં યાદ રાખજો. ભવિષ્યમાં આ માંચાલ ગામ વિશ્વવિખ્યાત થશે. એક મહાન પુરુષની સમાધિને લીધે આ ગામ પ્રસિદ્ધ થશે. તે મહાપુરુષની લીલા અદ્‌ભુત હશે.

પીઠિકાપુરમ્ સ્થૂળ દૃષ્ટિથી જોતાં એક છે અને સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં અલગ છે. સુવર્ણ પીઠિકાપુરમ્‌થી મારા શરીર ફરતે તેજોવલય સુપ્રતિષ્ઠિત છે. કોઈ પણ યોગનો સાધક, (મંત્ર, લય હઠ-રાજયોગ) કોઈ પણ દેશનો સાધક, કોઈ પણ કાળની વ્યક્તિ હોય, મારા નેત્રકટાક્ષથી તેનું ચૈતન્ય સુવર્ણ પીઠિકાપુરમાં સુપ્રતિષ્ઠિત થાય છે. આ યોગદૃષ્ટિ ધરાવતાં ભક્તોની સમજનો વિષય છે. સુવર્ણ પીઠિકાપુરમમાંથી જીવન ચૈતન્યનું સ્થાન સંપાદન કરી લેનાર બધાં જ ભક્તો ધન્ય છે. તેમને હું જન્મોજન્મે સંભાળતો રહીશ.

મારા પિતા જેવા હે શંકર ભટ્ટ, અનેક શત સંવત્સર પછી મારા પ્રાંગણમાં મહાસંસ્થાન ઊભું થવાનું છે. તે મારા દાદાને ઘેર જ્યાં મારો જન્મ થયો હતો તે સ્થળ ઔદુંબર વૃક્ષની છાયામાં ઊભું થશે. મારો આગામી અવતાર શ્રીનૃસિંહસરસ્વતી નામથી થશે. તે અવતારની મૂર્તિ પણ આ મહાસંસ્થાનમાં સ્થાપિત થશે. શ્રીપાદપ્રભુએ ફરી કહ્યું:- જુઓ, હું તમને દિવ્ય દૃષ્ટિ આપું છું. આમ કહી તેમણે ગુરુચરણના અને મારા ભ્રૂમધ્ય પર દૃષ્ટિ સ્થિર કરી. તે સુંદર દૃશ્ય જોઈ અમે ધન્ય થયા. તેમનો સંકલ્પ અમોઘ છે. તેમની લીલા અદ્‌ભૂત છે. અમે આગળ પ્રસ્થાન કરવા નીકળ્યા, ત્યારે શ્રીપાદપ્રભુએ કહ્યું:- વશિષ્ઠ ઋષિનો અંશ હોય તેવો એક ભક્ત મારા સંસ્થાનમાં પૂજારી તરીકે આવશે.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૨૦ સમાપ્ત ॥

❋ ❋ ❋


કલિયુગના દ્વિતીય દત્તાવતાર ભગવાન શ્રીનૃસિંહસરસ્વતી સ્વામીમહારાજ, કારંજા
॥ श्रीगुरुचरित्र ॥

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૨૧

શ્રીદંડીસ્વામીનું કુક્કુટેશ્વર (પીઠાપુર)માં આગમન
સાધકોની સ્થાનશુદ્ધિ, ભાવશુદ્ધિ આવશ્યક

હું મહાગુરુની આજ્ઞા પ્રમાણે ગુરુચરણ સાથે માંચાલ ગામે દર્શન માટે નીકળ્યો. રસ્તે જતાં મને શ્રીપાદપ્રભુની લીલાઓનું વારંવાર સ્મરણ થતું. અધ્યાત્મની ઘણી સમજમાં ન આવે તેવી બાબતો હું શ્રી ગુરુચરણ પાસેથી સમજી લેતો હતો. મેં શ્રી ગુરુચરણને પૂછ્યું:- વિશ્વાવધાનીનો અંશ હોય તેવી વ્યક્તિ મારા સંસ્થાનમાં પૂજારી તરીકે આવશે તેમ શ્રીપાદપ્રભુએ કહ્યું. તે વ્યક્તિ મહાભાગ્યવાન છે. તે વ્યક્તિ કોણ છે? તે કયા સમયે આવશે? શ્રી ગુરુચરણે જવાબ આપતાં કહ્યું:- અરે શંકર ભટ્ટ, અનેક શતાબ્દી પછી તેમના જન્મસ્થળે મહાસંસ્થાનની સ્થાપના થનાર છે, એવું શ્રીપાદપ્રભુએ કહ્યું છે.

તે મહાસંસ્થાનમાં કોઈ મહાન તપસ્વી આવવાના છે તેમ પ્રભુનો સંકલ્પ હતો. તે મહાસંકલ્પની પૂર્તિ માટે મહાતપસ્વી પીઠિકાપુરમ્ અવશ્ય આવશે. દીર્ઘકાળના ધ્યાનથી, આરાધનાથી, પવિત્ર મંત્રોચ્ચારથી અને શ્રદ્ધાથી આચરેલી પૂજાથી અહીંની ભૂમિ અને વાયુમંડળ અત્યંત શુદ્ધ થયું છે. વિશ્વના અંતરિયાળ વિસ્તારની દશે દિશાઓમાંથી આવતા ભાવતરંગો અહીં હંમેશાં પ્રસ્ફુરિત થયાં છે. પવિત્ર અને શુદ્ધ ભાવવાળા ભક્તો અહીંના પવિત્ર સ્પંદનોને અનુભવે છે અને તેમનો સ્વીકાર કરે છે.

અપવિત્ર ભક્તોને અપવિત્ર સ્પંદનોનો અનુભવ થાય છે. એકાદ પવિત્ર સ્થળે વાયુમંડળના મહાપુરુષોના માનસિક ચૈતન્યનો સ્પર્શ કરી અનેક ચિત્રવિચિત્ર પદ્ધતિ દ્વારા તે વિશિષ્ટ સ્થાન પ્રતિ આકર્ષિત થાય છે. તેમાં આશ્ચર્ય માનવાની જરૂર નથી.

ત્યાંની સ્થળશુદ્ધિને લીધે સાધકો ત્યાં રહી શકે છે. જે ભક્તોની ભાવશુદ્ધિ થઈ તેવા સાધકોના કિસ્સામાં આ શક્ય છે. આવા સાધકોની દ્રવ્યશુદ્ધિ અને અન્નશુદ્ધિ છે તેવા સાધકો પાસેથી જ આપણે અન્ન કે ધન સ્વીકારવું જોઈએ.

વેદવિદ્ મહાપંડિત તરીકે કહેવડાવનારા બ્રાહ્મણો શ્રીપાદપ્રભુની કૃપાનો લાભ મેળવી શકતા નહીં, પરંતુ, દોષરહિત અલ્પજ્ઞ ભક્તોને તેમની કૃપાનો લાભ સહજતાથી પ્રાપ્ત થયો. હું પૌંડ્ર (ઓરિસ્સા) દેશમાં જગન્નાથપુરી ક્ષેત્રે વેપારનિમિત્તે ગયો હતો. ત્યાં મને શ્રીજગન્નાથની મૂર્તિમાં શ્રીપાદપ્રભુનાં દર્શન થયાં. મારી સાથે ત્યાં આવેલા ભક્તોને શ્રીપાદપ્રભુએ જેના તેના ઈષ્ટના સ્વરૂપમાં દર્શન આપ્યા બાદ પોતાના સ્વરૂપમાં દર્શન આપ્યાં. સર્વ દેવી-દેવતાઓના રૂપમાં હું જ છું તેમ તેમણે મૂકસંદેશ આપ્યો.

: દંડીસ્વામીનું ગર્વખંડન :

અમે જગન્નાથપુરી ગયા, તે જ દિવસે પીઠિકાપુરમ્માં એક દંડીસ્વામી પોતાના ૧૦૮ શિષ્યો સાથે પધાર્યા. કોઈ પણ મહાત્મા અમને દેખાય એટલે તેમના ચરણે નતમસ્તક થવું એ અમારો શિષ્ટાચાર હતો. અમે દંડીસ્વામીના ચરણો પર મસ્તક મૂકીને પ્રણામ કર્યા. અમે પ્રણામ કર્યા અને આશ્ચર્ય એ થયું કે દંડીસ્વામીની વાણી બંધ થઈ ગઈ. તેમની વાચા જતી રહી. તેઓ કશું બોલી શકવા અસમર્થ થયા. અમે બધાંએ "દંડીસ્વામીની વાચા પાછી આવે" તેવી પ્રાર્થના શ્રીપાદપ્રભુને કરી. પ્રાર્થનાના ફળસ્વરૂપ દંડીસ્વામીની વાચા પાછી આવી.

દંડીસ્વામીના શિષ્યો શ્રીપાદપ્રભુના શિષ્યોને જોઈ મત્સરભાવથી બોલ્યાઃ- "શ્રીપાદ એ ક્ષુદ્ર માંત્રિક છે અને તેમના શિષ્યો પણ ક્ષુદ્ર માંત્રિક છે. તેમની ક્ષુદ્ર વિદ્યાથી દંડીસ્વામીની વાચા બંધ થઈ. પરંતુ, અમારા દંડીસ્વામી સમર્થ હોવાથી તેમણે પુનઃ વાચા પ્રાપ્ત કરી લીધી છે. હવે અમારા ગુરુજી દંડીસ્વામી શ્રીપાદનું સાચું સ્વરૂપ જનતા સામે ખુલ્લું કરશે. તેઓ પીઠિકાપુરમ્ જઈ શ્રીપાદશ્રીવલ્લભ સાથે શાસ્ત્રચર્ચા કરી તેને પરાભૂત કરી વિજયપત્ર લઈ આવશે તેમાં શંકા નથી."

પીઠિકાપુરમ્‌ના પ્રજાજનોએ શ્રીદંડીસ્વામીના સ્વાગત માટે એક મહાન રથયાત્રાનું આયોજન કર્યું હતું. અમે તે સાંભળીને નિરુત્તર થયા.

જ્યારે ભક્ત શ્રીપાદપ્રભુને અનન્ય ભાવે શરણે જાય છે, ત્યારે તેઓ પોતાની લીલાથી ભક્તોને સંકટમાંથી બચાવે છે. આશ્ચર્યની વાત એ છે કે સમસ્યા નિર્માણ કરનાર પણ શ્રીપાદપ્રભુ અને તેનું નિરાકરણ કરનાર પણ શ્રીપાદપ્રભુ જ છે. આવી અનેક અંતર્મય લીલાઓ કરી શ્રીપાદપ્રભુ સર્વ દત્તભકતોને સુખદ અનુભવ કરાવી આપતા. કેટલાક દિવસો પછી દંડીસ્વામીએ પીઠિકાપુરમ્‌માં પ્રવેશ કર્યો. મારા ભાગ્યથી હું પણ (શંકર ભટ્ટ) તે સમયે પીઠિકાપુરમ્‌માં જ હતો.

શ્રી બાપન્નાચાર્ય, શ્રી અપ્પલરાજ અને શ્રીપાદપ્રભુના વિરોધીઓની પીઠિકાપુરમ્‌માં કોઈ કમી ન હતી. દંડીસ્વામીએ કુક્કુટેશ્વર મંદિરમાં જઈ સર્વ દેવતાઓનાં દર્શન કર્યાં. સ્વયંભૂ દત્તાત્રેયના પણ દર્શન કર્યાં અને બોલ્યાઃ- અહીં સ્વયંભૂ દત્તાત્રેયનો મહિમા અપરંપાર છે. વધુમાં કહ્યું કે તેમનો અવતાર શ્રીપાદપ્રભુનો ગર્વ દૂર કરવા માટે છે. તે દિવસથી તેમણે પોતાની સંકલ્પશક્તિથી કંકુ, વિભૂતિ જેવા પદાર્થ નિર્માણ કરી ભક્તોમાં વહેંચવાની શરૂઆત કરી.

પીઠિકાપુરમ્‌ના બ્રાહ્મણો વેદમંત્રોના ઘોષ સાથે દંડીસ્વામીનું સ્વાગત કરી તેમને કુક્કુટેશ્વર મંદિરમાં લઈ આવ્યા. નગરમાં દંડીસ્વામીના આગમન વિશે ઢોલ વગાડી લોકોને જાણ કરવામાં આવી. સ્વયં શ્રીપાદપ્રભુએ દંડીસ્વામીની તપસ્યા જાણી તેમને દંડવત્‌ પ્રણામ કર્યા. શ્રી બાપન્નાચાર્યે દંડીસ્વામીનાં દર્શન કરી તેમની શરણાગતિ સ્વીકારી. શ્રી અપ્પલરાજ શર્માએ શ્રીદંડીસ્વામીનાં દર્શન કરી પરંપરા અનુસાર પૂજા અર્ચા જેની ચાલુ છે, તેવી કાળા પાષાણની મૂર્તિ તેમને અર્પણ કરી.

વેંકટપૈય્યા શ્રેષ્ઠીની અધ્યક્ષતા હેઠળ આર્યવૈશ્ય સમિતિનું સંમેલન થયું. તે સંમેલનમાં સર્વાનુમતે ઠરાવ પસાર થયો કે દંડીસ્વામીના કોઈ પણ દુષ્કૃત્યોને શ્રીપાદપ્રભુ, અપ્પલરાજ શર્મા અને બાપન્નાચાર્ય સહકાર નહીં આપે. નરસિંહ વર્માની અધ્યક્ષતા હેઠળ ક્ષત્રિય સભામાં પણ આજ ઠરાવને અનુમોદન મળ્યું.

શ્રીપાદપ્રભુ પોતાના મોસાળમાં આવેલા આંગણામાં સ્થિત ઔદુંબર વૃક્ષ નીચે વિશ્રાંતિ લેતા હતા. દિવ્યકાંતિની કળા ફેલાવનાર શ્રીપાદપ્રભુ પ્રતિ જોઈ વેંકટપૈય્યા શ્રેષ્ઠીનું હૈયું ભરાઈ આવ્યું. તેમના નયનોમાંથી બેચાર અશ્રુબિંદુઓ ટપક્યાં. બાપન્નાચાર્ય, શ્રી અપ્પલરાજ શર્મા અને વેંકટપૈય્યા શ્રેષ્ઠી ત્રણેય શ્રીપાદપ્રભુના મુખારવિંદનું અવલોકન કરતા તેમની એકદમ નજીક બેઠા હતા. શ્રીકૃષ્ણ જેવા દેખાતા શ્રીપાદપ્રભુને ભૂખ લાગી હતી. તેમના દાદી રાજમામ્બા શ્રીપાદપ્રભુ માટે ચાંદીના પાત્રમાં દહીંભાત લઈ આવ્યાં. શ્રીપાદપ્રભુએ પ્રેમથી તે ખાધું.

ભાત ખાધા પછી શ્રીપાદપ્રભુએ દાદાજીને કહ્યું:- હવે વેદઘોષ કરો. બાપન્નાચાર્યે વેદઘોષની શરૂઆત કરી. બાપન્નાચાર્ય સાથે અપ્પલરાજ શર્માએ પણ વેદઘોષમાં સૂર પૂરાવ્યો. શ્રીપાદપ્રભુ પણ વેદઘોષ કરવા લાગ્યા. નરસિંહ વર્મા અને વેંકટપૈય્યા શ્રેષ્ઠી બંનેએ પણ આનંદપૂર્વક સુશ્રાવ્ય સ્વરમાં વેદપઠનનો પ્રારંભ કર્યો. ત્યાંનું વાતાવરણ આ વેદઘોષને લીધે ઋષિના આશ્રમ જેવું પવિત્ર થયું હતું. આ જ સમય દરમ્યાન કુક્કુટેશ્વર મંદિરમાં એક આશ્ચર્યકારક ઘટના બની.

કુક્કુટેશ્વરમાં આવેલ સ્વયંભૂ દત્તાત્રેયના મુખ પાસે દહીંભાત લાગેલો પૂજારીને દેખાયો. પૂજારીએ વસ્ત્રથી દહીંભાત લૂછ્યો, છતાં પણ ફરી ફરી બે-ત્રણ વાર દેખાયો. આ શ્રીપાદપ્રભુની અદ્‌ભૂત લીલા હતી. સ્વયંભૂ દત્ત ભગવાન અને તેઓ સ્વયં અભિન્ન હોવાથી આવો પરચો પૂજારી સહિત ભક્તોએ જોયો. દંડીસ્વામી પોતાના શિષ્યો સાથે વેદઘોષ કરતા પીઠિકાપુરમ્‌ની બહાર પ્રસ્થાન કરવા નીકળ્યા. બધાં જ એક પાછળ એક ચાલતા હતા. તેમને લાગ્યું કે ત્યાંની જમીન વધી રહી છે. ગમે તેટલું ચાલવા છતાં તેમણે જે સ્થળેથી પ્રસ્થાન કર્યું હતું તે જ સ્થળે તેઓ ઊભા હતા!

ઉપર કહ્યા પ્રમાણે વિચિત્ર ક્રિયામાં ઘણો સમય પસાર થયો. શિષ્યો સાથે બધાંને તે વિશે આશ્ચર્ય થયું. તેટલામાં જ દંડીસ્વામીના હાથમાંથી દંડ તૂટી ગયો અને તેના બે ટુકડા થયાં. પીઠિકાપુરમ્‌ના બ્રાહ્મણોને આ ઘટના ભયપ્રદ લાગી. શ્રીદંડીસ્વામીને અત્યાર સુધીના અનુભવોથી સમજાઈ ગયું હતું કે શ્રીપાદપ્રભુ તેમના કરતાં અનેકગણા શક્તિસંપન્ન છે.

તેમનો વિરોધ કરતાં મોટો અનર્થ થશે તેમ તેમને સમજાયું. આવી પરિસ્થિતિમાં તે સર્વેને પોતાને ગામ કેવી રીતે પહોંચવું તેની ચિંતા થવા લાગી.

: મોહનાશ એટલે મોક્ષ :

પીઠિકાપુરમ્માં અબ્બન્ના નામનો એક ગૃહસ્થ રહેતો હતો. તે સાપને પકડી તેના પ્રદર્શનથી લોકોનું મનોરંજન કરી પોતાની આજીવિકા ચલાવતો. તે એક દિવસ બાપન્નાચાર્યને ઘેર આવ્યો. શ્રીપાદે થોડો સમય વેદઘોષ અટકાવ્યો અને અબ્બન્નાને તેમણે પેટ ભરીને જમાડ્યો. પછી તેને ઉદ્દેશીને બોલ્યાઃ- અહીંથી એક પવાલુ પાણી લઈ કુક્કુટેશ્વર મંદિરમાં જા. દત્ત પ્રભુના અવતારની કેટલાક લોકોએ અકારણ નિંદા કરી છે.

તેવા કેટલાક મહાપાપી લોકો કુક્કુટેશ્વર મંદિરમાં છે. તેમને મૃત્યુ પછી પિશાચયોનિ પ્રાપ્ત થશે તેવું ચિત્રગુપ્તે નક્કી કર્યું છે. મેં ચિત્રગુપ્ત સાથે સંવાદ કરી તે પાપનો પરિહાર કેવી રીતે કરવો તે વિશે ઉપાય શોધી કાઢ્યો છે. ભૂમિમાતાએ પણ તેવો આગ્રહ કર્યો છે. તું ત્યાં જઈને ભૂમિમાતાને શાંત રહેવા મારો સંદેશો કહેજે.

શ્રીપાદના દર્શનોત્સુક ભક્તોએ તારી સંમતિ લેવી પડશે. તેવા ભક્તો પર તું આ જળનું પ્રોક્ષણ કર. મારા અગાઉના આદેશ અનુસાર તું મદિગા સુબ્બય્યાના ઘેર જઈ દહીંભાતનો મહાપ્રસાદ બધાંને વહેંચ. અબ્બય્યા, સુબ્બય્યા વગેરે ત્યાં જ ગયા છે. તે બધા ભક્તોને બાપન્નાચાર્યને ઘેર લઈ આવશે.

શ્રીપાદપ્રભુએ ઉગ્ર સ્વરૂપમાં કહ્યુંઃ- અહો દંડીસ્વામી, એક મહાન તપસ્વી હોવા છતાં તમે કેટલું અભિમાન કર્યું? તમે જેમની ભગવાન દત્ત સ્વરૂપમાં આરાધના કરો છો, તે જ શ્રીપાદશ્રીવલ્લભરૂપ લઈને ભક્તો માટે પૃથ્વી પર અવતર્યા છે. તેમને ન ઓળખી શકનાર તમે મહામૂર્ખ છો. તમારું શિષ્યવૃંદ પણ તમારા જેવું જ મૂર્ખ છે. પીઠિકાપુરમ્ના તમારા નવા શિષ્યો

અજ્ઞાની છે. તમે અમને શું કરી શકવાના છો? સમસ્ત સૃષ્ટિનું એકમેવ શાસન કરવાની સત્તા સામે તમારું શું અસ્તિત્ત્વ? તમારું શું સામર્થ્ય? દેવને દૂષણ આપવાનું મહાપાપ કરવાથી તમારે સેંકડો વર્ષો સુધી પિશાચ યોનિમાં રહેવું પડશે, એવો ચિત્રગુપ્તે નિર્ણય લીધો છે. અપાર કરુણાથી પ્રેરાઈને મેં તે નિર્ણય રદ કર્યો છે.

માનવજન્મ મેળવીને તમે નીચ જાતિમાં તમારું આયુષ્ય પસાર કરશો. આવો મારો આદેશ છે. તમારા મોટા પાપનો પરિહાર કરી, હું અલ્પ શિક્ષા સાથે તમને જવા દઉં છું. શ્રીપાદશ્રીવલ્લભ મહાઅગ્નિ સમાન છે. અગ્નિ સાથે રમત કરતાં મહાપ્રમાદ થશે. મારી માયાને અથવા મને જ અભિન્ન સ્વરૂપમાં જાણવાથી મોક્ષ એટલે શું? તેવો તમે વિચાર કરો છો. વાસ્તવિક રીતે મોહનો ક્ષય એટલે જ મોક્ષ. કોઈ પણ જીવ સચ્ચિદાનંદ સ્વરૂપનો આનંદ અનુભવે ત્યારે તેની યોગ્યતા જોઈ હું જ તેના પર અનુગ્રહ કરું છું.

"દિવ્યાનંદ પરવશ્ય" એવા મારા પૂર્વસ્વરૂપી અતીત સુખસ્વરૂપ રહેવાની ઈચ્છા કરનાર જીવને હું તે સ્થિતિ તત્કાળ પ્રાપ્ત કરાવી આપું છું. મારી દૃષ્ટિએ નિર્ગુણ નિરાકાર, સગુણ, સાકાર, મોક્ષ અને બંધન એવા કોઈ ભેદ જ નથી. પ્રત્યેક ક્ષણે અસંખ્ય નૂતન લોકોની સૃષ્ટિ, સ્થિતિ અને લયમાં હું વ્યસ્ત હોઉં છું. જીવોની ઉન્નત સ્થિતિ અથવા ઉન્નત આનંદભૂમિકા માટે કોઈ પણ સીમા કે પરિસીમા નથી. મૃત્યુ પછી મારા સ્વરૂપમાં લીન થવા ઈચ્છનાર સાધકોએ મારા સ્થાને અવશ્ય આવવું.

સાધકોએ તેવી સ્થિતિમાં કેટલાં સેંકડો વર્ષ ત્યાં રહેવું, કયા લોકમાં પુનર્જન્મ લેવો તે બધું હું મારા સંકલ્પ પ્રમાણે ઠરાવીશ. સંપૂર્ણ વિશ્વનાટકનો સૂત્રધાર હું હાલમાં સાકારરૂપમાં તમારી સમક્ષ હાજર છું. તમે મને હાલ સાકારરૂપમાં જુઓ છો. આવા કોઈ પણ આકારમાં નહીં હોવા છતાં નિર્ગુણ, નિરાકાર અવસ્થામાં પણ હું હંમેશાં તમારી તરફ જોતો રહીશ. આ કહેવા માટે જ મેં સાકારરૂપ લીધું છે. તે મહાઉન્નત સ્થિતિમાંથી હું તમારા માટે નીચો ઉતરી આવ્યો છું.

મહાયોગીઓની યોગશક્તિઓ લોકકલ્યાણાર્થ, લોકરક્ષણાર્થ ઉપયોગમાં લેવી જોઈએ. લોક એટલે ફક્ત ભૂલોક નહીં. આપણા કરતાં ઉતરતી કક્ષાની નિઃસહાય સ્થિતિમાં રહેતા જીવોને મદદ કરવી, સહાય કરવી તે માનવ-ધર્મ છે. હું ધર્મમાર્ગ,

કર્મમાર્ગ, યોગમાર્ગ, ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગનો બોધ કરવા માટે અવતરીત થયો છું. હું સર્વધર્મનું મૂળ એવું એકમાત્ર સત્ય, સર્વધર્મનું મૂળ રહેતો એક માત્ર ધર્મ અને સર્વકારણોનું એક માત્ર કારણ છું. મારા સંકલ્પ સિવાય આ સૃષ્ટિમાં કશું જ ઘટતું નથી. હું ના હોઉં તો સૃષ્ટિમાં કશું જ શિલક નથી. હું છું માટે તું છે. આ સૃષ્ટિ છે. આ સિવાય બીજું કયું અલગ સત્ય તને સમજાવું?

તું હિમાલય જઈ નિઃસંગી થઈ તપાચરણ કર. તને શિષ્ય સમુદાયની જરૂર નથી. તેં મોક્ષ મેળવ્યો અથવા તારો ઉદ્ધાર થાય તો પણ આ સૃષ્ટિ અથવા મારું કશું જ નુકસાન થવાનું નથી. સૃષ્ટિના બધા જ વ્યવહારો સરળ રીતે ચાલશે. આ વાતને સમજવી તારે માટે આવશ્યક છે. તારી સાથે તું પીઠિકાપુરના શિષ્યો લઈ જઈશ તો તે ઊંટના વરઘોડામાં ગધેડાંઓ જાનૈયા જેવી સ્થિતિ થશે. ઊંટના સૌંદર્યના ગુણગાન ગધેડાંએ ગાવા અને ગધેડાંના ગાયન માધુર્યની પ્રશંસા ઊંટે કરવી તેના જેવું થશે. પરસ્પર બંને એકબીજાના પ્રશંસાના પૂલ બાંધો તો પણ વાસ્તવિક પરિસ્થિતિ કોઈ બદલાતી નથી. તે અલગ જ પરિસ્થિતિ છે.

: અરુંધતી વશિષ્ઠ સંબંધ :

મેં (શંકર ભટ્ટે) ગુરુચરણને પૂછ્યું:- ભક્તરાજ ગુરુચરણ અરુંધતી માતાનો જન્મ ચંડાળવંશમાં થયો હતો તેમ મેં જાણ્યું છે. તેનો વિવાહ વશિષ્ઠ ઋષિ જોડે કેવી રીતે સંપન્ન થયો? ગુરુચરણે વિગતવાર ઇતિહાસ કહેવાનું શરૂ કર્યું:- પૂર્વે વશિષ્ઠ ઋષિએ હજારો વર્ષ તપાચરણ કર્યું. તે સમયે અક્ષમાતા નામની ચંડાળ કન્યાએ તેમની ઉત્તમ સેવા કરી. તેની સેવાથી પ્રસન્ન થઈ ઋષિએ તેને વરદાન માગવા કહ્યું. કન્યાએ કહ્યું:- વશિષ્ઠ ઋષિ મારા પતિ થાય તેવી મારી ઇચ્છા છે.

વશિષ્ઠ ઋષિએ કહ્યું:- અક્ષમાતા, તું એક ચંડાળ કન્યા છે. હું આચારસંપન્ન સત્શીલ બ્રાહ્મણ છું. હું તારો પત્ની તરીકે કેવી રીતે સ્વીકાર કરી શકું? અક્ષમાતાએ કહ્યું:- પ્રથમ આપે જ મને વરદાન માગવા પ્રેરિત કરી અને હવે ઇચ્છિત વર માગ્યા પછી તમે તમારા વચનની પૂર્તિ કેમ કરતા નથી? વશિષ્ઠ મુનિએ કહ્યું:- તારા દેહ પર હું કહું તેમ સંસ્કાર કરવા તારી સંમતિ છે? અક્ષમાતાએ તે માટે હા કહી. વશિષ્ઠ ઋષિએ તેને ભસ્મીભૂત કરી અને ફરી જીવંત કરી. આમ તેમણે સાત વખત પુનરાવર્તન કર્યું.

સાતમા જન્મે તેના ચાંડાળ વંશના બધાં જ દોષો નષ્ટ થઈ તે અત્યંત પવિત્ર સ્ત્રી થઈ. ત્યારે વશિષ્ઠ ઋષિએ તેની સાથે વિવાહ કર્યો. વશિષ્ઠ ઋષિએ અક્ષમાતાના દેહ પર કરેલા સંસ્કાર કર્મોનો અક્ષમાતાએ કોઈ પણ વિરોધ ન કર્યો. આથી તેમનું નામ અરુંધતી (અ- નહીં, રુંધતિઃ - વિરોધ કરવો) પડ્યું. તે જ નામથી તે સાધ્વી પ્રસિદ્ધ થઈ. આ હકીકત વશિષ્ઠ ગોત્રના નરસિંહ વર્માને શ્રીપાદપ્રભુએ કહી હતી. શૂદ્ર જાતિમાં જન્મ લીધો હોય તો પણ બ્રાહ્મણનાં કર્મો કરનાર વ્યક્તિ સાતમા જન્મે ઉપનયન સંસ્કાર પછી બ્રાહ્મણપદને પહોંચે છે અને બ્રાહ્મણકુળમાં સ્વીકારાય છે.

પુરાતન કાળમાં સમાજના ચારેય વર્ણનું વર્ગીકરણ તેમના કર્મ અનુસાર થતું. આ યોજના સમાજની દૃષ્ટિએ હિતકર યોજના હતી. પરંતુ, સમય જતાં તે વર્ગીકરણ કર્મ આધારિત ન રહેતાં જન્મ આધારિત રહેવા લાગ્યું. તે સમયે બ્રાહ્મણકુળમાં જન્મેલી વ્યક્તિ બ્રાહ્મણના નિત્યકર્મ ન કરતાં વાણિજ્ય પ્રવૃત્તિ કરે તો તે વૈશ્ય વર્ણને માટે યોગ્ય ગણાતી. આ જ પ્રમાણે એકાદ ક્ષત્રિય અત્યંત સાત્ત્વિક વૃત્તિનો હોય અને બ્રાહ્મણોના કર્મમમાં તેને રસ હોય તો તે બ્રાહ્મણ થઈ શકતો હતો. શ્રીદત્ત ભગવાનમાં વિશ્વાસ રાખનાર સાધકોને તે હંમેશાં ઉન્નત સ્થિતિમાં રાખી તેમની યોગ્યતા પ્રમાણે શિષ્યત્વ આપતા. તેમના ભક્તો કોઈ પણ કુળમાં જન્મ્યા હોય અથવા કોઈ પણ પરિસ્થિતિમાં હોય, સુખી જીવન માટે આવશ્યક આયુષ્ય, આરોગ્ય, ઐશ્વર્ય શ્રીદત્તગુરુ પોતાના ભક્તોને પ્રદાન કરતા. જન્મ-જન્માંતરના કર્મબંધનો તોડી ભક્તોને ઉન્નત સ્થિતિમાં રાખવા એ શ્રીપાદપ્રભુની સહજ લીલા હતી.

: દત્તભક્તોને સ્વામીનું અભય વરદાન :

અમે શ્રીપાદપ્રભુનો મહિમા વિશેષરૂપથી સમજી લેવા માટે મંચાલ ગામે આવી પહોંચ્યા. મંચાલ ગ્રામદેવતાએ પ્રત્યક્ષ દર્શન આપી અમને ધન્ય કર્યા. ગ્રામદેવતાએ પોતાના દિવ્ય હાથથી અમને પ્રસાદ આપ્યો. ગ્રામદેવતાએ શ્રીપાદપ્રભુનો મહિમા આ

પ્રમાણે કહ્યોઃ- પૂર્વે પ્રહ્લાદને ગુરુબોધ કરનાર શ્રી દત્તાત્રેય ભૂલોકમાં હાલ શ્રીપાદશ્રીવલ્લભના રૂપમાં અવતર્યા છે. શ્રીપાદપ્રભુનો સંકલ્પ અકળ હોય છે.

આગામી શતાબ્દીમાં પ્રહ્લાદના સાર્વભૌમ ગુરુનું અવતરણ થશે. આ પ્રદેશ મંત્રાલય નામથી પ્રસિદ્ધ થશે. આમ શ્રીપાદપ્રભુએ જાતે મને કહ્યું હતું. તમારું સર્વ શુભ મંગળ થાવ. આમ કહેતાં ગ્રામદેવતા પોતાના મૂળરૂપમાં આવી. અમે ત્યાંથી પ્રસ્થાન કરતા હતા. તે સમયે કૃષ્ણદાસ નામનો એક વેપારી ત્યાં આવ્યો. મંચાલ ગ્રામદેવતાએ તેને પણ પ્રસાદ આપ્યો અને એક ફૂલની માળા આપી.

અમે ત્રણ જણ (ગુરુચરણ, કૃષ્ણદાસ અને શંકર ભટ્ટ) કુરુગડ્ડી જવા નીકળ્યા. સર્વ દત્તભક્તોનું કુળ (જાત) એક જ હોય છે. તેમને કોઈ જાતિના ભક્તે આપેલો પ્રસાદ ખૂબ જ પ્રેમથી સ્વીકારે છે. અમારી સાથે કૃષ્ણદાસ જોડાયો હોવાથી અમારો ઉત્સાહ બેવડાયો હતો. વાર્તાલાપ કરતાં પ્રસંગાનુસાર કૃષ્ણદાસ બોલ્યાઃ- યજ્ઞાદિ કર્મ માટે અપાનાર દક્ષિણા ૧૬,૧૧૬,૧૦૧૬ હોવી જોઈએ. આ સંખ્યા શ્રીપાદપ્રભુએ કથન કરેલી ૨૪૯૮ સંખ્યા પ્રમાણે જ છે.

પરમાત્મા જે પ્રમાણે જગતનું નિર્માણ કરે છે તે જ પ્રમાણે પિતાથી પુત્ર થાય છે. વરરાજા વિવાહ દરમ્યાન હોમના અગ્નિદેવને પ્રાર્થના કરતા કે "હે અગ્નિદેવ, મને આ વધૂ પાસેથી દસ પુત્રોની પ્રાપ્તિ થાય." દસ કન્યા-પુત્રની પ્રાપ્તિ પછી તેણે પત્નીને માતાના સ્વરૂપમાં જોવી તેમ શાસ્ત્રવચન છે.

કૃષ્ણદાસ આગળ કહે છેઃ- પૂર્ણ આ શબ્દનો અર્થ નિર્ગુણ એમ થાય છે. માટે જ તે રુદ્રરૂપ સમજવામાં આવે છે. આ સમસ્ત વિશ્વનો લય થયા પછી બાકી રહે તે શૂન્ય જ હોય છે. તે મહાશૂન્યમાં જ સર્વનો લય થાય છે. વિષ્ણુસ્વરૂપ એટલે અનંત ધર્મતત્ત્વ. સૃષ્ટિની સ્થિતિ-સ્વભાવ માટે અનંત તત્ત્વ આવશ્યક છે.

: શ્રીપાદપ્રભુ ષોડશ કલાપૂર્ણ :

ગુરુચરણે કહ્યું:- હે શંકર ભટ્ટ, કોઈ પણ વસ્તુનું અસંખ્ય ટુકડામાં વિભાજન કરીએ તો નાનામાં નાનો ટુકડો શૂન્ય બરાબર જ હોય છે. આવા અસંખ્ય શૂન્ય ટુકડા એકઠા થાય એટલે તેને મર્યાદિત આકાર આવે છે. આ જ કારણથી શિવ અને કેશવ અભિન્ન છે. પંચભૂતાત્મક સૃષ્ટિ એ વિષ્ણુસ્વરૂપ જ છે. દક્ષયજ્ઞનો વિધ્વંસ કરનાર વીરભદ્રને શ્રીવિષ્ણુએ કહ્યું:- મૂળ પ્રકૃતિ અને ઈશ્વરના નિમિત્તથી પાર્વતી માતા, રાક્ષસો સાથે યુદ્ધ કરનારી દુર્ગામાતા અને કોપાવસ્થાની કાલિકામાતા આ બધાં મારાં જ સ્વરૂપો જ છે. શ્રીપાદપ્રભુને ષોડશ કલા સંપન્ન કહેવાનો આશય આ જ છે. ૧૬ વર્ષની ઉંમર થતાં શ્રીપાદપ્રભુએ પીઠિકાપુરમ્ છોડ્યું. તેઓ સ્વયં બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રસ્વરૂપ હોવાથી તેમને સોળ કળાઓથી પરિપૂર્ણ માનવામાં આવ્યા છે.

: સાવિત્રી કાઠક યજ્ઞનું ફળ એટલે જ શ્રીપાદપ્રભુનો અવતાર :

સર્વજનોની બુદ્ધિને પ્રેરિત કરનાર અને સર્વ મંડલના મધ્ય સ્થળે સ્થિત દિવ્ય તેજ એટલે જ ગાયત્રી માતા. તેનાં ચોવીસ પ્રતીકો છે. ૯ની સંખ્યા બ્રહ્મસ્વરૂપનું પ્રતીક છે. ૮ (આઠ) એ મહાસ્વરૂપનું દ્યોતક છે.

ત્રેતાયુગમાં ભારદ્વાજ ઋષિએ પીઠિકાપુરમ્માં સાવિત્રીકાઠક યજ્ઞનું આયોજન કર્યું હતું. તે સમયે ઋષિએ કરેલા ભવિષ્યકથન અનુસાર પીઠિકાપુરમ્માં આજે શ્રીપાદશ્રીવલ્લભનો અવતાર થયો છે. તેઓ શક્તિસ્વરૂપ હોઈ અર્ધનારીનટેશ્વર છે. તેઓ તેમની શક્તિથી સાધકની બુદ્ધિ અને પ્રવૃત્તિ ધર્માભિમુખ કરી, ધર્મમાર્ગે જીવન વ્યતીત કરવા પ્રેરિત કરે છે. આ તેમના મહાઅવતારનું વૈશિષ્ટ્ય છે. તેમનાં બોધપ્રદ વાક્યો અને લીલાનું વ્યાકરણ ન સમજાય તેવું છે. તે નૂતન વ્યાકરણના તેઓ સ્વયંકર્તા હોવાથી તેને ફક્ત તેઓ જ સમજી શકે છે. મને (શંકર ભટ્ટને) કૃષ્ણદાસ પાસેથી અનેક વિષયોની માહિતી પ્રાપ્ત થઈ. તેમાં અનેક નવી વાતો જાણવા મળી. પાંડિત્યપૂર્ણ વ્યક્તિત્વ હોવા છતાં, જેઓ અહંકારી હતા તેવા સાધકોને શ્રીપાદપ્રભુના કૃપાકટાક્ષનો લાભ થતો નહીં.

કૃષ્ણદાસે કહ્યું:- શ્રીપાદપ્રભુ કીડીથી શરૂ કરીને બ્રહ્મપર્યંત સર્વત્ર વ્યાપ્ત છે. એક દિવસ નરસિંહ વર્માના ખેતરમાં શ્રીપાદશ્રીવલ્લભ અને નરસિંહ વર્મા વિશ્રાંતિ લેતા હતા. તે જ સમય દરમ્યાન ત્યાં બે નાગ આવ્યા. શ્રીપાદપ્રભુએ ખૂબ કુશળતાથી તે બંને નાગને મારીને દૂર ફેંકી દીધા. નરસિંહ વર્મા ગાઢ નિદ્રામાં હતા. નરસિંહ વર્મા પાસે ખૂબ જ મોટી લાલ કીડીઓ આવી. આવી મોટી કીડીઓ ક્યારે પણ પહેલાં જોવામાં આવી ન હતી. કીડીઓના કરડવાથી નરસિંહ વર્માની નિદ્રા ભંગ ન થાય તે આશયથી શ્રીપાદપ્રભુએ તે બધી જ કીડીઓને મારી નાખી. મરેલી કીડીઓનો નાનકડો ઢગલો ત્યાં થયો હતો.

થોડા જ સમયમાં નરસિંહ વર્મા જાગ્રત થયા. મરેલી કીડીઓને જોઈ તેમને દયા આવી. તે સમયે શ્રીપાદપ્રભુએ હાસ્ય કરી ઉદ્‌ગાર કાઢ્યા:- "રાજાને તેના સેવકોનું રક્ષણ કરવું પડે છે. આ પ્રકૃતિનો નિયમ છે. આ અદ્‌ભુત કીડીઓનું નિર્માણ કરનાર એક અદ્‌ભુત જાદુગર છે." તે જ અરસામાં એક સફેદ રંગની પરંતુ, બીજી કરતા મોટી અને કાંતિમાન કીડી ત્યાં આવી. તે કીડીઓની રાણી હતી. તેણે મરેલી કીડીઓ ફરતે એક પ્રદક્ષિણા ફરી અને આશ્ચર્યકારક ઘટના એ બની કે મૃત્યુ પામેલી બધી જ કીડીઓ જીવંત થઈ ત્યાંથી અન્યત્ર જતી રહી.

શ્રીપાદપ્રભુએ મંદહાસ્ય કરી કહ્યું:- કીડીઓની રાણીને સંજીવનીશક્તિ પ્રાપ્ત હોવાથી તેણે મૃત કીડીઓને જીવંત કરી. આવા પ્રકારની અનેક વિસ્મયકારક બાબતો આ સૃષ્ટિમાં વિદ્યમાન છે. શ્રીપાદપ્રભુએ નરસિંહ વર્માને કહ્યું:- તમારી ઇચ્છા હોય તો પ્રતિ ક્ષણે અનેક પ્રકારની વિસ્મયકારક લીલા તમને બતાવી શકીશ. તેટલામાં નરસિંહ વર્માનું ધ્યાન મૃત્યુ પામેલા તે બે નાગ તરફ ગયું. મૃત નાગને જોઈ નરસિંહ વર્મા ચકિત થયા. તે પણ શ્રીપાદપ્રભુની લીલા છે તેમ તેમણે જાણ્યું. શ્રીપાદપ્રભુએ એક નાગના શરીર પર પ્રેમથી હાથ ફેરવ્યો અને બીજાને પોતાનો ચરણસ્પર્શ કર્યો. બંને નાગ જીવતા થઈ શ્રીપાદપ્રભુની પ્રદક્ષિણા કરી જતા રહ્યા.

તે નાગ શાને માટે આવ્યા હતા? શ્રીપાદપ્રભુએ આમ શાથી કર્યું? આ વિશે શ્રીપાદપ્રભુને પૂછતાં તેઓએ કહ્યું:-

રાહુ ગ્રહનું બળ ન હોવાથી જીવોને અનેક સંકટોનો સામનો કરવો પડે છે અને જીવ કોઈ બંધનમાં આવી ગયા હોય તેવો અનુભવ થાય છે. આને જ કેટલોક લોકો કાલસર્પયોગ કહે છે. રાહુ સર્વ દેવતાઓના આદિ દેવતા છે. આ પ્રકારનાં સહન કરવા પડતાં સંકટોનું નિર્મૂલન કેવી રીતે કરવું તે કોઈ જાણતું નથી. પરંતુ હું તે સર્વ દોષ દૂર કરી જીવોને સુખસંતોષ મળે તેવી યોજના કરું છું.

અમે કુરુગડ્ડી ક્ષેમપૂર્વક આવી પહોંચ્યા. શ્રીપાદપ્રભુનું મંગળ દર્શન કર્યું. તેમણે અમને હાસ્ય વિલસિત ચહેરે આશીર્વાદ આપ્યા.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૨૧ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૨૨

ગુરુદત્ત ભટ્ટનો વૃત્તાંત

જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે ભક્તની જન્મપત્રિકામાં શુભ ફળ દેનાર એકમેવ શ્રીપાદપ્રભુ છે.

ગુરુચરણ, કૃષ્ણદાસ અને હું (શંકર ભટ્ટ) શ્રીપાદપ્રભુની સન્મુખ અદ્વિતીય આનંદસાગરમાં વિહાર કરતા હતા. ગુરુદત્ત નામના જ્યોતિષી શ્રીપાદપ્રભુના દર્શન માટે કુરુગડ્ડી આવ્યા હતા. શ્રીપાદપ્રભુએ તેમનું યથોચિત સન્માન કર્યું. એકાંત સ્થળે બેસી સત્સંગ કરો તેમ તેમણે આજ્ઞા કરી. અમારા વાર્તાલાપનો દોર જ્યોતિષશાસ્ત્ર તરફ લંબાયો. મેં (શંકર ભટ્ટે) ગુરુદત્ત નામના જ્યોતિષીને પૂછ્યું:- મહારાજ, જ્યોતિષશાસ્ત્રમાં કહેલું ફળ સાચે જ હોય છે? ફળમાં ફેરફાર કરી શકાય? માનવજીવનનાં પૂર્વકર્મો નિર્દેશિત હોય છે?

ગુરુદત્ત ભટ્ટે ખુલાસો કરતાં કહ્યું:- 'ભ' ચક્ર નક્ષત્ર કક્ષા છે. તેની શરૂઆત અશ્વિની નક્ષત્રથી થાય છે. આ નક્ષત્ર સ્થળ નિર્દેશ કરવા માટે ચૈત્ર પક્ષ છે. રૈવત પક્ષ નામની બીજી રીત છે. રેવતી નક્ષત્રના સ્થાન કરતાં આઠ કળા ઓછી હોવાથી આ રીત ગ્રાહ્ય નથી. અશ્વિની નક્ષત્ર ગોળ ઓળખવામાં અઘરું છે. પરંતુ, ૧૮૦ ઉપર રહેતા ચિત્રા નક્ષત્રનો એક જ ગોળ પ્રકાશવંત હોઈ તેમાં (૬)ની રાશિ ઉમેરતાં તે અશ્વિની થઈ ચૈત્ર પક્ષ તરીકે ગ્રાહ્ય ગણાય છે.

અશ્વિની નક્ષત્રની "તુરગ મુખાશ્વિની શ્રેણી" ત્રણ ગોળ તરીકે સ્પષ્ટ કરવામાં આવી છે. શ્રીપાદશ્રીવલ્લભે ચિત્રા નક્ષત્રમાં જન્મ લીધો તે માટે એક વિશેષ કારણ છે. ત્રણ ગોળ સહિતનું અશ્વિની નક્ષત્ર એટલે તેમનું સ્વરૂપ તે જ 'ભ' ચક્રનો

પ્રારંભ છે. તે જ તેમનું દત્તાત્રેય સ્વરૂપ છે. કલિયુગમાં તેમનો પ્રથમ અવતાર શ્રીપાદશ્રીવલ્લભનો છે. આ અશ્વિની નક્ષત્રની સીધી રેખામાં ૧૮૦° ઉપર રહેલું ચિત્રા નક્ષત્ર તેમનું જન્મ નક્ષત્ર છે. ૧૮૦° દૂર રહેનાર કોઈ પણ નક્ષત્ર અથવા ગ્રહ શક્તિ કેન્દ્રિત કરવાનું કાર્ય કરે છે. મનુષ્ય પૂર્વજન્મકૃત પ્રારબ્ધ અનુસાર (તે પ્રમાણે ફળ આપનાર) ગ્રહોની સ્થિતિ હોય તે સમયે જન્મ લે છે. ગ્રહોને મનુષ્ય પર પ્રેમ કે દ્વેષભાવના બિલકુલ હોતી નથી. તે ગ્રહોની સ્થિતિ દ્વારા નિર્માણ થયેલા વિવિધ કિરણોથી, વિવિધ સ્પંદનોથી તે તે સમયે, તે તે સ્થળે જે-તે વિશિષ્ટ જીવોને ઇષ્ટ કે અનિષ્ટ ફળ મળે છે.

અનિષ્ટ ફળના પરિણામને દૂર કરવા આપણે તે કિરણોને, સ્પંદનોને દૂર કરવાં ઘટે છે. તે નીચે કહેલા પ્રયત્નોથી કરી શકીએ.

(૧) મંત્ર-તંત્રથી (૨) ધ્યાન વડે (૩) પ્રાર્થનાથી (૪) યોગશક્તિની સહાયથી.

પૂર્વજન્મ કર્મ અત્યંત પ્રબળ હોય તો ઉપરનો કોઈ પણ પ્રયાસ કામમાં આવતો નથી. તેવી પરિસ્થિતિમાં શ્રીપાદપ્રભુ જ આપણી ભાગ્યરેખા બદલી શકે છે. આ રીતે આપણી ભાગ્યરેખા બદલવા અને સારી રીતે લખવા આપણે કોઈને કોઈ બીજા માટે સારું કામ (પરોપકાર) કરવું જોઈએ. સાધારણ પરિસ્થિતિમાં આ થવું મુશ્કેલ છે. સૃષ્ટિની ક્રિયાપદ્ધતિમાં અથવા કર્મદેવતાની ક્રિયા પદ્ધતિમાં શ્રીપાદપ્રભુ અનાવશ્યક દખલ કરતા નથી. ભક્તોની તીવ્રતા શ્રીપાદપ્રભુને હચમચાવી મૂકે છે અને યોગ્ય ઉપાય કહેવા પ્રેરિત કરે છે. શ્રીપાદપ્રભુના હૃદયમાંથી નીકળતા પ્રેમ, કરુણાના મહાપ્રભાવથી કર્મદેવતાની શક્તિ નિસ્તેજ થઈ જાય છે. કર્મનું સ્વરૂપ જડ છે. શ્રીપાદપ્રભુ એ ચૈતન્ય સ્વરૂપ છે. યોગ્ય સમયે તેઓ પ્રગટ થઈ તેમની ચૈતન્ય શક્તિની સમર્થતા પ્રદર્શિત કરે છે. આ તેમનો એકદમ સહજ ભાવ છે.

હું (ગુરુદત્ત) અજ્ઞાની દશામાં (અજાણતાં) પોતાને જ્યોતિષશાસ્ત્રનો મહાપંડિત સમજતો હતો. હું કર્ણાટક પ્રદેશમાંથી આવેલો હોવાથી મને તેલુગુ ભાષા અસ્ખલિત બોલતા આવડતી નહીં. મને સંસ્કૃત ભાષા સારી રીતે આવડતી. મારું મહદ્ ભાગ્ય કે

મને પીઠિકાપુરમ્માં આવવાનો સંધિયોગ પ્રાપ્ત થયો. શ્રીપાદશ્રીવલ્લભ વિશે કર્ણોપકર્ણ અનેક વાતો સાંભળી હતી. મારું કુળદૈવત દત્ત ભગવાન જ છે. હું પાદગયા ક્ષેત્રમાં પીઠિકાપુરમ્ નગરના કુક્કુટેશ્વર મંદિરમાં દર્શનાર્થ આવ્યો હતો. ભક્તિ શ્રદ્ધાયુક્ત અંતઃકરણથી ભગવાનનાં દર્શન કર્યાં.

તે સ્થળે હું ધ્યાનમાં બેઠો. ધ્યાનમાં મેં સ્પષ્ટ અંતર્વાણી સાંભળી. અરે મૂર્ખ, તને મરીને કેટલા દિવસ થયા? તું મારો ભક્ત છે એમ કહી મારી આરતી ઉતારી. પગ પર માથું મૂકે છે. પાદગયા ક્ષેત્રે મારા પગ પર માથું મૂકી બાધા પૂરી કરવાનો છે કે મારા પગ પર માથું પટકી મારું લોહી સૂકવીશ? આવા શબ્દો વારંવાર મને સંભળાયા.

હું મોટો જ્યોતિષી છું તેવું માનનારો હતો. મારા જ્ઞાન અનુસાર મેં મારી જન્મપત્રિકા બનાવી હતી. તે પત્રિકા અનુસાર જે દિવસે હું શરીર ત્યાગ કરવાનો છું તે દિવસે પાદગયા ક્ષેત્રે દત્ત ભગવાન સન્મુખ હોઈશ. મેં મારી નાડી તપાસી. નાડીમાં સ્પંદનો ન હતાં. હૃદય પર હાથ મૂક્યો તો તે પણ ચાલતું ન હતું. મેં હસતાં હસતાં મારો ચહેરો અરીસામાં જોયો. મારો ચહેરો મને ભયાનક દેખાવા લાગ્યો. મારે ગૌરવ લેવા જેવું કશું ન હતું. માણસ મૃત્યુ પામીને પ્રેતદશા ભોગવતો હોય અને જે વિકૃત ચહેરાથી પૈશાચિક હાસ્ય રેલાવતો હોય તેવો ચહેરો મને ભાસ્યો.

સ્વયંભૂ દત્તાત્રેય મંદિરના પૂજારીઓનું પણ મેં સૂક્ષ્મ શરીર જોયું. તેમના સૂક્ષ્મ વિકારોને પણ મેં અનુભવ્યા. મારામાં ખૂણેખાંચરે લપાઈ બેઠેલો વિવેક જાગ્રત થયો. શ્રીપાદશ્રીવલ્લભનાં દર્શન કર્યા સિવાય મારા દુર્ભાગ્યનો અંત આવવાનો નથી એમ મેં નક્કી કર્યું. દેવતા આનંદસ્વરૂપ હોય છે. તેઓ આનંદની સર્વોચ્ચ ટોચ પર હોય છે. મારી પરિસ્થિતિ ખૂબ જ દુઃખદાયક હતી. મારો જીવ અતિશય દુઃખી હતો. આત્મા શરીરનો ત્યાગ કરે પછી શરીરની બધી જ આધિ-વ્યાધિ-ઉપાધિનો અંત આવે છે. મારો આત્મા હજુ શરીર છોડીને ગયો ન હતો. જીવંત હોઉં તે પ્રમાણે નિર્બંધ સ્થિતિમાં હૃદય સ્પંદનોને શરીરમાં ભરીને શ્રી ગુરુદેવે મને અનામિક અવસ્થા પ્રદાન કરી હતી.

અત્યંત નીચ અને પાપી લોકોના કહેવાથી હું ફસાઈ ગયો હતો, તેની મને જાણ થઈ. પાષાણ સ્વરૂપના સ્વયંભૂ દત્તાત્રેય ભગવાને ઘંડીકોટાના ઘેર જન્મ લીધો હતો. પાષાણની મૂર્તિને નાડીસ્પંદન, હૃદયના સ્પંદન ક્યાં હોય છે? શ્રીપાદપ્રભુને તો નાડીસ્પંદનો અને હૃદયના સ્પંદનો છે ને? મહાલય અમાવાસ્યાનો દિવસ પિતૃદેવતાઓનો પરમ પવિત્ર દિવસ હોય છે. તે દિવસે કોઈ અવધૂત ભિક્ષા માગવા આવે છે અને તે સ્વીકારી જતા રહે છે. દત્તાત્રેય તેઓ જ હોય છે તેમ ત્યાંના લોકોનો મત છે. શ્રીપાદમહાપ્રભુ જ મલ્લાદિના (મેહુણા) સ્વરૂપમાં જન્મ્યા! આ કેટલું આશ્ચર્યકારક છે! શું આ વંચના! આવા વિકૃત વચનો સાંભળી હું સ્તબ્ધ થયો. તે નીચ માણસના વચનો યથાર્થ સમજી રત્નતુલ્ય શ્રીપાદપ્રભુથી હું દૂર થયો. આ પ્રમાણે મને અંતઃકરણપૂર્વક પશ્ચાત્તાપ થયો.

હું તરત જ શ્રીપાદપ્રભુને ઘેર દોડતો ગયો. દસ વર્ષની ઉંમર ધરાવતા શ્રીપાદપ્રભુ આંગણામાં આવ્યા. તેઓ ગુરુદત્તને જોઈ બોલ્યાઃ આવ, આવ, મૂર્ખ! જીવતો હોય તેમ નાટક કરે છે? મૃતવત્ તારા જેવા માનવરૂપી પિશાચને મારી કૃપાથી જ સદ્‌ગતિ પ્રાપ્ત થઈ શકે છે. તમે કરેલાં દુષ્કૃત્યોને લીધે રૌરવ આદિ નરકયાતના ભોગવતા તમારા પિતૃઓને સદ્‌ગતિ મળે તે માટે અવધૂતવેષ ધારણ કરી મહાલય અમાવાસ્યાના પવિત્ર દિવસે ભિક્ષા માગવા આવેલો. હું કોણ છું તેની તને ખબર છે? પેલા દત્તાત્રેય કોણ તેની જાણ છે? તે દત્તાત્રેય હું જ છું. જેમનું ફક્ત નામ લેવાથી રાક્ષસ, પિશાચગણો થરથર ધ્રૂજવા લાગે છે, તે દત્તાત્રેય હું જ છું.

તારું હું પથ્થરમાં રૂપાંતર કરી શકું છું. તને હું ભૂખ્યો રાખી શકું છું અને તારા પ્રાણ પણ લઈ શકું છું. તું જીવતો હોય તેમ દેખાતો હોવા છતાં, તું મૃતવત્ જ છે. તું જીવતો હોવાનું નાટક કરી શકે છે. હું દત્ત છું કે નહીં તેનો વિચાર આપણે પછી કરીશું. પ્રથમ તું તારા વિશે કહે, શ્રીપાદપ્રભુનું વક્તવ્ય સાંભળી હું (ગુરુદત્ત ભટ્ટ) ગલિતાભિમાન થઈ ધ્રૂજવા લાગ્યો. એટલામાં સુમતિ મહારાણી આંગણામાં આવ્યાં. તે બોલ્યાઃ- "હે કૃષ્ણ કનૈયા (જેવા શ્રીપાદ), આ પ્રેતલક્ષણો ધરાવતો અઘોરી

જેવો માણસ કોણ છે? તું અંદર આવ, તારી નજર ઊતારું છું." શ્રીપાદપ્રભુએ જવાબ આપ્યોઃ- "માતાજી, આ હજુ અઘોરી થયો નથી. પરંતુ, તેનો આગામી જન્મ શબને ઊઠાવનારનો થનાર છે. જન્મ પૂર્વે તે મારાં દર્શને આવ્યો છે. આપણા ઘેર વઘેલો ભાત આને ખાવા માટે આપ."

શ્રીપાદપ્રભુની માતાએ ઘેર વઘેલો ભાત લાવી આપ્યો. શ્રીપાદે તે ગુરુદત્ત ભટ્ટને આપ્યો અને જમીને તરત નીકળી જવા કહ્યું. ગુરુદત્ત ભટ્ટે તે ભાત લઈને કુક્કુટેશ્વર મંદિરની સામેની ખુલ્લી જગ્યામાં બેસીને ખાધો. ભાતને આરોગતાંની સાથે જ તેની દુરાવસ્થા નાશ પામી. તે ફરી શ્રીપાદનાં દર્શન કરવા આવ્યો. તે સમયે વેંકટપૈય્યા શ્રેષ્ઠી શ્રીપાદને લઈ દુકાનમાં ગયા હતા. શ્રીપાદપ્રભુ પૈસા ગણી તિજોરીમાં મૂકતા હતા. વેંકટપૈય્યા શ્રેષ્ઠી ગ્રાહકોને ચોખા, જુવાર ઇત્યાદિ તોલીને આપતા હતા.

શ્રીપાદે વેંકટપૈય્યા શ્રેષ્ઠીને પૂછ્યુંઃ- દાદાજી, આજે દશમી છે. મારા પિતાશ્રીને કેટલી દક્ષિણા આપશો? વેંકટપૈય્યા શ્રેષ્ઠીએ જવાબમાં કહ્યુંઃ- આપણા બંનેમાં કોઈ ભેદ નથી. તને જે જોઈએ તે તું લે. મને જોઈતું તું મને આપ. આ દૃશ્ય કેવું મનોહર હતું તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. શ્રીપાદપ્રભુએ એક ગોળનો ગાંગડો મોઢામાં મૂક્યો અને એક ગાંગડો વેંકટપૈય્યા શ્રેષ્ઠીને પ્રસાદ તરીકે આપ્યો.

શ્રીપાદપ્રભુએ કહ્યુંઃ- આજે મારી ગણેશપૂજા થઈ ગઈ. ગણેશે ગોળનો ગાંગડો મોંમાં મૂકી નૈવેદ્ય સ્વીકાર્યું. તમને ખોટું લાગતું હોય તો મારા મોંમાં જુઓ. આમ કહી શ્રીપાદે વેંકટપૈય્યા શ્રેષ્ઠીને મોં પહોળું કરી દેખાડ્યું. તે મુખમાં વેંકટપૈય્યા શ્રેષ્ઠીને કયું રૂપ દેખાયું તે વેંકટપૈય્યા શ્રેષ્ઠી જ જાણે! તેમણે તે અંગે કોઈને પણ કહ્યું નથી. તેમણે શ્રીપાદને કહ્યુંઃ- છબીલા, શ્રીપાદ, ગણેશને જ્યારે ભૂખ લાગે ત્યારે અમને ન પૂછતાં જોઈએ તેટલા ગોળનું નૈવેદ્ય નિઃસંકોચ ધરાવજે. તેટલામાં અખંડ સૌભાગ્યવતી વેંકટસુબમ્મા ત્યાં આવ્યાં. તેઓ શ્રીપાદને અભ્યંગ સ્નાન માટે લઈ ગયાં.

હે શંકર ભટ્ટ, દુષ્ટ લોકોના કહેવાથી હું (ગુરુદત્ત ભટ્ટ) અધોગતિ પામી અઘોરી જન્મ મેળવી દુર્ભાગી થવાનો હતો. પરંતુ,

શ્રીપાદપ્રભુએ તેમાંથી મારું રક્ષણ કર્યું. મને ફક્ત મુક્ત કર્યો હોત, મારા પર કૃપાદૃષ્ટિ થઈ ના હોત તો મારું પતન થયું હોત. સદ્‌ગુરુના આપણા પ્રત્યેના નિઃસ્વાર્થ પ્રેમને લીધે આપણા પૂર્વજન્મના કર્મફળથી સંપૂર્ણ છોડાવે છે. આ માટે તેઓ પોતાનો અમૂલ્ય સમય અને શક્તિ ખર્ચ કરે છે. શ્રીપાદપ્રભુની જન્મપત્રિકા સાંધ્ર સિંધુવેદમાં જોઈ શકાય છે. શ્રીપાદપ્રભુને ઘેર તેલુગુ ભાષા સાથે સંસ્કૃત ભાષા પણ બોલાતી. હિમાલયની પવિત્ર ભૂમિ પર જે ભાષા બોલાતી, તે ભાષામાં શ્રીપાદપ્રભુ, અપ્પલરાજ શર્મા, બાપન્નાચાર્યુલુ સંભાષણ કરતા.

સંબલ પ્રાંતમાં બોલાતી ભાષા સંસ્કૃત કરતા જુદી પડતી. તે ભાષાનું માધુર્ય અને સરળતા વર્ણનાતીત હતી. આ ભાષા પીઠિકાપુરમ્‌માં ફક્ત શ્રીપાદપ્રભુ, બાપન્નાચાર્ય, અપ્પલરાજ શર્માને જ બોલતાં આવડતી. સત્યઋષીશ્વર નામના એક વિદ્વાન ગૃહસ્થ બાપન્નાચાર્ય સાથે હતા ત્યારે શ્રીપાદે કહ્યું:- દાદાજી, શ્રીકૃષ્ણ સત્ય અથવા અસત્ય કશું બોલતા નહીં. તેમનું વક્તવ્ય કેવળ કર્તવ્યબોધક રહેલું. તે વિશે બાપન્નાચાર્યે કહ્યું:- કનૈયા (શ્રીપાદ), હંમેશાં સત્ય જ બોલવું. નામ માત્ર પણ અસત્ય ન બોલવું. આ સાંભળી શ્રીપાદપ્રભુએ મંદ હાસ્ય કર્યું.

તે દિવસે બાપન્નાચાર્યને ઘેર વેંકટસુબય્યા શ્રેષ્ઠી આવ્યા હતા. તેમની અંતરની એક ઈચ્છા હતી કે બાપન્નાચાર્યે તેમના ઘેર ભોજન કરી દક્ષિણા સ્વીકારવી. તે દિવસ મહાલય પખવાડિયાનો એક દિવસ નક્કી કરવો જેથી પિતૃઓ સંતોષ પામે. તેમની આ સદ્‌ઈચ્છા બાપન્નાચાર્ય પૂર્ણ કરશે કે નહીં તે વિશે તેમને શંકા હતી. આથી વેંકટપૈય્યા શ્રેષ્ઠીએ શ્રીપાદ સમક્ષ નતમસ્તક થઈ બાપન્નાચાર્ય સામે પોતાની ઈચ્છા પ્રગટ કરી. બાપન્નાચાર્યે મહાલયમાં શ્રેષ્ઠીના ઘેર ભોજન કરી દક્ષિણા સ્વીકારવા અનુમતિ આપી. આપેલી સંમતિથી શ્રેષ્ઠીને અપાર આનંદ થયો.

: શ્રીપાદપ્રભુ ચમત્કારી હતા :

મહાલય (શ્રાદ્ધપક્ષ)માં ભોજનનું આમંત્રણ સ્વીકારનાર બાપન્નાચાર્ય અને આમંત્રણ આપનાર વેંકટપૈય્યા શ્રેષ્ઠી

તે વાતને ભૂલી ગયા. મહાલય અમાસનો મધ્યાહ્ને દિવસ આવ્યો. શ્રેષ્ઠી બાપન્નાચાર્યને ઘેર આવ્યા. શ્રીપાદે મંદ હાસ્ય કરી કહ્યું:- વાણીથી વચન આપવું નહીં અને આપીએ તો તેનું અવશ્ય પાલન કરવું. વાગ્દાન (વચન) આપવું અને તેને ભૂલી જવું તે મહાપાપ છે. તમને બંનેને હું યાદ કરાવી આપું છું. તે જ સમયે વેંકટપૈય્યા શ્રેષ્ઠી અને બાપન્નાચાર્ય બંનેને પોતાની ભૂલ ધ્યાનમાં આવી. જીવોને યાદ કરાવવાની કળા શ્રીપાદ પ્રભુને સારી રીતે હસ્તગત હતી. તેઓ સર્વ બાબતોમાં સમર્થ હતા.

વેંકટપૈય્યા શ્રેષ્ઠી અને બાપન્નાચાર્ય બંનેને સાવધ કરતાં શ્રીપાદપ્રભુ બોલ્યા:- તમને વિસ્મૃતિ આપવામાં મારો એક હેતુ છે. પ્રત્યેક માનવીમાં હું, હું કર્તાપણાની ભાવના રાખનારું ચૈતન્યરૂપ છે. પ્રત્યેક જીવ પોતાના માતા-પિતા પાસેથી ફક્ત શરીર જ નહીં પરંતુ "હું"કારથી વ્યાપ્ત ચૈતન્યની વિશ્વપ્રણાલિકાને પાર પાડવા કોઈ ને કોઈ જવાબદારીવાળું કર્મ હોય છે જ. પિતા પાસેથી પુત્રને, પુત્ર દ્વારા તેના પુત્રને- આમ પરંપરાગત બંધન દરેકને હોય છે. ગૃહસ્થાશ્રમ છોડીને સંન્યાસ્તાશ્રમ સ્વીકાર્યા પછી જ આ કર્મબંધનમાંથી છૂટી શકાય છે.

આજે કરેલું વાગ્દાન તમારા બંનેમાં પરિમિત થઈ નામરૂપાત્મક, આ જન્મ પછી તમારા બંનેમાં સમાપ્ત થશે એમ નથી. તે બૃહદાકાર (મોટું સ્વરૂપ)માં રહેલા "હું"ના ચૈતન્યમાં પરિવર્તિત થવાથી કોઈ પણ એક (પ્ર)દેશમાં કોઈ એક સમયે બાપન્નાચાર્ય વંશની એકાદ વ્યક્તિ, વેંકટપૈય્યા શ્રેષ્ઠી વંશની કોઈ એક વ્યક્તિના ઘેર મહાલય (શ્રાદ્ધ) પક્ષમાં ભોજન કરી દક્ષિણા સ્વીકારશે. તે ક્યારે, કેવી રીતે, કઈ રીતે સ્વીકારશે તે વિશે મને પૂછશો નહીં. કારણ કે કર્મસ્વરૂપ ખૂબ જ સંદિગ્ધ હોય છે. સૂક્ષ્મ હોય છે. કેટલાક કર્મમાં ભૌતિક કાળ, યોગ કાળ એમ જુદો હોય છે. ભૌતિક કાળની દૃષ્ટિએ મહાલય પક્ષમાં જ આ કર્મ કરીને સમાપ્ત કરવું પડે છે. યોગ્ય કાળ ન મળે તો તે કર્મ કરીને સમાપ્ત કરવું પડે છે. યોગ્ય કાળ ન મળે તો તે કર્મ વિલંબથી થવા દૂર ધકેલાય છે.

ગુરુદત્ત ભટ્ટની અટપટી વાતો સાંભળી શંકર ભટ્ટે શંકાનિરસન માટે પૂછ્યું:- હે ગુરુદત્ત ભટ્ટ, ભૌતિક કાળ અને યોગ કાળ

એટલે શું? તેનું વિવરણ કરીને સમજાવો. ગુરુદત્તે સમજ પાડતાં કહ્યું:- ભૌતિક કાળ, ભૌતિક દેશ, માનસિક કાળ, માનસિક દશા તેવી જ રીતે યોગકાળ અને યોગદેશની ઉંમર છથી દસ વર્ષની હોય છે. તે હંમેશાં સોળ વર્ષની કિશોર અવસ્થાનો કાળ સાઈઠ વર્ષનો નક્કી કરેલો છે. તે શરીર સાથે સંબંધ ધરાવે છે.

તેનો માનસિક કાળ વીસ વર્ષ નિર્ધારિત કર્યો છે. વીસ વર્ષના યુવકને સાઈઠ વર્ષની ઉંમરવાળા વૃદ્ધનું વજન હોય છે. જવાબદારીઓ હોય તો તેમનો કાળ વીસ વર્ષનો હોય છે. તે શરીર સાથે સંબંધ ધરાવે છે. તેનો માનસિક કાળ સાઈઠ વર્ષ છે. આ પ્રમાણે ભૌતિક કાળ અને માનસિક કાળ એક જ કાળમાં મળી આવે તેવો કોઈ નિયમ નથી. તે જુદો જુદો હોઈ શકે છે.

: કાશીમાં અથવા પીઠિકાપુરમ્માં નિવાસ કરવાથી તાપત્રયમાંથી છુટકારો :
(કાશીનિવાસનું તેમજ પીઠાપુરનિવાસનું ફળ)

શ્રીપાદપ્રભુએ કહ્યું:- હું કાલાતીત છું. જે ભક્તને કાશીમાં નિવાસ કરવાની ઈચ્છા છે અને આંતરિક તીવ્રતા છે તેમને કાશીનિવાસની પ્રાપ્તિ થાય છે. ભૌતિક દૃષ્ટિએ તે કોઈ પણ પ્રદેશમાં રહેતો હોય પણ માનસિક દૃષ્ટિએ તેનો નિવાસ કાશીમાં જ હોય છે. ભૌતિક દૃષ્ટિએ કાશીમાં રહીને ગોહત્યા કરનારને કાશીનિવાસનું ફળ મળતું નથી. જે રીતે ગંગાજળમાં માછલીનું ધ્યાન ધરતા બગલાને ગંગાસ્નાનનું પુણ્ય મળતું નથી. એકાદ સાધક ભૌતિક રીતે પીઠિકાપુરમ્માં રહેતો હોય તો શ્રીપાદપ્રભુનો ભક્ત કહેવાય નહીં. યોગકાળ અને યોગદેશ આધ્યાત્મિક શક્તિસંપન્ન વ્યક્તિ જ જાણી શકે છે. શ્રીપાદપ્રભુનો અનુગ્રહ કોને અને ક્યારે મળશે, કયા દેશમાં મળશે તે એક ન સમજાનારું ગૂઢ રહસ્ય છે. માનવને ફક્ત કર્મ કરવાનો જ અધિકાર છે.

દેહ એક ક્ષેત્ર છે; તેમાં જો મન ન હોય તો તેને ક્ષેત્રવાસનું ફળ મળશે નહીં.

સત્કર્મ કરવાથી સુખ અને દુષ્કર્મ કરવાથી દુઃખ પ્રાપ્ત થવું એ અનિવાર્ય છે. પૂર્વજન્મનું બંધન આપણો પીછો કરે છે. સદ્‌ગુરુની કૃપાને લીધે આપણે મુક્ત થઈએ છીએ. કાળ સારો ન હોય તો કોઈ પણ દેશમાં હોઈએ તો પણ કર્મફળને ટાળી શકતા નથી. આ અત્યંજને સમજાય તેવો વિષય છે.

પીઠિકાપુરમ્‌માં નરસિંહ વર્માના ઘેર એક સેવક હતો. તેનું નામ શિવય્યા હતું. એક દિવસ શ્રીપાદપ્રભુને તેણે જોયા. ત્વરિત તેની મનોવૃત્તિમાં પરિવર્તન આવ્યું. તેણે આહાર અને નિદ્રાનો ત્યાગ કર્યો અને અસંબદ્ધ બકવાસ શરૂ કર્યો. "હું સૃષ્ટિ, સ્થિતિ અને લયને માટે કારણભૂત છું. હું જ સર્વ સૃષ્ટિનું આદિમૂળ છું. આ સૃષ્ટિ મારાથી જ ઉત્પન્ન થઈ છે. મારા લીધે જ તે વૃદ્ધિ પામે છે અને મારામાં જ લય પામે છે."

નરસિંહ વર્માને શિવય્યાની અત્યંત દયા આવી. તેમણે શ્રીપાદને વિનંતી કરી કે શિવય્યાની રક્ષા કરો. શ્રીપાદપ્રભુ શિવય્યાને સ્મશાનમાં લઈ ગયા. તેમની સાથે નરસિંહ વર્મા પણ હતા. ઔદુંબર ઝાડની સૂકાઈ ગયેલી ડાળીને શ્રીપાદપ્રભુએ સ્મશાનમાં દહન કરાવી. તે ક્રિયાથી શિવય્યાની મનોવૃત્તિમાં પરિવર્તન આવ્યું. નરસિંહ વર્માને આ બધું અત્યંત આશ્ચર્યકારક લાગ્યું. શ્રીપાદપ્રભુએ કહ્યું:- દાદાજી, તેમાં આશ્ચર્ય પામવાની કોઈ જરૂર નથી.

વાયસપુર ગામમાં એક પંડિત મારા પર મિથ્યા આરોપ કરતો હતો. તે વારંવાર કહેતો કે વેદસ્વરૂપ પરમેશ્વર ક્યાં અને નાની ઉંમરનો શ્રીપાદ ક્યાં? તે (શ્રીપાદ) કહે છે કે સૃષ્ટિ, સ્થિતિ અને લયનો કારક છે! તે પોતાને આદિમૂળ તરીકે ઓળખાવે છે. આ બધું જ ખોટું છે. થોડા જ દિવસોમાં તે પંડિત મરણ પામ્યો અને પોતાના કર્મોને લીધે બ્રહ્મરાક્ષસ થયો. એક જન્મમાં આ શિવય્યા તે પંડિતનો અલ્પઋણી હતો. મેં યોગકાળ કલ્પીને સ્મશાનમાં યોગદેશ નિર્માણ કરી યોગકર્મથી સૂકાઈ ગયેલી ડાળીનું દહન કરી બ્રહ્મરાક્ષસ તત્ત્વમાંથી પંડિતને મુક્તિ આપી. આપણા શિવય્યાને તે બ્રહ્મરાક્ષસના પંજામાંથી છોડાવ્યો.

હે શંકર ભટ્ટ, પીઠિકાપુરમ્‌ ક્ષેત્રે અવતરેલા આ મહાતેજસ્વી અને ધર્મજ્યોતિસ્વરૂપ શ્રીપાદપ્રભુએ કુરુગડ્ડી આવી આ ક્ષેત્રને

પવિત્ર કર્યું. શ્રીપાદપ્રભુના મહા સંકલ્પથી ગ્રહોનું ફલિત નક્કી કરવામાં આવે છે. કોઈ પણ પ્રકારના જ્યોતિષ ફળને નિર્ધારિત કરેલો ભૌતિક કાળ અને ભૌતિક નિયમ હોતા નથી. તે યોગકાળ જોઈ યોગદેશ જોઈને તેનો નિર્ણય થાય છે.

શ્રીપાદે અનુગ્રહિત કરેલા પ્રારબ્ધ કર્મ- મરણથી બચી શકાય છે. શ્રીપાદે કલ્પના કરેલા જ્યોતિષ શાસ્ત્ર અનુસાર એક હજાર વર્ષ પછી ઘટનાર ઘટના તેઓ અત્યારે જ ઘટે તેમ કરી શકે છે. આથી યોગકાળ તે જ નક્કી કરે છે. દૂર બનનારી ઘટના તેઓ પોતાની સમીપ ઘટે તેમ કરી શકે છે. શ્રીપાદ દેશ-કાળને તેમની ઈચ્છા પ્રમાણે બદલી શકે છે. એક દિવસ શ્રેષ્ઠીના ભગવાનને શ્રીફળ વધેરતી વખતે શ્રીપાદે તે જાતે વધેર્યું. તે શ્રીફળના તેમણે ટુકડેટુકડા કર્યા. શ્રીપાદે કહ્યું:- દાદાજી, આજે તમારો મૃત્યુયોગ હતો. પરંતુ શ્રીફળના ટુકડેટુકડા કરી તે મૃત્યુયોગ આઘો રાખ્યો.

સાયંસંધ્યાનો સમય થયો. શ્રીપાદપ્રભુની આજ્ઞા લઈ કુરુગડ્ડીથી વિદાય લઈ અમે કૃષ્ણા કથવલ્લી (ઓઢા) તરફ વળ્યાં.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૨૨ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૨૩

શિવયોગી ભક્તમહિમા- શિવપૂજા રહસ્ય વિવરણ

હું અને કૃષ્ણા યુવલ ગામથી બહુ કુરવપુર પ્રયાણ કરતા, ધર્મગુપ્ત નામના સદ્‌વેષધારી ગૃહસ્થ અમને મળ્યા. તેઓ પણ શ્રીપાદપ્રભુના દર્શનાર્થ કુરુગડ્ડી નીકળ્યા હતા. તેઓ સદ્‌ભાગ્યે, પીઠિકાપુરમ્‌નિવાસી વેંકટપૈય્યા શ્રેષ્ઠીના નજીકના સગા હતા. મને એક વાતનું આશ્ચર્ય હતું કે મને મળનાર મોટા ભાગના શ્રીપાદપ્રભુના ભક્તો હતા. તે ભક્તો જ મને શ્રીપાદપ્રભુની દિવ્ય લીલાનો કથાભાગ કહેતા. આની પાછળ કોઈ વિશેષ હેતુ હોવો જોઈએ તેમ મને લાગ્યું. શ્રીપાદપ્રભુનું ચરિત્ર લખવાનું શરૂ કરીને એક એક વર્ષ થાય એટલે મને પ્રાપ્ત માહિતીનો પૂર્વ ઈતિહાસ આપમેળે આ પ્રમાણે પ્રત્યક્ષ ભક્તોની મુલાકાત દ્વારા મળતો. તેમાં એક પ્રસંગની સાથે બીજા પ્રસંગનો સંબંધ ખૂબ જ અલ્પ રહેતો. અત્યાર સુધી મને શ્રીપાદપ્રભુની ઉંમરના દશ વર્ષ સુધીના પ્રસંગો જ જાણમાં હતા. તે બધી જ લીલાઓ ક્રમબદ્ધ રીતે મને જાણવા મળી હતી. મને મનમાં થયું:- શ્રીપાદપ્રભુના અગિયારમા વર્ષની લીલા મને જાણવા મળશે?

શ્રીપાદપ્રભુ દરેક ક્ષણે લીલાવિહારી છે. શ્રી ધર્મગુપ્તે કહ્યું:- હે શંકર ભટ્ટ, હું શિવભક્ત છું. શ્રીપાદ અગિયાર વર્ષના થયા ત્યારે તેમને ઘેર એક શિવયોગી આવ્યા. શિવયોગી વિદ્વાન હતા. તેઓ ફક્ત કરતલ ભિક્ષા જ ગ્રહણ કરતા. તે પોતાની પાસે ઝોળી, વાસણ, થાળી એવું કશું જ રાખતા નહીં. તે દેખાવમાં એક ગાંડા માણસની જેમ દેખાતા હતા. તે યોગી એક દિવસ કુક્કુટેશ્વર મંદિર પાસે આવ્યા. તેમનાં ધૂળથી ખરડાયેલાં કપડાં તેમજ વિચિત્ર બોલવું સાંભળી મંદિરના પૂજારીઓએ તેમને

મંદિરમાં આવવા દીધા નહીં. તે દેહભાન રહિત અવધૂત હતા. તે સતત "ॐ નમઃ શિવાય" એ શિવપંચાક્ષરી મંત્રનો જપ કરતા હતા.

હું, મારા બનેવી, વેંકટપૈય્યા શ્રેષ્ઠીને ઘેર ઘોડા પર બેસીને જતા હતા. રસ્તામાં આવતા કુક્કુટેશ્વર મંદિરમાં જઈ દર્શન કરવાની મારી ટેવ હતી. હું વૈશ્ય પ્રમુખ હોવાથી મંદિરના પૂજારીઓએ મારા નામથી મહાપૂજાનું આયોજન કર્યું. પૂજારીઓને સારી એવી દક્ષિણા આપવાની મારી ટેવ હતી. મેં પાંચ વરાદ (ત્યાંનું નાણું) દક્ષિણા તરીકે આપ્યા. પૂજારીઓએ તે દક્ષિણા અંદરોઅંદર વહેંચી લીધી. મંદિરના પૂજારીઓએ મને તેમની નબળી આર્થિક પરિસ્થિતિ વિશે જણાવ્યું અને સનાતનધર્મના રક્ષણ માટે મારા જેવા સદાચારી ભક્તની જરૂર છે તેમ તેમણે જણાવ્યું.

તેટલામાં તે શિવયોગી મંદિરમાં આવ્યા. તેમની સાથે બે નાગ પણ હતા. ઝેરી નાગને જોઈ પૂજારીઓ તો ગભરાઈ ગયા. શિવયોગીએ કહ્યું:- પૂજારીઓ, તમે ડરશો નહીં. આ નાગ એ શિવનાં આભૂષણો છે. પુત્ર જે પ્રમાણે પોતાના પિતાને આલિંગન આપે છે તેવી જ રીતે આ બંને નાગ પિતા સમાન કુક્કુટેશ્વરને આલિંગન આપવા આતુર થયા છે. તેઓ આપણા સ્નેહી છે, આપણા સ્નેહીથી ભય પામવું અથવા પલાયન કરવું એ મહાપાપ છે. પૂજા કરનારે ઉત્તમ પૂજા કરવાથી નાગ આકર્ષિત થયા છે. નાગભૂષણ કુક્કુટેશ્વરની આપણે મનપૂર્વક અને અધિક શ્રદ્ધાથી પૂજા કરવી જોઈએ. રુદ્રાધ્યાયના નમક અને ચમક સુસ્વરમાં ગાઈ, તાલ સ્વરયુક્ત શિવનાં ભજનો ગાવાં જોઈએ.

પૂજા કરાવનાર પૂજારી (સ્વામી) ત્યાં જ હાજર હતા. મંદિરમાં આવનાર ભક્તગણોમાં કેટલાક ધનવાન હતા તો કેટલાક સાધારણ આર્થિક સ્થિતિના ભક્તો હતા. વિશેષ ધન, દાન આપનાર ભક્તો સાથે પૂજા કરાવનાર પૂજારી વિશેષ આત્મીયતાથી વાતો કરતા. પૂજારીઓમાં પીઠિકાપુરમ્‌ના સૂર્યચંદ્ર શાસ્ત્રી નામના એક અનુષ્ઠાનશીલ પંડિત હતા. તેમને શ્રીપાદપ્રભુ પ્રત્યે વિશેષ પ્રેમ, ભક્તિ હતાં. તેમણે શ્રીપાદપ્રભુનું સ્મરણ કરી તાલબદ્ધ સ્વરે નમક-ચમક આલાપાદિ સહિત ગાવાની શરૂઆત કરી. શિવયોગી સાથે આવેલા બંને નાગ પણ ગાયનથી સંતુષ્ટ થઈ પોતાની ફેણ હલાવી પોતાનો આનંદ વ્યક્ત કરતા હતા.

સૂર્યચંદ્ર શાસ્ત્રી શિવયોગીને બાપન્નાચાર્યને ઘેર લઈ આવ્યા. ત્યાં તેઓ તૃપ્ત થયા ત્યાં સુધી ભોજન કરાવવામાં આવ્યું અને પછી તેમને શ્રીપાદપ્રભુનાં દર્શન કરાવ્યાં. શ્રીપાદપ્રભુએ તેમને શિવશક્તિ સ્વરૂપમાં દર્શન આપ્યાં. તે દિવ્ય દર્શનથી તે શિવયોગીને એટલો આનંદ થયો કે તેમને સમાધિદશા પ્રાપ્ત થઈ. સમાધિઅવસ્થામાં શિવયોગી ત્રણ દિવસ રહ્યા. સમાધિમાંથી જાગ્યા પછી શ્રીપાદપ્રભુએ તેમને પોતાના દિવ્ય હસ્તથી ભોજન કરાવ્યું.

શ્રીપાદપ્રભુએ જ્ઞાનબોધ વહેવડાવતાં કહ્યું:- વત્સ, સનાતનધર્મમાં નિર્દેશિત કરેલા માર્ગે પોતાનું જીવન વ્યતીત કરી સંસાર તરી જા. પુરાણોમાં વિષયોની કલ્પના અથવા અસત્ય જેવું કશું નથી. તેનો સામાન્ય અર્થ જુદો હોય છે અને ગૂઢ રહસ્યાત્મક અર્થ કાંઈ જુદો જ હોય છે. અનુષ્ઠાન કરનાર સાધકોને તેનો ભેદ, અર્થ અને ગૂઢ રહસ્ય અંતઃકરણમાં સ્ફૂરે છે.

પંચમહાભૂતોના જાણકારોને ચંદ્ર-સૂર્યમાં, સૂર્ય પરમાત્માનું પ્રતીક અને ચંદ્ર એ મનનું પ્રતીક લાગે છે. ચિત્સ્વરૂપ તેજસ મનોરૂપ હોનારા ચંદ્ર સિવાય સૃષ્ટિકાર્ય ચાલતું નથી તેમ લાગે છે. અમાવાસ્યા માયાનું પ્રતીક છે. પૂર્વે આ માયા વસુગુલ નામની કળાથી જન્મતી હતી. ચંદ્રબિંબમાં કળાનો પ્રવેશ થયા પછી તેમાં જ તેનો લય થાય છે. જે પ્રકારે માયા પરમેશ્વર તેજ લઈ મનરૂપી ચંદ્રમાં ફેલાય છે તે જ પ્રકારે ચંદ્રમાં સૂર્યનાં કિરણો સમાવિષ્ટ થાય છે.

માયા હોય કે અમાવાસ્યા હોય તેમના જડસ્વરૂપને લીધે તેમનાથી નિર્માણ થયેલું જગત તેમના ચિરકાળના સાંનિધ્યથી ચિત્ર જડાત્મક છે. વસંતઋતુ જે પ્રમાણે સૃષ્ટિના ફળફૂલની ઉત્પત્તિ માટે કારણભૂત હોય છે તે જ રીતે સ્ત્રી પણ શિશુના જન્મ માટે કારણભૂત હોય છે.

મૃત્યુલોકમાં જીવને જન્મ-મૃત્યુ હોય છે. પાતાળલોકમાં સૂર્યકાંતિને લીધે કાંતિવાન દેખાનાર લોકો વૃષ્ણ નામથી ઓળખાય છે. સપ્ત પાતાળમાં વેદોના અધિષ્ઠાત્ર દેવતા હોય છે. મનનું જે સ્થળે નિવાસસ્થાન હોય છે તે ભૂમિ સપ્ત પાતાળ તરીકે ઓળખાય છે. તેનો અગ્નિ આદિ દેવતા છે. તે આઠ દેવતા અષ્ટવસુ તરીકે ઓળખાય છે. સૂર્યકાંતિને લીધે શોભાયમાન

દેવતાઓ વસુ નામથી ઓળખાય છે. બ્રહ્મશિલા નગરની શ્રીપાદ પ્રભુની બહેનના "વાસવી" નામનું ગૂઢ રહસ્ય છે. આ અષ્ટ ગોલકની વચ્ચે રહેતા વાયુસ્કંદને સપ્ત સમુદ્ર એવું નામ છે. સામાન્ય લોકો આ સપ્ત સમુદ્રને જળસ્વરૂપ સમજે છે પરંતુ તે સાચું નથી.

: શિવમહિમા: આંધ્રપ્રદેશમાં આવેલા અગિયાર શિવક્ષેત્ર અને તેનું સ્વરૂપ :

શિવ એકાદશ રુદ્રસ્વરૂપ છે. આંધ્રપ્રદેશમાં અગિયાર શિવક્ષેત્ર છે. તે ક્ષેત્રનાં દર્શન કરવાથી મોટું ફળ મળે છે. તે ક્ષેત્રોનાં નામ આ પ્રમાણે છે.

(૧) બૃહત્શિલાનગરનું નગરેશ્વર
(૨) શ્રીશૈલ પર્વત પરનું મલ્લિકાર્જુન
(૩) દ્રાક્ષારામમ્માં આવેલું ભીમેશ્વર
(૪) ક્ષીરારામમાં આવેલું રામલિંગેશ્વર
(૫) અમરાવતી સ્થળે આવેલું અમરલિંગેશ્વર
(૬) કોટી ફલીક્ષેત્રમાં આવેલું કોટી ફલેશ્વર
(૭) પીઠિકાપુરમ્માં આવેલું કુક્કુટેશ્વર
(૮) મહાનંદીમાં આવેલું મહાનંદીશ્વર
(૯) કાળેશ્વરમાં આવેલું કાળેશ્વર
(૧૦) કાલહસ્તીમાં આવેલું કાલહસ્તીશ્વર
(૧૧) ત્રિપુરાંતકમાં આવેલું ત્રિપુરાંતકેશ્વર

શિવની મૂર્તિ પૂજા માટે ક્યાંય હોતી નથી. શિવલિંગ આત્મામાં વિલસતું જ્યોતિસ્વરૂપ છે. સિદ્ધિ પ્રાપ્ત થયા પછી નિર્મલ મનરૂપી નિર્મળતા એટલે જ "સ્ફટિક લિંગ" છે. આપણા શરીરમાં (માથામાં) સ્થિત મગજને જ્ઞાન મેળવી આપવામાં સહકાર્ય કરનાર રુદ્ર છે. ગરદનથી નાડીરૂપે ગરદન નીચે ફેલાયેલી નાડીઓને રુદ્રજટા કહે છે. શિવનું હઠયોગીસ્વરૂપ લકુલીશ્વર છે.

શિવપ્રભુ ભિક્ષાટન કરી જીવોના પાપકર્મ હરી લે છે. આ સૃષ્ટિમાં તાલબદ્ધ રહેતી સર્જન, સ્થિતિ અને લય, અને તેના મહાસ્પંદન શિવના આનંદતાંડવને લીધે સુવ્યવસ્થિત ચાલે છે. માટે શિવ નટરાજ તરીકે ઓળખાય છે.

શિવ પરમ આનંદદાયક હોઈ તે પોતાના અનન્ય ભક્તોને મોક્ષસિદ્ધિ પ્રદાન કરે છે. ચિત્ત એટલે મન અને અંબર એટલે આકાશ. આકાશરૂપમાં હોય તે ચિદંબર (ચિત્ + અંબર = ચિદંબર) છે. તમે જોઈ રહેલા આ વિશાળ વિશ્વમાં રોદસી રૂપમાં રુદ્રસ્વરૂપ જ છે. દ્વાદશ જ્યોતિર્લિંગમાં રાશીચક્રની બાર રાશીઓનું પ્રતીક હોવાથી શિવ એ કાળસ્વરૂપ છે. આઠ દિશામાં જે અષ્ટમૂર્તિ છે તે ચિદાકાશ સ્વરૂપ જ છે.

પંચમહાભૂતો શિવનાં પાંચ મુખ છે. પંચ જ્ઞાનેન્દ્રિય, પંચ કર્મેન્દ્રિય અને મન સાથે અગિયાર રુદ્ર છે. તેમને જ એકાદશ રુદ્ર કહે છે. શિવનું ઉમામહેશ્વર સ્વરૂપ નિત્ય પ્રસન્નરૂપ છે. ત્રિગુણનું ભસ્મ કરી લીધેલું રૂપ જ ત્રિપુરાંતકરૂપ છે. જ્ઞાનનેત્ર એ જ શિવનું ત્રીજું નેત્ર છે. શિવની જટામાંથી પરમ પાવન નિરંતર પ્રવાહિત રહેનારી ગંગા માતા ઉગમ પામે છે અને ધરતી પર પ્રવાહિત થઈ સર્વ પ્રદેશને સુજલામ્ સુફલામ્ કરે છે.

આર્દ્રા નક્ષત્ર આકાશમાં ચમકતું હોય ત્યારે શિવપ્રભુ દર્શન આપે છે. મિથુન રાશિ પાસે જવા માટે પ્રથમ વૃષભ રાશિ પાર કરવી પડે છે. વૃષભ રાશિ નંદીશ્વરનું પ્રતીક છે. તે ધર્મસ્વરૂપ છે. બે ભમ્મર વચ્ચે પ્રજ્વલિત થનારી જ્યોત એટલે જ લાલ ચંદ્રકળા, યોગસ્થિતિના પરિણામરૂપ ઉદ્ભવેલી કામવાસનાથી સ્ત્રી-પુરુષ ભેદ નાશ પામી એકત્વ સ્થિતિને પ્રાપ્ત કરવી અને તેનું સ્વરૂપ એટલે જ અર્ધનારીનટેશ્વર. લિંગ એટલે સ્થૂળ શરીરમાં છુપાયેલું લિંગ શરીર. તે જ્યોતિસ્વરૂપમાં વિલસે છે તેમ વેદો કહે છે.

શિવપૂજારહસ્ય અનુષ્ઠાન કરવાથી અથવા ગુરુકૃપા હોય તો જ સમજાય. ભૌતિકસ્વરૂપમાં જેમ પીઠાપુર છે તેવી જ રીતે જ્યોતિર્મયસ્વરૂપમાં રહેતું એક સ્વર્ણ પીઠાપુર પણ છે. તેને અને શ્રીપાદપ્રભુને જે નિરંતર ભજે છે કે સ્મરણ કરે છે તે જ્ઞાની ભક્ત જ શ્રીપાદપ્રભુને જાણી શકે છે. તે ભક્ત ગમે તેટલો દૂર રહેતો હોય તો પણ તે સ્વર્ણપીઠાપુરમાં જ વાસ કરે છે તેમ

મનાય છે. આવા ભક્તોને શ્રીપાદપ્રભુ અત્યંત સુલભ હોય છે.

ભૌતિક પીઠિકાપુરમ્‌ના કુક્કુટેશ્વર મંદિરના પૂજારીગણ પ્રમદગણોના અંશરૂપે જન્મ્યા હતા. ભૂતગણ, પ્રેતગણ, પિશાચ આદિ મહાગણ અનેક પ્રકારના ગણ હોય છે. યોગાભ્યાસ કરનાર અને શ્રીપાદપ્રભુની આરાધના કરનારા ભક્તો તે ભૂત, પ્રેતને રોકી શકે છે. આ સર્વ પ્રકારનાં વિઘ્નો દૂર કરી જે ભક્તો શ્રીપાદપ્રભુને આવી મળે છે તેઓ ધન્ય છે. શ્રીપાદપ્રભુએ કહ્યું:- મારા મોસાળના ઘરના પ્રાંગણમાં એક મોટું સંસ્થાન ઊભું થવાનું છે એમ મેં અનેક વખત કહ્યું છે. મારો સંકલ્પ અમોઘ છે. કીડીઓ જેમ અસંખ્ય હોય છે તેવી જ રીતે મારા પણ લાખો ભક્તો છે. યોગીગણ મારા સંસ્થાનનું ધર્મપાલન યોગ્ય રીતે કરશે. કોણ, કેટલા, ક્યાંથી, કેવા પ્રકારે દર્શન કરવા આવશે તે હું જ નક્કી કરું છું. પીઠિકાપુરમાં વાસ્તવ્ય કર્યા પછી શ્રીપાદસંસ્થાનનું દર્શન અવશ્ય કરવું જોઈએ. મારો અનુગ્રહ યોગ્ય શિષ્યને જ થશે. તેમના પર હું અમૃતવૃષ્ટિ કરીશ. અયોગ્ય વ્યક્તિને મારું દર્શન મૃગજળ જેવું લાગશે.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૨૩ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૨૪

અર્ધનારીનટેશ્વર વિવરણ

મેં (શંકર ભટ્ટે) શ્રી ધર્મગુપ્તને પૂછ્યું:- મહારાજ, ભગવાન શંકરે જે વિવિધ આભૂષણો અને શસ્ત્રો ધારણ કર્યા છે, તે શસ્ત્રાદિ ધારણ કરવા પાછળનો અંતર્ગત અર્થ સમજાવો. ધર્મગુપ્તે કહેવાની શરૂઆત કરી:- હે શંકર ભટ્ટ, ગણપતિ ભગવાનના પાશ અને અંકુશ એ બે મુખ્ય આયુધો છે. શ્રી વિષ્ણુ ભગવાનનું સુદર્શન ચક્ર એ મુખ્ય આયુધ છે. ત્રિશૂળ એ શંકર ભગવાનનું મુખ્ય આયુધ છે.

ત્રિશૂળના ઉપલા ભાગે ત્રણ પાંખિયાં હોય છે. તે અગ્નિજવાળાના રૂપમાં હોય છે. તે ત્રણે પાંખિયાં એકત્ર થઈ શૂલહસ્ત જેવાં હોય છે. આ ત્રણ સત્ત્વ, રજ અને તમો ગુણનાં નિદર્શક છે. ત્રિગુણનું એકત્વ એટલે ત્રિગુણાતીત શિવ ભગવાન છે. આ ગર્ભિત અર્થ ત્રિશૂળ સૂચિત કરે છે. શ્વાસનું હલનચલન પિંગલા નાડી દ્વારા કપાળના મધ્યભાગમાં થઈને શિરસ્થાન સુધી પહોંચે છે. ઈડા, પિંગલા અને સુષુમણા આ ત્રણ નાડીઓ બ્રહ્મજ્ઞાનનું કેન્દ્ર છે. આ કેન્દ્રને જ ત્રણે નાડીઓનો ત્રિવેણીસંગમ કહે છે. આ જ ત્રિશૂળનો ગૂઢાર્થ છે.

ભગવાન શંકરનું આભૂષણ નાગ છે. મનુષ્યના શરીરમાં કુંડલિની શક્તિ એ સર્પ આકારમાં સુપ્ત અવસ્થામાં હોય છે. તે જાગ્રત થતાં અષ્ટસિદ્ધિ પ્રાપ્ત થાય છે. તે મહાસિદ્ધિઓને વશ કરી તેમનો ઉપયોગ લોકકલ્યાણ માટે કરનાર શિવનું એક દિવ્ય નામ ઈશ્વર પણ છે. શંકરના ત્રિશૂળને ડમરુ બાંધેલું હોય છે. ડમરુ એ શબ્દગુણનું પ્રતીક છે. નાદ-ઝંકાર તે આકાશનો

ગુણ છે. આકાશમાં શબ્દ પ્રકંપનથી વિચલન કરે છે. આપણે મંત્ર જપ કર્યો હોય અથવા મંત્ર શ્રવણ કર્યો હોય તો તે ડમરુના અવાજ પ્રમાણે આપણા કાનમાં ઘુમરાવો લે છે. મંત્ર પુરશ્ચરણ કરવાથી યોગીને આનંદ પ્રાપ્ત થાય છે. તે આનંદની પરિસ્થિતિમાં (સહજ) નૃત્ય કરે છે. આના પ્રતીકરૂપે જ પરમેશ્વર ડમરુ ધારણ કરે છે.

બે ભમ્મરની વચ્ચે બિંદુ પર આજ્ઞાચક્ર આવેલું છે. તે સર્વ જ્ઞાનનું કેન્દ્ર છે. જ્ઞાની પુરુષનું જ્ઞાનકેન્દ્ર વિકસિત હોવાથી તેમને અતિન્દ્રિય દૃષ્ટિ હોય છે. આ ચક્ર દ્વારા યોગી ભૂત ભવિષ્ય યથાર્થપણે સમજી શકે છે. આ કેન્દ્રને જ પરમેશ્વરનું ત્રીજું નેત્ર કહે છે. આ જ્ઞાનનેત્ર વિકસિત થાય એટલે કામસ્વરૂપ મદનનું દહન કરી શકાય છે.

નિજ શંકર ભગવાનનો નિવાસ યોગભૂમિ સ્મશાનમાં હોય છે. યોગાગ્નિને લીધે સર્વ વાસનાઓ ભસ્મ થઈ યોગીને પરમ શાંતિદાયક નિર્વાણ સ્થિતિનો અનુભવ કરાવે છે. જ્ઞાનસ્થિતિનો વર્ણ સફેદ છે એમ મનાય છે. તે જ વિભૂતિ છે. નિંદા, આલોચના, વાસના પર નિયંત્રણ રાખવાની શક્તિ આવે ત્યારે જ્ઞાન પ્રાપ્ત થાય છે. જ્ઞાનને લીધે આનંદ પ્રાપ્ત થાય છે. જ્ઞાનની શુદ્ધિ ચાર પ્રકારથી થાય છે. (૧) આધિભૌતિક (૨) આધિદૈવિક (૩) આધ્યાત્મિક અને (૪) માનસિક. આ ચારે પ્રકારના પ્રતીકરૂપે શિવભક્તો ભસ્મની ચાર રેખાઓ કપાળ પર કરે છે.

એક દિવ્ય ઔષધિ શિલાજિત નામની છે. તે ઔષધિના સેવનથી નિત્ય યૌવન પ્રાપ્ત થાય છે. પૂર્વે શિલાદુડ નામના એક મહર્ષિ કાંકરાઓનો આહાર કરી નિર્વાહ કરતા. તેઓ જ નંદીશ્વરના રૂપે અવતર્યા. શ્રીકૃષ્ણનો જન્મ રોહિણી નક્ષત્રમાં વૃષભ રાશિમાં થયો. ભગવાન શંકરનું જન્મ નક્ષત્ર આર્દ્રા છે. ઉમા મહેશ્વરના અર્ધનારી-નટેશ્વરરૂપની રાશી મિથુન હતી. આ રાશીની પહેલાં વૃષભ રાશી આવે છે. આ વૃષભ જ નંદીશ્વર છે. નંદી એ ધર્મનું પ્રતીક છે. નિમ્ન જાતિના કામરૂપી મદનને ભગવાન શંકરે દગ્ધ કર્યો. પરંતુ શિવની કૃપાથી જ તે નિરાકારરૂપ લઈ ઉચ્ચ પ્રકૃતિ ધરાવતા દિવ્ય દાંપત્યધર્મનું પાલન કરનાર દંપતીને પુત્રરૂપે પ્રાપ્ત થયો. શ્રીકૃષ્ણે ઉપમન્યુ ઋષિનું શિષ્યત્વ સ્વીકારી અત્યંત નિષ્ઠાથી શિવોપાસના કરી હતી. ભગવાન શિવના અનુગ્રહથી

રુકિમણીના પેટે મન્મથ (કામ) પ્રદ્યુમ્ન નામથી જન્મ્યો. આ મન્મથ વૃષભ રાશીનું કામસ્થાન છે. ધર્મબદ્ધ એવી કામનાઓ (શાસ્ત્રવિહિત) કોઈ પણ હોય તો તે ઉચ્ચ પ્રકારની હોય છે. તે કામનાઓની પૂર્ણતા કરવી ધર્મવિહિત છે.

ભયંકર તાંત્રિક સિદ્ધિઓ અને વિવિધ શક્તિઓ વાઘની જેમ પ્રમાદકારી હોય છે. તેમને વશ કરી પોતાના નિયંત્રણમાં રાખનાર શિવ ભગવાન જ છે. વાઘ શક્તિદેવીનું વાહન છે. શક્તિને પૂર્ણપણે તાબામાં રાખી હોવાના પ્રતીકરૂપ ઈશ્વર વ્યાઘ્રચર્મ શરીરે ધારણ કરે છે. આથી તેઓ વ્યાઘ્રચર્માંબરધારી કહેવાય છે. શુદ્ધ બ્રહ્મજ્ઞાન નિરંતર પ્રવાહિત કરનાર પ્રજ્ઞા અમૃતત્વ જેમને સિદ્ધ છે, તેવા શંકર ભગવાનની જટામાંથી વહેતી લોકપાવન કરનાર ગંગા તેનું પ્રતીક છે. આ પ્રમાણે નિત્ય પ્રસન્નતાને લીધે પ્રાપ્ત થનાર મહા પ્રશાંત આનંદદાયક, આહ્લાાદક સ્થિતિનું પ્રતીક ચંદ્રકોર છે.

જમણા નાસાપુટમાં થઈને વહેનારી શ્વાસરૂપી શક્તિ પિંગલા નાડી હોય છે. ડાબા ભાગે વહેનારી શ્વાસરૂપી શક્તિ ઈડા નાડીના નામે ઓળખાય છે. હે શંકર ભટ્ટ, જમણા નાસાપુટમાંથી પ્રાણાયામ કરતી વખતે શ્વાસ લેવાથી શરીરની ઉષ્ણતા વધે છે. આથી તેને સૂર્ય નાડી કહે છે. ડાબી બાજુના નાસાપુટમાંથી શરીરમાં શ્વાસ લઈએ તો શીતળતાનો અનુભવ થાય છે માટે તેનું નામ ચંદ્ર નાડી છે. કાળપુરુષના શરીરના રાશીચક્રમાં મેષ રાશીથી શરૂ કરી તુલા રાશી સુધી ઉષ્ણતા આપનાર છ મહિના સૂર્ય નાડીના ગણતાં આસો માસથી ફાગણ માસ સુધીના છ મહિના શીત એટલે કે ઓછા ઉષ્ણ હોવાથી ચંદ્ર નાડીના માનવામાં આવે છે. આ ચંદ્ર-સૂર્યની ગતિને લીધે પૂર્ણિમા અને અમાવાસ્યા ઉદ્ભવે છે.

યોગી પુરુષ પોતાની વૈશિષ્ટ્યપૂર્ણ સાધનાથી કાલચક્રની સમસ્ત સિદ્ધિ પ્રાપ્ત કરી લે છે. તેને યોગશક્તિ વડે ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. આ કાળચક્રમાં અર્ધનારીશ્વર, એટલે કે જે કોઈ પણ પરિસ્થિતિમાં જુદી કરી ન શકાય તેવી જોડી (કે યુગ્મ) સમજવી. રાત્રી-દિવસ, પૂર્ણિમા-અમાવાસ્યા, આ એક પછી એક વિશિષ્ટ કાલાવધિ દૃશ્યમાન થાય છે. રાત્રી ન હોય તો દિવસ અને દિવસ ન હોય તો રાત્રી હોઈ શકતી નથી. માતા-પિતારૂપે સંબોધિત થનાર અર્ધનારીશ્વર જ

આ અનંત સૃષ્ટિના હલનચલનને માટે કારણભૂત છે.

ભગવાન શંકરનું કાર્ય સંહારક માનવામાં આવે છે તેનો ગર્ભિત અર્થ જૂની સૃષ્ટિનો નાશ કરી નૂતન સૃષ્ટિનું નિર્માણ એમ છે. સૃષ્ટિનું પરિવર્તન અતિ સહજતાથી થાય છે. તેમાં નૂતન સૃષ્ટિનો આવિર્ભાવ થઈ તે થોડા સમય માટે જ તે સ્થિતિમાં હોય છે. પછી, તેનો સંહાર અનિવાર્ય જ હોય છે. અથર્વવેદના સર્વ અસ્ત્ર, શસ્ત્ર, મંત્રવિદ્યા સિદ્ધ થવા માટે તે વિદ્યાનો અધિપતિ ઈશાન રુદ્રનો અનુગ્રહ હોવો આવશ્યક છે. આ સંવાદ ચાલુ હતો તે દરમ્યાન મેં વચમાં જ પૂછ્યું:- આપે શિવ-પાર્વતી અને આર્દ્રા નક્ષત્રનો ઘનિષ્ટ સંબંધ હોવાનું કહ્યું હતું. તે વિશે સવિસ્તર માહિતી પ્રદાન કરો તેવી પ્રાર્થના છે. પ્રત્યુત્તરરૂપે ધર્મગુપ્તે કહ્યું:- દોડતા હરણના શિકારીના રૂપમાં રુદ્ર મૃગવ્યાધ રુદ્રનું રૂપ નક્ષત્રમંડળની મિથુન અને કર્ક રાશીની વચ્ચે આડું દેખાશે. આ નક્ષત્રમંડળ પાસે રાહુ, કેતુ, શનિ જેવા ગ્રહોનો સંચાર થતાં વિશ્વવ્યાપી યુદ્ધ, પ્રલય, દેવ-દાનવ યુદ્ધ, મહાભારત યુદ્ધ જેવાં સંકટો આ ગ્રહગતિને લીધે જ આવે છે. કાલસંહારમૂર્તિ એટલે ધનુષ્ય બાણ ધારણ કરેલી ઉગ્ર મૂર્તિરૂપ રુદ્રનું જ મન્યુ દેવતારૂપ એવું વેદોમાં વર્ણન છે. ધર્મગુપ્તે વક્તવ્ય ચાલુ રાખતાં જણાવ્યું:- માઘ માસની અમાવાસ્યા પહેલાં આવનાર ચૌદશને મહાશિવરાત્રી કહે છે અને પ્રત્યેક મહિનાની અમાવાસ્યા પૂર્વે આવનાર ચૌદશને માસ શિવરાત્રી કહે છે.

: શનિપ્રદોષ સમયે ઈશ્વર આરાધનાનું ફળ એટલે શનિગ્રહ દોષનિવારણ :

મહાશિવરાત્રી મંગળવારે આવે તો તે અત્યંત પુણ્યકારક હોય છે. શનિવારે તેરસ આવતાં તેને શનિપ્રદોષ કહે છે. આ શુભ દિવસે શિવાર્ચન કરી શનિદેવને પ્રિય એવા તલનું દાન કરવું. શનિના આદિ દેવતા શિવ હોવાથી તલના તેલથી પરમેશ્વરની આરાધના કરતાં શનિદેવની બાધા દૂર થાય છે. શનિવારે પ્રદોષ સમયે શિવારાધના કરવાથી સમસ્ત કર્મ દોષરહિત થઈ આપણને સુખ શાંતિ પ્રાપ્ત થાય છે. શનિ કર્મકારક દેવતા છે. શિવ સંહારક દેવતા છે. શનિપ્રદોષસમયે શિવની આરાધના સર્વ પ્રકારનાં અશુભ કર્મોરૂપી મહાપાપોને ભસ્મ કરે છે અને શુદ્ધ, નૂતન, દિવ્ય, તેજોમય શુભ સ્પંદનો વડે મનુષ્યને મન,

બુદ્ધિ, અહંકાર, ચિત્ત બધાંની આત્મશુદ્ધિ કરી નવો જન્મ પ્રાપ્ત કરાવી આપે છે.

આ પ્રકારના પૂજનથી શનિદેવ શાંત થાય છે. શનિવારે રાત્રે તે જીવના સર્વ દુષ્કર્મ, દોષો અધિષ્ઠાતા દેવતા મહાકાલીમાં વિલીન થાય છે. બીજા દિવસે એટલે રવિવારે સૂર્યોદયના સમયે સવિતૃમંડળની મધ્યવર્તી મહાશક્તિનો સાધકને અનુગ્રહ પ્રાપ્ત થાય છે. તે જ સમયે તેના નૂતન જીવનની શરૂઆત થાય છે. તેનાં અશુભ કર્મરૂપી પાપનાં પોટલાં પરમેશ્વરના યોગાગ્નિમાં બળી જાય છે.

: પંચભૂતાત્મક શિવસ્વરૂપ :

શિવશંકર એ પંચભૂતાત્મક દેવાધિદેવ છે. આપણા શરીરના મૂલાધારચક્રમાં પૃથ્વી તત્ત્વ હોય છે. તેના પ્રતીકરૂપે જ સાધક દ્વારા પાર્થિવ લિંગની પૂજા કરવામાં આવે છે. સ્વાધિષ્ઠાન ચક્રમાં જળતત્ત્વ હોય છે. તેનું પ્રતીક જળલિંગ હોય છે. મણિપુરચક્રમાં અગ્નિતત્ત્વ હોય છે. તેનું પ્રતીક જવાલાલિંગ છે. તેને જ હિરણ્યસ્તંભ પણ કહે છે. કંઠસ્થાનમાં એટલે કે વિશુદ્ધ ચક્રમાં વાયુતત્ત્વ હોય છે. તેનું પ્રતીક વાયુલિંગ છે. હૃદયાકાશ સ્થાનમાં રહેલા લિંગને "ચિદંબર લિંગ" કહે છે. આ પંચભૂતાત્મક લિંગની આરાધના, દર્શન, અર્ચન વિશેષ ફળપ્રદ હોય છે.

આકાશલિંગ કહેવડાવનાર ચિદંબર લિંગને કોઈ પણ આકાર હોતો નથી. ચિદંબરક્ષેત્રમાં પડદા પાછળ છુપાવવામાં આવેલું રહસ્ય એટલે પડદો ઊંચક્યા પછી વચ્ચે કશું જ હોતું નથી. શુદ્ધ આકાશ એટલે આત્મલિંગ. હૃદય જ ચિત્ સ્થાન હોવાથી આત્માનું નિવાસસ્થાન આકાશ જ હોય છે. વાસ્તવિક આકાશને આકાર હોતો નથી. એકાગ્ર ચિત્તથી નિજ તત્ત્વનું તેમના હૃદયમાં જ ધ્યાન કરનાર યોગીઓને તેમના હૃદયમાં જ સમસ્ત સૃષ્ટિ, સંપૂર્ણ બ્રહ્માંડનું, નક્ષત્રોનું તારાઓનું દર્શન થાય છે.

પરમેશ્વર સર્વવ્યાપી છે. તે જ અરુણાચલેશ્વરના રૂપમાં, અરુણાચલ પર્વતરૂપમાં, એક મહાસિદ્ધના રૂપમાં પણ

અરુણાચલમાં છે. તેમનાં કેવળ દર્શનથી પાપનો ક્ષય થાય છે. તે અરુણાચલેશ્વર જ આજે માનવાકૃતિમાં પીઠાપુરમાં શ્રીપાદશ્રીવલ્લભ નામરૂપી અવતાર લઈ સમસ્ત માનવજાતનું કલ્યાણ કરવાના ઉદ્દેશથી હાલમાં કુરુગડ્ડી ક્ષેત્રે દિવ્ય તેજથી વિલસે છે.

કુરુગડ્ડી એ અરુણાચલ પર્વત જેવું છે. અર્ધનારીશ્વર રૂપમાં શોભાયમાન અરુણાચલેશ્વર શ્રીપાદશ્રીવલ્લભ જ છે. જે પ્રમાણે અરુણાચલેશ્વર પર્વત સાક્ષાત્ શિવસ્વરૂપ છે, તે જ પ્રમાણે કુરુગડ્ડી પણ સાક્ષાત્ શ્રીપાદશ્રીવલ્લભનું જ રૂપ છે. અરુણાચલના શિવલિંગમાં જેમ શિવ-શક્તિ વિદ્યમાન છે, તે જ રીતે શ્રીપાદશ્રીવલ્લભના રૂપમાં પણ શિવ અને શક્તિ વિદ્યમાન છે. અરુણાચલ પર્વતમાં મહાસિદ્ધના રૂપમાં પરમેશ્વરનું દર્શન સાધકોને અત્યંત દુર્લભ હોય છે. પરંતુ, શ્રીપાદશ્રીવલ્લભ એ સ્વરૂપમાં મહાસિદ્ધનું દર્શન સાધકોને અત્યંત સુલભ રીતે થાય છે.

ધર્મગુપ્તનું વક્તવ્ય સાંભળીને મેં (શંકર ભટ્ટે) મારી શંકા પૂછીઃ- મહારાજ, મેં અત્યાર સુધી શ્રીપાદપ્રભુએ પદ્માવતીદેવી સાથે શ્રીવેંકટેશનું સંયુક્ત સ્વરૂપ છે તેમ સાંભળ્યું છે. પરંતુ, તમે શિવશક્તિ સ્વરૂપ છે તેમ જણાવ્યું. મને આમાં સમજ પડતી નથી. મને ગૂંચવાડો થાય છે. તમે મને સ્પષ્ટતાથી સમજાવો. મારું વક્તવ્ય સાંભળી ધર્મગુપ્ત હસ્યા અને ખુલાસો કરતા કહ્યુંઃ- અરે ભક્ત, શ્રીપાદપ્રભુનું દિવ્ય તત્ત્વ સપ્તઋષિને પણ સમજાયું નથી, ત્યારે મારા જેવા પામર મનુષ્યની શી વિસાત? તો પણ હું મારી સમજણ અનુસાર તને સમજાવવાનો પ્રયત્ન કરું છું.

શ્રીવેંકટેશપ્રભુ કૃતયુગથી છે. તેમણે શ્રી દશરથરાજાને દર્શન આપી કહ્યું હતું કે હું શ્રીરામચંદ્ર નામે તારે ઘેર જન્મ લઈશ. "કૌશલ્યાતનય" શ્રીરામ એ નામથી પણ સ્વામીની પૂજા કરનાર કેટલાક સાધકોએ તેમની "સુબ્રમણ્યમ્" સ્વરૂપમાં પણ અર્ચના કરી છે. તે પછી શ્રી રામાનુજાચાર્યએ વૈષ્ણવો દ્વારા "શ્રી મહાવિષ્ણુ" સ્વરૂપમાં તેમની આરાધના કરાવી. આ બધાં જ સ્વરૂપો સાક્ષાત્ દત્તપ્રભુનાં જ છે. સાધકો કોઈ પણ રૂપમાં શ્રદ્ધાભાવથી તેમને બોલાવે તો તેઓ ભક્તના રક્ષણ માટે તરત જ દોડીને આવે છે અને ભક્તોનું રક્ષણ કરે છે. સાધકોને લીલા દર્શાવનાર માયારૂપી નાટકના સૂત્રધાર શ્રીપાદપ્રભુ જ છે. તેઓ જ

આજે શ્રીપાદશ્રીવલ્લભ નામરૂપથી ભક્તોનું કલ્યાણ કરી રહ્યા છે.

શ્રીપાદપ્રભુના ડાબા ભાગે શક્તિસંચાર હોય છે અને જમણા ભાગે શિવસંચાર હોય છે. આ કારણને લીધે તેઓ શિવ-શક્તિસ્વરૂપછે. તેમના હૃદયમાં પદ્માવતીદેવીનો વાસ હોય છે. હૃદય દયા તેમજ અનાહત ચક્રનું સ્થાન છે. અહીંથી જ શક્તિ ઊર્ધ્વચક્રો પ્રતિ અને અધોચક્રો તરફ એટલે કે મૂલાધારચક્ર તરફ પ્રવાહિત થાય છે. આ કારણને લીધે જ તે હજુ એક દિવ્ય ચૈતન્યમય શરીરથી શ્રીપદ્માવતી અને શ્રીવેંકટેશ્વર ભગવાનના રૂપમાં છે. શ્રીપાદપ્રભુ વાણી-હિરણ્યગર્ભનું પણ સ્વરૂપ છે. પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી સ્વરૂપી વાણીદેવીનો તેની જિહ્વા પર વાસ હોય છે. વાણીમાતાનું દિવ્ય માનસ અને હિરણ્યગર્ભનું દિવ્ય માનસ એ અદ્વૈત સ્થિતિમાં હોય છે.

વાસ્તવિક રીતે જોતાં ચિદંબર રહસ્ય એટલે કે તે ત્રણ પ્રકારનું ચૈતન્ય એક જ સમયે ધારણ કરે છે. તેમના એક શરીરનો બીજા શરીર સાથે કોઈ પણ દૃષ્ટિએ જોતાં સ્પર્શ નથી હોતો. તેઓ વાણી, હિરણ્યગર્ભનું ચૈતન્ય શરીર, શિવ-પાર્વતીનું ચૈતન્ય શરીર, પદ્મા આ બધાં સ્વરૂપોને એક જ સમયે ધારણ કરી તે સર્વથી પર શ્રીપાદશ્રીવલ્લભ એવું એક વધારાનું દિવ્ય ચૈતન્ય શરીર ધારણ કરે છે. તેની વિશિષ્ટતા એ છે કે એક શરીરનો બીજા શરીર સાથે સ્પર્શ થતો નથી. આ જ પ્રભુની યોગમાયા, વૈષ્ણવી માયા અને આ જ ચિદંબર રહસ્ય છે. શ્રીપાદપ્રભુને દ્વૈત, વિશિષ્ટ અદ્વૈત, અદ્વૈત અને આ સર્વથી પર અતીત એવું કહીએ તો પણ યોગ્ય થશે. કારણ કે તેમની યોગમાયા અગાધ છે.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૨૪ સમાપ્ત ॥

❋ ❋ ❋


કલિયુગના પ્રથમ દત્તાવતાર ભગવાન શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ.

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૨૫

રુદ્રાક્ષ મહિમા- શિવઆરાધનાપદ્ધતિ અને તેનું ફળ

ધર્મગુપ્તને મેં પ્રશ્ન કર્યોઃ- "મહારાજ, શિવઆરાધના કેવી રીતે કરવી? આરાધનાની વિવિધ પદ્ધતિનો નિર્દેશ કરી તે સમજાવવાની મારા પર કૃપા કરો." શ્રી ધર્મગુપ્તે કહ્યુંઃ- "ૐ નમઃ શિવાય" એ શિવપંચાક્ષરી મંત્રનું જપ અનુષ્ઠાન કરી શિવનું આરાધન કરી શકાય. આ એક પદ્ધતિ છે. મહાન્યાસવાળી બીજી રીત છે. રુદ્રાભિષેકથી શિવારાધના કરવી તે ત્રીજી પદ્ધતિ છે. પંચાક્ષર મંત્રના પાંચ અક્ષરો પંચમહાભૂતનાં પ્રતીકો છે. જીવ પશુની જેમ મમતા, મોહ આદિ બંધનમાં જકડાયેલો રહે છે માટે શાસ્ત્રોમાં તેને પશુ તરીકે વર્ણવ્યો છે. પશુબંધનનું વિમોચન કરનાર તે જ પશુપતિનાથ છે.

શિવપંચાક્ષરી મંત્રનું શાસ્ત્રોમાં પંચકોણી નક્ષત્ર જેવું વર્ણન મળે છે. આ પંચકોણી મંત્રમાં મોક્ષપ્રદાન કરનાર મંત્રો પ્રથમ વર્ગમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. ભોગપ્રદાન કરનારા મંત્રો અને ભાગ્ય આદિને પલટાવનારા મંત્રોનો સમાવેશ બીજા વર્ગમાં કરવામાં આવે છે. પંચોપચારમાં ભૂતત્ત્વનો ઉપચાર ચંદનથી, જળતત્ત્વનો ઉપચાર નારિયેળના પાણીથી, અગ્નિતત્ત્વનો ઉપચાર દીપ-આરાધનાથી, વાયુતત્ત્વનો ઉપચાર સુગંધિત ધૂપથી અને આકાશતત્ત્વનો ઉપચાર ઘંટાનાદથી થાય છે.

પંચાક્ષર મંત્રના પાંચ અક્ષરો તેમના તત્ત્વ અનુસાર સાધના કરનાર સાધકોને પાંચ રંગથી તત્ત્વોનું દર્શન કરાવે છે.

(૧) સફેદ શુભ્ર મોતી જેવો રંગ અથવા ચાંદી જેવો ચકચકિત પ્રકાશ (૨) પ્રવાળ જેવી અરુણકાંતિ (૩) પીળી હળદરની જેમ સુવર્ણકાંતિ (૪) નીલ વર્ણની નીલ આકાશ જેવી વિશ્વવ્યાપી કાંતિ (૫) શુદ્ધ ધવલ કાંતિ.

ભૂમધ્યમાં પાંચ રંગની જ્યોતિ પ્રકાશિત થવાની ક્રિયાને જ ઋષીશ્વરોએ સંધ્યોપાસન કે સંધ્યોપાસના એવું નામ આપ્યું છે. યંત્ર, પંચતત્ત્વ સાધના, યોગસાધના અને આત્મસમર્પણ- એ સાધનાના મુખ્ય પ્રકારો કે અંશો છે. આ પદ્ધતિ દ્વારા દેહાત્મબુદ્ધિનો નાશ થાય છે*. જીવનો દેહ તે જ દેવાલય અને તેમાં બિરાજમાન આત્મા જ શિવાત્મા (શિવ) છે. તેની સાથે તાદાત્મ્ય સાધવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. આ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે પંચાક્ષરી જપ, મહાન્યાસપૂર્વક શિવારાધના, રુદ્રાભિષેક ઇત્યાદિ મદદગાર અને કલ્યાણપ્રદ ઠરે છે.

વિષ્ણુસહસ્રનામ વિષ્ણુને અત્યંત પ્રિય છે. ગણેશને મોદક અતિ પ્રિય છે. સૂર્યને સૂર્યનમસ્કાર પ્રિય છે. ચંદ્રને અર્ઘ્ય પ્રિય છે. અગ્નિને હવન પ્રિય છે. તેવી જ રીતે શંકરને અભિષેક પ્રિય છે. અભિષેકથી શિવ સંતુષ્ટ થાય છે.

બ્રહ્મકલ્પના પ્રલય સમયે ભવિષ્યની સૃષ્ટિ માટે બધાં જ પ્રકારના બીજ એટલે કે સમસ્ત જીવ રાશી, વૃક્ષ, ઔષધિ-વનસ્પતિઓનાં બીજ એક પૂર્ણ કુંભમાં ભર્યાં. તેમાં અમૃત, સર્વ નદીઓનું જળ, સમુદ્રનું જળ ભરી ગાયત્રી મંત્ર દ્વારા પોતાની પ્રાણશક્તિનું તેમાં આવાહન કર્યું. આ કુંભને જ પૂર્ણકુંભ કહે છે. આ કુંભના અમૃતનું જ સિંચન મહર્ષિએ સતત પૃથ્વી પર કર્યું. આ કળશના જળનો, અમૃતનો અભિષેક મુખ્યતઃ કૈલાસ પર્વત પર થયો. આ કારણથી આ સ્થળ અમૃતસ્થાન તરીકે પ્રસિદ્ધ થયું. શ્રાવણ મહિનાની પૂર્ણિમાના દિવસે અમરનાથ ગુફામાં બરફનું શિવલિંગ તૈયાર થાય છે. આ દૈવી શિવલિંગનું દર્શન કરતાં સમસ્ત પાપનું નિવારણ થાય છે.

: વસિષ્ઠ અને અગસ્ત્ય ઋષિનો જન્મ :

જ્યારે પૂર્ણકુંભને ઊંધો કરવામાં આવ્યો ત્યારે તેમાંથી બે મહામુનિ અવતર્યા. પહેલા અવતરેલા મુનિ એ વસિષ્ઠ હતા, જેઓ શુભ્ર તેજથી ચળકતા હતા. બીજા ઋષિ અગસ્ત્ય હતા, જેઓ નીલ વર્ણના હતા અને તેમની કાંતિ અત્યંત તેજોમય હતી.

*(દેહ તે ડાકોર; આત્મા શ્રીરણછોડ..... પૂ.શ્રીરંગ અવધૂત મહારાજ). (દેવને ભૂલી મંદિર પૂજે..... પૂ.શ્રીરંગ અવધૂત મહારાજ).

તેઓ મિત્રાવરુણીના અંશથી જન્મ્યા.

પૂર્ણકુંભના અમૃતમય થયેલા જળથી અગિયાર વખત એકાદશ રુદ્રાભિષેક કરવાથી એકાદશીનું પુણ્યફળ "એકાદશ રુદ્રરૂપ" ભગવાન શિવ પાસેથી પ્રાપ્ત થાય છે. એકાદશ રુદ્રનો અને વૈષ્ણવસંપ્રદાયના અગિયારસ વ્રતનો આવો નજીકનો સંબંધ છે. આથી શિવ અને કેશવ બંને અભિન્ન રૂપ જ છે. "નમક"થી રુદ્રાભિષેક કરવાથી અકાળ મૃત્યુદોષ દૂર થાય છે. સોમગ્રહના અધિષ્ઠાન દેવતા ચંદ્ર છે. ચંદ્ર પુનર્જીવન માટે મૂળ સાધનશક્તિનો વર્ષાવ કરે છે. આ ચંદ્રકળાનું સ્થાન યોગીપુરુષના ભ્રૂમધ્યમાં ભ્રમરથી સહેજ ઊંચે સહસ્રારની સમક્ષ ચમકે છે.

: ઈશ્વરનાં વિવિધ રૂપોનું વર્ણન :

આ કારણથી જ શંકરના મસ્તક પર ચંદ્રકળા છે, એમ કહેવાયું છે. ગુજરાતના સોમનાથ મંદિરમાં ચંદ્રકાંત શિલાનો ઉપયોગ કરી શિવલિંગના મસ્તક પર ધવલ ચંદ્રકોર કોરાયેલી છે. અહીં જ્યોતિ જેવું ચમકનારું સ્ફટિકનું જ્યોતિર્લિંગ પૂજાય છે. શાસ્ત્રનું વચન છે કે પોતાનામાં રુદ્ર તત્ત્વ આવ્યા સિવાય રુદ્રાભિષેક કરવો નહીં. મહાન્યાસમાં કાળ એટલે સ્વરૂપનો સંહાર કરનાર. આથી, અભિષેક કરનારે કાળાત્મક થઈ યજ્ઞસ્વરૂપ શરીરમાં ન્યાસ કરી રુદ્રાભિષેક કરવો. બોધાયન મહર્ષિના મહાન્યાસ રુદ્રાભિષેક વિધાનમાં શિવનું વર્ણન તત્પુરુષ, અઘોર, સદ્યોજાત અને ઈશાન તરીકે કર્યું છે.

તત્પુરુષ મૂર્તિ પ્રલયાગ્નિ જેવી વિદ્યુત રંગની હોય છે. અઘોર મૂર્તિ મેઘ વર્ણની હોય છે. સદ્યોજાત મૂર્તિ ચંદ્રની કાંતિની જેમ ધવલ હોય છે. વામદેવ મૂર્તિ ગૌરવર્ણની હોય છે. ઈશાન મૂર્તિ તેજોમય હોઈ આકાશવર્ણની હોય છે.

રુદ્ર સહસ્રાદિ સંખ્યામાં હોય છે. રુદ્રના ગણ તરીકે જેમને ઓળખવામાં આવે છે કે સંબોધવામાં આવે છે તે એક ગણમાં ત્રીસ હજાર પ્રમાણે એકાદશ સહસ્ર ગણમાં તેત્રીસ કરોડ રુદ્ર ગણો હોય છે. આ જ ગણ ભૂમિ, આકાશ, અંતરીક્ષ, જળ, વાયુ, શરીર,

પ્રાણ અને મનમાં વ્યાપીને રહે છે.

: શ્રીપાદપ્રભુનું પૂજન, સ્મરણ કરનાર ભક્તોને તેત્રીસ કરોડ રુદ્ર ગણોનો અનુગ્રહ :

આ તેત્રીસ કરોડ રુદ્રોના અધિપતિ ગણપતિ દેવતા છે. આ કારણથી આપણા અંતર્ગત ગણપતિ તત્ત્વને યોગમાર્ગથી દર્શાવવા માટે શ્રીપાદપ્રભુએ પોતાનો અવતાર ગણેશચતુર્થીના મંગળદિવસે આ ભૂમિ પર લીધો. આને લીધે જ શ્રીપાદપ્રભુનું પૂજન, સ્મરણ કરનાર સાધકોને તેત્રીસ કરોડ રુદ્રોનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે.

: રુદ્રાક્ષવર્ણન :

ધર્મગુપ્ત આગળ જતાં કહે છેઃ- હે શંકર ભક્ત, શિવભક્તોએ રુદ્રાક્ષ ધારણ અવશ્ય કરવો. તે અત્યંત લાભપ્રદ હોય છે. રુદ્રાક્ષના મુખ્ય ચાર પ્રકાર છે. (૧) બ્રહ્મજાત (૨) ક્ષત્રિયજાત (૩) વૈશ્યજાત (૪) શૂદ્રજાત.

બ્રહ્મજાતિના રુદ્રાક્ષ સફેદ રંગના હોય છે અને તે મળવા અત્યંત દુર્લભ હોય છે. ક્ષત્રિયજાતિના રુદ્રાક્ષ લાલ મધના રંગના હોય છે. ચિચૂકા (આમલીનાં બી)ના રંગના રુદ્રાક્ષ વૈશ્યજાતિના કહેવાય છે. કાળા રંગના રુદ્રાક્ષ શૂદ્રજાતિના હોય છે. સર્વસાધારણ પાંચ મુખથી શરૂ કરી સોળ મુખવાળા રુદ્રાક્ષ જોવા મળે છે. એકમુખી રુદ્રાક્ષ અત્યંત વિરલ હોય છે.

દૂધમાં અથવા પાણીમાં રુદ્રાક્ષ મૂકતાં તે ડૂબવો જોઈએ. હલકાં (પાણીમાં કે દૂધમાં તરે તેવા) અને કુમળા અપક્વ રુદ્રાક્ષ ધારણ કરવા નિષિદ્ધ છે. રુદ્રાક્ષને તાંબાની આચમની નીચે દાબીને તેની નીચે તાંબાનું પાત્ર ઊંધું મૂકવું. રુદ્રાક્ષ સારો અને સાચો હોય તો તે પ્રદક્ષિણાની દિશામાં ફરે છે. કેટલાક રુદ્રાક્ષ અપ્રદક્ષિણ એટલે કે ઊલટી દિશામાં ફરે છે. આ રુદ્રાક્ષ દ્રવિડ રુદ્રાક્ષ નામે ઓળખાય છે. આવા રુદ્રાક્ષ ગૃહસ્થોએ વાપરવા ન જોઈએ. તેનાથી અનેક અનિષ્ટ પ્રસંગ ઉદ્‌ભવે છે અને સંન્યાસ યોગ આવે છે. આથી તેવા રુદ્રાક્ષ ફક્ત સંન્યાસી લોકોએ જ વાપરવા.

કાલાગ્નિ રુદ્રે કહ્યું છે કે સફેદ રુદ્રાક્ષ બ્રાહ્મણોએ જ વાપરવા. ક્ષત્રિયોએ લાલ રંગના, વૈશ્યોએ ફીકા પીળા રંગના અને શૂદ્રે કાળા રુદ્રાક્ષ ધારણ કરવા. જે-તે રુદ્રાક્ષ જ તેમને અનુકૂળ હોઈ તેમના પાપનો નાશ કરી તેમની મનોકામના પૂરી કરે છે.

એકમુખી રુદ્રાક્ષ પ્રત્યક્ષ શિવસ્વરૂપ હોય છે. દ્વિમુખ રુદ્રાક્ષ અર્ધનારીશ્વરસ્વરૂપનો હોય છે. ત્રિમુખી અગ્નિસ્વરૂપ, ચતુર્મુખી રુદ્રાક્ષ બ્રહ્મસ્વરૂપ, પંચમુખી રુદ્રાક્ષ કાલાગ્નિસ્વરૂપ, ષડ્મુખી રુદ્રાક્ષ કાર્તિકેયસ્વરૂપ હોય છે. સપ્તમુખી મન્મથસ્વરૂપ, અષ્ટમુખી રુદ્રભૈરવસ્વરૂપ, નવમુખી રુદ્રાક્ષ કપિલમુનિસ્વરૂપ હોય છે. એ અત્યંત દુર્લભ હોય છે. આ રુદ્રાક્ષમાં વિદ્યાશક્તિ, જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ, શાંતશક્તિ, વામશક્તિ, જયેષ્ઠાશક્તિ, રૌદ્રશક્તિ, અંગશક્તિ, પશ્યંતિ જેવી નવ પ્રકારની શક્તિ હોય છે. આ કારણને લીધે રુદ્રાક્ષ ધર્મદેવતાસ્વરૂપ છે. દશમુખી રુદ્રાક્ષ વિષ્ણુસ્વરૂપ અને એકાદશમુખી રુદ્રાક્ષ સાક્ષાત્ શિવસ્વરૂપ અને દ્વાદશમુખી રુદ્રાક્ષ આદિત્યરૂપ હોય છે. આમ રુદ્રાક્ષને વિવિધ દેવતાઓ સાથે સંબંધ હોય છે.

શ્રીપાદપ્રભુએ પ્રાકૃતિક પ્રવૃત્તિ અને નિવૃત્તિના અધિપતિ શ્રી ગણપતિ, તેમનું તત્ત્વ પોતાના ચૈતન્ય સ્વરૂપમાં ધારણ કર્યું છે. આથી તેઓ તેત્રીસ કરોડ દેવતાનું દિવ્યસ્વરૂપ છે. એટલું જ નહીં પરંતુ, આ સૃષ્ટિની પ્રત્યેક હિલચાલ શ્રીપાદપ્રભુના સંકલ્પથી જ થાય છે. સર્વ સંચાલનનું મૂળ કારણ શ્રીપાદપ્રભુ જ છે અને સર્વ કારણનું કારણસ્વરૂપ પણ તેઓ જ છે. તેઓ શિવસ્વરૂપ છે તેવો ભાવ રાખી તેમનું પૂજન કરતાં તેઓ વિષ્ણુરૂપમાં દેખાય છે અને વિષ્ણુરૂપમાં તેમની આરાધના કરતાં તેઓ શિવરૂપમાં દેખાય છે (દર્શન આપે છે). પરંતુ, મનના તર્ક, વિતર્કનો મળ કાઢીને અનન્યભાવે તેમને શરણે જતાં તેઓ યથાર્થસ્વરૂપમાં દેખાય છે.

શ્રી ધર્મગુપ્તે કહ્યું:- હે શંકર ભટ્ટ, હું પણ તારી સાથે કુરુગડ્ડી આવી શ્રીપાદપ્રભુનું દર્શન કરી મારો જન્મ કૃતાર્થ કરીશ. હું (શંકર ભટ્ટ) અને ધર્મગુપ્ત બંને ભક્તો કુરુગડ્ડી આવી પહોંચ્યા અને શ્રીપાદપ્રભુનું દર્શન કર્યું. શ્રીપાદપ્રભુએ નયનો ખોલી અમારા પ્રતિ જોયું અને વિનોદમાં કહ્યું:- શું ઉત્તમ ચર્ચા ચાલતી હતી! શ્રીપાદ એ શિવરૂપ છે. હું જ શ્રીપાદ છું કે? જો તેમ ના હોય

તો શ્રીપાદ જ "હું" સ્વરૂપે આવ્યો કે? "હું" કોણ છું? અરે ધર્મગુપ્ત, થોડું વિવરણ કરીને કહે.

ધર્મગુપ્તે કહ્યું:- મને પીઠિકાપુરમ્થી આવતાં શ્રી વેંકટપૈય્યા શ્રેષ્ઠીએ કહ્યું હતું કે શ્રીપાદપ્રભુ સાથે કોઈ પણ તર્કવિતર્ક ન કરીશ. કેવળ તેમને સંપૂર્ણતઃ શરણે જજે. આ પ્રમાણે હું અનન્ય ભાવથી આપને શરણે આવ્યો છું. આપે પૂછેલા પ્રશ્ન સામે હું મૌન ધારણ કરીશ. વેદો પણ શ્રીપાદપ્રભુનું યથાર્થ વર્ણન ન કરી શકવાને લીધે મૌન રહેતા. તો પછી ધર્મગુપ્ત જેવા સામાન્ય સાધકની શી દશા?

ધર્મગુપ્તનું આ પ્રમાણેનું કથન સાંભળી શ્રીપાદપ્રભુ અત્યંત પ્રસન્ન થયા. તેમણે અમને બંને ભક્તોને ચરણસ્પર્શની સંમતિ આપી. અમે બંનેએ અતિ હર્ષપૂર્વક પ્રભુચરણોને સ્પર્શ કર્યો અને અતિ આશ્ચર્યકારક રીતે અમે બંને ધ્યાનમાં સરી પડ્યા. ધ્યાનાવસ્થામાં કેટલો સમય ગયો તેનો ખ્યાલ જ ન રહ્યો. જ્યારે અમે ધ્યાનાવસ્થામાંથી બાહ્ય ભાનમાં આવ્યા ત્યારે સાયંસંધ્યાનો સમય થવા આવ્યો હતો. શ્રીપાદપ્રભુએ અમને કૃષ્ણા નદીનો પ્રવાહ પાર કરી સામેના કિનારે જવા આજ્ઞા કરી.

શ્રીપાદપ્રભુની આજ્ઞા પ્રમાણે અમે પ્રભુની દિવ્ય લીલાઓનું સ્મરણ કરતાં કરતાં કૃષ્ણા નદીના સામે કિનારે ગયા. સામેના કિનારે નદીની મુલાયમ રેતીમાં અમે શરીર લંબાવ્યું. નિદ્રાદેવીએ ક્યારે અમને તેના ખોળામાં લઈ સુવડાવી દીધા તેની ખબર જ ન પડી. પ્રાતઃકાળે "શ્રીપાદશ્રીવલ્લભ દિગંબરા" ના મધુર કંઠથી થતા નામસ્મરણને સાંભળી અમે જાગ્રત થયા.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૨૫ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૨૬

કળિયુગનાં લક્ષણો

અમે પ્રાતઃકાળે જાગ્રત થઈ નદી પાર કરી શ્રીપાદપ્રભુનાં દર્શન કરવા કુરુગડ્ડી ગયા. ધર્મગુપ્તને શ્રીપાદપ્રભુના મુખથી કલિયુગના પ્રાદુર્ભાવ વિશે જાણવાની તીવ્ર ઈચ્છા હતી. આજે શ્રીપાદપ્રભુ અત્યંત આનંદમાં હતા. તેમની કરુણામૃત વર્ષા કરનારી દૃષ્ટિ સર્વ સાધકોને એક અલગ પ્રકારની અધ્યાત્મની આનંદદાયક થાપણ પ્રદાન કરનારી હતી. શ્રીપાદપ્રભુના ચરણકમળને સ્પર્શ કરી અમે ધન્ય થઈ ગયા. શ્રી ધર્મગુપ્તે પ્રભુને કલિયુગના પ્રાદુર્ભાવનું વિશેષ વિવેચન કરવા નમ્ર પ્રાર્થના કરી.

શ્રીપાદપ્રભુએ કહ્યું:- સાધકો, કાળ એ પરમાત્માનું વિરાટસ્વરૂપ છે. સૂર્યને કાલાત્મક પણ કહ્યો છે. ધનિષ્ઠા નક્ષત્રથી પ્રારંભ કરેલી શ્રવણ નક્ષત્રની પરિક્રમાથી પાછી ફરી ધનિષ્ઠા નક્ષત્ર સુધીની પરિક્રમાના કાળને બ્રહ્મકલ્પ કહે છે. બ્રહ્મકલ્પના એક ભાગને સૃષ્ટિકલ્પ કહે છે અને બાકીના ભાગને પ્રલયકલ્પ કહે છે. પિતૃદેવતા સંબંધિત કાલગણનામાં અડધો ભાગ શુક્લપક્ષ અને અડધો ભાગ કૃષ્ણપક્ષ હોય છે. સંવત્સર પુરુષના છ મહિના ઉત્તરાયણ અને પાછળના છ મહિના દક્ષિણાયન તરીકે ઓળખાય છે.

સંપૂર્ણ કાલચક્રનું દર્શન યોગી પોતાનાં શરીરમાં કરે છે. આ રહસ્યપૂર્ણ વિદ્યાને તારક રાજવિદ્યા કહે છે. તારક રાજયોગમાં શરીરને જ બ્રહ્માંડ માનવામાં આવ્યું છે. બધા જ લોક (ભૂઃ, ભુવઃ, સ્વઃ ઇત્યાદિ)નો તેમાં સમાવેશ થયેલો છે. આપણા શિરસ્થાનને

બ્રહ્મલોક કહે છે. આ શિરસ્થાનમાં આચારવિચાર હોય છે. નાભિમાં વિષ્ણુલોક હોય છે. આપણા હૃદયમાં રુદ્રલોક હોય છે. પિતૃલોક આપણા વીર્યકણમાં જન્યુદેવતા સ્વરૂપમાં વાસ કરે છે. આ જન્યુદેવતાનું કાર્ય એ પ્રમાણે હોય છે કે મનુષ્યના ગત જન્મમાં કરેલા કર્મનું ફળ આગલા જન્મમાં આપવું. આમ હોવા છતાં, ગત જન્મનું ફળ એક ક્રમપદ્ધતિથી આપવા કાળની અત્યંત આવશ્યકતા હોય છે.

: કળિયુગનું લક્ષણ :

પિતૃદેવતા એટલે આપણા મૃત થઈ ગયેલા પૂર્વજો નહીં. સ્વર્ગવાસી થયેલાં આપણાં માતા-પિતા, દાદા-દાદીના નામથી કરેલા શ્રાદ્ધપક્ષનું ફળ સ્વીકારી તેમને (દાદા-દાદી, માતા-પિતાને) ગતિ પ્રાપ્ત કરાવી આપનાર જન્યુદેવતા જ હોય છે. આ જન્યુદેવતાનો જન્મ હોતો નથી.

યોગીજનો પોતાના શરીરમાં જ સૃષ્ટિની છ ઋતુઓનાં દર્શન કરે છે. એક વર્ષમાં બાર પૂર્ણિમા અને બાર અમાવાસ્યા હોય છે. આ ચોવીસ પર્વજ ગાયત્રીના ચોવીસ છંદ છે. કાળસ્વરૂપી શ્રીવિષ્ણુ ભગવાનની કેટલાક લોકો સંવત્સરપુરુષ માનીને ઉપાસના કરે છે. આ વિદ્યા દ્વાદશાક્ષરી વિદ્યા તરીકે ઓળખાય છે. પ્રત્યેક મહિનાનો એક અક્ષર તે પ્રમાણે બાર મહિનાના બાર અક્ષરો ભેગા કરી તેનો એક મંત્ર તૈયાર થાય છે.

નદીઓમાં ભયંકર પૂર આવીને મનુષ્ય, પશુ, સંપત્તિને અપાર હાનિ થવી, ધરતીકંપ થવો, સૂર્ય-ચંદ્રની ગતિમાં ફેરફાર, દિવસે સૂર્યનાં દર્શન ન થઇને અંધારું થવું, આકાશમાં ધૂમકેતુનાં દર્શન, આ બધાં કલિયુગનાં લક્ષણો છે. દ્વાપર યુગના અંતિમ કાળમાં પશ્ચિમ સમુદ્રના એક દ્વીપ પર કલિયુગના અધિપતિ એવા કલિપુરુષે ઘોર તપસ્ચા કરી. આ બધા વિષયોનું વિવરણ મહર્ષિ વ્યાસ લિખિત ભવિષ્યપુરાણમાં જોવા મળે છે.

: મ્લેચ્છ જાતિનો પ્રાદુર્ભાવ :

તે સમયે જ્યાં-ત્યાં વેદમંત્રોનો ઉચ્ચાર શ્રવણ કરવા મળતો હતો. ઠેર-ઠેર યજ્ઞ-યાગાદિ તપસ્ચા જોવા મળતી હતી. આથી કલિપુરુષને અત્યંત દુઃખ થયું. તેણે ભગવાનને પ્રાર્થના કરીઃ- હે પ્રભુ, પૃથ્વી પર ઠેરઠેર યજ્ઞ-યાગ, ધાર્મિક આચરણ, નીતિમત્તાનું જ પ્રાબલ્ય જણાય છે. આવી પરિસ્થિતિમાં હું મારા યુગનો પ્રભાવ લોકોમાં કેવી રીતે ફેલાવું? આપની આજ્ઞા પ્રમાણે મારે મારા યુગધર્મ અનુસાર સર્વત્ર વ્યાપી જવું છે. પરંતુ, સધઃ સર્વત્ર ધર્મમય વાતાવરણમાં મને તે અશક્ય જ લાગે છે.

કલિપુરુષની પ્રાર્થના સાંભળી જગત્ પ્રભુએ તેને પશ્ચિમી સમુદ્રમાં એક બેટ (દ્વીપ) બતાડ્યો. મ્લેચ્છ જાતિના મૂળપુરુષ આદમ અને ઈવ (હવ્યાવતી)ને જગત્ પ્રભુએ કલિયુગને બતાડ્યાં. તે સ્ત્રીપુરુષને વિહરવા એક અત્યંત રમણીય ઉદ્યાન નિર્માણ કર્યું. વાસ્તવિક રીતે તે સ્ત્રી-પુરુષ ભાઈ-બહેન હતાં. કલિયુગે તેમનામાં સર્પરૂપે પ્રવેશ કરી કામભાવનાનું બીજ વાવ્યું અને અધર્મી સંતાન ઉત્પન્ન કરવા તેમને પ્રેર્યા. તે બંને આ રીતે પતિત થયા બાદ તેમનામાં હતી તે દિવ્ય શક્તિ અદૃશ્ય થઈ. કાળાંતરે આ યુગ્મ દ્વારા કલિધર્મની મૂળ મ્લેચ્છ જાતિનો આવિર્ભાવ થયો.

દ્વાપરયુગના અંતે એટલે કે બે હજાર આઠસો વર્ષ પછી મ્લેચ્છ દેશમાં મ્લેચ્છ જાતિની સંતતિની અભિવૃદ્ધિ થવાની વાત ભવિષ્યપુરાણના પ્રત્યેક સર્ગ, પર્વમાં કહી છે. નીલાંચળ પર્વત પાસે આદમ અને ઈવ (હવ્યાવતી) બંનેએ પોતાના પાપનું ફળ અનુભવી, આર્યધર્મને દૂષણ લગાડનાર, અભક્ષ્ય ભક્ષણ કરનાર, દુરાચારી એવી સંતતિની વૃદ્ધિ કરી.

શ્રીપાદપ્રભુ આગળ જણાવે છેઃ- હું કલ્કિ અવતાર લઈ કરોડો અધર્મી અને દુરાચારી લોકોનો નાશ કરી ફરીથી સત્યયુગની સ્થાપના કરીશ. આ અતિદૂરના ભવિષ્યનો મારો કાર્યક્રમ છે.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૨૬ સમાપ્ત ॥



ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ

ભગવાન દત્તાત્રેયના ચોવીસ ગુરુ

૧. પૃથ્વી	૯. અજગર	૧૭. વેશ્યા
૨. વાયુ	૧૦. સમુદ્ર	૧૮. ટિટોડી
૩. આકાશ	૧૧. પતંગિયું	૧૯. બાળક
૪. પાણી	૧૨. મધમાખી	૨૦. કુમારી કંકણ
૫. અગ્નિ	૧૩. હાથી	૨૧. સર્પ
૬. ચંદ્ર	૧૪. મધુહા (વાઘરી)	૨૨. શરકાર (બાણકાર)
૭. સૂર્ય	૧૫. મૃગ	૨૩. ભમરી
૮. કપોત	૧૬. માછલું	૨૪. કરોળિયો

પૂજય શ્રી રંગાવધૂત ગુરુમહારાજે ઉમેરેલું પચ્ચીસમું નામ:'મનુષ્ય શરીર'

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૨૭

પંચદેવ પહાડ પ્રાંતમાં વિરુપાક્ષ સાથે મુલાકાત

શ્રી ધર્મગુપ્ત અને હું (શંકર ભટ્ટ) કૃષ્ણા નદીના સામે કિનારે આવી પહોંચ્યા. મધ્યાહ્નનો સમય હતો. તે દિવસે ગુરુવાર હતો. ગુરુવારે શ્રીપાદપ્રભુ વિવિધ સ્થળે એક જ સમયે ભિક્ષા સ્વીકારે છે. આવો પરમ પવિત્ર ગુરુવાર અને મધ્યાહ્નનો સમય હતો. પંચદેવ પહાડમાં એક ઘાસની કુટિર બાંધવી તેવો શ્રીપાદપ્રભુનો આદેશ હતો. તે કુટિર એક જ દિવસમાં ઊભી કરો તેવી આજ્ઞા હતી. પંચદેવ પહાડનો તે વિસ્તારનો અમને પરિચય ન હતો. કુટિર બાંધવા યોગ્ય જગ્યા જોઈએ. બાંધકામ માટે જરૂરી સામાન જેમ કે ઘાસ, વાંસ, દોરી, પાંદડાની જરૂર હતી. કુટિર બાંધવા મજૂરો પણ ત્યાં ન હતા.

: પંચદેવ પહાડ સ્થાનનું મહત્ત્વ :

ક્યાં જવું અને કુટિર બાંધવી તેનો નિશ્ચિત વિચાર મનમાં ન હતો. આ વિસ્તારમાં અમે વટેમાર્ગુની જેમ અહીંતહીં ફરતા હતા. અમે એક ખેડૂતના ખેતરમાં ગયા. તે ખેડૂત પોતાના ઢોર માટે એક કોઢ (ગૌશાળા) બનાવતો હતો. ખેતરની એક સ્વચ્છ જગ્યાએ એક ઊંચો ઓટલો બાંધ્યો હતો. તે ઓટલા પર ખેતરના માલિકને બેસવા માટે એક ગાદી પણ બિછાવેલી હતી. તે ગાદી પર બેઠેલા ખેતરના માલિકે અમને બોલાવ્યા અને અમારું સ્વાગત કર્યું. તેણે અમને ભોજન પણ આપ્યું. અમે ખૂબ જ ભૂખ્યા હતા. શૂદ્રના ઘરનું ભોજન કરવું કે ન કરવું તે વિશે ક્ષણભર શંકા મનમાં આવી.

તે સમયે ખેતરના માલિકે ખૂબ જ ક્રોધે ભરાઈને અમને કહ્યું:- અમારાં જાનવરો ચોરીને બીજા પ્રાંતમાં વેચો છો અને હવે શૂદ્રના ઘરનું ભોજન લેવું કે નહીં તે વિશે મનમાં શંકા લાવો છો? તે ખેતરમાલિકના હિસાબે અમે ચોર ઠર્યા હતા. અમને કકડીને ભૂખ લાગી હતી તેથી અમે ત્યાં ભોજન કર્યું. ખેતરમાલિકનું નામ વિરુપાક્ષ હતું. અમારું ભોજન થયા પછી અમને બંનેને એક ઝાડ સાથે બાંધવામાં આવ્યા. મેં તેમને કહ્યું:- હું એક અત્યંત ગરીબ, માધુકરી માગીને જીવનનિર્વાહ ચલાવનાર બ્રાહ્મણ છું. મારી પાસે બિલકુલ ધન નથી. અત્યંત દીન વચનોથી મેં મારી રજૂઆત કરી. ખેતરમાલિકના માણસો ધર્મગુપ્ત પાસે ધન હશે તેમ માની ધન હરી લેવા તેની પાસે ગયા.

: શ્રીપાદપ્રભુની કલ્પનાતીત લીલા :

અમારી વાસ્તવિક સ્થિતિ માલિકને વારંવાર સમજાવીને કહેવામાં આવી, છતાં તેની કોઈ અસર માલિક પર થતી જોવામાં ન આવી. તેના કહેવા પ્રમાણે અમે હજુ તેમના કેદી હતા. શું કરવું તે વિશે અમને કશું સૂઝતું ન હતું. તે જ સમયે યાત્રાળુઓનો એક સંઘ ત્યાં આવ્યો. તે યાત્રાળુઓમાં શિવકાવડી નામનો એક ભક્ત હતો. આ યાત્રાળુઓ વાસવી કન્યકા પરમેશ્વરી માટે કાવડ લઈ જતા હોય છે. આ ભક્તો ત્રિપુંડ્રનું લેપન કરે છે. ઘંટાનાદ કરી શ્રી કન્યકાપરમેશ્વરીના સ્તુતિવાળાં ભજનો ગાતા પોતાનો માર્ગ કાપતા હોય છે.

ગંગાના પવિત્ર જળથી ભરીને કાવડ શુભ કાર્ય માટે અથવા વાસવીમાતાના જયંતીઉત્સવ માટે આ ભક્તગણ વહન કરી લાવે છે. આ યાત્રાળુઓમાં હજુ એક પ્રકારના સાધકો હોય છે. તેમની કમરે એક પટ્ટો બાંધેલો હોય છે. તે પટ્ટામાં તલવાર, કવચ અને વિવિધ પ્રકારનાં યુદ્ધશસ્ત્રો હોય છે. આ લોકોના સમુદાયને "વીરમુષ્ટિ" કહે છે. આ લોકો ઈશ્વર નામનો જયઘોષ કરતા ઘંટાનાદ કરીને વિચરણ કરે છે.

તે ખેડૂતે યાત્રાળુઓને તેમજ વીરમુષ્ટિ લોકોને ભોજન આપી તેમનો સત્કાર કર્યો. તે પછી અમને બંધનમાંથી મુક્ત કરી ગૌશાળા (કોઢ)ના નિર્માણકાર્યમાં મદદ કરો તેમ માલિકે આદેશ કર્યો. અમે કામ શરૂ કર્યું. સાંજે કુટિરનું કામ સમાપ્ત થયે, વિરુપાક્ષે અમને પ્રશ્ન કર્યોઃ- "મુષ્ટિવીરમાં મુષ્ટિ"નો શો અર્થ થાય છે? અમને તે અર્થની ખબર નથી તેવું અમે માલિકને જણાવ્યું.

તે દિવસે સાંજનું ભોજન પણ વિરુપાક્ષે અમને બંનેને આપ્યું. ગાયોના રક્ષણાર્થ તે રાત્રે અમે બંનેએ ખેતરમાં જ સૂવું તેમ ખેડૂતે આજ્ઞા કરી. તે પછી ખેતરનો માલિક તેના સેવકો સાથે હસતો હસતો જતો રહ્યો. તે રાત્રે અમે મધ્યરાત્રી સુધી શ્રીપાદપ્રભુનું નામસ્મરણ અને દિવ્ય લીલાઓનું સ્મરણ કરતા રહ્યા. તે પછી અમને ઊંઘ આવી અને સૂઈ ગયા. સવારે સૂર્યકિરણો અમારા શરીર પર પડતાં હતાં અને અમે ત્વરિત ઊઠ્યા. આજુબાજુ જોયું તો ત્યાં ગાયો કે એવું કશું ન હતું. કુટિર પણ ન હતી. આજુબાજુના ખેડૂતો આવીને અમને પૂછવા લાગ્યા કે તે જમીન અમે કેટલા પૈસામાં ખરીદી છે?

અમે તે ખેડૂતોને ગઈ કાલે બનેલો વૃત્તાંત કહ્યો. તેમને તે વાતો કલ્પિત લાગી અને અમને બંનેને તેમણે ગાંડા ગણ્યા. અમારા મનમાં એક જ પ્રશ્ન સતાવતો હતો. ગઈ કાલે જે દૃશ્ય જોયું તે સાચું કે આજે દેખાય છે તે સાચું? આવી સંભ્રમિત અવસ્થામાં અમે હતા તે અરસામાં એક અપરિચિત ગૃહસ્થ ત્યાં આવ્યો. તેણે અમને પૂછ્યુંઃ- શ્રી વાસવીકન્યકાદેવીનો જન્મ વૈશાખ સુદ દસમને દિવસે થયો કે સાતમને દિવસે થયો?

શ્રી ધર્મગુપ્તે જવાબ આપતાં કહ્યુંઃ- શ્રી વાસવીમાતાનો જન્મ વૈશાખ સુદ દશમના દિવસે મધ્યાહ્ન સમયે થયો. તે દિવસે શુક્રવાર હતો. આ જવાબ સાંભળી તે અપરિચિત ગૃહસ્થે કહ્યુંઃ- તમે બંને મૂર્ખ છો. તે ગૃહસ્થે શ્રીપાદપ્રભુ માટે કાઢેલા ઉદ્‌ગારો અમને ગમ્યા નહીં. હવે અમે ત્વરિત કુરુગડ્ડી જવા પ્રસ્થાન કરવાનો નિર્ણય કરી રસ્તે પડ્યા.

બંને પાસે હોડીના પૈસા ન હતા. આ વાત અમે હોડીવાળાને પ્રથમથી જ હોડીમાં ચઢતાં પહેલાં કરી. હોડીવાળાને દયા આવી અને તેણે અમને હોડીમાં બેસવા દીધા. હોડી શરૂ થયા પછી નાવિકની દૃષ્ટિ ધર્મગુપ્તની આંગળી પરની અંગુઠી પર ગઈ. તેણે જાતે કાઢી લીધી. પરંતુ, પોતાની પાસે ન રાખતાં તે કૃષ્ણા નદીમાં નાખી દીધી. અમે નદી પાર કરી કુરુગડ્ડી પહોંચ્યા. તે સમયે શ્રીપાદપ્રભુ કૃષ્ણા નદીમાં સ્નાન કરી સંધ્યા સમાપ્ત કરી તપશ્ચર્યામાં બિરાજમાન હતા.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૨૭ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૨૮

શ્રીપાદ વેંકટેશ્વર ભગવાન છે.
વિષ્ણુ-મહાવિષ્ણુ, લક્ષ્મી-મહાલક્ષ્મી, સરસ્વતી-મહાસરસ્વતી, કાલિ-મહાકાલિ સ્વરૂપનું વર્ણન

તે શુક્રવારનો શુભ દિવસ હતો. શ્રી વાસવીકન્યકાદેવીની જયંતીના ઉત્સવનો પરમ મંગલ દિન હતો. પ્રાતઃકાળે જ શ્રીપાદપ્રભુ કૃષ્ણા નદીના જળ પરથી ચાલતા ચાલતા સામેના કિનારે પહોંચ્યા. અમે નાવડીમાં બેસીને સામે કિનારે આવ્યા. તે સમયે સવારના સાત વાગ્યા હતા. તે શુભ સમય તિરુમલા મહાક્ષેત્રમાં શ્રી વેંકટેશ્વર સ્વામીની, શ્રી લક્ષ્મીસ્થાન તરફથી પૂજા-અર્ચા સ્વીકારવાનો હતો.

શ્રીપાદશ્રીવલ્લભ ગઈ કાલે ખેતરના માલિકે નિર્માણ કરેલી ગૌશાળામાં પ્રવેશ કરી ત્યાં ધ્યાનસ્થ બેઠા, તે જ સમયે અમે પણ ગૌશાળામાં પહોંચ્યા. પંચદેવ પહાડ વિસ્તારમાં શ્રીપાદપ્રભુનો સત્સંગ પ્રારંભ કરવાનો તે મંગળમય સમય હતો. એકદમ આશ્ચર્યકારક રીતે શ્રીપાદપ્રભુનો દેહ એકાએક તેજઃપુંજ થતો હતો. તે મહાતેજ ચારે દિશાઓમાં ધીમે ધીમે વ્યાપી રહ્યું હતું. તે સમયે પ્રભુનું શરીર પ્રાકૃતિક શરીર પ્રમાણે ન દેખાતાં એક અત્યંત તેજોમય મૂર્તિ પ્રમાણે દેખાતું હતું.

થોડા સમય પછી શ્રીપાદપ્રભુ ગૌશાળામાંથી બહાર આવ્યા. સૂર્યના તડકામાં સર્વસાધારણ મનુષ્યની જેમ જ તેમની છાયા ભૂમિ પર દેખાતી. પરંતુ, આજે આશ્ચર્ય! તેમનો પડછાયો ભૂમિ પર દેખાતો ન હતો. ચાલતી વખતે માટીમાં તેમનાં પદચિહ્નો હંમેશાં દેખાતા હતાં. પરંતુ, આજે એક પણ પદચિહ્ન માટીમાં ઉપસ્યું ન હતું. દેખાતું ન હતું. તેમણે સૂર્ય પ્રતિ તીક્ષ્ણ નજરથી જોયું.

તેમનું શરીર દિવ્ય તેજથી વ્યાપ્ત થઈ વિશાળ રૂપ ધારણ કરતું હતું. થોડા જ સમયમાં અમારી દૃષ્ટિ સામે શ્રીપાદપ્રભુનું તે તેજોમય સ્વરૂપ સૂર્યમાં વિલીન થયું. તે સૂર્યબિંબમાં અમને એક દિવ્ય શિશુનાં દર્શન થયાં. તે બાળરૂપ પૃથ્વી તરફ વેગથી આવતું હતું. તે બાળકના ચરણ પૃથ્વીને સ્પર્શતાં જ અમારી આંખો અંજાઈ ગઈ અને અમને દેખાતું બંધ થયું. શ્રીપાદપ્રભુ મંદહાસ્ય કરતા હતા.

શ્રીપાદપ્રભુએ પુનઃ સૂર્ય તરફ તીક્ષ્ણ નજરથી જોયું. તે સમયે અમને સર્વ વસ્તુઓ સ્પષ્ટ દેખાવા લાગી. અમને પણ તેમણે સૂર્ય પ્રતિ જોવા કહ્યું. અમને તે લાલાશ પડતા સૂર્યબિંબમાં અત્યંત સુંદર એવી એક તેજસ્વી બાલિકા દેખાઈ. તે બાલિકા હસતા ચહેરે પૃથ્વી તરફ આવતી હતી. તેના ચરણ પૃથ્વીને અડકતાં જ અમને ફરી દેખાવાનું બંધ થયું. અમે આશ્ચર્યચકિત થઈ ચારેકોર જોવા લાગ્યા. તે નિર્દોષ અને મોહક બાલિકાએ અમારા પ્રતિ નજર કરી અને હાસ્ય કર્યું. તે સમયે અમને સર્વ દેખાવા લાગ્યું. તે બાલિકાને શ્રીપાદપ્રભુએ અત્યંત પ્રેમથી અને આદરથી ઊંચકી લીધી. તે સમયે શ્રીપાદપ્રભુની ઉંમર ૧૬ વર્ષની અને તેમના જેવી જ દેખાતી તે અપરિચિત કન્યાની ઉંમર ત્રણ વર્ષની જણાતી હતી. કન્યાએ શરીર પર જરીથી ગુંથેલાં દિવ્ય રેશમી વસ્ત્ર પરિધાન કર્યાં હતાં અને તેને શોભે તેવા દિવ્ય અલંકારો પણ ધારણ કર્યા હતા. તે બાલિકા અને શ્રીપાદ તે ગૌશાળામાં ગયા.

હું અને ધર્મગુપ્ત આ અદ્‌ભુત દૃશ્ય અત્યંત આશ્ચર્ય, ભય અને સંભ્રમ આવા ત્રિવિધ ભાવો સાથે જોતા હતા. મારા મનમાં શંકા આવી કે આ બધું ઇંદ્રજાળ તો નથી ને? મારા મનના વિચારો જાણી શ્રીપાદપ્રભુ બોલ્યાઃ- અરે શંકર ભટ્ટ, આ કાંઈ ઇંદ્રજાળ નથી. આ મારો સ્વભાવગત ધર્મ છે. આ મારી દિવ્ય પ્રકૃતિ છે. મારા સંકલ્પથી જ ભૂમિ આકાશ થાય છે. મારા સંકલ્પ અનુસાર બ્રહ્મા સૃષ્ટિનું નિર્માણ કરે છે. તે સમયે વિવિધ વ્યક્તિત્વોનું નિર્માણ થાય છે. અદૃશ્ય રહેતી પ્રાકૃતિક શક્તિ સાકાર થાય છે. સગુણરૂપી સૃષ્ટિ વ્યક્તિરૂપે સાકાર થાય છે.

હું બ્રહ્મસ્વરૂપ જ છું એટલે બ્રહ્માની પ્રેરણા જ છું. આ સૃષ્ટિમાં જીવોનું પાલનપોષણ કરવું તે વિષ્ણુસ્વરૂપ કાર્ય છે.

તે વિષ્ણુને પ્રેરણા આપનાર મહાવિષ્ણુ હું જ છું. સરસ્વતી અને મહાસરસ્વતી બંને ભિન્ન છે. સરસ્વતી સૃષ્ટિની જ્ઞાનદેવતા છે. તે જ્ઞાનદેવતાસ્વરૂપ સરસ્વતીને પ્રેરણા આપનાર મહાસરસ્વતી દેવતા છે અને તે અનઘાસ્વરૂપ જ છે. સૃષ્ટિની સ્થિતિ, કારણ, વસ્તુઓની સમૃદ્ધિ, ધનસમૃદ્ધિ એ લક્ષ્મીમાતાનાં સ્વરૂપો છે. મહાલક્ષ્મી, લક્ષ્મીના સ્વરૂપને પ્રેરણા અને શક્તિ દેનારું અનઘાસ્વરૂપ જ છે. સૃષ્ટિનું શક્તિસ્વરૂપ કાલિકાસ્વરૂપ જ છે. મહાકાલિ એ કાલિસ્વરૂપની પ્રેરણા છે. તે શક્તિ આપનાર અનઘાસ્વરૂપ જ છે.

: અનઘાલક્ષ્મીનું સ્વરૂપ :

અનઘાલક્ષ્મીનો અનઘ એટલે મારું દત્તસ્વરૂપ છે. મહાસરસ્વતી, મહાલક્ષ્મી અને મહાકાળી આ ત્રણેનું સંયુક્ત એક વિશિષ્ટ દિવ્ય માતૃત્વસ્વરૂપ એટલે જ અનઘાલક્ષ્મીનો આવિર્ભાવ. આ જ કારણથી મહાસરસ્વતી, મહાકાળી અને મહાલક્ષ્મી ત્રણે રૂપો સંયુક્તરૂપે ધારણ કરેલી તાદાત્મ્ય સ્થિતિનું સ્વરૂપ અનઘાલક્ષ્મી છે. આ ત્રણે દેવતાઓની આધારરૂપ અને અતીત દિવ્યશક્તિ છે. મારું અનઘસ્વરૂપ એટલે બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર ત્રણેએ સંયુક્ત થઈ તાદાત્મ્ય સ્થિતિ ધારણ કરી. આ ત્રણેની આધારરૂપ ત્રિશક્તિરૂપિણી અનઘાને મારા ડાબા ભાગે ધારણ કરેલી છે. તે મારું શક્તિસ્વરૂપ છે, તેને ધ્યાનમાં રાખ.

ત્રેતાયુગમાં "સાવિત્રીકાઠક યજન" યજ્ઞના ફળસ્વરૂપે મારો ભવ્ય, દિવ્ય એવો અર્ધનારીશ્વર સ્વરૂપના આધારે જ પીઠિકાપુરમ્માં શ્રીપાદશ્રીવલ્લભરૂપે અવતાર થયો. અત્યારે તમે જે સ્વરૂપ જુઓ છો તે સ્વરૂપ મહાલક્ષ્મી, મહાવિષ્ણુનું જ સ્વરૂપ છે. મહાસરસ્વતી, મહાલક્ષ્મી અને મહાકાળી એ ત્રણેનું ચૈતન્ય પદ્માવતીદેવીમાં સમાયેલું છે. તેનું સ્વરૂપ માત્ર મહાલક્ષ્મીનું જ છે. પરંતુ, શક્તિ ત્રણેની છે. આ પ્રમાણે પદ્માવતીદેવી ત્રણે શક્તિનો આધાર, અતીત એવી પરાશક્તિ સ્વરૂપ જ છે.

શ્રીવેંકટેશ્વરનું રૂપ એટલે બૃહદાકાર બ્રહ્માને, વિરાટરૂપી વિષ્ણુને, પ્રલયકાલ રુદ્રને એટલે જ મહાકાલને પોતાના દિવ્ય ચૈતન્યમાં લીલાથી ધારણ કરી, તેમનો જ આધાર અને અતીત રહેલું પરબ્રહ્મનું સ્વરૂપ જ છે. શ્રીપાદશ્રીવલ્લભ એટલે જ માયારૂપી શ્રીપદ્માવતી વેંકટેશ્વર જ અર્ધનારી સ્વરૂપમાં છે તેમ સમજ.

શ્રીપાદપ્રભુનું આ વક્તવ્ય સાંભળ્યા પછી મેં કહ્યું:- "ગુરુ સાર્વભૌમનો જયજયકાર હો. આપ એક વખત પોતાને શ્રીપદ્માવતી વેંકટેશ છું એમ કહો છો. થોડા સમય પછી હું અનઘાલક્ષ્મીસહિત અનઘ છું એમ કહો છો. મારી મંદ બુદ્ધિને તે સમજાતું નથી. આપ મારા પર કૃપા કરી તે વિશે પ્રકાશ પાડો." તે સમયે દીનાનાથ સદ્‌ગુરુ શ્રીપાદપ્રભુએ કહ્યું:- મહાલક્ષ્મી અને પદ્માવતી એ મૂળતઃ એક જ તત્ત્વ છે. તે જ્યારે મહાલક્ષ્મી તત્ત્વ સ્વીકારે છે ત્યારે મારામાંથી વિષ્ણુતત્ત્વનો પ્રાદુર્ભાવ થાય છે. તે જ્યારે પદ્માવતીનું તત્ત્વ સ્વીકારે છે ત્યારે મારામાંથી પ્રભુ વેંકટેશ્વર તત્ત્વનો આવિર્ભાવ થાય છે. જ્યારે જ્યારે સગુણ સાકાર તત્ત્વોનો આવિર્ભાવ થાય છે, તે તે તત્ત્વોની મર્યાદા, તેમના આધાર આદિ બાબતોનું અચૂક પાલન કરવું પડે છે.

મારી આ દિવ્ય ભગિની, આ મહાશક્તિ કૃષ્ણાવતારમાં યોગમાયાના રૂપે અવતરી. તે પોતાનું કાર્ય સમાપ્ત થતાં અંતરિક્ષમાં ગુપ્ત થઈ. આજે તે જ શ્રેષ્ઠ, તપસંપન્ન એવા યોગી, મુનિ, મહર્ષિ આદિની ઘોર તપસ્યાથી વાસવીકન્યકારૂપે પ્રગટ થઈ છે.

કેટલાંક વિશિષ્ટ કારણોને લીધે મારે પીઠિકાપુરમ્‌માં અવતાર લેવો પડ્યો. જે નજરે દેખાય તેને જોતા રહેવું. મારું અવતારતત્ત્વ દિવ્ય વિનોદી લીલા કરવા માટે જ છે, તે તમને સમજાયું જ હશે. શ્રીપાદપ્રભુએ વધુમાં કહ્યું:- હે શંકર ભટ્ટ, આ પંચદેવ પહાડ પર ઘટેલી લીલાઓને, જોયેલાં દૃશ્યોને જે રીતે અનુભવ્યા તેવા જ શબ્દોમાં તેનું વર્ણન ચરિતામૃતમાં કરજે. તે ભવિષ્યના ભક્તોને આહ્લાદક, સ્ફૂર્તિદાયક ઠરશે. અનેક શંકા, કુશંકાઓનું સમાધાન તેમાં મળશે. સાધકોને આ ગ્રંથ દ્વારા અને લીલાપ્રસંગો વડે ભક્તિમાર્ગ સુલભ થશે.

આ વક્તવ્ય પછી શ્રીપાદપ્રભુની વાણીએ વિરામ લીધો. અમે આશ્ચર્યચકિત થઈ તેમને નીરખી જ રહ્યા હતા, તેટલામાં શ્રીપાદપ્રભુનું સ્વરૂપ દિવ્ય તેજથી ચમકવા લાગ્યું. તે દિવ્ય તેજમાં જ શ્રીપદ્માવતીદેવીનો, શ્રીવેંકટેશ્વર ભગવાનનો આવિર્ભાવ થયો.


॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૨૮ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋

પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રીમદ્ સદ્‌ગુરુ શ્રીવાસુદેવાનંદસરસ્વતી સ્વામીમહારાજ, માણગાંવ



❋ ચિત્તસ્થૈર્યકર સ્તોત્ર ❋

અનસૂયાત્રિસંભૂત દત્તાત્રેય મહામતે ।
સર્વદેવાધિદેવ ત્વં મમ ચિત્તં સ્થિરીકુરુ .....॥ ૧ ॥

શરણાગતદીનાર્ત-તારકાખિલકારક ।
સર્વચાલક દેવ ત્વં મમ ચિત્તં સ્થિરીકુરુ ..॥ ૨ ॥

સર્વમંગલમાંગલ્ય સર્વાધિ-વ્યાધિ-ભેષજ ।
સર્વસંકટહારિન્ ત્વં મમ ચિત્તં સ્થિરીકુરુ .....॥ ૩ ॥

સ્મર્તૃગામી સ્વભક્તાનાં કામદો રિપુનાશનઃ।
ભુક્તિમુક્તિપ્રદઃ સ ત્વં મમ ચિત્તં સ્થિરીકુરુ .॥ ૪ ॥

સર્વપાપક્ષયકરસ્ તાપદૈન્યનિવારણઃ ।
યોઽભીષ્ટદઃ પ્રભુ સ ત્વં મમ ચિત્તં સ્થિરીકુરુ .....॥ ૫ ॥

ય એતત્ પ્રયતઃ શ્લોક-પંચકં પ્રપઠેત્ સુધીઃ ।
સ્થિરચિત્તઃ સ ભગવત્કૃપાપાત્રં ભવિષ્યતિ.॥ ૬ ॥

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૨૯

શ્રીપાદશ્રીવલ્લભનો દિવ્ય ઉપદેશ

અમે કુરુગડ્ડીમાં શ્રીપાદપ્રભુનાં દર્શન કરી તેમની આજ્ઞાથી તેમની સમીપ બેઠા, ત્યારે શ્રીપાદપ્રભુએ કહ્યું:- અનન્ય ભાવથી મારે શરણ આવનાર સાધકોનું હું હંમેશાં રક્ષણ કરું છું. હે શ્રોતાઓ (અને ગ્રંથવાચકો), આ દેશકાળ મારા હાથના દડા જેવો છે. ક્યાં પણ થનારી, ભૂતકાળમાં ઘટેલી અને ભવિષ્યકાળમાં થનાર ઘટનાઓને હું બદલી શકું છું. હું દેશકાળનો શાસનકર્તા છું.

તમારામાં સ્થિત ચૈતન્ય-સંસ્કારના પ્રકાર અનુસાર તમને મારા વિશે જ્ઞાન થશે. સર્વધર્મનો પરિત્યાગ કરી, તમારા અંતરમાં અંતર્યામીરૂપમાં રહેતા મને અનન્ય ભાવથી શરણે આવવાથી, મારા આદેશ અનુસાર કર્મોનું પાલન કરવાથી, હું તમારો સર્વ ભાર વહન કરી તમને જીવન્મુક્ત કરીશ.

કેવળ મારા શબ્દ વડે હું સૃષ્ટિનું સંચાલન કરતો હોવાથી હું જ સરસ્વતીસ્વરૂપે પ્રસિદ્ધ થઈશ. કલિયુગમાં માનવ હિરણ્યકશ્યપુ જેવો જ હશે. તેમની સમસ્યા, ભાવના અને આચાર-વિચાર- બધી જ બાબતો અત્યંત કઠણ પ્રકારની હશે. તેમને પ્રકૃતિવિજ્ઞાનના અનેક સંશોધનોમાં સફળતા મળી હિરણ્યકશ્યપુ જેવું વરદાન પણ સૃષ્ટિમાતા તરફથી મળશે. પરંતુ, મારે પ્રહ્લાદ જેવા નિષ્પાપ, નિરપરાધ ભક્તોના સંરક્ષણ માટે નરસિંહનો અવતાર લેવો પડશે. તે માટે હું નૃસિંહસરસ્વતી નામરૂપથી હજુ એક દિવ્ય અવતાર લઈ ગંધર્વપુર (ગાણગાપુર) નગરમાં પ્રસિદ્ધ થઈશ.

આટલું કહીને શ્રીપાદપ્રભુ ધ્યાનસ્થ થયા અને તેમણે અમને પણ ધ્યાનમાં બેસવા કહ્યું.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૨૯ સમાપ્ત ॥



અઘોરકષ્ટોદ્ધરણસ્તોત્રમ્ ।

શ્રીપાદશ્રીવલ્લભ ત્વં સદૈવ, શ્રીદત્તાસ્માન્ પાહિ દેવાધિદેવ ।
ભાવગ્રાહ્ય ક્લેશહારિન્ સુકીર્તેઽઘોરાત્ કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ।।૧।।

ત્વં નો માતા ત્વં પિતાઽઽપ્તોઽધિપસ્ત્વં ત્રાતા યોગક્ષેમકૃત્સદ્ગુરુસ્ત્વમ્ ।
ત્વં સર્વસ્વં નોઽપ્રભો વિશ્વમૂર્તેઽઘોરાત્ કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ।।૨।।

પાપં તાપં વ્યાધિમાધિં ચ દૈન્યં ભીતિં ક્લેશં ત્વં હરાશુ ત્વદન્યમ્ ।
ત્રાતારં નો વીક્ષ ઈંશાસ્તજૂર્તેઽઘોરાત્ કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ।।૩।।

નાન્યસ્ત્રાતા નાપિ દાતા ન ભર્તા ત્વત્તો દેવ ત્વં શરણ્યોઽકહર્તા ।
કુર્વત્રેયાઽનુગ્રહં પૂર્ણરાતેઽઘોરાત્ કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ।।૪।।

ધર્મે પ્રીતિં સન્મતિં દેવભક્તિં સત્સંગાપ્તિં દેહિ ભુક્તિં ચ મુક્તિમ્ ।
ભાવાસક્તિં ચાખિલાનંદમૂર્તેઽઘોરાત્ કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ।।૫।।

શ્લોકપંચકમેતદ્યો લોકમંગલવર્ધનમ્ ।
પ્રપઠેન્નિયતો ભક્ત્યા સ શ્રીદત્તપ્રિયો ભવેત ।।૬।।

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૩૦

શ્રીપાદશ્રીવલ્લભ મહાસંસ્થાનના નિર્માણની શ્રીપાદપ્રભુ દ્વારા ભવિષ્યવાણી

નાથસંપ્રદાય અનુસાર જીવ ચોસઠ શાબર તંત્રનો ઉપયોગ કરી, પરમેશ્વર સાથે તાદાત્મ્ય પામી પોતાનો ઉદ્ધાર કરી લે છે. નાથસંપ્રદાયના આદિગુરુ દત્તાત્રેય ભગવાન જ છે. આપણી સમક્ષ બિરાજમાન શ્રીપાદશ્રીવલ્લભ એ સાક્ષાત્ દત્તાત્રેય જ છે. ચોપાટમાં ૬૪ ઘર હોય છે. શ્રી મહાવિષ્ણુ, મહાલક્ષ્મી સાથે વૈકુંઠમાં ચોપાટનો દાવ રમે છે. તેનો ગૂઢાર્થ એ જ કે ૬૪ યોનિઓમાં રહેતા વિભિન્ન જીવોનાં જીવનકાર્યો તેમજ કર્મફળ અને તેની પરિણામગત ક્રિયાઓનું સાક્ષાત્ દર્શન કરે છે. જે-તે જીવનાં કર્મફળ આધારે તેમના પર અનુગ્રહ કરે છે.

: દિવ્ય માનવ થવા માટે આવશ્યક યોગ્યતા :

માનવની આધ્યાત્મિક સ્થિતિ પર તેમની ઉન્નતિનો વેગ આધાર રાખે છે. પ્રત્યેક જીવની દિવ્યાત્મા થવાની આકાંક્ષા હોય છે. આ માર્ગે અગ્રેસર થવા યોગપદ્ધતિ, મંત્રજપ, યજ્ઞયાગાદિ કર્મ, ધર્મકાર્ય સંપન્ન કરવું, ઇત્યાદિ પદ્ધતિઓનો આધાર લઈ શરીરની આત્મજ્યોતિને પ્રકાશમય કરવી જોઈએ. આ પ્રકાશ પર નાડીશુદ્ધિ અવલંબે છે. નાડીશુદ્ધિના સ્તર પર મનુષ્યને વિવિધ શારીરિક, માનસિક, આધ્યાત્મિક શક્તિઓ પ્રાપ્ત થાય છે. તે તે શક્તિઓનો વિકાસ થાય એટલે સાધકોને પોતે કરેલાં ધાર્મિક કર્મો અનુસાર દેવાનુગ્રહ પ્રાપ્ત થાય છે.


શ્રીપાદપ્રભુએ વધુમાં કહ્યું:- હે શંકર ભટ્ટ, ભવિષ્યમાં મારું મહાસંસ્થાન શ્રી પીઠિકાપુરમ્માં મારા જન્મસ્થળે જ નિર્માણ થશે. શ્રી પીઠિકાપુર, શ્યામલાંબાપુર અને વાયસપુર અગ્રહાર આ ત્રણે ભળીને એક મહાનગર બનશે. મારા દેવસ્થાનનું દર્શન કરવા કીડીઓની જેમ ભક્તો ઉભરાશે. કલિયુગમાં અનેક આશ્ચર્યો થશે. વસિષ્ઠ મહામુનિના અંશ થકી જન્મેલો એક સાધક શ્રીપાદશ્રીવલ્લભના પૂજારી તરીકે નિમણૂક પામશે. તેની સાથે હું કેટલી દિવ્ય લીલાઓ કરીશ તેની કોઈ સીમા નથી. ક્ષણે ક્ષણે દિવ્ય લીલા અને દિવ્ય વિનોદ ચાલતાં જ રહેશે. આ પ્રમાણે કહીને શ્રીપાદપ્રભુએ મંદહાસ્ય કર્યું. તેને જોવા માટે હજારો જન્મો પણ અપૂરતા જ રહે.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૩૦ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋


પૂજય શ્રીરંગ અવધૂત ગુરુમહારાજ, નારેશ્વર
મોહે દત્ત દરસકી આસ,
કોઈ મિલાવો રે!

द्रां दत्तात्रेयाय नमः






પૂ.શ્રી સીતારામ મહારાજ ટેંબે




પૂ.શ્રી સ્વામી સમર્થ અક્કલકોટ



પૂ.શ્રી શિવાનંદ ટેંબે સ્વામી




પૂ.શ્રી દત્ત મહારાજ અષ્ટે
(શ્રી દિવાણ મહારાજ)





પૂ.શ્રી બ્રહ્મચારી મહારાજ
(શ્રી લંગડે સ્વામી)



પૂ.શ્રી પ્રદ્યુમ્નસરસ્વતી સ્વામી
(શ્રીમદ્ મૌની સ્વામી)

પ. પૂ. શ્રી વાસુદેવાનંદસરસ્વતી સ્વામીમહારાજ



• શ્રી લંગડે સ્વામી
• શ્રી સચ્ચિદાનંદસ્વામી • શ્રી કુંભારસ્વામી



શ્રી યતિ મહારાજ

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૩૧

દશ મહાવિદ્યાઓનું વર્ણન

અમે રોજ સાંજે શ્રીપાદપ્રભુની આજ્ઞાથી કૃષ્ણા નદીના આ કિનારે આવી, અહીં જ રહેતા. સવાર થતાં જ સ્નાન, સંધ્યાથી પરવારી શ્રીપાદપ્રભુના સાંનિધ્યમાં જતા. આ પ્રકારના અલભ્ય સત્સંગમાં શ્રીપ્રભુનું પ્રસાદરૂપી દર્શન થતું, નિત્ય નૂતન યોગાનુભવ થતો અને દિવ્ય રહસ્યોનું ઉદ્‌ઘાટન થતું. દેવી તત્ત્વની ઉપાસના દશ મહાવિદ્યારૂપે જ થાય છે તેમ અમે સાંભળ્યું હતું. આ દશ મહાવિદ્યારૂપોની સંપૂર્ણ માહિતી આપવા શ્રીચરણે નમ્ર પ્રાર્થના કરી. શ્રીપાદપ્રભુએ કહ્યું:- શંકર ભટ્ટ, શ્રીવિદ્યાની ઉપાસના અત્યંત શ્રેષ્ઠ છે. પુરાતન કાળમાં હયગ્રીવ (વિષ્ણુના અવતાર)ની કૃપાથી અગત્સ્ય ઋષિને શ્રીવિદ્યાનું જ્ઞાન થયું. તેમણે આ વિદ્યા પોતાની પત્ની લોપામુદ્રાને આપી. લોપામુદ્રાએ આ વિદ્યાનો સઘન અભ્યાસ કરી તેનો ગૂઢાર્થ (રહસ્ય) અગસ્ત્ય ઋષિને કહ્યો. આ રીતે તેઓ પરસ્પર એકબીજાના ગુરુ થયા.

: લોપામુદ્રા અને અગત્સ્ય ઋષિનું ચરિત્ર :

વિદર્ભ દેશના રાજાને ઘણાં વર્ષો સુધી સંતાનપ્રાપ્તિ ન થઈ. અગત્સ્ય ઋષિના તપોબળથી રાજાને એક કન્યારત્ન પ્રાપ્ત થયું. તે કન્યાનું નામ લોપામુદ્રા રાખવામાં આવ્યું. લોપામુદ્રા કાળાંતરે ઉપવર થઈ ત્યારે અગસ્ત્ય ઋષિએ લગ્ન માટે કન્યાની માગણી કરી. વર અને વધૂ વચ્ચેની ઉંમરમાં ખાસ્સો તફાવત જોતાં રાજા વિચારમાં પડ્યો. કુમળી વયની કન્યાનો વિવાહ એક વૃદ્ધ મુનિ સાથે કેવી રીતે કરવો તે વિશે રાજા ચિંતામાં હતો. છેવટે તે વિશે તેણે પોતાની કન્યાનો વિચાર જાણવા પ્રયત્ન કર્યો.

કન્યાએ એક પણ ક્ષણનો વિલંબ ન કરતાં જવાબ આપ્યોઃ- પિતાજી, અગસ્ત્ય ઋષિ માટે જ મારો જન્મ થયો છે. હું તેમની સાથે જ લગ્નગ્રંથીથી જોડાઈશ. રાજાએ બંનેની સંમતિ જોઈ તેમનું લગ્ન કર્યું.

રાજકન્યા લોપામુદ્રા રાજમહેલનો ત્યાગ કરી વલ્કલ પરિધાન કરી, અગસ્ત્ય મુનિ સાથે તપ કરવા વનમાં ગઈ. કાળાંતરે અગસ્ત્ય ઋષિએ લોપામુદ્રા સાથે શાસ્ત્રવિહિત શરીરસંગ કરવા ઈચ્છા વ્યક્ત કરી. લોપામુદ્રાએ જવાબ આપ્યોઃ- નાથ, હું લલિતા (દેવી) સ્વરૂપની ઉપાસના કરી લલિતાસ્વરૂપ જ થઈ છું. આપ પણ શિવોપાસના કરી શિવરૂપ થશો પછી જ તમારી ઈચ્છા પૂર્ણ કરીશ. અગસ્ત્ય ઋષિએ ઘોર તપસ્યા કરી શિવસ્વરૂપ પ્રાપ્ત કર્યું. તે પછી ઋષિએ લોપામુદ્રા પાસે પોતાની ઈચ્છા દોહરાવી.

લોપામુદ્રાએ પતિને કહ્યુંઃ- હે નાથ, મેં એક રાજકુટુંબમાં જન્મ લીધો છે. આથી ક્ષત્રિયને શોભે તે રીતે ધન, આભૂષણો, રેશમી વસ્ત્રો, સુગંધી દ્રવ્યો અને ઇતર ઉપભોગ્ય વસ્તુઓ વગર મારી સાથે સંગ કરવો યોગ્ય નથી. આથી, આ સર્વ વસ્તુઓ તમે એકઠી કરો તેમજ તમારા માટે રેશમી કિંમતી વસ્ત્રો લાવો. આ બધી વસ્તુઓ લાવ્યા પછી જ તમારી ઈચ્છા પૂરી થશે.

ધન સંપાદન કરવા અગસ્ત્ય ઋષિ ઈલ્વલ નામના રાક્ષસ પાસે ગયા. તેને પોતાની માયા વડે પોતાનો બનાવી તેની પાસેથી ધન, દાગીના, વસ્ત્રો, આભૂષણો મેળવી અગત્સ્ય ઋષિએ પોતાના તપોબળથી સમગ્ર સમુદ્રને પોતાના કમંડલુમાં ભરી લીધો અને તેને પી ગયા. અગસ્ત્ય ઋષિએ વિંધ્ય પર્વતના ગર્વનું હરણ કર્યું હતું. દક્ષિણ ભારતમાં હજુ પણ અગસ્ત્ય ઋષિને એક મહાન સિદ્ધપુરુષ માનવમાં આવે છે. ઘણે સ્થળે તેમનાં મંદિરો આવેલાં છે. શ્રીપાદપ્રભુએ કહ્યુંઃ- હું જ્યારે કલ્કિ અવતાર લઈશ ત્યારે પરશુરામની જેમ જ તેમને ગુરુસ્થાન આપીશ.

: દશ મહાવિદ્યા :

શ્રીપાદપ્રભુએ કહ્યુંઃ- "કાલી" એ દસ મહાવિદ્યાનું પ્રથમ રૂપ છે. "મહાકાલી" આ સમસ્ત વિદ્યાની આદિદેવતા છે. તેની

વિદ્યામય વિભૂતિને જ મહાવિદ્યા કહે છે. એક સમયે હિમાલયમાં માતંગ ઋષિના આશ્રમે સર્વ દેવતાઓએ મહામાયાની સ્તુતિ કરી. તે સમયે અંબિકાએ "મતંગવનિતા" સ્વરૂપમાં દર્શન આપ્યાં. તેનો વર્ણ કાજળ જેવો શ્યામ હોવાથી તેનું નામ "કાલિકા" પડ્યું. તેણે શુંભ-નિશુંભ રાક્ષસનો વધ કર્યો. તેનો વર્ણ કાળાશ પડતા આકાશી (નીલ) રંગનો હોવાથી તેનું નામ "તારા" પણ છે. કોઈ પણ સંકલ્પ અથવા ફળીભૂત ન થયેલી યોગસાધના અલ્પકાળમાં ધ્યેય પૂર્તિ તરફ પહોંચે તે માટે કાલીમાતાની ઉપાસના કરવામાં આવે છે. આ સાધનાકાળ દરમ્યાન કાલીમાતાના સાધકના શરીરને અત્યંત દાહ થાય છે. તે દાહને સાધકે સહન કરવો પડે છે. આ સાધનાકાળ દરમ્યાન કાલીમાતાની ઉપાસના કરવામાં આવે છે.

દશ મહાવિદ્યાનું બીજું રૂપ "તારા" દેવીનું છે. આ માતા મોક્ષદાયિની, સર્વ પ્રકારનાં દુઃખોમાંથી તારનારી હોવાથી જ તે "તારા" નામથી પ્રખ્યાત થઈ. આ દેવીનું બીજું નામ "નીલ સરસ્વતી" પણ છે. ભયંકર વિપત્તિમાંથી તે ભક્તોનું રક્ષણ કરનારી હોવાથી યોગીજનો તેની અગ્રતારા સ્વરૂપમાં આરાધના કરે છે. વસિષ્ઠ મહર્ષિએ પણ તારાદેવીની ઉપાસના કરી હતી. ચૈત્ર સુદ નોમની રાત્રીને "તારારાત્રી" કહે છે.

દશમહાવિદ્યાનું ત્રીજું રૂપ "છિન્નમસ્તકા" દેવીનું છે. આ અત્યંત ગોપનીય એવું રૂપ છે. એક વખત આ દેવી પોતાની સખીઓ સાથે મંદાકિની નદી પર સ્નાન માટે ગઈ. તેના દ્વારપાળોએ ભોજન વિશે પૂછતાં તેણે તલવાર પડે પોતાનો જ શિરચ્છેદ કર્યો. તેનું શિર ડાબા હાથમાં આવી પડ્યું. તેના ધડમાંથી રક્તધારાઓ નીકળી. બે રક્તધારોઓને બે સખીઓએ પ્રાશન કરી જ્યારે ત્રીજી રક્તધારા દેવીના મસ્તકે પ્રાશન કરી. તે દિવસથી આ દેવીનું નામ છિન્નમસ્તકા પડ્યું. હિરણ્યકશ્યપુ આદિ દાનવ આ દેવીના ઉપાસક હતા.

દશ મહાવિદ્યાઓનું ચોથું રૂપ "ષોડશી મહેશ્વરી" છે. આ દેવીનું અંતઃકરણ માખણ જેવું મુલાયમ હોઈ તે અત્યંત દયાવાન છે. આ દેવીના આશ્રયે ગયેલા સાધકોને જ્ઞાનપ્રાપ્તિ ત્વરિત થાય છે. વિશ્વના સકલ મંત્ર-તંત્રના નિર્માણકર્તાઓ આ દેવીના જ

ઉપાસક હોય છે. આ ષોડશીમહેશ્વરી દેવીનું વર્ણન વેદો પણ કરી શક્યા નથી અને "નેતિ, નેતિ" એમ કહી શાંત થયા. આ પ્રસન્નવદના માતા ભક્તોના સકલ મનોરથો પૂર્ણ કરે છે. આ ભગવતીની ઉપાસનાથી ભોગ અને મોક્ષ બંનેની પ્રાપ્તિ થાય છે.

દશ મહાવિદ્યાઓ પૈકી પાંચમું રૂપ ભુવનેશ્વરી દેવીનું છે.* સપ્તકોટિ મહામંત્ર આ દેવીના ઉપાસક છે. આ દેવીની કાલિતત્ત્વથી શરૂ કરી કમલાતત્ત્વ સુધીની દસ અવસ્થાઓ હોય છે. તેમાંથી અવ્યક્ત ભુવનેશ્વરી વ્યક્ત થઈ બ્રહ્માંડનું રૂપ ધારણ કરી શકે છે. પ્રલયકાળે કમળથી એટલે કે વ્યક્ત જગતથી ક્રમે ક્રમે લય પામી કાલી એ મૂળ સ્વરૂપમાં પરિવર્તન પામે છે. માટે આ દેવીને કાળની જન્મદાત્રી પણ કહે છે.

દશ મહાવિદ્યાઓ પૈકી છઠ્ઠું રૂપ "ત્રિપુરભૈરવી"નું છે. મહાકાળને શાંત કરી શકનાર આ શક્તિસ્વરૂપને જ "ત્રિપુરભૈરવી" કહે છે.**

અભિન્ન શક્તિ છે તેમ શાસ્ત્રોમાં વર્ણન છે. સૃષ્ટિમાં પરિવર્તનની પ્રક્રિયા હંમેશાં ચાલુ જ હોય છે. આ પ્રક્રિયામાં આકર્ષણ અને અપાકર્ષણ (વિકર્ષણ) આ બે મૂળ કારણસ્વરૂપ હોય છે. આ પ્રત્યેક ક્ષણે થનારી ક્રિયા છે. આ ત્રિપુર ભૈરવીની રાત્રીનું નામ કાલરાત્રી અને ભૈરવનું નામ કાળભૈરવ છે. આ બંનેના સંયુક્ત સ્વરૂપથી જ મારો આગામી નૃસિંહસરસ્વતી અવતાર થવાનો છે. આ અવતાર મહાયોગીઓ માટે ત્રિપુરભૈરવી અને કાલભૈરવનાથનો અવતાર માનવામાં આવશે.

દશ મહાવિદ્યાઓ પૈકી સાતમું રૂપ ધૂમ્રાવતી છે. આ ધૂમ્રાવતી એ ઉગ્રતારા જ છે. આ દેવીને શરણે જનાર સાધકોનાં સમગ્ર સંકટો નષ્ટ થઈ તેની કૃપાથી સમગ્ર સંપત્તિ પ્રાપ્ત થાય છે.

દશ મહાવિદ્યાઓ પૈકી આઠમું રૂપ "બગલામુખી દેવી"નું છે. ઐહિક, પારલૌકિક, દેશ, સમાજના અનિષ્ટ નિવારણ માટે

---

* ગુજરાતમાં ગોંડલમાં આ દેવીનું મંદિર આવેલું છે. ** "ગંગાલહરી" કાવ્ય લખનાર કવિ જગન્નાથ પંડિતને હેરાન કરવા તેમના વિરોધીઓએ છિન્નમસ્તક દેવીના સાધક દ્વારા પ્રયત્ન કર્યો હતો. પરંતુ જગન્નાથ પંડિતને કોઈ હાનિ પહોંચી ન હતી. મોગલ બાદશાહ અકબરના સમયની આ વાત છે.

તેમજ શત્રુ નાશ માટે આ દેવીની ઉપાસના કરવામાં આવે છે. વિષ્ણુ ભગવાન, પરશુરામ આ દેવીના ભક્ત હતા. શ્રી તિરુમલાક્ષેત્રના શ્રીવેંકટેશ્વર ભગવાને આ દેવીની માતા સ્વરૂપે આરાધના કરી હતી.

દશ મહાવિદ્યાઓ પૈકી નવમું રૂપ "માતંગી" માતાનું છે. મનુષ્યના ગૃહસ્થ જીવનને સુખી કરી પુરુષાર્થ સિદ્ધ કરવા માટે શક્તિ માતંગી માતા આપે છે. આ દેવીને માતંગ ઋષિની કન્યા પણ માનવામાં આવે છે.

દશ મહાવિદ્યાઓ પૈકી દસમું રૂપ "કમલાલયા" માતાનું છે. આ દેવી સુખ, સમૃદ્ધિ પ્રદાન કરનાર દેવતા છે. ભાર્ગવ મુનિએ આ માતાની આરાધના કરી હતી. આથી તે ભાર્ગવી નામથી પણ પ્રખ્યાત છે. આ દેવીની કૃપાથી પૃથ્વીને પતિત્વ તેમજ પુરુષોત્તમત્વ આ બંનેનો લાભ થાય છે. આ જ દેવી શ્રીવેંકટેશ્વર ભગવાન સાથે પદ્માવતી સ્વરૂપે તિરુમલા ક્ષેત્રમાં હોય છે.

શ્રીપાદપ્રભુએ વધુમાં કહ્યું:- દશ મહાવિદ્યા સ્વરૂપિણી અનઘાદેવી અને તેના પ્રભુ અનઘ (એટલે સાક્ષાત્ દત્ત ભગવાન)ની અર્ચના કરતાં અષ્ટ સિદ્ધિની પ્રાપ્તિ થાય છે. પ્રત્યેક મહિનાની વદ આઠમના રોજ અનઘાષ્ટમી માનીને અનઘામાતાની પૂજા-અર્ચા કરવી. આ પ્રમાણે આરાધના કરવાથી સર્વ મનોકામના પૂર્ણ થાય છે. શ્રીપાદપ્રભુએ કહ્યું:- હે શંકર ભટ્ટ, તેં રચેલા "શ્રીપાદશ્રીવલ્લભ ચરિત્રામૃત"નું પારાયણ કરી તે પછી આવતી શુક્લ કે કૃષ્ણ આઠમના રોજ અનઘાષ્ટમીનું વ્રત કરી અગિયાર ગૃહસ્થોને ભોજન આપવું અથવા તેમને પૂરતું સીધાનું દાન કરવું. આ પ્રકારના પારાયણથી અને અન્નદાનથી ફળપ્રાપ્તિ નિશ્ચિત થાય છે.

: ચરિત્રામૃતનો પારાયણમહિમા :

શ્રીપાદપ્રભુએ વધુમાં કહ્યું:- શ્રીચરિત્રામૃત કેવળ ગ્રંથ છે તેમ માનવું નહીં. આ એક સજીવ મહાચૈતન્યનો પ્રવાહ છે. તમે જ્યારે આ ગ્રંથનું પારાયણ કરો છો ત્યારે તેના પ્રત્યેક અક્ષરની શક્તિ મારા ચૈતન્યમાં પ્રવાહિત થાય છે. તમારી જાણ બહાર

મારી સાથે ભાવનાથી સંબંધ જોડાય છે. તેથી તમારી ધર્માનુરૂપ સર્વ ઈચ્છા મારી કૃપાથી પૂર્ણ થાય છે. આ ગ્રંથરાજને તમારા પૂજાઘરમાં ફક્ત મૂકવાથી પણ તેમાંથી શુભ સ્પંદનો નીકળતાં રહે છે. આ સ્પંદનો દુષ્ટ શક્તિને, દુર્દૈવને લાવતી શક્તિઓને નસાડી મૂકે છે.


શ્રીપાદશ્રીવલ્લભ ચરિત્રામૃતની જાણતાં કે અજાણતાં નિંદા કરવાથી નિંદા કરનાર વ્યક્તિનું પૂર્વ પુણ્યફળ ધર્મદેવતા લઈ લે છે અને યોગ્ય એવા જીવોને વહેંચી આપે છે. આ રીતે શ્રદ્ધાવંત ગરીબ ભક્ત ભાગ્યવંત થાય છે અને અશ્રદ્ધાવાન વ્યક્તિ ગરીબ થાય છે. આ ગ્રંથ અક્ષરસત્ય છે. તે માટે આ ગ્રંથ જ સ્વતઃ પ્રમાણ છે. જિજ્ઞાસુ લોકો તેની પરીક્ષા લઈ શકે છે. મનમાં કોઈ મનોકામના રાખીને ગ્રંથનું પારાયણ કરીએ તો પણ ચાલે. પોતાનું જીવન શુદ્ધ કરવા માટે અત્યંત શ્રદ્ધા ભક્તિભાવથી આ ગ્રંથનું પઠન કરવું.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૩૧ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋



પૂજય શ્રીરંગ અવધૂત ગુરુમહારાજ., નારેશ્વર

મહારોગ નિવારણ મંત્ર

રોગાભિસંકુલે દેહે નિઃસારે ભેષજે સતિ ।
ઔષધં નાર્મદં વારિ દત્તો ધન્વંતરિઃ સ્વયમ્ ॥
ભેષજં નિષ્ફલં વિદ્ધિ દત્તમેકં વિહાય યત્ ।
જન્મમૃત્યુજરાહન્તૃ દત્તનામાઽમૃતં મહત્ ॥

શ્રીરંગ અવધૂત


ॐ दत्तात्रेयाय विद्महे। योगीश्वराय धीमहि। तन्नो दत्तः प्रचोदयात् ।।
કંઇ એકમુખ, કંઇ ત્રિમુખ તું, નિર્ગુણ છતાં સાકાર હા!
ધન્ય તપ મુનિ અત્રિનું શું મૂર્તિમંત ખડું અહા!!
દ્વિભુજ કંઇ કંઇ ચાર ભુજ, કંઇ દિવ્ય ષડ્ભુજ શોભતું;
વિવિધાયુધે અવધૂત હે! તુજ રૂપ ચિદ્રસ રેડતું.

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૩૨

નવનાથવર્ણન
નવનાથનો વૃત્તાંત

શ્રીપાદશ્રીવલ્લભનાં દિવ્ય ચરણોનો સ્પર્શ કરી મેં (શંકર ભટ્ટે) તેમને પ્રશ્ન પૂછ્યોઃ- મહાપ્રભુ, નવનાથ નામથી પ્રસિદ્ધ એવા સિદ્ધ યોગીઓ બધા જ શ્રીદત્ત ભગવાનના અંશાવતાર છે, તેમ મેં સાંભળ્યું છે. તેમના વિશે સવિસ્તર માહિતી અમને આપો તેવી શ્રીચરણે નમ્ર પ્રાર્થના.

શ્રી નવનાથનું નામ સાંભળતાં જ શ્રીપાદપ્રભુના બંને નેત્રોમાંથી અમૃતવૃષ્ટિનો પ્રવાહ છલકાતો બહાર આવી રહ્યો છે તેમ અમને લાગ્યું. તેમની દૃષ્ટિમાંથી પ્રેમચૈતન્ય પ્રવાહિત થતું હતું. મહાપ્રભુ અત્યંત આનંદથી બોલ્યાઃ- શ્રોતાઓ મચ્છિંદ્ર, ગોરક્ષ, જાલંધર, ગહની, અડબંગ, ચૌરંગ, ભર્તરી, ચર્પટ અને નાગનાથ એ નવનાથ છે. તેમના સ્મરણમાત્રથી શુભ ફળ મળે છે. શ્રીદત્ત ભગવાનની અપાર કૃપા નવનાથનું સ્મરણ કરનાર પર હોય છે. કલિયુગના પ્રારંભ પહેલાં (દ્વાપરના અંતમાં) શ્રીકૃષ્ણે ઉદ્ધવ જેવા મહાન ભક્ત અને સમસ્ત યાદવો સાથે ચર્ચા કરી આ નવનાથ તરીકે ઓળખાતા નવ નારાયણનું સ્મરણ કર્યું.

ઋષભ ચક્રવર્તીને સો પુત્રો હતા. તેમાંથી નારાયણના અંશથી જન્મેલા નવ પુણ્યાત્માઓ નવનારાયણ તરીકે ઓળખાય છે. તેમનાં નામ આ પ્રમાણે છે. (૧) કવિ નારાયણ (૨) હરિ નારાયણ (૩) અંતરિક્ષ નારાયણ (૪) પ્રબુદ્ધ નારાયણ (૫) પિપ્પલાયન નારાયણ (૬) આવિર્હોત્ર નારાયણ (૭) દ્રુમિલ નારાયણ (૮) ચમસ નારાયણ અને (૯) કરભાજન નારાયણ.

આ બધા જ અવધૂત સ્થિતિમાં રહેતા સિદ્ધ પુરુષો હતા. મારી આજ્ઞાથી આ નવ નારાયણોએ ધર્મસંસ્થાપનાર્થ નવનાથના નામરૂપથી પૃથ્વી પર ફરી અવતાર ધારણ કર્યા. પ્રથમ પુત્ર કવિ નારાયણ- મચ્છિંદ્રનાથ નામથી જન્મ્યા. અંતરિક્ષ- જાલંદરનાથ નામથી જન્મ્યા. પ્રબુદ્ધ નારાયણ- જાલંદરના શિષ્યરૂપે કાનિફનાથ નામથી જન્મ્યા. પિપ્પલાયન- ચર્પટનાથ નામથી જન્મ્યા. આવિર્હોત્ર- નાગેશનાથ નામથી જન્મ્યા. દ્રુમિલ- ભર્તરિનાથ, ચમસ- રેવણનાથ નામથી જન્મ્યા. કરભાજન- ગહિનીનાથ નામથી જન્મ્યા. સૃષ્ટિ પર અનેક સ્થળે બ્રહ્મદેવનું વીર્ય પડ્યું. તે દ્વારા અનેક ઋષિઓ જન્મ લેશે તેમ વ્યાસ મહર્ષિએ તેમના "ભવિષ્યપુરાણ" ગ્રંથમાં કહ્યું છે.

ઉપરિચર નામનો એક વસુ હતો. તેણે એક વખત ઉર્વશીને જોઈ અને તેના પર અત્યંત મોહિત થયો. તે સમયે તેનું વીર્યસ્ખલન થયું અને યમુના નદીના જળમાં પડ્યું. તેને એક માછલી ગળી ગઈ. તે માછલી દ્વારા મચ્છિંદ્રનાથનો જન્મ થયો.

કામદેવ (મન્મથ)ને ભગવાન શિવે ક્રોધિત થઈ પોતાના લલાટાગ્નિથી બાળીને ભસ્મ કર્યો. તે ભસ્મમાં સૂક્ષ્મરૂપથી મન્મથ (કામદેવ)નો આત્મા હતો. બૃહદ્રથ રાજાએ જયારે યજ્ઞ કર્યો ત્યારે યજ્ઞકુંડમાંથી જાલંદરનાથનો આવિર્ભાવ થયો.

રેવા નદી એટલે આપણે જેને નર્મદા કહીએ છીએ તે. નદીમાં પડેલા બ્રહ્મવીર્યથી રેવણનાથનો જન્મ થયો. એક વખત બ્રહ્મવીર્ય એક નાગના માથા પર પડ્યું. તેને ભક્ષ્ય સમજી નાગણે ખાધું. તેનાથી તે નાગણને ગર્ભ રહ્યો. તે સમયે જનમેજય રાજાએ મોટા મોટા સર્પોનો નાશ કરવા માટે સર્પયાગ આરંભ્યો હતો. બ્રાહ્મણોના મંત્રઉચ્ચારણ સાથે સેંકડો નાગ યજ્ઞકુંડમાં પડીને ભસ્મ થતા હતા. આ ભયાનક સર્પયાગથી બચવા માટે તક્ષક કન્યાને મોટા વડની બખોલમાં આશ્રય આપવામાં આવ્યો. તે ગર્ભપિંડમાંથી આવિર્હોત્રનો જન્મ થવાનો હોવાથી તે ઇંડાને વડની બખોલમાં મૂકી તક્ષકકન્યા (નાગણ) બીજે સ્થાન જતી રહી. યથા સમયે તે ઇંડામાંથી વટસિદ્ધ નાગનાથનો જન્મ થયો.

મચ્છિંદ્રનાથ ભારતભરમાં દેશસંચાર કરતા હતા ત્યારે તેમનાં દર્શન કરવા અનેક લોકો આવતા. એક વાંઝણીએ પોતે

નિઃસંતાન હોવાનું કહી કૃપા કરવા મચ્છિંદ્રનાથને વિનંતી કરી. મચ્છિંદ્રનાથે તે માટે વિભૂતિ મંત્રીને આપી. પરંતુ, પાછળથી તે સ્ત્રીને અશ્રદ્ધા ઉત્પન્ન થવાથી તેણે તે મંત્રવિભૂતિ ઉકરડામાં ફેંકી દીધી. તે મંત્રવિભૂતિની અમોઘ શક્તિથી તેમાંથી ગોરક્ષનાથનો જન્મ થયો.

પાર્વતીના વિવાહ સમયે ગોરપદું કરનાર બ્રહ્મદેવ પાર્વતીનું અપ્રતીમ સૌંદર્ય જોઈ તેના પર મોહિત થયા અને તેમનો વીર્યસ્રાવ થયો. આનાથી તેમને ખૂબ જ લજ્જા આવી અને તેમણે તે વીર્ય જાંઘ પર લૂછી નાખ્યું. તે વીર્યના સાઈઠ હજાર ભાગ થયા અને તેમાંથી વાલખિલ્ય નામથી સાઈઠ હજાર ઋષિઓ જન્મ્યા. તેમાંથી થોડો અંથ વધ્યો હતો. તેને કચરો સમજી ભાગીરથી નદીમાં ફેંકવામાં આવ્યો. તે કચરો નદીકિનારાના ઘાસમાં ફસાઈ ગયો. તેમાં પિપ્પલાયનના આત્માએ પ્રવેશ કર્યો અને ચર્પટનાથનો જન્મ થયો.

કોલિકમુનિએ પોતાની પર્ણકુટીમાંથી બહાર જતાં પોતાનું ભિક્ષાપાત્ર પર્ણકુટીની બહાર મૂક્યું. તે જ સમયે સૂર્યનું તેજ તે પાત્રમાં પડ્યું. તે મુનિએ પણ જાણ્યું. તેમણે તે પાત્ર સંભાળીને રાખ્યું. ભર્તરિનો અર્થ ભિક્ષાપાત્ર એમ થાય છે. તે પાત્રમાંથી એક નવા યોગીનો જન્મ થયો. તેમનું નામ ભર્તરીનાથ પાડ્યું.

હિમાલયના ઘનઘોર જંગલમાં એક હાથી નિદ્રાવશ હતો. એક દિવસ બ્રહ્મદેવ સરસ્વતી પર મોહિત થયા અને તેમનું વીર્ય દ્રવ્યું. તે વીર્ય નિદ્રાવશ હાથીના કાનમાં પડ્યું. ત્યાં કાનમાં જ પ્રબુદ્ધને જીવન પ્રાપ્ત થઈ તેણે જન્મ લીધો. કાનમાંથી જન્મ લીધો હોવાથી તેનું નામ કર્ણકાનિફ પડ્યું.

બાળગોરક્ષ સંજીવની મંત્રનો જપ કરતો હતો અને તેણે માટીનું એક મનુષ્યાકાર પૂતળું બનાવ્યું. તે પૂતળામાં કરભાજનને સંજીવન મંત્રથી જીવન પ્રાપ્ત થયું. તે પૂતળું જીવતું થયું. તેનું નામ ગહિનીનાથ પડ્યું.

શ્રીકૃષ્ણની આજ્ઞાનુસાર નવ નારાયણોએ પોતાનું સ્થૂળ શરીર મંદપર્વત પર સમાધિઅવસ્થામાં સંભાળી રાખ્યું અને અંશાવતારથી નવનાથ નામરૂપથી પૃથ્વી પર જન્મ લીધો. ધર્મસંસ્થાપનાનું મહાન કાર્ય કરવા માટે જ આ નવનાથનું અવતરણ થયું. શ્રીપાદપ્રભુ દ્વારા નવનાથના જન્મસંબંધી આશ્ચર્યજનક વિવેચન સાંભળી અમે મંત્રમુગ્ધ થયા. અમે શ્રીપ્રભુના ચરણે નતમસ્તક થઈ તેમનો જયજયકાર કર્યો.


તે પછી મેં શ્રીપાદપ્રભુને પ્રશ્ન કર્યોઃ- પ્રભુ, નવનાથના અવતાર એ નવનારાયણના અંશાવતાર છે તેમ આપે કહ્યું. નવનાથ અને નવનારાયણ આ બંનેમાં કોઈ ફરક છે? અમારા તરફ પોતાની દિવ્ય, પ્રેમાળ દૃષ્ટિથી જોઈને શ્રીપાદપ્રભુએ મંદહાસ્ય કર્યું અને કહ્યુંઃ- શ્રોતાઓ, સમસ્ત સૃષ્ટિના મહાસંકલ્પનું સ્વરૂપ હું જ છું. દેવીદેવતાઓ દ્વારા કામ કરવાના સંકલ્પ પણ મારા મહાસંકલ્પના અંશમાત્ર હોય છે. આ અંશમાત્રના સંકલ્પને થોડું ઘણું સ્વાતંત્ર્ય હોય છે. આ સ્વાતંત્ર્ય, ખેતરમાં ઝાડને બાંધેલી ગાયને ચરવા માટે જે સ્વાતંત્ર્ય હોય છે તેટલું જ છે. તે જ પ્રમાણે ધર્મસૂત્રોને અનુસરી અંશાવતારોને સ્વાતંત્ર્ય આપવામાં આવે છે. સંકલ્પ માત્ર મૂળ તત્ત્વમાંથી જ આવે છે. તેમનું યોગ્ય પ્રકારે નિયંત્રણ કરવું તે અંશાવતારનું કાર્ય હોય છે.


કોઈ પણ સમસ્યા નિર્માણ થાય ત્યારે અંશાવતાર તે સમસ્યાના નિવારણ માટે મૂળ તત્ત્વ પાસે નિવેદન કરવા લઈ આવે છે. મૂળ તત્ત્વ પાસેથી અનુમતિ લઈ જીવોનું કલ્યાણ કરે છે. આ અંશાવતારમાં રાગ, લોભ, મદ, મત્સર, અહંકાર જેવા માનવીય દુર્ગુણો હોતા નથી. આથી મૂળ તત્ત્વની કાર્યસમર્થતા અંશાવતારમાં પણ જોવામાં આવે છે. આ જ કારણથી અંશાવતાર અને પૂર્ણાવતાર આ બંનેમાં કોઈ જ ફરક નથી.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૩૨ સમાપ્ત ॥

❋ ❋ ❋


પૂજય શ્રીરંગ અવધૂત ગુરુમહારાજ, નારેશ્વર
ધ્યાનમૂલં ગુરોર્મૂર્તિઃ પૂજામૂલં ગુરોઃ પદમ્ ।
મન્ત્રમૂલં ગુરોર્વાક્યં મોક્ષમૂલં ગુરોઃ કૃપા ॥



ॐ द्रां दत्तात्रेयाय नमः

માલાકમંડલુરધઃ કરપદ્મયુગ્મે
મધ્યસ્થપાણિયુગલે ડમરુત્રિશૂલે ।
યસ્ય સ્ત ઊર્ધ્વકરયોઃ શુભશંખચક્રે
વંદે તમત્રિવરદં ભુજષટ્કયુક્તમ્ ॥

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૩૩

રમણી અને નરસિંહ રાયડુનો વિવાહ શ્રીપાદપ્રભુએ સ્વયં સંપન્ન કરાવ્યો (શંકર ભટ્ટ અને ધર્મગુપ્ત)

અમે બંનેએ શ્રીપાદપ્રભુની આજ્ઞા લીધી. તેમણે કહ્યું:- ભાઈઓ, હવે તમે અહીંથી પ્રસ્થાન કરી શ્રીપીઠિકાપુર જાવ. મારા મંગળ આશીર્વાદ તમારી સાથે છે. શ્રીમહાગુરુની આજ્ઞા શિરસાવંદ્ય માનીને અમે બંને ભક્તો કૃષ્ણા નદી પાર કરી સામેના કિનારે પહોંચ્યા. ત્યાં અમે એક શિલા પર શ્રીપાદપ્રભુની પદમુદ્રા ઉપસેલી જોઈ. શ્રીપાદશ્રીપ્રભુ નિત્ય તે જ શિલા પર ઊભા રહી સૂર્યનમસ્કાર કરતા. શ્રીચરણાનાં ચરણકમળ જોઈ અમને આશ્ચર્ય થયું અને અતિ આનંદ પણ થયો.

અમે પંચદેવ પહાડ ગામે પહોંચ્યા. ત્યાં અલ્પ ઉપહાર કરી ત્યાંથી આગળના પ્રવાસે પ્રયાણ કર્યું. જુવારના ખેતરમાં પગદંડી પર ચાલીને જતાં ખેતરના માલિકે અમારું સ્વાગત કર્યું. ખાવા માટે અમને મધુર ફળો આપ્યાં અને પીવા માટે મધુર છાશ આપી. ખેતરના માલિકનું નામ નરસિંહ રાયડુ હતું અને તેણે રહેવાનું મકાન ખેતરમાં જ બાંધ્યું હતું. પોતે ત્યાં જ રહેતો હતો. તેણે અમને વિનંતી કરી કે એક દિવસ માટે તેને ઘેર રહીને વિશ્રાંતિ કરવી તથા તેનું આદરાતિથ્ય સ્વીકારવું. અમે તેની વિનંતી અનુસાર તેને ઘેર એક દિવસ રહ્યા. ખેતરના માલિકે શ્રીચરણનો લીલાવૈભવ કહેવાની શરૂઆત કરી:-

હે ભક્તો, મારું નામ નરસિંહ રાયડુ છે. નાનપણમાં હું અત્યંત દુબળો અને બીકણ હતો. નાનપણમાં જ મારા માતા-પિતાનું દેહાવસાન થયું. હું મારા મામાની છત્રછાયામાં ઉછેર પામ્યો. મારી મામી ખૂબ જ ઉગ્ર સ્વભાવની હતી. ઘરમાં મારે ખૂબ કામ કરવું

પડતું તેમજ ખેતરમાં પણ કામ કરવું પડતું. મારા મામાની એક કન્યા હતી. તેનું નામ રમણી હતું. સમગ્ર ગામમાં અમારી ન્યાતની સર્વ છોકરીઓ કરતાં રમણીનું સૌંદર્ય અપૂર્વ હતું. રમણી સદ્‌ગુણસંપન્ન હતી અને દેવભક્ત પણ. શ્રીકૃષ્ણને આરાધ્ય દેવ માનતી.

મારી મામી મને વાસી ખોરાક ખાવા આપતી તે રમણીને ગમતું નહીં. મારો આહાર અલ્પ હતો. મારા પર ઘરમાં કોઈને આદર જેવું કશું હતું નહીં. કામોના પહાડ તૈયાર હતા. રમણીને મારા પ્રતિ સ્નેહ અને કરુણા હતી. તે મને મધુર ફળો અને તાજું અન્ન મામીની જાણ બહાર ચોરીને આપતી. મામીને તે વાતની ખબર પડતાં જ તેને શિક્ષા કરતી. મારા મામાનો સ્વભાવ સારો હતો. પરંતુ, મામી સામે તેમનું કશું ઉપજતું નહીં. મામી સામે મામા લાચાર હતા.

કેટલીક વાર મામી અમારી ન્યાતના બળવાન છોકરાઓને બોલાવી મને મરાવતી. આ પ્રકારની મારપીટથી મારી દુર્બળતા અને બીક અનેકગણી વધી ગઈ. હું હવે મારાથી નાની ઉંમરના પરંતુ, સશક્ત છોકરાઓથી પણ ભય પામતો. તેવાં બાળકો મારી મશ્કરી કરી આનંદ લૂંટતાં. આ પ્રકારે હું કષ્ટમય જિંદગી જીવતો હતો.

મામાની દીકરી રમણી સૌંદર્યવાન હોવાથી અમારી ન્યાતના લગભગ બધા જ યુવકોની ઈચ્છા તેની સાથે લગ્ન કરવાની હતી. પરંતુ, રમણી મારી સાથે લગ્નગ્રંથીથી જોડાવા રાજી હતી. મારી પાસે ધન, સંપત્તિ વગેરે કશું જ ન હતું. વધુમાં, મારું દુર્બળ શરીર અને બીકણ સ્વભાવ. તેથી રમણી સાથે વિવાહ કેવી રીતે શક્ય બને તે એક પ્રશ્ન જ હતો. મારા મામા ધનવાન, શ્રીમંત હતા. તેઓ સ્વભાવે સારા હતા. પરંતુ, પૈસાનો તેમને લોભ હતો. મામી સ્વભાવે દુષ્ટ હતી. પરંતુ, તેનાં વખાણ કરવાથી તે ફુલાઈ જતી.

રમણી ગમે તે થાય છતાં હું જ તેનો પતિ થાઉં તે માટે શ્રીકૃષ્ણ ભગવાન પાસે રોજ પ્રાર્થના કરતી. એક દિવસે અમારા ગામમાં એક ઢોંગી સાધુ આવ્યો. તે કાલીમાતાનો ભક્ત હતો અને તેને ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળનું સંપૂર્ણ જ્ઞાન છે તેમ આખા ગામમાં પ્રચાર થયો. તેની પાસે ભૂતકાળ તેમજ ભવિષ્યકાળને જાણવાની વિદ્યા હતી. ગામમાં તેણે કહેલું ભવિષ્ય સો એ સો ટકા સાચું પડ્યું હતું.

ઢોંગી સાધુએ મામી પર જાદુ કર્યો અને ઘરમાં કાલીપૂજા કરવા માટે મામી સહમત થઈ. સાધુએ તે માટે બધી તૈયારી કરી અને રમણીની કૃષ્ણની મૂર્તિ ઘર બહાર ફેંકવા કહ્યું. મામી તે માટે પણ સહમત થઈ. રમણીથી આ બધું સહન ન થયું. તેના ઇષ્ટદેવનું અપમાન થવાથી તે અત્યંત વિલાપ કરવા લાગી. તે તડપતી હતી. પરંતુ, ઢોંગી સાધુને કશી પડી ન હતી. ઢોંગી સાધુએ પૂજાની શરૂઆત કરી. અનેક કુકડા-મરઘીઓનો બલિ ચઢાવ્યો. કુકડા-મરઘાંઓનાં લોહીથી સર્વ પૂજાઘર ખરડાઈ ગયું. ઘરમાં માનવખોપરી અને સ્મશાનસામગ્રી પણ લાવવામાં આવી. તે પૂજા પૂરી થયે ઘરમાં કોઈ એક સ્થળે વિશેષ અપાર ધનલાભ થશે તેમ તે સાધુએ ખાતરીપૂર્વક કહીને સર્વને વિશ્વાસમાં લીધાં.

તે સાધુને વશીકરણવિદ્યા પણ આવડતી હતી. તે વિદ્યાની સહાયથી તેણે રમણીનું શીલહરણ કરવાની યોજના બનાવી. તે માટે તેણે ઘરમાં ચિત્ર-વિચિત્ર પૂજા કરવાનું શરૂ કર્યું. તેથી રમણીની પ્રકૃતિ ક્ષીણ થવા લાગી. તેના વર્તનમાં પરિવર્તન આવ્યું.

મધ્યરાત્રીએ રમણી રક્તપાન કરવા લાગી. મરઘાં-કુકડાઓ મારીને તેને લોહી પીવા માટે અપાતું. તેના શરીરમાં કાલીમાતા આવી છે. આથી, તે લોહી પીએ છે. લોહી આપ્યા સિવાય માતા શાંત નહીં થાય અને અપાર સંપત્તિ પણ નહીં મળે તેમ સાધુનું કહેવું હતું. તેના શરીરમાંથી કાલીમાતા નીકળી ગયા પછી રમણી પૂર્વવત્ થશે તેમ સાધુએ ઘરપત આપી. ઘરમાં બિભત્સપણાની કોઈ સીમા ન રહી.

રસોઈઘરનું અન્નપાત્ર કૂવામાં અચાનક પડતું. મધરાતે ઘરના માણસોને ઘરમાં હાલતાં ચાલતાં હાડપિંજરો દેખાતાં. ચિત્રવિચિત્ર આકારો દેખાતા અને અત્યંત વિકરાળ બિહામણા અવાજ સંભળાતા. અમારું ઘર સ્મશાનભૂમિ જેવું જ થયું હતું. તે સાધુને ઘરમાંથી હાંકી કાઢવાનું ધૈર્ય-સામર્થ્ય મામામાં ન હતું. આવા પ્રકારનું કષ્ટ થોડા દિવસ સહન કરવાથી અપાર સંપત્તિ મળશે તે આશામાં મામી દિવસો કાઢતી હતી. આમ એકંદરે ચિંતાજનક અને અસમંજસ જેવી પરિસ્થિતિ હતી.

અચાનક એક દિવસે રાત્રીની વેળાએ તે સાધુ રમણી નજીક ગયો. તેનું વશીકરણ થયેલું જ હતું. સાધુને ખાતરી હતી કે તે જે કહેશે તે જ પ્રમાણે રમણી તેની ઇચ્છા પૂર્ણ કરશે. આ વિચારથી સાધુ રમણીની એકદમ નજીક ગયો. રમણીમાં ક્યાંકથી

અતુલ બળ અને સાહસ આવ્યું. તેણે નજીક પડેલી વજનદાર વસ્તુ ઢોંગી સાધુના માથામાં મારી. સ્વયં રમણીને પણ એવું લાગ્યું ન હતું કે તે આવી રીતે વર્તન કરશે. વશીકરણ કરેલી વ્યક્તિ પણ આવું વર્તન કરી શકે તે વિશે સાધુને અતિ આશ્ચર્ય થયું.

: શ્રીપાદપ્રભુનું આર્તત્રાણ-પરાયણ તત્ત્વ :

બીજે દિવસે એક ગરીબ બ્રાહ્મણ યાચક અમારા ઘરના પ્રવેશદ્વાર સામે ભિક્ષા માટે આવ્યો. "અમારે ઘેર ભૂત-પ્રેતનું અપાર વાસ્તવ્ય છે. જોઈએ તો તે ભૂત-પ્રેતને ભિક્ષામાં લઈ જાવ" આમ રમણીએ તેને કહ્યું. તે બ્રાહ્મણે તે માટે ના પાડી. તે બ્રાહ્મણનું મુખારવિંદ અત્યંત શાંત અને ઉજ્જવળ હતું. અમારા મામા ઘરની બહાર આવ્યા અને કહ્યું:- અમારા ઘરની પરિસ્થિતિ અત્યંત ચિંતાજનક છે. તે પરિસ્થિતિની કારક દુષ્ટશક્તિઓને દાન તરીકે સ્વીકારો. તેટલામાં મામી પણ ઘરની બહાર આવી અને તે ભિક્ષુકને કહેવા લાગી:- અમારા ઘરમાં તને આપવા માટે કોઈ પણ વસ્તુ નથી. અમારા ઘરનું દારિદ્ર્ય તમે ભિક્ષા તરીકે સ્વીકારો.

હું પણ તે સમયે ત્યાં હાજર હતો. મેં તે ભિક્ષુકને કહ્યું:- "સ્વામી, મારી પાસે વંશપરંપરાગત એક ચાંદીનું તાવીજ છે. તમે ભિક્ષા તરીકે સ્વીકારો તો હું તેની ભિક્ષા તમને આપું." ભિક્ષુકે તેનો સહર્ષ સ્વીકાર કર્યો. એટલામાં ઢોંગી સાધુ ત્યાં આવ્યો. તેની પાસે સ્મશાનમાંથી લાવેલી ખોપરી હતી. તે અટ્ટહાસ્યથી તે ભિક્ષુકને કહેવા લાગ્યો:- અરે ભિક્ષુક બ્રાહ્મણ, તું ના પાડે તો પણ આ માનવખોપરીની તને ભિક્ષા આપીશ. તેનો તું સ્વીકાર કર. બ્રાહ્મણે તે ભિક્ષાનો અસ્વીકાર કર્યો.

તેટલામાં અમારા ઘરમાં એક દિવ્ય પ્રકાશ ફેલાયો અને તે ભિક્ષુક બ્રાહ્મણ અદૃશ્ય થયો. આ દિવ્ય પ્રકાશને લીધે તે ઢોંગી સાધુના આખા શરીરે ભયંકર દાહ થયો. તે પ્રકાશનું એક કિરણ રમણી પર પડ્યું અને તે એકદમ પૂર્વવત્ થઈ. મામીને પક્ષાઘાત થઈ તે જમીન પર ફસડાઈ પડી. મામા ભયથી થરથર કાંપવા લાગ્યા. મને જો કે, તેમનાથી વિપરીત ધૈર્ય પ્રાપ્ત થયું. મારા શરીરમાં પુષ્કળ બળ પ્રવેશી રહ્યું છે અને હું અત્યંત બળવાન બન્યો છું તેમ મને લાગ્યું. તે તાંત્રિકના મોઢામાંથી લોહીની ઊલટીઓ શરૂ થઈ અને તેની સર્વ દુષ્ટ શક્તિઓ નષ્ટ થઈ.

તે દિવ્ય તેજોમય પ્રકાશનું એક માનવાકૃતિમાં રૂપાંતર થયું. તેઓ આર્તત્રાણ પરાયણ, સમસ્ત દેવીદેવતા સ્વરૂપ, આદિ, મધ્ય અને અંતરહિત રહેતા દિવ્ય, ભવ્ય, તેજોમય સ્વરૂપમાં શ્રીપાદશ્રીવલ્લભ હતા.

શ્રીપાદશ્રીવલ્લભે કહ્યું:- વાસ્તવિક રીતે કાલીમાતા મનુષ્યમાં રહેલા કામ-ક્રોધરૂપી રાક્ષસોનો નાશ કરે છે. તે કુકડા, મરઘાં કદી પણ માગતી નથી. આ પ્રાણમય જગતમાં રાક્ષસશક્તિ જ કાલિકારૂપ ધારણ કરી વિભિન્ન પ્રાણીઓના બલિ માગે છે. સાચેસાચ કાલિમાતાનાં શુભ લક્ષણો પ્રેમ, દયા, શાંતિ વગેરે હોય છે.

આ પ્રાણમય વિશ્વની રાક્ષસી શક્તિ, આસુરી શક્તિ, ભૂત-પ્રેતાદિ શક્તિ- અમે દેવતા છીએ એમ કહી શૂદ્રવિદ્યાનું પ્રદર્શન કરે છે. ક્ષુદ્ર તાંત્રિકો તેમની ઉપાસના કરી આ લોકમાં અનેક ઉપદ્રવો નિર્માણ કરે છે. આ જગતના વિવિધ પ્રેતાત્માઓને વિવિધ દેવતા શરીર ધારણ કરતાં આવડે છે. પરંતુ, તેવી સાત્ત્વિક દૈવીશક્તિ તેમનામાં હોતી નથી. શ્રીપાદપ્રભુએ વધુમાં કહ્યું:- ધર્મરક્ષણાર્થે મારો જન્મ થયો છે એમ મેં વચન આપ્યું છે, તે વચન અનુસાર શ્રીપાદશ્રીવલ્લભનો અવતાર થયો છે. આ અવતાર દયા, શાંતિ, પ્રેમ, કરુણા એવી અનંત શક્તિનું મિશ્રણ છે.

અમારા ઘરની શુદ્ધિ કરી, ઢોંગી સાધુને નસાડી દીધો. શ્રીપાદના અનુગ્રહથી મામી સાજી થઈ. શ્રીપાદે અમને આશીર્વાદ આપી મારો અને રમણીનો વિવાહ સ્વહસ્તે કરાવ્યો. ત્યારે તે માંડ ૧૨ વર્ષની હશે. શ્રીપાદનું વાસ્તવ્ય પીઠિકાપુરમાં જ હતું. તેઓ માયારૂપે (અન્ય રૂપથી) પંચદેવ પહાડ ગામે પણ (બીજું રૂપ ધારણ કરી) રહેતા. તેમણે અમને આ અક્ષત (ચોખા) આપ્યા હતા. શંકર ભટ્ટ અને ધર્મગુપ્ત નામના બે ભક્તો આવશે ત્યારે તેમને તેમાંથી થોડા અક્ષત આપવા તેવું શ્રીએ કહ્યું હતું. અહા, કેવું લીલામય સ્વરૂપ શ્રીવલ્લભનું છે!

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૩૩ સમાપ્ત ॥


દત્તાત્રેયો દયાસિન્ધુર્ દિવ્યદૃષ્ટિર્ દમપ્રિયઃ । હરિર્ હારી હિરણ્યાભઃ શ્રીપાદઃ શરણં મમ ॥

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૩૪

શરભેશ્વરનો વૃત્તાંત

અમે બંનેએ (શંકર ભટ્ટ અને ધર્મગુપ્ત) થોડા દિવસ પ્રવાસ ચાલુ રાખ્યો અને એક ગામમાં પહોંચ્યા. પ્રવાસ દરમ્યાન અમે શ્રીપાદશ્રીવલ્લભનું નામસ્મરણ કરતા અને તેમની અલૌકિક લીલાઓને વાગોળતા. માર્ગમાં અમારું આદરાતિથ્ય પણ સારી રીતે થતું. કોક વાર બળદગાડું મળતું, કોક વાર ઘોડાગાડી મળતી તો કોક વાર પગપાળા મુસાફરી કરવી પડતી. અમારા પ્રવાસ દરમ્યાન શ્રીપાદપ્રભુના ભક્તો દ્વારા આદરાતિથ્ય અપાતું. આ બધી પરોક્ષ રીતે શ્રીપાદપ્રભુની જ લીલા હતી.

તે ગામમાં પ્રવેશ કર્યો અને એક બ્રાહ્મણના ઘરનો બધો સામાન ઘરની બહાર ફેંકાતો જોવામાં આવ્યો. તે બ્રાહ્મણની સ્ત્રી અને પુત્રો ઘરમાં જ હતા. આ બ્રાહ્મણે શાહુકાર પાસેથી પૈસા ઉછીના લીધા હતા. પૈસા વખતસર પાછા આપવામાં બ્રાહ્મણ નિષ્ફળ નીવડ્યો હતો. એક દિવસ તે શાહુકાર બ્રાહ્મણને રસ્તામાં મળ્યો. શાહુકારે બ્રાહ્મણને ત્યાં જ અટકાવ્યો અને તેની આજુબાજુ કોલસાથી એક કુંડાળું દોર્યું. શાહુકારે કહ્યું:- કેટલા દિવસમાં તું મારા પૈસા પાછા આપીશ તે તારી જનોઈના શપથ લઈને જાહેર કર. બ્રાહ્મણે બે અઠવાડિયામાં પૈસા પાછા આપવાનો વાયદો કર્યો. પરંતુ, તે સમયમાં બ્રાહ્મણ પૈસાની વ્યવસ્થા કરવામાં નિષ્ફળ રહ્યો. આપેલી મુદતમાં બ્રાહ્મણ પૈસાની વ્યવસ્થા કરી ન શક્યો તે માટે તે શાહુકાર બ્રાહ્મણની ઘરવખરી બહાર ફેંકતો હતો. બ્રાહ્મણ, તેની પત્ની અને બાળકો બધાં જ ઉદાસ નજરે જોઈ રહ્યાં હતાં. ગામના સર્વ લોકો પણ તમાશાની જેમ પ્રેક્ષક તરીકે સર્વ જોતા હતા. તે પૈકી કોઈ પણ ગ્રામજન શાહુકારને સાહસ કરી કહી શકતો ન હતો કે બ્રાહ્મણને હજુ થોડા દિવસોની મુદત આપો.

: શ્રીપાદ દ્વારા ભક્તિપરીક્ષા અને ભક્તોનો ઉદ્ધાર :

શ્રી ધર્મગુપ્તને તે બ્રાહ્મણની પરિસ્થિતિ જોઈ દયા આવી. પરંતુ, મદદ કરવા તેમની પાસે પૈસા ન હતા. હું (શંકર ભટ્ટ) તો નિર્ધન જ હતો. છતાં મેં ધૈર્યથી શાહુકારને કહ્યું:- અરે શાહુકાર, આ ગરીબ બ્રાહ્મણ પર દયા કરી તેને બે મહિનાની મુદત આપ. આ સમયમાં શ્રીપાદપ્રભુની કૃપાથી તેનાં કષ્ટ દૂર થશે. શાંતિથી વિચાર કર. તે બ્રાહ્મણ કરજ અદા ન કરે તો તે કરજ અદા કરવાની મારી જવાબદારી થાય છે તેમ તું સમજ. બોલવા ખાતર હું આવું બોલી ગયો. પરંતુ, મનમાં ખૂબ બ્હીતો હતો. તે શાહુકારે કહ્યું:- તમારા વચનો પર વિશ્વાસ મૂકી આ બ્રાહ્મણને બે મહિનાની વધારાની મુદત આપવામાં આવે છે. કરજ પાછું ભરપાઈ થતાં સુધી તમે અહીંથી ક્યાંય જશો નહીં. જો મારું કરજ આ બ્રાહ્મણે સમયસર પાછું ન આપ્યું તો તેનું ઘર તો હું જપ્ત કરી જ લઈશ પરંતુ, તેની મધ્યસ્થી કરવા માટે તમને બંનેને પણ હું ન્યાયાલય લઈ જઈશ. ન્યાયાધીશ જે શિક્ષા કરશે તે તમારે ભોગવવી પડશે.

વધારી આપેલી સમયમર્યાદામાં મને કે ધર્મગુપ્તને બ્રાહ્મણનું કરજ ચૂકતે કરવું અસંભવ જ લાગતું હતું. આગળપાછળનો વિચાર ન કરતાં મેં જે વચન આપ્યું હતું તે અવિવેકથી આપ્યું હતું. તેને માટે મને મારા પર જ તિરસ્કાર ઉત્પન્ન થયો. તેમાં શ્રીપાદપ્રભુને વચ્ચે લાવી દોષ આપવો એ મૂર્ખતા જ કહેવાય. મારી સાથે મેં ધર્મગુપ્તને પણ સંકટમાં નાખ્યો. આ એક પાપ જ થયું. જીભને નિયંત્રણમાં ન રાખી તેનું આ કેવું પરિણામ આવે છે, તેનું આ જવલંત ઉદાહરણ હતું. પરંતુ, શ્રીપાદપ્રભુની લીલા અપાર છે. તેનો કોઈ અંત જ નથી. આવી પરિસ્થિતિમાં પ્રભુ પરની ભક્તિ દૃઢ થાય છે. અથવા મનુષ્ય ભક્તિરહિત પણ થાય છે. ધર્મગુપ્ત માત્ર નિશ્ચિંત હતા. તેમણે મને કહ્યું:- શંકર ભટ્ટ, થઈ ગયેલી વાતનો ફરી ફરી વિચાર ન કરવો. ભૂતકાળની ઘટના, વર્તમાનમાં થતી ઘટના અને ભવિષ્યમાં થનારી ઘટનાઓ બધી જ શ્રીપાદપ્રભુની લીલા છે. આપણા માટે બ્રહ્મલિખિત જે હશે તે જ થશે, તે મિથ્યા નહીં થાય.

બ્રાહ્મણ પૂર્ણતઃ નિર્ધન અને દરિદ્રી થયો હતો. તે અને તેના કુટુંબના સભ્યોને ભૂખ્યા રહેવું પડતું. અમે તેને ઘેર મહેમાન

હતા. આથી અમે પણ ભૂખ્યા જ રહેતા. અમારી આવી દયનીય પરિસ્થિતિ હતી. શ્રીપાદની કૃપાથી અમને આ બ્રાહ્મણને ઘેર રહેવા માટે આશ્રય મળ્યો હતો તે માટે અમે પ્રભુનો આભાર માન્યો. ભૂખ, તરસ, થાક અથવા લેણદારો પૈસા વસૂલ કરવા આવે ત્યારે તરવાનો એક જ ઉપાય હતો અને તે એટલે શ્રીપાદશ્રીવલ્લભનું નામસ્મરણ! આ અમારો દૃઢ વિશ્વાસ હતો. અમે સ્નાનસંધ્યાથી પરવારી શ્રીપાદ ભગવાનનું નામસ્મરણ કરવાનું નક્કી કર્યું. તે ગરીબ બ્રાહ્મણ પાસે ભગવાન આગળ પ્રગટાવવા તેલની દિવેટ પણ ન હતી. અમે કોઈ પણ દીપ પ્રગટાવ્યા વિના "શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે" એવો જપ મોટેથી શરૂ કર્યો. ઘરના બધા સભ્યો પણ અમારી સાથે આ નામજપમાં જોડાયા. આડોશપાડોશનાં આબાલવૃદ્ધ પણ ભેગાં થયાં અને ભક્તિભાવથી નામસ્મરણ કરવા લાગ્યાં.

ગામમાં કર્ણોપકર્ણ વાત ફેલાઈ કે દેવાદાર બ્રાહ્મણને ઘેર એક ખેડૂત આવ્યો છે. બ્રાહ્મણનું કરજ ચૂકવવાની તેણે જવાબદારી લીધી છે. તે ખેડૂત કોઈ મહાપુરુષનો શિષ્ય છે અને તેણે પોતાની દૈવીશક્તિને લીધે જ બ્રાહ્મણનું કરજ આપવાની જવાબદારી માથે લીધી છે. તે લોકોના મનમાં વિચાર આવ્યો કે હું એક મોટો જ્યોતિષી છું. તેમણે ગામભરમાં એવો પ્રચાર કર્યો. તે ગામમાં ખેડૂતોને શરત લગાવવાની ટેવ હતી. ગરીબ બ્રાહ્મણનું ઋણ ખેડૂત ચૂકવશે કે નહીં તે વિશે લોકોએ શરતો લગાવવાની શરૂઆત કરી. હું કરજ ન ચૂકવું તો તે માટે ન્યાયાલયનો સામનો કરવાનો હતો. મારી સાથે ધર્મગુપ્ત પણ આ સંકટમાં ફસાયા હતા.

મારાં શુષ્ક વચનો પર લોકો શરતો મારતા હતા. આ એક પ્રકારનો જુગાર જ હતો. તેના મૂળમાં મારા શબ્દો હતા. શું કરવું, ન કરવું તે વિશે હું કિંકર્તવ્યમૂઢ થયો. કશું સૂઝતું ન હતું. આવી પરિસ્થિતિમાં અમે શ્રીપાદપ્રભુના નામસ્મરણનો જ આધાર લીધો. નામસ્મરણ માટે મારી તેટલી પણ યોગ્યતા નથી તેમ મને લાગ્યું. હું એક મોટો જ્યોતિષી છું, દૈવીશક્તિસંપન્ન છું તેવો ગામમાં પ્રચાર લોકો દ્વારા થયો હતો. પરંતુ, હું માત્ર ક્ષણ ક્ષણ લીલાવિહારી શ્રીપાદપ્રભુના ચરણકમળ જ મને આ સંકટમાંથી

બચાવશે તે વિશ્વાસે આશ્વસ્ત હતો. "સત્યં વિધાતુ નિજભૃત્યભાષિતં" નારદમુનિએ શ્રી મહાવિષ્ણુને કહેલા આ વાક્યનું સ્મરણ થયું. નારાયણના ભક્તો જે વાક્યો (શબ્દો) બોલે છે તેને સાચા (સાર્થક) કરવાની જવાબદારી નારાયણની જ હોય છે.

તે ગામમાં શરભેશ્વર શાસ્ત્રી નામનો એક મોટો પંડિત અને મંત્રશાસ્ત્રજ્ઞ રહેતો હતો. તેના પર એક પ્રેતાત્માનો અનુગ્રહ હતો. તેને આધારે તે પંડિત ભૂત, વર્તમાન અને ભવિષ્યકથન અચૂક કરતો. શરત લગાવનાર ખેડૂતો તેમણે લગાવેલી શરતનું શું થશે તે પૂછવા શરભેશ્વર શાસ્ત્રી પાસે ગયા. બ્રાહ્મણ કરજ પાછું આપી શકશે નહીં તેમ તે પ્રેતાત્માએ કહ્યું. આથી શરતો મારવાના વેપારમાં અચાનક વૃદ્ધિ થઈ. છેવટે શરત સો-સો વરાદ (નાણું)ની નક્કી થઈ. હવે તો શરત એ માટે લાગી કે શરભેશ્વર શાસ્ત્રી મોટો કે શંકર ભટ્ટ મોટો? શરત લગાવનારા ખૂબ જ ઉત્સાહિત હતા.

છેવટે અમને ન્યાયાલયમાં લઈ જવા માટે તૈયાર કરવામાં આવ્યા. મેં તે બ્રાહ્મણને આશા બતાડી નિરાશ કર્યો હતો. ધર્મગુપ્તને પણ સંકટમાં ઢસેડ્યો હતો. શ્રીપાદપ્રભુની દિવ્ય લીલાનો ગૂઢાર્થ શું હશે તે વિશે હું અંધારામાં જ હતો. હું થોડો ઘણો શિક્ષિત હતો. પરંતુ, મારામાં કોઈ પણ પ્રકારની આધ્યાત્મિક શક્તિ ન હતી. જ્યોતિષવિદ્યા તો મને આવડતી જ ન હતી. જપ-તપ, યોગાભ્યાસ, કઠોર યમ, નિયમ પૈકી કશું જ જ્ઞાન ન હતું. શ્રીપાદચરિત્ર આલેખનનો મેં કુતૂહલવશ સંકલ્પ કર્યો હતો. પરંતુ, તેને માટે જોઈતી યોગ્યતા મારી પાસે ન હતી. મેં શ્રીપાદપ્રભુના ચરણે પ્રાર્થના કરીઃ- પ્રાપ્ત થયેલા સંકટમાંથી મારું રક્ષણ કરી મારો ઉદ્ધાર કરો; બાકી સર્વ આપની ઈચ્છાને આધીન છે. આ પ્રકારની આર્તપ્રાર્થના શ્રીપાદચરણે કરી. મારામાં કદી પણ ન દેખાયું હોય તેવું ધૈર્ય આવ્યું. જે થનાર હશે તે થશે. પરંતુ, શ્રીપાદપ્રભુ મને આ સંકટમાંથી ઉગારીને તારશે તેવો દૃઢ વિશ્વાસ મારા મનમાં પ્રગટ થયો.

શરભેશ્વર શાસ્ત્રીને એક બહેન હતી. તે તે જ ગામમાં રહેતી હતી. તેને એક દિવસ પ્રભાતસમયે સ્વપ્ન પડ્યું. સ્વપ્નમાં તેને ખૂબ જ તાવ આવ્યો, તેનો પતિ મરણ પામ્યો અને તેને વૈધવ્ય પ્રાપ્ત થયું, એમ દેખાયું. તેણે પોતાના ભાઈ એટલે કે

શરભેશ્વર શાસ્ત્રીને સ્વપ્નનો અર્થ પૂછ્યો. શરભેશ્વર શાસ્ત્રીના પર આરૂઢ પ્રેતાત્માએ જણાવ્યું કે દેશાવર ગયેલા પતિને ચોરોએ દ્રવ્ય લૂંટીને મારી નાખ્યો છે.

પતિની હત્યાની વાત સાંભળી તે ખૂબ જ વિલાપ કરવા લાગી. તે પોતાના નસીબને દોષ દેવા લાગી. તેટલામાં કેટલાક લોકો તેને ઘેર આવ્યા. તેઓ તેને ધીરજ બંધાવી કહેવા લાગ્યા કે આપણા ગામમાં શંકર ભટ્ટ નામના એક મહાપંડિત આવ્યા છે. તેમને ત્રણે કાળનું જ્ઞાન છે. શ્રીપાદપ્રભુ તેમના આરાધ્ય દેવ છે. તેમની પાસેથી સત્ય જાણી લે. આ પ્રકારની સલાહ તે માણસોએ શાસ્ત્રીની બહેનને આપી. તેના ભાઈ કરતાં કોઈ મોટો પંડિત છે તેવું તેણે કદી સાંભળ્યું ન હતું. તેમ છતાં, તેણે નિશ્ચય કર્યો કે શંકર ભટ્ટને મળીને તેમના આશીર્વાદ લેવા.

શરભેશ્વર શાસ્ત્રીની બહેન અમારે ઘેર આવી અને અત્યંત કરુણાભર્યા વચનોથી બોલીઃ- ભાઈ, મારા સૌભાગ્યનું રક્ષણ કરો. તેનાં કરુણાયુક્ત વચનો સાંભળી મારું હૃદય દયાથી ભીંજાઈ ગયું. શ્રીપાદપ્રભુ દ્વારા પંચદેવ પહાડના વિવાહસમારંભમાં ખેડૂત પાસેથી પ્રાપ્ત મંત્રાક્ષત મારી પાસે છે, તે મને યાદ આવ્યું. મારામાં એક દિવ્ય સ્ફૂર્તિનો આવિર્ભાવ થયો. તે મંત્રાક્ષત સાક્ષાત્ શ્રીપાદશ્રીવલ્લભ પાસેથી પ્રાપ્ત થયેલા હોવાથી તેના સૌભાગ્યનું રક્ષણ અવશ્ય થશે તેવો દૃઢ વિશ્વાસ મને થયો. મેં તે બાઈને બોલાવીને કહ્યુંઃ- બાઈ! આ મંત્રાક્ષત તું લઈ જા અને તારે ઘેર પૂજાસ્થળે સુરક્ષિત રાખ. તારો પતિ થોડા જ દિવસોમાં તને મળવા આવશે. આ જ સત્ય છે. ત્રિવાર સત્ય છે.

આ હકીકત કેટલાક ખેડૂતોએ શરભેશ્વર શાસ્ત્રીને જઈને કહી. તે સાંભળી શરભેશ્વર શાસ્ત્રીને બહેન પર ખૂબ જ ગુસ્સો આવ્યો. તે બહેને એવો સંકલ્પ કર્યો કે જો મારા પતિ સુખરૂપ ઘેર પાછા આવશે તો હું તે ગરીબ બ્રાહ્મણનું દેવું ભરપાઈ કરીશ; શંકર ભટ્ટને હું ગુરુ કરીશ અને શ્રીપાદશ્રીવલ્લભનું નામસ્મરણ, આરાધના કરીશ.

ત્રણ દિવસ પસાર થયા. આ ત્રણ દિવસોમાં ખેડૂતોએ અમને અનાજ-સીધું લાવી આપ્યું. આ ખેડૂતોએ જ મારા પર શરત

લગાવી હતી. હું વિજયી થાઉં તો તેમનો પણ વિજય થઈ તેમને પૈસા મળવાના હતા. ત્રણ દિવસ પછી ચોથા દિવસે શરભેશ્વર શાસ્ત્રીની બહેનનો પતિ દેશાટનથી સુખરૂપ પાછો આવ્યો. તે બ્રાહ્મણસ્ત્રીના આનંદને કોઈ સીમા ન રહી. શંકર ભટ્ટે આપેલા મંત્રાક્ષતથી જ તેના સૌભાગ્યનું રક્ષણ થયું હતું તેમ તે બ્રાહ્મણીને ખાતરી થઈ. તેના પતિને મારી નાખવા ચોરોએ પ્રયત્ન કર્યો હતો. પરંતુ, એક યવન મલ્લે વચ્ચે પડી તે ચોરોને મારી બ્રાહ્મણનું રક્ષણ કર્યું હતું.

અહા! શ્રીપાદનો મહિમા અગાધ છે, અમોઘ છે. શરભેશ્વર શાસ્ત્રીનો અહંકાર નષ્ટ થયો. મારું જ્યોતિષ સાચું ઠર્યું. આથી અમે રહેતા હતા તે ઘરના બ્રાહ્મણ માલિકનું કરજ શરભેશ્વર શાસ્ત્રીએ ચૂકવ્યું. અમે બંનેએ તેના ઘરનું આતિથ્ય સ્વીકારવું તેમ તેણે વિનંતી કરી. અમે તે સહર્ષ સ્વીકાર્યું.

શરભેશ્વર શાસ્ત્રીએ કહ્યું:- ભાઈઓ! ધૂમ્રાવતી દેવી એ દશ મહાવિદ્યાઓ પૈકીની એક છે. તેનો હું ઉપાસક છું. તે દેવી ખૂબ ઉગ્ર છે. પરંતુ, જો તે પ્રસન્ન થાય તો રોગ, શોક આ બધાંનો નાશ કરે છે. જો તે કોપ કરે તો સર્વ સુખ, કામનાનો નાશ કરે છે. આ દેવીને શરણે જવાથી સર્વ વિપત્તિનો નાશ થઈ સર્વ સંપત્તિનો લાભ થાય છે. જો તેને ક્રોધ આવે તો ઉપવાસ, કલહ, દારિદ્ર વગેરે પ્રાપ્ત થાય છે. મારા પર તે માતાનો અનુગ્રહ છે. મેલી વિદ્યાથી ત્રસ્ત લોકોનો ઉદ્ધાર કરવા આ માતાની ઉપાસના અનિવાર્ય હોય છે.

કલ્યાણની કામનાથી મેં થોડા દિવસો સુધી વિના મૂલ્ય લોકોની સેવા કરી. પરંતુ, તે પછી મારામાં ધનલાલસા પેદા થઈ અને લોકો પાસેથી હું વધુ ધન લેવા લાગ્યો. આ મારું વર્તન ધૂમ્રાવતી માતાને ન ગમ્યું. આ જ સમયમાં મારો સંબંધ એક શક્તિશાળી પ્રેતાત્મા સાથે સ્થાપિત થયો. તેની સહાયથી હું ભૂત-વર્તમાન અને ભવિષ્યની વાતો કહેવા સમર્થ થયો. પ્રેતાત્માની ઉપાસના કદી કરવી નહીં. જો કરીએ તો તે વડે પ્રાપ્ત ધન પ્રજાસેવામાં વાપરી ગરીબોને, નિર્ધનોને દાન આપવું. તેમ કરવાથી પ્રેતાત્મા આપણને સ્વાધીન રહે છે. તેમ ન કરીએ તો તે ખોટું ભવિષ્યકથન કરી તેના સાધકનું અપમાન થાય તેવી પરિસ્થિતિ નિર્માણ

કરે છે અને તેને નિર્ધન કરે છે. એટલું જ નહીં પરંતુ, તેને જીવભય પણ હોય છે. સ્વાર્થવૃત્તિથી વર્તન કરનાર આપણું પુણ્ય ઓછું થાય છે અને પછી તે પ્રેતાત્મા આપણા માટે કષ્ટોનો ડુંગર ઊભો કરે છે. તેમાંથી બહાર નીકળવું અતિ મુશ્કેલ હોય છે.

મેં અવિવેકથી ધન ઉપાર્જન કર્યું અને હંમેશાં મારો સ્વાર્થ જ જોતો. આથી પ્રેતાત્માએ ખોટું ભવિષ્યકથન કરી મને સંકટમાં નાખ્યો અને મારું અપમાન પણ થયું. આજથી તમે જ મારા ગુરુ છો. કૃપા કરી મને તમારા શિષ્ય તરીકે સ્વીકારો તેવી નમ્ર વિનંતી છે. તેમની વિનંતીના જવાબરૂપે મેં કહ્યું:- હે શાસ્ત્રી! આ પ્રપંચનું, સૃષ્ટિનું ગુરુત્વ શ્રીપાદશ્રીવલ્લભ પાસે જ છે. તેમના સિવાય બીજો કોઈ ગુરુ નથી. જો અહંકારથી હું ગુરુપદ સ્વીકારું તો મારે પણ તમારા કરતાં વધુ અપમાન સહન કરવું પડશે.


અમને કુરુગડ્ડીથી આવતી વખતે દશ મહાવિદ્યાઓનું સંક્ષિપ્ત વર્ણન શ્રીપાદપ્રભુએ કર્યું છે. બાકીનું કથન તેઓ યોગ્ય સમયે કરવાના છે. દશ મહાવિદ્યાઓ પૈકી કાલી અને ધૂમ્રાવતી વિશે તેમણે અમને વિવરણ કર્યું છે. હે ભાઈ! તું મને ગુરુ કરીશ નહીં. શ્રીપાદપ્રભુને માટે ભક્તોને સંકટમાં નાખવા તેમજ તેમાંથી બચાવી લેવા તે એક રમતવાત છે. હરહંમેશ શ્રીપાદપ્રભુનું નામસ્મરણ કરવું તે જ ઈહ અને પરલોકનું સાધન છે.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૩૪ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋


પૂજય શ્રીરંગ અવધૂત ગુરુમહારાજ, નારેશ્વર
સદા સર્વદા યોગ તુઝા ઘડાવા,
તુઝે કારણી દેહ માઝા પડાવા,
ઉપેક્ષુ નકો ગુણવંતા અનંતા,
ગુરુનાયકા માગણેં હેંચિ આતા.

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૩૫

ઉગ્રતારાદેવીવિવરણ
તારાદેવીના ઉપાસકોને દુષ્કર્મ માટે શ્રીપાદપ્રભુ દ્વારા શિક્ષા અને કૃપા

શરભેશ્વર શાસ્ત્રીની પરવાનગી લઈ અમે આગળના પ્રવાસનો પ્રારંભ કર્યો. શ્રીપાદપ્રભુનું નામસ્મરણ કરતાં કરતાં જ અમે માર્ગ કાપતા હતા. થોડે દૂર ગયા પછી અમને એક આશ્રમનાં દર્શન થયાં. તે આશ્રમમાં એક સિદ્ધ મહર્ષિ રહેતા હતા. મહર્ષિ પૂર્ણતઃ વૈરાગી હોઈ તેમણે કૌપીન ધારણ કર્યું હતું. બે શિષ્યો આશ્રમના દ્વાર પર ઊભા હતા. અમને જોતાં જ તેમણે અમને પ્રશ્ન કર્યોઃ- આપ જ શંકર ભટ્ટ અને ધર્મગુપ્ત છો? અમે જવાબ આપ્યોઃ- હા, અમે જ શંકર ભટ્ટ અને ધર્મગુપ્ત છીએ. તે શિષ્યોએ અમને અંદર લીધા. આશ્રમમાં તારાદેવીની મૂર્તિ હતી. તે સિદ્ધ મહર્ષિ તારાદેવીના ઉપાસક હતા. મધ્યાહ્ન સમય થયો હતો. પૂજા સમાપ્ત થયા પછી ભજનની શરૂઆત થઈ. ભજન સમાપ્ત થયા પછી અમને ભોજન આપવામાં આવ્યું.

ભોજનસમાપ્તિ પછી વાર્તાલાપ શરૂ થયો. સિદ્ધ મહર્ષિએ કહ્યુંઃ- તમે બંને અહીં આવનાર છો તેની પૂર્વસૂચના શ્રીપાદ-ભગવાને અમને પ્રથમથી જ આપી હતી. શ્રીપાદપ્રભુના આદેશથી જ તમારું આદરાતિથ્ય કરવામાં આવ્યું છે. હું તારાદેવીનો ઉપાસક છું. ભક્તોને આ માતા હંમેશાં મોક્ષ પ્રાપ્ત કરાવી તેમને તારે છે. આથી જ આ માતા "તારાદેવી" નામથી ઓળખાય છે. આ માતાની કૃપાથી આકસ્મિક વાક્‌શક્તિ પ્રસાદરૂપે પ્રાપ્ત થાય છે. આથી આ માતાનું "નીલ સરસ્વતી" પણ નામ પડ્યું. તારાદેવી ભયંકર વિપત્તિમાં ભક્તોની રક્ષા કરે છે.

પુરાતન કાળમાં હયગ્રીવ નામની ત્રણ વ્યક્તિઓ હતી. (૧) વિષ્ણુનો અવતાર હયગ્રીવ (૨) હયગ્રીવ મહર્ષિ અને (૩) હયગ્રીવ રાક્ષસ. તારાદેવીએ હયગ્રીવ રાક્ષસનો વધ કર્યો હોવાથી તે નીલવિગ્રહસ્વરૂપિણી નામથી પ્રસિદ્ધ થઈ. આ દેવીની કૃપાથી અતિ સામાન્ય મનુષ્ય પણ બૃહસ્પતિ જેવો વિદ્વાન થાય છે. ભારતવર્ષમાં તારાદેવીની ઉપાસના સર્વપ્રથમ વસિષ્ઠ મહર્ષિએ કરી. તે કારણથી આ દેવીનું નામ વસિષ્ઠઆરાધિતા પણ પડ્યું. હું તારાદેવીનો ઉપાસક છું. પરંતુ, તારાદેવીનાં દર્શનનો લાભ મને હજુ સુધી પ્રાપ્ત થયો નથી. મેં મિથિલા પ્રદેશમાં આવેલા "મહિષી" ગ્રામમાં ઉગ્રતારા સિદ્ધપીઠનાં દર્શન કર્યાં છે. તે સ્થાનમાં તારા, એકજટા અને નીલસરસ્વતી એવી ત્રિમૂર્તિ એક જ સ્થળે છે. મધ્ય ભાગે ઊંચી મૂર્તિ અને આજુબાજુ થોડી નાની બે મૂર્તિઓ છે. તે ગામમાં જ વસિષ્ઠ ઋષિએ તારાદેવીની ઉપાસના કરી સિદ્ધિ પ્રાપ્ત કરી હતી તેમ તે ગામના વૃદ્ધ લોકોનું કહેવું હતું.

ઉગ્રતારાદેવીનાં દર્શન કરી બહાર આવતાં જ મેં એક સુંદર અને આકર્ષક બાલિકાને નજર સામે જોઈ. તે બાલિકાના પગના ઝાંઝરનો અવાજ કર્ણમધુર હતો. તે બાલિકા છમ્ છમ્ કરતાં ચાલતી ત્યારે, તેનો અવાજ મારા હૃદયમાં પ્રતિધ્વનિત થતો હતો. તે બાલિકાએ મને પ્રશ્ન કર્યોઃ- અરે ભાઈ, ક્યાં ક્યાં ફરીશ? મારાં દર્શન માટે જ આ બધું પરિભ્રમણ માંડ્યું છેને? આ સાંભળીને હું આશ્ચર્યચકિત થયો. મને ક્ષણ ભર આ જ તારાદેવી છે એમ લાગ્યું. પરંતુ, બીજી જ ક્ષણે તે કોઈ બીજી બાલિકા બોલતી હોય તેમ જણાયું.

તારાદેવી શિવ પર પ્રત્યલીઢ મુદ્રામાં બેઠેલી હોય છે. તે નીલ વર્ણની, ત્રિનેત્રી હોઈ તેના હાથમાં કપાલ, કાતર, કમળ અને ખડગ્ છે. તેણે વ્યાઘ્રચર્મ ધારણ કરેલું છે અને ગળામાં મુંડમાળા ધારણ કરેલી છે. આ દેવી ભોગ અને મોક્ષ પ્રદાન કરનારી છે. શાસ્ત્રોમાં આ દેવીનું વર્ણન આ પ્રમાણે કરવામાં આવેલું છે. મેં અત્યારે જોયેલી ૧૨-૧૩ વર્ષની સુંદર બાલિકાનું મુગ્ધમોહક રૂપ જોઈને હું આશ્ચર્યચકિત હતો. હું કાંઈ બોલી શકવાની સ્થિતિમાં ન હતો.

તે જ સમય દરમ્યાન આ બાલિકાનું શરીર એકદમ તેજોમય થતું ગયું અને પ્રકાશવંત દેખાયું. અચાનક તેણે બાળકનું રૂપ

ધારણ કર્યું. તે બાળકનાં નેત્રો યોગીઓનાં નેત્રો જેવાં અત્યંત દયાર્દ્ર અને શાંત હતાં. તેનો રંગ સુવર્ણકાંતિ સમાન હતો. તે સ્વરૂપ અત્યંત દિવ્ય અને તેજોમય હતું. તે બાળકના બંને પગમાં ઝાંઝર હતાં. તે બાળકે મને પૂછ્યું:- મારા પગનાં ઝાંઝર ફીટ થઈ ગયાં છે. તું તે કાઢી શકીશ? મેં "હા" કહી. મેં ધીરેથી તે ઝાંઝર પગમાંથી કાઢ્યાં. તેણે કહ્યું:- આ ઝાંઝર તું તારી પાસે જ રાખ. તેમાં જીવશક્તિ છે. તારે ક્યાં જવું? શું ખાવું? કોની સાથે બોલવું? તે સર્વ બાબતોને નિર્ણય ઝાંઝર લેશે. આમ કહીને તે બાળક અંતર્ધાન થયું.

હું કાલિઘાટના કાલિમાતાનાં દર્શન કરી દક્ષિણમાં ગયો. જગન્નાથપુરી મહાક્ષેત્રનાં દર્શન કર્યાં. દક્ષિણના સિંહાચલ ક્ષેત્રના દર્શન કર્યાં. મારા પૂર્વસુકૃતને લીધે પાદગયાક્ષેત્રના પીઠિકાપુરમ્ સ્થળે પહોંચ્યો. ત્યાં કુક્કુટેશ્વર (શિવ) ભગવાનનાં દર્શન કર્યાં. સ્વયંભૂ દત્ત ભગવાનનાં પણ દર્શન કર્યાં. સ્વયંભૂ દત્ત ભગવાન નજીક એક રાફડો હતો. દત્ત ભગવાનનાં દર્શન કરી તે રાફડામાં રહેતા એક દેવકોટિના સર્પે મને દર્શન આપ્યાં.

તે સર્પના દર્શનથી મારા શરીરમાં સ્થિત કુંડલિની શક્તિ જાગ્રત થઈ. મારું શરીર મારે સ્વાધીન ન હતું. ભાવાવેશમાં હું એક ગાંડાની જેમ આમતેમ ભટકતો હતો. મુખથી તારાદેવીનો નામઘોષ મોટેથી કરતો હતો. હું કોઈ સુયોગથી નૃસિંહ શર્મા નામના એક ક્ષત્રિય જમીનદારના ઘર સામે આવ્યો. મહિષી ગામમાં જોયેલું બાલિકાનું શરીર મારી દૃષ્ટિ સમક્ષ પડ્યું. તે બાલિકા થોડી જ ક્ષણોમાં બાળકમાં પરિવર્તિત થઈ. મને જેનાં દર્શન થયેલાં હતાં તે જ તેજોમય બાળક મારા નયનો સમક્ષ હતો. શ્રી નરસિંહ વર્માને ઘેર એક જુદા જ પ્રકારનો ટાંગો (ઘોડાગાડી) હતો.

દિવ્ય બાળકને તે ઘોડાગાડીમાં બેસીને પોતાની માતાને ઘેર જવાનું હતું. શ્રી નરસિંહ વર્માએ એક સેવકની વ્યવસ્થા કરી, જે ત્યાં હાજર થયો. દિવ્ય બાળકે તે સેવકને ઘોડાગાડીમાં બેસાડ્યો અને મને ઘોડાગાડી ખેંચવા આજ્ઞા કરી. મેં તે માટે ના પાડી. બાળક ક્રોધમાં આવીને બોલ્યો:- જો ઘોડાગાડીને ખેંચીશ નહીં તો તારી ખાલ ઊતારી, તેનાં પગરખાં બનાવી પહેરીશ.

ખાલ કાઢીને જૂતાં બનાવવા એ મારો વંશપરંપરાગત વ્યવસાય જ છે. તારી ખાલ ગાય અથવા ભેંસના ચામડાં કરતાં શ્રેષ્ઠ છે.

મેં ઈચ્છા ન હોવા છતાં ગાડી ખેંચવાનું સ્વીકાર્યું. તે બાળકના હાથમાં એક ચાબુક હતી. ગાડી ખેંચવામાં મને ખૂબ જ શ્રમ પડતો હતો. તે દિવ્ય બાળક મને ચાબુક વતી વારંવાર મારતો હતો. ગાડીમાં બેઠેલી બે વ્યક્તિઓનું વજન વીસ માણસોના વજન જેટલું હતું. ખૂબ જ કષ્ટપૂર્વક હું ગાડી ખેંચતો હતો ત્યારે તે બાળક દુઃખ પર મીઠું ભભરાવતો હોય તેમ મને ચાબુક મારતો હતો. મારી પીઠમાંથી લોહીની ધારાઓ વહેવા લાગી. તેમ છતાં, જેમ તેમ મેં તે ગાડી તે બાળકની માતાને ઘેર પહોંચાડી.

બાળક સાથે આવેલા સેવકથી મારી દયનીય સ્થિતિ સહન ન થઈ. પરંતુ, તે બાળક મજાક ખાતર ખૂબ જ ક્રૂરતાથી વર્તતો હતો. તેણે સેવકને ચેતવણી આપતાં કહ્યું:- જો આ દુષ્ટ પર તેં દયા દર્શાવી તો તું પણ શિક્ષાને પાત્ર ઠરીશ. મને કમર ઉપર પહેરવા કોઈ વસ્ત્ર ન હતું. લોહીની ધારાઓ વહેતી હતી. બાળક ઘરમાં જઈને મરચું લઈ આવ્યો અને મારા શરીરના ઘા પર ભભરાવ્યું. મારી કમર પર મહિષી ગ્રામમાંથી પ્રાપ્ત થયેલાં ઝાંઝર હતાં.

તે દરમ્યાન, તે બાળકની પુણ્યશ્લોક દાદી રાજમામ્બા બહાર આવી. તેનું બીજું નામ પુણ્યરૂપિણી હતું. તેનાં દર્શન થતાં જ મારા શરીરનો દાહ શાંત થયો. તેના પતિ બાપન્નાચાર્ય ઉર્ફે સત્યઋષીશ્વર હતા. તે પુણ્યરૂપિણી દાદીએ મને પૂછ્યું:- ભાઈ, તું ક્યાંથી આવ્યો છે? થોડો સમય વિશ્રાંતિ લઈ ભોજન કરી પછી જજે. તેમણે હિંદુસ્તાની ભાષાનો પ્રયોગ કર્યો હતો. તે સેવકે બાળકના દાદા-દાદી પાસે શ્રીપાદે કરેલા કઠોર વર્તનની ચાડી ખાધી.

શ્રીપાદે જવાબમાં કહ્યું:- દાદીમા, આ સેવક એકદમ અસત્ય બોલે છે. આ માણસના શરીરમાંથી લોહીની ધારાઓ વહી નથી. તે પરસેવાની ધાર હતી. મેં તેને મરચું ભભરાવ્યું જ નથી. તે શીતળતા આપનાર ચંદનનો લેપ હતો. ખાતરી કરવી હોય તો સેવકને તપાસ કરવા કહો. સેવકે તપાસ કરતાં જોયું કે શ્રીપાદે કહ્યું હતું તે જ સત્ય હતું.

બાપન્નાચાર્યે શ્રીપાદને કહ્યું:- હે શ્રીપાદ, તું સત્યવ્રતી છે. તું કહે તો લોહીની ધારા દેખાશે અને ચંદનનો લેપ કહીશ તો

ચંદનનો લેપ દેખાશે. તું જે કહીશ તે પ્રમાણે જ દેખાશે. આથી, તું સાક્ષાત્ ઉગ્રતારાદેવીનું રૂપ જ છે એમ લાગે છે. ઉગ્રતારાદેવીના અનુગ્રહથી વાક્‌સિદ્ધિ પ્રાપ્ત થાય છે તેમ સાંભળ્યું છે. પરંતુ, તેનો સાક્ષાત્ પરચો અત્યારે જ જોયો. ઉગ્રતારાદેવી જેમ તું સંકલ્પમાત્રથી જ કોઈ પણ વસ્તુનો સ્વભાવધર્મ બદલી શકે છે. તારી મજાકલીલા સંકેલીને તે અભાગિયા પર કૃપાકટાક્ષ કર.

શ્રીપાદે કહ્યું:- દાદાજી, તમે થોડું વધારે જ બોલ્યા. હું સંકલ્પ કરું અને તે ત્વરિત ફળીભૂત થશે તેમ કહ્યું, તે ક્યાં સુધી સાચું કે ખોટું છે? તે વિશે નિર્ણય શાસ્ત્રની સહાય દ્વારા જ લઈ શકાશે. અસ્તુ. આ એક સદ્‌બ્રાહ્મણ છે. તે ઉગ્રતારાદેવીનો ઉપાસક છે. આ બધું ઠીક છે. પરંતુ, તેણે સંન્યાસદીક્ષા ગુરુની અનુમતિ વિના પોતાને યોગ્ય લાગ્યું એટલે લીધી છે. એના પિતાએ અનેક કષ્ટો વેઠી તેનું લાલનપાલન કરી મોટો કર્યો. એની માતાને ગર્ભાવસ્થામાં ખૂબ જ કષ્ટ થયાં. એના જન્મ વખતે તેની માતાના શરીરમાંથી ઘણું જ લોહી વહી ગયું. લોહીવાળા ઘા પર મરચું નાખતાં જે દુઃખ થાય તેવું દુઃખ એની માતાએ ભોગવ્યું છે. તેનાં માતા-પિતા બંને આ જગતમાં નથી. તેમના પૂર્વસુકૃતથી તે બંનેનો જન્મ પીઠિકાપુરમ્‌માં જ થયો છે.

: કાશીવાસનું ફળ :

નરસિંહ વર્માના ઘરમાં રહેતો સેવક બીજો કોઈ નહીં. પરંતુ, એનો પૂર્વજન્મનો પિતા છે. તેની પત્ની તે એની માતા છે. મૃત્યુ પામેલા પૂર્વજોને પિંડપ્રદાન યોગ્ય વિધિથી ન કરવું તે એક પાપ જ છે. આ આગંતુકે સંન્યાસ લીધો તેથી માતા-પિતાનું પિંડપ્રદાન કર્યું નથી. આનું પાપકર્મ અને પુણ્યકર્મ તેને અહીં એટલે પાદગયાક્ષેત્રે ખેંચી લાવ્યું. તેણે થોડા દુઃખમાત્રથી જ પાપકર્મનું ફળ ભોગવી ક્ષીણ કર્યું. તેના દુર્યોગનો સંપૂર્ણ પરિહાર થયો છે. બાળક નવ મહિના માતાના ગર્ભમાં રહે છે. તે જ પ્રમાણે કાશીક્ષેત્રમાં નવ મહિના, નવ દિવસ અને નવ ઘટિકા નિવાસ કરવાથી મનુષ્ય પિતૃશાપમાંથી મુક્ત થાય છે. શ્રી પીઠિકાપુરમ્ કાશીક્ષેત્ર જેવું પવિત્ર છે. આ આગંતુકે તેના પૂર્વજન્મનાં માતાપિતાની સેવા કરવાથી તે પિતૃઓના શાપમાંથી મુક્ત થશે. આટલું કહીને શ્રીપાદપ્રભુ મૌન રહ્યા.


મેં શ્રીપાદની આજ્ઞા અનુસાર મારા ગત જન્મનાં માતાપિતાની સેવા કરી તેમના આશીર્વાદ લીધા. તેમણે આપેલાં ઝાંઝર મેં પૂજાઘરમાં સુરક્ષિત રાખ્યાં. મને ઉગ્રતારાદેવીની કૃપાથી સિદ્ધિ પ્રાપ્ત થઈ. મારી તંત્રશક્તિના ઉપયોગ દ્વારા હું લોકોનું દુઃખ, બીમારીનો ઈલાજ કરવા લાગ્યો. તમે અહીં આવ્યા તે પહેલાં શ્રીપાદશ્રીવલ્લભે મને દૃષ્ટાંત આપી કહ્યું:- શંકર ભટ્ટ અને ધર્મગુપ્ત નામના બે યાત્રાળુઓ આ માર્ગે આવશે. તેમનું યોગ્ય આદરાતિથ્ય કરી તેમની રહેવાની સગવડ અહીં કરવી અને મારાં ઝાંઝર તેમને ભેટ તરીકે આપવાં.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૩૫ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋


પૂજય શ્રીરંગ અવધૂત ગુરુમહારાજ, નારેશ્વર


પૂ. શ્રી નૃસિંહસરસ્વતી સ્વામી મહારાજ
ભગવાન શ્રી દત્તાત્રેય
શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ
ॐ द्रां दत्तात्रेयाय नमः
પૂ. શ્રી નાના મહારાજ
(તરાણેકર)
પૂ. શ્રી ગુળવણી મહારજ
શ્રી ગાંડા મહારાજ
(શ્રી યોગાનંદ સરસ્વતી)
પૂ. સદગુરુ માણિકપ્રભુ

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૩૬

વેદાંત શર્માનો વૃત્તાંત
માતંગીદેવીની ઉપાસના

હું અને ધર્મગુપ્ત શ્રીપાદપ્રભુ પાસેથી બક્ષિસરૂપે મળેલાં ઝાંઝર લઈને પ્રવાસ માટે આગળ વધ્યા. સમગ્ર રાત્રી દરમ્યાન પગના ઝાંઝરનો મધુર અવાજ અમારા હૃદયમાં પ્રતિધ્વનિત થતો હતો. હૃદયમાં આવેલા અનાહત ચક્રમાં ૐકાર ધ્વનિ અતિ પ્રયત્ન પછી જ શ્રવણ કરવા મળે છે, તેમ અમે સાંભળ્યું હતું. ગઈ રાત માત્ર અમે તે પ્રત્યક્ષ અનુભવ્યું. તે ઝાંઝરનો અવાજ તાલ-સૂરયુક્ત સંગીતમય હતો. અનાહત ચક્રથી શક્તિ બીજા ચક્રો પ્રતિ પ્રસારિત થાય છે. તે શક્તિના વહન સાથે શરીરની સર્વ નાડીઓમાંથી નૂતન શક્તિનો પ્રાદુર્ભાવ થાય છે.

અમે ચાલીએ એટલે ઝાંઝરનો અવાજ સંભળાતો. અમે થોભીએ એટલે અવાજ બંધ થતો. તે વિસ્તારમાં એક ખેતર હતું અને ખેતરમાં એક આશ્રમ હોય તેમ લાગ્યું. તેની એક બાજુ એક નાનકડું ગામડું હોય તેમ દેખાયું. ગામની સીમમાં દલિત લોકોની વસ્તી હતી. તે વસ્તી નજીક આ આશ્રમ આવેલો હતો.

અમે આશ્રમ નજીક પહોંચ્યા અને ઝાંઝરનો અવાજ બંધ થયો. કોઈ દિવ્ય અનુભવ અનુભવવા મળશે અને તે પણ શ્રીપાદપ્રભુની દિવ્ય લીલા જ હશે તેમ અમને લાગ્યું. તે જ અરસામાં તે આશ્રમમાંથી આશરે ૬૦ વર્ષના એક મહર્ષિ બહાર આવ્યા. તેમની પાછળ આશરે ત્રીસ વર્ષની એક યોગિની માતા પણ આશ્રમ બહાર આવી. તે બંને અમને અત્યંત આદર સાથે

આશ્રમમાં લઈ ગયાં. જળપાન થયા પછી મહર્ષિએ વાર્તાલાપ શરૂ કર્યોઃ- મારું નામ વેદાંત શર્મા છે. એક રીતે જોતાં હું પીઠિકાપુર-નિવાસી છું. હાલમાં હું બંગારય્યા નામે ઓળખાઉં છું. આ દેવીનું નામ બંગારમ્મા છે. હું જન્મથી બ્રાહ્મણ છું અને આ સ્ત્રી જન્મથી નીચ કુળની છે. અમારે ઘેર માતંગીદેવીની પીઠ છે. દશ મહાવિદ્યાઓ પૈકી માતંગી એક દેવી છે. તે માતાની જ અમે અહીં આરાધના કરીએ છીએ.

આટલું સાંભળતા જ મારાં રોમાંચ ખડાં થયાં. આ મહર્ષિ બ્રાહ્મણકુલોદ્‌ભવ છે અને સ્ત્રી હીન કુળની છે. તો પછી આ બંનેનું દાંપત્ય ધર્મસંમત હશે કે કેમ તે વિશે મારા મનમાં શંકા આવી. અમને ખાવા માટે કંદ, મૂળ અને ફળ ભોજનાર્થ આપવામાં આવ્યાં. બંગારય્યાએ આગળ કહેવાની શરૂઆત કરીઃ- હે ભાઈઓ, વસિષ્ઠ મહામુનિને અરુંધતીએ લગ્ન કરવા વિનંતી કરી ત્યારે વસિષ્ઠ મુનિએ એક શરત મૂકી. તેમણે કહ્યુંઃ- હું કોઈ પણ પગલું ભરું તેનો તારે વિરોધ કરવો નહીં. અરુંધતી તે માટે સંમત થઈ. મહર્ષિએ તેને સાત વાર દગ્ધ કરી. છતાં તેણે કોઈ વિરોધ ન કર્યો. આથી જ તેનું નામ અરુંધતી (નરુંધતી) પડ્યું. સાત વાર દગ્ધ કરીને હીન કુળના અંશ સંપૂર્ણ નષ્ટ કરવાથી મહર્ષિએ અરુંધતીનો ધર્મપત્ની તરીકે સ્વીકાર કર્યો.

હું પીઠિકાપુરમ્‌માં હતો તે દરમ્યાન મારો ત્રણ વખત વિવાહ થયો. ત્રણે પત્નીઓ એક પછી એક સ્વર્ગવાસી થઈ અને કોઈનો પણ સંગલાભ થયો નહીં. મારું આ કેવું દુષ્કર્મ છે તે વિશે વિચાર કરતાં હું અત્યંત દુઃખી થયો. તે સમયે શ્રીપાદે હાસ્ય કરી કહ્યુંઃ- દાદાજી, તમારા માટે મેં હજી એક નવી દાદી શોધી કાઢી છે. તેની સાથે વિવાહ ન કરતાં ધર્મપત્ની તરીકે જ સ્વીકારશો તો તમને ઉત્તમ જન્મ પ્રસાદરૂપે મળશે.

બાપન્નાચાર્ય પીઠિકાપુરમ્‌ના બ્રાહ્મણપરિષદના અધ્યક્ષ હતા. આ બાબતે વેદપંડિતોની એક બેઠક પરિષદમાં કરવી તેવો બ્રાહ્મણસમાજનો મત હતો. ધર્મકર્મ વિશે શાસ્ત્ર અનુસાર ચર્ચા-વિચારણા કરી નિર્ણય લેવો તેમ નક્કી થયું. દૂર દૂર પ્રાંતના પંડિતોને આમંત્રણ મોકલાવ્યાં હતાં. કોને કોને બોલાવવા તે વિશેનો કાર્યભાર મને સોંપવામાં આવ્યો હતો.

શ્રીપાદે ઉપનયન સંસ્કાર પછી ઇતર બટુકોની જેમ વેદપઠન કર્યું ન હતું. તેમણે દાદા સમક્ષ કે પિતાજી અપ્પલરાજ શર્મા સમક્ષ પાઠાંતર કર્યું ન હતું અથવા કર્યું તે વિશે કદી જણાવ્યું ન હતું. પરંતુ, કોઈ પણ વ્યક્તિ પરીક્ષા કરવા પૂછતી તો શ્રીપાદ તરત જ જવાબ આપતા. બાપન્નાચાર્યનું બધું જ વેદાંતજ્ઞાન શ્રીપાદને હસ્તગત હતું. એટલું જ નહીં પરંતુ, વેદાંત અને તેનો રહસ્યમય ગૂઢાર્થ તો શ્રીપાદને મન રમતવાત હતી. એકંદરે શ્રીપાદ વિદ્વાન પંડિત જ હતા. આથી, તેમને પણ મેં પરિષદમાં આમંત્રણ આપ્યું.

શ્રીપાદને બોલાવવા પાછળ બ્રાહ્મણોનો હેતુ જુદો જ હતો. અપ્પલરાજ શર્મા અને બાપન્નાચાર્યને બ્રાહ્મણપરિષદમાંથી બહિષ્કૃત કરવા તેવો નિર્ણય બ્રાહ્મણસભાએ લીધો હતો. તેની એક નકલ શ્રી શંકરાચાર્યને મોકલાવી હતી. તેમની અનુમતિ મળ્યા બાદ બંને કુટુંબોને પીઠિકાપુરમ્માંથી તગેડી મૂકવા (બહિષ્કૃત કરવા) એવું તેમના મનમાં હતું. શ્રીપાદે જ્યારે તેમના મનની વાત મને કહી ત્યારે હું પણ બ્રાહ્મણો તરફી થયો હતો. તેનું કારણ એ પણ હતું કે બ્રાહ્મણપરિષદનું અધ્યક્ષપદ મેળવવવાની વિચિત્ર ઇચ્છા મારા મનમાં અંકુરિત થઈ હતી!

કુળ, મત, ભેદની પરવા કર્યા વગર શ્રીપાદ સ્વતંત્ર રીતે બધાંને ઘેર જતા અને બધાં સાથે સમાન વર્તાવ કરતા. પીઠિકાપુરમ્માં બંગારય્યા અને બંગારમ્મા નામે દંપતી રહેતું હતું. તેમના મનમાં ઉત્કટ ઇચ્છા હતી કે શ્રીપાદને મળવું અને તેમની સાથે સંભાષણ કરવું.

શ્રીપાદે મને કહ્યું કે તેમને ચામડાંની પાદુકા જોઈએ છે. તે સમયે તેમની ઉંમર ૧૪ વર્ષની હતી. ઘરની વડીલ વ્યક્તિઓએ કહ્યું કે બ્રાહ્મણોએ લાકડાંની જ પાદુકાઓ પહેરવી. ચામડાંની પહેરવી નહીં. આ વાત ઊડતી ઊડતી તે ચમારદંપતીના ઘર સુધી પહોંચી. શ્રીપાદ ભગવાનને ચર્મપાદુકાઓ સમર્પણ કરી પોતાનું જીવન સાર્થ કરવાનો નિશ્ચય તે દંપતીએ કર્યો. વિચાર સ્ફૂરતાંની સાથે જ અચાનક શ્રીપાદપ્રભુ તેમના ઘરમાં પ્રગટ થયા. તેમનાં દિવ્ય શ્રીચરણોનું માપ લેવામાં આવ્યું. બંગારમ્માએ

કહ્યું:- હે મહાપ્રભુ, મારી જ ખાલ ઉતારી તેની પાદુકા બનાવું એમ મારા મનમાં છે. આ સાંભળીને શ્રીપાદે મંદહાસ્ય કર્યું અને અંતર્ધાન પામ્યા.

અમારે ઘેર (બંગારમ્મા) એક સારી ઓલાદની ગાય હતી. તેને અસાધ્ય રોગ લાગુ પડ્યો અને તે મૃત્યુ પામી. તે મરણ પામેલી ગાયનું ચામડું કાઢી (ખાલ ઉતારી) તેને શુદ્ધ કરી શ્રીપાદ પ્રભુ માટે ચર્મપાદુકાઓ તૈયાર કરવામાં આવી.

નક્કી કરેલા દિવસે વેદપંડિતોની સભા ભરાઈ. ચર્ચાનો પ્રારંભ થયો. ચર્ચાનો મુખ્ય વિષય આદિ શંકરાચાર્યનો કાશીસ્થિત મંડનમિશ્ર સાથેનો વાદ-વિવાદ હતો. તે વાદવિવાદમાં મંડનમિશ્રનાં પત્ની સાથે મંડનમિશ્રને જીતવા પડે તેમ ભારતીદેવીએ શરત મૂકી. આ શરતનો પણ સ્વીકાર થયો. ભારતીદેવીએ કામશાસ્ત્ર અંતર્ગત કેટલાક પ્રશ્નો પૂછ્યા. કામશાસ્ત્રનું શંકરાચાર્યનું (પ્રાયોગિક) જ્ઞાન શૂન્ય જ હતું. પ્રશ્નનો જવાબ આપવા માટે શંકરાચાર્યે છ મહિનાનો સમય માગ્યો, જે આપવામાં આવ્યો.

ધર્મબાહ્ય રીતે ન જતાં કામશાસ્ત્રનું જ્ઞાન મેળવવાનું શંકરાચાર્યે નક્કી કર્યું. તે સમયે તે રાજ્યના રાજાનો દેહાંત થયો હતો. આદિ શંકરાચાર્યે પરકાયાપ્રવેશવિદ્યાનો ઉપયોગ કરી તે રાજાના મૃત શરીરમાં પોતાના સૂક્ષ્મ શરીરથી પ્રવેશ કર્યો. શંકરાચાર્યે પોતાના અંગત શિષ્યોને કહ્યું કે તેમનું ભૌતિક શરીર સાચવી રાખવું. કોઈ મહત્ત્વની વાત કહેવી હોય તો રાજમહેલમાં આવીને સાંકેતિક ભાષામાં તેમને જાણ કરવી.

મૃત રાજામાં ફરી પ્રાણે પ્રવેશ કર્યો અને તેઓ જીવતા થયા. ઈશ્વરકૃપાએ આ બન્યું તેમ બધા માનવા લાગ્યા. મહારાણીને થોડા સમય બાદ જણાયું કે રાજામાં કોઈ ખાસ પ્રકારનું પરિવર્તન આવ્યું છે. કોઈ મહાન સત્પુરુષનો આત્મા તેના પતિના શરીરમાં પ્રવેશ્યો છે, તે મહારાણીએ જાણ્યું. મૃત્યુ પામેલા તેના પતિના શરીરમાં જગતના ચૈતન્યને આકર્ષિત કરી, રાજા-રાણીના દાંપત્યસુખનો અનુભવ તે દિવ્યાત્મા કેવળ સાક્ષીભાવથી જોઈ જ્ઞાન મેળવે છે એમ પણ તે રાણીએ જાણ્યું.

જ્યાં સુધી તે દિવ્યાત્માનો નિવાસ મારા પતિના શરીરમાં છે ત્યાં સુધી, તેમના પ્રાણ રાજાના શરીરમાં રહેશે તે રાણીએ જાણ્યું. તેણે આદેશ આપ્યો કે નગરમાં મૃત થયેલા શરીરનું કોઈ પણ કારણથી દહન ન થયું હોય તેનું ત્વરિત દહન કરવું. શંકરાચાર્યના શરીરને દહન કરવા માટે લઈ જવામાં આવ્યું. ત્યારે તેમના શિષ્યોએ રાજમહેલમાં જઈ રાજાના વેશમાં રહેલા શંકરાચાર્યને તે વાતની સાંકેતિક ભાષામાં જાણ કરી. પરંતુ, મોડું થઈ ગયું હતું. તેમના નિષ્પ્રાણ શરીરને અગ્નિમાં મૂકવામાં આવ્યું. અગ્નિથી દગ્ધ હાથ, પગ શ્રીલક્ષ્મીનરસિંહની કૃપાથી આદિ શંકરાચાર્યે પાછા મેળવ્યા.

: બ્રાહ્મણપરિષદમાં શ્રીપાદનો અદ્‌ભુત સંવાદ :

શ્રીપાદે પરિષદને પ્રશ્ન કર્યોઃ- આત્મા એક શરીરનો ત્યાગ કર્યા પછી જ બીજા શરીરમાં પ્રવેશ કરી શકે છે એવું તમે કહો છો પરંતુ હું તમને એક જ પ્રશ્ન પૂછું છુંઃ- આત્મા એક જ સમયે ત્રણ-ચાર શરીરમાંથી ત્રણ-ચાર જન્મોનાં કર્મફળ સાથે અનુભવ લઈ શકે છે કે કેમ? "આ ખૂબ જ જટિલ વિષય છે. આજ સુધી આવું થયાનો પુરાવો નથી." એમ બ્રાહ્મણપરિષદે જવાબ આપ્યો.

શ્રીપાદપ્રભુએ પરિષદને સંબોધીને કહ્યુંઃ- પૂર્વે આમ થયેલું છે. પરંતુ, તમને તેની જાણ નથી. શાપને લીધે ઇંદ્રને પાંચ પાંડવનો જન્મ લેવો પડ્યો અને શચિદેવીને દ્રૌપદીરૂપે જન્મ લેવો પડ્યો. તેને પાંડવોની પત્ની થવું પડ્યું. શચિપુરંદરે પૃથ્વી પર જન્મ લીધો તો પણ તેમનું મૂળ તત્ત્વ સ્વર્ગમાં ચોક્કસપણે હતું. દ્રૌપદીનું શૈયાસુખ ફક્ત અર્જુનને જ મળ્યું. મંત્રાંગ વિષયો પર તે ધર્મરાજા સાથે ચર્ચા કરતી. ભીમને માતાસમાન સ્વાદિષ્ટ ભોજન બનાવી આપતી. નકુલને તે લક્ષ્મીસ્વરૂપે દેખાતી. સહદેવને ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળનું જ્ઞાન હતું. આથી, ભવિષ્યમાં થનારી ઘટનાઓ જલદી જલદી ઘટે અને ક્ષેત્રસંગ્રામની સમાપ્તિ જલદી થાય તેમ તે જણાવતો. આથી, ભૂમિમાતા કરતાં પણ વધારે સહનશીલ વૃત્તિથી તે તેમની સાથે વર્તન રાખતી.

દેવતાધર્મ, મનુષ્યધર્મ અને જંતુધર્મ અલગ અલગ હોય છે. તે બધાનું મિશ્રણ ન કરવું. તેના ઉત્તરમાં મેં (વેદાંત શર્મા-

બંગારય્યાએ) એમ કહ્યું કે આવી અનેક ઘટનાઓ પુરાતનકાળમાં બની હશે. પરંતુ, પુરાતનકાળમાં તેનાં ઉદાહરણ નથી. શ્રીપાદે તીક્ષ્ણ દૃષ્ટિ મારા (વેદાંત શર્મા) પર નાખીને કહ્યું:- તારો ત્રણ સ્ત્રીઓ સાથે વિવાહ થયો. તે ત્રણે સ્ત્રીઓ મૃત્યુ પામી. ત્રણે સ્ત્રીઓમાં આત્મા જુદા-જુદા હતા? જો જુદા ન હતા તો એક જ આત્મા હતો? પુરુષોએ ત્રણ સ્ત્રીઓ સાથે વિવાહ કરવો ધર્મસંમત છે. પરંતુ, એક સ્ત્રીએ ત્રણ પુરુષો સાથે વિવાહ કરવો ધર્મસંમત છે? ખરું જોતાં આત્મા એટલે શું? દાંપત્યધર્મ એટલે શું? મેં (વેદાંત શર્મા- બંગારય્યા)એ કહ્યું:- પુરુષ ગમે તેટલી સ્ત્રીઓ સાથે વિવાહ કરી શકે છે. પરંતુ, સ્ત્રીઓને તે હક નથી. શ્રીપાદપ્રભુએ મને કહ્યું:- અરે! તું જગતનિર્માતા કરતા મોટો છે? મંદોદરી પતિવ્રતા તરીકે પ્રસિદ્ધ છે. તે જ્યારે વાલીની પત્ની હતી, ત્યારે તેના શરીરનાં અણુ જુદાં હતાં. વિભીષણની પત્ની હતી, ત્યારે તેના શરીરનાં અણુ જુદાં હતાં. આત્મા નિર્વિકાર હોવાથી કોઈ પણ ગુણ સાથે તેનો સંયોગ નથી હોતો. આથી જ આત્મા નિત્ય નિર્વિકાર, સત્યયુક્ત શુદ્ધ અને અત્યંત પવિત્ર છે. તમોગુણી રાવણ સાથે મંદોદરીએ તેના સ્વભાવ અનુરૂપ વર્તન રાખ્યું. વિભીષણ સાથે તેણે સત્ત્વગુણપ્રધાન જવાબદારી પાર પાડી.

હું (વેદાંત શર્મા) નિરુત્તર થયો. પરંતુ, થોડો વિચાર કર્યા પછી મેં કહ્યું:- તમે કહેલી વાતનો જો સ્વીકાર કરીએ તો બહુપતિત્વનો સ્વીકાર કરવો પડે. (એક સ્ત્રીને એક કરતાં વધુ પતિ હોવા તે.) જવાબમાં શ્રીપાદે કહ્યું:- અત્યારનો કલિયુગ છે. અહીં કેટલી બધી વિભિન્ન નીચ જાતિઓનો આવિર્ભાવ થાય છે. પશુ-પક્ષી, વૃક્ષ, કૃમિ, કીટક, માનવ જન્મમાં આવે છે. તેમના તેમના સ્વભાવ અનુસાર જુદાં જુદાં સગપણથી જોડાય છે. ધર્મવિરુદ્ધ સગપણથી જોડાય તો નીચ જાતિ નિર્માણ થાય છે. કલિયુગમાં આવા કુળનો નાશ અવશ્ય થશે જ. આ નીચ કુળ આસુરીશક્તિને લીધે નિર્માણ થાય છે. તે માટે જ અસુરધ્વંસ કરવો પડે છે. એક વખત અસુરનો ધ્વંસ થયો કે તેમને પુનર્જન્મ મળતો નથી. પરંતુ, એક અસુરને બદલે દશ અસુરનો જન્મ થવા લાગ્યો છે. ધર્મસંમત સંબંધ જ કાયમના ટકી રહે છે. આ માટે જ બધાએ વિહિત (શાસ્ત્રસંમત) કુળ, ગોત્ર, વર્ણાશ્રમધર્મનું પાલન કરવું.

દિવ્યાત્માનો આવિર્ભાવ કવચિત્ જ થાય છે. તેમનો આત્મા એક જ હોય છે. તે આત્માનો પુરુષરૂપમાં આવિર્ભાવ થવાથી, સ્ત્રીરૂપમાં તે જ આત્માની શક્તિનો આવિર્ભાવ થાય છે. તેમને જ દિવ્ય દંપતી કહેવાય છે. આવા દિવ્યાત્મા આદિથી અંત પર્યંત સૃષ્ટિમાં હોય છે. પરાશક્તિ અને પરબ્રહ્મ એ જ અદ્વિતીય સ્વરૂપમાં સાયુજ્ય સ્થિતિમાં હોય છે.

શ્રીપાદપ્રભુ વધુમાં કહે છેઃ- હવે જો! વેદાંત શર્મા નામનો તું જ બ્રાહ્મણ હતો. બંગારય્યા નામથી ચમારકુળમાં જન્મ્યો છે. આ બધું એક જ સમયે આવિર્ભાવ પામ્યું. તારી સ્ત્રીશક્તિ તારી ત્રણ પત્નીઓરૂપે ચમારણ સ્ત્રી બંગારમ્મા નામથી જન્મી. હાલમાં જ તારે ઘરે મૃત્યુ પામેલી ગાય એક સમયે તારી પત્ની જ હતી. તારી દિવંગત (મૃત્યુ પામેલી) પત્નીનું ચૈતન્ય અને તે ગાયમાતાનું ચૈતન્ય પ્રસ્તુત બંગારમ્મા નામની મહાન વનિતાના ચૈતન્યમાં ભળી ગયું છે. ચૈતન્ય એ જયાંથી આવે છે ત્યાં જ મૂળ ચૈતન્યમાં ભળી જાય છે, એ નિશ્ચિત. સૃષ્ટિનું રહસ્ય અતિ ગહન છે. તેને સમજવા માટે સપ્તર્ષિની શક્તિ પણ ઓછી પડે.

બંગારમ્માનું શરીર બંગારય્યા માટે નિર્માણ થયેલું છે. આથી, તેમાં ધર્મવિરુદ્ધ જેવું કશું નથી. તું તેની સાથે સંસાર કર. તેની પાસેથી તને શરીરસૌખ્ય મળવાનું નથી. મેં આ નિર્ણય ધર્મસ્થાનમાં બેસીને કરેલો છે. પ્રકૃતિમાં આવવાથી પ્રકૃતિનાં ધર્મ, મર્યાદાઓનું વિધિવત્ પાલન કરવું જ પડે છે. પોતાના શરીરની ખાલ કાઢીને તેના પગરખાં સીવીને આપું છું એમ બંગારમ્માએ કહ્યું અને મેં હા પાડી. તે બંગારમ્મા જીવિત રહેવા છતાંય તેણે ગાયનો જન્મ લીધો. તેને ખબર ન પડતાં તેણે તારી ત્રણેય સ્ત્રીઓના રૂપમાં જન્મ લીધો.

જયારે ચૈતન્ય ત્રણ-ચાર શરીરમાં વિભાજિત થાય છે, ત્યારે પ્રત્યેક શરીરમાંના ચૈતન્યને હું જ છું તેવો ભાવ થાય છે. તેના એકત્વનો ખ્યાલ આવતો નથી. "કલૌ પંચસહસ્રાણિ જાયતે વર્ણસંકરઃ" એમ કહેવામાં આવ્યું છે. તેનો અર્થ કુળસાંકર્ય નથી, વર્ણસાંકર્ય (વર્ણસંકરતા) જ કહેવામાં આવ્યો છે. કુળસાંકર્ય થવાથી નીચ જન્મ લેવા પડે છે. વર્ણસંકરતા થવાથી નૂતન શક્તિયુક્ત એવી નવી જાતિ નિર્માણ થાય છે. તેના પરિણામસ્વરૂપ નૂતન માનવજાતિને દેવત્વ પ્રાપ્ત થાય છે. આ ભૂમિ પર

દેવત્વ પ્રાપ્ત કરેલી જાતિઓને ઉત્પન્ન કરવાની છે.

આ બ્રાહ્મણપરિષદનો ખરો ઉદ્દેશ મને ખબર છે. મારા દાદા અને પિતાશ્રીને બ્રાહ્મણ કુળમાંથી બહિષ્કૃત કરવા આયોજકોના મનમાં ભૂત ભરાયું છે. આથી, હું વેદાંત શર્માને કુળ બહિષ્કૃત કરું છું. આજથી તારું નામ બંગારય્યા એમ વ્યવહારમાં રહેશે.

સમગ્ર પરિષદ અસમંજસમાં પડી. એક જ્યોતિસ્વરૂપ બધાના દેખતાં મારામાં (વેદાંત શર્મામાં) વિલીન થયું. ત્યારે જ શ્રીપાદશ્રીવલ્લભ બોલ્યાઃ- તમારા બધાના દેખતાં જ બંગારય્યાની આત્મજ્યોતિ વેદાંત શર્મામાં વિલીન થઈ. આ બ્રાહ્મણ છે કે ચંડાળ છે તેનો નિર્ણય તમારે જ કરવાનો છે. અમને કુળબહિષ્કૃત કરવા માટે તમે (બ્રાહ્મણપરિષદે) શંકરાચાર્યની અનુમતિ મેળવવાનો પણ પ્રયત્ન કરી જોયો. શંકરાચાર્ય મને શું કરશે? તમારી જ આંખો સમક્ષ હું દાદા કે પિતાશ્રી પાસેથી વેદાભ્યાસ કર્યા વગર વેદઉચ્ચારણ કરી શકું છું. એક જ સમયે અનેક સ્થળે દર્શન આપી શકું છું. શંકરાચાર્ય મારી સમક્ષ આવે તો પણ મારે શાની ભીતિ? તેમને તેમના નિત્ય આરાધિત શારદાચંદ્રમૌલેશ્વરના રૂપમાં દર્શન આપી તેમના પર અનુગ્રહ કરીશ. ત્યારે, તેમને બીજો કોઈ પર્યાય ન હોવાથી મારો દેવતા તરીકે સ્વીકાર કરવો પડશે. ત્યારે તેમનો નિર્ણય તમારા માટે દુઃખદ જણાશે.

ક્ષત્રિયપરિષદ, વૈશ્યપરિષદ તમે લીધેલા નિર્ણય સાથે સંમત નહીં થાય. પૌરોહિત્ય, કર્મકાંડ, દાન, સીધું, દક્ષિણા આપવાનું તેમણે જો બંધ કર્યું તો તમારી બાળકો સાથે દીન અવસ્થા જ થશે. મારી સાથે જો કલહ કરશો તો સર્વનાશનું કારણ બનશો. હું ચતુર્થાશ્રમ ધર્મનું પાલન કરવા કહું છું. તમે દરેકે પોતપોતાના ધર્મનિયમોનું અચૂક પાલન કરી ધર્મસંસ્થાપન કરવામાં મદદ કરવી. તેમ ન કરવામાં આવે તો અનેક પ્રકારની આપત્તિઓ આવશે. હું તો શાંત જ રહીશ. પરંતુ, તમારી સ્થિતિ દુઃખદ થશે.

પ્રકૃતિ પરિણામ આપવા માટે બે પ્રકારે વર્તે છે. પ્રથમ પ્રકાર છે એકદમ સુધારો કરવો અને બીજો પ્રકાર શનૈઃ શનૈઃ (ધીમે ધીમે) સુધારો કરવો. બીજા પ્રકારમાં સમયાવધિ પણ આપવામાં આવશે. તમે જો પોતાનામાં સુધારો નહીં કર્યો તો વિનાશને

આમંત્રણ આપવા જેવું થશે. હું તો વિનાશ કરીને પણ ધર્મસ્થાપન કરીશ જ. આટલું કહીને શ્રીપાદપ્રભુ મૌન રહ્યા. બંગારય્યાએ કહ્યું:- મને ક્યાંયનો આધાર ન હતો. તેવી સ્થિતિમાં હું બંગારમ્માને લઈ ગામે ગામ ફરતો ફરતો અહીં આવી પહોંચ્યો. અમારા આ આશ્રમમાં માતંગીદેવીની સ્થાપના (પ્રતિષ્ઠા) કરી જીવન વ્યતીત કરીએ છીએ.

શ્રીપાદશ્રીવલ્લભ માર્ગક્રમણ કરતા અમારા આશ્રમમાં આવ્યા. તેમણે આશીર્વાદ આપતાં કહ્યું:- તારા દેહપતન પછી ઋણાનુબંધથી તું ફરી બ્રાહ્મણકુળમાં જન્મ લઈશ અને બંગારમ્મા શૂદ્ર જાતિમાં જન્મશે. તે સમયે તમે પતિ-પત્ની થશો. તમને સંતાન પણ થશે. તે સંતાનને કુરુગડ્ડીમાં મારી સેવા કરવાની તક મળશે. સુખી ભવ!

ભાઈઓ! આ જ અમારો વૃત્તાંત છે. તમે આ પ્રાંતમાં આવશો, તમારી પાસે તેમનાં ઝાંઝર છે. તે ઝાંઝર લઈને તમને શ્રીપાદની ચર્મપાદુકાઓ આપવી તેવો પ્રભુનો આદેશ છે. અમે માતંગ ઋષિની કન્યા માતંગીદેવીના ઉપાસક છીએ. આ માતાની આરાધના કરવાથી દાંપત્યસુખ સારી રીતે પ્રાપ્ત થાય છે. આ દેવી રાજમાતંગી, કર્ણમાતંગી નામથી પણ પ્રખ્યાત છે.

એક વખત શ્રીપાદપ્રભુએ ભૌતિક સ્વરૂપમાં આ આશ્રમમાં અમને દર્શન આપ્યાં. તે સમયે બંગારમ્મા દૂધ ગરમ કરતી હતી. જે ગાયના ચામડામાંથી આ ચર્મપાદુકાઓ બનાવી, તે ગાયમાતા ડોક હલાવતાં હલાવતાં સામેથી પસાર થઈ તેવું બંગારમ્માને દર્શન થયું. શ્રીપાદપ્રભુએ અમારી પાસેથી દૂધ સ્વીકાર્યું. અમે પૂજેલી માતંગીદેવીની મૂર્તિ, તેમના નામ પર સ્થપાયેલા સંસ્થાનના ઔદુંબર વૃક્ષની નીચે અનેક કૂટ સુધી જશે. ત્યાં અનેક સિદ્ધ પુરુષો દ્વારા તેની સેવા થશે.

શ્રીપાદપ્રભુએ બંગારમ્માને બોલાવી કહ્યું:- બાઈ! તારો પતિ ખૂબ જ અનુકૂળ છે. આવતા જન્મે તેની પાસેથી તને સર્વ સુખ મળશે. તારા માટે સોનાની બિંદી તૈયાર કરી રાખી છે. શુભપ્રદ મંગળસૂત્ર પણ તૈયાર કરી રાખ્યું છે. આ બંને વસ્તુઓ હિરણ્યલોકમાં વ્યવસ્થિત સંગ્રહિત કરેલી છે. આગામી જન્મમાં હું જાતે જ તમારા પર કૃપા કરી સ્વહસ્તે તમારો વિવાહ કરાવીશ. આટલું કહીને શ્રીપાદપ્રભુ અંતર્ધાન પામ્યા.

ભક્તો! તમે અમારી કહાણી (કથા) સાંભળી. હંમેશાં સિદ્ધમંગલસ્તોત્રનું પઠન કરતા રહેવું. તેમ કરવાથી તમારા પર મહાપુરુષોનો અનુગ્રહ ચોક્કસ થશે. સિદ્ધ, મહાસિદ્ધ, મહાયોગ આ બધા શ્રીપાદપ્રભુના કર, ચરણ, અવયવ જેવા જ છે. શ્રીપાદપ્રભુ પોતાના સંકલ્પની પૂર્તિ તેમના દ્વારા જ કરે છે. એક વખત તેમણે રાજમાતા માતંગીદેવીના રૂપમાં દર્શન આપી અમને અનુગ્રહિત કર્યા. સમસ્ત સૃષ્ટિ તેમજ સૃષ્ટિનું રહસ્ય તેમના હાથમાં જ છે. તમે હરહંમેશ તેમનું સ્મરણ કરો, ધ્યાન કરો, અર્ચન કરો. સર્વસિદ્ધ તેઓ જ છે. માતાની જેમ તેઓ તમારી રક્ષા કરશે. લાખો માતાઓના પ્રેમ કરતાં શ્રીપાદપ્રભુનો તેમના ભક્તો પ્રતિનો પ્રેમ અનેકગણો ઉચ્ચ કોટિનો હોય છે.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૩૬ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૩૭

છિન્નમસ્તકદેવીનું વર્ણન

બંગારય્યા અને બંગારમ્માની રજા લઈ, તેમણે આપેલી ચર્મપાદુકાઓ સાથે અમે આગળના પ્રવાસનો પ્રારંભ કર્યો. અમે એક જંગલમાંથી પસાર થતા હતા. જતાં જતાં એક વટવૃક્ષ જોઈને તેની નીચે અમે વિશ્રાંતિ માટે બેઠા. તે સમય દરમ્યાન યોગિનીઓનો એક સમુદાય ત્યાં આવ્યો. યોગિનીઓએ અમને જોઈને કહ્યું:- હવે સાયંસંધ્યાનો સમય થવા આવ્યો છે માટે આવા સમયે આ વિસ્તારમાં આવવું જ ન જોઈએ. અહીં અમે છિન્નમસ્તકદેવીની પૂજા કરવાનાં છીએ. આ એક ખૂબ જ રહસ્યમય દેવતા છે. અહીં પુરુષોને પ્રવેશ નથી. એટલું જ નહીં. પરંતુ, આ દેવભૂમિ છે. અહીં આવેલો કોઈ પણ જીવતો પાછો જતો નથી. આ બધું સાંભળીને અમારા પગ નીચેની જમીન સરકતી હોય તેમ લાગ્યું.

તે જ સમયે એક તેજસ્વી યોગિનીમાતાનું ત્યાં આગમન થયું. તેનાં નેત્રો અગ્નિસમાન લાલ હતાં. તેની સાથે આવેલી યોગિની એક ટોપલીમાં છિન્નમસ્તકદેવીને મૂકીને સાથે લાવી હતી. તે યોગિનીમાતાએ કહ્યું:- આમને પહેરવા માટે સાડી અને કબજો આપો. તેના કહેવાથી અમને સાડી, કબજો આપવામાં આવ્યો. અમારાં વસ્ત્રોને ત્યાં પ્રજ્વલિત કરેલા યજ્ઞકુંડમાં દગ્ધ કરવામાં આવ્યાં. અમે સાડી અને કબજો પહેર્યા પછી અમારા શરીરમાં પરિવર્તન અનુભવ્યું. અમારું પુરુષત્વ નષ્ટ થતું જણાયું અને છાતી સ્ત્રીઓ જેવી ઉપસી આવી. અમને પૂર્ણતઃ સ્ત્રીરૂપ પ્રાપ્ત થયું. અમારાં નામ પણ નવેસરથી પાડવામાં આવ્યાં. મારું નામ શંકરમ્મા અને ધર્મગુપ્તનું નામ ધર્મમ્મા રાખવામાં આવ્યું. અમને ભોજનમાં માંસ ખાવા માટે આપવામાં આવ્યું અને પીવા

માટે મદિરા આપી. દિવસે મનુષ્યરૂપે સંચાર કરતા રાત્રે વાઘ થઈને ફરતા લોકો વિશે અમે કિંવદંતિસ્વરૂપે સાંભળ્યું હતું. પરંતુ, તે પ્રમાણે દેવતાની પૂજા હોય અથવા યોગીજનો સંકલ્પમાત્રથી પુરુષોને સ્ત્રીરૂપમાં બદલી શકે છે તેવી અમને સ્વપ્નમાં પણ કલ્પના આવી ન હતી. અમને ભય પમાડી અમારી પાસે નૃત્ય કરાવવામાં આવ્યું.

તેટલામાં યોગિનીમાતા બોલ્યાંઃ- કબંધ મુનિ પરિવર્તનશીલ જગતના અધિપતિ છે. પરિવર્તન શક્તિને જ "છિન્નમસ્તકદેવી" કહે છે. આ જગતમાં વૃદ્ધિ અને ક્ષય હંમેશાં ચાલુ જ હોય છે. ક્ષીણત્વ ઓછું થાય એટલે વિકાસનું સ્તર આપોઆપ વધે છે. તે સમયે ભુવનેશ્વરીદેવીનું પ્રાગટ્ય થાય છે. અને જો ક્ષીણત્વ અધિક હોય અને વિકાસ-વૃદ્ધિનો દર ઓછો હોય ત્યારે છિન્નમસ્તકદેવીનું પ્રાધાન્ય હોય છે.

આ મહામાતાનું સ્વરૂપ અત્યંત રહસ્યમય છે. એક વખત પાર્વતીદેવી પોતાની સખીઓ સાથે મંદાકિની નદી પર સ્નાન કરવા ગઈ. સ્નાન થયા પછી બંને સખીઓને પુષ્કળ ભૂખ લાગી. આથી તેઓ કૃષ્ણવર્ણ થઈ. ભોજન માટે સખીઓએ યાચના કરી ત્યારે, પાર્વતીએ તેમને થોડી પ્રતીક્ષા કરવા જણાવ્યું. થોડા સમય પછી સખીઓએ પુનઃ ભોજનની માગણી કરી. આ સમયે પણ થોડી રાહ જોવા પાર્વતીએ કહ્યું. આમ અનેક વખત પુનરાવર્તન થયું. છેવટે પાર્વતીદેવીએ પોતાના ખડ્ગ દ્વારા પોતાનું મસ્તક કાપી નાખ્યું. તે સમયે ધડમાંથી લોહીની ત્રણ ધારા નીકળી. બે રક્તધારાઓ તેણે બંને સખીઓને પીવા માટે આપી. પોતાનું મસ્તક પાર્વતીના ડાબા હાથમાં આવી પડ્યું હતું. ત્રીજી રક્તધારા પાર્વતીના મસ્તકે પીધી. મસ્તક છિન્ન કરવાથી તેનું નામ છિન્નમસ્તકદેવી પડ્યું.

મધ્યરાત્રીએ કરેલી છિન્નમસ્તકદેવીની ઉપાસના સારું ફળ આપે છે. શત્રુ પર વિજય મેળવવા માટે, શત્રુસમૂહને થોભાવી રાખવા માટે (સ્તંભનપ્રયોગ), રાજ્યપ્રાપ્તિ માટે, દુર્લભ એવી મોક્ષપ્રાપ્તિ માટે તેની ઉપાસના અત્યંત ફળદાયક ઠરે છે. ચારે દિશાઓ આ મહામાયાનાં વસ્ત્રો છે. તેના નાભિસ્થાનમાં યોનિચક્ર હોય છે. કૃષ્ણ એટલે તામસ્ ગુણ અને રક્ત એટલે રાજસ્ ગુણ.

આ બંને ગુણોયુક્ત બે સખીઓ હંમેશાં તેની સાથે હોય છે. દેવીએ પોતાનું મસ્તક છેદ્યું. તેમ છતાં, તે જીવંત રહી છે. તેનો યોગની ભાષામાં એવો અર્થ થાય છે કે તે પરિપૂર્ણ અંતર્મુખત્વનું પ્રતીક છે.

અગ્નિ સ્થાનવાળા મણિપુરચક્રમાં આ દેવીનું ધ્યાન યોગીજનો કરે છે. આ દેવી હિરણ્યકશ્યપુની ઉપાસ્ય દેવતા છે. અમારે માટે આ એક ભયપ્રદ અને વિચિત્ર એવો અનુભવ હતો. મધ્યરાત્રીનો સમય થવા આવ્યો હતો. ચિત્રવિચિત્ર પ્રાણીઓનો અવાજ હવે સંભળાતો હતો. તેમાં મુખ્યત્વે વાદ્યની ગર્જનાથી સમગ્ર વિસ્તાર ખળભળી ઊઠ્યો હતો.

બે સારી સ્ત્રીઓનો બલિ મળ્યો એમ યોગિનીસમુદાયને લાગ્યું. તેમના સાંનિધ્યમાં અમારો વધ કરવો તે ખૂબ જ ઉપયુક્ત, શ્રેયસ્કર છે તેમ તેમનું મંતવ્ય હતું. (જે તેમની વાતચીત પરથી જણાયું.) અમારા માથે તેમણે લીમડાની ડાળખીઓ બાંધી. કપાળ પર કંકુનો મોટો ચાંદલો કર્યો. અતિ ધારદાર ચપ્પુ વડે અમારો શિરચ્છેદ કરવામાં આવ્યો. લોહીની ધારાઓ વહેવા માંડી. તે જોઈને યોગિનીઓને ખૂબ જ આનંદ થયો. મદોન્મત્ત થઈને તેઓ રક્તપાન કરવા લાગી. અમારાં મસ્તકો એક બાજુ અને ધડ બીજી બાજુ નાખવામાં આવ્યાં. તેમ છતાં, અમે સજીવ જ છીએ તેમ અમને લાગ્યું. અમારો વધ અમારી જ આંખોએ જોયો! અમારા શરીરને ખૂબ જ દાહ થતો હતો. તે યોગિનીગણોની ક્રૂર અને અત્યંત હીન એવી ક્ષુદ્ર વિધાના અમે શિકાર થયા હતા.

તેટલામાં અમને ગાઢ નિદ્રા આવી. નિદ્રાવસ્થામાં અસ્પષ્ટ એવા આકાશમાં પ્રકાશનો એક પુંજ દેખાયો. તે પ્રકાશ અમારી નજીક આવનાર કાળ પ્રમાણે યોગિનીગણના સમુદાયમાં ભળી ગયો તેમ લાગ્યું. અમારાં મસ્તકો ફરી અમારાં ધડને ચોટ્યાં તેમ જણાયું. અમે હંમેશની જેમ ઊંઘમાંથી જાગ્રત થયા. અમારા શરીર પર સાડી અને કબજો હતો. થોડી જ ક્ષણોમાં અમારાં સ્ત્રીલક્ષણો ધીમે ધીમે લુપ્ત થતાં હતાં. પુરુષલક્ષણો સ્પષ્ટ દેખાવા લાગ્યાં. રાત્રીના પ્રજ્વલિત અગ્નિમાં અમારાં સ્ત્રીવસ્ત્રો દગ્ધ થઈ તેની જગ્યાએ પુરુષવસ્ત્રો આવ્યાં હતાં.

સ્નાન કર્યા પછી અમે પુરુષવસ્ત્રો પરિધાન કર્યાં. તેટલામાં એક વટેમાર્ગુ અમને મળ્યો. તેણે અમને કહ્યું:- મિત્રો! ગઈ કાલે

તમે જે જોઈ, અનુભવી, તે એક પ્રકારની યોગપ્રક્રિયા હતી. તમારા શરીરનું સ્ત્રીતત્ત્વ અત્યંત શુદ્ધ કરવામાં આવ્યું. પ્રત્યેક શરીરમાં સ્ત્રી અને પુરુષ એમ બે તત્ત્વો હોય છે. આ બંને તત્ત્વોની શુદ્ધિ થયા વગર યોગશક્તિ, વિશ્વચૈતન્યમાંથી પ્રવાહિત થતી નથી. વિશ્વચૈતન્યમાં થઈને તમારી આવશ્યક તેટલી જ શક્તિ પ્રવાહિત થાય છે. આત્માને સ્ત્રી કે પુરુષ એવો ભેદ હોતો નથી. આત્મા આ બંને (સ્ત્રી અને પુરુષ) તત્ત્વના આધારથી અલિપ્ત છે.

તમે શ્રીપાદશ્રીવલ્લભની દયાથી યોગિનીગણોની અસાધારણ યોગપ્રક્રિયા વડે અનુપમેય કરુણા પ્રાપ્ત કરી લેશો. કેટલાય પ્રયત્નો કરીએ છતાં પ્રાપ્ત ન થનારી સુષુમ્ણા માર્ગની ઓળખાણ તમને થઈ ગઈ. આ કરતાં બીજું મહાન ભાગ્ય તે કયું? આવું મહાભાગ્ય પ્રાપ્ત થવાનું કારણ એજ કે તમારી પાસે હાજર શ્રીપાદપ્રભુની ચર્મપાદુકાઓ છે. ચર્મદેહના ચૈતન્યમાંથી નીકળી તમે ચૈતન્યપ્રવાહરૂપ દિવ્ય તત્ત્વના અનુસંધાનમાં છો. શ્રીપાદપ્રભુની દિવ્ય લીલાઓ તેઓ પોતે જ જાણે છે. તે લીલાઓ બીજાને માટે અતિ અગમ્ય, અદ્‌ભુત અને ચમત્કારિક હોય છે.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૩૭ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૩૮

બગલામુખીદેવીની આરાધનાનું વિવરણ

અમે (શંકર ભટ્ટ અને ધર્મગુપ્ત) પીઠિકાપુરમ્ જતા હતા. રસ્તામાં અમને એક વૈરાગી મળ્યો. તે એક પીપળાના ઝાડ નીચે બેઠો હતો. તેની આંખો તેજસ્વી દેખાતી હતી. અમને જોતાં જ તે વૈરાગીએ પૂછ્યું:- તમે જ શંકર ભટ્ટ અને ધર્મગુપ્ત છો? અમે બંનેએ હકારમાં ડોક હલાવી. તેણે વધુમાં કહ્યું:- આ પીપળા નીચે થોડો વિશ્રામ લો. તમારી પાસે શ્રીપાદપ્રભુની ચર્મપાદુકાઓ છે ને? તે મને આપો અને મારી પાસેથી નાગમણિનો સ્વીકાર કરો. અમે તેમની વિનંતીનો સ્વીકાર કર્યો. અમે ચર્મપાદુકાઓ તેમને આપી અને દિવ્ય નાગમણિ લઈ લીધો.

મેં (શંકર ભટ્ટે) વૈરાગીને પૂછ્યું:- મહારાજ, મેં શ્રીપાદપ્રભુના દિવ્ય ચરિત્રલેખનનો સંકલ્પ કર્યો છે. તેમના જીવનમાં ઘટેલી પ્રત્યેક વર્ષની ઘટનાઓ શ્રીપાદપ્રભુના ભક્તોને વર્ણન સાથે કથન કરીએ છીએ. તે લીલાનું શ્રવણ કરી ભક્તો સહજતાથી ભવસાગર તરી જાય છે. આ સર્વ માટે હું કેવળ નિમિત્ત માત્ર છું. મારું વક્તવ્ય સાંભળી વૈરાગીએ કહ્યું:- શ્રીપાદશ્રીવલ્લભ આદિ ભૈરવ અને આદિ ભૈરવીનું સંયુક્ત રૂપ છે. કાળ ઉપર શાસન કરનાર કાળભૈરવ પણ તેઓ જ છે. તેઓ કાળસ્વરૂપ છે અને કાળપુરુષ તેમનાથી ભિન્ન નથી. મહાકાળ સ્વરૂપ પણ તેઓ જ છે.

કયા સમયે કઈ ઘટના ઘટે છે તેનું સંપૂર્ણ જ્ઞાન તેમને જ છે. આથી, અવ્યક્ત રૂપમાં રહેલા શ્રીપાદપ્રભુના સંકલ્પના સ્વરૂપનું જ્ઞાન કોઈ પણ દેશ-કાળથી બંધાયેલા જીવથી સમજી શકાય તેમ નથી. દેશ-કાળ સાથે ક્રીડા, જીવનો વિકાસ, ધર્મ,

કર્મનું ફલિત અને તેનો પ્રભાવ સંપૂર્ણતઃ શ્રીપાદપ્રભુને આધીન હોય છે. જેઓ પોતાને અહંકારથી મહાપંડિત સમજી બેઠા છે, તેવા જ્ઞાન વિનાના લોકોના અહંકારનું હરણ કરી તેમને અહંકારરહિત કરે છે. તદ્ઉપરાંત વિનયી, નમ્ર પરંતુ જ્ઞાનના અભાવવાળા સાધકોને તેઓ પોતાની કૃપાદૃષ્ટિથી પંડિત કરી શકે છે. તેમનો આ યોગસંપન્ન અવતાર છે.

તેઓ અવતારી પુરુષ હોઈ પ્રત્યક્ષ શ્રી દત્તાત્રેયનો અવતાર છે તે સમજવા માટે સાધકે પોતાનાં પાપોને બાળી નાખવાં પડે છે અને પુણ્યનો સંચય કરવો પડે છે. આવો સર્વ સાધારણ નિયમ છે. તેમનો કૃપાકટાક્ષ થતાં આ સાધારણ નિયમથી ઉપરવટ જઈને તેઓ ભક્તોનું રક્ષણ કરે છે. તેઓ પ્રતિ ક્ષણે લીલાવિહારી છે. શ્રીપાદપ્રભુના દિવ્ય ચરિત્રનું પારાયણ કરનાર સાધકોનો એક ક્રમબદ્ધ પદ્ધતિથી વિકાસ થાય છે. તેમના જીવનના પ્રત્યેક વર્ષમાં ઘટેલી એક અથવા બે દિવ્ય લીલાને સાધકો સમજી શકે છે. લીલા ક્રમે ક્રમે સમજાય તે પણ દિવ્ય લીલાનો અંતર્ભાગ છે. શ્રીપાદપ્રભુએ કેવળ એક જ દેશ અથવા એક જ પ્રાંતના લોકોના ઉદ્ધાર માટે અવતાર લીધો નથી.

અનેક કરોડો બ્રહ્માંડો પ્રતિક્ષણે નિર્માણ, સ્થિતિ અને લય પામે છે. તેનો પરિણામક્રમ પણ શ્રીપાદપ્રભુના અધિકાર હેઠળ હોય છે. તેમના દિવ્ય નેત્રગોલકમાં (આંખથી દેખાતા વર્તુળાકાર વિસ્તારમાં) કરોડો બ્રહ્માંડની વૃદ્ધિ અને ક્ષય થતો હોય છે. આ જ તેમનું નિજ તત્ત્વસ્વરૂપ છે. તેમનું નિરાકાર સ્વરૂપ એટલે જ પર તત્ત્વ છે. અવ્યક્ત સ્વરૂપમાં રહેતું તેમનું રૂપ કોઈ પણ જાણી શકતું નથી. તેમનું મહાતત્ત્વ સાકારરૂપમાં પીઠિકાપુરમાં અવતરિત થવું એ જ તેમની એક દિવ્ય લીલા છે. શ્રીપાદપ્રભુની લીલાઓ અત્યંત અદ્ભુત અને ન કળી શકાય એવી છે. તે લીલાઓનો અંત નથી. વેદો પણ તેમની લીલાઓનું વર્ણન કરતાં મૌન સેવે છે. શ્રીપાદપ્રભુનો જન્મ અનંત છે. વેદાંતર્ગત જ્ઞાન પરિમિત છે. પરંતુ, શ્રીપાદપ્રભુનું જ્ઞાન, દિવ્ય શક્તિ અને કરુણા અનંત છે. તેઓ સર્વ દેશમાં, સર્વ કાળે સ્થિત હોય છે. સત્યનું સત્ય, જ્ઞાનનું જ્ઞાન અને અનંતને પણ જ્ઞાત ન થનાર તેમનું મહાઅનંત સ્વરૂપ છે.

: બગલામુખીદેવીની ઉપાસના :

વૈરાગીએ પોતાનો વૃત્તાંત કહેવાની શરૂઆત કરીઃ- વાસ્તવમાં હું બંગાળ પ્રાંતનો નિવાસી છું. હું બગલામુખીદેવીની ઉપાસના કરું છું. આ દેવી દશ મહાવિદ્યાઓ પૈકીની એક છે. શત્રુનો નાશ ઈચ્છનારે આ દેવીની આરાધના કરવી જોઈએ. સર્વ પ્રકારની પરમેશ્વરની સંહારશક્તિ બગલાદેવી છે. આ દેવીની ઉપાસના કરવાથી વાક્‌સિદ્ધિ પ્રાપ્ત થાય છે. મનોવાક્ અને કર્મ બંનેના ઐકયભાવથી ધર્મસંમત જીવન જીવનાર લોકોએ ઉચ્ચારેલું પ્રત્યેક વાક્ય સાચું જ માનવામાં આવે છે. વાક્યને (વાણીને) પણ પરા, પશ્યંતી, મધ્યમા એવા ભેદ હોય છે.

સત્યયુગમાં સર્વ જગતનો નાશ કરનાર એક ભયંકર વાદળું ધસી આવ્યું હતું. પૃથ્વી પર આવેલા આ સંકટથી વિષ્ણુ ભગવાન ચિંતિત થયા. ત્યારે તેના પરિમાર્જન માટે તેમણે તપસ્યા કરવાનો પ્રારંભ કર્યો. તે સમયે વિદ્યા મહાદેવી બગલામુખીરૂપ લઈ અવતરી. શ્રીમન્ નારાયણને દર્શન આપી તેણે સૃષ્ટિનો વિધ્વંસ કરનાર વાદળને થોભાવ્યું. આ દેવીને કેટલાક લોકો વૈષ્ણવીદેવી તરીકે પણ ઓળખે છે. મંગળવાર ચૌદશના રોજ મધ્યરાત્રીના સમયે આ દેવી પ્રગટ થઈ.

આ દેવી સ્તંભનશક્તિ સ્વરૂપિણી છે. તેને લીધે જ સૂર્યમંડળ સ્થિત છે. સ્વર્ગ પણ સ્થિત છે. બગલામુખી દેવી ઇહલોક અને પરલોકનાં સર્વ સુખ તેના ભક્તોને પ્રદાન કરે છે. સાધકના જીવનમાં વિઘ્નકારક દુષ્ટ શક્તિ અને અંધ શક્તિનો નાશ કરી આ દેવી પ્રગતિનું અભયદાન આપે છે. બગલામુખીદેવીને "વડવામુખી", "જાતવેદમુખી", "ઉલ્કામુખી", "જ્વાલામુખી" અને "બૃહદ્‌ભાનુમુખી" નામોથી પણ ભક્તો સંબોધન કરે છે.

સર્વ પ્રથમ બ્રહ્મદેવે બગલા મહાવિદ્યાની ઉપાસના કરી. આ દેવીએ બ્રહ્મદેવને બાળરૂપમાં દર્શન આપ્યાં. તિરુપતિ તિરુમલૈક્ષેત્રમાં તેમણે તેની પૂજા કરી. આ દેવીની મૂર્તિની વેંકટેશ્વર, પદ્માવતીની મૂર્તિ સાથે બ્રહ્મોત્સવના મંગળ સમયે અર્ચા કરવામાં આવે છે. આ મહાવિદ્યાનો બ્રહ્માજીએ સનકાદિક ઋષિઓને ઉપદેશ કર્યો હતો. બ્રહ્માજી પછી આ દેવીની ઉપાસના

વિષ્ણુ ભગવાને કરી હતી. ભગવાન પરશુરામે પણ પોતાના શત્રુઓના નાશ માટે આ દેવીની ઉપાસના કરી હતી.

હું (બંગાળી સાધક) તીર્થયાત્રા દરમ્યાન પીઠિકાપુરમ્ આવી પહોંચ્યો. શ્રી કુક્કુટેશ્વર મંદિરમાં પૂજા કરી. તે પછી અત્યંત મધુર બોલનાર એક સુંદર બાળકને મેં જોયો. તે બાળકે મને કહ્યું:- હે મહોદય! તમે બંગાળ પ્રાંતમાંથી અહીં આવ્યા છો તે મને ખબર છે. હું ઘણા સમયથી અત્યાર સુધી આ મંદિરમાં સ્વયંભૂ દત્તાત્રેય તરીકે સ્થિત છું. જલદીમાં જલદી એક અર્ચક દ્વારા મારી નિત્ય પૂજા કરવાની વ્યવસ્થા કરો. તે બાળકના કહેવા અનુસાર એક ઉત્તમ બ્રાહ્મણ દ્વારા પૂજા કરાવીને તેનું યથોચિત બહુમાન કરવામાં આવ્યું. તે પૂજારી (અર્ચક)નું નામ કલવર હતું. તેણે કુક્કુટેશ્વર અને સ્વયંભૂ દત્તાત્રેય આ બંને દેવોની અંતઃકરણના ઉમળકાથી કષ્ટો વેઠીને આરાધના કરી હતી. આ માટે તેને ભરપૂર દક્ષિણા અને રસોઈ માટે પૂરતા પૈસા આપવામાં આવ્યા હતા. તે પૂજારીએ દક્ષિણા ઘેર લઈ જઈ પેટીમાં મૂકી દીધી હતી. આશ્ચર્યકારક ઘટના એ બની કે સવાર સુધીમાં તે દક્ષિણા (પૈસા) પેટીમાંથી અદૃશ્ય થઈ હતી. પરંતુ, ત્યાંના બ્રાહ્મણોનાં પેટ રોજના કરતા બમણા કે ત્રણગણા અન્નથી ભરાયેલાં છે તેમ તેમણે અનુભવ્યું. આથી તેઓને ખૂબ જ આળસ આવી હતી.

આળસ આવવી, રસોઈ અદૃશ્ય થવી, ધનદક્ષિણા અદૃશ્ય થવી. આ બધી બાબતો સર્વસામાન્ય લોકોને ન સમજાય તેવી હતી. કલવર એક નિષ્ઠાવંત નિયમનિષ્ઠ, વેદશાસ્ત્ર જાણનાર અને તેના આચરણ દ્વારા પ્રચાર કરનાર પૂજારી હતો. પરંતુ, યક્ષિણીના પ્રભાવથી તે અત્યંત ક્ષીણ થયો હતો. આથી, તેની પરિસ્થિતિ શરમજનક થઈ હતી. તેમ છતાં સર્વ બ્રાહ્મણો આ વિશે ચર્ચા ન કરતાં મૌન રહેવાનું પસંદ કરતા.

એક દિવસ એક વૈરાગી સાધુ કુક્કુટેશ્વર મંદિરમાં મૂર્છિત પડ્યો. પરંતુ, તેના શ્વાસ બંધ થઈ ગયા હતા અને અવયવની કોઈ પણ હિલચાલ થતી ન હતી. આથી લોકો તેને મૃત થયેલો સમજ્યા. થોડા જ સમયમાં તેને શ્રીપાદપ્રભુના દાદા શ્રી બાપન્નાચાર્ય પાસે લઈ ગયા. શ્રી બાપન્નાચાર્યે કહ્યું કે આ સાધુ મૂર્છિત થયો નથી કે તે મૃત પણ થયો નથી. તે સાધુ સમાધિઅવસ્થામાં છે.

પરંતુ, લોકોએ શ્રી બાપન્નાચાર્યની વાત કાને ન ધરી અને તેને દહન કરવા સ્મશાનમાં લઈ ગયા. આશ્ચર્યકારક ઘટના એ બની કે શ્રીપાદપ્રભુની કૃપાથી અગ્નિ તે સાધુના શરીરને બાળી ન શક્યો!

સાધુ સમાધિમાંથી ઉત્થાન પામ્યો અને ચિતા પરથી નીચે ઉતરી આવ્યો. આઠ જ દિવસમાં તે સાધુ પૂર્વવત્ સ્વસ્થ થયો. તે પછી તે સાધુને બ્રાહ્મણોએ ભિક્ષા આપવાની બંધ કરી. આથી નાઈલાજે તેને રબારીને ઘેર રહેવું પડ્યું. ત્યાં જ તેની ભિક્ષાની સગવડ થઈ. કુળ, જાતિ, વર્ણનો ભેદભાવ ન રાખનાર સાધુ રબારી સમાજમાં ખૂબ જ લોકપ્રિય થયો. તે રબારી સમાજમાં એક યુવતી હતી જેનું નામ લક્ષ્મી હતું. તે બાળપણમાં જ વિધવા થઈ હતી. તેનો પતિ તેની સાથે અત્યંત પ્રેમથી વર્તન કરતો. તે સર્વ રબારીઓનો પણ પ્રિય હતો. રબારી સમાજમાં તે મોટા માણસ તરીકે ઓળખાતો.

રબારી લોકોના ઝઘડા-ટંટા તે પોતાની કુશાગ્ર બુદ્ધિથી છોડાવતો અને ઉત્તમ નિર્ણય આપતો. તેની કુશાગ્ર બુદ્ધિને જોઈ તેની ઉંમર નાની હતી છતાં તેને રબારી લોકોએ નેતા તરીકે ચૂંટ્યો હતો. તેની પત્ની એક મહાન પતિવ્રતા સ્ત્રી હતી. એક સમયે વેંકટપૈય્યા શ્રેષ્ઠીની ગાય ખોવાઈ ગઈ હતી. તે સમયે લક્ષ્મી શ્રેષ્ઠીના ઘેર દૂધ આપવા જતી. શ્રીપાદપ્રભુ શ્રેષ્ઠીને ઘેર હંમેશાં જતા. તેઓ દાદીને જ્યારે પણ ભૂખ લાગી છે તેમ કહેતા કે તરત જ મહાલક્ષ્મી સમાન વેંકટસુબમ્મા, શ્રીપાદને ગરમ દૂધ લાવી આપતાં. એટલું જ નહીં પરંતુ તે શ્રીપાદને પ્રેમથી મલાઈ, માખણ પણ આપતી.

એક દિવસ લક્ષ્મી રબારણ દૂધ લઈને આવી હતી ત્યારે શ્રીપાદ ત્યાં હાજર હતા. તેમણે કહ્યું:- મને ખૂબ જ ભૂખ લાગી છે. તે સમયે વેંકટસુબમ્માએ લક્ષ્મીને હજી વધુ દૂધ લઈ આવવા કહ્યું. લક્ષ્મીએ પોતાને ઘેર પોતાને માટે દૂધ ન રાખતાં બધું જ દૂધ લાવી આપ્યું અને તેણે આખો દિવસ છાશ પર કાઢ્યો. કુક્કુટેશ્વર મંદિરમાં દસ દિવસનો એક ઉત્સવ ચાલુ હતો. તેમાં બ્રાહ્મણોને યથોચિત દક્ષિણા, સંભાવના આપવામાં આવતી. તેને લીધે યક્ષિણીનો પ્રભાવ થોડો ઓછો થયો હતો. પરંતુ, હજી પણ બ્રાહ્મણભોજન માટે બનાવેલી રસોઈ અદૃશ્ય થતી હતી. બ્રાહ્મણોને યોગ્ય સમયે અન્ન ન મળવાથી તેઓ ક્ષીણ થતા હતા.

: પુરાણકથન કરનાર પંડિતની કથા :

પીઠિકાપુરમ્ ગામમાં એક પુરાણ કહેનાર કથાકાર આવ્યો હતો. કુક્કુટેશ્વર મંદિરના બહારના પ્રાંગણમાં પ્રવચનની વ્યવસ્થા કરવામાં આવી હતી. પુરાણ સાંભળવા માટે ગામની બધી જ ન્યાતિના માણસો આવતા હતા. કથાકારના ભોજનની વ્યવસ્થા શ્રી બાપન્નાચાર્યે પોતાને ઘેર કરી હતી. પુરાણકથન કર્યા પહેલાં તેઓ લક્ષ્મી રબારણે લાવેલું દૂધ પ્રાશન કરતા. શ્રીપાદપ્રભુ હૃદયાંતર્યામી હોવાથી તે પંડિત વિશે સર્વ કાંઈ જાણતા હતા. આ પંડિત મહા વિદ્વાન અને મહાન યોગી હતા.

તે પંડિત પોતાની યોગશક્તિથી તેના આત્માએ ધારણ કરેલા પૂર્વજન્મનાં સ્વરૂપોને ઓળખી શકતો. તે સ્વરૂપનું ચૈતન્ય તે આકર્ષિત કરી શકતો. દૂધ લાવી આપનાર લક્ષ્મી ભરવાડણને તે યોગદૃષ્ટિથી જોતો. લક્ષ્મીના પતિના રૂપમાં પણ તેને પોતાનો આત્મા દેખાતો. લક્ષ્મીનો પતિ એક બ્રાહ્મણ જમીનદારને ઘેર બાળકરૂપે જન્મ્યો હતો. ત્યારે તે બાળક ચાર-પાંચ મહિનાનું હતું. કથાકાર પંડિતે યોગશક્તિથી પોતાનું શક્તિરૂપ કેવું છે તે જોયું. તેનું મૂળરૂપ સ્ત્રીસમાન લક્ષ્મી સાથે સંબંધિત હતું. આ હકીકતની તેને જાણ થઈ. તેનું સ્વરૂપ સ્ત્રીતત્ત્વની લક્ષ્મી સાથે વિલીન થતું જોયું.

હવે પોતાનું પુરુષત્વ ચાર મહિનાના બાળકમાં રહેલું છે અને થોડા જ દિવસોમાં પોતાનું કર્મશેષ પૂરું થયાનું તેણે જાણ્યું. પીઠિકાપુરમ્માં તેણે કર્મઋણાનુબંધ પૂર્ણ કરવા માટે કથાકારનો વેશ સ્વીકાર્યો હતો. લક્ષ્મીનો તેના પતિ પર અનન્ય-અસાધારણ પ્રેમ હતો. તેના પતિનું ચૈતન્ય ભૂતકાળનું શરીર છોડીને આવવાનું નથી તેની તેને જાણ હતી. લક્ષ્મીના પતિનું ચૈતન્ય મૂળ તત્ત્વ કથાકાર પંડિતમાં વિલીન થયેલું હતું. આ વાત સર્વજ્ઞ શ્રીપાદ જાણતા હતા.

શ્રીપાદપ્રભુએ એક દિવસ કથાકાર પંડિતને કહ્યું:- અરે પંડિત, આ લક્ષ્મી નિષ્પાપ છે. તે થોડા દિવસોમાં જ પોતાની જીવનયાત્રા સમાપ્ત કરવાની છે. તેના મૃત્યુ પછી તેની શી ગતિ થશે? તું જ્ઞાનરૂપી બ્રાહ્મણ થઈશ અથવા અજ્ઞાની રબારી (ભરવાડ) થઈશ. તે સ્વરૂપમાં લક્ષ્મી તને સુખદુઃખમાં સાથ આપશે. તેના પ્રેમ વડે તેણે પોતાના પતિનું ચૈતન્ય પોતાની તરફ

આકર્ષિત કર્યું છે. રબારણના રૂપમાં સ્થિત ચૈતન્ય થોડા દિવસો પછી શરીરના પતન પછી બ્રાહ્મણ ચૈતન્યમાં જ એક થશે ને? આ રબારણના રૂપમાં બ્રાહ્મણ સ્ત્રી છે. તું બ્રાહ્મણરૂપમાં રબારી છે. તમારા કર્મસંબંધોની મને સારી રીતે ખબર છે. ભવિષ્યકાળમાં બ્રાહ્મણી સ્વરૂપમાં આવનાર આ લક્ષ્મીને પદ્માવતીદેવી સ્વરૂપ માની હું તેને સુવર્ણતિલક કરી આશીર્વાદ આપીશ. તેને માંગલ્ય પ્રદાન કરી હિરણ્યલોકમાં સુરક્ષિત રાખીશ. આગામી જન્મમાં તમે આદર્શ દંપતી થશો અને મારા ભક્ત તરીકે તરી જશો.

આટલું કહીને શ્રીપાદપ્રભુ થોભ્યા. તેમની લીલાઓ અતિ અગમ્ય, અદ્‌ભુત હોય છે.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૩૮ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋


દત્તાવતાર ભગવાન શ્રીપાદશ્રીવલ્લભપ્રભુ • પીઠાપુરમ્ • કુરવપુર

શ્રીપાદરાજં શરણમ્ પ્રપદ્યે



પીઠા પુરમાં સ્થાપિત શ્રીની પાદુકા
શ્રીપાદ શ્રીવલ્લભ પ્રભુનું મંદીર - પીઠાપુરમ્

મંદીરના ગર્ભદ્વારમાં



શ્રીપાદ શ્રીવલ્લભ પ્રભુની ચાદીની પાલખીની તૈયારી



મંદીરનું સભાગૃહ



શ્રીપાદ શ્રીવલ્લભ શ્રીત્રાત્રેય અને પાદુકા

શ્રીનૃસિંહ સરસ્વતી સ્વામી મહારાજની મૂર્તી

શ્રી ક્ષેત્ર પિઠાપુના અન્ય મંદીરો



શ્રી સ્વયંભૂશ્રીદત્ત નંદીર



શ્રી કુંતીમાધવ મંદીર



શ્રી ગણપતી
આઈનાવિલ્લીમા જાત્તૃત સ્થાન



શ્રી પીઠાપુરમા ચમત્કારી ઘંટા



શ્રી કુકુરેશ્વર મહાદેવ શીવલીંગ અને શ્રી રામેશ્વરી માતા

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૩૯

નાગેન્દ્ર શાસ્ત્રી સાથે

મેં નાગમણિનો સ્વીકાર કરી પ્રવાસનો પ્રારંભ કર્યો. શ્રી પીઠિકાપુરમ્‌ક્ષેત્રમાં ક્યારે પહોંચીશ તેમ મનમાં તીવ્ર ઈચ્છા થતી હતી.

: કાળનાગનું સ્વરૂપ :

પ્રવાસમાં અમે એક બ્રાહ્મણના અતિથિ તરીકે રહ્યા. તે બ્રાહ્મણનું નામ નાગેન્દ્ર શાસ્ત્રી હતું. તેઓ મંત્રશાસ્ત્રમાં નિષ્ણાત હતા. તેમના ઘરમાં અનેક સાપ, નાગ નિર્ભયપણે ફરતા હતા. તેઓ કોઈને કરડતા ન હતા. નાગેન્દ્ર શાસ્ત્રી આ નાગ, સાપને પોતાનાં સંતાન જેમ સંભાળતા હતા. નાગ, સાપ પણ નિર્ભયપણે તેના શરીર પર રમતા હતા. દિવ્ય નાગને માથે મણિ હોય છે. અનેક વર્ષોથી તે બ્રાહ્મણ નાગની ઉપાસના કરતો હતો. તેણે "કાળનાગ" નામનો મણિ પૂજા માટે પ્રાપ્ત થાય તે કારણે નાગદેવતાની અખંડ આરાધના શરૂ કરી હતી.

: નાગમણિનો પ્રભાવ :

નાગેન્દ્ર શાસ્ત્રીએ અમને કહ્યું:- હે ભાઈઓ, આજનો દિવસ અત્યંત શુભ દિવસ છે. તમારા જેવા મહાન ભક્તોના ચરણકમળ મારી ઝૂંપડીને પાવન કરવા આવ્યા. હું પંદર વર્ષનો હતો ત્યારે શ્રીપાદપ્રભુનાં દર્શન કરવા ગયો હતો. પીઠિકાપુરમ્‌

ક્ષેત્રના કુક્કુટેશ્વરમંદિર અને પાદગયાક્ષેત્રનાં દર્શન કર્યાં. મંદિરની સ્વયંભૂ દત્તાત્રેય મૂર્તિ પાસે એક કાળનાગ જોયો. તેના માથા પર એક મણિ હતો. કાળ ઉપર શાસન કરનાર નાગને કાળનાગ કહે છે. કાળનાગની ફેણ પર મણિ હોય છે અને તે નાગ મહર્ષિની જેમ જ નિરંતર યોગધ્યાનમાં મગ્ન હોય છે.

માનવને જ નહીં. પરંતુ, નાગજાતિને પણ જુદી જુદી (આધ્યાત્મિક) સ્થિતિ હોય છે. સાધારણતઃ કાળનાગ મનુષ્યને દેખાતો નથી. કાળનાગની ફેણ પર રહેતા મણિમાં મંગળગ્રહથી આવનાર અશુભ સ્પંદનોનું નિવારણ કરવાની શક્તિ હોય છે. આ નાગમણિને લીધે અશુભ સ્પંદનોનો લય થઈ શુભપ્રદ સ્પંદનો પ્રસ્ફુરિત થાય છે. તે મંગળમય સ્પંદનો વડે મંગળગ્રહથી પીડાતા પીડિતોની પીડા નષ્ટ થઈ શુભ ફળ પ્રાપ્ત થાય છે. જન્માક્ષરમાં મંગળ ગ્રહ યોગ્ય સ્થાનમાં ન હોય તો જીવનમાં અનેક વિઘ્નો આવે છે. જેમ કેઃ- ઘરના સભ્યોનો વિરોધ, ભાઈઓનો વિરોધ, મિત્રોનો વિરોધ, ઋણબાધા, કન્યાના વિવાહમાં વિના કારણ વિલંબ, કોઈ પણ કામમાં કુશળતા હોવા છતાં યશપ્રાપ્તિ ન મળવી ઇત્યાદિ. સ્વયંભૂ દત્તાત્રેયનાં દર્શન કર્યા પછી મને નાગમણિ પ્રાપ્ત થાય તેવી તીવ્ર ઇચ્છા થઈ. તે મણિ પ્રાપ્ત થાય એટલે જીવનમાં સર્વ કાંઈ મળ્યું તેમ હું સંતોષ માનત.

: શ્રીપાદપ્રભુની પાદુકાનો મહિમા
નાગદોષનિવારણાર્થ નિયમ :

હું (નાગેન્દ્ર શાસ્ત્રી) નરસિંહ વર્માના ઘર નજીકથી પસાર થતો હતો. શ્રીપાદપ્રભુ તેમના ઘર સામેના પ્રાંગણમાં લીલાવિનોદ કરતા હતા. તે સાથે ઝાડવાઓને પાણી સિંચવાનું કામ પણ ચાલુ હતું. શ્રી નરસિંહ વર્મા ઝાડ ફરતે ક્યારા બનાવતા હતા. તેમના આંગણામાં એક ઔદુંબરનું ઝાડ હતું. ઔદુંબરને સારી રીતે પાણી મળે તે માટે તે ઝાડ ફરતે પાળી બનાવતા હતા. તે દરમ્યાન, તેમના હાથમાં શ્રીપાદ ભગવાનની તાંબાની પાદુકાઓ આવી. તે પાદુકાઓ બાર વર્ષની ઉંમરના કિશોરની અતિ શુભ સામુદ્રિક લક્ષણોથી યુક્ત એવી પાદુકા હતી.

તેટલામાં નાગેન્દ્ર શાસ્ત્રીની બૂમ મારા કાને અથડાઈ. હું આશ્ચર્યથી તેમની નજીક ગયો. નરસિંહ વર્મા તે પાદુકાને શુદ્ધ જળથી અને પછી શ્રીફળના જળથી સ્નાન કરાવતા હતા. પાદુકાને સ્વચ્છ જળથી ધોઈને તેમણે તે પાદુકા શ્રીપાદના પાદપદ્મ પાસે મૂકી. તે પાદુકાની પૂજા કરવા માટે નરસિંહ વર્મા ખૂબ જ ઉત્સુક હોય તેમ લાગતું હતું. પરંતુ, શ્રીપાદપ્રભુનો સંકલ્પ કાંઈક જુદો હતો.

પાદુકાની ઉપર તેમણે પ્રેમથી હાથ ફેરવ્યો. નાગેન્દ્રને તેમણે આજ્ઞા કરીઃ- એક પીઠની સ્થાપના કરી આ પાદુકાનું પૂજન કર. શ્રીપાદે વધુમાં કહ્યુંઃ- નાગેન્દ્ર શાસ્ત્રી, તું કાળનાગના માથા પરનો મણિ તને પ્રાપ્ત થાય તે દિવસની રાહ જુએ છે. હું તારા પર પ્રસન્ન થયો છું. કાળનાગ જે દિવ્ય પાદપદ્મની આરાધના કરી પોતાના દિવ્ય મણિ વડે જે સ્વામીની પૂજા કરે છે તે સ્વામી હું જ છું. આ દિવ્ય પાદુકાઓ મારી જ છે. તેની જ તું નિત્ય નિયમથી પૂજાઅર્ચા કરતો રહેજે. આધિવ્યાધિથી પીડાતા લોકો તારી પાસે આવશે. તેમને તું પાદુકાનું તીર્થ (ચરણામૃત) આપજે. ચરણામૃત પીતાં જ તેઓ વ્યાધિથી છૂટકારો મેળવશે અને તેમને શાંતિ મળશે. શ્રીપાદપ્રભુએ તે પછી નાગદોષપરિહારાર્થે આપવામાં આવતી દક્ષિણા વિશે સવિસ્તર વિવેચન કર્યું. તેમણે કહ્યુંઃ- હે નાગેન્દ્ર શાસ્ત્રી, મારી આ આજ્ઞાનું અક્ષરશઃ પાલન કરજો. નાગશાસ્ત્રવિદ્યાનો લોકકલ્યાણ માટે જ ઉપયોગ કરજો.

: દત્તઆરાધના કરનાર ભક્તને મળતું વિશેષ ફળ :

શ્રીપાદપ્રભુએ કહ્યુંઃ- હે નાગેન્દ્ર શાસ્ત્રી, કાળાંતરે શંકર ભટ્ટ, ધર્મગુપ્ત તારી પાસે નક્કી આવશે. મારી દિવ્ય પાદુકાઓને લીધે તને જોઈતો દિવ્ય મણિ ચોક્કસ પ્રાપ્ત થશે. ત્યાં સુધી તું મારી દિવ્ય પાદુકાની આરાધના નિત્ય નિયમથી કર. શરીરધર્મનો પણ એક કાળ (સમયમર્યાદા) હોય છે. તે જ પ્રમાણે મનનો, પ્રાણનો પણ એક કાળ હોય છે. પરંતુ, આત્મા માત્ર કાળાતીત છે. જે તે ગ્રહનક્ષત્ર પ્રમાણે જે તે કાળ હોય છે. વૃદ્ધિ અથવા ક્ષય, કાળ પ્રમાણે થાય છે.

અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિ થઈ તેની વૃદ્ધિ થતી હોય છે. કેટલોક કાળ તેમની એક સ્થિતિ હોય છે. પછી તે સર્વનો લય થાય છે. આ અંત એટલે કાળનો મહિમા જ છે. આ પ્રકારનો કાળ પણ મને આધીન છે. મારી આરાધના કરનારને માટે કાળપુરુષ હું અનુકૂળ રાખું છું. ભૂત-પ્રેત, પિશાચ આદિ મહાશક્તિ પણ દત્ત આરાધના કરનાર સાધકનું કાંઈ પણ બગાડી શકતી નથી અથવા કોઈ હાનિ પહોંચાડી શકતી નથી. આ સૃષ્ટિમાં હયાત સર્વ પ્રાણીઓ કરતાં બળવાન હું જ છું. મારી પાસેથી બળ પ્રાપ્ત કરી જીવો વૃદ્ધિ પામે છે. ગર્વથી મદોન્મત્ત થયેલા માનવ પાસેથી હું મારું બળ પાછું ખેંચી લઉં છું. ગર્વને, અહંકારને અને સર્વ અનિષ્ટ ઘટનાને માટે હું જ કારણભૂત છું. મારી આરાધના કરતાં હંમેશાં શાંતિરૂપ થઈ રહેનારને હું નિત્ય સંતુષ્ટ રાખી આનંદરૂપ કરું છું.

તે મહાપુરુષે મારી નરસિંહ વર્માને ઘેર ભોજનની વ્યવસ્થા કરી હતી. શ્રી નરસિંહ વર્મા જાતે અન્નદાતા છે. શ્રી દત્તાત્રેયને પણ અન્નદાન ખૂબ જ ગમતું. કોઈ પણ જીવ ભૂખ્યો હોય તો તેમને અત્યંત દયા આવતી. તેઓ તેમના ભોજનની વ્યવસ્થા કરતા. તેઓ સર્વભૂતહિતકારી હતા. હું મહાસ્વામીની આજ્ઞા લઈ નીકળ્યો હતો. આ સ્થળે મેં આશ્રમની સ્થાપના કરી હતી. જે કોઈ મારી પાસે આવતું તેને હું વર્ણાશ્રમધર્મ સમજાવતો. શ્રીપાદપ્રભુએ મને કહ્યું:- તારી મંત્રશાસ્ત્રવિદ્યા સારા કામમાં વાપરજે. દુઃખી લોકોની નિરપેક્ષ ભાવથી સેવા કરજે. લોકોએ સ્વેચ્છાથી આપેલું ધન સ્વીકારજે. વધારે ધનની અપેક્ષા રાખીશ નહીં.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૩૯ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૪૦

ભાસ્કર શાસ્ત્રી, શંકર ભટ્ટ અને ધર્મગુપ્તના અનુભવો

અમે અનેક પ્રકારનાં વાહનોથી પ્રવાસ કરતા હતા. કોક વાર પગપાળા, કોક વાર બળદગાડાથી અને કોક વાર ઘોડાગાડી દ્વારા પ્રવાસ કરતાં. આ પ્રમાણે અમારો પ્રવાસ ચાલુ જ હતો. આ રીતે પ્રવાસ કરતા અમે ત્રિપુરાંતકેશ્વરક્ષેત્રે આવી પહોંચ્યા. ત્યાં અમે ત્રિપુરાંતકેશ્વરનાં દર્શન કર્યાં. તે ક્ષેત્રે અમને અનેક દિવ્ય અનુભવો થયા. અમારી પાસે શ્રીપાદપ્રભુની દિવ્ય પાદુકાઓ હતી. અમે પ્રવાસ કરતા ત્યારે અમારી સાથે શ્રીચરણ પણ પ્રવાસ કરી રહ્યા છે તેમ અમને લાગતું. અમે ડગ માંડતા ત્યારે તે પગલાં અમારાં નહીં, પરંતુ શ્રીચરણ જ અમારા શરીરમાં પ્રવેશ કરી તે ડગ માંડી રહ્યા છે તેમ અમને લાગતું.

અમે બોલતી વખતે પણ અમે શું બોલીએ છીએ તે અમને જ ખબર ન પડતી. શ્રીપાદપ્રભુ જ અમારા દ્વારા બોલે છે તેમ અમને લાગતું. અમે ભોજન કરતા ત્યારે તેમનું શ્રીમુખ જ અમારા મુખ દ્વારા ભોજન કરી રહ્યું છે, તેમ અમને ભાસ થતો. અમારા શરીરનાં માંસ, રક્ત, નાડીઓમાં શ્રીપ્રભુ જ વ્યાપી રહ્યા છે, તેવો અનુભવ અમને થતો. શાસ્ત્રોમાં "જીવાત્મા એ જ પરમાત્મા છે" એ સિદ્ધાંત અમે સાંભળ્યો હતો. પરંતુ, આજે માત્ર અમારા સંપૂર્ણ શરીરમાં શ્રીપાદપ્રભુનું જ ચૈતન્ય વ્યાપેલું છે તેનો પ્રત્યક્ષ અનુભવ શ્રીનો સ્પર્શ ન થવા છતાં અનુભવવા મળ્યો હતો. આ પ્રકારની લીલા અમે પૂર્વે ક્યાંય જોઈ ન હતી કે સાંભળી ન હતી.

શ્રી ત્રિપુરાંતકેશ્વરના મુખ્ય પૂજારીનું નામ ભાસ્કર શાસ્ત્રી હતું. તેમને અમારા વિશે અભિમાન હતું. તેઓ પહેલાં પીઠિકાપુરમ્‌ના

નિવાસી હતા. પૂજા અર્ચા માટે તેમની અહીં નિયુક્તિ થઈ હતી. તેઓ ષોડશી રાજરાજેશ્વરીદેવીના ભક્ત હતા. શ્રી પીઠિકાપુર-નિવાસિની, કુક્કુટેશ્વર મહાપ્રભુની સ્વામિની, શ્રીરાજરાજેશ્વરીદેવીએ તેમને ઘેર અતિથિ તરીકે રહી, તેમનું આતિથ્ય સ્વીકારવું તેમ તેમણે વિનંતી કરી. અમારી પાસે શ્રીપાદપ્રભુની પાદુકાઓ હોવાનું તેમણે જાણ્યું હતું.

શ્રીપાદપ્રભુની પાદુકાઓ અમે તેમના પૂજામંદિરમાં રાખી હતી. તે પાદુકામાંથી દિવ્ય મધુર અવાજે શ્રીપાદપ્રભુએ કહ્યું:- બાળકો, તમે કેટલા ધન્ય છો? આ પાદુકાઓની ભાસ્કર શાસ્ત્રી સ્વહસ્તે પૂજા કરતા. આ પાદુકાઓ કેટલાંક વર્ષો પછી સુવર્ણમાં રૂપાંતર પામશે. હિરણ્યલોકના કેટલાક મહાપુરુષોએ આ પાદુકા હિરણ્યલોકમાં લઈ જઈ પૂજા-અભિષેક કર્યો હતો. તે પછી તે પાદુકાઓ કારણલોકમાં મારી પાસે લાવવામાં આવી. આ પાદુકાઓ પહેરીને હું કારણલોકના દિવ્ય આત્માઓને આશીર્વાદ આપું છું.

તે પછી હું હિરણ્યલોકમાં જઈ ત્યાંના મહાપુરુષોને આશીર્વાદ આપું છું. તે સમયે મારી પાદુકાને તેજોમય સિદ્ધિ મળે છે. તે પછી આ પાદુકા અઢાર હજાર મહાસિદ્ધ પુરુષો સુવર્ણ વિમાનમાં લઈ જશે અને મારા જન્મસ્થળે પીઠિકાપુરમ્ ગામમાં સમંત્ર પૂજા-અર્ચા કરી જમીનની અંદર ત્રણસો ફૂટ નીચે તેની પ્રતિષ્ઠા કરશે. ત્યાં સ્વર્ણમય કાંતિવાળા દિવ્ય નાગ મારી રોજ પૂજા કરશે. તેમની સાથે ચોસઠ હજાર યોગિનીઓ હશે. તે પાદુકાઓ સુવર્ણસિંહાસન પર મૂકવામાં આવશે. હું ત્યાં ઋષિસંઘ સાથે અને યોગિનીઓ સાથે દરબાર ભરીને સર્વને સત્સંગનો લાભ આપીશ.

આ ભૂમિથી સંલગ્ન પરંતુ, અદૃશ્ય અને અગોચર એવું હજુ એક સ્વર્ણ પીઠિકાપુરમ્ છે. યોગદૃષ્ટિ ધરાવનાર ભક્તો જ તેને અનુભવી શકે છે. મારી સુવર્ણપાદુકાઓ જે સ્થળે પ્રતિષ્ઠિત થનાર છે, તે સ્થળે જ પીઠિકાપુરમ્ પ્રતિષ્ઠાપિત થશે. આ માટે તમે સર્વ આનંદમાં રહો. ભવિષ્યમાં અનેક ચિત્રવિચિત્ર ઘટનાઓ બનવાની છે. મારા મહાસંસ્થાનમાં પાદુકાનાં દર્શન માટે કીડીઓની જેમ ભક્તોની હાર ઊભરાશે. આ પ્રકારની દેવવાણી સાંભળીને અમે અત્યંત આશ્ચર્યચકિત થયા. શરીર પર રોમાંચ ખડાં થયાં. નેત્રોમાંથી અશ્રુપાત થવા લાગ્યો. આવી સ્થિતિમાં અમે કેટલો સમય હતા તેની કોઈને ખબર જ ન પડી. શ્રી ભાસ્કર શાસ્ત્રી

ષોડશી રાજરાજેશ્વરીના પરમ શ્રેષ્ઠ ભક્ત હતા. મેં તેમને રાજરાજેશ્વરીદેવીના વૈભવ વિશે વિવરણસહ કથન કરવા વિનંતી કરી.

: શ્રીરાજરાજેશ્વરીદેવી વિવેકની ખાણ :

શ્રી ભાસ્કર શાસ્ત્રીએ કહ્યું:- હે ભાઈઓ, રાજરાજેશ્વરીના ચૈતન્યનો વિચાર કરનારું તમારું મન આ પછી વિશાળ સીમા પાર કરી સામે પાર જનાર છે. રાજરાજેશ્વરીના શુદ્ધ આચરણથી આપણું સર્વસાધારણ મન મેધાશક્તિમાં પરિવર્તિત થશે. તે જ પ્રકારે આપણી બુદ્ધિ વિવેકપૂર્ણ થવા માટે તે મહામાતા આપણને સહાય કરશે. આપણી સંકુચિત વૃત્તિનું નિર્મૂલન કરી વિશાળ દૃષ્ટિ પ્રદાન કરશે.

સાધારણતઃ શક્તિ અને વિવેક એક જ વ્યક્તિમાં એક સાથે જોવામાં આવતાં નથી. પરંતુ રાજરાજેશ્વરીદેવીનો અનુગ્રહ થવાથી શક્તિ અને વિવેક બંને એક સાથે મનુષ્યમાં સહઅસ્તિત્ત્વ ધરાવે છે. દિવ્ય ચૈતન્યનાં અનેક રૂપો હોય છે તેને સમજવાની બુદ્ધિ આ દેવી પાસેથી આપણને પ્રાપ્ત થાય છે. વિશ્વમાં વિશાળ ભાવનાની વૃદ્ધિ માટે શ્રીરાજરાજેશ્વરીદેવી આપણને મુક્ત હાથથી સહકાર આપે છે.

અત્યંત અદ્‌ભુત એવું દિવ્ય જ્ઞાન મેળવવા માટે, શાશ્વત એવી દિવ્ય માતૃશક્તિ મેળવવા માટે, વિશ્વનાં મહાન કાર્યો સફળ થવા માટે શ્રીરાજરાજેશ્વરીદેવીના અનુગ્રહની અત્યંત આવશ્યકતા છે. શ્રીરાજરાજેશ્વરીદેવી અનંત એવા વિવેકની ખાણ છે. તેણે કશું પણ જાણવા સંકલ્પ કર્યો કે તરત જ તેને તે જાણી લે છે. તેને અગમ્ય એવું આ વિશ્વમાં કશું જ નથી. સર્વ વિષય, સર્વ જીવ અને તેમના સ્વભાવ ફેરવવાનું સામર્થ્ય આ દેવીમાં છે.

આ સંસારના પ્રત્યેક ધર્મ, તેને સંબંધિત યોગ્ય કાળ વગેરે સર્વ બાબતો રાજરાજેશ્વરી દેવીને સ્વાધીન હોય છે. તેમાં પક્ષપાતની દૃષ્ટિ બિલકુલ નથી. તેને કોઈ પણ પ્રત્યે અભિમાન અથવા દ્વેષભાવ હોતો નથી. સ્વપ્રયત્નથી સાધના વડે જે ભક્તો તેનું દર્શન કરવા ઇચ્છે છે તેમને તે વિશ્વાસપાત્ર સમજી પોતાના અંતરંગ વર્તુળમાં સ્વીકારે છે. આવા સાધકો રાજરાજેશ્વરીદેવીની શક્તિ વધારી તેમની વિરોધી શક્તિનું નિર્મૂલન કરી શકે છે. તે પોતાના ભક્તોને ઈચ્છિત ફળ પ્રાપ્ત કરાવી આપે છે. તે વિશ્વમાં

કોઈની સાથે પણ અનુબંધ ન રાખતાં અસંગત્વથી પોતાનું કાર્ય કર્યે જાય છે.

રાજરાજેશ્વરીદેવી પોતાના પ્રત્યેક સાધક સાથે તેના સ્વભાવ પ્રમાણે, તેની જરૂરિયાત પ્રમાણે વ્યવહાર નિભાવે છે. તે કોઈની પર પણ જબરદસ્તીથી શાસન કરતી નથી. સાધના પૂર્ણ થયા પછી તે તેના ભક્તોને યોગ્યતા પ્રમાણે પ્રગતિપથ પર અગ્રેસર કરે છે. અજ્ઞાની જનોને તે અજ્ઞાન માર્ગે જ જવા દે છે. તે માર્ગે (અજ્ઞાનમાર્ગે) જનાર ભક્તોનું પાલનપોષણ કરી તેમના અપરાધ માટે તેમને ક્ષમા પ્રદાન કરે છે. તેવા અજ્ઞાની જનો સારું વર્તન કરે કે ખરાબ વર્તન કરે તે તેમના પ્રતિ દુર્લક્ષ કરે છે. તેની કરુણા અનંત છે. તે સંસારરૂપી સાગરમાંથી (ભક્તોને) તારનારી છે.

તેની દૃષ્ટિએ અખિલ જગતનાં સર્વ માનવ, પ્રાણી તેના સંતાન જેવાં છે. રાક્ષસ, અસુર, પિશાચ સર્વને તે પોતાનાં સંતાન તરીકે ગણે છે અને તે પ્રમાણે વર્તન રાખે છે. તેને કેટલી પણ દયા આવે છતાં તેનો વિવેક જાગ્રત હોય છે. પરમાત્માએ સોંપેલો માર્ગ તે કોઈ પણ પરિસ્થિતિમાં છોડતી નથી. પ્રયોગમાં આણતી શક્તિનું જ્ઞાનકેન્દ્ર તે પોતે જ હોવાથી આપણે તેનો અનુગ્રહ પ્રાપ્ત કરવાથી "સત્યજ્ઞાનબોધ" આપણને થાય છે. શ્રી રાજરાજેશ્વરીદેવીની શક્તિ પ્રાપ્ત કરવી હોય તો આપણે કર્તવ્યદક્ષતા, સત્યશોધન જેવા ગુણોનું અવલંબન કરવું જોઈએ. તેના થકી જ આપણને માતાનો અનુગ્રહ પ્રાપ્ત થશે.

હું પીઠિકાપુરમ્‌માં નિવાસ કરતો હતો, તેથી જ શ્રીપાદપ્રભુની કૃપાને પાત્ર થયો તેમજ તેમની કૃપા અને આશીર્વાદથી જ મારી રાજરાજેશ્વરીદેવીની દીક્ષા સફળ થઈ. આજે મારો દીક્ષાદિવસ છે! પોતાની પ્રગતિનો ક્યાસ કાઢવાનો દિવસ! તેમજ અધિક સમય ધ્યાનમાં રહેવાનો દિવસ! શ્રીપાદપ્રભુ કઈ પરિસ્થિતિમાં પીઠિકાપુરમ્‌થી નીકળી સંચાર કરવા જશે તે હું તમને આવતી કાલે કહીશ. તમે અહીં આવ્યા તે પહેલાં શ્રીપાદપ્રભુને મેં અર્પણ કરેલો થોડો પણ પ્રસાદ લીધો તો આ મહાપ્રસાદ લઈને તમે પણ ધન્ય થશો.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૪૦ સમાપ્ત ॥

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૪૧

પરિવ્રાજકનો વૃત્તાંત

શ્રી ભાસ્કર પંડિતે કહ્યું:- શ્રીપાદશ્રીવલ્લભ મહાસરસ્વતી, મહાલક્ષ્મી અને મહાકાળી, રાજરાજેશ્વરી સ્વરૂપ છે. તેમનામાં સ્થિત દેવીતત્ત્વનું અનુષ્ઠાન કરનાર તેમના ભક્તજનોને જ તેની ખબર પડે છે.

મેં ભાસ્કર પંડિતને પ્રશ્ન કર્યો. હે વિદ્વવર્ય! પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી એવી ચાર પ્રકારની વાણી હોય છે તેમ મેં સાંભળ્યું છે. તે વિશે કૃપા કરીને વિસ્તારથી વર્ણન કરો. જવાબમાં ભાસ્કર પંડિતે કહ્યું:- અંબિકા (વાક્‌દેવી) પ્રતિવાક્ય દ્વારા વ્યક્ત થાય છે. તે પ્રત્યેક મનુષ્ય દ્વારા, પ્રત્યેક વ્યક્તિ દ્વારા બોલે છે. આપણા કાન દ્વારા સંભળાતું વાક્ય સ્થૂળ વાક્ય કહેવાય છે. કોક વાર વાક્ય મુખની બહાર બિલકુલ સંભળાતું નથી. મોંની અંદર જ ખાલી હોઠોની હિલચાલ પરથી આપણને અર્થબોધ થાય છે. તે વાણી મધ્યમા કહેવાય છે.

મધ્યમા કરતાં સ્થૂળ વાણી છે તે વૈખરી કહેવાય છે. કંઠની અંદર વાણી ગળા સુધી જાય છે. ત્યાંથી બહાર આવી શકતી નથી. આવી વાણી જ અંદર ને અંદર જ મનમાં ઘોળાય છે. તે પશ્યંતી તરીકે ઓળખાય છે. આ પશ્યંતી કરતાં પણ સૂક્ષ્મ, નાભિમાં નિર્વિકલપણે રહીને સંકલ્પમાત્ર રૂપ રહેતી વાણી તે "પરા" વાણી કહેવાય છે.

અંબિકાની ત્રિપુરભૈરવી સ્વરૂપમાં પણ આરાધના કરવામાં આવે છે. ગુણત્રય, જગત્રય, મૂર્તિત્રય, અવસ્થાત્રય આ સર્વની આદિશક્તિ ત્રિપુરભૈરવી છે. હે બાળકો, આપણે શ્રદ્ધાથી આત્મસમર્પણ કરી સંપૂર્ણ શરણાગતિ સ્વીકારીએ તો આ લોકમાં અથવા

અદૃશ્ય લોકમાં કોઈ પણ પ્રકારની શત્રુતા વિઘ્નરૂપ બને તો પણ આપણું કોઈ જ નુકસાન થતું નથી. વિરોધશક્તિ કેવળ ભૌતિક જગતમાં જ વિદ્યમાન હોય તેવું નથી. તેવી શક્તિઓ પ્રાણમય, ભૌતિકમય, માનસિક અને આધ્યાત્મિક જગતમાં પણ હોય છે. આપણે જેટલી પ્રગતિ ઈચ્છીએ છીએ તેટલી પ્રગતિ થયા પછી તે તે લોકમાં આપણે ભૌતિક સંસારમાં જે રીતે જીવન જીવી શકીએ છીએ, તે જ રીતે તે તે લોકમાં જીવન જીવી શકીએ છીએ.

મનુષ્યને પ્રગતિ કરવી હોય તો શ્રદ્ધા હોવી જોઈએ. જીવનમૂલ્યો પર વિશ્વાસ હોવો જોઈએ. આપણે પોતાનું જીવન વિશ્વાસના આધાર પર જ જીવીએ છીએ. સંકટસમયે આપણને પરમેશ્વરની સહાય અવશ્ય મળશે અને તે સંકટમાંથી તે જ મુક્ત કરશે તેવો દૃઢ વિશ્વાસ આપણને હોવો જોઈએ. આ વિશ્વાસ જ આપણામાં એક પ્રકારની સુરક્ષિતપણાની ભાવના ઉત્પન્ન કરી આપણો વિશ્વાસ વૃદ્ધિંગત કરે છે.

શક્તિહીન જ્ઞાન નિર્લેપતા તરફ જાય છે. જ્ઞાનહીન શક્તિ અંધ હોઈ વિનાશને માટે કારણરૂપ બને છે. આથી આપણે જ્ઞાન સંપાદન કરી પ્રકૃતિના બંધનમાંથી મુક્ત થવું જોઈએ. શક્તિ-અનુગ્રહ પછી પરિપૂર્ણતા સાધવી જોઈએ. સાંખ્યમાર્ગમાં ચૈતન્યને પુરુષ કહ્યો છે. કર્મ કરનારને પ્રકૃતિ કહી છે. નીચેના સ્તર પર આ બંનેમાં વિરોધ હોય છે. ચૈતન્ય કર્મ કરતું નથી અને પ્રકૃતિને જ્ઞાન હોતું નથી. પ્રકૃતિ અને પુરુષ આ બંને એક થઈને જ સૃષ્ટિનું કામ કરે છે. આ બંનેને અપંગપણું છે. ચૈતન્ય એક રીતે લંગડું છે અને પ્રકૃતિ આંધળી છે. બધાં જ લોકોમાં આંધળાપણું અને અપંગપણું કેવી રીતે વ્યાપી રહ્યું છે, તે સમજાવવા માટે જ શ્રીપાદપ્રભુના કુટુંબમાં એક ભાઈ આંધળો અને એક ભાઈ લંગડો જન્મ્યો. આ બંને અંધત્વ અને અપંગપણાનાં પ્રતીક હતા.

ઉન્નત સ્થિતિમાં પહોંચ્યા પછી પુરુષ અને પ્રકૃતિ આ બંને "ઈશ્વર" અને "ઈશ્વરી" નામે ઓળખાય છે. ત્યારે આ બંનેમાં વિરોધ હોતો નથી. શ્રીપાદપ્રભુ તેમના ભાઈઓનું યોગ્ય સમયે અપંગત્વ દૂર કરશે, તેમાં કોઈ શંકા નથી. જનસમુદાયનું આંધળાપણું અને પંગુત્વ દૂર કરવાના બૃહદ્ કાર્યની સૂચના(પ્રતીક)રૂપે તેઓ તે પરિવર્તન કરશે. અતીત એવા સ્થાયી સ્વરૂપમાં સ્થિત પુરુષ-પ્રકૃતિને બ્રહ્મ-માયા એમ સંબોધવામાં આવે છે.

શ્રીપાદપ્રભુએ ઉંમરના સોળમા વર્ષે વૈરાગ્ય ધારણ કરી ઘરનો ત્યાગ કર્યો અને ધર્મપ્રચાર માટે ઘરની બહાર પડ્યા. તેમના ગૃહત્યાગ પાછળ તેઓ જાતે જ બ્રહ્મ અને તેઓ જ માયાસ્વરૂપ છે તે લોકોને સમજાવવાનો ઉદ્દેશ હતો. અપરિચિત અને અનંત ગુણયુક્ત બ્રહ્મસ્વરૂપને પરિમિત બનાવનારી શક્તિ એટલે જ માયા. શ્રીપાદપ્રભુનો પીઠિકામાં જન્મ લેવાનો હેતુ, તેઓ અપરિમિત બ્રહ્મસ્વરૂપ હોવાથી માયા સામે નમતું ન મૂકતાં પરિમિત વ્યવહાર કર્યો તે સૂચિત કરવાનો હતો. ઉંમરના સોળમા વર્ષે તેઓ માયાના બંધનમાં ન પડતાં ફક્ત ભક્તોનો ઉદ્ધાર કરવાનો સંકલ્પ કરીને ઘર બહાર નીકળ્યા.

સંપૂર્ણ વિશ્વમાં શ્રીપાદપ્રભુના મહિમાનો વિસ્તાર થયા પછી આગામી શતાબ્દીમાં તેમના સંકલ્પ પ્રમાણે પીઠિકાપુરમ્‌ના નિવાસીઓનો પણ જ્ઞાનોદય થવાનો છે. શ્રીપાદપ્રભુની દિવ્ય ચૈતન્યશક્તિ માનવચૈતન્યનું અપંગત્વ અને પ્રકૃતિનું અંધત્વ બંનેનું નિવારણ કરશે. શ્રીપાદપ્રભુની લીલાઓ સામાન્ય માનવને ન સમજાય તેવી હોય છે.

એક વખત એક સંન્યાસી કુક્કુટેશ્વર મંદિરમાં આવ્યા. તે દત્તાત્રેયના ભક્ત હતા. તે ભક્તોને દત્તદીક્ષા પણ આપતા. દત્તદીક્ષા લેનાર સાધકનું પોતાનું નિયોજિત કાર્ય નિર્વિઘ્ને સફળ થાય છે એમ તેમણે પોતાના પ્રવચનમાં કહ્યું હતું. પીઠિકાપુરમ્‌ના અનેક બ્રાહ્મણોએ દત્તદીક્ષા લીધી હતી. તે સંન્યાસી દીક્ષા આપીને સાધક પાસેથી દક્ષિણા સ્વીકારતા. દક્ષિણા તરીકે આવેલા ધનમાંથી તેઓ કેટલોક ભાગ દીક્ષિત થયેલા બ્રાહ્મણોને આપતા.

અનેક બ્રાહ્મણોએ અને બીજા કુળના લોકોએ વિચારવિનિમય કરી દત્તદીક્ષા લીધી અને ગુરુદક્ષિણા આપી. પરંતુ, મંદિરમાં આવતા કેટલાક ભક્તોમાં ચર્ચા શરુ થઈ કે ભક્તોએ દત્તદીક્ષા લેવી કે કેમ? બ્રાહ્મણપરિષદ, ક્ષત્રિયપરિષદ અને વૈશ્યપરિષદનું સંયુક્ત અધિવેશન ભરાયું. તે સંમેલનના અધ્યક્ષ શ્રી બાપનાચાર્ય હતા. તેમણે વક્તવ્ય આપતાં કહ્યું:- દત્તાત્રેય ભગવાન બધાના જ છે. આથી સર્વ કોઈ દત્તદીક્ષા લઈ શકે છે. અઢારે વર્ગના લોકો સંન્યાસીમહારાજ પાસેથી દત્તદીક્ષા લઈ શકે છે. દીક્ષા લેવાની સુવર્ણસંધી બધાંને જ ઉપલબ્ધ છે.

તે સમયે બ્રાહ્મણપરિષદના કેટલાક લોકોનો એવો મત હતો કે બ્રાહ્મણ, વૈશ્ય અને ક્ષત્રિય વર્ણના લોકો આચારસંપન્ન હોવાથી તેઓ દીક્ષાને પાત્ર છે. પરંતુ, શૂદ્ર વર્ણના લોકો અનાચારી હોવાથી દીક્ષા લેવા માટે અધિકારી નથી. તેમની પાસેથી આપણે દક્ષિણા લઈને પોતાની તપઃશક્તિથી તેમને શુદ્ધ કરી શકીએ. આ વિશે પ્રત્યુત્તર આપતાં શ્રી બાપન્નાચાર્યે કહ્યું:- સર્વ વર્ણમાં આચારવંત અને અનાચારવંત છે અને કોણ અનાચારવંત છે, તે કહેવું મુશ્કેલભર્યું હોય છે. આથી સામૂહિક કલ્યાણ, સ્થૈર્ય, ક્ષેમની દૃષ્ટિ રાખી આપણે દત્તયાગ અથવા ઈતર યજ્ઞયાગાદિ કાર્યક્રમ યોજીને જનસમુદાયનું ક્ષેમ, સ્થૈર્ય સાધી શકીએ છીએ.

દક્ષિણા લઈને પણ શૂદ્રોને દીક્ષા ન આપીએ એટલે તેમના પર અન્યાય કરવા જેવું મને લાગે છે. દક્ષિણા લઈને આપણે પોતાની તપઃશક્તિથી શૂદ્ર લોકોને શુદ્ધ કરી લીધા પછી બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય લોકોનો ઉદ્ધાર પણ થઈ શકે છે. આ પ્રમાણે કોઈ પણ વર્ણના લોકોને વ્યક્તિગત સ્વતંત્ર દીક્ષા આપવાની આવશ્યકતા નથી. તદ્ઉપરાંત, દક્ષિણાની રકમ ખૂબ ઊંચી રાખવામાં આવી છે. પ્રત્યેક કુળ (વર્ણ)માં ગરીબ લોકો હોય છે. તેઓ આટલી મોટી રકમ દક્ષિણા તરીકે આપી શકશે નહીં. આટલી મોટી રકમ આપ્યા પછી તેમને કેટલાક દિવસો સુધી ભૂખે રહેવું પડશે. દક્ષિણા સ્વૈચ્છિક (પ્રતીકાત્મક) હોવી જોઈએ. યથાશક્તિ અને શ્રદ્ધાયુક્ત અંતઃકરણથી આપેલી દક્ષિણા જ દક્ષિણા તરીકે સ્વીકારવી જોઈએ. તો જ દત્ત ભગવાનને સંતોષ થશે.

ત્યાં એકઠાં થયેલા બ્રાહ્મણોએ બળાપો કાઢતાં કહ્યું:- સંન્યાસીમહારાજ આપણા નગરમાં પધાર્યા ત્યારે તેમનું સ્વાગત પૂર્ણકુંભથી, વેદમંત્રોથી થયું નથી. મહારાજે પોતે જનહિતભાવનાથી સર્વને દત્તદીક્ષા આપી. પરંતુ, આપણી બ્રાહ્મણપરિષદે તેમને કાંઈ જ આપ્યું નથી એ શરમજનક બાબત છે.

શ્રી બાપનાચાર્યે જવાબમાં કહ્યું:- વાસ્તવિક રીતે જોતાં પરમહંસ પરિવ્રાજકનું સ્વાગત કરવાની એક વિશેષ પદ્ધતિ છે. પ્રથમ તો તેમના પ્રધાન શિષ્ય તરફથી ઘણા દિવસો અગાઉ બ્રાહ્મણપરિષદને સૂચના મળવી જોઈએ. તે સૂચના પર વિચારવિમર્શ અને પ્રધાન શિષ્ય સાથે વાર્તાલાપ કરી સર્વગ્રાહી બાબતો નક્કી થાય છે. આનાથી પ્રધાન શિષ્ય સાથે પરિષદના સભ્યો સારી રીતે પરિચિત થાય છે. તે પછી પરિષદ યોગ્ય સંખ્યામાં પરિવ્રાજક શિષ્યોને પસંદ કરે છે. તે પછી પરમહંસ પરિવ્રાજકનું આગમન

નક્કી થાય છે. ત્યારે તેમનું સ્વાગત વેદમંત્રોથી અને પૂર્ણકુંભથી થાય છે. તે પછી તેમની સાથે શાસ્ત્રચર્ચા થાય છે. ત્યાર પછી પરિવ્રાજક મહોદયની સૂચના અનુસાર, યજ્ઞ, યાગ, દીક્ષા અથવા પ્રવચનનું આયોજન થાય છે. સાંપ્રત કિસ્સામાં પરિવ્રાજક મહોદય કોઈપણ પૂર્વસૂચના આપ્યા વગર કુક્કુટેશ્વર આવ્યા. આવ્યા પછી તેમણે દીક્ષાનો પ્રસ્તાવ મૂક્યો અને ગુરુદક્ષિણા પણ માગી. આ બધું આપણા નિયમો વિરુદ્ધ થયેલો પ્રકાર છે.

શ્રી બાપન્નાચાર્યનો ખુલાસો સાંભળ્યા પછી પરિષદના બ્રાહ્મણોએ કહ્યું:- નિયમોનું ઉલ્લંઘન થયું કે નથી થયું તે વિશે ચર્ચા કરવાનો સમય નથી. હવે તમે કહો કે તમે જાતે અથવા તમારા જમાઈ અપ્પલરાજ શર્મા દીક્ષા લઈને દક્ષિણા આપવાના છો કે કેમ? શ્રી બાપનાચાર્યે જવાબ આપ્યો કે સામૂહિક સ્થૈર્ય માટે અમે દીક્ષાને અનુમોદન આપ્યું છે. અમારા વ્યક્તિગત સ્થૈર્ય, ક્ષેમ માટે નહીં! આથી અમે વ્યક્તિગત રીતે દીક્ષા લેવાના નથી અને માટે જ દક્ષિણાનો સવાલ જ ઉદ્‌ભવતો નથી. બ્રાહ્મણપરિષદના સભ્યોને જેમને દીક્ષા લેવી છે તેઓ પોતાની ઇચ્છાથી દીક્ષા લઈ શકે છે. બ્રાહ્મણપરિષદ સામૂહિક સમસ્યા માટે રચાયેલી છે, વૈયક્તિક સમસ્યા માટે નહીં. સામૂહિક, પ્રયોજનવાળા વિષયો પર પરિષદ વિચારવિનિમય કરે છે. વ્યક્તિગત દીક્ષા અથવા વ્યક્તિગત સમસ્યા માટે કોઈ વિચારવિનિમય કરાતો નથી. વેંકટપૈય્યા શ્રેષ્ઠી અને નરસિંહ વર્માએ પણ દીક્ષા લેવા ના પાડી. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય કોઈપણ વ્યક્તિ તેમની સ્વેચ્છા અનુસાર દીક્ષા લઈ શકે છે અથવા ના લેવી હોય તો પણ સ્વતંત્ર છે.

: શ્રીપાદપ્રભુ દ્વારા દત્તદીક્ષા :

શ્રીપાદપ્રભુ પ્રત્યે શ્રદ્ધા ભક્તિ રાખનારા ભક્તો પૈકી કેટલાક ખેતીનો વ્યવસાય કરનારા કૃષકો હતા. તેમાં મુખ્ય એવા વેંકટપૈય્યા શ્રેષ્ઠી હતા. શ્રીપાદ વેંકટપૈય્યાના ઘરે ગયા અને કહ્યું:- દત્તદીક્ષા મળી નથી તે માટે નિરાશ ન થશો. હું દત્તદીક્ષા આપું છું. એટલું જ નહીં પણ યથાશક્તિ દક્ષિણા પણ હું જ આપીશ. બીજી વાત ધ્યાનમાં રાખવા જેવી એ છે કે મંડલ (૪૦ દિવસ)

દીક્ષાની જરૂર નથી. એક જ વખતની દીક્ષા પૂરતી છે. શ્રીપાદપ્રભુએ એક દિવસ વેંકટપૈય્યાના ઘરે અઢારે વર્ણના લોકોને દીક્ષા આપવાનું આયોજન કર્યું હતું. દીક્ષા લેનારમાં કેટલાક બ્રાહ્મણ વર્ગના ભક્તો હતાં.

: શ્રીપાદપ્રભુનું દત્તસ્વરૂપમાં પ્રાગટય :

શ્રીપાદપ્રભુ બહુરૂપી છે અને દત્તસ્વરૂપમાં પ્રગટ થવાનો તે દિવસ હતો. તે દિવસે દત્ત ભગવાનનો મનગમતો વાર ગુરુવાર હતો. દીક્ષા આપેલા સર્વ ભક્તોને તેમણે મંગળમય આશીર્વાદ આપ્યા. સર્વ ભક્તોએ ખૂબ જ શ્રદ્ધાભાવથી દત્ત ભગવાનનું ભજન પૂજન કર્યું. તે પછી શ્રીપાદપ્રભુએ પોતાના આગામી કાર્યક્રમ વિશે પોતાના ભક્તોને વિસ્તૃત માહિતી આપી. "દત્તાત્રેય ભગવાનનું સ્મરણ કરતાં જ તેઓ ભક્તોને દર્શન આપે છે અને તેમની મનોકામના પૂરી કરે છે." આમ શ્રીપાદપ્રભુએ ભક્તોને કહ્યું. આ કાર્યક્રમના બીજા દિવસે (શુક્રવારે) હું (શંકર ભટ્ટ) નરસિંહ વર્માને ઘેર ગયો. ત્યાં શ્રીપાદપ્રભુનું મંગળ સ્નાન ચાલુ હતું. સ્નાન પછી નરસિંહ વર્માએ શ્રીપાદને ખાવા માટે અનેક ફળો લાવી આપ્યાં. પરંતુ, શ્રીપાદે તેમાંથી માત્ર એક જ કેળુ લીધું. તે પણ લઈને તેમણે નરસિંહ વર્માને ઘેર જે ગો-માતા હતી તેને આપ્યું. તે પછી તેઓ વેંકટપૈય્યા શ્રેષ્ઠીને ઘેર ગયા. ત્યાં પણ તેમને મંગળસ્નાન કરાવવામાં આવ્યું. ત્યાં શ્રીપાદે માખણ, દૂધ, મલાઈ અને છાશનો સ્વીકાર કર્યો. ત્યાં તેમણે જાહેર કર્યું:- મારા ભક્તો મને મોટેથી બૂમો પાડી બોલાવે છે. પીઠિકાપુરમ્ છોડીને જવાનો સમય હવે આવ્યો છે.

વેંકટપૈય્યાને ઘેરથી નીકળી તેઓ તેમના દાદા બાપન્નાચાર્યના ઘરે આવ્યા. ત્યાં પણ તેમણે મંગળ સ્નાન કર્યું. શ્રીપાદશ્રીવલ્લભ પ્રત્યક્ષ દત્તસ્વરૂપ છે. તેમણે પોતાના ભક્તોનાં દુઃખો, પીડા, વિઘ્નો દૂર કરવા માટે અવતાર ધારણ કર્યો છે. તેમણે પોતાના વક્તવ્યમાં અનેક વખત સ્પષ્ટ રીતે આ વાત કહી હતી. પોતાની દિવ્ય લીલા દ્વારા જનતાજનાર્દનના ઉદ્ધાર માટે નિશ્ચિત કાર્યક્રમની માહિતી શ્રીપાદ પ્રભુએ પોતાના ભક્તોને આપી. તે પછી તેઓ સ્વગૃહે પાછા ફર્યા. શ્રીપાદપ્રભુનો પીઠિકાપુરમ્ છોડી જવાનો નિર્ણય તેમનાં માતા-પિતાને ખબર પડ્યો હતો. માતા-પિતાએ તેમને ખૂબ સમજાવવાનો પ્રયત્ન કર્યો. પરંતુ, શ્રીપાદપ્રભુ પોતાના નિર્ણય વિશે અડગ રહ્યા.

તે પછી શ્રીપાદપ્રભુનાં માતા-પિતાએ તેમને વિવાહ માટે સમજાવવા પ્રયત્ન કર્યો, ત્યારે શ્રીપાદપ્રભુએ કહ્યું:- મેં અત્યાર સુધી અનેક વખત શ્રેષ્ઠી, દાદા અને વર્માદાદાને અનઘાલક્ષ્મી સાથે દર્શન આપ્યાં છે. "આ જુઓ મારું અનઘાલક્ષ્મી સહ મંગળમય સ્વરૂપ" આમ કહીને તેમણે તે દિવ્ય સ્વરૂપનાં દર્શન માતા-પિતાને કરાવ્યાં. તે મંગળમય સ્વરૂપનાં દર્શન કરી માતા-પિતા ખૂબજ ભાવવિભોર થયાં. તેમના મોઢેથી શબ્દ નીકળતો ન હતો. શ્રીપાદપ્રભુએ વધુમાં કહ્યું: મેં અવધૂતસ્વરૂપમાં દર્શન આપ્યાં હતાં. (શ્રાદ્ધના દિવસે ભિક્ષા માગતા) ત્યારે જ કહ્યું હતું કે મારા વિવાહની વાત કરશો તો હું ઘર છોડીને જતો રહીશ.

ઉપરના વાર્તાલાપ પછી શ્રીપાદપ્રભુએ તેમના બંને મોટા ભાઈઓને સ્પર્શ કર્યો અને અમૃતમય દૃષ્ટિથી જોયું. તત્કાળ આંધળા ભાઈને દૃષ્ટિ પ્રાપ્ત થઈ, તે દેખતો થયો અને લંગડો ભાઈ સાજો થઈ સારી રીતે ચાલવા લાગ્યો. શ્રીપાદપ્રભુના દિવ્ય સ્પર્શથી તેમને આપોઆપ જ્ઞાન થયું અને જ્ઞાનતેજથી તેઓ તેજસ્વી દેખાવા લાગ્યા. આવું અપૂર્વ દૃશ્ય અને ચમત્કાર જોઈ તેમનાં માતા-પિતાને આનંદ આશ્ચર્ય થઈ તેમના મુખથી એક પણ શબ્દ નીકળતો ન હતો. તે જ અરસામાં ત્યાં દાદી રાજમામ્બા અને દાદા બાપન્નાચાર્ય, વેંકટપૈય્યા શ્રેષ્ઠી અને તેમનાં પત્ની વેંકટસુબમ્માંબા પણ આવ્યાં. ત્યાં નરસિંહ વર્મા અને તેમનાં ધર્મપત્ની અંમાજમ્મા પણ આવ્યાં. શ્રીપાદપ્રભુ બધાં સાથે હાસ્યવિનોદથી વાતચીત કરતાં હતાં.

તે પરમાનંદભર્યા વાતાવરણમાં સુમતિ મહારાણી બોલ્યાં, હે મારા વહાલા શ્રીપાદ! તું સર્વ જવાબદારીઓ પૂરી કરીને જઈશ એમ બોલ્યો હતો. તેં હજુ વેંકટપૈય્યા શ્રેષ્ઠીના ઘરની દૂધબાકી, વત્સની દૂધબાકી, મલ્લાદિની દૂધબાકી (દૂધ ઉપરાંત અન્ન લેવું તે) પૂર્ણ કરી નથી. શ્રીપાદે ઉત્તરમાં કહ્યું:- માતા, તેં કહ્યું છે તે બરોબર છે. આ ત્રણે વંશના લોકોને હું કદી પણ ભૂલીશ નહીં. હું જો વિસરી જાઉં તો તું મને યાદ કરાવજે. તેમની પાસેથી યોગ્ય સેવા લઈ તેમને હું વરદાન આપીશ. તારા પિયરના કોઈ પણ એક ઘરે હું ભોજન માટે આવીશ. પરંતુ, દક્ષિણા માત્ર સ્વીકારીશ નહીં. તારા પિયરના લોકો મારી સાથે વાત્સલ્યપૂર્ણ વર્તન રાખે છે અને મને જમાઈ નામથી સંબોધન કરે છે. હું આ માનવીય સંબંધનો સ્વીકાર કરી જમાઈને શોભે તેવું વર્તન રાખીશ.

ઉપર મુજબનું કહીને શ્રીપાદપ્રભુ તેમના પિતા તરફ વળ્યા. તેમને સંબોધીને તેમણે કહ્યું:- તાત! આપણા દંડીકોટવંશમાં

અનેક વર્ષથી વેદપરંપરા ચાલુ છે. હવે મારા બંને મોટાભાઈઓ વેદશાસ્ત્રસંપન્ન અને મોટા વિદ્વાન થયા છે. તેઓ આપણી વેદપરંપરાને આગળ ધપાવશે. દંડીકોટ વંશના લોકોને હું કદી પણ ભૂલીશ નહીં. કેટલીક ક્ષણો માટે શ્રીપાદપ્રભુએ આંખો મીંચી દીધી અને પછી કહ્યું:-

આપણા શ્રીધર શર્મા ભવિષ્યના જન્મમાં "સમર્થ રામદાસ" નામથી એક મહાપુરુષ તરીકે મહારાષ્ટ્ર દેશમાં જન્મ લેશે. નરસિંહ વર્મા "છત્રપતિ શિવાજી" નામથી જન્મી મહારાષ્ટ્ર રાજ્યની સ્થાપના કરી શ્રી સમર્થ રામદાસનું શિષ્યત્વ સ્વીકારશે. આ પ્રમાણે આપણા પૂર્વસંબંધ બંધુરૂપે સ્પષ્ટપણે કાયમ રહેશે. સમર્થ રામદાસ સ્વામી પછી શ્રીધર શર્મા, મહારાષ્ટ્રમાં આવેલ શિવગ્રામ (શેગાંવ) ક્ષેત્રમાં "ગજાનન" નામના મહાયોગી તરીકે પ્રગટ થશે. તે મહાયોગીને લીધે શેગાંવ ક્ષેત્રનો મહિમા અપરંપાર વધશે. રામરાજ શર્મા "શ્રીધર" નામે જન્મ લઈ મહાયોગી થશે.

શ્રીધરની પરંપરાવાળા પીઠિકાપુરમ્‌ક્ષેત્રમાં મારા ઘરના પ્રાંગણમાં મહાસંસ્થાન નિર્માણ થશે. વેંકટપૈય્યા શ્રેષ્ઠી સાથેનો આપણો ઋણાનુબંધ સ્થિરસ્વરૂપનો થશે. એટલું જ નહીં. પરંતુ, તે પછી વત્સવાઈ કુટુંબના લોકો પણ આવશે. અહીં સાવિત્રપન્નાનું પારાયણ થશે. આટલું કહીને શ્રીપાદપ્રભુ થોભ્યા. તેમને વેદપઠન અત્યંત પ્રિય હતું. અનેક વખત શ્રીપાદપ્રભુ વેદપઠન સાંભળી અંતર્લીન થતાં. તેવા સમયે વેદપઠન કરનાર વિપ્રગણ અત્યંત શ્રદ્ધાભાવથી શ્રીના દિવ્યમુખ સામે એકીટશે જોતા; વેદપઠન ચાલુ રાખતા.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૪૧ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૪૨

શ્રીપાદપ્રભુની પીઠિકાપુરમ્‌થી વિદાય
શ્રીપાદપ્રભુનાં માતા-પિતા બાપન્નાચાર્યને દિવ્ય દર્શન

બપોરના ભોજન પછી શ્રી ભાસ્કર પંડિત બોલ્યાઃ- શ્રીપાદપ્રભુએ શૂદ્રને ઘેર ભક્તોને દત્તદીક્ષા આપી. દીક્ષાવિધિમાં કરવામાં આવતી પૂજા, અર્ચા અને નિયમોનું પાલન કર્યા વગર જ ફક્ત હાથમાં દોરો બાંધી દીક્ષાર્થીઓને ભજન કરવા કહ્યું. શ્રીપાદપ્રભુએ દીક્ષાર્થીઓને કહ્યું હતું કે તેઓ પોતે જ દત્તાત્રેય ભગવાન છે અને તેમના સ્મરણમાત્રથી જ ભક્તોની પીડા, કષ્ટનિવારણ થશે. આ દીક્ષાવિધિમાં શાસ્ત્રની અવગણના (અવહેલના) થઈ છે તેમ કોઈએ માનવું નહીં, તેમ શ્રીપાદપ્રભુએ ભક્તોને ખાસ કહ્યું હતું. પરંતુ, પીઠિકાપુરમ્‌ના કેટલાક બ્રાહ્મણોએ ભેગા થઈ તે સમયના પીઠાધીશ શંકરાચાર્યને આ વિશેની માહિતી ફરિયાદના સ્વરૂપમાં આપી. તદ્ ઉપરાંત, શ્રી બાપન્નાચાર્ય અને અપ્પલરાજ શર્માને બ્રાહ્મણકુળમાંથી બહિષ્કૃત કરવાનું સૂચન બ્રાહ્મણોએ શંકરાચાર્યને કર્યું હતું.

તે સમયે શ્રીપાદસ્વામી ધ્યાનસ્થ હોવાથી તે ચર્ચાનો અંત ત્યાં જ આવ્યો. શ્રી શંકરાચાર્યની અનુમતિ સિવાય આધ્યાત્મિક મુદ્દે કોઈપણ ફેરફાર સ્વીકાર્ય નહીં બને તેવો ઠરાવ પરિષદમાં પસાર થયો. તે સંદર્ભમાં સોળ વર્ષના કિશોરે પોતાને દત્ત ભગવાનનો અવતાર જાહેર કરવો એટલે દેવદ્રોહ છે, તેવો મત અનેક બ્રાહ્મણોએ વ્યક્ત કર્યો. કેટલાક બ્રાહ્મણોના મનમાં કપટ હોવા છતાં ઉપરછલ્લી સહાનુભૂતિ (બનાવટી) પ્રગટ કરવા તેઓ બાપન્નાચાર્યને ઘેર આવ્યા.

બાપન્નાચાર્યે કહ્યું:- શ્રીપાદપ્રભુ તેમના તેજ દ્વારા આપણને પણ દીપાવે છે. તે મહાપ્રભુ શ્રીપાદશ્રીવલ્લી બાળક-સ્વરૂપે અમારે ઘેર જન્મ્યા, ઉછેર પામ્યા અને અમને દિવ્ય આનંદનો લાભ કરાવ્યો. તેઓ અમારા નેત્રોની જ્યોતિ તરીકે ચમકે છે. તેમનાં મનોહારી નયન, દિવ્યદર્શનથી અમે ભાવવિભોર થયા છે. અમે કેટલા ભાગ્યશાળી છીએ તેની કોઈ ગણત્રી જ નથી. બાપન્નાચાર્યનું આવું વક્તવ્ય સાંભળી બનાવટી સહાનુભૂતિ દર્શાવવા આવેલા બ્રાહ્મણો એક પણ શબ્દ ન બોલતાં પાછા જતા રહ્યા. તેમના મનમાંથી દ્વેષભાવ જતો રહ્યો હતો. થોડા જ સમયમાં શ્રીપાદપ્રભુ પોતાને ઘેર પાછા આવ્યા. સુમતિ મહારાણી, અપ્પલરાજ શર્મા, તેમની બહેનો અને ભાઈઓ બધાં અત્યંત આનંદમાં હતાં.

શ્રી અપ્પલરાજ શર્માએ કહ્યું:- શ્રીપાદ માટે પહેલાં અમને ખૂબ જ ચિંતા થતી હતી. પરંતુ, હવે અમારા મન પરનો બોજો એકદમ ઓછો થઈ ગયો છે. અમે સ્મરણ કરતાંની સાથે જ તેઓ અમારા મનઃચક્ષુ સામે પ્રગટ થાય છે. અમે જેની માગણી કરીએ તે તે વસ્તુઓ તેઓ સ્થૂળરૂપમાં આવી, વાર્તાલાપ કરી અમને આપી જાય છે. શ્રીદત્તાત્રેય ભગવાનનાં જનનીજનક થવાનું દુર્લભ ભાગ્ય અમને સાંપડ્યું તેથી અમે ધન્ય થઈ ગયા! હવે અમને નિરંતર આનંદની પ્રાપ્તિ થઈ છે. આવા પ્રેમથી ટપકતા શબ્દો બોલીને તેમની આંખોમાંથી પ્રેમાશ્રુઓ ટપકવા લાગ્યાં, જે તેમણે ખેસથી લૂછ્યાં.

આવેલા બ્રાહ્મણોના મનમાં જે કલ્પના હતી તેના કરતાં અહીં પરિસ્થિતિ એકદમ ભિન્ન હતી. વેંકટપૈય્યા શ્રેષ્ઠી બ્રાહ્મણોને સંબોધીને બોલ્યા:- હે વિપ્રગણ! અત્યારે તો આપણે થોડી જ ક્ષણો શ્રીપાદપ્રભુ સાથે ગાળીએ છીએ. પરંતુ, હવે પછી તેઓ હંમેશાં આપણાં મનઃચક્ષુ સામે રહેવાના છે. તદ્ ઉપરાંત, સ્થૂળ સ્વરૂપે દર્શન આપી અમારે ઘેર જ કાયમ નિવાસ કરવાના છે. તે પછી નરસિંહ વર્માએ બ્રાહ્મણોને કહ્યું:- શ્રીપાદપ્રભુએ અમારી આંખો પરથી માયાનો પડદો દૂર કર્યો. નિત્ય વિનોદ, દિવ્ય વિનોદ કરનાર મહાપ્રભુ શ્રીપાદશ્રીવલ્લભના રૂપમાં અમારી સાથે મુક્ત હાસ્ય કરતા અમારી આજુબાજુમાં જ રહેશે. પહેલાં કરતાં પણ વધુ ઊંડા ભાવથી તેઓ અમને સ્થૂળરૂપમાં દર્શન આપશે.

શ્રીપાદપ્રભુના આ સત્યસ્વરૂપની કલ્પના કુક્કુટેશ્વર પરિસરમાં રહેતા દત્તભક્ત સંન્યાસીને આવી. તેમનું હૃદય હચમચી ગયું. શ્રીપાદપ્રભુ સ્વયં સાક્ષાત્ દત્તાત્રેય ભગવાન છે તેમ સૂચવીને તેઓ ધ્યાનસ્થ થયા. શ્રીપાદપ્રભુ એ કોઈ નિરાળું દૈવત ન હોઈ તેમનું ઉપાસ્ય દૈવત દત્તાત્રેય ભગવાન જ છે તે વાત તેમણે દૃઢતાથી સમજાવી. શ્રીપાદપ્રભુનો વિરોધ કરનાર કેટલાક બ્રાહ્મણો પીઠિકાપુરમ્માં હતા. તેમના મનમાં એક જ પ્રશ્ન ઘુમરાયા કરતો હતો કે "શું સાચે જ દત્તાત્રેય શ્રીપાદશ્રીવલ્લભના સ્વરૂપમાં અવતર્યા છે?" જો આ વાત સત્ય હોય તો આપણે તેમને ત્રાસ આપવાનું કાર્ય મુશ્કેલ નહીં. પરંતુ, અશક્ય હશે.

દત્તાત્રેય ભગવાનનો સ્વભાવ ખૂબ જ વિરલ છે. તેઓ પોતે ત્રાસ સહન કરવા છતાંય અનન્ય ભાવથી શરણે આવેલા ભક્તોનો ઉદ્ધાર કરે છે. આ તેમનો સ્વભાવવિશેષ છે. પીઠિકાપુરમ્ના અનેક બ્રાહ્મણોએ શ્રીપાદપ્રભુને બ્રહ્મરથમાં બિરાજમાન કરાવીને શોભાયાત્રા કાઢી હતી. મોટી ધનરાશિ પણ દક્ષિણાના સ્વરૂપમાં અર્પણ કરી હતી.

દત્તદીક્ષા આપનાર સંન્યાસી કેવળ ગુરુદક્ષિણા મળે તે માટે દીક્ષા આપતા હતા. દીક્ષા આપવાનું તેમને માટે એક ધન ઉપાર્જન કરવાનું સાધન જ હતું. દીક્ષા આપેલા સાધકની ઈચ્છા, આકાંક્ષા પૂરી ન થાય તો સંન્યાસી તેમને કહેતા કે તેમનામાં નિષ્ઠાનો અભાવ છે. આમ કહી તેઓ છૂટી પડતા. જો કોઈની ઈચ્છા, આકાંક્ષા પૂર્ણ થાય તો તે દત્તદીક્ષાનું ફળ છે તેમ તેઓ સર્વને કહેતા ફરતા. તે સંન્યાસીને હંમેશાં શ્રીપાદપ્રભુ વિશે બીક રહેતી. તેમને લાગતું કે શ્રીપાદપ્રભુ પોતાની દિવ્ય શક્તિથી સંન્યાસીની સત્ય પરિસ્થિતિ લોકો સમક્ષ જાહેર કરશે!

તે સમયે કુક્કુટેશ્વર મંદિરમાં એક વૃદ્ધ બ્રાહ્મણ આવ્યો. તેનું નામ નરસિંહ હતું અને ગોત્ર કશ્યપ. તે મહારાષ્ટ્રના દૂરના વિસ્તારમાંથી આવ્યો હતો. તેણે કુક્કુટેશ્વરનાં દર્શન અતિ શ્રદ્ધાથી કર્યાં. તે પછી તેણે સ્વયંભૂ દત્તાત્રેયનાં પણ દર્શન કર્યાં. ત્યાં તેણે સાંભળ્યું કે ત્યાં દત્તદીક્ષા આપવામાં આવે છે. દીક્ષા આપનાર પરમહંસ પરિવ્રાજકાચાર્ય પાસે તે વૃદ્ધ બ્રાહ્મણ ગયો. તે બ્રાહ્મણે સંન્યાસી મહારાજને અતિ ભાવથી નમસ્કાર કર્યા અને ગુરુદક્ષિણારૂપે પોતે લાવેલાં નાણાં અર્પણ કર્યાં. દક્ષિણા જોઈ

સંન્યાસીને આનંદ થયો. દીક્ષા લેવા માટે તેમણે બ્રાહ્મણને (બે હાથનો) ખોબો આગળ ધરવા કહ્યું. બ્રાહ્મણના ખોબામાં કમંડલુમાંથી પવિત્ર જળ રેડવા માટે સંન્યાસીએ કમંડલું પોતાના હાથમાં ઊંચું કર્યું. સંન્યાસીએ કમંડલુમાંથી પવિત્ર જળ તે બ્રાહ્મણના ખોબામાં રેડ્યું. પરંતુ, આશ્ચર્ય એ થયું કે જળ સાથે એક ઝેરી વીંછી પણ કમંડલુમાંથી ખોબામાં પડ્યો.

તે બ્રાહ્મણનો કંઠ સૂકાઈ ગયો. સંન્યાસીએ હાથમાંનું પાણી પી જવા કહ્યું અને બોલ્યાઃ- અહાહા, તેં અનેક વર્ષથી કરેલી તપશ્ચર્યાનું ફળ મને અર્પણ કર્યું. તત્ક્ષણ વીંછીના ડંખથી તે બ્રાહ્મણ મોટી ચીસ પાડી ઊઠ્યો. મંદિરમાં ઉપસ્થિત બ્રાહ્મણો પૈકી કેટલાકને વીંછીનું ઝેર ઉતારવાના મંત્રો આવડતા હતા. તેમણે તે મંત્રોચ્ચાર શરૂ કર્યો. પરંતુ, બ્રાહ્મણનો દાહ ઓછો ન થયો. તે સમયે સંન્યાસી મંદિરના એક ખૂણામાં છૂપાઈ ગયો. વૃશ્ચિકદંશનો દાહ ઓછો કરવા માટે અનેક પ્રયત્નો કરવામાં આવ્યા. કુક્કુટેશ્વર ઉપર અભિષેક કરવામાં આવ્યો. સ્વયંભૂ દત્તાત્રેયને વિશેષ કર્પૂરઆરતી કરવામાં આવી. પરંતુ કશું કારગત ન નીવડ્યું.

વૃદ્ધ બ્રાહ્મણ મૂર્છિત અવસ્થામાં પડ્યો હતો. તેના મોંમાંથી ફીણ નીકળતું હતું. ફીણ જોઈને કેટલાકના મનમાં શંકા ગઈ કે વીંછીને બદલે બ્રાહ્મણને કદાચ સાપ કરડ્યો હોય. પરંતુ, કેટલાક વિપ્રોએ નજરે જોયું હતું કે કમંડલુમાંથી વીંછી જ હાથમાં પડ્યો હતો. બ્રાહ્મણનો દાહ ઓછો કરવા દરેક કોઈને કોઈ પ્રયાસ કરતું હતું. પરંતુ, દાહ ઓછો થતો ન હતો. આ બધા માટે સંન્યાસી જ કારણભૂત છે તેમ બધાને લાગ્યું. બ્રાહ્મણથી વેદના સહન ન થતાં તે જમીન પર આળોટવા લાગ્યો. પછી તે મૂર્છિત થયો.

થોડા સમય પછી બ્રાહ્મણ ભાનમાં આવ્યો. પરંતુ, તેના પેટમાં અસહ્ય વેદના થતી હતી. તેને હેડકીઓ શરૂ થઈ. તે જ અરસામાં એક ખેડૂત ત્યાં આવ્યો. તે ખેડૂતે કહ્યુંઃ- અમારા ખેડૂતો પૈકી વ્યંકટૈયા નામના એક પ્રતિષ્ઠિત ખેડૂતે શ્રીપાદપ્રભુ દ્વારા અપાયેલા અભિમંત્રિત ચોખા (મંત્રાક્ષત) મોકલાવ્યા છે. શ્રીપાદપ્રભુનું સ્મરણ કરી બ્રાહ્મણે ખૂબ જ શ્રદ્ધા ભાવથી તે ચોખા હાથમાં લઈ માથે ધારણ કર્યા, આશ્ચર્ય એ થયું કે થોડી જ ક્ષણોમાં બ્રાહ્મણની વેદના શમી ગઈ અને તે પૂર્વવત્ સ્વસ્થ થયો.

આ આશ્ચર્યકારક બનાવથી લોકોનો સંન્યાસી પરનો વિશ્વાસ ઊઠી ગયો. સર્વ દીક્ષિત સાધકોએ સંન્યાસીને આપેલી દક્ષિણા પાછી લઈ લીધી અને તેને પીઠિકાપુરમ્માંથી હાંકી કાઢ્યો.


સંન્યાસી પાસેથી પાછી મેળવેલી દક્ષિણાનું શું કરવું તે વિશે સાધકોએ શ્રી બાપનાચાર્યનું માર્ગદર્શન મેળવ્યું. શ્રી બાપન્નાચાર્યે કહ્યું કે તેની અન્નસામગ્રી ખરીદ કરીને સર્વને અન્નદાન કરવું. અન્નદાનથી દત્ત ભગવાન પ્રસન્ન થશે. તે પછી જુદી દત્તદીક્ષાની જરૂર જ નહીં ઊભી થાય. શ્રી બાપન્નાચાર્યના સૂચન અનુસાર એક મોટો મંડપ કુક્કુટેશ્વરના પ્રાંગણમાં ઊભો કરવામાં આવ્યો. ત્યાં મોટા પાયે અન્નસંતર્પણ કરવામાં આવ્યું. ભોજન પછી "દિગંબરા, દિગંબરા, શ્રીપાદશ્રીવલ્લભ દિગંબરા"ના દિવ્ય જયઘોષથી ભક્તો દ્વારા સમગ્ર વિસ્તાર ગાજી ઊઠ્યો. આ દિવ્ય મહામંત્ર સમગ્ર વિશ્વમાં વ્યાપીને જ રહેશે તેવી ભવિષ્યવાણી શ્રીપાદપ્રભુએ તે પૂર્વે જ કરી હતી.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૪૨ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋


ૐ પાંડુરંગાય વિદ્મહે અવધૂતાય ધીમહિ । તન્નો રંગઃ પ્રચોદયાત્ ॥
પ્રાતર્નમામિ ભગવન્તમનન્તમાદ્યં
સચ્ચિત્સુખાત્મક શિર સ્થિતયં ધ્યાનમ્ ।
ઐશ્વર્ય વિર્ય યશ આદિ ભુજૈ ર્લસન્તં
તં દેવમત્રિવરદં નતદત્તસર્વમ્ ॥

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૪૩

શ્રી અનઘાલક્ષ્મી વર્ણન
શ્રીપાદપ્રભુની વૈષ્ણવી માયા

શ્રી ભાસ્કર પંડિતે રાત્રીની પોતાની આરાધના સમાપ્ત કરી વક્તવ્ય શરૂ કર્યું. તેમણે કહ્યું:- અહો મહોદય! વિદ્યાની ઉપાસના એ સર્વ શ્રેષ્ઠ બાબત છે. વિદ્યાની ઉપાસના માટે ઉંમરનું કોઈ પણ બંધન નથી. શ્રીપાદશ્રીવલ્લભ યથાર્થ રીતે મહાસરસ્વતી, મહાલક્ષ્મી અને મહાકાળી સ્વરૂપ છે. આ સાંભળીને મેં (શંકર ભટ્ટે) તેમને કહ્યું:- શ્રીપાદપ્રભુ શ્રીપદ્માવતી વેંકટેશ્વરસ્વરૂપ છે એમ આપે પૂર્વે કહ્યું હતું. હવે આ ત્રિમાતા પણ તેઓ જ છે તેમ તમારું કથન છે. મને આ બધું સમજાતું નથી. અટપટું લાગે છે. કૃપા કરીને મને આ સર્વ વિસ્તારથી કહો. આ ઉપરાંત તેઓ અનઘાલક્ષ્મી સહિત અનઘદેવ પણ છે.

: શ્રીપાદપ્રભુનું વિરાટસ્વરૂપ :

શ્રી ભાસ્કર પંડિતે કહેવાની શરૂઆત કરી:- હે બંધુઓ, પરમાત્મા સર્વ જીવ રાશિમાં વિદ્યમાન છે, એમ શાસ્ત્રવચન છે. કીડીથી શરૂ કરી બ્રહ્મા પર્યંત તે સર્વમાં વ્યાપી રહ્યો છે. શ્રીપાદપ્રભુના અવતારમાં તેઓ કીડીરૂપ અને બ્રહ્મરૂપ બંનેમાં વિદ્યમાન છે. આથી તેઓ સર્વ સૃષ્ટિમાં સૃષ્ટિરૂપે ઊભા છે. તેઓ સમગ્ર જીવરાશિના ચૈતન્યની તાદાત્મ્ય સ્થિતિ સાથે એકરૂપ હોય છે. આ જ તેમની વિશેષતા છે. તેઓ સર્વ રાશિમાં જીવરાશિરૂપે રહેવા છતાંય કોઈ પણ જીવમાં તેમનો સ્પર્શ જણાતો નથી. આ જ તેમની વૈષ્ણવી માયા છે. સૃષ્ટિની મર્યાદા, પરિમિતતા સંબંધે કેટલાક નિયમો માનવામાં આવે છે.

શ્રીપાદપ્રભુનું મહાસરસ્વતી, મહાલક્ષ્મી અને મહાકાળીરૂપમાં હોવું એટલે તેઓ ચૈતન્યરૂપમાં વ્યક્ત થાય છે. ચૈતન્યરૂપ તેઓ જાતે જ છે. જે રૂપમાં તેમની અભિવ્યક્તિ થાય છે તે સ્વરૂપમાં તેઓ પોતાની યોગમાયાથી નિરંતર તાદાત્મ્ય સ્થિતિમાં હોય છે. તેઓ જ્યારે મહાસરસ્વતીનું ચૈતન્ય લઈ તાદાત્મ્ય સ્થિતિમાં હોય છે, ત્યારે ચતુર્મુખી બ્રહ્મસ્વરૂપ સાથે તાદાત્મ્ય પામે છે. મહાસરસ્વતી હોય કે હિરણ્યગર્ભરૂપમાં હોય, તેઓ સ્પર્શબંધનમાં હોય છે. આ જ પ્રમાણે એક જ આત્મા ચાર-પાંચ પુરુષરૂપમાં પણ આવિર્ભૂત થઈ શકે છે. તે આત્માની શક્તિ સ્ત્રીરૂપે એક જ સમયે ચાર-પાંચરૂપે પણ આવિર્ભૂત થઈ શકે છે. તેવી જ રીતે પુરુષરૂપને સ્ત્રી પણ સગુણ સાકારરૂપ લઈ વિધિનિર્ણય અનુસાર નિશ્ચિત કરેલી મર્યાદાનું કટાક્ષથી પાલન કરે છે.

આ પ્રમાણે શ્રીપાદપ્રભુ અનઘાલક્ષ્મી સાથે અનઘદેવસ્વરૂપ ધારણ કરી વાસ્તવ્ય કરે છે. તે તેમનું અર્ધનારીશ્વરરૂપ છે. હાલમાં તેઓ શ્રીપાદશ્રીવલ્લભરૂપે યતીશ્વરના સ્વરૂપમાં છે. સગુણ સાકાર રૂપની મર્યાદા, પરિમિતતાનું તેઓ અચૂકપણે પાલન કરે છે. આ ધર્મની સૂક્ષ્મતા છે. ધર્મ અલગ છે અને ધર્મની સૂક્ષ્મતા અલગ બાબત છે. શ્રીપાદપ્રભુએ દિવ્ય અનુભવોનો વિશેષ વર્ષાવ કરવા માટે સૃષ્ટિરૂપ ધારણ કર્યું છે. સૃષ્ટિમાં રહેલી તાદાત્મ્ય સ્થિતિને લીધે માનવને ત્વરિત ગતિ મળે છે. આ જ તેનું તાત્પર્ય છે. શ્રીપાદપ્રભુ જપ, ધ્યાન, તપસ્યા કરતા. પરંતુ, તેનું સર્વ ફળ જાતે ન લેતાં સૃષ્ટિને આપતા. ભક્તોને આધિ-વ્યાધિમાંથી છોડાવવા માટે તેઓ પોતાના તપનું ફળ ખર્ચી ભક્તોને કર્મબંધનમાંથી છોડાવે છે.

જગન્નાથ (પરમેશ્વર) પોતાની ચાર શક્તિ મહાસરસ્વતી, મહાલક્ષ્મી, મહાકાળી અને રાજરાજેશ્વરીને વિશ્વની દૈવી અભિવ્યક્તિ માટે, વિશ્વપરિપાલન માટે આવિર્ભૂત કરે છે. અંબિકા દેવીને ત્રણ સ્થિતિ હોય છે. (૧) અતીતસ્થિતિ (૨) વિશ્વસ્થિતિ (૩) શક્તિસ્થિતિ. સૃષ્ટિનું કાર્ય ચલાવવા માટે પરાશક્તિ અતીતસ્થિતિમાં હોય છે. પરમાત્મામાં સ્થિત અનંત સત્યોને તે પોતાનામાં આકર્ષિત કરી પોતાના ચૈતન્યમાં લય પમાડી તે પછી સૃષ્ટિમાં જન્મ લે છે. કેવળ જન્મ લઈને તેનું કાર્ય પૂર્ણ થતું નથી. તે સર્વ જીવોનું નિર્માણ કરી, તેમને પોતાનામાં સમાવી, તેમનામાં પ્રવેશ કરી બળ પ્રદાન કરે છે. આનો વિશ્વસ્થાયી

સ્વભાવ છે.

વ્યક્તિ સ્થાયી હોવાથી, તે માનવી વ્યક્તિત્વ માટે દિવ્ય પ્રકૃતિની વચમાં મધ્યમવર્તી રહે છે. આ જ અનઘાલક્ષ્મીરૂપમાં આવિર્ભાવ પામવાનું રહસ્ય છે. તેના મૂળ તત્ત્વમાંથી થોડો અંશ લઈને તે અવતાર લે છે. તે અંશના નિર્વહણનું કામ પૂર્ણ થયે તે અંશને ફરી મૂળ તત્ત્વમાં આકર્ષી લે છે. અનઘદેવ (દત્તાત્રેય)ના સંકલ્પ સિવાય અનઘાલક્ષ્મી એકાદ નાનું કામ પણ કરી શકતી નથી. પરંતુ, તે જ દેવી અનઘદેવના પ્રત્યેક સંકલ્પને પૂર્ણત્વ બક્ષે છે. શ્રીપાદશ્રીવલ્લભના રૂપમાં માતા અને પિતા એમ બંને રૂપો હોવાથી તેમનો વિશેષ અનુગ્રહ હોય છે.

અનઘાલક્ષ્મીની મુખ્યત્વે ત્રણ ભૂમિકાઓ છે. પદાર્થગોળ સંબંધી સચ્ચિદાનંદ ભૂમિકા. આ ભૂમિકામાં આ સ્થળે અનંત સ્થિતિ, અનંત શક્તિ અને અનંત એવો દિવ્ય આનંદ ભરેલો લોક (સપ્તલોક) હોય છે. આ ભૂમિકા વિષે જીવનું વર્ણન કરવા માટે શબ્દો અસમર્થ ઠરે છે. આ સચ્ચિદાનંદ ભૂમિકામાં નીચેની સ્થિતિમાં પરિપૂર્ણ એવો દિવ્ય ચૈતન્ય સૃષ્ટિલોક છે. આ ભૂમિકામાં અનઘાલક્ષ્મીની દિવ્ય ચૈતન્ય મહાશક્તિ હોય છે.

વેદોમાં આ વિશ્વનું મહાશ્લોક એવું વર્ણન કરવામાં આવ્યું છે. આ લોકના કર્મને અપયશ કદી નથી હોતો. પ્રત્યેક પ્રક્રિયામાં જ્ઞાન, શક્તિ, પ્રયત્ન ન કરતાં પરિપૂર્ણતા પામે છે. અહીં દિવ્ય એવા આનંદનો અનુભવ નિરંતર થાય છે. અહીં અસત્ય, બાધા, દુઃખ, પીડા વગેરે બધી બાબતોનો સંપૂર્ણ અભાવ હોય છે. આ ભૂમિકાની નીચે એક અજ્ઞાન હોય છે. અહીંના લોકોમાં પણ મન, જીવ, શરીર હોય છે. પરંતુ, તેનો અનુભવ અપરિપૂર્ણ, પરિમિત અને વિફળતાયુક્ત હોય છે.

: રાજરાજેશ્વરી મહિમા :

રાજરાજેશ્વરી ચૈતન્ય માતૃમૂર્તિમાં અનંત કરુણા ઓતપ્રોત ભરેલી છે. સર્વ ભક્તોને તે પોતાનાં બાળકો ગણે છે. પ્રાણમય

અને મનોમય ભૂમિકામાં અજ્ઞાની જીવોને અસુર કહેવામાં આવે છે. તેઓ બીકણ, આત્મનિગ્રહી અને જો તપસ્વી હોય તો અહંકારી હોય છે. પ્રાણમય ભૂમિકામાં અધિકાર ધરાવનાર રાક્ષસ કહેવાય છે. તેમની શક્તિ અપાર હોઈ તેમની ભાવના પ્રચંડ અને તીવ્ર હોય છે. આ સિવાય કેટલાક નીચલા સ્તરના નિમ્ન પ્રાણમય ભૂમિકામાં રહેતા જીવ હોય છે. તેઓ પિશાચ અથવા પ્રમાદી તરીકે ઓળખાય છે. તેઓ કોઈ પણ આસુરીરૂપ, વેશ ધારણ કરી શકે છે. ખરું જોતાં, પિશાચ એ કોઈ વ્યક્તિ હોતી નથી. કેવળ એકાદ ઈચ્છા અથવા અપેક્ષા અપૂર્ણ રહેલી હોય તે મનનું કાલ્પનિક રૂપ હોય છે.

રાક્ષસોને બળવાન એવી પ્રાણમય સ્થિતિ હોય છે. તેમને મન જેવું કશું જ હોતું નથી. જે દેખાય તેને તેઓ ભીંસીને પકડવાનો પ્રયાસ કરે છે. કાલીમાતાનું રૂપ આપણને કાળા, શ્યામ એવી પ્રાણમય સ્થિતિ દ્વારા દેખાતું રૂપ હોય છે. "કાલી" એટલે "વિધ્વંસક શક્તિ" હોય છે. સર્વને દુઃખી કષ્ટમય કરનારી, તેમને છિન્નભિન્ન કરનારી અજ્ઞાનથી પરિપૂર્ણ પ્રકૃતિ શક્તિ છે. મહાકાળી ઉન્નત ભૂમિકામાં હોય છે. તે સાધારણપણે સુવર્ણરૂપમાં હોય છે. તે રાક્ષસોને મહાભયંકર સ્વરૂપમાં દેખાય છે. રાજરાજેશ્વરી વિવેકની પ્રતિનિધિ છે. તો મહાકાળી બળ-શક્તિની પ્રતિનિધિ છે. આ માતામાં વિનાશની અફાટ શક્તિ હોય છે. આ શક્તિ પ્રગટ થઈ કે તે વિનાશ અને સંઘર્ષ કરીને જ શાંત થાય છે. મહાકાળી એ કાલી દેવતાથી ભિન્ન છે. જે સમયે સાધકને પોતાની સાધનામાં વિઘ્ન આવ્યાની ખબર પડે છે ત્યારે તેણે પોતાના અંતરંગમાં સ્થિત મહાકાળી શક્તિનું આહ્વાન કરવું જોઈએ.

: અસુરી, કાલી, શ્યામા, મહાકાલી ઇત્યાદિનાં સ્વરૂપો :

કાલી અને શ્યામા આ બંને આદ્ય પ્રાણશક્તિ છે. કાલી વિધ્વંસક શક્તિ છે. મહાકાળી સુવર્ણવર્ણમય અને અસુરોને મહાભયંકર લાગનારી શક્તિ છે. રાજરાજેશ્વરી વિવેકની સ્વામિની તો મહાકાલી બળની સ્વામિની છે. મહાલક્ષ્મીનું સૌંદર્ય અપ્રતિમ હોય છે. વિવેક અને શક્તિ સંપૂર્ણપણે મેળવવા માટે સૌંદર્યવંત હોવું આવશ્યક છે. તે ન હોય તો આપણા પ્રયત્નોને પૂર્ણતા

આવતી નથી. પરંતુ, કોક-કોક સ્થળે એકાદ પ્રકારની સમતોલ વ્યવસ્થા હોય છે. તે સમયે આપણને તે પરિપૂર્ણ લાગે છે. તે પછી થોડી ઉન્નત અવસ્થાએ પહોંચ્યા પછી આપણને નવી પરિસ્થિતિ અનુભવવા મળે છે. તેને અનુસરીને નવી સમતોલ સ્થિતિ પ્રાપ્ત થાય છે. તે અવસ્થા આપણને પરિપૂર્ણ લાગે છે. આ અવસ્થાનું મહાલક્ષ્મી પ્રતીક છે.

વિવેકમાં પરિપૂર્ણતા આવે. પરંતુ, બળ અને શક્તિમાં પરિપૂર્ણતા ન આવે તો પૂર્વસિદ્ધિ અનુકૂળ થતી નથી. આ જ કારણથી પરિપૂર્ણતા સિદ્ધ કરવા માટે વિવેક, બળ, સૌંદર્ય અને પરિપૂર્ણતા આ ચાર ગુણોની આવશ્યકતા હોય છે. મનુષ્ય માટે ગૂઢ રહેલું રહસ્ય એટલે દિવ્ય સામરસ્યપૂર્ણ સૌંદર્ય. તે સંપૂર્ણ વિશ્વને વ્યાપીને રહે તો ચિદ્‌વિલાસ છે. કેવળ મહાલક્ષ્મીના અનુગ્રહથી આ વિવિધતાથી સુશોભિત સૃષ્ટિની વસ્તુઓ, શક્તિ અને જીવજંતુ એકાત્મતાથી રહે છે. આ એકાત્મસ્થિતિમાં જ તેમને આનંદનો લાભ થાય છે. તે વિવિધ પ્રકારની વસ્તુ, શક્તિ અને જીવની લયબદ્ધ અને રૂપબદ્ધ વૃદ્ધિ કરે છે. મહાલક્ષ્મી પરમ પ્રેમ અને પરમ આનંદની આદિદેવતા છે. તે જ પ્રમાણે લક્ષ્મી ભૌતિક વસ્તુઓના સંચયનું પ્રતીક છે. મહાલક્ષ્મી એટલે ભૌતિક વસ્તુ, જીવશક્તિને દિવ્યાનંદના સામ્રાજ્ય તરફ વાળી દિવ્ય જીવનનો આનંદ પ્રદાન કરનારી મહાશક્તિ.

અનઘાલક્ષ્મીની શક્તિ પૂર્ણતઃ પ્રાપ્ત કરવા માટે વિવેક, બળ, સૌંદર્ય અને સાથે કર્મમાં પણ કુશળતા હોવી જોઈએ. વેદોમાં સરસ્વતી માતાની પ્રશંસા કરવામાં આવી છે. દશ મહાવિદ્યાઓમાં તેને માતંગી કહે છે. તેની વાણી વૈખરી હોય છે. મહાસરસ્વતી જુદી દેવતા છે. દિવ્ય નિપુણતા અને આત્મચૈતન્ય કર્મનું પ્રતીક એટલે મહાસરસ્વતી દેવતા છે. આ મહામાતાની કરુણા અને કૃપાપ્રસાદથી આપણાં ઈષ્ટકર્મો પૂર્ણતા પામે છે. તેણે આપેલા પ્રસાદરૂપી દિવ્ય જ્ઞાનને લીધે આપણી કર્મસિદ્ધિ સરળ બને છે. આત્મચૈતન્યનો અન્વય કેમ કરવો તેનું જ્ઞાન થાય છે. અનેક શક્તિઓના સામરસ્યથી આનંદની પ્રાપ્તિ કેવી રીતે થાય છે, તે જાણી શકાય છે.

પરિવર્તન, પરિપૂર્ણતા જેવા અતિ દુર્ગમ વિષયોનું તેમજ અતિ સૂક્ષ્મ વિષયોનું જ્ઞાન, મહાસરસ્વતી પર દૃઢ શ્રદ્ધા રાખવાથી

આપણે પ્રાપ્ત થઈ શકે છે. હે શ્રોતાઓ (વાંચકો)! આનંદ એ પરમેશ્વર સાથે સંબંધ ધરાવતો વિષય છે. પરંતુ, અતિ ઉચ્ચ આનંદ એ યોગીઓને જ થનાર અનુભવ છે. નિરીચ્છ યોગીને મળતો હર્ષ તે આ જ! સર્વ જીવોને સુખ પોતાના પૂર્વસુકૃત અનુસાર પ્રાપ્ત થાય છે. પરંતુ, દરેક સુખની પાછળ દુઃખ આવવાનું નક્કી જ હોય છે.

: અનઘાદેવીના વ્રતનું દત્તભક્તો દ્વારા આચરણ :

શ્રી અનઘાદેવીનું રૂપ એ લક્ષ્મીદેવીનું જ પ્રતિરૂપ છે. તે રાજરાજેશ્વરી, મહાલક્ષ્મી, મહાકાલી આ સર્વ દેવતાઓનાં લક્ષણોથી ઓતપ્રોત છે. શ્રી અનઘાદેવીનું એક વિષ્ણુરૂપ પણ છે. તેનામાં પરમેશ્વરનાં, દત્તાત્રેયનાં લક્ષણો પરિપૂર્ણ રીતે ભરેલાં છે. આ કારણથી જ અનઘાદેવીની આરાધના સાથે વિષ્ણુરૂપ અનઘાની આરાધના કરવાથી સર્વ ફળની પ્રાપ્તિ થાય છે. "અનઘાષ્ટમી" વ્રત દત્તભક્તો માટે અત્યંત આદરણીય છે. આ વ્રતના આચરણથી સર્વ સુખની પ્રાપ્તિ થાય છે.

: શ્રીપાદપ્રભુનો મહિમા- દત્ત આરાધનાનું માહાત્મ્ય :

હે શ્રોતાઓ, શ્રી અનઘાદેવી સહિત રહેતું અનઘરૂપ વિષ્ણુ એટલે જ શ્રી શ્રીપાદપ્રભુનો અવતાર. તેઓ સર્વ સામાન્યજનોના બૌદ્ધિક, માનસિક અને આત્મિક ચૈતન્યની અત્યંત નિકટ હોય છે. તેઓ સર્વગામી હોવા છતાં ભક્તોની બૂમ સાંભળી ત્વરિત દોડી આવે છે. તેઓ પોતાના ભક્તોનાં અને આશ્રિતોનાં દુઃખો નષ્ટ કરી તેમને સુખની પ્રાપ્તિ કરાવી આપે છે. દશ મહાવિદ્યાની આરાધના કરવાથી મળતું ફળ કેવળ શ્રીપાદની અથવા દત્તાત્રેયની આરાધના કરવાથી તત્કાળ પ્રાપ્ત થાય છે. બીજા દેવતાઓની શ્રદ્ધાભાવથી આરાધના કરવાથી ઇષ્ટફળ પ્રાપ્તિ થાય છે. પરંતુ, શ્રી દત્તાત્રેય સર્વદેવતામય હોઈ ચારે યુગનો મહાન અવતાર છે. તેમના મહાઅવતારની સમાપ્તિ નથી અને તેઓ અત્યંત સુલભ સાધ્ય છે.


હે શંકર ભટ્ટ, તું રચના કરે છે તે પવિત્ર ગ્રંથનું મહાપુરુષો અને મહાયોગીઓ પણ અધ્યયન કરશે. તેઓ તેમના સ્તરના સંબંધિત વ્યાકરણથી તેના અર્થ કરશે. યોગસંપન્નવિભૂતિ આ ગ્રંથનો અભ્યાસ કરી જ્ઞાન સંપાદન કરશે. સર્વ સામાન્ય ભક્તો આ ગ્રંથનું પારાયણ કરી ઇહલોકનું અને પરલોકનું સુખ, વૈભવ અને સમૃદ્ધિ પ્રાપ્ત કરશે. આ અક્ષરશઃ સત્યગ્રંથ હોવાથી તેનો પ્રત્યેક અક્ષર બીજાક્ષર, શક્તિયુક્ત છે. આ ગ્રંથનું કોઈ પણ ભાષામાં (ભાષાંતર) શ્રદ્ધા, ભક્તિયુક્ત અંતઃકરણથી પારાયણ કરવાથી ઇષ્ટફળપ્રાપ્તિ થશે. આ મહાગ્રંથ તે મહાપ્રભુનું પ્રત્યક્ષ અક્ષરસ્વરૂપ છે.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૪૩ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋


ભગવાન શ્રી દત્તાત્રેય
પૂ. શ્રી નૃસિંહસરસ્વતી સ્વામી મહારાજ
શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ
શ્રીરંગ અવધૂત ગુરુમહારાજ
પ. પૂ. શ્રીવાસુદેવાનંદસરસ્વતી
સ્વામી મહારાજ (ટેંબે સ્વામી)
પૂ. શ્રી દીક્ષિતસ્વામી

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૪૪

સ્વર્ણપીઠિકાપુરવર્ણન

શ્રી ભાસ્કર પંડિતે તે દિવસે અમને વિનંતી કરી કે અમે તેમનું આદરાતિથ્ય સ્વીકારી તેમને ઘેર રહીએ. તેમને ઘેર રહીને શ્રીપાદશ્રીવલ્લભનું ચરિત્ર સંભળાવવાની પણ તેમણે વિનંતી કરી. અમે તે આમંત્રણનો અસ્વીકાર કરી શક્યા નહીં. રાત્રે અમે તેમને ઘેર નિવાસ કર્યો. બીજે દિવસે સ્નાનસંધ્યા સમાપ્ત કરી ત્રિપુરાંતકેશ્વરનાં દર્શન કરવા ગયા. ત્યાં શ્રીપાદશ્રીવલ્લભના અત્યંત રસપૂર્ણ ચરિત્રનું વિવેચન થયું. વક્તાએ પોતાની મધુર વાણીથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા.

: શ્રીપાદપ્રભુનું જન્મસ્થાન :

હે શ્રોતાઓ, સાંભળો. શ્રીપાદશ્રીવલ્લભ પ્રત્યક્ષ શિવ સ્વરૂપ છે. તેઓ પીઠિકાપુરમ્ ગામમાંથી અદૃશ્ય થઈ કાશીનગરીમાં આવી ગંગાનું સ્નાન કરતા. પીઠિકાપુરમ્માં તેમણે અવતાર લીધો. તેથી ત્યાંની ભૂતપિશાચબાધાનું નિર્મૂલન થયું. પીઠિકાપુરમ્ની તેમની જન્મભૂમિ ચૈતન્યમય થઈ હતી. ભવિષ્યમાં કેટલાક સૈકાઓ પછી તેમના જન્મસ્થળે નિર્માણ થનાર મહાસંસ્થાનમાં તેમની દિવ્ય પાદુકાઓની સ્થાપના થશે. ત્યાંની ભૂમિ જાગ્રત થઈ ક્રમે ક્રમે આજુબાજુના ભૂમંડળને પણ જાગ્રત કરશે. આજુબાજુની ભૂમંડળીનો જનસમુદાય પીઠિકાપુરમ્ વિસ્તારના દિવ્યાકર્ષણથી આકર્ષિત થશે. જે જે સ્થળે શ્રીપાદશ્રીવલ્લભે સંચાર કર્યો અને જે જે સ્થળે તેઓ સંચાર કરશે તે તે પ્રદેશમાં અજાણતાં જાગૃતિનો પ્રભાવ દેખાશે અને નવી દૈવી શક્તિનો

અનુભવ થશે.

પ્રત્યેક મનુષ્યમાં પૃથ્વી તત્ત્વ હોય છે. તે શબ્દ સ્પર્શરૂપ અને ગંધતત્ત્વ (ગુણોથી વ્યાપ્ત)થી બનેલું હોય છે. યોગદૃષ્ટિથી જોતાં જે શરીરમાં પૃથ્વીતત્ત્વ હોય છે તે શ્રીપાદપ્રભુની દિવ્ય કરુણા ભાવનાથી પીઠિકાપુરમ્‌ક્ષેત્રે નિશ્ચિતપણે આકર્ષિત થાય છે. તે વિશે મેં પ્રશ્ન કરતાં પૂછ્યું:- આર્યાવર્તના લોકો તેમના પૃથ્વીતત્ત્વની જાગૃતિને લીધે પીઠિકાપુરમ્‌માં ભૌતિકરૂપે આવે છે કે?

: સુવર્ણપીઠિકાપુરમ્‌નો મહિમા :

ભાસ્કર પંડિતે મંદહાસ્ય કર્યું અને કહ્યું:- તેં પૂછેલો પ્રશ્ન યોગ્ય જ છે. ભૌતિક રીતે દેખાતા પીઠિકાપુરમ્‌માં એક સુવર્ણ પીઠિકાપુર વિદ્યમાન છે. જેટલો ભૌતિક પીઠાપૂરમ્‌નો વ્યાપ છે તેટલી જ સીમા સ્વર્ણ પીઠિકાપુરમ્‌ની છે. સુવર્ણ પીઠિકાપુર કેવળ ચૈતન્યથી નિર્માણ પામેલું છે. વાસ્તવિક રીતે જોતાં સાધકોમાં સ્થિત ચૈતન્ય સંબંધિત પદાર્થ નિર્માણ થતી વખતે તે પોતે સુવર્ણ પીઠિકાપુરમ્‌માં વાસ્તવ્ય કરે છે, તેમ તેને લાગે છે. આ સુવર્ણ પીઠિકાપુરમ્‌ના ચૈતન્યને લીધે હજારો દિવ્ય કિરણોની આભા નિર્માણ થાય છે. યોગી, તપસ્વી, મહાપુરુષ આ સુવર્ણપીઠિકાપુરમ્‌માં રહેવા માટે સદા ઉત્સુક હોય છે. પરંતુ, તે દિવ્ય પુરુષો આપણી સામાન્ય દૃષ્ટિથી અગોચર હોય છે. સુવર્ણપીઠિકાપુર કેવળ યોગચક્ષુ, જ્ઞાનચક્ષુ ધરાવતા સાધકોને જ ગોચર છે.

: કાશીની પંચકોશયાત્રાવિશેષ :

સુવર્ણપીઠિકાપુરમ્‌ની જેમ જ સુવર્ણકાશી નામનું એક દિવ્ય ક્ષેત્ર આવેલું છે. તે ભૌતિક કાશીના વિસ્તાર જેટલું જ મોટું છે. સુવર્ણકાશી ચૈતન્ય પદાર્થ વડે નિર્માણ પામેલું છે.

કાશીયાત્રાં ગમિષ્યામિ તત્રૈવ નિવસામ્યહમ્‌। કાશીવાસં ફલં લભેત્‌॥

ઉપર મુજબનું એક શાસ્ત્રવચન છે. હું કાશીક્ષેત્રે જાઉં છું અને ત્યાં જ રહેવાનો મારો વિચાર છે. આવું સતત જે લોકો બોલે છે, ઉચ્ચારણ કરે છે તેવા લોકોને પણ કાશીવાસનું ફળ પ્રાપ્ત થાય છે. સુવર્ણકાશીમાં નિવાસ કરવા માટે અને કાશીવિશ્વેશ્વરનાં દર્શન માટે પ્રત્યેકે તેમનું નિરંતર ખૂબ જ શ્રદ્ધાયુક્ત ભાવનાથી ચિંતન કરવું જોઈએ.

તારા અન્નમયકોષ વિશે સંબંધ ધરાવનાર એક ભૌતિક પીઠિકાપુરમ્ છે તેમજ એક ભૌતિક કાશી પણ છે. પ્રાણમયકોષ સંબંધિત એક પીઠિકાપુરમ્ છે તેમજ એક ભૌતિક પ્રાણમય કાશી પણ છે. મનોમયકોષ, વિજ્ઞાનમયકોષ અને આનંદમયકોષ સંબંધિત એક-એક પીઠિકાપુર અને એક-એક કાશી વિદ્યમાન છે.

આ આનંદમય પીઠિકાપુરમ્ને જ સુવર્ણ પીઠિકાપુર કહે છે. તે જ પ્રમાણે આ આનંદમય કાશીને જ સુવર્ણકાશી કહે છે. આ વક્તવ્ય સાંભળી મેં (શંકર ભટ્ટે) ખુલાસો પૂછતાં કહ્યું:- મહોદય! હું અલ્પજ્ઞ છું. કૃપા કરી મારા પર અનુગ્રહ કરો અને આ વિષયનું સુબોધ રીતે વિવેચન કરી સમજાવો. કેટલાક લોકો કાશીની પંચકોશયાત્રાના ફળ વિશે કહે છે. તે યાત્રા કઈ? મારા પ્રશ્નનું સમાધાન કરવા માટે શ્રી ભાસ્કર પંડિતે કહ્યું:- હે બાળક, પંશકોશયાત્રા ભૌતિક યાત્રા હોય છે. વાસ્તવિક આપણે કરવાની હોય છે તે યાત્રા અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમયકોષ તરીકે ઓળખાતી આ પંચકોશયાત્રા.

આ યાત્રા આપણે ચૈતન્યરૂપથી જ કરવાની હોય છે. આ જ પંચકોશયાત્રાનું ગૂઢ રહસ્ય છે. શ્રીપાદપ્રભુના અનુગ્રહથી જ સાધકને પંચકોશયાત્રા કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે અને તેને લીધે જ પંચમહાભૂત સાથે સંબંધ ધરાવતા પંચમહાયજ્ઞ શ્રીપાદપ્રભુની યોગશક્તિથી સિદ્ધ થાય છે. આ પંચમહાયજ્ઞના પ્રતીક તરીકે કુરુગડ્ડી પાસે પંચદેવ પહાડ સુશોભિત કરેલો છે. દૈવરહસ્યનું અનુષ્ઠાન જેણે આચર્યું છે, જેમને યોગદૃષ્ટિ છે તેવા સાધકોને જ આ બધી વાતો સમજાય છે. ઇતર સર્વ સામાન્ય સાધકોને તે વિશે કોઈ પણ પ્રકારનું જ્ઞાન થતું નથી.

શ્રીપાદપ્રભુએ કાશીમાં ગંગાસ્નાન કર્યું ત્યારે ગંગામાતા પ્રત્યક્ષ પ્રગટ થઈ અને તેણે પ્રભુને રોજ ગંગાસ્નાન કરવા

વિનંતી કરી. તે સમયે શ્રીપાદપ્રભુએ "હું રોજ ગંગાસ્નાન કરીશ" એમ વચન આપ્યું. આથી, ગંગામાતાનું ચૈતન્ય પણ પંચકોશમાં સમાયેલું છે અને ગંગામાતાનું વાસ્તવ્ય પંચકોશમાં છે. આ વિશે મેં (શંકર ભટ્ટે) પૂછ્યું:- ગંગામાતા જળસ્વરૂપ હોય છે ને? તે પંચકોશમાં કેવી રીતે હશે? એ મને સમજાતું નથી.

ભાસ્કર પંડિતે મંદહાસ્ય સાથે કહ્યું:- હે બાળક, દેવતાઓ મંત્રસ્વરૂપ હોય છે. તેઓ ભૌતિકસ્વરૂપમાં નથી હોતા. મંત્રસ્વરૂપ એટલે શબ્દ બ્રહ્મનું શક્તિરૂપ. ગંગામાતા શક્તિ દેવતા છે. ચૈતન્યસ્વરૂપની દેવતા એવો અર્થ થાય છે. તે ભૌતિક સ્વરૂપની ગંગા નદી વિશે તાદાત્મ્ય સ્થિતિ સાથે અભિમાન ધરાવતા દેવતા અને ચૈતન્યમય દેવતા છે. આ જ પ્રમાણે સૂર્યદેવતા (ચૈતન્યસ્વરૂપ) સૃષ્ટિમાં આપણે જોઈએ છીએ તે સૂર્ય ખગોળના તાદાત્મ્ય સ્થિતિના ચૈતન્યરૂપ દેવતા હોય છે. આ ધર્મ સૂક્ષ્મ ગૂઢ રહેલું દિવ્ય રહસ્ય હવે તને સારી રીતે સમજાયું હશે.

પ્રત્યેક મનુષ્યમાં જળતત્ત્વ હોય છે. તેના શુદ્ધિકરણ માટે જળયજ્ઞ કરવાનો સંકલ્પ કરે છે. તે માટે તેઓ રોજ કાશીમાં ગંગાસ્નાન માટે જાય છે. આ યોગપ્રક્રિયાને લીધે ભૌતિકરૂપમાં રહેતા જલવાસમાં પવિત્રતા આવે છે. પવિત્ર નદીઓ પોતાના અતિ પવિત્ર જળથી માનવની મલિનતા દૂર કરી તેમને પવિત્રતા પ્રદાન કરે છે. ગંગા, ગોદાવરી જેવી મહાનદીઓ પાપી મનુષ્યોના સ્નાન કરવાથી અપવિત્ર થાય છે. આ નદીઓમાં જ્યારે ચૈતન્યસ્વરૂપ મહાપુરુષ અને પુણ્યાત્માઓ સ્નાન કરે છે ત્યારે જ, તે મહાનદીઓ પૂર્વવત્ પવિત્ર થાય છે. જળયજ્ઞ કરવાનો અર્થ એટલે જીવરાશિના શરીરમાં જળસ્વરૂપ અને જળતત્ત્વનું શુદ્ધિકરણ.

શ્રીપાદશ્રીવલ્લભ સાર્વભૌમ છે. કેવળ એક જ આદેશથી કોટિ-કોટિ બ્રહ્માંડની રચના, રક્ષણ અને વિલય કરનાર એવા મહાન ત્રિમૂર્તિ સ્વરૂપ દત્ત ભગવાન જ છે. ત્રેતાયુગમાં ભારદ્વાજ ઋષિએ આપેલા વચન અનુસાર ભારદ્વાજ ગોત્રમાં સાવિત્રીકાઠક મહાયજ્ઞ કરેલા પુણ્યસ્થળ એટલે જ પીઠિકાપુરમ્ નગરમાં શ્રીપાદપ્રભુએ અવતાર લીધો. તેમના અવતારનું પ્રયોજન

મહાયોગીઓને, મહાસિદ્ધોને, મહાપુરુષોને અનુગ્રહિત કરી તેમના દ્વારા ધર્મનો ઉદ્ધાર કરવાનો હતો. તેમણે તે અવતાર પછી નરસિંહસરસ્વતી નામરૂપથી અવતાર લેશે તેમ કહ્યું. આ દિવ્ય વચનો પર જે કોઈ અવિશ્વાસ દાખવશે, શ્રીપાદપ્રભુના અવતારનું અપમાન કરશે તેમને પિશાચયોનિ પ્રાપ્ત થશે. અવહેલના કરનાર પુરુષો બળહીન અને અત્યંત દીન અવસ્થાને પ્રાપ્ત થઈ નરક યાતના ભોગવશે. આવી પાપી વ્યક્તિઓને ગાણગાપુરમાં શ્રી નૃસિંહસરસ્વતી સ્વામીના અવતારસમયે મુક્તિ મળશે, એમ શ્રીપાદપ્રભુએ ભવિષ્યકથન કર્યું છે.

તું લખે છે તે શ્રીપાદશ્રીવલ્લભનો ચરિત્રામૃત ગ્રંથ અક્ષરશઃ અક્ષરસત્ય ગ્રંથ છે. આ ગ્રંથ બધી જ ભાષાઓમાં ભાષાંતર પામશે. આ મહાન ગ્રંથનું કોઈ પણ ભાષામાં પારાયણ કરતાં તેનું વિશિષ્ટ ફળ દરેકને મળશે. આ ગ્રંથનું ભાષાંતર કરવાની યોગ્યતા ધરાવનાર ભક્તની પસંદગી શ્રીપાદપ્રભુ જાતે જ કરશે. આ ગ્રંથનો અનુવાદ કરનાર, અનુવાદ માટે મદદ કરનાર વ્યક્તિઓ પર પણ પ્રભુની વિશેષ કૃપા થશે. આ ગ્રંથ પવિત્ર મંદિરમાં રાખી તેની પૂજા કરનારને કૃપાલાભ મળશે. આ ગ્રંથના પારાયણથી કલિયુગમાં સર્વજ્ઞ થશે. આ શ્રીપાદપ્રભુનું અભયવચન છે.

તારું ગ્રંથલેખનનું કામ શ્રીચરણ તારી પાસેથી પૂર્ણ કરાવી લેશે. આ વક્તવ્ય વિશે મેં (શંકર ભટ્ટે) કહ્યું:- મહારાજ, આપ કહો છો તે સર્વ યોગ્ય જ છે. પરંતુ, હું પંડિત બિલકુલ નથી. તે સિવાય વેદવેદાંત વિશે હું અજ્ઞાની છું. મારા જેવા અલ્પજ્ઞ પાસેથી આપ કેટલું મહાન કાર્ય કરાવી લો છો, તેનું મને આશ્ચર્ય થાય અને સાથે આનંદ પણ થાય છે. આ વિશે ભાસ્કર પંડિતે કહ્યું:- આમ તો દત્તવિધાન જ છે કે નિષિદ્ધ પદાર્થથી રોગ ઊથલો મારે છે. પરંતુ, આશ્ચર્ય એ વાતનું છે કે અદ્‌ભુત એવા મહાન કાર્યો કશું ન જાણનાર સામાન્ય વ્યક્તિ પાસેથી કરાવવું એ શ્રીપાદપ્રભુનો નિત્ય વિનોદી સ્વભાવ છે. આ તેમની દિવ્ય શક્તિનું જ નિદર્શન છે.

એક દિવસ એક સંન્યાસી પીઠિકાપુરમ્‌ના કુક્કુટેશ્વર મંદિરમાં આવ્યા. તે સમયે શ્રીપાદ બાળઅવસ્થામાં હતા. શ્રી નરસિંહ

વર્મા (મહાશય) અને વેંકટપૈય્યા શ્રેષ્ઠી (મહાશય) બાળસ્વરૂપ શ્રીપાદશ્રીવલ્લભને ઘોડાગાડીમાં બેસાડી કુક્કુટેશ્વર મંદિરમાં આવ્યા. તે સમયે તે સંન્યાસી સ્વયંભૂ દત્તમંદિરમાં ધ્યાન અવસ્થામાં બિરાજમાન હતા. તેમને જોઈને શ્રીપાદે શ્રેષ્ઠીને કહ્યું:- આ સાધુને મંદિરમાં કેમ આવવા દીધા? નરસિંહ વર્માએ ધીમા અવાજે કહ્યું:- અરે લાલા, તેઓ સંન્યાસી છે. તેમને જો ક્રોધ આવે તો તેઓ આપણને શાપ આપશે.

શ્રીપાદ બોલ્યા:- એટલે કે આમને પણ ક્રોધ આવે છે! માછલીઓ પકડી, જેમના સમીપ માછલીઓની વાસ આવે છે તેમને કેમ સંન્યાસી કહેવાય? તે જ ક્ષણે તે સંન્યાસીએ આંખો ખોલી. તેમનામાંથી માછલીઓની દુર્ગંધ આવતી હતી. સંન્યાસી તે વાતને સમજી ગયા. તેઓ સાચેસાચ સંન્યાસી હતા. તેમણે શ્રીપાદ તરફ નજર કરી. તેમને મત્સ્ય અવતારના શ્રીવિષ્ણુની યાદ આવી. ત્યારે શ્રીપાદે કહ્યું:- તમારા કમંડલુમાં પણ નાની નાની માછલીઓ છે, તમે જાતે જ જુઓ.

: સંન્યાસી પર વિશેષ અનુગ્રહ :

સંન્યાસીને કમંડલુમાં માછલીઓ જોઈ આશ્ચર્ય થયું. શ્રીપાદ તે સંન્યાસી પ્રતિ તીવ્ર નજરથી જોતા હતા. તેટલામાં સંન્યાસી અંતર્મુખ થયા. તેમને યોગદૃષ્ટિ પ્રાપ્ત થઈ. તેમણે જોયું કે તેમની રક્તનલિકાઓના પ્રવાહીમાં નાનાં નાનાં ટીપાં મત્સ્યાકાર છે. તે મત્સ્યાકાર ટીપાં વિવિધ પ્રકારની અનુભૂતિનું પ્રદર્શન કરતાં હતાં. એક એક ટીપું જાણે કે એક-એક વાસનાનું રૂપ લઈ મત્સ્યના આકારમાં તરતું હતું. "અહા! મત્સ્યાવતાર પ્રક્રિયા કહે છે તે આ જ કે?" એવું આશ્ચર્યચકિત થઈ સંન્યાસી મોટેથી બોલ્યા. આ સૂક્ષ્મ ટીપાં વિશે જ્ઞાન પ્રાપ્ત થતાં સંસારમાં અસ્તિત્વ ધરાવતી સર્વ વાસનાઓ પર નિયંત્રણ રાખવું શક્ય બનશે તેમ તે સંન્યાસીએ જાણ્યું.

સંન્યાસી બહિર્મુખ થયા. તેમણે મંદહાસ્ય કરતાં શ્રીપાદના મુખ તરફ ખૂબ જ શ્રદ્ધાભાવથી જોયું. શ્રીપાદે પણ મંદ હાસ્ય કરતાં તે સંન્યાસી તરફ જોયું. સંન્યાસી શ્રીપાદના ચરણકમળ પર નતમસ્તક થયા. શ્રીપાદે પણ પોતાનો હાથ અતિ પ્રેમથી તે

સંન્યાસીના માથા પર મૂકી તેમના પર અનુગ્રહ કર્યો. શ્રીપાદના સ્પર્શથી સંન્યાસીના શરીરમાંથી આવતી માછલીની ખરાબ વાસ બંધ થઈ અને તેની જગ્યાએ એક દૈવી સુગંધ આવવા લાગી. તે સમયે સંન્યાસીને પરાશરમુનિએ તેમની કૃપાદૃષ્ટિથી મત્સ્યગંધાના શરીરમાંથી આવતી માછલીની દુર્ગંધ નષ્ટ કરી પેદા કરેલી સુગંધવાળી ઘટનાની સ્મૃતિ તાજી થઈ. આ જ પ્રમાણે પતિવ્રતા માતલિના શરીરમાંથી સુગંધ આવતી તેથી તે સુવાસિની નામે ઓળખાતી.

જે પ્રમાણે શરીરની અનુભૂતિ સુગંધમાં પરિવર્તિત થાય છે તે જ પ્રમાણે, ભૌતિક શરીરમાં પણ ફેરફાર થઈ સુગંધની અનુભૂતિ આવે છે તેમ શ્રીપાદપ્રભુએ તે સંન્યાસીને મનોબોધ કર્યો. તે પછી શ્રીપાદે કહ્યું:- અરે, તેં મત્સ્યાવતાર વિશે જાણ્યું. દૈવી પ્રકૃતિ અને આસુરી પ્રકૃતિને કૂર્માવતારનો આધાર છે.

મંદાર પર્વતને કૂર્મ પર પ્રસ્થાપિત કરી દેવદાનવોએ સમુદ્રમંથન કર્યું. કાચબો જે પ્રમાણે સંકટસમયે પોતાની ઇંદ્રિયો અંદર ખેંચી તેને નિયંત્રણમાં રાખે છે તે જ પ્રમાણે તું પોતાની જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોને પોતાને સ્વાધીન રાખી અંતર્મુખ થઈશ તો મોટો યોગી થઈશ. આમ જો નહીં કરે તો બહિર્મુખ થઈ સર્વ દુર્ગુણોથી યુક્ત થઈ રાક્ષસ બનીશ. તું બહિર્મુખ થઈશ કે તરત જ તને કોઈ મારી નાખશે. તને જીવનની અભિલાષા હોય તો તું અંતર્મુખ થઈ યોગાભ્યાસ કર. આમ કરવાથી તું સર્વ બંધનમાંથી મુક્ત થઈશ.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૪૪ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋


દત્તાવતાર ભગવાન શ્રીનૃસિંહસરસ્વતી સ્વામીમહારાજ. કારંજા. કર્દલીવન
પૂર્વ એક અદ્વિતીય બ્રહ્મ તું જ શ્રીહરે,
થાઉં નૈક ઇચ્છી એમ સર્જ્યું વિશ્વ અંડ હે!
ગુણાત્મકે ગુણે રમાડી સંત, દુષ્ટને દમે,
વંદું હે નૃસિંહસરસ્વતીશ ત્વત્પદાબ્જ એ!!
કુંડીદંડકરં પ્રશાંતમમલં સન્યાસિરૂપં તવ
શ્રીભીમારજાયુતિસ્થિતમજં ધ્યેયં શરણ્યં મયિ ।
જ્ઞાનં તારકમીશ સત્યમનીશં બ્રહ્મન્સ્થિરીકુર્વદો
વંદે શ્રીનૃહરે સરસ્વતિ વરં તે શ્રીપદાબ્જદ્વયમ્ ॥
॥ श्रीगुरुचरित्र ॥

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૪૫

કાશીક્ષેત્રાંતર્ગત શ્રીપાદપ્રભુની લીલા

: શ્રી હનુમાનને ભૂમિ પર અવતાર લેવા અનુજ્ઞા :

શ્રી ભાસ્કર પંડિતના ઘેર અમારું મધ્યાહ્ન ભોજન થયું. તે પછી તેમણે વક્તવ્ય શરૂ કર્યું:- હે શ્રોતાઓ, શ્રીપાદપ્રભુની લીલાઓ અતર્ક્ય છે. તેમણે કાશીનગરીમાં અનેક મહાપુરુષોને આશીર્વાદ આપ્યા. તેમને જોઈતી યોગસિદ્ધિઓ પ્રાપ્ત કરાવી આપી. તેમણે ઋષિઓના સમુદાયને કહ્યું:- હું નૃસિંહસરસ્વતી નામે હજુ એક અવતાર ધારણ કરનાર છું. પીઠિકાપુરમ્ ક્ષેત્રમાંથી અદૃશ્ય થઈને કાશીક્ષેત્રમાં આવવાનું પ્રબળ કારણ એ જ કે આ એક મહાપુણ્યક્ષેત્ર છે. સિદ્ધ સંકલ્પની પૂર્તતા અહીં ત્વરિત થાય છે. હું દરરોજ ગંગામાં સ્નાન કરવા માટે યોગમાર્ગથી આવું છું. હું નૃસિંહસરસ્વતી અવતારમાં અહીં જ સંન્યાસ દીક્ષા લેવાનો છું. આગામી શતાબ્દીમાં ક્રિયાયોગનું જ્ઞાન ઈચ્છનાર ગૃહસ્થાશ્રમી લોકોને બોધ કરવા શ્યામાચરણ નામના એક સાધકને અહીં કાશીમાં જન્મ લેવા આદેશ આપું છું. આગામી કાળમાં બ્રહ્મજ્ઞાની હનુમાનને શ્યામાચરણ પાસે ક્રિયાયોગ શીખવા માટે કહ્યું છે આ ત્રિવાર સત્ય છે.

: હનુમાનને સીતા, રામ, લક્ષ્મણ અને ભરતનાં દર્શન :

તેટલામાં શ્રીપાદ પ્રભુ ઋષિસંઘ સાથે યોગમાર્ગનું અનુસરણ કરી બદરીવનમાં આવી પહોંચ્યા. ત્યાં તેમણે નરનારાયણ

ગુફામાં અનેક શિષ્યોને ક્રિયાયોગની દીક્ષા આપી. ત્યાંથી ૧૨ કોસ દૂર આવેલા ઉર્વશીકુંડ પાસે તેઓ આવ્યા. ઋષિગંગામાં તેમણે સ્નાન કર્યું. પાંચ હજાર વર્ષથી તપસ્યા કરતા સર્વેશ્વરાનંદ નામના મહાયોગીને શ્રીપાદપ્રભુએ આશીર્વાદ આપ્યા. ત્યાંથી તેઓ નેપાળ દેશમાં ગયા. ત્યાં એક પર્વત પર રામનામમાં ધ્યાનમગ્ન હનુમાનને શ્રીરામ, સીતા, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્નનાં એક સાથે દર્શન કરાવ્યાં.

તેમણે હનુમાનને કહ્યું:- હે રામભક્ત, તેં રામનામના કેટલા કરોડ જપ કર્યા તેનો અંદાજ થતો નથી, તેં એટલા ઓછા સમયમાં રામનામનો મહાન જપ કર્યો કે તેનો હિસાબ રાખવો ચિત્રગુપ્ત માટે પણ અશક્ય થયું. તેને લીધે તું ચિરંજીવપદને પામ્યો. તું કાળાતીત છે. તારું આયુષ્ય કેટલા લાખ વર્ષ છે, તે ચિત્રગુપ્તને પણ લખવું અઘરું થઈ પડ્યું છે. તું કલિયુગમાં અવતાર લે, જિતેન્દ્રિય થઈ સર્વને વંદનીય થઈશ.

: રામબીજ મહિમા :

શ્રીપાદપ્રભુના વક્તવ્ય પર હનુમાને કહ્યું:- પ્રભુ રામબીજ એ અગ્નિબીજ જ છે. તેને લીધે જ મને અગ્નિસિદ્ધિ પ્રાપ્ત થઈ. દેહબુદ્ધિથી હું તમારો અંશ છું. આત્મબુદ્ધિથી હું તમારું જ સ્વરૂપ પામ્યો છું. કયા સ્વરૂપમાં મારે અવતાર લેવો તે વિશે કહો. શ્રીપાદપ્રભુએ મંદહાસ્ય કરી કહ્યું:- તું શિવાંશરૂપથી રામભક્ત થા. અરબી ભાષામાં અલ એટલે શક્તિ અને અહા એટલે તે શક્તિ ધારણ કરનાર એટલે અલ્લાહ, જેનો અર્થ શિવશક્તિ સ્વરૂપ એવો થાય છે. આટલા વર્ષો સુધી સીતાપતિ તરીકે મારી સેવા કરી. હવે યવનજાતિના લોકોને સ્વીકાર્ય શિવશક્તિ સ્વરૂપ અલ્લાહ નામથી મારી આરાધના કર. હનુમાને પ્રત્યુત્તરમાં કહ્યું:- પ્રભુ, ભારદ્વાજ મહર્ષિએ ત્રેતાયુગમાં સાવિત્રી કાઠક યજ્ઞ પીઠાપુરમાં કર્યો હતો, તેની મને જાણ છે. તે સમયે મળેલા વરદાનને લીધે તમે ભારદ્વાજ ગોત્રમાં જન્મ લેવાના છો તે મેં જાણ્યું હતું. આથી તમને છોડીને કોઈ પણ પરિસ્થિતિમાં હું રહી શકતો નથી. તમારું અને મારું ગોત્ર એક જ છે. આથી હું તમારો પુત્ર જ કહેવાઉં ને?

: શ્રીપાદપ્રભુ અને હનુમાનનો સંવાદ :

શ્રીપાદપ્રભુએ કહ્યું:- હે બાળક હનુમાન, તેં ધારણ કરેલો દેહ ભારદ્વાજ ગોત્રનો જ છે. હનુમાને વધુમાં જણાવ્યું:- "અલ્લા માલિક"નો અર્થ અલ્લા જ સર્વનો માલિક છે એમ જ ને? શ્રીપાદે હનુમાનને પ્રેમથી આલિંગન આપ્યું અને કહ્યું:- હનુમાન, તું દેહબુદ્ધિ (દેહભાવ) છોડી દે. તું મારો જ અંશ છે. હનુમાને કહ્યું:- પ્રભુ, હું સ્વીકાર કરું છું કે હું તમારો જ અંશ છું. વધુમાં હનુમાને જણાવ્યું:- આ ભૂમિ પર તમારું કાર્ય કર્યા પછી હું મૂળ તત્ત્વમાં વિલીન થઈ જઈશ, ત્યારે અંશ અવતાર પણ પૂર્ણતઃ નષ્ટ થશે. અંશ અવતારમાં મૂળ તત્ત્વ નિરંતર મારી સાથે જ રહેશે. તે તત્ત્વોએ મને ચેતવણી આપવી (ઝાલી રાખવો).

શ્રીપાદપ્રભુએ તે વિશે કહ્યું:- હે હનુમાન, તું ખૂબ જ બુદ્ધિમાન છે. જે શક્તિઓ મારી છે તે શક્તિઓ તારી જ છે તેમ સમજ. હું નૃસિંહસરસ્વતી અવતારમાં શ્રીશૈલ પાસે કદલીવનમાં ગુપ્તરૂપથી ત્રણસો વર્ષ સુધી સમાધિમાં રહીશ. તે પછી પ્રજ્ઞાપુર (હાલનું અક્કલકોટ)માં સ્વામી સમર્થ નામથી પ્રસિદ્ધ થઈશ. આ અવતાર સમાપ્ત કરવાના સમયે સાંઈરૂપથી તારામાં અવતરિત થઈશ. હું સ્પષ્ટપણે જણાવું છું કે મારો અવતાર તારા સ્વરૂપમાં પ્રગટ થશે. તે સમયે તું એક સમર્થ સદ્‌ગુરુના અવતારના સ્વરૂપમાં પ્રસિદ્ધિ પામીશ.

તે પછી હનુમાને કહ્યું:- પ્રભુ, હું તમારો સેવક "અલ્લા માલિક હૈ, અલ્લા માલિક હૈ" એમ કહીને સંચાર કરીશ. જીવભાવથી (જીવત્વ બુદ્ધિથી) હું તમારો અંશ હોવા છતાં તમારી માફક વર્તન કરી શકીશ નહીં. આપના શ્રીચરણ એટલે પ્રત્યક્ષ દત્ત ભગવાન જ છે. તમારામાં અને મારામાં કોઈ અંતર નથી. તમે મારા સ્વરૂપમાં અને હું તમારા સ્વરૂપમાં બદલાઈ જવાથી આપણા બંનેનું અદ્વૈત સિદ્ધ થશે. તે માટે તમે મને દત્ત ભગવાનની સાયુજ્યતાનો પ્રસાદ આપો.

શ્રીપાદપ્રભુએ કાળપુરુષને પોતાની પાસે આવવા આજ્ઞા કરી. કાળપુરુષ હાથ જોડી શ્રીપાદપ્રભુ સામે ઊભો રહ્યો. શ્રીપાદપ્રભુએ કહ્યું:- હે કાળપુરુષ, આ હનુમાન કાળાતીત છે. મેં તેને મારી સાયુજ્યતા પ્રસાદરૂપે આપી છે. તેને નાથ એમ

સંબોધન આપું છું. આજથી તે સાંઈનાથ એ નામે ઓળખાશે. આજે દત્તજયંતી ઉજવીશું.

હનુમાનનું ચૈતન્ય દત્તસ્વરૂપમાં પ્રગટ થયું. તે જોઈને ઋષિસમુદાય શ્રીપાદપ્રભુ તરફ આશ્ચર્યથી જોવા લાગ્યા. તેટલામાં હનુમાનજીના શરીરના જીવાણુઓનું વિઘટન થયું. તેમાંથી અનસૂયા માતા પ્રગટ થઈ. તે શ્રીપાદશ્રીવલ્લભને જોઈ બોલીઃ- બાળ શ્રીપાદ, તું કેટલો ઉત્તમ પુત્ર છે! તને જન્મ આપતી વખત સર્વસાધારણ માતાને થતી પ્રસવ વેદના મને થઈ નથી. માતાને આવી વેદનામાં પણ એક પ્રકારની સુખાનુભૂતિ થાય છે. તેમાં માધુર્યની અનુભૂતિ થાય છે. પરંતુ, તારા જન્મસમયે તે સુખથી હું વંચિત જ રહી. તું મારી કુખે ફરી તો જન્મ લેવાનો નથી ને? આ તારી વૈષ્ણવી માયા મારાથી સમજાતી નથી.

શ્રીપાદપ્રભુએ જવાબમાં કહ્યુંઃ- હે માતા, દરેક પુત્રે માતાની ધર્મબદ્ધ ઈચ્છા પૂરી કરવાની જ હોય છે. તારા ગર્ભમાંથી પ્રગટ થયેલો આ હનુમાન છે. તેને મારી સાયુજ્ય સ્થિતિ પ્રાપ્ત કરાવી છે. બીજા અર્થમાં કહીએ તો મારી માયાથી હું તારી કુખે ફરી જન્મ લઉં છું. થોડા જ સમયમાં તને તીવ્ર પ્રસવવેદના થશે. અનસૂયા માતાએ ત્રણ મસ્તકવાળી દત્તમૂર્તિને જન્મ આપ્યો. થોડા જ સમયમાં તે દત્તમૂર્તિ અદૃશ્ય થઈ અને તેની ગોદમાં એક શિશુ પ્રગટ થયું. તે નવજાત શિશુને અનસૂયાદેવીએ સ્તનપાન કરાવ્યું. આ ઘટના બની કે થોડા જ સમયમાં હનુમાનનું સ્વરૂપ દેખાયું. તેમની સામે પ્રભુ રામચંદ્રજી ઊભા હતા. હનુમાને કહ્યુંઃ- મ્લેચ્છ ધર્મનાં સારાં તત્ત્વો અને સનાતન ધર્મનાં ઉત્તમ તત્ત્વોનો સમન્વય કરવાનો હું પ્રયત્ન કરીશ. મ્લેચ્છ લોકોને પણ ગુરુ હોવા જોઈએ ને? તેના જવાબમાં શ્રીપાદપ્રભુએ કહ્યુંઃ- મેહબૂબ સુભાની નામનો એક મહાજ્ઞાની મારામાં સમાવિષ્ટ થયેલો છે. તે વારિફ અલિફ નામથી જન્મ લેશે. તે તારો ગુરુ થઈને યોગરહસ્યનું જ્ઞાન પ્રદાન કરશે. ક્રિયાઓનું જ્ઞાન શ્યામાચરણ નામના ગુરુ આપશે. તેમના તરફથી તને જોઈતાં બધાં જ વરદાન પ્રાપ્ત થશે.

ઃ માણિકપ્રભુનો આવિર્ભાવ ઃ

હનુમાને કહ્યુંઃ- પ્રભુ, તમે પદ્માવતી વેંકટેશ્વરસ્વરૂપ હોવાનું સાંભળ્યું હતું. તમારી આરાધના (યથાર્થ રીત) જાણનાર

વૈષ્ણવ ભક્તોને પણ તમારો અનુગ્રહ પ્રાપ્ત થયો. શ્રીપાદપ્રભુએ કહ્યું:- નિરંતર મારું સ્મરણ કરી મારા ચૈતન્યરૂપમાં તારા મનને હંમેશાં લીન કર.ગોપાળરાવ નામના મહાવૈષ્ણવ તારા ગુરુ થશે, એમ હું તને વરદાન આપું છું. તેઓ ભગવાન શ્રી વેંકટેશ્વરના ભક્ત હશે અને વ્યંકન્ના નામથી ઓળખાશે. તેમના મહાપ્રયાણ પછી તેમનાં અસ્થિ કેટલોક સમય એક માટીના પાત્રમાં મૂકી તેને જમીનમાં સુરક્ષિત રાખજે. મારી સૂચના મળે તે પછી તે પાત્ર ખોલીને જોજે. તેમાં વેંકટેશ ભગવાનની મૂર્તિ હશે. તે મૂર્તિની તું પૂજા કર. હું પ્રસન્ન થઈશ અને તને ઈચ્છિત વર પ્રદાન કરીશ.

હનુમાને જાનકી માતાને કહ્યું:- હે માતા, તેં મને અત્યંત પ્રેમથી અને વાત્સલ્યભાવથી એક માણેક-મોતીથી જડેલો કીમતી હાર આપ્યો હતો. તે હારના પ્રત્યેક માણેક અને મોતીમાં રામ છે કે નહીં, તે જોવા મેં તેમને પથ્થર વડે ફોડ્યાં. તેમાં મને ક્યાંય રામ જડ્યા નહીં. આથી તે હાર મેં ફેંકી દીધો. તે મહાન અપરાધની મને ક્ષમા કરજો. આ સાંભળીને શ્રીપાદપ્રભુ બોલ્યા: ઈશ્વરના સાંનિધ્ય સિવાય કોઈ પણ કાર્ય સિદ્ધ થતું નથી. તે માણેકનો હાર મેં વ્યવસ્થિત સાચવી મૂક્યો છે. તે હાર દત્તસ્વરૂપ છે તેમાં શંકા નથી. મારામાં સ્થિત આત્મજ્યોતિથી મેં તે હારમાં પ્રાણ પૂર્યા છે. તે માણિક જડિત હાર ગુરુસ્વરૂપના દિવ્ય તેજથી ચમકતો હતો. તે ગુરુસ્વરૂપ માણિકપ્રભુના સ્વરૂપમાં પ્રસિદ્ધ થશે.

શ્રીપાદશ્રીવલ્લભ એટલે બદરીનાથક્ષેત્રના નારાયણસ્વરૂપ જ છે. તેઓ ફરી માનવદેહ ધારણ કરનાર છે. પરંતુ, તેમનું નામ અને રૂપ કેવું હશે તે વિશે કોઈ પણ જાણી શક્યું નથી.

: શ્રીપાદપ્રભુનું દ્રોણગિરિ પર્વત નજીક શંબલગિરી ગામમાં વાસ્તવ્ય :

શ્રીપાદપ્રભુના મામા વેંકટાવધાની મહારાજ વિદ્યાર્થિનીઓને વેદશિક્ષણ આપતા હતા. વેદની તે પાઠશાળા નજીક એક નારિયેળીનું ઝાડ હતું. વેદશાળાના દિવ્ય વાતાવરણમાં એક વાનરનું ધ્યાન વેદાધ્યયન પ્રતિ આકર્ષિત થયું હતું. તે વાનરને

નારિયેળીના નારિયેળ તોડવામાં કે ઇતર વસ્તુઓને હાથ લગાડવામાં રસ ન હતો. આ વાનર ખૂબ જ શ્રદ્ધાભાવથી વેદપઠન સાંભળતો હતો.

શ્રીપાદપ્રભુએ નિર્દોષભાવે મામાને પૂછ્યું:- મામા, ભગવાનના અવતાર પ્રમાણે નારિયેળના ઝાડનો અવતાર હોય છે? મામાએ કહ્યું:- હે કૃષ્ણ, (બાળકના અર્થમાં) આ તારો કેવો પ્રશ્ન છે? પ્રશ્ન પણ અર્થપૂર્ણ હોવો જોઈએ. શ્રીપાદે પ્રશ્ન-જવાબની શૃંખલાને લંબાવતાં કહ્યું:- મામા, તેમ નથી. વૃક્ષને પ્રથમ ફળ આવે છે. ફળમાં બી હોય છે. બી દ્વારા ફરી બીજા ઝાડની ઉત્પત્તિ થાય છે. આ પ્રમાણે આ પ્રક્રિયામાં બીમાંથી ઝાડ અને ઝાડમાંથી બી નિરંતર ચાલુ જ રહે છે. આટલું કહીને શ્રીપાદપ્રભુ થોભ્યા. તે જ સમયે તેમની નજીકના નારિયેળને શ્રીપાદે પોતાના હાથમાં લીધું. વાનર સામે ઊભો જ હતો. શ્રીપાદે કહ્યું:- તને ખાલી હાથે મોકલવો યોગ્ય લાગતું નથી. મારા હાથથી તને આ શ્રીફળ- પ્રસાદ તરીકે આપું છું.

શ્રીપાદે તે નારિયેળ વાનરના હાથમાં મૂક્યું અને તેની પીઠ પર પ્રેમથી હાથ ફેરવ્યો. તેમણે વાનરને કહ્યું:- તું મારી પાસેથી હજુ વધુ નારિયેળ માગીશ નહીં. તને આ માન્ય હોય તો જ આ શ્રીફળ તને આપીશ. વાનરે હકારમાં માથું ધૂણાવ્યું અને નારિયેળ લઈ આનંદપૂર્વક ત્યાંથી જતો રહ્યો. પ્રત્યક્ષમાં તે વાનરરૂપે કોણ આવ્યું હતું? શ્રીપાદે તેને નારિયેળ કેમ આપ્યું? હજુ વધુ નારિયેળ નહીં આપું, એમ શા કારણથી કહ્યું? કોઈ પણ પ્રયત્ન કર્યા વગર તે નારિયેળ ઝાડ પરથી નીચે કેમ પડ્યું? કોના માટે? આ સર્વ પ્રશ્નના ઉત્તર આપણને કોણ આપશે? શ્રીપાદપ્રભુની લીલાઓ અદ્‌ભુત, અગમ્ય અને અકળ છે, તે જ સાચું!

શ્રીપાદપ્રભુ દ્રોણગિરિ નામના સંજીવની પર્વત પર ગયા. થોડા દિવસો ત્યાંના ઋષિમુનિસમુદાય સાથે આનંદપૂર્વક રહ્યા. ત્યાંના ઘણા મહાયોગીઓને અનુગ્રહ આપી કૃતાર્થ કર્યા. ત્યાંથી તેઓ કલ્કિ પ્રભુનો જન્મ જે ગામે થશે તે ગામે ગયા. તે પ્રદેશ મહાયોગીઓએ પણ ન જોયેલો હતો. હિમાલયમાં હજારો વર્ષથી તપશ્ચર્યા કરનાર મહાપુરુષો આ ગામમાં આવેલા છે. શંબલ ગામના સ્ફટિક પર્વત પરનું શુદ્ધ જળ શ્રીપ્રભુએ પીધું. તે જળ પીવાથી પીનારની ઉંમર વધતી નથી, તેવો આ જળનો મહિમા છે.

આ કારણને લીધે જ શ્રીપાદપ્રભુનું શરીર ૧૬ વર્ષની ઉંમર જેટલું જ રહ્યું. તેમાં કોઈ ફેરફાર થયો નથી.

: શ્રીપાદપ્રભુનું ગોકર્ણક્ષેત્રમાંથી દિવ્ય લોકમાં પ્રયાણ :

તે પછી શ્રીપાદપ્રભુ અનેક દિવ્ય સ્થાનોની મુલાકાત લેતા, સાધકોને, ભક્તોને, મહાપુરુષો પર અનુગ્રહ કરતા કરતા ગોકર્ણમહાબળેશ્વરક્ષેત્રમાં આવી પહોંચ્યા. અહીં શ્રીપાદપ્રભુ ત્રણ વર્ષ રહ્યા. આ પવિત્ર ક્ષેત્રે તેમણે અનેક અગમ્ય લીલાઓનું પ્રદર્શન કર્યું. તેનું વર્ણન કરવું અશક્ય છે. ગોકર્ણક્ષેત્રથી પ્રસ્થાન કરી શ્રીપાદપ્રભુ શ્રીશૈલ પર્વત પર આવી પહોંચ્યા. શ્રી બાપન્નાચાર્યે અહીં એક મહાયજ્ઞ કર્યો હતો. તે યજ્ઞના ફળસ્વરૂપ શ્રી મલ્લિકાર્જુનના લિંગમાં સૂર્યમંડળમાંથી શક્તિપાત થયો હતો. તેના લીધે જ શ્રીપાદપ્રભુનો અવતાર થયો હતો.

શ્રીપાદપ્રભુ યોગમાર્ગે મહાઅગ્નિગોલક જેવા લાલ તપ્ત થઈ સૂર્યમંડળમાં ગયા. ત્યાંથી તેઓ ધ્રુવ નક્ષત્ર, સપ્તર્ષિ મંડળ, આર્દ્રા નક્ષત્ર ઇત્યાદિ સ્થળે ફરીને ચાર મહિના પછી શ્રીશૈલ પાછા આવ્યા. તેમની સાથે જે-તે નક્ષત્ર પર નિવાસ કરનાર મહર્ષિઓ અત્યંત નૂતન યોગ શીખવા આવ્યા. શ્રીશૈલમાં સિદ્ધ પુરુષોની, ઋષિઓની એક સભા બોલાવવામાં આવી. શ્રીપાદપ્રભુએ ત્યાં એકઠા થયેલા ઋષિઓ તેમજ બીજા ગ્રહ-નક્ષત્ર પરથી આવેલા મહર્ષિઓને નૂતન મહાયોગ-સિદ્ધયોગનો બોધ કર્યો. તે બોધથી સર્વ ઋષિ, મુનિગણ અત્યંત આનંદિત થયા. તે જ્ઞાનામૃતનું પાન કર્યા પછી આર્દ્રા નક્ષત્ર પરના ઋષિઓ સ્વસ્થાને પાછા ફર્યા. શ્રીપાદપ્રભુ શ્રીશૈલથી કેટલાક દિવસે કુરુગડ્ડીના પવિત્ર ક્ષેત્રે આવી પહોંચ્યા.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૪૫ સમાપ્ત ॥

❋ ❋ ❋


પૂ. શ્રી નૃસિંહસરસ્વતી સ્વામી મહારાજ
ભગવાન શ્રી દત્તાત્રેય
શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ
પૂ. શ્રી ગજાનન મહારાજ
શ્રી સ્વામી સમર્થ (અક્કલકોટ)
પૂ. શ્રી સાંઈનાથ મહારાજ (સાંઈબાબા)

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૪૬

શ્રીપાદ ચરણપાદુકા પરના મંત્રાક્ષતમાં વૃદ્ધિ

અમે ભાસ્કર પંડિતની પરવાનગી લઈ પ્રસ્થાન કરવા તૈયાર થયા. ભાસ્કર પંડિત થોડો સમય ધ્યાનસ્થ થયા. શ્રીપાદની પાદુકાઓ ભાસ્કર પંડિતે પૂજાઘરમાં મૂકી હતી. ત્યાં પાદુકાઓ પર ચઢાવેલા અક્ષત (ચોખા) વધતા હતા. તે જોઈ અમને આશ્ચર્ય થયું. ભાસ્કર પંડિતે કહ્યું:- હે શ્રોતાઓ, શ્રીપાદ ભગવાનની લીલા અગમ્ય છે. શ્રી પદ્માવતી માતાનું જન્મ નક્ષત્ર મૃગ છે. શ્રી વેંકટેશ્વરનું જન્મ નક્ષત્ર શ્રવણ છે. ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર પદ્માવતી માતા માટે મિત્રતારા છે અને વેંકટેશ્વર સ્વામીના પરમ મિત્ર તારા હોવાથી તેમનું લગ્ન નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની છે. આજે પણ ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર છે. આ દિવ્ય નક્ષત્રના દિવસે શ્રીપાદપ્રભુ ઉપર ચઢાવેલા અક્ષતમાં વૃદ્ધિ થઈ. આ ઉપરથી એક વાત નિશ્ચિત છે કે શ્રીપાદપ્રભુ સાક્ષાત્ પદ્માવતી અને શ્રી વેંકટેશસ્વરૂપ જ છે એ જણાવવા માટે જ તેમણે આ લીલા કરી. આમાંથી થોડા અક્ષત તમારી પાસે રાખો. તે તમને શુભદાયક બનશે. શ્રીપાદપ્રભુની કૃપા તમારા પર હંમેશાં રહેશે.

: શંકર ભટ્ટનું ધનગુપ્ત સાથે દેશ પર્યટન અને વિવિધ ક્ષેત્રોનાં દર્શન :

અમે પ્રવાસનો સંકલ્પ કરી બળદગાડીથી પ્રવાસનો પ્રારંભ કર્યો. તે બળદગાડી એક લગ્નની જાનની હતી. તે જાનની મુખ્ય વ્યક્તિ (વૈશ્ય પ્રમુખ) ઘોડાગાડીમાં પ્રવાસ કરતી હતી. તેઓ "કોંડવિડુ" ગામે જતા હતા. તે વૈશ્ય પ્રમુખનું નામ ધનગુપ્ત હતું. વૈશ્ય પ્રમુખ ધનગુપ્તે કહ્યું:- આજનો ખૂબ જ શુભ દિવસ છે. તમે બળદગાડીમાં પ્રવાસ કરી, શ્રીપાદપ્રભુના મંત્રાક્ષત

લગ્ન ઘરે આપ્યા અને પછી અમને પણ આપ્યા.

ધનગુપ્ત પોતાનો વૃત્તાંત કહેવા લાગ્યા. હું એક વખત વેપારનિમિત્તે પીઠિકાપુરમ્ ગયો હતો. ત્યારે મને શ્રીપાદપ્રભુએ પ્રેમપૂર્વક કહ્યું હતું:- "તારા પુત્રના વિવાહસમયે હું આશીર્વાદાત્મક મંત્રાક્ષત મોકલાવીશ. જેમના દ્વારા મંત્રાક્ષત મોકલાવીશ તેમને તું બે વરાહ (નાણું) દક્ષિણા આપજે. તે પછી અમે "કોંડવિડુ" ગામે આવી પહોંચ્યા. ત્યાં ધનગુપ્તના દીકરાનું લગ્ન ખૂબ જ ઠાઠમાઠથી સંપન્ન થયું. આ સ્થળે અમારી ઓળખાણ એક ઝવેરી સાથે થઈ. ધનગુપ્ત "કોંડવિડુ" ગામે થોડા દિવસ રોકાયા. માત્ર હું વિજયવાટિકા (હાલનું વિજયવાડા) આવ્યો.

વિજયવાડામાં કૃષ્ણા નદી વહે છે. નગરમાં શ્રી કનકદુર્ગા અને મલ્લેશ્વર ભગવાનનું મંદિર છે. કૃષ્ણા નદીમાં મેં (શંકર ભટ્ટે) સ્નાન કર્યું અને દેવદર્શન કર્યાં. દેવીના મંદિરમાં મને એક વૃદ્ધ સંન્યાસી મળ્યા. તેમને ઘણા દિવસોથી પીઠિકાપુરમ્ જઈ શ્રીપાદપ્રભુનાં દર્શન કરવાની તીવ્ર ઉત્કંઠા હતી. વિજયવાટિકાથી નીકળી અમે બંને કેટલાક દિવસો પછી રાજમંડી (રાજમહેન્દ્રી) ક્ષેત્રે આવ્યા. ત્યાં ગોદાવરી નદીમાં સ્નાન કરી શ્રી માર્કંડેશ્વરના અને કોટિલિંગેશ્વરનાં દર્શન કર્યાં. અમારો પ્રવાસ અત્યંત સુખકારક થતો હતો. મેં સહપ્રવાસી સંન્યાસીને કહ્યું:- થોડા જ દિવસોમાં આપણે પીઠિકાપુરમ્ પહોંચીશું. શ્રીપાદપ્રભુનો જન્મ જે ઘરમાં થયો હતો, તે ઘર જોઈશું. શ્રી વેંકટપૈય્યા શ્રેષ્ઠી અને નરસિંહ વર્માની મુલાકાત કરીશું. શ્રીપાદના દાદા શ્રી બાપન્નાચાર્યના આશીર્વાદ લઈશું. શ્રીપાદપ્રભુનાં માતાજી સુમતિ મહારાણી અને પિતા અપ્પલરાજ શર્માને મળીશું. તે પછી આપણે પીઠિકાપુરમ્થી કુરુગડ્ડી જઈ શ્રીપાદપ્રભુનાં દર્શન કરીશું.

સંન્યાસી અત્યંત આનંદિત થયા. માર્ગમાં આવતાં અનેક દેવાલયોનાં દર્શન કરીને થોડા જ દિવસોમાં અમે પીઠિકાપુરમ્ પહોંચ્યા. શ્રી બાપન્નાચાર્યને ઘેર અમારા રહેવાની, જમવાની વ્યવસ્થા રાખવામાં આવી હતી. શ્રીપાદની અનેક બાળલીલાઓ અમે ભક્તોના સ્વમુખે સાંભળી. શ્રીપાદપ્રભુની અસંખ્ય લીલાઓનું વર્ણન કરવા સહસ્રમુખ આદિશેષ પણ અશક્તિમાન છે

તો પછી, મારા જેવા સામાન્ય બ્રાહ્મણની શી વાત?

: શ્રીપાદ ભક્તોનું કુરુગડ્ડી તરફ પ્રયાણ :

શ્રી નરસિંહ વર્માની ધર્મપત્નીએ કુરુગડ્ડી જઈ શ્રીપાદપ્રભુનાં દર્શન કરવાનો સંકલ્પ કર્યો હતો. આ જ સંદર્ભમાં તેમણે શ્રી વેંકટપૈય્યા શ્રેષ્ઠી અને બાપન્નાચાર્ય સાથે ચર્ચા-વિચારણા કરી. બધાંએ એકમતથી કુરુગડ્ડી જવા નિશ્ચય કર્યો. શ્રીપાદનાં માતા-પિતા, સુમતિ મહારાણી અને અપ્પલરાજ શર્મા તેમના પનોતા પુત્રને મળવાની ઉત્સુકતાથી પ્રતીક્ષા કરતાં હતાં. આ સર્વ લોકોએ કુલ અઢાર ઘોડાગાડી નક્કી કરી. તેમાં સામાન સાથે બેસીને એક શુભ દિવસે તેમણે વહેલી સવારે પીઠિકાપુરમ્‌થી પ્રયાણ કર્યું. પીઠિકાપુરમ્‌થી કુરુગડ્ડી જવા અનેક દિવસનો પ્રવાસ થવાનો હતો. સુમતિ મહારાણીને પોતાના લાડલા બેટાને ક્યારે જોઈશ તેમ થતું હતું. દેવસદૃશ પુત્રની બાળપણની અનેક લીલાઓ યાદ આવતાં માતાની આંખો ભીની થઈ. સહપ્રવાસીઓએ તેને સમજાવ્યું કે હવે આપણે જલદી શ્રીપાદપ્રભુને મળવાનાં છીએ. આ પ્રમાણે તેમણે માતાને સાંત્વન આપ્યું. પ્રવાસ હજુ ચાલુ જ હતો.

: માતા-પિતા, દાદા-દાદીને શ્રીપાદપ્રભુનાં દર્શન :

સર્વાંતર્યામી માયા નાટક સૂત્રધાર, ત્રિકાળદર્શી શ્રીપાદપ્રભુને પોતાની બેઠકના સ્થળેથી જ પીઠિકાપુરમ્‌થી આવતા લોકો ઘોડાગાડી સાથે દેખાતા હતા. પ્રાતઃકાલથી શરૂ થયેલી ઘોડાગાડીઓની બપોરના બાર વાગ્યા સુધી મજલ ચાલુ જ હતી. અચાનક એક અદ્‌ભુત ઘટના બની. ગાડી ચલાવનારાઓ સાથે બધાં જ પ્રવાસીઓને મૂર્છા આવી હોય તેમ જણાયું. તે બધાંને ગાડીઓ આકાશ માર્ગે જતી હોય તેવો ભાસ થયો.

થોડા જ સમય પછી અમારી મૂર્છા જતી રહી હોય તેમ લાગ્યું. અમે સ્વસ્થ થયા. અમે કોઈ અજાણ્યા પ્રદેશમાં આવ્યા હોય

તેમ લાગ્યું. ગાડીમાંથી ઉતરીને કયો પ્રદેશ આવ્યો તેની અમે તપાસ કરી. એક વટેમાર્ગુ રસ્તા પરથી જતો હતો. તેને અમે પૂછ્યું:- ભાઈ, આ કયો વિસ્તાર છે? કયું ગામ છે? વટેમાર્ગુએ કહ્યું:- મહારાજ, આ પંચદેવ પહાડ ગામ છે. આજે ગુરુવાર હોવાથી અમે શ્રીપાદપ્રભુનાં દર્શન કરવા ગયા હતા. ત્યાં પ્રભુએ દર્શન કરવા આવેલા પ્રત્યેક ભક્તના ક્ષેમકુશળ પૂછી તેમના આધિવ્યાધિ દૂર કર્યા હતા. દર્શન કરવા આવેલા સર્વ ભક્તો માટે ભોજનની ઉત્તમ વ્યવસ્થા હતી. આટલું કહીને તે વટેમાર્ગુ તેના રસ્તે જતો રહ્યો.

અમે આજે ગુરુવારની સવારે જ પીઠિકાપુરમ્થી કુરુગડ્ડી આવવા નીકળ્યાં હતાં. અત્યારે બપોરના બાર વાગ્યા હતા. આટલા થોડા સમયમાં અમે અહીં કેવી રીતે આવી પહોંચ્યા તેનું અમને આશ્ચર્ય થતું હતું. અમે નાવડી દ્વારા નદી પાર કરી કુરુગડ્ડી ગામમાં પ્રવેશ કર્યો હતો. આ સ્વપ્ન છે કે વસ્તુસ્થિતિ છે તે વિશે અમને ભ્રમ થયો હતો. પરંતુ, આ વસ્તુસ્થિતિ હતી. અમે બધાં જ ભક્તો પ્રભુ દરબારમાં ગયા. સુમતિ માતા શ્રીપાદને મોટા વાત્સલ્યભાવથી ભેટી પડ્યાં. તેના નેત્રોમાંથી આનંદાશ્રુઓનો ધોધ વહેતો હતો, જે શ્રીપાદની પીઠ પર પડતો હતો. શ્રીપાદે કહ્યું:- માતા, તું નિર્ગુણ, નિરાકાર એવા પરમ તત્ત્વ પુત્રની માતા છે. તું અનસૂયા માતા જેવી પતિવ્રતા શિરોમણી છે. આમ કહીને શ્રીપાદે પોતાના હાથથી માતાનાં અશ્રુઓ લૂછ્યાં.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૪૬ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૪૭

પીઠિકાપુરમ્થી પંચદેવ પહાડ ગામ સુધી શ્રીપાદના માતા-પિતા, દાદા-દાદી અને ભક્તોનું વિચિત્ર પ્રયાણ

શ્રીપાદના દરબારમાં સર્વને ભરપેટ ભોજન મળતું. અન્નપાત્રમાંથી કેટલું પણ અન્ન કાઢી લેવામાં આવે છતાં તે અન્ન ખલાસ ક્યારે ય ન થતું. એ એક મોટું આશ્ચર્ય હતું. સર્વ પ્રાણીમાત્રે ભરપૂર પેટપૂજા કર્યા પછી જળચરોને પણ તે પ્રસાદ મળે તે હેતુથી અન્નપાત્રમાં વધેલી રસોઈ કૃષ્ણા નદીના જળમાં પધરાવવામાં આવતી.

શ્રીપાદપ્રભુએ બાપન્નાચાર્યને કહ્યું:- દાદાજી, મેં શ્રીશૈલ પર સાવિત્રી કાઠક યજ્ઞ સંપન્ન કરી સૂર્યમંડલનું તેજ શક્તિપાત દ્વારા આકર્ષિત કર્યું હતું. તેવી જ રીતે ભારદ્વાજ મુનિએ મારે અવતાર લેવો જોઈએ, તે માટે અત્યંત આર્તભાવથી પ્રાર્થના કરી હતી. તેમને આપેલા વચન અનુસાર મેં અવતાર લીધો છે. બ્રહ્મસ્વરૂપનું શબ્દ દ્વારા વર્ણન કરી શકાતું નથી કે મન દ્વારા પણ તેની કલ્પના કરી શકાતી નથી. તે બ્રહ્મસ્વરૂપ કેવળ દત્તાત્રેય પ્રભુ જ જાણી શકે છે. તે માટે આપણે તેમના નામનો જયઘોષ કરીશું.

હું દેશકાળ પર અધિકાર ચલાવી શકું છું. મારી ઈચ્છાનો પર્યાય નથી. મારી જરૂરિયાત પ્રમાણે હું મારા મંતવ્યની તમારા મંતવ્ય સાથે એકવાક્યતા કરી શકું છું. અંતરિક્ષના બધાં જ તારા, ગ્રહો મારા હાથનાં રમકડાં છે. મેં તમારી બધી જ ઈચ્છા આકાંક્ષા પૂર્ણ કરી. દાદાજી, પૂર્વે તમે લાભાદિ મહર્ષિ, નંદ ભાસ્કરાચાર્ય હતા, ત્યારે દરેક સમયે મેં તમારા પર કૃપા કરી. હાલમાં તમે બાપન્નાચાર્ય તરીકે આવ્યા અને હું શ્રીપાદશ્રીવલ્લભસ્વરૂપમાં ભાવવિભોર થઈ આવ્યો છું. તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી.

તે પછી વેંકટપૈય્યા શ્રેષ્ઠીએ કહ્યું:- લાલા (બાળક તરીકે સંબોધન) તને બધું જ સહજ સહેલું લાગે છે. પરંતુ, અમને તે અસાધારણ અને રોમાંચકારી લાગે છે. શ્રીપાદપ્રભુએ જવાબમાં કહ્યું:- દાદાજી, હું પૂર્ણપ્રજ્ઞ હોઈ, પ્રત્યેકના કર્મ ધર્મ પ્રમાણે જેનું-તેને ફળ આપતો હોઉં છું. મારામાંથી નીકળતું એકાદ નાનું કિરણ પણ પૃથ્વી સહન કરી શકતી નથી. થોડી પણ કુંડલિની શક્તિ જાગ્રત કરી તો તમે તેને સહન કરી શકતા નથી. આથી હું મારી જ માયામાં પોતાને સુરક્ષિત રાખું છું. જરૂર પડ્યે હું અસાધારણ કાર્ય કરી શકું છું. એવું કોઈ પણ વરદાન નથી જેમાં મારી માયા નથી. હું કરી ન શકું એવું કોઈ પણ કાર્ય નથી. તમને બધાંને પીઠિકાપુરમ્થી અહીં પંચદેવ પહાડ ગામ સુધી થોડા સમયમાં લાવનાર હું દત્ત ભગવાન જ છું. તમને તેની જાણ થાય તે જ હેતુ હતો.

નરસિંહ વર્માએ કહ્યું:- સર્વનું રક્ષણ કરનાર એકમેવ ક્ષત્રિય તું જ છે. બાકી બધાં નામ માત્રના ક્ષત્રિય છે. શ્રીપાદપ્રભુએ ઉત્તરમાં કહ્યું:- ક્ષત્રિયત્વ એ મારો હંમેશનો સ્વભાવ જ છે. શિવાજી મહારાજ નામે મહારાષ્ટ્રમાં અવતાર ધારણ કરી સનાતન ધર્મનું રક્ષણ કરવું તેવી ઈશ્વરની ઈચ્છા હતી. તે ઈચ્છા અનુસાર શિવાજી રાજાનો અવતાર લઈ મહારાષ્ટ્રમાં હિંદુ રાજ્યનું પ્રતિષ્ઠાપન કરીશ.

શ્રીપાદપ્રભુનું અભયવચન સાંભળી, નરસિંહ વર્માએ "સાર્વભૌમ શ્રીપાદનો જયજયકાર હો" એમ જયઘોષ કર્યો. શ્રીપાદનાં દાદી બોલ્યાં:- અરે બાળક, તારો લગ્ન સમારંભ જોવા અમારા નયનો અધીરાં થયાં છે. તારો લગ્નસમારંભ ખૂબ જ મોટા પાયે ઉજવાય, તારા કપાળ પર લગ્નનું તિલક હોય, માહ્યરા (મરાઠી મુડાવવ) સાથ સર્વે પ્રકારના શ્રૃંગારથી સજાવેલા વરરાજાના રૂપમાં અમારે તને જોવો છે. શ્રીપાદપ્રભુએ "તથાસ્તુ"ના અર્થમાં કહ્યું:- દાદીમા, તમારી ઈચ્છા પ્રમાણે જ થશે. કલ્કિ અવતારમાં શંબલ ગામમાં જન્મ લઈશ. તે સમયે પદ્માવતી નામની અનઘાલક્ષ્મી સાથે વિવાહ કરીશ. પરંતુ તે માટે કેટલોક સમય જોઈએ. તમારી ઈચ્છા માત્ર હું અવશ્ય પૂરી કરીશ. વેંકટસુબમ્માએ શ્રીપાદને કહ્યું:- એ કાનુડા, મારા હાથથી દૂધ, દહીં,

મલાઈ અને માખણ ખાધાને ખૂબ દિવસ થયા. મારા હાથે તને ખવડાવવાની તીવ્ર ઈચ્છા છે.

: માયાનાટકી સૂત્રધાર શ્રીપાદપ્રભુ અને તેમનો લીલાવિનોદ :

શ્રીપાદે કહ્યું:- દાદીમા, તું મને અવશ્ય ખવડાવ. મને હવે પોતાના હાથે ખાવાનો કંટાળો આવ્યો છે. તમે પીઠિકાપુરમ્થી આવતાં દૂધ, દહીં, માખણ લાવવાનાં છો, તેની મને ખબર છે. પરંતુ, આટલે દૂરથી આવતાં તે રસ્તામાં જેમનાં તેમ તાજાં રહે તે માટે એવી લીલા કરી કે બધી વસ્તુઓ જેમની તેમ તાજી જ રહી છે. પરંતુ દાદીમા, તે માટે મેં કેટલાં કષ્ટ ઉઠાવ્યાં? આટલે દૂરથી અઢાર ઘોડાગાડીઓને પંચદેવ પહાડ સુધી ઊંચકીને લાવવું શું સામાન્ય છે? મારું આખું શરીર દુઃખે છે. મારા હાથે જુઓ કેટલા ફોલ્લા પડ્યા છે? દાદીમાએ જોયું તો શ્રીપાદના હાથે ઘણા ફોલ્લાઓ પડ્યા હતા. વેંકટસુબમ્માએ અત્યંત મૃદુ હાથથી શ્રીપાદના હાથે માખણ ચોપડી આપ્યું. શરીરને ગરમ પાણીથી શેક કર્યો. સાચેસાચ માયાનાટકી સૂત્રધાર શ્રીપાદની લીલા ખૂબ જ અગમ્ય હતી.

રાજમામ્બાએ શ્રીપાદને કહ્યું:- હે કાનુડા (બાળક તરીકે સંબોધન) તને ભાવતો હલવો બનાવી ચાંદીના પાત્રમાં લઈ આવી છું. તું નજીક આવ તને હું ખવડાવું. શ્રીપાદની ત્રણે દાદીઓએ તે મધુર હલવો તેમને ખવડાવ્યો. તેમ છતાં, તે વાસણનો હલવો ખલાસ થતો જ ન હતો. શ્રીપાદે આ લીલા ઘણા સમય સુધી ચાલુ રાખી. શ્રીપાદે તે ત્રણે દાદીઓને કહ્યું:- તમને ત્રણેને મારા પ્રતિ અત્યંત પ્રેમભાવ છે. તમે ત્રણેએ ભેગા થઈ મને એકલાને જ હલવો ખવડાવ્યો તો મને કોઈ ત્રાસ તો નહીં થાય ને?

તે પછી શ્રીપાદે તેમના ભાઈ, બહેન અને બનેવીઓને તે હલવો પોતાના હાથથી ખવડાવ્યો. ત્યાં એકઠા થયેલા ભક્તોમાં વેંકય્યા નામનો એક ભાવિક ખેડૂત આવ્યો હતો. તેને પ્રભુએ પોતાના હાથે હલવો ખવડાવ્યો અને દીક્ષા આપી. વધેલો હલવો ગાડીવાનોને તેમજ ઘોડાઓને પણ ખવડાવવામાં આવ્યો. તે ચાંદીનું વાસણ શ્રીપાદે વેંકય્યાને ભેટ તરીકે આપ્યું. અપ્પલરાજ

શર્મા બોલ્યાઃ- બેટા, તું દત્ત ભગવાન છે, તે વાસ્તવિકતા ન જાણવાને લીધે અમારા હાથે કોઈ ભૂલ થઈ હોય તો તે અપરાધ માટે ક્ષમા કરજે.

શ્રીપાદે પિતાને કહ્યુંઃ- તાત, આપ મારા પિતાજી છો. પુત્રે પિતાને ક્ષમા કરવાની હોય? તમારે મને પહેલાંના જેવો જ વાત્સલ્ય અમૃતનો વર્ષાવ પોતાનો પુત્ર સમજીને કરવો તેમજ મારા અભ્યુદય માટે ઈચ્છા કરજો. તે સમયે શ્રી વેંકટાવધાની અને તેમના પત્નીની આંખોમાંથી સતત અશ્રુઓ વહેતાં હતાં. શ્રીપાદપ્રભુએ તેમને કહ્યુંઃ- મામા, આપણાં બંધન શાશ્વત છે. હું ફક્ત તમારો જ જમાઈ નથી. પરંતુ, તમારા વંશમાં જન્મ લીધેલા પ્રત્યેક વ્યક્તિનો જમાઈ છું. હું મારી દિવ્ય લીલાઓથી તમને સુખ પ્રદાન કરીશ. કલ્કી અવતારમાં પદ્માવતી દેવીનો વધૂ સ્વરૂપમાં સ્વીકાર કરી તમારી મનોકામના પૂર્ણ કરીશ. હું સુમતિ મહારાણીનું દુઃખ દૂર કરીશ. તેનો લાડીલો પુત્ર બીજા બધાં પુત્રોની જેમ વરરાજાના રૂપમાં શણગારાયેલો નથી અને એક યતિના રૂપમાં વૈરાગ્ય ધારણ કરેલો જોઈ તે દુઃખી થઈ છે.

શ્રીપાદપ્રભુએ માતા તરફ જોઈ કહ્યુંઃ- હે માતા, તું અને અનસૂયા માતા બંને એક જ સ્વરૂપ છો, તેમ મને લાગે છે. તમારા બંનેની મનોકામના હું કલ્કિ અવતારમાં પૂર્ણ કરીશ. વધુમાં શ્રીપાદે કહ્યુંઃ- માતા, તારા પેટે જન્મ લઈને હું કેટલો મહાન થયો? તારા વાત્સલ્યામૃતને લીધે જ મારું ભરણપોષણ થયું છે. મારી બહેન વાસવીએ કેટલું મહાન કાર્ય કર્યું, તે જોયું? મને ભૂખ લાગતાં જ નાના શિશુમાં રૂપાંતર કરી અનસૂયા માતા પાસે મને દુગ્ધપાન માટે મોકલ્યો.

વેંકય્યાએ પણ ભાવવિભોર થઈ કહ્યુંઃ- હે મહાગુરુ, તમારા ચરણે એક નમ્ર પ્રાર્થના છે. તમે જે અસંખ્ય લીલાઓ આ દરબારમાં કરી તે દરબાર અને તેની આજુબાજુનો વિસ્તાર વિશ્વવિખ્યાત થવો જોઈએ. શ્રીપાદપ્રભુએ કહ્યુંઃ- ભવિષ્યમાં મારો દરબાર પાકી ઈમારતમાં રૂપાંતરિત થશે. તેમાં ગૌશાળા પણ હશે. ત્યાં મારી ઘણી બધી લીલાઓનું દર્શન થશે. આ મારી આંખોએ જોયેલો ભવિષ્યકાળનો અનુભવ છે. ત્યાં એકઠા થયેલા સર્વ ભકતોને ગાઢ નિદ્રા આવી અને થોડી જ ક્ષણોમાં હું, તે સંન્યાસી,

શ્રીપાદપ્રભુ અને તેમનો સંપૂર્ણ દરબાર અદૃશ્ય થયો. તેનું શું થયું હશે તેનું મને કુતૂહલ થયું. આ બધું રાક્ષસી માયાથી દેખાયું હોવાનું મને લાગ્યું. તે વિશે શ્રીપાદપ્રભુએ કહ્યું:- મારી હાજરીમાં કોઈ પણ રાક્ષસી માયા કાર્ય કરી શકતી નથી. મેં તે બધાંને સુરક્ષિત રીતે પીઠિકાપુરમ્ પહોંચાડ્યાં. આ એક મહાન અનુભૂતિ હતી. મને જે ભાવથી ભક્તો ભજે છે તે જ ભાવથી હું તેમનું રક્ષણ કરું છું, આ જ મારું વ્રત છે.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૪૭ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋



દત્તાવતાર ભગવાન શ્રીપાદ શ્રીવલ્લભપ્રભુ, પીઠાપુરમ્

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૪૮

શ્રીપાદપ્રભુનું સ્ત્રી-પુરુષોને સંબોધન

શ્રીપાદપ્રભુ પ્રત્યેક ગુરુવારે પંચદેવ પહાડ ઉપર સત્સંગ કરતા. શ્રીપાદપ્રભુ કૃષ્ણા નદીના પાણી ઉપર ચાલીને નદી પાર કરતા. તેમના ચરણો જ્યાં જ્યાં પડતાં તે તે સ્થળે એક એક કમળ ખીલતું. તે દરેક પદ્મ પર શ્રીપાદનાં પદચિહ્નો અંકિત થતાં. આમ કેવી રીતે થતું તે મનુષ્યની સીમિત બુદ્ધિને ન સમજાતો એક કોયડો જ છે. એટલું જ નહીં, પણ જળ ઉપર ચાલીને જવું તે પણ એક અદ્‌ભુત વિષય હતો. થોડા દિવસો સુધી ભક્તોને શ્રીપાદપ્રભુની આ લીલા માટે આશ્ચર્ય થતું. પરંતુ, થોડો સમય જતાં તે શ્રીપાદપ્રભુની નિત્ય લીલા છે તેમ માનવા લાગ્યા.

શ્રીપાદપ્રભુ કૃષ્ણા નદી પાર કરીને આવ્યા પછી બધા જ ભક્તો તેમનું ભવ્ય સ્વાગત કરતા. સંધ્યાકાળ સુધી સત્સંગ ચાલુ રહેતો. સત્સંગસમાપ્તિ પછી પ્રભુ પુનઃ કૃષ્ણા નદીના જળ પર ચાલીને સામે કિનારે જતા. ત્યારે સર્વ ભક્તો તેમનો ખૂબ જ ભક્તિભાવથી જયજયકાર કરતા. રાત્રે પ્રભુ એકલા જ કુરુગડ્ડીમાં રહેતા. પંચદેવ પહાડ અને કુરુગડ્ડી વચ્ચે કૃષ્ણાનદીનો પ્રવાહ વહે છે. પ્રત્યેક શુક્રવારે તેઓ વિવાહેચ્છુ કન્યાઓને સુહાગણ થવાના આશીર્વાદ આપતા. મહિલા ભક્તોને હળદર (આખી સૂકી હળદર) આપતા.

શ્રીપાદપ્રભુ પોતાનાથી મોટી મહિલાઓને "અમ્મા-સુમતિ" અથવા "અમ્મા અનસૂયા તલ્લી"ના નામથી બોલાવતા. પ્રભુથી નાની ઉંમરની સ્ત્રીઓને "અમ્મા વાસવી" અથવા "અમ્મા રાધા" અથવા "અમ્મા સુરખા" નામથી બોલાવતા.

તેમનાથી મોટી ઉંમરના પુરુષોને તેઓ "અય્યા" અથવા "નાયના" નામથી સંબોધતા. પ્રભુથી નાની ઉંમરના કિશોરોને તેઓ "અરે રબ્બી" અથવા "બંગારુ"ના નામથી બોલાવતા. તેમના દાદાની ઉંમરના વૃદ્ધોને "તાતા" સંબોધનથી બોલાવતા અને વૃદ્ધ સ્ત્રીઓને "અમ્મા"થી સંબોધતા.

: શ્રીપાદનો નિત્ય કાર્યક્રમ અને દરબાર (સત્સંગ) :

ગુરુવારે અને શુક્રવારે થનારો સત્સંગ શ્રીપાદપ્રભુની ઈચ્છા અનુસાર કોક દિ કુરુગડ્ડી અથવા કોક દિ પંચદેવ પહાડ પર થતો. રવિવારે થનાર સત્સંગમાં શ્રીપાદપ્રભુ અત્યંત ગહન વિષય- યોગવિદ્યા વિશે ચર્ચા કરતા. તે પછી દર્શનાર્થે આવેલા ભક્તોને ક્ષેમકુશળ પૂછી તેમની મુશ્કેલીઓ, પ્રશ્નો કુશળતાપૂર્વક ઉકેલતા અને અભયવચન આપતા. સોમવારના સત્સંગમાં પુરાણાંતર્ગત કથાઓ કહેતા. તે પછી ભક્તોની સમસ્યાઓનું નિરાકરણ કરતા. મંગળવારનો સત્સંગ ઉપનિષદોનો બોધ ગ્રહણ કરવા માટે રહેતો. તે પછી ભક્તોની વ્યક્તિગત સમસ્યાઓની ચર્ચા કરી તેના ઉપાય કહેતા.

બુધવારે વેદ અને વેદાંતનો અર્થ વિવરણ સાથે સમજાવવામાં આવતો. ગુરુવારે ગુરુતત્ત્વ વિશે વિવેચન થતું. તે પછી ભક્તોની આધિ વ્યાધિ શ્રીપ્રભુ શાંતિથી સાંભળતા અને તેનું નિરાકરણ કરવા પ્રભુ ઉપાય કહેતા. આ દિવસે (ગુરુવારે) વિશેષ રસોઈ બનાવી આવેલા સર્વ ભક્તોને પેટ ભરીને મિષ્ટાન્ન ભોજન આપવામાં આવતું. આ ભોજન સમારંભની વિશિષ્ટતા એ હતી કે શ્રીપાદપ્રભુ જાતે કોઈ ને કોઈ વાનગી ભક્તોને પીરસતા. કેટલાક ભાગ્યવંતોને પોતાના હાથથી કોળિયો ખવડાવતા. તેમને ત્યાં અન્ન, ધાન્ય અથવા ધનનો કદી પણ અભાવ જણાયો નથી. શુક્રવારના સત્સંગમાં તેઓ શ્રીવિદ્યા વિશે બોધ કરતા. બધા ભક્તોને વિધિપૂર્વક હળદરનો પ્રસાદ આપતા. શનિવારે શિવારાધના વિશે વિવેચન કરતા. શ્રીપાદપ્રભુના સત્સંગનો જેને લાભ થયો તેઓ ખરેખર ધન્ય છે.

શ્રીપાદપ્રભુના ભક્તો પોતાનાં ખેતર, વાડીમાંથી શાકભાજી, જુવાર, ચોખા ઇત્યાદિ ચીજો જાતે ઉત્સાહપૂર્વક લાવતા.

દરરોજ ભક્તોને અન્નદાન આપવામાં આવતું. પરંતુ, ગુરુવારે વિશેષ રસોઈ બનાવવામાં આવતી. તે દિવસે બીજી રસોઈ સાથે એકાદ મિષ્ટાન્ન બનાવવામાં આવતું. તે બધા જ ભક્તોને પ્રસાદ તરીકે વહેંચવામાં આવતું. શ્રીપાદનું હૃદય માખણ જેવું મુલાયમ હતું. તેમનાથી ભક્તોનું દુઃખ જોવાતું નહીં. તેમના સત્સંગમાં આવેલો દુઃખી શ્રોતા જતી વખતે અત્યંત આનંદથી જતો. શ્રી દત્તાત્રેયના દત્તપુરાણ ગ્રંથનું પારાયણ કરનાર ભક્ત પર શ્રીપાદનો ત્વરિત અનુગ્રહ થતો. આ પ્રકારે શ્રીપ્રભુનો પ્રેમ કરોડો માતાના પ્રેમ કરતા અધિક હતો.

રાત્રીના સમયે કુરુગડ્ડીમાં રહેવાની કોઈને પણ પરવાનગી ન હતી. પરંતુ, મારી સાથે આવેલા વૃદ્ધ સંન્યાસીને શ્રીપાદપ્રભુએ રહેવાની સંમતિ આપી. મને (શંકર ભટ્ટને) પણ રાત્રે કુરુગડ્ડીમાં રહેવાની શ્રીપાદપ્રભુએ રજા આપી. બીજા દિવસે પ્રભુએ તે સંન્યાસીને કાશી જવા આદેશ આપ્યો અને અંતકાળ સુધી ત્યાં જ રહેવા કહ્યું.

રસોઈનાં વાસણો માંજવાં, રસોઈ બનાવવી, આવનાર સર્વ ભક્તોની રહેવાની વ્યવસ્થા કરવી, એ મારા ભાગે આવતી કામગીરી હતી. દરબારમાં કોઈ પણ સમયે ભક્ત આવે તો તેને ભોજન મળતું. ભક્તો ઘેરથી જમીને આવ્યા હોય તો પણ તેમને પ્રસાદ તરીકે ભોજન લેવું જ પડતું. જે દિવસે રસોઈ કરી હોય પણ તેનાથી અનેકગણા ભક્તો આવ્યા હોય ત્યારે તે અન્ન પર શ્રીપાદપ્રભુ કમંડલુમાંથી જળ છાંટતા. તેમ કરતાં તે જ અન્નસામગ્રી બધા જ ભક્તોને પૂરતી થઈને પણ વધતી. આ પ્રમાણે શ્રીપાદે અનેક લીલાઓ કરી. રાત્રીના સમયે અનેક દેવતાઓ કુરુગડ્ડીમાં વિમાન દ્વારા અવતા અને શ્રીપાદપ્રભુની સેવા કરતા. સવાર થતાં જ તેઓ શ્રીપાદપ્રભુના આશીર્વાદ લઈ સ્વસ્થાને પાછા જતા રહેતા. કેટલીક વાર હિમાલયથી મહાયોગીઓ કૃષ્ણાનદીના જળ પર ચાલીને કુરુગડ્ડી આવતા. તે યોગીઓને શ્રીપાદપ્રભુ જાતે પીરસતા.

શ્રીપાદનું ભોજન એક મુઠીભર જ હતું. ભોજનમાં મોરિયુ અથવા જુવારનો ભાત હોય અથવા રાગી સંકટી (શાક) હોય. તેમના ભક્તોનું પેટ ભરાય એટલે તેમને પોતાનું પેટ ભરાયું તેવી સંતૃપ્તિ થતી.

રવિદાસ નામનો એક ધોબી હતો. તેને શ્રીપાદના વસ્ત્રો ધોવાનું મહાભાગ્ય પ્રાપ્ત થયું હતું. પરંતુ, શ્રીપાદના દર્શન કર્યા પછી પણ અનિષ્ટકારી પ્રવૃત્તિઓ તેને ત્રાસ આપતી હતી. તેના નિવારણ માટે તેણે શ્રીપાદના શ્રીચરણનો જ આશ્રય લીધો હતો. શ્રીપાદ પ્રભુ કહેતાઃ- પિતૃઓનું વિધિયુક્ત શ્રાદ્ધ કરવાથી શાંતિ મળશે અને મુક્તિ મળશે. અઢારે વર્ણના લોકોને તેમના ધર્મ-કર્મ પ્રમાણે ફળ ભોગવવું પડે છે. તેમાં પક્ષપાતયુક્ત દૃષ્ટિ હોતી નથી. આજે મળેલી સુવર્ણતક હંમેશાં મળશે જ તે કશું કહેવાય નહીં. મારા આગામી અવતારમાં મારે થોડી કઠોરતા ધારણ કરવી પડશે.

કેટલાંય જન્મોના પુણ્યફળથી શ્રીપાદદર્શનનો યોગ આવે છે. આવી રીતે મળેલી તકનો પૂરેપૂરો ફાયદો લેવો જોઈએ. આ તકનો લાભ જે લોકો નથી લેતા તેમને અનેક જન્મો સુધી સદ્‌ગુરુનું દર્શન થવું દુર્લભ છે. આ વિશાળ સંસારમાં જે યુગમાં એક લાખ પચ્ચીસ હજાર મહાસિદ્ધપુરુષોમાં તેમના અંશ માત્રથી રહેનાર ભક્તને તેમનો આશ્રય મળી અનુગ્રહ પ્રાપ્ત થાય છે અને તેમના દ્વારા જ આ સૃષ્ટિને આ ભક્તોનો આધાર હોય છે. શ્રીપાદના કેવળ સંકલ્પથી જ સૃષ્ટિનું નિર્માણ, સ્થિતિ અને લય થાય છે.

ભક્તજન જ્યારે ગુરુને શ્રદ્ધાભાવથી નમસ્કાર કરે છે ત્યારે, નમસ્કાર સ્વીકારનાર ગુરુ તેમના પણ જે ગુરુ હોય તેમને (નમસ્કાર) પહોંચાડે છે. આ પ્રમાણે આપણે કરેલા નમસ્કાર અનેક ગુરુઓ સુધી પહોંચે છે. દેવતાઓને જો આપણા પર ક્રોધ આવ્યો હોય તો તે ક્રોધથી ગુરુ આપણું રક્ષણ કરે છે. પ્રત્યેક શિષ્યને ગુરુના આશીર્વાદ પ્રાપ્ત થાય છે. ગુરુની ઉપાસનાથી ઇહલોક અને પરલોક બંનેની પ્રાપ્તિ થાય છે. શ્રીપાદપ્રભુના બધા જ ભક્તો સાત્ત્વિક વૃત્તિના હતા.

: હૃદયમાં ઈશ્વરનું નામસ્મરણ કરતાં કર્મનું આચરણ :

કુરુગડ્ડીનો વિશેષ મહિમા નિત્યક્ષેત્ર જેવો છે. અહીં સ્થિત દૈવત જાગ્રત સ્વરૂપનું છે. આ ક્ષેત્રમાં અનેક દેવતા, મહર્ષિ,


મહાપુરુષ વેશ બદલીને ગુપ્ત રીતે રહે છે. અહીં તેમનું સ્થાન નક્કી હોય છે. હૃદયમાં ઈશ્વરનું નામ ભરીને સદાચરણયુક્ત રહી, વિહિત કર્મ (શાસ્ત્ર અનુસાર) કરતા રહેવું, તેમ શ્રીપાદપ્રભુ પોતાના ભક્તોને ઉપદેશ આપતા. દરેકે પોતાના ધર્મ અનુસાર આચરણ કરી તે દ્વારા પૂર્વના પાપનો ક્ષય કરી, તે પછી પુણ્યકર્મ કરી તેનો કર્તાપણાનો ભાવ ન રાખીએ તો તે કર્મ શુભ ફળ આપે છે. શ્રીપાદપ્રભુના આ દિવ્ય વચનનું પાલન કરવાથી આપણી જીવનનૌકા આ ભવસાગર પાર કરી સુલભ રીતે સામેના કિનારે જશે.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૪૮ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

❋ ❋ ❋


દત્તાવતાર શ્રીપાદ શ્રીવલ્લભપ્રભુ, પીઠાપુરમ્

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૪૯

શ્રીપાદપ્રભુનું કર્મવિનાશ વિશે વિવેચન
૩૩ (તેત્રીસ) સંખ્યા વિશેષ
કુરુગડ્ડીમાં શ્રીપાદપ્રભુનો કાર્યક્રમ

શ્રીપાદપ્રભુ એક દિવસ શંકર ભટ્ટને કહેઃ- શંકર ભટ્ટ, આપણે અનુષ્ઠાન કરીએ છીએ તે અગ્નિવિદ્યા છે. અગ્નિ-ઉપાસના કરવી તે શ્રોત્રિય લક્ષણ છે. તારી અગ્નિઉપાસના ઓલવાઈ ગયેલી સગડી પર રસોઈ બનાવવા જેવી છે. આથી મેં પ્રભુનો જયજયકાર કરીને કહ્યુંઃ- "મહારાજ, મારા જીવન પછી પણ આ સગડી તેમ જ રહેશે." શ્રીપાદપ્રભુએ કહ્યુંઃ- તારી ઓલવાઈ ગયેલી સગડીમાં પોતાની શક્તિ નથી. મારી યોગશક્તિ વડે તે સગડી પર રસોઈ બનાવી તો તે પ્રસાદરૂપ થઈ ભક્તોનું દૈન્ય, દુઃખ હરણ કરે છે. આ સગડી હજુ નવ વર્ષ સુધી સળગતી (પ્રજ્વલિત) રહેવાની છે. આથી હું ૩૩ વર્ષ ગુપ્ત સ્વરૂપમાં રહ્યો. તે પછી ત્રણ વર્ષ સુધી તે જ સ્વરૂપમાં રહી શ્રદ્ધાળુ ભક્તોને જ દર્શન આપતો હતો ત્યારે હું તેત્રીસ વર્ષનો હતો.

યોગીઓના જીવનના તેત્રીસમા વર્ષમાં અનેક પરિવર્તન થાય છે. રુદ્રોની સંખ્યા તેત્રીસ કોટિ છે. શ્રીપાદપ્રભુએ વધુમાં કહ્યુંઃ- આપણો અગ્નિયજ્ઞ તે પછી પણ ચાલુ જ રહેશે. કર્મને સ્થૂળ રૂપ આપી તેને દગ્ધ કરવાના પ્રતીકરૂપે અગ્નિઆરાધના કરવાની હોય છે. તેનાથી ભક્તોનું કર્મ સ્થૂળરૂપમાં હોય છે. તે પૂર્વે કારણરૂપ દેહ શરીરમાં હોય છે. આથી (૩૩) તેત્રીસ વર્ષ

પસાર થયા પછી આ પ્રકારની અગ્નિપૂજા કરવાની જરૂર હોતી નથી. તે સમયે મારો આશ્રય લેનાર ભક્તોનાં પાપકર્મો સૂક્ષ્મ શરીરમાં અને કારણ શરીરમાં રહીને યોગાગ્નિ વડે દગ્ધ થઈ જાય છે.

મારા ભક્તો આવી જાતે સ્વયંપાક કરી પોતાની ક્ષુધા તૃપ્ત કરશે. આમ ત્રણ વર્ષ સુધી ચાલશે. તે પછી આ પ્રકારે સ્થૂળ રૂપમાં અગ્નિપૂજા કરવાની આવશ્યકતા નથી. પૃથ્વીયજ્ઞનો મેં પ્રારંભ કર્યો છે. તે યશસ્વી રીતે ચાલુ છે. તે જ પ્રમાણે મેં જળયજ્ઞ પણ શરૂ કર્યો છે. તે પણ મોટાપાયે ચાલુ છે. હવે અગ્નિપૂજા અને અગ્નિયજ્ઞની શરૂઆત કરવાની છે. તે યજ્ઞ પણ અપ્રતીમ જ થશે તેમાં કોઈ શંકા નથી. સમસ્ત જીવરાશિઓમાં સ્થિત અગ્નિસ્વરૂપ મારું જ સ્વરૂપ છે. સર્વનું શુદ્ધિકરણ હું જ કરું છું. સર્વનો નાશ પણ હું જ કરું છું. પંચતત્ત્વ સંબંધિત યજ્ઞ વિશે મારા જેટલી કોઈને જ માહિતી નથી.

એક દિવસ એક નવદંપતી શ્રીપાદપ્રભુના દર્શને આવ્યું. તેમને શ્રીપાદપ્રભુએ પંચદેવ પહાડ પર દરબારમાં હાજર રહેવા આજ્ઞા કરી. પ્રભુના આદેશ અનુસાર તે પતિ-પત્ની પંચદેવ પહાડ પરના દરબાર (સત્સંગ)માં ગયા. ત્યાં ગયા પછી બે જ દિવસમાં તે યુવક મૃત્યુ પામ્યો. નવવધૂ તો ખૂબ જ ગભરાઈ ગઈ. તેણે કહ્યું:- પ્રભુ, આપ ભકતોનું રક્ષણ કરો છો અને આપની કૃપા બધાં પર સરખી હોય છે એમ મેં સાંભળ્યું હતું. પરંતુ, આજે તો આ (પતિનું મૃત્યુ) અઘટિત જ બન્યું. નવવધૂ આક્રંદ કરવા લાગી. તેના સગાંવહાલાંને માહિતી મળતાં તેઓ પંચદેવ પહાડ આવ્યા. તે શબનું દહન કરવું કે નહીં તે વિશે ચિંતા ઉત્પન્ન થઈ. દરબારના સેવકોએ કહ્યું કે શ્રીપાદપ્રભુની આજ્ઞા સિવાય મૃતદેહને દરબાર બહાર કાઢી ન શકાય. તેટલામાં શ્રીપાદપ્રભુ ત્યાં આવ્યા.

નવવધૂએ શ્રીપાદપ્રભુને પોતાના દુષ્કર્મની વાત કહી. શ્રીપાદપ્રભુએ કહ્યું:- કર્મનાં ફળ ભોગવવાં અનિવાર્ય હોય છે. નવવધૂએ ખૂબ જ શ્રદ્ધાપૂર્વક કહ્યું:- પ્રભુ, આ વિશ્વમાં આપને માટે અશક્ય એવું કશું નથી. મને સૌભાગ્ય પ્રદાન કરી આ ભયંકર દુઃખમાંથી છોડાવો. નવવધૂને શ્રીપાદપ્રભુના કરુણાયુક્ત સ્વભાવ પર દૃઢ વિશ્વાસ હતો.

: મૃતકને જીવતદાન :

શ્રીપાદપ્રભુએ કહ્યું:- તારો દૃઢ વિશ્વાસ જ ફળદાયી ઠરશે. મારા પર રહેલી તારી શ્રદ્ધા જ તારા પતિને નવજીવન આપશે. કર્મસિદ્ધાંતનો વ્યતિરેક ન થતાં તને એક ઉપાય કહું છું. તું તારા પતિના વજન જેટલાં લાકડાં, તારું મંગળસૂત્ર વેચીને લઈ આવ. તે લાકડાં પર રસોઈ કર. ચૂલા પર જેમ જેમ લાકડાં બળતાં જશે તેમ તારું અમંગળ બળીને દગ્ધ થશે. શ્રીપાદના કહેવા પ્રમાણે તે બધાં લાકડાં બળીને ખાખ થતાં તે યુવક ઊંઘમાંથી ઝબકીને જાગે તે રીતે ઊઠ્યો. હાજર સર્વ લોકને આનંદ થયો. નવવધૂના આનંદનો તો કોઈ પાર જ ન રહ્યો. સર્વ ભક્તોએ અતિ આનંદથી શ્રીપાદપ્રભુનો જયજયકાર કર્યો.

: દરિદ્ર બ્રાહ્મણ પર શ્રીપાદપ્રભુની વિશેષ કૃપા :

એક દિવસ એક અત્યંત ગરીબ બ્રાહ્મણ શ્રીપાદપ્રભુનાં દર્શન કરવા આવ્યો. ગરીબાઈથી અનેક વિટંબણાઓનો સામનો કરવો પડતો હોવાથી જો શ્રીપાદપ્રભુની કૃપા સંપાદન ન થાય તો તેણે આત્મહત્યા કરવાનો નિશ્ચય કર્યો. શ્રીપાદપ્રભુએ તેની ભાવના જાણી. શ્રીપાદપ્રભુએ સગડીમાંથી એક બળતું લાકડું લઈ તે બ્રાહ્મણની પીઠને તેનો સ્પર્શ કર્યો. બળતાં લાકડાંને લીધે તે બ્રાહ્મણની પીઠ દાઝી ગઈ અને તેને ઘણા સમય સુધી વેદના થઈ. શ્રીપાદપ્રભુએ તેને કહ્યું:- અરે બ્રાહ્મણ, તું આત્મહત્યા કરવા તૈયાર થયો હતો. મેં જો તારી ઉપેક્ષા કરી હોત તો તેં સાચેસાચ આત્મહત્યા કરી હોત. આત્મહત્યા સંબંધિત સર્વ પાપકર્મોનાં સ્પંદનો આ બળતાં લાકડાના સ્પર્શથી નષ્ટ થયાં છે. હવે તને ગરીબાઈથી મુક્તિ મળશે. આમ કહીને શ્રીપાદપ્રભુએ ઓલવાઈ ગયેલું લાકડું વસ્ત્રમાં બાંધીને બ્રાહ્મણને આપ્યું અને કાળજીપૂર્વક ઘેર જવા આજ્ઞા કરી. પ્રભુની આજ્ઞા અનુસાર તે બ્રાહ્મણ કપડામાં વીંટાળી લાકડાંને ઘેર લઈ ગયો. ઘેર જઈને તેણે કપડાનું પોટલું ગાંઠ ખોલીને જોયું તો લાકડાંનું સોનુ થઈ ગયેલું જણાયું. તેનું દારિદ્ર્ય કાયમનું દૂર થઈ ગયું. આ પ્રકારે ગરીબ બ્રાહ્મણ પર શ્રીપાદપ્રભુની વિશેષ કૃપા ઉતરી હતી.

શ્રીપાદપ્રભુએ અનેક ભક્તોનાં પાપ અગ્નિ યજ્ઞથી દગ્ધ કર્યાં હતા. કેટલીક વાર તેઓ ભક્તોને રીંગણા, ભીંડા, કોળું એવી શાકભાજી લાવવા કહેતા. તે શાકભાજીના રૂપે ભક્તોનાં પાપકર્મોનાં સ્પંદનો આકર્ષી લેતા. તે શાકભાજી રસોઈમાં ઉપયોગમાં લઈ ભક્તોને પીરસવામાં આવતી. આથી શાક લાવનાર ભક્તો કર્મબંધનમાંથી મુક્ત થતા.

એક દિવસ એક ઉપવર કન્યા શ્રીપાદપ્રભુનાં દર્શન કરવા આવી. તેનો વિવાહ ક્યાંય થતો ન હતો. તેને મંગળદોષ હતો. શ્રીપાદપ્રભુએ તેને કંદ લાવવા કહ્યું. આ કંદનું શાક તે કન્યા સાથે સર્વ કુટુંબીજનો એક સાથે ખાવ તેમ શ્રીપાદપ્રભુએ આજ્ઞા કરી. આ પ્રમાણે કરતાં તેના કર્મબંધનનો નાશ થઈ તેનો એક યોગ્ય વર સાથે વિવાહ થયો. શ્રીપાદપ્રભુ કેટલાક ભક્તોને રસોઈ માટે ગાયનું ઘી લાવી આપવા કહેતા. કેટલાકને ગાયના ઘીનો દીવો ભગવાન સામે કરવા કહેતા.

ઘરમાં અત્યંત વિકટ પરિસ્થિતિ હોય અથવા કન્યાના વિવાહ માટે અનેક વિઘ્નો આવતાં હોય તો શ્રીપાદપ્રભુ તેમને દર શુક્રવારે રાહુ કાળના સમયે (સવારના ૧૦:૩૦ થી ૧૨:૦૦) અંબિકાની પૂજા કરવા કહેતા. શ્રીપાદપ્રભુનો ભક્ત એક વખત ખૂબ બીમાર પડ્યો. તેમના કુટુંબીજનોને પ્રભુએ દિવેલનો દીવો તેની ઓરડીમાં પ્રજવલિત કરી, તેને સતત બળતો રાખવા જણાવ્યું. તે દીવો કોઈ પણ પરિસ્થિતિમાં બૂઝાઈ જવો ન જોઈએ, તેમ પ્રભુએ ખાસ સૂચના આપી.

એક ભક્તની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ વિકટ હતી. શ્રીપાદપ્રભુએ તેને ગાયના ઘીનો દીવો સતત આઠ દિવસ સુધી ચાલુ રાખવા કહ્યું. આમ કરવાથી તેના ઘરમાં લક્ષ્મીની કૃપા પ્રાપ્ત થઈ. આ રીતે શ્રીપાદપ્રભુએ નવી નવી કેટલીય પદ્ધતિઓ દ્વારા ભક્તોને પાપકર્મોથી મુક્તિ અપાવી. આ સર્વ પદ્ધતિઓ સામાન્ય માણસથી સમજાય તેવી નથી.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૪૯ સમાપ્ત ॥

❋ ❋ ❋

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૫૦

ગુરુનિંદા કરવાથી દારિદ્ર્યની પ્રાપ્તિ

એક વૃદ્ધ બ્રાહ્મણ પેટપીડાથી ત્રાસીને શ્રીપાદ પ્રભુના દર્શન કરવા આવ્યો. તેને થતી વેદનાઓ એટલી બધી અસહ્ય હતી કે એના કરતાં આત્મહત્યા કરવી સારી એમ તેને લાગતું.

: નામસ્મરણનો મહિમા :

બ્રાહ્મણે શ્રીપાદનાં દર્શન કરી અત્યંત કરુણાયુક્ત વાણીમાં પોતાની વ્યથા દૂર કરવા પ્રાર્થના કરી. શ્રીપાદપ્રભુએ તેને કહ્યું:- હે વિપ્ર, પૂર્વજન્મમાં તેં અનેક લોકોને પોતાની વાણીથી હાનિ પહોંચાડી છે. અનેક લોકોને મર્મભેદી કઠોર વાણીથી તેં ઘાયલ કર્યા હતા. તે કર્મના ફળસ્વરૂપે તને આ જન્મે પેટપીડાનો રોગ લાગુ પડ્યો છે. મનુષ્યને વાક્‌દોષથી મુક્ત થવા કલિયુગમાં એક માત્ર ઉપાય નામસ્મરણ છે. ઈશ્વરના નામસ્મરણથી વાયુમંડળ શુદ્ધ થાય છે. કુરુગડ્ડીમાં હું નામસ્મરણ મહાયજ્ઞથી શરૂઆત કરવાનો છું. તે નામ સાથે "શ્રી"કાર પણ જોડવાનો છું. તેને લીધે ચિરસ્થાયીપણે પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી એવી ચારેય પ્રકારની વાણી નિયંત્રણમાં રહેશે.

જે ભક્તો "દિગંબરા, દિગંબરા, શ્રીપાદવલ્લભ દિગંબરા" અને "શ્રીદત્તા દિગંબરા" એવું મનઃપૂર્વક નામસ્મરણ કરશે તેમને હું અત્યંત સુલભપણે પ્રાપ્ત થઈ તેમની મનોકામના પૂર્ણ કરીશ. તે વ્યાધિગ્રસ્ત બ્રાહ્મણને શ્રીપાદપ્રભુએ કુરુગડ્ડીમાં ત્રણ

દિવસ અને ત્રણ રાત્રી "દિગંબરા દિગંબરા, શ્રીપાદવલ્લભ દિગંબરા" એવો જપ કરવા કહ્યું. શ્રીપાદપ્રભુની આજ્ઞા અનુસાર બ્રાહ્મણે ત્રણ દિવસ અને ત્રણ રાત્રી અત્યંત શ્રદ્ધાથી "દિગંબરા દિગંબરા, શ્રીપાદવલ્લભ દિગંબરા"નો જપ કર્યો. આથી, બ્રાહ્મણની પેટપીડા કાયમની દૂર થઈ.

શ્રીપાદે કહ્યું:- વાયુમંડળમાં અત્યારે પૂર્વેનું વાફ્જળ ભરેલું છે. આપણે ઉચ્ચારેલું પ્રત્યેક વાક્ય પ્રકૃતિના સત્ત્વ, રજ અથવા તમ આ ત્રણે ગુણથી અથવા એક ગુણથી અથવા બે ગુણથી યુક્ત હોય છે. આ ત્રિગુણાત્મક સૃષ્ટિની પંચમહાભૂતો પર ખરાબ અસર થાય છે. આ પંચભૂતો દૂષિત થાય એટલે સર્વ અંતરીક્ષ દૂષિત થાય છે. તેનાથી મનુષ્ય દ્વારા પાપકર્મ થાય છે અને તેનાથી જ મનુષ્ય દરિદ્ર થાય છે. દારિદ્ર્યને લીધે તે ફરી પાપકર્મ આચરે છે અને તે પાપને લીધે મન દૂષિત થવાથી તેના દ્વારા દાન, ધર્મ, લોકસેવા જેવાં સત્કર્મો ન થવાથી ફરી તેને દારિદ્ર્ય ભોગવવું પડે છે. આ દુર્દૈવ આ રીતે ચાલુ જ રહે છે.

: ત્રિકરણ શુદ્ધિની આવશ્યકતા :

મનુષ્યને દરિદ્રતાથી મુક્ત થવા અથવા પાપકર્મથી વિમુક્તિ મેળવવા તેનાં કાયા, વાચા અને મન શુદ્ધ હોવાં જરૂરી છે. એને જ ત્રિકરણ શુદ્ધિ એમ કહે છે. આપણા મનમાં જે હોય તે જ વાણી દ્વારા બહાર પડવું જોઈએ. મનમાં દુષ્ટ ભાવ અને વાણી દ્વારા મધુર બોલવું આવું બેધારું વર્તન ન હોવું જોઈએ. વાણી પ્રમાણે જ આપણું આચરણ પણ શુદ્ધ, પવિત્ર હોવું જોઈએ. ત્રિકરણ શુદ્ધિ પામેલો માનવ મહાન થાય છે. મનમાં એક હોવું, વાણી દ્વારા બીજું ઉચ્ચારણ કરવું અને આચરણ ત્રીજા પ્રકારનું કરવું તેવા મનુષ્યને દુષ્ટાત્મા કહે છે. આ કળિયુગમાં જીવનસાગર તરી જવા ઈશ્વરે અનેક માર્ગો કહ્યા છે. તેમાં નામસ્મરણ અત્યંત સુલભ સાધન છે. નામસ્મરણ કરનાર સાધકની વાણી મધુર હોય છે. નામસ્મરણ ન કરનારનું મન પણ અશુદ્ધ હોય છે. નામસ્મરણના પ્રતાપે પવિત્ર કર્મ કરવાની પ્રેરણા મળે છે.

: કર્મ વિમોચન :

એક ક્ષયરોગથી ગ્રસ્ત ગૃહસ્થ કુરવપુર આવ્યો. તેને મધુમેહનો રોગ લાગુ પડ્યો હતો અને તે સાથે અનેક રોગો હતા. તેને જોઈને શ્રીપાદપ્રભુને ખૂબ જ ક્રોધ આવ્યો. તે પૂર્વજન્મમાં ચોરીનો વ્યવસાય કરતો હતો. તેણે અનેક નિરપરાધી લોકોની સંપત્તિ ચોરીને તેમને નિર્ધન કર્યા હતા. એક ઉપવર કન્યાના વિવાહ માટે તેના પિતાએ સંપત્તિ એકઠી કરી રાખી હતી. તે સંપત્તિને આ ચોરે ચોરી લીધી હતી. તેથી કન્યાનો વિવાહ યોગ્ય સ્થળે થઈ ન શક્યો. વરદક્ષિણાનો પ્રશ્ન હતો. છેવટે એક વૃદ્ધ વરદક્ષિણા સિવાય વિવાહ માટે તૈયાર થયો. આવા વિવાહ પ્રસ્તાવથી તે ઉપવર કન્યાએ આત્મહત્યા કરી. પૂર્વજન્મમાં આવા દુષ્ટ કર્મો કરેલો તે મનુષ્ય આ જન્મે ક્ષયરોગથી પીડિત થઈ, શ્રીપાદપ્રભુ પાસે આવ્યો. તેણે શ્રીપાદપ્રભુને અત્યંત કરુણાભર્યા વચનથી આ દુર્ઘટ વ્યાધિમાંથી છોડાવવા વિનંતી કરી.

દયાળુ શ્રીપાદપ્રભુએ તેને પંચપહાડ સ્થિત ગૌશાળામાં નિદ્રા કરવા કહ્યું. ત્યાં મચ્છરોનો ખૂબ જ ઉપદ્રવ હતો. તરસ લાગે તો પીવા પાણીની કોઈ વ્યવસ્થા ન હતી. રાત્રે તેને એક સ્વપ્ન પડ્યું. તે સ્વપ્નમાં એક રાક્ષસ તેનું ગળું દબાવી મારી નાખતો હોય તેમ જણાયું. તે ગભરાઈ ગયો અને આમતેમ જોઈને ખાતરી કરી તો તે સ્વપ્ન હોવાનું તેને જણાયું. તે ફરી નિદ્રાધીન થયો. તેને ફરી એક સ્વપ્ન પડ્યું. એક મોટો પથ્થર તેની છાતી પર મૂકીને તેના પર એક મોટો મલ્લ બેઠેલો જણાયો. આ બંને સ્વપ્નને લીધે તેના કર્મફળનો નિકાલ થઈ તે ક્ષયરોગથી અને બીજી વ્યાધિઓથી મુક્ત થયો. આમ અનેક વર્ષોથી ક્ષયરોગથી ગ્રસ્ત એવા રોગીને શ્રીપાદપ્રભુએ સ્વપ્નમાં શિક્ષા આપી કર્મવિમુક્ત કર્યો.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૫૦ સમાપ્ત ॥

❋ ❋ ❋


કલિયુગના પ્રથમ દત્તાવતાર ભગવાન શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ.

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૫૧

જલોદરથી રક્ષણ- ગ્રંથપારાયણમહિમા

હું કુરવપુરમાં હતો ત્યારે આસો મહિનાની વદ બારસનો દિવસ આવ્યો. તે દિવસે હસ્ત નક્ષત્ર હતું. કૃષ્ણા નદીમાં સ્નાન કરી શ્રીપાદપ્રભુ થોડો સમય ધ્યાનસ્થ બેઠા. ધ્યાનમાંથી નિવૃત્ત થઈ તેમણે મને હજુ એક વાર સ્નાન કરવાનું કહ્યું. તેમની આજ્ઞા અનુસાર હું ફરી એક વાર કૃષ્ણા નદીમાં ડૂબકી મારી આવ્યો. ત્યારે શ્રીપાદપ્રભુએ કહ્યું:- હે શંકર ભટ્ટ, હવે મારે ગુપ્ત થવાનો સમય આવી ગયો છે. હું કૃષ્ણા નદીમાં અંતર્ધાન થઈ કુરવપુરમાં ગુપ્ત રીતે સંચાર કરીશ. તે પછી નૃસિંહસરસ્વતી નામથી સંન્યાસીરૂપે ધર્મના ઉદ્ધાર માટે ફરી અવતાર લઈશ.

તેં લખેલો "શ્રીપાદશ્રીવલ્લભ ચરિત્રામૃત" મહાપવિત્ર ગ્રંથ ભક્તોને માટે કલ્પતરુની જેમ લાભપ્રદ થશે. તે અક્ષર સત્ય ગ્રંથ હશે. "દિગંબરા દિગંબરા, શ્રીપાદવલ્લભ દિગંબરા" મારા આ નામનો જયઘોષ સર્વત્ર થશે. આ ગ્રંથના પારાયણથી સંસાર સુખરૂપ થશે. ઇહલોક અને પરલોકમાં સુખ પ્રાપ્ત થશે. આ ગ્રંથનો પ્રત્યેક શબ્દ એ વેદવાક્ય સમાન માનવામાં આવશે. તેં લખેલો સંસ્કૃત ગ્રંથ મારા મહાસંસ્થાનના ઔદુંબર વૃક્ષ નીચે શબ્દસ્વરૂપમાં કાયમ રહેશે. ત્યાંથી નીકળતા દિવ્ય શબ્દો દર્શનાર્થે આવનાર ભક્તોને સાંભળવા મળશે.

જેમને મારા દર્શનની હૃદયપૂર્વકની અત્યંત ઉત્કંઠા હશે તેમને મારાં દર્શન અવશ્ય થશે. હું મારા ભક્તોના રક્ષણ માટે હંમેશાં તૈયાર હોઉં છું. તારા સંસ્કૃત ગ્રંથનો તેલુગુ ભાષામાં અનુવાદ કરવામાં આવશે. જે બાપન્નાચાર્યની તેત્રીસ પેઢીના વંશજ દ્વારા પ્રગટ થશે. આ પવિત્ર ગ્રંથનું કોઈ પણ ભાષામાં પારાયણ કરતાં દિવ્ય અનુભવો થશે અને પારાયણ કરનાર ભક્તનું સર્વગ્રાહી

શુભ મંગળ થઈ સર્વ વ્યાધિથી તેનું રક્ષણ થશે.

: ભક્તોને શ્રીપાદપ્રભુનું અભયવચન :

શ્રીપાદપ્રભુએ શંકર ભટ્ટને કહ્યું:- તેં મારી ખૂબ જ સેવા કરી. તેં મને પિતા જેવું સન્માન આપી સેવાવ્રતના નિયમોનું ચુસ્ત રીતે પાલન કરી મારી મનોભાવે સેવા કરી છે. હું મારી કાષ્ઠ પાદુકાઓ તને ભેટ આપું છું. "હું નથી" તેમ માની દુઃખી થઈશ નહીં. તું ત્રણ વર્ષ અહીં જ નિવાસ કર. આ ત્રણ વર્ષમાં હું તને તેજોવલયના રૂપમાં દર્શન આપતો રહીશ. તે જ પ્રમાણે અનેક યોગરહસ્યનું જ્ઞાન આપીશ.

: શ્રીપાદપ્રભુ અંતર્ધાન પામ્યા :

હે શંકર ભટ્ટ, ત્રણ વર્ષ પછી આવનાર અશ્વિન કૃષ્ણ બારસના દિવસે તેં રચેલો "શ્રીપાદશ્રીવલ્લભ ચરિત્રામૃત" ગ્રંથ મારી પાદુકાઓ નજીક મૂકજે.

તે દિવસે દર્શનાર્થે આવનાર સર્વ ભક્તો ધન્ય થશે. સર્વને મારા મંગળમય આશીર્વાદ.

શ્રીપાદશ્રીવલ્લભપ્રભુ આ પ્રમાણે ભક્તોને સંદેશ આપી કૃષ્ણા નદીમાં અંતર્ધાન થયા. તેમની કાષ્ઠ પાદુકાઓને મેં હૈયાસરસી ચાંપીને માતાથી વિખૂટા પડેલા બાળકની જેમ રુદન કરવા લાગ્યો. શ્રીપાદપ્રભુ કૃષ્ણા જળમાં દેખાય છે કે કેમ તે માટે મેં ફરી એક વાર નદીમાં સ્નાન કર્યું અને બહાર આવી ધ્યાનસ્થ થયો. ત્યારે શ્રીપાદપ્રભુએ મારી અંતર્દૃષ્ટિ તેજોમય રૂપમાં દર્શન આપ્યાં.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૫૧ સમાપ્ત ॥

❋ ❋ ❋

॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૫૨

શંકર ભટ્ટના યોગાનુભવનું નિરૂપણ
શ્રીપાદપ્રભુના દિવ્ય દર્શન

હું સતત ત્રણ વર્ષ સુધી દરરોજ મધ્યરાત્રીના સમયે શ્રીપાદપ્રભુનું દિવ્ય તેજોમય દર્શન કરતો. મેં મારી યોગ-અનુભૂતિઓ પુસ્તકરૂપે લખી. તે પુસ્તક હિમાલયના એક યોગી આવીને લઈ ગયા. એ શ્રીપાદપ્રભુની જ ઈચ્છા હશે તેમ હું માનું છું. તેમની આજ્ઞાથી જ આ સર્વ થયું તેમાં લેશમાત્ર સંદેહ નથી.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૫૨ સમાપ્ત ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

દત્તાવતાર શ્રીપાદ શ્રીવલ્લભપ્રભુ, પીઠાપુરમ્



॥ શ્રીપાદરાજં શરણં પ્રપદ્યે ॥

અધ્યાય-૫૩


શ્રીપાદ શ્રીવલ્લભ ચરિત્રામૃત ગ્રંથનું પીઠિકાપુર આગમન ગ્રંથની વિશિષ્ટતા

મેં (શંકર ભટ્ટે) લખેલો શ્રીપાદશ્રીવલ્લભચરિત્રામૃત ગ્રંથ થોડા દિવસ શ્રીપાદપ્રભુના મામાને ઘેર હતો. તે પછી તે સંસ્કૃત ગ્રંથનો તેલુગુ ભાષામાં અનુવાદ કરવામાં આવ્યો. તેલુગુ ભાષામાં ભાષાંતર થયા પછી મૂળ સંસ્કૃત ગ્રંથ અદૃશ્ય થયો. ગંધર્વોએ તે ગ્રંથ શ્રીપાદપ્રભુના જન્મસ્થળે લઈ જઈ ભૂમિમાં ખૂબ ઊંડે સ્થાપિત કર્યો. તેનું સિદ્ધ યોગ દ્વારા પઠન થાય છે. મેં રચેલું ચરિત્રામૃત શ્રીપાદપ્રભુની દિવ્ય પાદુકાઓ પાસે રાખી તેમને વાંચી સંભળાવ્યું. ચરિત્રામૃત સાંભળવા આવેલા પાંચ ભક્તો તે સાંભળી ધન્ય થયા. હું પંડિત વિદ્વાન નથી. આથી કયો ગ્રંથ વાંચતાં શું ફળ મળશે તે કહી શકતો નથી.

શ્રી બાપન્નાચાર્યની તેત્રીસમી પેઢીના સમય દરમ્યાન આ ગ્રંથની તેલુગુ ભાષાની નકલ (પ્રત) પ્રગટ થશે. જે ભાગ્યવાન ભક્ત આ ગ્રંથને પ્રગટ કરશે તેણે શ્રીપાદપ્રભુના જન્મસ્થળે જઈ ત્યાંના મહાસંસ્થાનના પવિત્ર વાતાવરણમાં પારાયણ કરી એ ગ્રંથ શ્રીપાદ પ્રભુના ચરણે અર્પણ કરવો. આ ગ્રંથનું પારાયણ ચાલુ હશે ત્યારે પારાયણકર્તા ભાગ્યવાન ભક્તને ગાણગાપુર ક્ષેત્રથી મોકલાવેલો પ્રસાદ મળશે. તે પ્રસાદ લાવી આપનાર વ્યક્તિ બાપન્નાચાર્યની તેત્રીસમી પેઢીની હશે. આ તેજોમય સ્વરૂપમાં દર્શન આપનાર શ્રીપાદપ્રભુનું દિવ્ય વચન છે.

॥ શ્રીપાદશ્રીવલ્લભપ્રભુનો જયજયકાર હજો ॥

॥ અધ્યાય ૫૩ સમાપ્ત ॥


દત્તાવતાર શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ • પીઠાપુરમ્ • કુરવપુર
દિગંબરા દિગંબરા શ્રીપાદવલ્લભ દિગંબરા
આરતી હે તવ ચરણી રાહો, નતિ નતિ ગુરુવરા. ...દિગંબરા.
દિગ્ભિરવેષ્ટિતમંબરમેવ પ્રત્યક્ બ્રહ્મેતિ,
ખં બ્રહ્મેતિ શ્રુતિરપિ વદતિ દિગંબરાચેતિ. ...૧.
દિગવત્ ચામ્બરમેવ વ્યાપક પૂર્ણ બ્રહ્મેતિ,
સત્-ચિત્-સુખઘન માયાતીત દિગંબરા વદતિ. ...૨.
શ્રીપાદવલ્લભ નામ પ્રાપહિ નક્રગજેન્દ્રમિવ,
ક્રૌ પધંબરીષ ચોરગ્રસિતદ્વિજમેવ. .....૩.
દિગંબરા ગુરુ વાસુદેવ દત્તસ્ત્વં બ્રહ્મ,
કામક્રોધગ્રસિતં માં લભ, તથૈવ ઝટિતી વહ. ...૪.



શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુંચી આરતી (મરાઠી)

જય જય સ્વામી શ્રીપાદ શ્રીવલ્લભ ગુરુરાયા ।
ભાવેં આરતિ ઓવાળીતો વંદુનિ તવ પાયા ॥ ધ્રુવ ॥

આંધ્રપ્રાંતી પીઠાપૂરીં મંગલમય સદનીં ।
ધન્ય જનક શ્રી આપળરાજા ધન્ય સુમતિ જનની ॥

તપોબલાને અવતરલાસી જગદોદ્ધારાયા ।
જય જય સ્વામી શ્રીપાદ શ્રીવલ્લભ ગુરુરાયા ॥ ૧ ॥


રંકાંના તું રાય બનવિલે પરમકૃપા કરુની ।
મૂઢાના સન્માર્ગ દાવિલા પ્રેમભાવ ઘરુની ॥

દુષ્ટદુર્જના પ્રેરિત કેલે શુદ્ધ આચરાયા ।
જય જય સ્વામી શ્રીપાદ શ્રીવલ્લભ ગુરુરાયા ॥ ૨ ॥

જિથે વાહતે અધ્યાત્માચી અખંડ ગંગોત્રી ।
રાહિલાસ ત્યા કૃષ્ણા તીરીં કુરવપુર ક્ષેત્રી ॥

આત્મ સ્વરૂપેં નિજ ભક્તાંચે દુઃખ નિવારાયા ।
જય જય સ્વામી શ્રીપાદ શ્રીવલ્લભ ગુરુરાયા ॥ ૩ ॥

પરમહંસ પરિવ્રાજકાચાર્ય સમર્થ સદ્‌ગુરુ શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામીમહારાજ, માણગાંવ




ક્ષમાપન સ્તોત્ર

રસજ્ઞાવશાત્ તારકં સ્વાદુ લભ્યં ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત ।
ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં પ્રભો ક્લિન્નચિત્ત ।।

વિયોન્યંતરે દૈવદાઢર્ચાદ્ વિભો પ્રાગ્ ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત.....ક્ષમસ્વાપરાધં
મયા માતૃગર્ભ-સ્થિતિપ્રાપ્તકષ્ટાદ્ ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત.....ક્ષમસ્વાપરાધં
મયા જાતમાત્રેણ સંમોહિતેન ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત.....ક્ષમસ્વાપરાધં
મયા ક્રીડનાસક્તચિત્તેન બાલ્યે ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત.....ક્ષમસ્વાપરાધં
મયા યૌવનેડજ્ઞાનતો ભોગતોષાદ્ ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત.....ક્ષમસ્વાપરાધં
મયા સ્થાવિરે નિઘ્નસર્વેન્દ્રિયેણ ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત.....ક્ષમસ્વાપરાધં
હૃષીકેશ મે વાઙ્મનઃકાયજાતં હરે જ્ઞાનતોડજ્ઞાનતો વિશ્વસાક્ષિન્.....ક્ષમસ્વાપરાધં
સ્મૃતો ધ્યાત આવાહિતોડસ્યર્ચિતો વા
ન ગીતઃ સ્તુતો વંદિતો વા ન જપ્તઃ.....ક્ષમસ્વાપરાધં
દયાબ્ધિર્ભવાદૃઙ ન સાગાશ્ચ માદગ્ ભવત્યાપ્તમંતોર્ભવાન્મે શરણ્યઃ ।
યથાલંબનં ભૂર્હિ ભૂનિઃસૃતાંઘ્રેરિતિ પ્રાર્થિતં દત્તશિષ્યેણ સારમ્ ।।

અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

પૂજય શ્રીરંગ અવધૂત ગુરુમહારાના આશીર્વાદ



વૈરાણિ પ્રશમં યાન્તુ સૌહાર્દં વર્ધતાં મિથઃ ।
કલહા વિલયં યાન્તુ ભાવયન્તુ જના મિથઃ ॥
ૐ શાન્તિ : ! શાન્તિ : !! શાન્તિ : !!!

જગત્સુહૃદ્રંગ અવધૂત

દત્તબાવની

જય યોગીશ્વર દત્ત દયાળ! તું જ એક જગમાં પ્રતિપાળ;
અત્ર્યનસૂયા કરી નિમિત્ત, પ્રગટ્યો જગકારણ નિશ્ચિત.
બ્રહ્માહરિહરનો અવતાર, શરણાગતનો તારણહાર;
અંતર્યામી સત્ ચિત્ સુખ, બહાર સદ્‌ગુરુ દ્વિભુજ સુમુખ.
ઝોળી અન્નપૂર્ણા કરમાંહ્ય, શાંતિ કમંડલ કર સોહાય.
ક્યાંય ચતુર્ભુજ ષડ્‌ભુજ સાર, અનંતબાહુ તું નિર્ધાર. ૬.
આવ્યો શરણે બાળ અજાણ; ઊઠ દિગંબર ચાલ્યા પ્રાણ!
સૂણી અર્જુનકેરો સાદ, રીઝ્યો પૂર્વે તું સાક્ષાત્;
દીધી ઋદ્ધિ સિદ્ધિ અપાર, અંતે મુક્તિ મહાપદ સાર,
કીધો આજે કેમ વિલંબ? તુજ વિણ મુજને ના આલંબ!! ૧૦.
વિષ્ણુશર્મ દ્વિજ તાર્યો એમ, જમ્યો શ્રાદ્ધમાં દેખી પ્રેમ.
જંભદૈત્યથી ત્રાસ્યા દેવ, કીધી મ્હેર તેં ત્યાં તતખેવ;
વિસ્તારી માયા; દિતિસુત ઇંદ્રકરે હણાવ્યો તૂર્ત.
એવી લીલા કંઇ કંઇ શર્વ, કીધી વર્ણવે કો તે સર્વ? ૧૪.
દોડ્યો આયુ સુતને કામ, કીધો એને તેં નિષ્કામ;
બોધ્યા યદુ ને પરશુરામ સાધ્યદેવ પ્રહ્લાદ અકામ.
એવી તારી કૃપા અગાધ! કેમ સૂણે ના મારો સાદ?
દોડ, અંત ના દેખ અનંત! મા કર અધવચ શિશુનો અંત!! ૧૮.
જોઇ દ્વિજસ્ત્રીકેરો સ્નેહ, થયો પુત્ર તું નિઃસંદેહ.
સ્મર્તૃગામી કલિતાર કૃપાળ! તાર્યો ધોબી છેક ગમાર.
પેટપીડથી તાર્યો વિપ્ર, બ્રાહ્મણશેઠ ઉગાર્યો ક્ષિપ્ર.
કરે કેમ ના મારી વ્હાર? જો આણીગમ એક જ વાર!! ૨૨.
શુષ્ક કાષ્ઠને આણ્યાં પત્ર! થયો કેમ ઉદાસીન અત્ર?
જર્જર વંધ્યાકેરાં સ્વપ્ન, કર્યાં સફળ તેં સુતનાં કૃત્સ્ન.
કરી દૂર બ્રાહ્મણનો કોઢ, કીધા પૂરણ એના કોડ;
વંધ્યા ભેંસ દૂઝવી દેવ, હર્યું દારિદ્ર્ય તેં તતખેવ.
ઝાલર ખાઇ રીઝ્યો એમ, દીધો સુવર્ણઘટ સપ્રેમ,
બ્રાહ્મણસ્ત્રીનો મૃત ભરથાર, કીધો સજીવન તેં નિર્ધાર!
પિશાચ-પીડા કીધી દૂર, વિપ્રપુત્ર ઊઠાડ્યો શૂર,
હરી વિપ્રમદ અંત્યજહાથ, રક્ષ્યો ભક્ત ત્રિવિક્રમ તાત!! ૩૦.
નિમેષમાત્રે તંતુક એક, પહોંચાડ્યો શ્રીશૈલે દેખ!
એકીસાથે આઠ સ્વરૂપ, ધરી દેવ બહુરૂપ અરૂપ,
સંતોષ્યા નિજ ભક્ત સુજાત, આપી પરચાઓ સાક્ષાત્.
યવનરાજની ટાળી પીડ, જાતપાતની તને ન ચીડ. ૩૪.
રામકૃષ્ણરૂપે તેં એમ; કીધી લીલાઓ કંઇ તેમ;
તાર્યાં પથ્થર ગણિકા વ્યાધ! પશુપંખી પણ તુજને સાધ!!
અધમ ઓધારણ તારું નામ, ગાતાં સરે ન શાં શાં કામ?
આધિવ્યાધિઉપાધિ સર્વ ટળે સ્મરણમાત્રથી શર્વ! ૩૮.
મૂઠચોટ ના લાગે જાણ, પામે નર સ્મરણે નિર્વાણ.
ડાકણ શાકણ ભેંસાસુર, ભૂત પિશાચો જંદ અસુર;
નાસે મૂહી દઇને તૂર્ત, દત્તધૂન સાંભળતાં મૂર્ત.
કરી ધૂપ ગાએ જે એમ દત્તબાવની આ સપ્રેમ,
સુધરે તેના બંને લોક, રહે ન તેને ક્યાંયે શોક!
દાસી સિદ્ધિ તેની થાય, દુઃખ દારિદ્ર્ય તેનાં જાય!! ૪૪.
બાવન ગુરુવારે નિત નેમ, કરે પાઠ બાવન સપ્રેમ;
યથાવકાશે નિત્ય નિયમ, તેને કદી ન દંડે યમ.
અનેક રૂપે એ જ અભંગ, ભજતાં નડે ન માયા-રંગ!
સહસ્ર નામે નામી એક, દત્ત દિગંબર અસંગ છેક!! ૪૮.
વંદું તુજને વારંવાર, વેદ શ્વાસ તારા નિર્ધાર!
થાકે વર્ણવતાં જ્યાં શેષ કોણ રાંક હું બહુકૃતવેષ?
અનુભવતૃપ્તિનો ઉદ્‌ગાર, સૂણી હસે તે ખાશે માર.
'તપસી' તત્ત્વમસિ એ દેવ! બોલો જય જય શ્રીગુરુદેવ! ! ૫૨.

અમર આદેશ

॥ પરસ્પરદેવો ભવ ॥

એક બીજા તરફ દેવદૃષ્ટિથી જોતાં શીખો, દાનવ દૃષ્ટિથી નહિ.
દરેક વ્યક્તિમાં રહેલા દેવત્વને-દૈવી અંશને પિછાનો.
અને
એક બીજાનું મંગલ ઇચ્છી જગતમાં માંગલ્ય વરસાવો !
વિચાર, વાણી અને વર્તનમાં એકતા આચરો.
એક બીજાને આશીર્વાદ આપો, અભિશાપ નહિ.
ભલું ઇચ્છો, ભૂંડું નહિ. રૂડું કરો, કૂડું નહિ !
એક બીજાના પોષક બનો, શોષક નહિ.
તારક બનો, મારક નહિ.
ઉપકારક બનો, અપકારક નહિ ! બોલો થોડું, કરો વધારે.
માથું ઠંડુ રાખો, ગરમી હાથપગમાં પ્રગટાવો.
પ્રત્યેક પ્રતિ સહિષ્ણુતા કેળવો, વિદ્વિષતા નહિ !
બોલો તો સત્ય બોલો, અસત્ય નહિ.
કરો તો સત્કર્મ કરો, દુષ્કર્મ નહિ.
વાંછો તો સર્વ કલ્યાણ વાંછો, માત્ર સ્વકલ્યાણ નહિ !
જુઓ તો પોતાના દોષ જુઓ. ગાઓ તો બીજાના ગુણ ગાઓ !
ખાઓ તો સ્વકષ્ટાર્જિત ખાઓ !
મુખમાં અવિનાશી ભગવન્નામ, હાથે સર્વ મંગલ કામ ને હૈયે
હનુમાનશી અડગ હામ રાખી ધપ્યે જાઓ, ધપ્યે જાઓ.
વિજય તમારો છે ! વિજય તમારો છે !

વૈરાણિ પ્રશમં યાન્તુ સૌહાર્દં વર્ધતાં મિથઃ ।
કલહા વિલયં યાન્તુ ભાવયન્તુ જના મિથઃ ॥

ૐ શાન્તિઃ ! શાન્તિઃ !! શાન્તિઃ !!!

જગત્સુહૃદ્ - રંગ અવધૂત